22970

22970

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

P
050
SHI-12
22970

GANDHI SMRITI LI
BHAVNAGAR

22970

શિક્ષણ વિભાગ

13 MAR

આ પુસ્તક

22970
22970

ગાંધી સ્મૃતિ પુસ્તકાલય * ભાવનગર
(૫૫૭૦)

કલ્પનાની દૃષ્ટિ

મને ધ્યાનમાં ન રહ્યું કે ચોપડી વાંચતાં વાંચતાં ક્યારે આંખ બિડાઈ ગઈ, અને ક્યારે હું જાગ્યો. મને એમ લાગ્યું કે ચોપડી લખનારે એક સુંદર પ્રકરણ લખી નાખ્યું, અને મેં તે બહુ જ થોડી વારમાં વાંચ્યું. મેં ચોપડી હાથમાં લીધી અને હું એ પ્રકરણ ફરી વાંચવા લાગ્યો; પણ જે હકીકતો મારા જાણવામાં આવી તે તો ચોપડીમાં નહોતી. સંભાળપૂર્વક હું બધાં પ્રકરણો ઉપર નજર નાખી ગયો, પણ એક પ્રકરણમાં મેં જે હમણાં જ જાણ્યું તે નહોતું. મને થયું: "વાંચતાં વાંચતાં ચોપડીનાં બે પ્રકરણો વચ્ચે એક નવું જ પ્રકરણ દિવાસ્વપ્ને ઉમેર્યું; અને મારે પણ તે ચોપડીમાં ઉમેરવું જોઈએ."

* *

ખુશનુમા સવાર હતી. સૂરજનાં કોમળ કિરણો બાગબગીચા, હોજકુવારા, સ્મૃતિસ્તંભો, કીર્તિપ્રતિમાઓ ઉપર પડતાં હતાં. હું ધીમે ધીમે ચોમેર નજર નાખી આગળ આવ્યો. એક ઝાડ નીચે પાંચેક છોકરાંઓ બેઠાં હતાં અને કંઈક લખતાં હતાં. હું બોલ્યા ચાલ્યા સિવાય નજીક જઈને ઊભો રહ્યો, અને તેઓ શું લખે છે તે જાણવા પ્રયત્ન કર્યો.

તેઓ એક વાર્તા બનાવતાં હતાં. એક જણ લખતો હતો, અને બીજાંઓ વાર્તાનું વસ્તુ સૂચવતાં હતાં.

સૌથી નાના છોકરાએ કહ્યું: "નદી કિનારેથી એકઠાં કરેલાં શંખલાંછીપલાંઓનું શું થયું તેનું પ્રકરણ હજી લખાયું નથી."

બીજાએ કહ્યું: "ચાલો ત્યારે એ જ પ્રકરણ લખીએ."

લખનાર કલમ હાથમાં થોભી જરા બેઠો, અને તેઓ બધા નવા પ્રકરણની વિગતો વિચારવા માંડ્યાં.

એકે કહ્યું: "શંખલાંછીપલાંનું સુંદર સંગ્રહસ્થાન બનાવ્યું અને અવનવી રીતે ગોઠવ્યું, એ પ્રથમ લખો."

બીજાએ કહ્યું: "કલાની દૃષ્ટિથી કેવી કેવી રીતે ગોઠવાયું હતું તે સ્પષ્ટ રીતે આવવું જોઈએ."

ત્રીજાએ કહ્યું: "પણ તેમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ રહી જવી ન જોઈએ; અને તેથી એની ઉત્પત્તિ અને ઉપયોગ વિષે પણ લખવું જોઈએ."

ચોથાએ કહ્યું: "મનુષ્યને સુખી કરવા માટે તેનો શો ઉપયોગ છે તે અવશ્ય આવવું જોઈએ."

હું સ્તબ્ધ થઈ ગયો. મને વિચાર આવ્યો: "આવા વિષયો ઉપર આટલા મુદ્દાથી હું પણ ન લખી શકું તેવું લખવા આ છોકરાંઓ વિચારે છે. અમારા વખતમાં અમારા પ્રોફેસરો પણ પોતાના વિદ્યાર્થીઓને નિબંધ લખવા માટે આવા મુદ્દાઓ ભાગ્યે જ આપી શકતા."

રાહ જોવાનો વિચાર હતો છતાં હું બોલ્યો: "ચર્ચા તો થઈ; પણ હવે લખશે કોણ?"

જેના હાથમાં કલમ હતી તેણે કહ્યું: "હું લખીશ; કેમકે વસ્તુની ગૂંથણી કરવાની મારામાં સહજ શક્તિ છે."

તરત જ તે ભાઈ લખવા લાગ્યો; અને

રમત રમતો હોય તેમ તેણે એક પ્રકરણ લખી નાખ્યું. બધાંને વાંચી સંભળાવ્યું, અને બધાં ખુશખુશ થતાં દેખાવા માંડ્યાં.

મેં સૌને ઊભાં રાખી કહ્યું: "આવું સુંદર લખવાનું તમે કઈ નિશાળે ભણો છો? તમને કયા અધ્યાપકો ભણાવે છે?"

એક સાદી છોકરીએ કહ્યું: "નિશાળ? અહીં અમારે ત્યાં જૂના જમાનામાં હતી તેવી નિશાળ જ નથી. ઢોરોને રાખવાનાં ડબ્બા જેવી જૂના વખતની નિશાળોમાંનું વર્ણન અમે વાંચેલું છે."

બાજુએ ઊભા રહેલા છોકરાએ કહ્યું: "આ નિશાળમાં છોકરાંઓ કેમ ભણતાં હશે, અને શું ભણતાં હશે તેનો મને તો ખ્યાલ જ નથી."

મેં કહ્યું: "તમારે ત્યાં નિશાળ અને શિક્ષક નથી તો તમે ભણો છો કેવી રીતે?"

લેખક છોકરાએ કહ્યું: "અહીં એવો સવાલ ઊભો જ નથી થતો. જેમ બાળક જરા મોટું થાય છે ત્યારે તે પોતાની મેળે ચાલતાં બોલતાં શીખી જાય છે, તેમ અમને અહીં જેમ જેમ મોટાં થતાં જઈએ છીએ તેમ તેમ બધું આવડતું જાય છે. કોઈ શીખવતું નથી; અને ખાસ શીખવવાની જગ્યા પણ નથી."

મેં કહ્યું: "ત્યારે આમ ભેગાં મળીને વાર્તા લખવાનું તમને કોણે શીખવ્યું?"

છોકરાંઓ બોલ્યાં: "કોઈએ નહિ. બધે ઠેકાણે આમ ભેગાં મળીને જ લોકો કામ કરે છે. અમારાં માબાપો મોટા મોટા ગ્રંથો પણ આમ જ લખે છે; અને તેઓ કહે છે કે તેમનાં માબાપ પણ આવી જ રીતે ભેળાં મળીને બધાં કામ કરે છે."

મારા મનમાં થયું: "આમાં સોવિયેટ રશિયાની કાર્યપ્રણાલિની ગંધ આવે છે." મેં પૂછ્યું: "પણ તમારે ત્યાં કોઈ પણ પ્રકારની શિક્ષણસંસ્થાઓ છે કે કેમ? બધાં ભણવા જાય, અને કોઈ ભણાવે ખરું કે નહિ?"

છોકરાંઓએ કહ્યું: "તમે કહો છો તેવું તો બરાબર નહિ; પરંતુ જીવનમંદિર જેવું અમારે ત્યાં એક મંદિર છે."

વચ્ચે પડીને મેં કહ્યું: "હું મંદિરની વાત નથી કરતો. હું શિક્ષણસંસ્થાની વાત કરું છું."

છોકરાંઓએ કહ્યું: "અહીં 'શિક્ષણ' શબ્દ જ જૂના કોષનો શબ્દ છે. એવી સંસ્થા નથી. પણ જીવનમંદિર બહુ સુંદર છે, અને ત્યાં બધાં માણસોએ સોળથી બાવીશ વર્ષ સુધી રોજ ચાર ચાર કલાક જવાનું હોય છે. આ વર્ષે અમારામાંથી બે જણ જવાનાં છીએ."

મેં પૂછ્યું: "પણ ત્યાં શીખવે શું?"

છોકરાંઓએ જવાબ આપ્યો: "કંઈ નહિ."

મેં કહ્યું: "ત્યારે?"

છોકરાંઓએ કહ્યું: "ત્યાં બધાં વાતો કરે છે. આગળના લોકો કેમ જીવતા અને ભવિષ્યના લોકો કેમ જીવશે એની વાતો ચાલ્યા કરે છે. કલા, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, કેમ જીવ્યા અને મર્યા, તેની પણ ત્યાં વાતો ચાલે છે. ગામમાં બધા લોકો ત્યાં એકઠા મળે છે, અને જૂના ઇતિહાસ, પુરાણ અને સંગ્રહસ્થાનો અને એવાં સાધનો ઉપરથી વાતો ચલાવે છે, અને બધા લોકો સાંભળે છે."

મેં પૂછ્યું: "પણ ત્યાં આ બધું ચાલે છે તેની પાછળ ઉદ્દેશ શો છે?"

છોકરાંઓએ કહ્યું: "ઉદ્દેશ આનંદનો છે.

અમે કદી દુઃખી થવા માગતાં નથી; અને કોઈને દુઃખી કરવા માગતાં નથી. બધાં સુખી કેમ રહે તેની શોધખોળ જીવનમંદિરમાં બધાં કરે છે. એ બહુ રસિક છે."

મેં પૂછ્યું: "પણ તમે લોકો ગણિત, ઇતિહાસ, ચિત્ર, સંગીત, અક્ષરગણિત, વ્યાકરણ, એવું કંઈ જાણો છો કે નહિ?"

છોકરાંઓએ કહ્યું: "અમારે કશું ભણવાનું હોતું નથી. પણ હમણાં એવું નક્કી થયું છે કે કોઈએ ગણિત જાણવું નહિ તેમ જ કોઈ પણ જાતનાં નાણાં કોઈએ રાખવાં નહિ, કેમકે જીવનમંદિરની શોધમાંથી માલૂમ પડ્યું છે કે એમાંથી અર્થશાસ્ત્ર પેદા થાય છે. અને અર્થશાસ્ત્રને નામે લોકો લોહી રેડે છે."

મેં પૂછ્યું: "ત્યારે તમે આ બધું જાણો છો કે શું?"

છોકરાંઓએ કહ્યું: "અમે આ બધું જાણીએ છીએ; અમને કશી બાબતનો અસંતોષ નથી. જે કાંઈ જોઈએ તે અમારી પાસે છે."

હું આ લોકોનું કહેવું બરાબર સમજી શકયો નહિ. મેં પૂછ્યું: "ચિત્ર, સંગીત, સાહિત્ય, એમાં કાંઈ શીખવા જેવું છે કે નહિ? સ્થાપત્ય, શિલ્પ વગેરે કળાઓનો તમને કંઈ પરિચય ખરો?"

એક છોકરીએ હસીને કહ્યું: "કેવા સવાલો પૂછો છો? આ બધું તો કેટલાં વર્ષોથી લોકો જાણી ગયા છે. અને એ જ્ઞાનથી લોકોનો ને મનુષ્યજાતનો વિકાસ થઈ ચૂકયો છે. હવે તેના જ્ઞાનથી કંઈ વિશેષ મળે તેમ નથી."

હું ચમકયો; મને થયું, આ કઈ દુનિયાની વાત છે? મેં પૂછ્યું: "ભલા માણસો! યંત્રનું શિક્ષણ, ઉદ્યોગનું શિક્ષણ, એવું કોઈ પ્રકારનું શિક્ષણ તમારે ત્યાં છે કે કેમ? મોટર ચલાવતાં, એરોપ્લેન ઉડાડતાં કોણ શીખવે છે?"

છોકરાંઓએ કહ્યું: "સાહેબ! એ જૂના જમાનાની નિશાળો વિષે અમે બહુ વાંચ્યું છે. અહીં તેવાં યંત્રો નથી; અને તેની નિશાળો પણ નથી."

છેવટે મેં અકળાઈને પૂછ્યું: "ત્યારે અહીં શું ભણાવાય છે, અને શાની નિશાળ છે?"

છોકરાંઓએ કહ્યું: "અહીં જીવન છે; જીવનની નિશાળ છે; અને જીવનમંદિરમાં ભણાવાય છે. કહો, હવે તમે 'ભણાવવું' શબ્દ આવવાથી ખુશી થશોને?"

મેં કહ્યું: "તમારી આ નવી રીત મને વિચિત્ર લાગે છે. તમે પેલી વાર્તા લખતા હતા તે રીતે સમૂહજીવન ચલાવવાનું હોય તો વ્યક્તિત્વ કયાં રહ્યું? વળી વ્યક્તિનો વિકાસ અને સંતોષ કયાં રહ્યો?"

મંદમંદ હસતી છોકરી ખડખડાટ હસી પડી. તેણે કહ્યું: "દાદા! તમે સંગ્રહસ્થાનમાં

અંત્યજોને મફત પત્રિકા

દર વર્ષે અંત્યજ જિજ્ઞાસુ વાચકોને મફત પત્રિકા પહોંચાડવા અનેક ભાઈબહેનો સહાય આપે છે. આ સહાય આ વર્ષે તેઓ આપે. ઉપરાંત ઘણા ભાઈઓ રહી જાય છે એટલે નવા દાતાઓ પણ તેમને મદદ કરે. તેમની આ મદદ જરૂર લેખે લાગશે.

મદદ મોકલવાનું સ્થળ

"શિક્ષણ પત્રિકા" કાર્યાલય
ભાવનગર

રાખવા જેવા છો. અમે આટલાં નાનાં છીએ તોપણ અમારા જીવનમંદિરમાંથી એટલું તો જાણી લીધું કે વ્યક્તિવિકાસના સિદ્ધાંતોને વર્ષો ગયાં. વર્ષોના પ્રયત્નોથી વ્યક્તિઓ વિકસી, અને પોતાની શક્તિઓની ઉચ્ચતાએ પહોંચી. એમાંથી આ સ્થિતિ છે. આજનું અમારું સમૂહજીવન–શાંત અને સુખી જીવન—એ જૂના વખતના વ્યક્તિશિક્ષણને આભારી છે; પણ આજે અમારે એની જરૂર નથી."

મેં કહ્યું: " અમે તો હજી એની શરૂઆત જ કરીએ છીએ."

છોકરાંઓએ કહ્યું: " બસ, તમારે માટે એ જ જરૂરનું છે."

મેં કહ્યું: " વારુ; પણ તમારું જીવનમંદિર તો બતાવો?"

છોકરાંઓ આગળ ચાલ્યાં અને હું પાછળ ચાલ્યો. રસ્તે ચાલતાં અમે વાતો કરતાં હતાં. વાતમાં પેલી છોકરી ખડખડાટ હસી; અને મારું સુંદર સ્વપ્ન ઊડી ગયું. ઘરમાં બાજુના ઓરડામાં મારી સામે જીવનમંદિરના દરવાજાને બદલે મારી ઓરડી, ખુરશી અને પાસે પડેલી ટેબલ ઉપરની ચોપડીઓ પડ્યાં હતાં; અને હું સાચું કે ખોટું તેનો વિચાર કરતો હજી અડધી ઉઘાડી અને અડધી બીડેલી આંખો સાથે ફરીફરીને સ્વપ્નના અને સાચા ખડખડાટને સાંભળતો હતો.

* * *

રિવાજ પ્રમાણે શંકરભાઈ આવ્યા, અને પૂછ્યું: "આજે એક નવું દિવાસ્વપ્ન આવ્યું હોય તો લખાવશો?"

મેં કહ્યું: "લ્યો કાગળ ને બડિયોકલમ."

* * *

લખી રહ્યા પછી મેં શંકરભાઈને કહ્યું: "લ્યો, આ ચોપડીમાં આ પ્રકરણ ઉમેરજો."

ગિ૦

બાળકો સ્વમાની છે.

વિદ્યાબેન: "અરે મનુ! અહીં આવ તો?"

મનુભાઈ: " મનુ નહિ, મનુભાઈ."

આ મનુભાઈ પૂરાં બે વર્ષના પણ નથી. છતાં એમને હવે કોઈ મનુ કહે તે ગમતું નથી. એમને પોતાનું નામ મનુભાઈ છે એમ બરાબર બબર છે, અને બધાં જ એમને મનુ નહિ પણ મનુભાઈ ને નામે બોલાવે એમ એ બે વર્ષની ઉંમરે ઇચ્છે છે.

× ×

શાંતાબેન: " કાં, ચંદ્રાબેન! ઘરે આવવું છે ને?"

ચંદ્રાબેન: " હા, આજે છોકરાં આવ્યાં નથી."

શાંતાબેન: "પણ ચંદ્રાબેનભાજી આવ્યાં છે ને?"

ચંદ્રાબેન: " ભાજી નહિ; ચંદ્રાબેન. મારું નામ ચંદ્રાબેન છે."

ચંદ્રાબેનને પોતાને કોઈ બીજા નામે બોલાવે છે તો તે તેમને ગમતું નથી. શં.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

એને અડશો નહિ, હો !

શિશુવિહારમાં બાળકો ભેળાં થયાં હતાં. બધાં બાળકો વ્યવસ્થિત હતાં અને સ્વચ્છ કપડાં પહેર્યાં હતાં.

બાળકો રમતાં હતાં.

વચ્ચે જ કાંઈ નવીન પ્રકારની રમત શરૂ થઈ હોય તેમ લાગ્યું. એક નાની છોકરી જરા નિમાણી થઈને બેઠી હતી અને બીજાં બાળકો એને "આઘી રહે; આઘી રહે." કહી આઘાં ભાગતાં હતાં, ને આસપાસ ગોળકુંડાળું વળીને ઊભાં રહેતાં હતાં. કોઈ બીજું બાળક આવે કે તરત જ તેમાંની એક મોટી છોકરી તેને કહેતી હતીઃ "આઘાં રહેજો, હો ! એને અડવાનું નથી."

મને આખું દૃશ્ય નવીન લાગ્યું ને તે શબ્દ પણ નવો લાગ્યો. પાસે જઈને બાતરી કરી તો નીચે પ્રમાણે સમજાયું.

"ભાઈ ! આ શાની રમત ચાલે છે ?"

"શાનીયે નહિ !"

"તો આ આમ વચમાં કેમ બેઠી છે ?"

"અભડથી."

"અને તમે બધાં આમ કેમ બેઠાં છો ?"

"અમે એને અડતાં નથી."

"કેમ ?"

"જુઓને, તેના બંને હાથ પર કાંઈક છે."

છોકરી તરફ નજર કરી તો તેની ચડ્ડીના બંભે ચડાવેલા પટ્ટા ઢીલા થઈને હાથ ઉપર ઊતરી પડ્યા હતા, અને હાથ ઉપર પાટા બાંધ્યા હોય તેવું લાગતું હતું.

બાળકોને તે વિચિત્ર લાગ્યું, અયોગ્ય લાગ્યું, પોતાના શિષ્ટ સમાજમાં ન ચાલવા દેવા જેવું લાગ્યું. શું છે તેની બબર ન હોવાથી અજ્ઞાનમૂલક બીક પણ લાગી હશે.; કદાચ થોડું ગંદું પણ લાગ્યું હશે.

તેઓમાંના શિષ્ટ અને શાણા એવા સમાજનાયકે તરત જ અસ્પૃશ્યતા જાહેર કરી. અપરિચિત ને કોઈ વાર ન જોવામાં આવે એવી આ વાત છે; કોણ જાણે તેમાંથી સમાજને શું નુકસાન થવાનું હતું તે કોણ કહી શકે ? તેથી સમાજે તેનાથી દૂર રહેવું એ જ સારું એવો પુષ્ટ વિચાર એણે કર્યો હશે, અથવા તો પોતાના કરતાં જુદી જાતનો પોશાક પહેરવાની ધૃષ્ટતા કરવી એ સમાજનું કેટલું હડહડતું અપમાન કહેવાય ? સમાજ એ કેમ સહન કરી લે ? એટલે તેને સમાજથી દૂર રાખવાનો વિચાર આવ્યો હશે. અથવા તો આવો કોઈ પણ વિચાર સૂક્ષ્મતાથી ન કરતાં આર્યસંસ્કૃતિમાં ઊછરવાને લીધે કાંઈ પણ નવીન દેખાય કે તેનાથી દૂર રહેવું તે સારું, અને તે પણ વ્યક્તિને અસ્પૃશ્ય સમજીને, અને જાણેઅજાણે પોતે શ્રેષ્ઠ છે એવા ભાવથી !

તેણે અસ્પૃશ્યતા જાહેર કરી અને બીજાં બાળકોએ તે સ્વીકારી લીધી; અને જેને અસ્પૃશ્ય જાહેર કરી હતી તે પોતે પણ ગરીબાઈથી તે સ્વીકારીને બેઠી હતી. તે રડતી ન હતી, તેમ જોરજુલમથી તેઓને અડવા પણ જતી ન હતી ! બહિષ્કારનો તેણે ગરીબાઈથી સ્વીકાર કર્યો. મને આશ્ચર્ય થયું !

એકંદરે દૃશ્ય બહુ જ ગમ્મતભરેલું હતું. શા માટે ન અડવું? અડવામાં વાંધો નથી એવું સિદ્ધ કરી બતાવી તે બાલિકાની અસ્પૃશ્યતાની આપત્તિ ટાળીને આવ્યા પછી પણ એ દૃશ્ય નજરે તરતું હતું.

હસવું પણ આવતું હતું ને જરા દુઃખ પણ થતું હતું. આપણા સમાજમાં અસ્પૃશ્યતા આવા જ કાંઈ કારણથી આવી નહિ હોય? એવા વિચારો મનમાં એકસરખા આવવા લાગ્યા.

તે ઉપરથી મને મારો પોતાનો એક નાનપણનો પ્રસંગ યાદ આવ્યો.

અમે કેટલાંએક બાળકો સાંજે એક મેદાનમાં રમવા જતાં હતાં. બધાં બાળકો સુધારક અને નવા મતવાળા કુટુંબનાં હતાં.

એક દિવસ અમારી રમવાની જગ્યાએ કૂતરું હંગી ગયું હતું, એટલે અમારી રમત અટકી પડી. અમે અમારી નાનાં બાળકોની રીતે ક્રિકેટ રમતાં હતાં, ને બરાબર બૅટિંગ કરવાની જગ્યાએ જ કૂતરાની વિષ્ટા પડી હતી. અંદર અંદર થોડી મસલત ચાલી, પણ શું કરવું તે સમજાયું નહિ. રમવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં તે જગ્યા સાફ કરવા કોઈ તૈયાર થયું નહિ.

એ બધાં બાળકોમાં હું સહુથી નાની હતી, એટલે બધાંએ મળીને મને તે જગ્યા સાફ કરવાનું કહ્યું. "નળિયું લઈ ને જરા એક બાજુ ફેંકી દે; એમાં શું?" વગેરે સમજાવીને બધાંએ મારી પાસેથી એ કામ કરાવી લીધું. અને જ્યાં મેં નળિયાથી કૂતરાની વિષ્ટા એક બાજુ નાખી કે તરત જ બધાં "તું ભંગી, તું ભંગી! તને નહિ અડીએ." એમ કહી મને ચીડવવા લાગ્યાં. તે બધાં લગભગ સાત આઠ વર્ષનાં હતાં ને હું પાંચ વર્ષની હતી. તેઓમાં સહુથી નાની એટલે તેમના સામાજિક જુલમ આગળ મારું કાંઈ ચાલે તેમ નહોતું. છતાં સમાજસુધારકનું બંડખોર લોહી નસમાં વહેતું હોવાથી કે કોણ જાણે, હું બધાંને અડવા માટે જ તેમની પાછળ દોડી પણ કોઈને અડી શકી નહિ. એટલે મેં તેમના તરફ છૂટા ઘા માર્યા ને ધૂળ ઉડાડી. પણ તે બધાં સામટાં ને હું એકલી એટલે મારું કાંઈ ચાલ્યું નહિ. મેં ખિજાઈને કહ્યું: "તમે જ બધાં ભંગી છો!" એમ કહી તેમની સામે દાંતિયાં કરી ઘેર દોડી ગઈ ને ફરી વાર તેમની સાથે રમવા ગઈ નહિ.

મને એ પ્રસંગ ઘણી વાર યાદ આવે છે. ખાસ કરીને અસ્પૃશ્યતાનો પ્રશ્ન નીકળે કે તરત જ મને એ પ્રસંગ યાદ આવે છે, ને મારાથી ધ્રૂજી જવાય છે.

આજે હાથ ઉપર ચડ્ડીના પટા આવી જવાથી નાની શકુંતલા પર અસ્પૃશ્ય બનવાનો વખત આવ્યો હતો તે જોઈ સમાજના અન્યાયની અને જુલમની કલ્પના મને એકદમ અને સંપૂર્ણપણે આવી.

બાલસમાજમાં પણ મોટાંઓના સમાજનું પ્રતિબિંબ કેટલી વાર દેખાય છે તેનો આ દાખલો છે.

તારાબેન મોડક.

દરેક મહિનાની સુદિ પૂનેમ સુધીમાં અંક ન મળે તો ન મળ્યાની તુરત ફરિયાદ કરવી. **વ્યવસ્થાપક**

બાલમાનસદર્શન : અભ્યાસની દૃષ્ટિએ

: ૧ :

શ્યામસુંદર કહેઃ "ટીનાભાઈ! હું તમારા કરતાં ઊંચો છું."

ટીનાભાઈ કહેઃ "ના, ના; હું તમારા કરતાં ઊંચો છું."

ત્યાં તો સરોજબેન કહેઃ "ટીનાભાઈ! હું તો તમારા કરતાંયે ઊંચી છું."

ટીનાભાઈ કહેઃ "ના, ના; હું તો તમારા કરતાં પણ ઊંચો છું. હું તો ભગવાન કરતાંયે મોટો છું." (સ્વકેંદ્રપ્રધાન ટીનાભાઈ)

: ૨ :

"કેમ બેબી! તારું ગણિત કેવું ચાલે છે?" બાએ પૂછ્યું.

"અરે, બહુ જ સરસ! હમણાં તો દાખલા ઝડપથી કેમ ગણવા તે બતાવે છે."

"તે તારી ઝડપ કેવીક છે?"

"ઠીક ઠીક."

"પણ તારા કરતાં કોઈ વધારે ઉતાવળ કરે છે ખરું?"

"હા, હા; રમેશ તો વીજળીની ઝડપે કામ કરે છે. આજે તો એણે બે મિનિટમાં બધા દાખલા કરી નાખ્યા હતા. પણ એણે ઝડપથી દાખલા કર્યા એટલે એનો એક પણ દાખલો ખરો પડ્યો નહિ, હોં!"

(વિનોદપ્રિય બેબી)

: ૩ :

નાસ્તો પિરસાતો હતો. માલતીબેન પીરસી રહ્યાં હતાં. થોડો વધારો રહ્યો.

મેં કહ્યું: "નાનાં બાળકોને આપી દો."

માલતીબેન બોલી ઊઠ્યાં: "લે, પણ અમે રહી ગયાંને? અમારા વાટકામાં તો વધારો મૂક્યો નથી!"

(સરલ અને પ્રામાણિક માલતીબેન)

: ૪ :

રવીન્દ્રભાઈ નાસ્તો કરી રહ્યા હતા ત્યાં એ કહેઃ "જો પેલું વંટોળિયામાં કૂતરું ઊડે!"

નાનાં બાળકોએ એ તરફ જોયું. રવીન્દ્રભાઈ ખડખડ હસવા લાગ્યા. મોટાં બાળકો તટસ્થતાથી જોતાં હતાં.

(વિનોદી તેમ જ ઠોળી રવીન્દ્રભાઈ)

: ૫ :

વાટકા માંજવાના હતા. બટુકભાઈ એ વાટકો ડબલા પાસે મૂક્યો.

મેં પૂછ્યું: "કેમ બટુકભાઈ! વાટકો નથી માંજવો?"

બટુકભાઈ કહેઃ "ટાઢ વાય છે."

(નિર્ભય અને પ્રામાણિક બટુકભાઈ)

: ૬ :

ભાઈ રામચરણ સંગીતમાં ગાતા હતા. ત્યાં અનિલકુમાર આવ્યા. એ કહેઃ "શંકરભાઈ! પહેલાં તો રામચરણનું મોઢું લાંબું હતું પણ હવે તો ગોળમટોળ લાગે છે!"

મેં કહ્યું: "હા, બરાબર. હમણાં તે સાચે જ જાડા થયા છે."

(અવલોકનપ્રિય અનિલકુમાર)

: ૭ :

એરોપ્લેન ઊડી રહ્યું હતું. એરોપ્લેનની ધૂળ ઊડતી હતી એટલે એરોપ્લેનને ઊડતું જોવા અમે તે તરફ જોઈ રહ્યા હતા. પણ એરોપ્લેન તો બીજી બાજુએ નીકળ્યું. હવે નક્કી કર્યું કે એરોપ્લેનની ધૂળ ઊડતી હોય એની વિરુદ્ધ દિશામાં જોવું. એટલે સુરેન્દ્રભાઈ કહેઃ "પવન કઈ બાજુનો છે? પાંદડાં તો કાંઈ હાલતાં લાગતાં નથી. પાંદડાં જે બાજુનાં હાલતાં હોય તે બાજુએ ન જોવું, પણ તેની ઊલટી બાજુએ જોવું." (વૈજ્ઞાનિક સુરેન્દ્રભાઈ)

: ૮ :

"અરે! આ એરોપ્લેન કેટલું નાનું ટપકા જેવું લાગે છે?" કંચનભાઈએ કહ્યું.

"અરે હા! પણ બાલમંદિર પણ દૂરથી તો નાનું જ દેખાય છે, હોં!" સુરેશભાઈએ કહ્યું.

"આ શંકરભાઈ જ વેંત જેવડા લાગે છે!" કંચનભાઈએ મારી તરફ ફરીને થોડે દૂર જઈને પોતાની વેંત વડે મને માપતાં કહ્યું.

"ના ના; વેંત કરતાં તો વધારે છે." સુરેશભાઈ જે મારી પાસે ઊભા હતા તેમણે પોતાની વેંત વડે મને માપીને જણાવ્યું.

(વિનોદી મશકરા સુરેશભાઈ)

: ૯ :

"કાં, નર્મદભાઈ! તમારે અમારા ઓરડામાં જ આવવું છે ને?"

"હા."

"કેમ, હવે તમને તમારાં બા મારે છે ખરાં?"

"ના."

"રામજીભાઈ મારે છે?"

"ના."

"ચિંતુભાઈ મારે છે?"

"હા."

"ઠીક; ચિઠ્ઠી લઈ જજો."

"તમારા બાપા મારે છે ખરા?"

"હા."

"તમારા બાપા કયાં છે? અહીં છે કે મુંબઈ છે?"

"મુંબઈ."

ઇંદુબેન કહેઃ "તો એમના બાપા મુંબઈથી હાથ લાંબો કરીને અહીં મારતા હશે, ખરું?"

(વિનોદપ્રધાન ઇંદુબેન)

આંબો ફેરવ્યો.

લગભગ ૭ વર્ષ પહેલાં મેં મારા બાગમાં આંબાનો છોડ રોપાવ્યો. એક માળીએ એ છોડને રોપ્યો હતો. એ છોડની જાત સારી હતી. રોપ્યા પછી એની સારી એવી કાળજી રાખવામાં આવી હતી, વારંવાર ગોડવામાં આવતું, નવાં ખાતરપાન પણ તેના કયારે નાખવામાં આવતાં. એમ છતાં એ છોડ પાંદડાં કાઢતો જ નહિ. નવાઈની વાત છે કે એણે ૭ વર્ષમાં ભાગ્યે જ પાંચદસ પાંદડાં કાઢયાં હોય તો! કદાચ વર્ષે એક પાંદડું પણ નહિ કાઢયું હોય.

મને એક વાર થયું: "આ આંબાને અહીંથી ફેરવીએ. સ્થળાંતર કરવું એ પણ એક ઉપાય તો છે જ." મેં ગયે વર્ષે આંબાને ફેરવી ત્રીશ હાથ દૂર એક બીજી જગ્યાએ નાખ્યો. જમીન

તો. એની એ જ હતી, ને પાણી કાંઈ નવા પ્રકારનું નહોતું; સૂર્યનો તડકો પણ એનો એ જ હતો. ને છતાં આંબો ફેરવ્યો ને પંદર દહાડા ન થયા એટલામાં તો તેને બે નવાં પાંદડાં ફૂટ્યાં. પછી તો બેનાં ચાર અને ચારનાં આઠ પાંદડાં ફૂટ્યાં. અત્યારે એ ફેરવેલો આંબો પાંદડાંથી ઝૂલી રહ્યો છે.

આ આંબો સૂચવે છે કે જો વૃક્ષને એક સ્થળે વિકાસ ન મળે તો તેને બીજે સ્થળે ફેરવવું. સ્થળફેર કરવો એ પણ વિકાસને મદદ આપવાની એક રીત છે. એ જ રીતે આપણે બાળકો પરત્વે કરવું ઘટે છે. ઘણી વાર એક જ વાતાવરણમાં બાળકો લાંબો વખત રહેતાં તેમાંથી જે મેળવવાનું હોય છે તે મેળવી લીધા પછી તેઓ આગળ વધતાં નથી. આ વખતે તેમને ત્યાંથી ફેરવવાં જોઈએ.

પોતાના જ ઘરમાંથી, ઘરના જુદા જુદા ઓરડાઓમાંથી, એના એ જ ગામમાંથી, એની એ જ નિશાળમાંથી બાળકોને ફેરવવાની ઘણી વાર જરૂર પડે છે. આ જરૂર ક્યારે ઊભી થાય છે તે આપણે જોતા રહેવું જોઈએ. જ્યારે સ્પષ્ટ રીતે લાગે કે ચાલુ વાતાવરણમાં બાળક આગળ વધતું નથી ત્યારે તેને વાતાવરણબદલો અથવા ફેર અવશ્ય આપવો જ.

એટલા માટે દેખીતી રીતે અનુકૂળ શાળા કે ઘર હોય તોપણ વિકાસપ્રેરક ન દેખાય તો ત્યાંથી બાળકને ઊંચકી લઈ શકાય.

અલબત્ત વિકાસ કોને કહેવો ન કહેવો, એ વિચાર મહત્ત્વનો છે. વિકાસને નામે બાળકોની શાળાઓ બદલ્યા કરીએ તો બાળકોનો વિકાસ થવાને બદલે તે જેવું ને તેવું જ રહેશે; કદાચ વધારે પાછું પડશે! ડાહ્યો માળી રોજ રોજ છોડ એક કૂંડામાંથી બીજા કૂંડામાં બદલતો નથી; જ્યારે કૂંડું નાનું જ પડે છે, જ્યારે ક્યારો કોઈ પણ કારણે વિકાસ આપતો જ નથી, ત્યારે ખૂબ વિચાર કરી તે ઝાડ ફેરવે છે.

નવીન શિક્ષકો સામે આ પણ એક વિચાર રહે એ જરૂરનું છે. ગિ.

આપણાં બાલમંદિરોમાં વસાવવા લાયક વસ્તુઓ

[આર્થિક અનુકૂળતા હોય તો જ]

૧ સંગીત વિભાગઃ—

૧ રેડીઓ.

૨ મેજિક લેન્ટર્ન અને પશુપક્ષી વગેરેની સ્લાઇડઝ; તેને માટે પડદો.

૩ ગ્રામોફોન અને બાલભોગ્ય રેકર્ડઝ.

૪ એકતારો, તંબૂર, દિલરુબા, સતાર.

૫ ઢોલ, ખંજરી, તબલાં.

૬ મંજીરાં, કાંસીજોડ, ઘૂઘરા.

૨ ઓરડાઓમાંઃ—

૧ ફૂલદાનીઓ, ધૂપદાનીઓ.

૨ ચિત્રોનાં આલબમો, ચિત્રોનાં કાર્ડઝ, ચિત્રપોથીઓ વગેરે.

૩ શીવણ, ભરત, ગૂંથણ, છાપકામ, કાતરકામ, ટાંકણીકામ, વગેરેના નમૂનાની પોથીઓ.

૪ બાલવાચનાલય માટે માસિકો, તેમ જ છાપાંઓ વગેરે; તથા બાલપુસ્તકાલય માટે પુસ્તકો.

૫ મિકેનો, મોઝેકો, સ્ટેનલો, પઝલ્સ, બિલ્ડિંગ બ્લોકસ, વગેરે.

૩ બાલક્રીડાંગણઃ—

૧ અખાડો, રેતી, લપસણું, ટીંગાવાના સળિયા, હીંચકા, રોમન રિંગ્ઝ.

૨ સીડી, ફાળકો, ઝૂલાસીંડી, સી–સૉ (ઊંચકનીચક)

૩ ફૂટબૉલ, દડા.

૪ બાગકામઃ—

૧ બાગકામનાં સાધનો જેવાં કે નાની કોદાળીઓ, પાવડા, ડોલ, ઝારા વગેરે.

૨ ફૂલછોડ માટે બી, માટી, ઈંટો, કૂંડાંઓ, શકોરાં વગેરે.

૩ લતામંડપ.

૫ પશુપક્ષીઉછેરઃ—

૧ સસલાં, કબૂતર, પોપટ, મેના વગેરે પશુપક્ષીઓ; તેમ જ તેમને માટે અનુકૂળ પાંજરાં.

૬ કલાસંગ્રહઃ—

૧ હિંદનું નકશીકામ, લાખકામ, લાકડકામ, માટીકામ, ધાતુકામ વગેરેના નમૂના.

૨ છાપ, ભરત, ગૂંથણ, શીવણ ને વણાટકામની વસ્તુઓ.

૩ જાતજાતનાં રમકડાં, ઠામ, પૂતળાં, પેઇન્ટિંગ્ઝ, ફરનીચર.

૪ રાંગોળીકામ માટે રંગો, માટી, વગેરે.

૫ દીપમાળનાં સાધનો.

૬ ઉપર લખ્યું બધું રાખવા માટે કબાટો.

૭ ઈતર બાબતોઃ—

૧ પાણીનો છીછરો હોજ અથવા પાણીનાં ટબ (બાળકોને નહાવા માટે).

૨ નાનાં નાનાં ઘર બાંધવા માટે ઈંટો, માટી, પાટિયાં, લાકડું ને તેને માટે પરચુરણ સાધનો.

૩ નાટકનો સામાન.

૪ ગરમીના દિવસો માટે વાળાની ટટ્ટીઓ; ઇલેકિટ્રક પંખાઓ (ગામમાં વીજળી હોય તો).

૫ બાળકો ફેરવી શકે તેવું હળવું ફરનીચર.

૮ મકાનોઃ—

૧ પાણીનો કુવારો, હોજ, લતામંડપ.

૨ શાંતિનો–આરામનો ઓરડો.

૩ કલાસંગ્રહ માટે મકાન ને કબાટો.

૪ બગીચો, રમવાનું મેદાન.

૫ પાયખાનાં, મુતરડીઓ. વિ.

બારમા વર્ષના આરંભમાં જ અમે તમારી મદદ માટે હાથ લંબાવીએ છીએ. આ માસમાં તમે ફક્ત એક જ ગ્રાહક વધારી આપો. તમે ધારો તો આ કામ લેશ પણ અઘરું નથી. ફક્ત એક જ રૂપિયો બાળકોની ખાતર કાઢી આપતાં કોઈ પણ સમજુ બાપને મુશ્કેલી નહિ પડે. આપ આજે જ એક બાપને મળો, અને આપની પત્રિકા બતાવી ગ્રાહક બનાવો. અમારા ઉપર, પત્રિકા ઉપર અને પત્રિકા વાંચનારી દુનિયા ઉપર આપનો મોટો ઉપકાર થશે.

મદદે આવો

હિંદીમાં શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

વે મૌતસે ખેલે થે	લેખક એ. એસ. નીલ	૧–૦–૦
ભયકા ભેદ (બાળનાટક)	,,	૦–૧–૬
વિદ્યાર્થી ઔર શિક્ષક		૦–૮–૦
દિવાસ્વપ્ન	લેખક ગિજુભાઈ	૦-૧૨-૦
,,	,, (જેકેટ સાથે)	૧–૦–૦
પ્રાથમિક શાલામેં ભાષાશિક્ષા (ગિ.)		૦–૮–૦
ઉનકી શિક્ષકા પ્રશ્ન	લેખક ગિજુભાઈ	૦–૮–૦
બાલપ્રેમ	લેખક શ્રી. તારાબેન	૦–૧–૦

પોસ્ટેજ દરેકનું જુદું

લખો વ્યવસ્થાપકઃ **હિંદી શિક્ષણ પત્રિકા કાર્યાલય**

૬૭ ચંદ્રભાગા, જૂની ઈન્દોર, ઇંદોર સીટી

શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિસંમેલન

ચીજું અધિવેશન

મિત્રો,

જાન્યુઆરીમાં ભરાનાર સંમેલન અનેક મિત્રોની ઇચ્છાને માન આપી એપ્રિલ કે મેના આરંભમાં ભરાવાનું છે, એ તો તમે એક યા બીજી રીતે જાણો છો. આ લાંબા ગાળાનો લાભ લઈને એ સંમેલનને સફળ કરવા માટે આંજથી જ સૌ ભાઈબહેનો આપણે પ્રયત્ન આરંભીએ.

આટલું તો મોકલી આપો.

વિદ્યાર્થિસર્વસંગ્રહને અંગે ઉપયોગી થઈ પડે તેવા માહિતીપત્રકનાં ફોર્મ ઘણાંએ મોકલી આપ્યાં નથી. ફોટાઓ પણ ઘણાના બાકી છે. પ્રદર્શનને અંગેની કલાકૃતિ આવવી અધૂરી છે, અને આર્થિક સહાયને અંગે આવેલી રકમ ખર્ચના અડસટ્ટા તરફ નજર માંડતાં અલ્પ છે. આ ઉપરાંત કેટલાએક મિત્રો તરફથી એક આવકારદાયક સૂચન આવ્યું છે, અને તે એ કે સંસ્થાનાં આપણાં સંસ્મરણો સંમેલનને પ્રસંગે એક પુસ્તકાકારમાં દક્ષિણામૂર્તિને ચરણે રજૂ કરવાં. આ સૂચન ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઉપયોગી અને સંસ્થા પ્રત્યેની અંજલિ જેવું છે. આપ સૌ એની ઉપયોગિતાનાં મૂલ્ય આંકી બધું મોકલો તેની સાથે 'સંસ્થાનાં સંસ્મરણો' લેખ સ્વરૂપે મોકલી સંસ્થા સાથેના તમારા સંબંધને મૂર્ત રૂપ આપશો એવી અપેક્ષા છે.

પ્રમુખ અને કાર્યક્રમ

સંમેલનની તારીખો હજુ નક્કી થઈ નથી: આને અંગે એપ્રિલ આખર કે મેનો આરંભ તમને અનુકૂળ થઈ પડશે કે કેમ તે જાણવા અમે ઉત્સુક છીએ. પ્રાથમિક વિદ્યાર્થિસભાએ ઠરાવ્યા મુજબ આપણામાંનો વિદ્યાર્થી પ્રમુખ હોવો જોઈએ. તે ઠરાવને વળગી રહીને પ્રમુખ ચૂંટવાને અંગે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે; કાર્યક્રમ અને અન્ય તૈયારી, માગેલી હકીકત અને સહાય કેવા પ્રમાણમાં મળી રહે છે તેના પર અવલંબે છે. તમે આટલું મોકલી આપો અને બીજું કાંઈ જે સૂઝે તે સૂચવો એટલે વિશેષ પત્રિકા મારફત મળી તમારો સહકાર સાધી શકીશું.

તમારા

શંકરલાલ ર. શાહ: સભ્ય ભાસ્કરરાવ વિદ્વાંસ: સભ્ય
ગૌરીશંકર ચાતુર્વેદી ,, જશભાઈ પટેલ ,,
મૂળશંકર. મો. ભટ્ટ : મંત્રી

કાર્યવાહકો વિ. સંમેલન

બાલસાહિત્ય વાટિકા

સંપાદકઃ ગિજુભાઈ

ગ્રાહકોને પોણી કિંમતે પુસ્તકો મળશે.

૧૦૮ પુસ્તકોની યોજનામાં હાલ તુરત રૂા.૧૦)

અનામત મૂકી ગ્રાહક થાઓ. વિગતો મગાવો.

તેનાં તાજેતર પ્રગટ થયેલાં પુસ્તકો

૧૭ તારા અને ગ્રહો (મગનભાઈ) ૦–૫–૦

૧૮ ઋતુના રંગ–૧ (ગિજુભાઈ) ૦–૫–૦

૧૯ ગિરીશભાઈની વાર્તાઓ ૦–૫–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર.

શિક્ષણ સમાચાર

: ૧ :

અખિલ ભારત કેળવણી સંમેલનનું બારમું અધિવેશન ગ્વાલિયર મુકામે ગયા ડિસેમ્બરની તારીખ ૨૬ થી ૩૧ સુધી ભરાયું હતું. આ અધિવેશનને ગ્વાલિયરના મહારાજા જીવાજીરાવ સિંધીઆએ ખુલ્લું મૂક્યું હતું. આ અધિવેશન પ્રસંગે એક કલાપ્રદર્શન ભરવામાં આવ્યું હતું, જે પણ મહારાજા સિંધીઆને હાથે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

અધિવેશનના પ્રમુખ પંડિત ઇકબાલ નારાયણ ગુર્તુ અલાહાબાદ યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર સાહેબે પ્રમુખપદેથી સમગ્ર કેળવણી વિષયક એક મનનીય ભાષણ આપેલું હતું. ત્યાર બાદ તા. ૨૮, ૨૯ અને ૩૦ ના દિવસોએ સંમેલનનું કામકાજ જુદા જુદા વિભાગો દ્વારા ચાલ્યું હતું.

વિભાગો નીચે પ્રમાણે હતા:—

૧ યુનિવર્સિટીની કેળવણી.
૨ નીતિ અને ધર્મની કેળવણી.
૩ નિરક્ષરોની કેળવણી.
૪ માધ્યમિક કેળવણી.
૫ આરોગ્ય અને શારીરિક કેળવણી.
૬ ધંધાઓની કેળવણી.
૭ શિક્ષકોની કેળવણી અને પુરાતત્ત્વ સંશોધન અને શિક્ષણપ્રયોગો.
૮ બાલ્યાવસ્થા અને ગૃહશિક્ષણ.
૯ પરીક્ષાવિભાગ.
૧૦ પ્રાથમિક અને ગ્રામશિક્ષણ.
૧૧ વિશ્વશાંતિ વિભાગ.

બીજા વિભાગો સંબંધે સ્થળના અભાવે લાંબી નોંધ લઈ શકતા નથી. માત્ર બાલશિક્ષકો તેમજ માબાપોને ઉપયોગી નોંધ નીચે પ્રમાણે આપીએ છીએ.

બાલ્યાવસ્થા અને ગૃહશિક્ષણ

તા. ૨૯–૧૨–૩૬ : સવારના ૮-૩૦થી ૧૦–૩૦

૧ પ્રમુખનું વ્યાખ્યાન (મિસિસ હાના સેન; ડિરેક્ટ્રેસ, લેડી ઇરવીન કૉલેજ, દિલ્હી.)
૨ મંત્રીનો ચાલુ પરિસ્થિતિ સંબંધનો અહેવાલ (મંત્રી શ્રી. ગિજુભાઈ બધેકા)
૩ નીચેના નિબંધો વાંચવામાં આવ્યા હતા:—
ક રશિયાનાં નિશાળમાં ન જતાં બાળકોની કેળવણી (વાંચનાર : મિસ કપિલા બાંડવાળા, મુંબઈ.)
ખ હિંદી પરિસ્થિતિને અમેરિકાનું કિન્ડરગાર્ડન અનુકૂળ કરવું (વાંચનાર: મિસ એમ. એલ. પીઅર્સ; પાકુર, E. I. RY. LOOP.)
ગ હિંદી પરિસ્થિતિને મોન્ટીસોરી પદ્ધતિ કેવી રીતે અનુકૂળ કરવી (વાંચનાર : મિસિસ કમી શિવરાવ; બનારસ.)
૪ વખતને અભાવે જે નિબંધો વાંચી શકાયા નહિ તે નિબંધોને હવે પછી સંમેલનના વાર્ષિક રિપોર્ટમાં પ્રગટ કરવામાં આવશે. તેનાં નામો:—
ક બાળપણમાં લાગણી વિષયક વિક્ષેપો (લખનાર : પ્રોફેસર એ. વી. મેથ્યુ, કોલ્હાપુર.)

ख પ્રાથમિક શાળાના પ્રશ્નો અને તેનું પુનર્વિધાન (લખનારઃ એસ. એન. નામલે; બી.એ.; નૂતન શિક્ષણ બાલમંદિર, વીલેપાર્લે.)

ग મોન્ટીસોરી વિ૦ ફ્રોબેલઃ એક ચર્ચા.

घ બાલગૃહો ઉપર ચર્ચા.

(બંને નિબંધો મોકલનારઃ ડૉ. કૃષ્ણય્યા; ગ્વાલિયર.)

ङ હિંદુસ્તાનમાં આધુનિક પદ્ધતિઓને કેવી રીતે અપનાવી શકાય તે વિષય ઉપર ચર્ચા. આ ચર્ચામાં જુદા જુદા વિદ્વાનોએ ભાગ લીધો હતો.

ત્યાર પછી નીચેના બે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતાઃ—

क આ સંમેલન એવા અભિપ્રાયનું છે કે દરેક મ્યુનિસિપાલિટીએ ઓછામાં ઓછી એક શાળા દરેક શહેરમાં નિશાળે નહિ જતાં બાળકો માટે ઉઘાડવી જોઈએ.

ઠરાવ મૂકનારઃ—મિસિસ એફ. જી. પીર્સ, આ વિભાગનાં સ્થાનિક મંત્રી.

અનુમોદન આપનારઃ મિસિસ સુભાષ ઓઝ.

ख આ સંમેલન એવા અભિપ્રાયનું છે કે હિંદુસ્તાનમાં નિશાળે નહિ જતાં એવાં બાળકોના શિક્ષકો તૈયાર કરવા માટે એક મધ્યસ્થ અધ્યાપનમંદિરની બહુ અગત્ય છે.

ઠરાવ મૂકનારઃ—મી. હાર્વે, લુધીઆના.

ટેકો આપનારઃ—ડૉ. જે. એમ. કુમારાપ્પા.

આ કામનો ટૂંક અહેવાલ ખુલ્લી બેઠકમાં પ્રમુખ પાસે સ્થાનિક મંત્રીએ રજૂ કર્યો હતો, અને આ વિભાગે મંજૂર કરેલા ઠરાવો ખુલ્લી બેઠક વખતે ફરી વાર મંજૂર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંગીત, સંમેલન, નાટકો, સિનેમા, જાદુના ખેલો, સૂર્યનમસ્કારના પ્રયોગો, ગ્વાલિયર લશ્કરના દેખાવો, નગરદર્શન, ચાપાર્ટીઓ, પુરાતત્ત્વવિભાગદર્શન, રાજમહેલમાં ભોજન, મેળા, પરિભ્રમણ, ફોટોગ્રાફ વગેરે પ્રવૃત્તિઓ સંમેલનને અંગે હતી.

આવતા વર્ષ માટે કલકત્તાએ આ સંમેલનને આમંત્રણ આપ્યું છે.

ગિજુભાઈ.
સામાન્ય મંત્રી, બાલ્યાવસ્થા અને
ગૃહશિક્ષણ વિભાગ
અખિલ ભારત કેળવણી સંમેલન

: ૨ :

હિન્દી સાહિત્ય સંમેલનઃ ૨૬મું અધિવેશન

સ્વાગતકારિણી સમિતિ

કાર્યાલય : ત્યાગ રાયનગર : મદ્રાસ

અખિલ ભારતીય હિન્દી સાહિત્ય સંમેલનનું છવ્વીશમું અધિવેશન ઈસ્ટરની રજાઓ ભરવાનું નિશ્ચિત થયું છે. પૂર્વનિશ્ચિત પરિપાટી અનુસાર હિંદી વિદ્વાનો તથા લેખકોને ખબર છે કે સભામાં વાંચવા માટેના નીચે લખેલા વિષય પરના લેખો લખીને તેમણે મંત્રી, હિન્દી સાહિત્ય સંમેલન, સ્વાગતસમિતિ, ત્યાગરાયનગર, મદ્રાસ એ સરનામે તા. ૧૫મી માર્ચ ૧૯૩૭ સુધીમાં મોકલવા કૃપા કરવી.

મંત્રી, સ્વાગતસમિતિ.

વિષય

૧ ભારતીય ભાષાઓની ઉત્પત્તિ
૨ દક્ષિણની ભાષાઓ ઉપર હિંદીનો પ્રભાવ.
૩ દ્રાવિડ સાહિત્ય
૪ અહિંદી પ્રાન્તોમાં હિંદીનું સ્થાન.

૫ રાષ્ટ્રીય શિક્ષણપદ્ધતિ
૬ હરિજનસમસ્યા
૭ ગ્રામપુનર્સંગઠન
૮ સમાજવાદઃ રાષ્ટ્રવાદ
૯ વિજયનગર સામ્રાજ્ય
૧૦ તામિલ સાહિત્ય
૧૧ કર્નાટક સંગીત
૧૨ દ્રાવિડસભ્યતા
૧૩ ભારતીય વિનિમય
૧૪ ભારતીય સિનેમા
૧૫ કેરલ નૃત્યકલા (કથકલી કલા)
૧૬ હિંદના વર્તમાન કવિઓ અને એમની કવિતા
૧૭ હિંદનું વર્તમાન નાટ્યસાહિત્ય અને એની ઉન્નતિનો ઉપાય.

: ૩ :

કેળવણીની બે વિશ્વપરિષદો

(૧) કેળવણીનાં મંડળોની વિશ્વપરિષદનું સાતમું અધિવેશન સને ૧૯૩૭ ના ઓગસ્ટ માસની તારીખ બીજીથી સાતમી સુધી જાપાનના ટોકીયો શહેરમાં ભરાવાનું છે.

(૨) શિક્ષકોના મંડળોની આંતરરાષ્ટ્રિય પરિષદ અને ૧૯૩૭ ના જુલાઈ માસના છેલ્લા અઠવાડિયામાં ભરાવાની છે.

આ પરિષદની મુખ્ય ઑફિસ નીચેની જગ્યાએ આવેલી છેઃ પેલેસ રોયલ; ૨ રૂ. ડી. મોન્ટપેન્સીયર; પેરીસ.

આ બાબતમાં વધારે માહિતી મેળવવી હોય તેમણે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવોઃ— ડી. પી. ખત્રી; પોસ્ટબોક્સ નં. ૫૨; કાનપુર.

જાપાનમાં ભરાનારી પરિષદમાં જવું હોય તેમણે નીચેની કંપની સાથે પત્રવ્યવહાર કરવોઃ—

Nippon Yusen Kaisha Line
Hornby Road;
Lloyds' Building;
Fort-Bombay

: ૪ :

—દેવલાલી 'બાલગૃહ ઊઘડ્યું તા. ૫-૧-૩૭. ઉદ્ઘાટનાર શ્રી. ગિજુભાઈ. સંચાલકો : ભાઈ જગન્નાથ દિવેચા અને જયંતીલાલ ઓઝા.

—મુંબઈ 'બાલમંદિર' ખૂલ્યું. આચાર્યશ્રી. છોટાલાલ મગનલાલ શાહ; જૂની હનુમાન ગલ્લી.

—વડોદરા 'વસંત બાલમંદિર' ઊઘડ્યું: તા. ૨૫-૧-૩૭. આચાર્ય શ્રી. મણિબેન પટેલ, રાવપુરા રોડ, વડોદરા

—નડિયાદ બાલમંદિરનો વાર્ષિક ઉત્સવ તથા ચિત્રકલાપ્રદર્શન થઈ ગયાં. પ્રમુખઃ શ્રીમાન નાનાસાહેબ; ઉદ્ઘાટા—શ્રી. ગિજુભાઈ. તારીખ ૨૪-૧-૩૭.

—જામનગર સિલ્વર જ્યુબિલી બાલમંદિરના આચાર્ય તરીકે શ્રા. નરેન્દ્ર ગિજુભાઈ બધેકા નિમાયા.

શિક્ષકોને મદદ કરશો?

ઘણા જિજ્ઞાસુ શિક્ષકો પૈસાની તંગીને લઈ પત્રિકા વાંચ્યા વિના રહી જાય છે. શિક્ષકને પત્રિકા પહોંચાડવી અને અનેક બાળકોના આશીર્વાદ લેવા. આવો લાભ લેવા માટે શિક્ષકોને મફત પત્રિકા આપવા માટે શુભેચ્છકો પત્રિકા કાર્યાલયમાં પોતાની રકમ સત્વર મોકલી આપે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.

આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભા. ભાલાભાઈ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૨ જો
ચૈત્ર

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

જ્યારે આપણે બાળકોને પ્રેમથી પોતાનાં કરીએ છીએ ત્યારે આપણે સત્ત્વગુણમાં હોઈએ છીએ.

જ્યારે આપણે સારી સારી પદ્ધતિઓ વડે અને સાધનો વડે બાળકોને રંજિત કરીએ છીએ ત્યારે આપણે રજોગુણપ્રધાન હોઈએ છીએ.

જ્યારે આપણે બાળકોને ભયથી તાબે કરીએ છીએ ત્યારે આપણે તમોગુણ પ્રધાન હોઈએ છીએ.

જ્યારે આપણે બાળકોને લાલચ વડે વશ કરીએ છીએ ત્યારે આપણે અધમગુણ પ્રધાન હોઈએ છીએ.

જ્યારે આપણે પ્રપંચ, છળ અને યુક્તિપ્રયુક્તિ દ્વારા બાળકોને તાબે કરીએ છીએ ત્યારે આપણે અધમાધમગુણપ્રધાન હોઈએ છીએ.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] ચૈત્ર ૧૯૯૩ [અંક ૨

બાળક બહુ માગતું નથી.

આપણી પાસેથી બાળક પોતાના વિકાસ માટે બહુ માગતું નથી. તે પ્રથમ આપણી પાસેથી સન્માન માગે છે. જો આપણે તેને કહીએઃ "આ તો તારાથી ન બની શકે. તારાથી શું થઈ શકે તેમ છે ? છોકરાંથી છાશ ન પિવાય." તો આ બધાં વચન બાળકના અસન્માન સૂચક છે. બાળકને એ નથી ગમતાં. આપણે કંઈ કરતાં હોઈએ કે કરવા ઇચ્છતાં હોઈએ અને આપણે માથે કોઈ આવો ટકટકારો કરે તો તે આપણને કેવું ગમે ?

અને બાળકને વિષે આપણે એમ માનીએ કે એ વળી આમાં અને તેમાં શું સમજે ? અને એમ માની તે જ્યારે જ્યારે કંઈ પૂછેકારવે ત્યારે ત્યારે જો આપણે તેને કહીએ કે "તું એમાં ન સમજે; તારાથી એ ન સમજાય." તો જરૂર બાળકને તેથી અપમાન લાગે છે. આપણે કોઈને કંઈ પૂછીએ અને આપણને કોઈ તુચ્છકારી કાઢે તો આપણને તે કેવું ગમે ?

ગિ.

કોઈને પડી છે ?

જો માબાપોને બાળકો માટે પડી નહિ હોય તો માબાપોએ આખરે માની જ લેવું કે કોઈને પડી નથી. બાળકો માબાપનાં છે અને માબાપને સૌથી વહાલાં છે. અને છતાં આશ્ચર્યની વાત પણ એ છે કે માબાપો જ તેમને સમજવાની કે તેમનું હિત શામાં છે તેનો વિચાર કરવાની પણ તકે લેતાં નથી !

માબાપોએ એટલું તો જોવું જ જોઈએ કે પોતાનાં બાળકો ગામઠી શાળાઓમાં કેવી હાલતમાં ભણે છે. તેઓ ત્યાં ભણતાં નથી પણ પાયમાલ થાય છે. આજે આપણી ગામઠીશાળાઓ ગંદી છે, મેલી છે, હવા અને અજવાળા વિનાની છે, રોગો લાવી આપે તેવી છે. એનું વાતાવરણ અનાકર્ષક છે, એની પદ્ધતિ જૂનીપુરાણી છે. એમાં આપણાં બાળકો બકરાં પેઠે બેંબેં કરતાં આંકના પાડાઓ બોલે છે, અને ન આવડતાં સોટી ખાય છે.

આ શાળાઓમાં જઈને માબાપો જ્યાં સુધી આની ખાતરી નહિ કરે ત્યાં સુધી તેમની આંખો ઊઘડશે નહિ, અને ત્યાં સુધી બાળકોને હેરાન થયે જ છૂટકો છે !

અ • નુ • ક્ર • મ

૧૮ બાળક બહુ માગતું નથી . ગિ.
૧૮ કોઈને પડી છે ? . . . ગિ.
૧૯ જ્ઞાન . . . . . ગિ.
૧૯ ગલૂડિયાં . . . . . ગિ.
૨૧ બાળકો અને ઉચ્ચારશુદ્ધિ ગિ.
૨૨ આનું તે શું કરવું ? . . ક.
૨૬ બાલમંદિરમાં નાસ્તો . . ગિ.
૨૭ જતી ટપાલ . . . . ગિ.
૨૮ નિશાળ ગમતી નહોતી . . ડા.
૩૦ તમારો અનુભવ લખશો ? . તં.
૩૧ બાળોપયોગી રમતગમતનાં સાધનો . . . . તં.
૩૧ સૌથી વધારે નજીક કોણ છે ? ગિ.
૩૨ ચોરવાડમાં વ્યાયામવર્ગ . .
૩૨ શિક્ષણ સમાચાર . . . ત.

મને તો આશ્ચર્ય થાય છે કે ગામેગામ હજી પણ જૂની ઘરેડની ગામઠી શાળાઓ કેમ જીવે છે. પણ આનું કારણ એ છે કે માબાપો બાળકો માટે જીવતાં નથી; તેઓ તો પોતાના કામધંધામાં અગર ઐશઆરામમાં પડેલાં છે.

માબાપો! આ વાત જરા ધ્યાન પર લેશો? તમારાં બાળકોને તમે બચાવશો?

ગિ.

જ્ઞાન

જ્ઞાન એટલે હકીકતોની માહિતી નહિ. માણસમાં આખી દુનિયાની માહિતી હોવા છતાં તેનામાં જ્ઞાનનું એક ટીપું પણ ન હોઈ શકે.

જ્ઞાન એટલે જાણવાની શક્તિ. સાચું શું અને ખોટું શું એ પારખવાની બુદ્ધિશક્તિ તેનું નામ જ્ઞાન; સદસદ્‌વિવેક બુદ્ધિ એટલે જ્ઞાન.

આજની શાળાઓ વિદ્યાર્થીઓને જ્ઞાન આપતી નથી પણ માત્ર હકીકતોના ડૂચા આપે છે. આ ડૂચાના ભારે વિદ્યાર્થીની વિવેકબુદ્ધિ ગૂંગળાઈ ગયેલી છે.

શાળાનું શિક્ષણ એવા પ્રકારે અપાવું જોઈએ કે મનુષ્યમાં વિચાર કરવાની શક્તિ ખીલે. આ ખીલેલી શક્તિ મનુષ્યને વિવેકી બનાવે છે. વિવેકી એટલે જ્ઞાની, અને વિવેક એટલે જ્ઞાન.

ગિ.

ગલૂડિયાં

બાળકોને ગલૂડિયાં સાથે રમવું બહુ ગમે છે અને ગલૂડિયાંને બાળકો સાથે રમવું ગમે છે. ઘણી વાર તો મોટાંને પણ ગલૂડિયાંને રમાડવાનું મન થઈ જાય છે.

જેઓએ અવલોકન કર્યું કશે તેમના જોવામાં આવ્યું હશે કે ગલૂડિયાં ખૂબ રમતિયાળ હોય છે. તેઓ બાળકોને રમાડતાં હોય તેમ તેમની આગળ કૂદે છે, તેમનાથી દૂર ભાગી જાય છે, ઝટ પકડાતાં નથી અને દોડંદોડ કરી મૂકે છે. બાળકોનો રૂમાલ કે એવું કંઈ હાથ આવે તો તે મોંમાં ઉપાડીને નાસે છે ને બાળકોને દેતાં નથી. વળી ગલૂડિયાંને કોઈ મારવા આવે તો તે બાળકોની પાસે દોડી આવી તેની પાસે લપાય છે, છૂપાય છે; કેટલીક વાર તો તેઓ પોતાનાં દુઃખની વાત કરતાં હોય તેમ ઉં ઉં કરી બાળકોને કંઈક કહે છે. તેઓ રાજી થાય છે ત્યારે બાળકોના હાથ પગ અને મોં ચાટે છે. તેઓના ઉપર બાળકો રાજી થાય છે ત્યારે તેમને ખોળામાં બેસારે છે, ભાતભાતનાં તેમનાં નામો પાડે છે અને કોઈ કોઈ વાર તેમને બચીઓ પણ ભરે છે.

જેમ બાળકો અને ગલૂડિયાં વચ્ચે દોસ્તી ચાલે છે તેમ જ બાળકો અને બચોળિયાં, બાળકો અને વાછરડાં, સસલાં, વગેરે બચ્ચાંઓ સાથે તેમને ભાઈબંધી ચાલે છે.

આ ભાઈબંધીનું બાળકોને કે ગલૂડિયાંને કોઈ શીખવતું નથી; તેને માટે તેમને કોઈ ભણાવતું નથી કે પાઠ આપતું નથી. તેમ શીખવા માટે તેમને કોઈને નિશાળમાં જવું પડતું નથી. પરસ્પરમાં આ વૃત્તિ સહજ છે.

વળી એક વાત વધારે. ગલૂડિયાં બાળ-

કાને ને બાળકો ગલૂડિયાંને સારી પેઠે સંભાળી લે છે. બાળકો ગલૂડિયાં કે એવાં બચ્ચાંઓ માટે ઘરમાંથી બાવાનું લાવી બવરાવે છે અને ગલૂડિયાં બાળકોનો ખૂબ પ્રેમ સમજતાં હોય તેમ બાય છે. પરિણામે ગલૂડિયાં બાળકોને કરડવા દોડતાં નથી; હેતમાં ને હેતમાં બાળકો તેમની પૂંછડી ખેંચે, કાન ખેંચે, તોયે તેઓ ઉં ઉં કરી ઊભાં રહેશે પણ તેને કરડશે કે નહોર ભરાવશે નહિ, કેમકે ગલૂડિયાં સમજતાં લાગે છે કે કોણ તેને બરેબર હેરાન કરનાર અથવા દુઃખ દેનાર છે.

જેવી દોસ્તી ગલૂડિયાં વગેરે ને બાળકો વચ્ચે છે તેવી દોસ્તી નાનાં ભાંડરડાં અને તેનાથી જરા મોટાં ભાંડરડાં અથવા તો નાનાં નાનાં બાળકો વચ્ચે જોવામાં આવે છે. છેક નાનાં બાળકો અંદર અંદર કેવી રીતે એકબીજાંને સંભાળે છે, સમજાવે છે, રડતાં રાખે છે, હેત કરે છે, બીજાના ભય અને જોખમમાંથી બચાવે છે, એ આપણે અવલોકીને બાતરી કરીને અનુભવવા જેવું છે.

આ બધાનું કારણ બાળકો જેમ શરીર-વિકાસ, મનોવિકાસ, વગેરે શરીરમનના વિકાસો સાધવા યત્ન કરે છે અને યોગ્ય સાધનો અને પરિસ્થિતિ વચ્ચે પોતાના વિકાસમાં આગળ વધે છે, તેમ જ તેઓ લાગણીના વિકાસ માટે પણ યત્ન કરે છે. ગલૂડિયાં સાથે, સસલાં સાથે, બાળકો સાથે રમવું વગેરે, તેમની કાળજી લેવી, તેમને પાણી પાવું તથા બવરાવવું વગેરે કામો તેમના તરફની લાગણી બતાવે છે. એ લાગણી હેતની એટલે કે પ્રેમની છે. પ્રેમની લાગણી પોતે પોતાનો વિકાસ આવી રીતે સાધવાને માટે આ બધાં બચ્ચાંને સાધનો બનાવે છે, અને ઇંદ્રિયવિકાસનાં સાધનો વડે ઇંદ્રિયવિકાસ સાધે છે તેમ આ જીવંત લાગણીભર્યાં નાનાં બચ્ચાંઓની સાથે રમીબેલીને પોતાની કોમળ લાગણીનો વિકાસ સાધે છે.

માનવ બાળ કુદરતી રીતે શરીર-મનના પ્રદેશોમાં વધવા માટે શ્રમ બાદરે છે, તેમ જ લાગણીના અને એથી ઊંચા પ્રદેશો ઉપર વિકસવા શ્રમ કરે છે. જેમ બાળકને અનુકૂળ વાતાવરણ વિકાસક હોવાથી બાળકને ત્યાં પ્રવૃત્તિ કરવી શ્રમરૂપ ન થતાં રમતરૂપ થાય છે, તેમ જ આ ગલૂડિયાં વગેરે સાથે રમવામાં બાળકોને શ્રમ વરતાતો નથી એટલું જ નહિ પણ તેમને તેમાં આનંદ મળે છે. તેઓ બાવાપીવાનું ભૂલીને ગલુડિયાં સાથે રમે છે; તેઓ પોતાનું બાવું આપી દઈને સસલાં કે બિલાડીનાં બચ્ચાંઓને બવરાવવામાં આનંદ માને છે.

આવાં નાનાં બચ્ચાંઓ સાથે બાળકો રમે તેમાં તેમને પ્રાણીઓના સ્વભાવનું દર્શન થાય, તેમના શરીરોની રચના વગેરે સમજાય, તેમનો બોરાક, તેમની તબિયત વગેરેથી જાણકારી મળે, અર્થાત્ તેમના વિષેની વૈજ્ઞાનિક દૃષ્ટિ પ્રાપ્ત થાય છે જ. પણ એ લાભ તો સહજ અને છતાં અવાંતર છે; બાળકો તે લાભ મેળવવા પ્રમુખપણે રમતાં નથી. ઊલટું જો એવો લાભ અપાવવા બાળકોને રીતસર એમની સાથે રમાડવામાં આવે તો બાળકો કંટાળી જાય અને તેમની સાથે રમે જ નહિ. પરંતુ બાળકો તો આત્મિક વાતાવરણ વિશાળ કરવા માટે નાનાં બચ્ચાંઓનો સંગ શોધે છે. તેથી આપણે નાં પાડીએ છતાંયે તેઓ ગલૂડિયાં, બચોળિયાં,

વગેરે સાથે રમે છે; એટલું જ નહિ પણ તેઓ તેમની ગંદકી કે તેમના ગંદા શરીર તરફ પણ જોતાં નથી. જાતે ચોખ્ખાઈ પસંદ કરવાવાળાં છતાં રમતી વખતે તેઓ ગલૂડિયાંની ગંદકીને વીસરી જાય છે, અને જાતે પણ ગંદાં થવામાં અચકાતાં નથી–કારણકે તેઓ આ સૃષ્ટિના ઇતર જીવોની સાથે લાગણીના તારો બાંધી રહેલાં છે, કારણકે તેઓ પોતાનું સ્નેહભવન વિશાળ કરી રહેલાં છે, કારણકે તેઓ પાર્થિવ શક્તિઓ કરતાં વધારે કિંમતી એવી દૈવી શક્તિઓ કેળવી રહેલાં છે.

આપણે બાળકોને ગલૂડિયાં સાથે રમવા દેવામાં ભૂલ નથી કરતાં પણ આપણી ઉપર જરૂર ઉપકાર કરીએ છીએ, અને બાળકો તરફનો આપણો ધર્મ બજાવીએ છીએ.

નાનાં બાળકો સાથે પણ બાળકોને રમવું ગમે છે, અને ત્યાં પણ ઉક્ત વિચારસરણી જ લાગુ પડે છે. નાનાં બાળકોનું તથા ગલૂડિયાં, સસલાં વગેરેનું જીવંત વાતાવરણ આપણે બાળકોને આપવાને બદલે તેમને કૂતરાં, બિલાડાં ને બાબલાંનાં રમકડાં આપીએ છીએ ત્યાં બાળકોને કેટલો અને કેવો કૃત્રિમ સંતોષ થતો હશે?

ગિ.

બાળકો અને ઉચ્ચારશુદ્ધિ

: ૧ :

હમણાં બાળકોને શબ્દોનું ઉચ્ચારણ કરાવવામાં આવે છે. ઘડીકમાં નાના અને ઘડીકમાં મોટા, ઘડીકમાં અઘરા અને ઘડીકમાં સહેલા શબ્દોનું ઉચ્ચારણ કરવાનું આવતાં બાળકોને બહુ આનંદ પડે છે. હું શબ્દો બોલું છું અને બાળકો શબ્દો ઝીલે છે.

આ પ્રમાણે શબ્દો ચાલે છેઃ બિલાડી, ગાય, કૂતરો, બુદ્ધ, ગંભીર, શંકરભાઈ, ઑસ્ટ્રેલિયા, પંજાબ, પેડેગોજીકલ એન્થ્રોપોલોજી, મહમ્મદ, મહત્ત્વાકાંક્ષા, કબૂતર, લાડવા, બરફી, પેંડા, બજિસ વગેરે વગેરે. આ પ્રમાણે જ ક્રમ છે એમ નથી; પરંતુ બોલાતા શબ્દોમાંના ઉપર આપેલા થોડાએક શબ્દો છે.

ઘડીક અઘરા તો ઘડીક સહેલા, ઘડીક જાણીતા તો ઘડીક અજાણ્યા શબ્દો બાળકોને જાણીતાપણાને લીધે તેમ જ અજાણ્યાપણાને લીધે ગમ્મત આપે છે. આ ગમ્મતને લીધે તેઓ ઉચ્ચારણ કરે છે. દરમિયાન તેમના ઉચ્ચારો સ્પષ્ટ થતા જાય છે; જીભ, મોં, જડબાં, ગળું એ બધાંને વ્યાયામ મળે છે અને કાનની સમજણ તીવ્ર બને છે.

ઉચ્ચાર કરનારાં બાળકોમાં ભાત પડે છે. કેટલાંક બાળકો અઘરા ઉચ્ચારો પહેલેથી જ કરે છે અને અઘરા ઉચ્ચારો કરવામાં ખૂબ આનંદ લે છે. આ બાળકો ભાષાપ્રિય હોવાનાં ચિહ્નો બતાવે છે. કેટલાંકને ઉચ્ચારો ફાવતા નથી; અને તેઓનો રસ બીજી રીતે છે છતાં ભાષાની પ્રિયતાની દૃષ્ટિએ ઓછો જણાય છે. કેટલાંકને ઉચ્ચારો થતી વખતનું તાલબદ્ધપણું બહુ ગમે છે. તેઓ અમુક અંતરે કૂતરો, બિલાડી, એવા શબ્દોનું પૂર્ણવિરામ માગે છે અને એવું પૂર્ણવિરામ આવે છે ત્યારે તેમને આનંદ પડે છે.

ઉચ્ચારની આ કવાયત કામની છે અને નાનાં બાળકોને ઉપયોગી થાય તેવી છે. બાલ-મંદિરો અને પ્રાથમિક શાળામાં આ કવાયત ગમ્મત સાથે ઉચ્ચારશુદ્ધિમાં મદદ આપશે એમ લાગે છે. ગિ.

: ૨ :

[બાળકોને ઉચ્ચારણની કવાયત કરાવવાની જરૂર છે. કેટલાક શબ્દો બાળકો અશુદ્ધ બોલે છે; તેની એક ચાલી થઈ રહી છે. તેમાંના કેટલાક અત્રે આપેલા છે. માબાપો કે શિક્ષકો આ શુદ્ધ શબ્દોની કવાયત કરાવશે તો બાળકોની ઉચ્ચારઅશુદ્ધિ વહેલી ટળશે. કવાયતમાં અશુદ્ધ બોલવું નહિ; માત્ર શુદ્ધ ઉચ્ચાર બોલવા અને બોલાવવા. તં.]

	શુદ્ધ ઉચ્ચારો	અશુદ્ધ ઉચ્ચારો
૧	પેનસિલ	પેનછીલ
૨	નાટક	નાકટ
૩	શંકરભાઈ	છંકલભાઈ
૪	રકાબી	રબાકી
૫	અરવિંદ	અવડિંદ
૬	ઘોડો	ઘોલો–ઘોદો
૭	વાંદરો	વાંડલો
૮	તખ્તેશ્વર	તખેછલ–તતેશર
૯	રોટલી	લોટલી
૧૦	સલામ	છલામ
૧૧	કુસુમ	તુતુમ
૧૨	પુષ્પાબેન	પુછપાબેન
૧૩	કળશ્યે	કલછે
૧૪	ચંપક કાકા	ચંપલ કાકા
૧૫	જોડા	જોલા
૧૬	શંકર	થંકલ
૧૭	રસુબેન	લછુબેન
૧૮	ખુરશી	ખુલ્છી
૧૯	દડો	ડલો
૨૦	ફરવા	ફવા
૨૧	બોશીકું	બોકીચું
૨૨	દાળભાત	દાભાત
૨૩	ટારઝન વાર્તા	તાઝન તાતા
૨૪	કૂતરો	કૂતલો
૨૫	રાજા ગાંડો	લાજા ડાંડો
૨૬	બડિયો	બયો
૨૭	પાણો	પાનો
૨૮	ઘોડિયું	ઘોલિયું

વિ.

આનું તે શું કરવું ?

[આ લેખમાં એક દૃષ્ટિ છે. આ દૃષ્ટિ આપણને બતાવે છે કે બાળકો આપણાં ઘરોમાં અને મોટાંઓ વચ્ચે ક્યાં છે.—તં.]

"મારે આનું શું કરવું ? એને હજાર વાર કીધું કે ગાંઠના રોટલા ખાઈને, ઘરનાં લૂગડાં ફાડીને પારકું કામ કરીશ મા. સાત વાગ્યા તોય ઘેર ન આવી ! એની ડોશીની ચાકરી કરતી હશે. કરે નહિ એની મા ? ધણીયે પોંચ છે. ઘરમાં ગરે એટલે એની વાત !"

મા આમ વિચારે છે એટલામાં આનંદ અને સંતોષપૂર્ણ ચહેરે એક નવેક વર્ષની બાળા આવે છે. "બા ! ભૂખ લાગી છે."

"જેનું કામ કરે છે એને ત્યાં જા; ઈ દેશે તને બાવા, રાંડ ! પારકા ઉંબરા ટોચતી ભમે છે ? શું કરતી'તી ત્યાં ?"

"દિવાળીના પાટા ધોતી'તી."

"હં! મને ખબર જ હતી. તું કાંઈ એની નોકર છો? ધૂવે નહિ એની મા?"

"પણ એની બા તો છાપખાનાનું પાણી ભરતાં હતાં ને ઈ એકલી ઘરમાં હતી."

"તે બે દી પાણી નો ભરે. ઈ તો આફૈડા પોતાનું કરી લેશે. શું કામ વગર મફતની તું ઓળવાછ?"

"પણ એની પાસે કોઈ નો'તું, ને પાટો બહુ જ લોહીલોહી થઈ ગયો હતો, તે શું કરું?"

"શું કરું, કેમ? કીધું નહિ એની મા કરશે! ધોઈશ મા કોઈ દી એવા પરુપાસ. કાલ જો એને ઘેર ગઈ છો તો મારી નાખીશ!"

છોકરી મૂંઝવણમાં પડે છે.

* * *

"એલી ક્યાં ટળી'તી?"

"ધર્મિષ્ઠાને ત્યાં."

"શું કામ ગઈ'તી?"

"રમવા ને લેસન કરવા."

"બીજું કાંઈ કર્યું"તું?"

"એની કામવાળી નો'તી આવી એટલે અમે ને ધર્મિષ્ઠા વાસણ માંજતાં હતાં."

"તારું કેટલી વાર નાક કાપ્યું કે કોઈનું કામ કરીશ મા! ગાંઠનાં લૂગડાં ફાડવાં ને ઘરના રોટલા ખાવા ઈ ધંધો સારો! જો કોઈ દી કામ કર્યું છે તો ચામડું ચીરી નાખીશ!"

* * *

"બા! હું ભગવાન પટેલની વાડીએ શેરડી ખાવા જાઉં છું. મને સંતોકે કીધું છે કે આજ અમારે ત્યાં ચીચોડો ફરે છે તે શેરડી ખાવા આવજો."

"ઠીક, જા. પણ ક્યારે આવીશ?"

"સાંજે પાંચ વાગે."

આવતાં આવતાં છ વાગી ગયા. સાથે સંતોકનો ભાઈ મેઘો મૂકવા આવ્યો.

મેઘો: "બાઉબેન! આણે તો કાંઈ શેરડી ઓરી છે શેરડી! ચાર કલાક સુધી ઓરી. અમારી કણબીની છોકરીયુંય એટલું નો'તી ઓરતી. અરે, હુંય એટલું નો'તો ઓરી શકતો! આવીને બેઠી ને પંદર મિલિટમાં તો રસની કૂંડી હડેડાવીને ભરી દીધી. ને શેરડી-બેરડી નથી ખાધી. ઈ તો પાધરી ઓરતાં જોઈને ઓરવા જ બેઠી. દીઠા ભેળું જ આવડી ગયું. આ લ્યો આ બે શેરડીના સાંઠા."

"ઠીક, ભાઈ! આવજો."

મેઘો ગયો.

"મોડીબેાઈ!"

આવીને વીલે મોઢે શેરડી ખાવા જાઉં છું પણ નસીબમાં હોય તો ખવાયને? નસીબમાં તો મોટો ભમરો હશે!

"તું તે બા શેરડી? ઓલી વિજુ ગઈ'તી તે ધરાઈને શેરડી ખાધી ને ઉપર પાંચ સાંઠા લઈ આવી. મોડીબેાઈ નામ પાડ્યું છે, તે બોટું કાંઈ?"

"ઠીક; પણ હવે અમને ભૂખ લાગી છે."

"ટબ્બ! કોણ ના પાડે છે?"

* * *

"ઓલી હાલ્ય ઘરે; કામ છે."

"શું કામ છે?"

"સામી બોલે છે? હાલ્ય ઘરે, નકર હમણાં મરી ગઈ સમજજો. ઘરનું બધુંય કામ પડ્યું છે."

"પણ શું કામ છે, કે'તો બરી?"

"કળશા ઊટકવા છે; સંજવારી કાઢવી છે."

"ઈ તો હું કરીને આવી."

"ઠીક ઠીક હવે; ઘર છે તે બીજું કાંઈ કામ નહિ હોય?"

ત્યાં તો છોકરીના હાથમાંથી પાણીની ડોલ ધાધરી ઉપર છલકાય છે.

"જો, ધાધરી રહબોળ કરીને? મૂકી દે ડોલ! ઘણાં પાણી પાનારાં છે, વગર મફતનાં લૂગડાં ફાડછ તે!"

"પણ બોલ્યા બે ગુલાબને પાણી પાઈ ને આવું છું."

"હાલ્ય, હમણાં ને હમણાં. એકેય ડોલ નથી પાવી. કયાં સુધી તારી હારે માથાફોડ કરું? માથે બેહું છે; હવે કયાં સુધી ઊભી રહું? મારું તો માથું બળવા આવ્યું!"

છોકરી પાવા લાગે છે; મા બાવડું ખેંચી ઘેર લઈ જાય છે.

* * *

"બેલી અટાણમાં કયાં ગઈ'તી?"

"નદીએ."

"શું દાટ્યું'તું?"

"નદીનો રસ્તો કાંકરાવાળો છે ઈ વાળવા."

"માથું આખુંય મેલ મેલ થઈ ગયું. ધોશે કોણ, તારો બાપ? લૂગડાંય ધૂડધૂડ થઈ ગ્યાં. તું ગઈ જ કેમ?"

"સવારમાં વહેલાં પાણી ભરતાં મારા પગમાં કાંકરા વાગતા'તા. મને થયું, બીજાં ભરનારાંનેય વાગતા હશેને? એટલે આજ વાળી આવી. આજ કોઈ ને કાંકરા વાગતા નથી."

"સંતોકબેન! જુવો આ અટાણમાં કામો કરી આવી! મારે તે કેટલીક બળતરા કરવી? નદીનો બાબોય રસ્તો વાળ્યો. વખતે માંદી પડે તો? કાંઈ ગામના માણસ વેગરાવા આવશે? ઈ તો સબે પાણી ભરશે. બાર વરસની થઈ તોય ઈ ને ઈ રહી. લોકનાં છોકરાં કરે છે તારી જેવું વૈતરું? ઘરમાંથી શું લઈ ગઈ'તી?"

"થોડાક ડાળિયા ને તેલ."

"શું કામ?"

"પમલાને ભૂખ લાગી છે, ને એની બાં ઘરે નથી એટલે."

"અરરર! તારું તે મારે હવે કરવું શું? બીજાનાં છોકરાં તો કો'ક પાસેથી લઈ આવે, પણ કોઈ દી દઈ આવે નહિ."

"કો'ક પાસેથી લઈ આવતાં હશે તો કોઈકે તો દેતું હશેને?"

"હા. તારા જેવાં નહવાદાં હોય ઈ દ્યે. આજ તારો ભાંગ નહિ મળે, સમજીને?"

"જોતો જ નથી."

* * *

છોકરી વાળે છે ત્યાં પાછળથી બરડામાં ધબ્બો પડ્યો. "બેલી મૂકી દે સાવરણી! તું કાંઈ ઢેઢડી છો તે આખી શેરી વાળછ?"

"પણ આટલું બધું ગંદું થઈ ગયું છે એટલે વાળવું જ પડેને?"

"તે વાળશે સૌ સૌનું આંગણું સૌ. વગર મફતનાં લૂગડાં મેલાં કરે છે, તે મૂકી દે સાવરણી!"

"પણ હવે તો આટલું જ છે."

"મૂકે છે કે નહિ?"

"નથી મૂકતી."

"ઠીક! તો આવજે ઘરમાં. દિવસે દિવસે બગડતી જાય છે. આટલાં વરસેય ઈ ને ઈ રહી!"

* * *

છોકરી ઘઉં વીણે છે; ત્યાં એની બા આવે છે. "હાલ્ય ઘરે; ઘરે ઘઉં ઘણાય વીણવાના પડ્યા છે. ઘરનું કામ મૂકીને પારકે ઘરે તે ઓળવાવું કેમ ગમે? પારકું કામ કરવું હોય તો અવાઈ પડે! ભાળછ, માણસનાં છોકરાં કરે છે એવું કામ?"

* * *

"બા! આજ રજા છે તે જીવીની હારે વાડીએ જાઉં છું."

"જીવીનું તો કામ થશે પણ ત્યાં તારું શું વળશે?"

"મારે કોસ હાંકતાં શીખવું છે."

"શીખ્યાં એ તો! ઘરમાં પગ ટકે જ નહિ. જીવી કાંઈ ઓછી નથી. એનાં વીશ માણસનું શાક વીણવું હશે. ઘણાંય વાડીએ માણસ છે; વિણાવશે ઈ તો આફૈડાં."

"ના, પણ મને વાડીએ જવું ને શાક વીણવું ગમે છે. ત્યાં તો ઘણું જોવાનું મળે છે. ને કોસ તો હાંકવો જ છે."

"પણ મારે નથી જવું."

"હું તો જઈશ જ."

* * *

"પંદર વરસની થઈ તોય સાન ન આવી; દિયે દિયે વેદિયું ઢોર થતું જાય છે! માસ્તરનાં છોકરાંને ધોવાં ને માસ્તરના ઘરનું પાણી ભરવું; ઈ તે વળી કોણે કીધું? જોછ, બીજાં નિશાળનાં છોકરાં કરે છે એવું કામ?"

"તે તમે જ ઓલી વાર્તા કહેતાં'તાંને કે કૃષ્ણ ને સુદામા ગુરુને માટે લાકડાં લેવા ગયા'તા, વરસાદમાં પલળી ગયા ને પછી ગુરુ એને ગોતવા ગયા?"

"એસ એસ વેદિયણ!"

"હા, ભલે અમે વેદિયા! પણ પહેલેથી તમે વારતા શું કામ કીધી?"

"કીધી તે કાંઈ ગનેગારી કરી? અસલના જેવા ગુરુ છે હવે? અસલની વાતો તો ગઈ. ક્યાં ગુરુ ને ક્યાં માસ્તર? હવેના માસ્તર તો બધા પેટભરા છે."

"પણ મને તો મારા માસ્તર બહુ સારા લાગે છે."

"તને તો આખું ગામ સારું લાગશે, ને આખા ગામનું કામ કરીશ."

"હા હા, કરીશ; હજાર વાર કરીશ."

"વેદિયું ઢોર!"

"ભલે."

* * *

બ્રાહ્મણે ટેલ નાખી: "પવાલું દાણાની ટેલ છે. બાઈને સુવાવડ આવી છે, ને ઘરમાં બાવાનું નથી. કોઈ હરિજનના હૈયામાં હરિ વસે તો!"

"એ રમુ! આ બ્રાહ્મણને પવાલું ઘઉં દે."

રમુ કોઠારમાંથી છલકતું પવાલું ભરી ઉપર એક બોબો ઘઉં નાખે છે ને બ્રાહ્મણને આપે છે.

દાદીમાએ એ જોયું.

"બા! આ તારી છોકરીએ માથે બોબો ઘઉં નાખીને બ્રાહ્મણને દીધા! દેવાલેવાના કામમાં એને મૂકવી નહિ. ઈ તો દાતારની દીકરી છે!"

* * *

બારણે કોઈક ભજન ગાતું'તું.

"બા! આને દાણા દઉં?"

"ના, તું નહિ. તું તે દેવાના કામમાં હો? ઘર આખુંયે ઉલેચી નાખ્યું. બણ! જા, તું જા; ઓલ્યાને ચપટી દાણા દે!"

ક.

બાલમંદિરમાં નાસ્તો

સામાન્ય લોકોની માન્યતા એવી છે કે બાલમંદિરમાં થતો નાસ્તો બાળકને રાજી કરવા, હેળવવા અને મજા કરવા માટે છે. બાળકો નાસ્તો ખાવાથી ખુશી થાય છે; અભિમુખ પણ કદાચ થાય, અને નાસ્તાનો આનંદ તો તેમને મળે જ. પણ નાસ્તો એ હેતુ સાધવા માટે નથી અને ન હોવો જોઈએ. નાસ્તો બાળકોને કે મોટાંને હરહમેશ ગમતી વસ્તુ છે, એટલે તેને આગળ ધરી તેના પ્રલોભન વડે બાળકોને અભિમુખ કરવાં કે રાજી કરવાં, એ વિચાર અને આચાર બાલમંદિરના અને બાલવિકાસના સિદ્ધાંતોના વિરોધરૂપ છે. બાળકોને જેમ માર મારીને વશ કરવામાં વિકાસની નિષ્ફળતા છે તેમ જ તેમને ઇનામ કે લાલચ આપીને વશ કરવામાં પણ નિષ્ફળતા છે; એટલું જ નહિ પણ બાળકોની તેમ જ લાલચ આપનારની તે અવનતિરૂપ છે. બાલમંદિરના શિક્ષકો કે માબાપો સ્પષ્ટ રીતે સમજી લે કે નાસ્તો પણ એક સામાન્ય પ્રવૃત્તિ છે—જેમ દડા, ચિત્ર, અખાડો વગેરે બાળકના શરીર-મનની પ્રગતિમાં ઉપયોગી છે તેમ જ નાસ્તાની પ્રવૃત્તિ પણ ઉપયોગી છે.

નાસ્તો આપવાનો આપણો હેતું ગળ્યું મોઢું કરાવવાનો નથી. બાળકને કયો ખોરાક અથવા બપોરનો નાસ્તો ભાવે છે અને કેટલા પ્રમાણમાં ભાવે છે, તેના પ્રયોગો કરવા માટે નાસ્તાની પ્રવૃત્તિની શરૂઆત છે. પરંતુ નાસ્તો ખાવો એ માત્ર વ્યક્તિગત પ્રવૃત્તિ નથી; એ તો સમૂહગત પ્રવૃત્તિ છે. સમૂહમાં કેમ જમવું, સમૂહભોજનમાં વ્યવસ્થા, શાંતિ, સભ્યતા, વિવેક અને પ્રસન્નતા કેમ જાળવી શકાય અને નાસ્તા કરતાં તે લેવાનો આનંદ કેવી રીતે મેળવી શકાય, એ નાસ્તાની પ્રવૃત્તિનો ખાસ હેતુ છે.

નાસ્તામાં પહેલી વાત તે બનાવવો એ છે. નાસ્તો કયો બનાવવો તેનો નિર્ણય શિક્ષક મનસ્વીપણે ન કરી શકે. ભાવતા નાસ્તાઓની યાદીમાંથી શિક્ષકે દરરોજ એકાદ નાસ્તો પસંદ કરવો જોઈએ. હરકોઈ બહારના સખી ગૃહસ્થો નાસ્તો આપી જાય તે બાળકોને આપી શકાય નહિ; ઉદાર લોકો પૈસા ભલે આપે પણ નાસ્તો તો અનુકૂળ વસ્તુનો જ કરાવાય. નાસ્તો ગામમાંથી ખરીદવાની પ્રથા અયોગ્ય છે. નાસ્તો બનાવવો એટલે ગામનું જે તે બનાવી બાબાપોનાં બાળકોને માંદાં પાડવાં એ નથી. એટલા માટે બાલમંદિર સાથે નાનું એવું રસોડું પણ જોડવું જોઈએ, અને બની શકે તો નોકર મારફત, નહિતર શિક્ષકે જાતે બાળકોને માટે નાસ્તો તૈયાર કરવો જોઈએ. જેમ બાગકામ કે સાન્દર્યદર્શન નકામું જતું નથી તેમ બાળકોની ટુકડીઓ સાથે નાસ્તો બનાવવાનું કામ કેળવણીની દૃષ્ટિએ નકામું જવું ન જોઈએ. બાલમંદિરનો શિક્ષક એવી દલીલ ન કરે કે કેવી રીતે એ થાય. તેણે પોતે નાસ્તો બનાવી જાણવું જોઈએ. મોટર ચલાવવાવાળા સાથે ક્લીનર નથી હોતો ત્યારે શોફર પોતે બધું કામ કરી શકે તેવી આવડતવાળો હોય છે. સામાન્ય વ્યવસ્થા અને કામની ગોઠવણ કેમ કરવી તે શુભાશયવાળો અને ઇચ્છાવાળો શિક્ષક વિચારી શકે છે.

નાસ્તો પીરસવાના કામમાં બાળકો ભાગ લે તે રફ્તે રફ્તે દાખલ કરવું જરૂરનું છે. બાલ-મંદિર બાળકોને બનતી વહેલી તકે સ્વાધીન કરવાની નેમ રાખે છે. બાળકો નાસ્તાને વાટ-કામાં પીરસે, નાસ્તાની જગા શણગારે, સ્થળોનો નિર્ણય કરે, નાસ્તા વખતનો કાર્યક્રમ નક્કી કરે, બાળકોને નાસ્તામાં દાખલ કરે, નાસ્તા વખતે ચાલતા કાર્યક્રમમાં લઈ શકે તેવો ભાગ લે, આ બધું બાળકોના હાથમાં વહેલી તકે આવવા દેવું એટલું જ નહિ પણ તે આવવા માંડે તે માટે બાળકોને આગળ વધવા દેવાં.

જેમ સંગીતનો પોણો કલાક ગુમાવાતો નથી, તેમ નાસ્તા પાછળ પોણો કલાક જાય તોપણ તે ખોટનો ધંધો છે એમ શિક્ષકો ન સમજે. કેમકે નાસ્તા વખતે વિકાસમાર્ગે જે જે સાધવાનું છે તે ઘણું છે અને તે સાધવા પાછળ પૂરતો વખત અને ધીરજની જરૂર છે.

ઘણાં બાળકો હોય તો નાસ્તાની વ્યવસ્થા માટે સમૂહો પાડી દેવા. બાળકો અંદર અંદર સમૂહો નક્કી કરી શકશે. પછી તે અમુક મુદ્દત માટે સ્થિર છે એમ તેઓ જાહેર કરી શકે.

નાસ્તાને અંગે ચાલતી અનેક પ્રવૃત્તિઓ માત્ર કરી જવી કે થવા દેવી તેનો કંઈ અર્થ નથી. કલાની દૃષ્ટિથી તેમ જ બુદ્ધિની દૃષ્ટિથી દરેક પ્રવૃત્તિનું કામ ચાલવું જોઈએ. દાખલા તરીકે બાળકો રસોડામાં જાય પણ રસોડું ગંદું સહી લે, વસ્તુઓ રખડતી મૂકીને ભાગે, હાથમોં અને કપડાં બગાડે અને "લ્યો, બધું થયું!" આમ થાય તો હેતુ સાર્યો જાય. માત્ર દફ્તાએ રમી લીધું એટલે પત્યું નથી; આસન પાથરી દફ્તા વ્યવસ્થિત રીતે રમ્યા પછી બધું યોગ્ય સ્થળે ગોઠવી દે તો આપણે તે કામને વિકાસક કહીએ; નહિતર ઇંન્દ્રિયનો વિકાસ બસૂરો અને લૂલોલંગડો થાય. એમ જ રસોડું ચલાવતી વખતે કે પીરસતી વખતે, કોઈ વ્યવસ્થા કરતી વખતે કે દાખલ કરતી વખતે જે શાંતિ, સફાઈ, સાદાઈ, ચોખ્ખાઈ વગેરે સુંદર અને ઉન્નત હોય તે થવું આવશ્યક છે. ગિ.

જરતી ટપાલ

તા. ૩૦–૧–૩૭

ભાઈશ્રી!

ચિ. કુસુમના હસ્તાક્ષર સુધારવા માટે કોપી લખાવવાની જરૂર નથી. 'પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ' નામની ચોપડીમાં વિગતથી લખવામાં આવ્યું છે; તે ચોપડી જોઈ જશો.

સારા અક્ષરો કઢાવવા માટે નજર સામે સારા અક્ષરો જોઈએ; તમે પોતે પણ ધીમે ધીમે લખીને સારા અક્ષરો કાઢી શકશો. ચિ. કુસુમને લીંટીવાળા કાગળો આપવા અને બે લીંટી વચ્ચે લખવા કહેવું; બે લીંટી વચ્ચે કેમ લખાય તે બતાવવું.

નાનપણમાં પરાણે ઘુંટાવવાથી અક્ષરો બગડે છે, પણ કુસુમ પૂરતો ઉપાય નથી.

બીજું કુસુમે કાંઈ ને કાંઈ લખવું જ જોઈએ એમ શા માટે?

તમો કહો જ છો કે એને વાંચવું બહુ ગમે છે અને તે સ્વાભાવિક છે, એ જ રીતે આટલી

નાની ઉંમરે લખવું બહુ ન ગમે અને બાળકો બહુ ન લખે એ પણ સ્વાભાવિક છે. વાંચવામાં રસ પડે છે ક્રમકે વાચન દ્વારા તે જ્ઞાન અને ગમ્મત મેળવે છે. નાની ઉંમરે લખવામાં એવી કાંઈ ગમ્મત પડે તેમ છે? એ તો શિક્ષકો રોજ શ્રુતલેખન લખાવે છે માટે બાળકો લખે છે, નહિતર મહિનાઓ સુધી તેઓ કાંઈ લખે જ નહિ. આપણે મોટાંઓ પણ લખવાના ખાસ પ્રયોજન વિના કયાં લખીએ છીએ? માટે કુસુમે લખવું જોઈએ એવો આગ્રહ માંડી વાળવો. તેને જ્યારે લખવાની જરૂર પડશે ત્યારે તે જરૂર લખશે જ. અમારા બાલમંદિરમાં પણ એમ જ થવા દઈએ છીએ. પછી જ્યારે બાળકોને કાંઈ ને કાંઈ લખીને પોતાની જાતને વ્યક્ત કરવાનું હોય છે ત્યારે તે અવશ્ય લખે જ છે, અને તે ઘણું બધું. જ્યારે તેઓ અંદર અંદર પત્ર લખવાનાં શોખીન થાય છે ત્યારે તેઓ ઘણા જ પત્રો લખે છે. કુસુમને લખવાનું મન થશે જ.

અક્ષરજ્ઞાન યોજનાની ચોપડીઓ મોટી ઉંમરનાં અભણો માટે છે, છતાં તે નાનાં બાળકો માટે વાપરી શકાય છે; પણ તે નાનાં બાળકોને ફાવે તો, ને વાપરનારને વાપરતાં આવડે તો.

તમારું લવાજમ હવે મોકલી આપશો. પત્રિકાનું વર્ષ ફાગણે પૂરું થાય છે. એ જ.

લે. તમારા
ગિજુભાઈના નમસ્કાર.

નિશાળ ગમતી નહોતી.

હું બાળવર્ગમાં હતી ત્યારે માસ્તરે મને એકથી દસ સુધી અવળા આંક બોલવાને ઊભી થવા કહ્યું. હું ઊભી થઈ પણ બોર્ડમાં લખેલા આંકના ગડિયા સામે જ તાકી રહી. મને આવડે ત્યારે બોલું ને? માસ્તરે મને પહેલે દિવસે ખાલી અંગૂઠા પકડવાની જ શિક્ષા કરી, અને બીજે દિવસે આંક પાકા કરી લાવવાનો હુકમ કર્યો.

હું તો ઘેર ગઈ પણ મને કંઈ જ સૂઝ પડી નહિ. એકથી દસ સુધી લખતાં આવડે, બોલતાં આવડે, પણ અવળા આંક બોલતાં ના આવડ્યા.

બીજે દિવસે હું નિશાળમાં ગઈ. પ્રાર્થના, હાજરી, શબ્દ, બધું જ થઈ ગયું અને આંકનો વારો આવ્યો. આંકને માટે હું નિશાળે પણ મોડી ગઈ હતી. વહેલી જઉં તો પહેલો નંબર આવે; પહેલો નંબર આવે તો આંક બોલવાનો વખત પણ પહેલો આવે! તોપણ શબ્દોમાં મારો પહેલો નંબર આવ્યો અને આંક બોલવાનો વખત પણ પહેલો આવ્યો. મને માસ્તરે ઊભી કરી અને આંક બોલવા કહ્યું. હું દસથી સાત સુધી બોલી અને આગળ ભૂલી ગઈ. માસ્તર હાથમાં આંકણી લઈને મારી પાસે આવ્યા અને હું તો રડી પડી; પણ માસ્તરને કંઈ થોડી જ દયા આવે? માસ્તરે તો સણસણ એમ પાંચ છ આંકણી હાથમાં અને વાંસામાં ચોડી દીધી; પછી અંગૂઠા પકડાવ્યા. હું એટલી થાકી ગઈ કે હમણાં જ જાણે પડી જઈશ! થાકથી હું તો ઘંટ વાગવાની રાહ જોવા લાગી. વર્ગમાં કયો વિષય ચાલે છે તે તો સાવ ભૂલી જ ગઈ. ઘંટ વાગ્યો અને મને હાશ થયું. જતાં

જતાં માસ્તર બોલ્યાઃ "જો બે વાગ્યાની રજા અત્યારે પડી હોત, તો તને સાંજ સુધી આમ ને આમ જ અંગૂઠા પકડાવી રાખત!" આમ કહીને મને ઘેર જવાની રજા આપી.

બીજે દિવસે મેં બાને કહ્યુંઃ "મારે નિશાળમાં નથી જવું. હું તો મામાને ત્યાં જઈશ." બા કહેઃ "તું મામાને ત્યાં જઈશ તોપણ નિશાળે તો જવું પડશે ને?" મેં વિચાર કર્યોઃ "હવે શું કરવું? કંઈ નહિ, બસ ભણવું જ નથી!" હું રડવા બેઠી. થોડી વારે કાકા આવ્યા અને બોલ્યાઃ "નિશાળે જા, નહિ તો ઊંચકીને મૂકવા આવીશ." મને કોઈ ઊંચકીને મૂકવા આવે તેની શરમ થતી હતી, એટલે મેં કાકાને કહ્યુંઃ "ના, હું જાતે જઈશ."

મારી પાસે આખી સ્લેટ હતી તેને બદલે મેં ભાંગેલી સ્લેટનો કટકો લીધો અને બાળપોથી લીધી જ નહિ. સ્લેટનો નાનો કટકો લેવાનું કારણ એ કે સંતાડવાની સગવડ રહે; મોટી સ્લેટ કંઈ થોડી જ સંતાડી શકાય?

હું નિશાળે જવા નીકળી. બા જાણે હું નિશાળે જઉં છું, પણ હું તો એક ભાંગેલા મકાનમાં જઈને સંતાઈ ગઈ!

નિશાળમાંથી તેડાગરબાઈ મને બોલાવવા માટે મારે ઘેર આવી. બાએ કહ્યુંઃ "એ તો કયારની ગઈ છે." બાઈ કહેઃ "બેન નિશાળમાં તો નથી!" આમ કહીને એ પાછી ગઈ.

હું નિશાળના રસ્તે જ ઊભી અને છોકરીઓને છૂટવાની રાહ જોવા લાગી. પાંચ થયા એટલે નિશાળ છૂટી અને હું પણ સ્લેટનો ટુકડો લઈને ઘેર આવી. બા કહેઃ "બેન! તું નિશાળે નહોતી ગઈ?" મેં કહ્યુંઃ "ગઈ હતી." બા કહેઃ "બાઈ તને બોલાવવા ઘેર આવી હતીને?" મેં કહ્યુંઃ "હું મારી બેનપણીને બોલાવવાને ગઈ હતી એટલે મને નિશાળમાં જતાં થોડી વાર થઈ હતી."

આમ ને આમ ઘણા દિવસ સુધી હું તો સંતાતી ફરી. એક દિવસ મારા કાકા મને સંતાયેલી જોઈ ગયા. મને તો થોડોએક માર ચખાડ્યો અને ઊંચકીને નિશાળે મૂકી ગયા. નિશાળમાં માસ્તરનો પણ માર ખાધો.

મને મનમાં થયુંઃ "બળ્યું આ ભણવું! હું કયારે મોટી થઈશ કે આ નિશાળમાં જવાનું ના થાય?"

એક દિવસ મારાં બા કારેલાંનું શાક સુધારીને તેમાંથી કડવું પાણી નીચોવવા બેઠાં. હું બાની પાસે નિશાળે નહિ જવાની ફરિયાદ લઈને ગઈ. બાએ મને કહ્યુંઃ "જો આ બધું જ કારેલાંનું પાણી તું પી જાય, તો નિશાળે ના જવું પડે." આ સાંભળતાં જ હું તો દોડીને અભરાઈ ઉપરથી પ્યાલો લઈ આવી ને બાને આપ્યો. બાએ મને પ્યાલામાં કારેલાંનું પાણી ભરી આપ્યું. મેં જેવો પ્યાલો મોંએ અડાડ્યો તેવો જ બાએ પકડી લીધો ને બોલ્યાંઃ "તું ગાંડી છે કે શું? કારેલાંનું પાણી પીવાથી નિશાળે નહિ જવું એમ કાંઈ બનતું હશે?" મેં કહ્યુંઃ "બા, તું મને કયારની છેતરે છે. લે તારું પાણી!" એમ કરી મેં તો પાણી બા ઉપર નાખ્યું અને બોલીઃ "જા, હું તો નિશાળે નથી જવાની." બા કહેઃ "નહિ જઉં તો જોયા છેને તારા કાકા? ઊંચકીને મૂકી આવશે."

લગભગ એક માસ સુધી નિશાળે નહિ જવાની આડાઈ કરી. દરરોજ કાકાનો માર

ખાઉં, અને પછી ઊંચકીને મને એ નિશાળમાં મૂકી જાય. એક દિવસ દાદીમાને વિચાર થયોઃ "આ છોકરી દરરોજ શા માટે નિશાળે નહિ જવાની આડાઈ કરતી હશે? માસ્તરને પૂછી આવવું જોઈએ."

બીજે દિવસે દાદીમા બે વાગ્યાની રજા પછી નિશાળમાં આવ્યાં અને માસ્તર સાથે વાતચીત કરી. વાતમાં બબ્બર પડી કે તેને આંક નથી આવડતા તેથી જ તેને માર બાવો પડે છે. માર બાવો પડે છે અને ઘરે કહેતાં શરમ આવે છે, તેથી જ નિશાળે નહિ આવવાની આડાઈ કરે છે. માએ માસ્તરને ધીમેથી મને શીખવાડવાની ભલામણ કરી ને ઘેર ગયાં.

તેને બીજે દિવસે હું નિશાળમાં ગઈ. મને માસ્તરે ધીમેથી બોલાવી અને આંક શીખવાડવા લાગ્યા. આજે પણ મને આંક આવડ્યા નહિ, પણ આજે નહિ માસ્તરે મારી, નહિ મારા ઉપર ચિડાયા કે નહિ આંકણીનો માર ચખાડ્યો. મને ધીમેથી કહ્યું: "આવતી કાલે આંક પાકા કરી લાવજે."

હું મારે નંબરે બેસીને વિચાર કરવા લાગી: "ઠીક થયું, દાદીમા અહીં આવી ગયાં. આંક તો આવડવાના હશે ત્યારે આવડશે, પણ આંકણીના મારમાંથી અને અંગૂઠા પકડવાની શિક્ષામાંથી તો બચી!"

મેં સાર પછી કોઈ વખત માસ્તરનો માર બાધો નથી. અને ગણિત? ગણિત તો હજુ અત્યારે પણ નથી આવડતું. ગણિતનું નામ અત્યારે સાંભળું છું તો પણ મારું માથું દુખવા આવે છે! ડા.

તમારો અનુભવ લખશો?

અમારા પર કેટલાંક બાબાપેા પત્રો લખી પુછાવે છેઃ "નાનાં બાળકો માટી બાય છે તો શો ઉપાય કરવો?"

આ જ પ્રશ્ન 'શિક્ષણ પત્રિકા' વાંચનારાઓમાંનાં ઘણાંઓને આવતો હશે. તમારામાંનાં ઘણાંઓએ તેના ઉપાયો કર્યા હશે, અને તે બાબતનો નક્કર અનુભવ પણ તમારી પાસે હશે.

જે જે ભાઈ બેનોએ આ બાબતમાં પ્રયોગપૂર્વક કૃતેહ મેળવી હોય તેઓ પોતાના અનુભવો લખી મોકલશે તો તે બીજાં બાબાપોને ઉપયોગી ગણી અમે પ્રગટ કરીશું.

અમે આ બાબતમાં દાકતરોને પણ પોતાના વિચારો નહિ પણ અનુભવો જણાવવા વિનતિ કરીએ છીએ.

તંત્રીઓ.

અરધી કિંમતે

શિક્ષણ પત્રિકાના નીચે મુજબના આગલા વર્ષના પૂરા બાર અંકો અરધી કિંમતે (આઠઆના) મળશે.

વર્ષ ૨, વર્ષ ૬, વર્ષ ૭, વર્ષ ૮, વર્ષ ૯ વર્ષ ૧૦.

વર્ષ ૧ લાના અંકો બિલકુલ નથી.

વર્ષ ૩, ૪, ૫ના છૂટક અંકો મળશે.

દરેક અંકની કિંમત પોણો આનો.

વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

બાલવાર્તાઓ ભાગ ૧ થી ૫
રૂા. ૧–૧૦–૦ : ગિજુભાઈ

બાળોપયોગી રમતગમતનાં સાધનો

ઘણા શિક્ષકો અને માબાપો અમારી પાસેથી ઘરમાં તેમ જ શાળામાં ઉપયોગી થાય એવી રમતોની યાદી માગે છે. તેવી એક યાદી આ છે.

–તંત્રી.

મોબેક્કો નં. ૦૮૦	૨–૮–૦	
મોબેક્કો નં. ૯૦	૩–૦–૦	
મોબેક્કો નં. ૦	૬–૦–૦	
મેકૅનો નં. ૦	૬–૦–૦	
મેકૅનો નં. ૧	૧૦–૦–૦	
ઇંડિયન પઝલ બૉક્સીઝ	૦-૧૨-૦	દરેકના
મેકૅનો ડિંકી	૮–૦–૦	
પ્લેસિઑન	૦–૮–૦	
ગ્રાફોસ્કોપ	૬–૦–૦	
સ્નેક્સ અને લેડર્સ	૧–૮–૦	
રેસ ગેમ	૧–૮–૦	
ડ્રાફ્ટસ	૧–૮–૦	
લ્યૂડો	૧–૮–૦	
ગો બૅંગ	૧–૮–૦	
પેગેટી	૬–૮–૦	
ડૉમીનોઝ	૨–૦–૦	
પૉપ ઈન ટૉ	૨–૪–૦	

મંગાવી આપનાર સ્થળો:—

૧. પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ૦ રાવપુરા—વડોદરા.

૨. દામલે બ્રધર્સ, ન્યૂ કોઠી રોડ, વડોદરા.

સૌથી વધારે નજીક કોણ છે?

નાનાં બાળકોની સૌથી વધુ નજીક કોઈ હોય તો તેમની માતાઓ છે. માતાઓનાં શરીરો વડે તો બાળકો પોષાયાં છે. જન્મ પછી બાળકો અને માતાઓના માનસનો સંબંધ બહુ નિકટપણે રહે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ લગભગ અઢી ત્રણ વર્ષ સુધી માતાના મનના અને મગજના પડઘા બાળકના મન અને મગજ ઉપર પડે છે. માતાનાં હર્ષશોક બાળક ઉપર ખૂબ અસર કરે છે. દેખીતી રીતે બાળક માતાથી અલગ છે છતાં માનસની દૃષ્ટિએ તે હજી છૂટું પડયું હોતું નથી. આ સ્થિતિ કાયમની નથી અને ન હોવી જોઈએ. બાળક માતાથી છૂટું પડે એટલે તો બાળકને માટે બાલમંદિરની યોજના ઉત્પન્ન થઈ છે. પરંતુ જે નાની ઉંમરમાં બાળક માતાથી જોડાયેલું છે તેની સંભાળ એ દૃષ્ટિએ રાખવાની જરૂર છે. એટલા માટે માતાએ સમજવાની જરૂર છે કે બાળક બે વર્ષનું થાય ત્યાં સુધી તેણે પોતાના માનસની સીધેસીધી ખરાબ અસર પોતાના બાળક પર ન પડે તેની ખૂબ કાળજી લેવી. માતાઓ બાળકોના ગુસ્સાનું, અવ્યવસ્થાનું, બેચેનીનું કારણ ઘણી વાર જાણતી નથી અને મૂંઝાય છે. પણ આવે વખતે માતાના માનસની સ્થિતિ ખરાબ હોઈ તેનું પ્રતિબિંબ ખરાબ પડે છે. માતાઓ પોતે જ આ વસ્તુ તરફ પોતાનું ધ્યાન ખેંચી પોતાના સ્વભાવ અને લાગણીઓને કાબૂમાં રાખે નહિ તો બાળકોને નુકસાન થવાનું છે. ગિ.

રખડુ ટોળી ખંડ ૧–૨	ગિજુભાઈ	સાહસવાર્તા	૧–૦–૦	પોસ્ટેજ	૦–૩–૩
ખજાનાની શોધમાં	મૂળશંકર મો. ભટ્ટ	,,	૦-૧૨-૦	,,	૦–૨–૩
સાહસિકોની સૃષ્ટિ	,,	,,	૧–૪–૦	,,	૦–૪–૩

શિક્ષણ સમાચાર

—ભાવનગર શ્રી. ગિજુભાઈ પોતાનાં આજીવનસભ્ય તરીકેનાં વીશ વર્ષ પૂરાં થતાં શ્રીદક્ષિણામૂર્તિ ભવનમાંથી મોડામાં મોડાં જૂન ૧૯૩૭ની આખરે નિવૃત્ત થશે.

—શ્રી. ગિજુભાઈ લગભગ ૧૫ એપ્રિલે કચ્છભૂજની સાર્વજનિક કન્યાશાળાની નિરીક્ષા કરવા જશે. તે વખતે તેઓ સરસ્વતી સદનમાં એકાદ દિવસ ગાળશે.

શ્રી. હરભાઈ ત્રિવેદી જાપાનમાં ભરાતી સાતમી આંતર રાષ્ટ્રીય કેળવણી પરિષદમાં ઑલ ઇંડિયા એડયુકેશનલ એસોસીએશન તરફથી ડેલીગેટ તરીકે જૂન માસની આખરમાં અહીંથી ઊપડી જશે.

દુખદ નોંધ (૧) ચંપાબેન દુર્લભરામ ત્રિવેદી, પાવી, અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થિની દાઝી જવાથી મૃત્યુ પામ્યાં. (૨) ભાઈ ધૂળાભાઈ મિસ્ત્રી, અધ્યાપનમંદિરના એક વિદ્યાર્થીભાઈ હૃદય બંધ પડવાથી ગુજરી ગયા. પ્રભુ બંનેના આત્માને શાંતિ આપો!

ઉનાળાની રજામાં
ચોરવાડમાં વ્યાયામવર્ગ

ગયા વર્ષની માફક આ વર્ષે પણ ચોરવાડમાં તા. ૧–૫–૩૭ થી ૩૧–૫–૩૭ સુધી શ્રી કાઠિયાવાડ વ્યાયામપ્રચારકમંડળ તરફથી વ્યાયામવર્ગ ખોલાવાનો છે. છેલ્લાં સાત વર્ષથી આ વર્ગનો અનેક વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ, વેપારીઓ તથા નોકરી કરનારાઓએ, યુવાનોએ તથા ઈતર વ્યાયામપ્રેમીઓએ લાભ લીધો છે.

—વસો ગઈ વસંતપંચમીને દિને વસોમાં શ્રી. મોતીભાઈ અમીનની પ્રેરણા અને આગેવાની નીચે વસોનાં બાળકોએ બાળદિન ઊજવ્યો. ઊજવણું સુંદર થયું.

ઉનાળાની ગરમીના દિવસોમાં ઠંડક અનુભવવા, ઠંડક સાથે શરીરને વિકસાવવા, શરીરવિકાસ સાથે શરીરશાસ્ત્રની તથા અકસ્માત સમયે પ્રાથમિક મદદની તથા વ્યાયામની માહિતી મેળવવા તથા તાલીમ લેવા, તાલીમ સાથે 'કેમ્પ લાઈફ' અનુભવવા, અને સાધારણ રીતે વેડફાઈ જતી ઉનાળાની લાંબી રજાઓનો સદુપયોગ કરવા વ્યાયામપ્રેમીઓને અમારું આગ્રહભર્યું આમંત્રણ છે.

આવનાર પાસેથી વ્યવસ્થા તથા ભોજનખર્ચના રૂપિયા પંદર લેવામાં આવશે. ત્રણ રૂપિયા ડિપોઝીટ સાથે નીચેને સરનામે અરજી કરો.

ઉપરાંત વર્ગના સઘળા ફરજિયાત કાર્યક્રમનો લાભ જેઓ લઈ શકે તેમ ન હોય, પણ માત્ર તંદુરસ્તી ખાતર જ આવવાની જેમને ઇચ્છા હોય, તેવા ભાઈઓ માટે પણ ગોઠવણ કરવામાં આવશે. તેઓ પાસેથી વ્યવસ્થા તથા ભોજનખર્ચના રૂપિયા વીશ લેવામાં આવશે. ડિપોઝીટના રૂપિયા પાંચ સાથે નીચેના સરનામે અરજી કરવી.

નિયમો માટે બધાએ એક આનાની ટિકિટ બીડવી.

ભાવનગર
તા. ૧૦-૩-૩૭

જાદવજી કે. મોદી B.A.LL.B.
મંત્રી, શ્રી કા. વ્યા. પ્ર. મંડળ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૩ જો
વૈશાખ

: તંત્રીઓ :

ભિખુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

આપણા દેશની બેનો આજે આગળ વધે છે કે પાછળ હઠે છે તે મારાથી તો સમજાતું નથી. તેઓને પુસ્તકો વાંચતી, પોતાનું કામ કંઈક અંશે જાતે કરી લેતી, રાષ્ટ્રની લડતોમાં આગળ આવતી જોઉં છું ત્યારે મને સારું લાગે છે. બેનો આજકાલ ઊંચી કેળવણી લઈ રહી છે તે મને આનંદ આપે છે. તેઓ પોતાની હિલચાલ ચલાવે છે એ તેમને શોભા આપે તેવું છે. બેનો આમ આગળ વધતી દેખાય છે. પણ જ્યારે હું તેમને તેમનાં જ વહાલાં બાળકો વિષે કેવળ બેદરકાર જોઉં છું ત્યારે મને પારાવાર દુઃખ થાય છે. ભણેલીગણેલી બેનો પણ બાળ-ઉછેર અને બાલમાનસમાં કેવળ અજ્ઞાન છે એટલું જ નહિ પણ પોતાના અજ્ઞાનનો બચાવ કરે છે, ત્યારે મારી છાતી બેસી જાય છે અને થાય છે કે બેનો પોતાનાં જ બાળકો વિષે બેદરકાર રહેશે તો પછી તેમનો ઉદ્ધાર કોણ કરશે ? દુનિયાની માતાઓ જ્યારે બાળઉછેરની કળા શીખે છે અને બાળકોને સુખ, શાંતિ, તાજગી અને સૌંદર્ય આપવા જાતને ખરચી નાખે છે, ત્યારે આ દેશની ગરીબ માતાઓ અજ્ઞાનને લીધે નાનાં બાળકોને મારવામાં ને રડાવવામાં અને પૈસાદાર માતાઓ તેમને બોટાં લાડ લડાવ-વામાં અને પૈસાના બળે તેમને નુકસાન કરવામાં પડેલ છે. આ આપણી દુર્દશા છે !

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] વૈશાખ ૧૯૯૩ [અંક ૩

મનન

બાલમંદિરમાં કામ ચાલે છે એનો અર્થ ચાર દીવાલોના મકાનમાં કામ ચાલે છે એમ નથી. બાલમંદિરનું કામ સમગ્ર બાળકો વચ્ચે અને આખી દુનિયામાં ચાલે છે. નાનું એવું બાલમંદિર પણ પોતાનું કામ દુનિયાનાં બધાં બાળકો અને સમગ્ર જનતા માટે કરે છે. આ ભાવના બાલમંદિરના શિક્ષકો સમક્ષ રહેવી જોઈએ. બાલમંદિર દફ્તા કે વજનનો કાંટો કે રસોડું કે રમતમાં સમાતું નથી. બાલમંદિરનું કાર્ય અમર્યાદિત છે. અમર્યાદિત અફાટ જનતાના એક ભાગને સ્પર્શીને આપણે વિરાટને સ્પર્શીએ છીએ એ ખ્યાલ વિના બાલમંદિરનું અવતારકૃત્ય અફળ જવાનું છે.

* * *

તમારી અહંતામાં એમ ન કહો કે બાળકોએ હું કહું તેમ કરવું જોઈએ. તમારી સત્તા પ્રમાણે એને ચલાવનાર તમે વળી કોણ? અને બાળક ઉપર તમારી સત્તા શાની?

જેમ રાજા માને કે મારી હદમાં જન્મ્યો અને રહ્યો તે મારો ગુલામ, એમ શું માબાપો માને છે કે બાળક મારે ત્યાં જન્મ્યું અને રહ્યું એટલે મારું ગુલામ છે?

* * *

તમે નીકળો અને તમારી સામે જોઈને બાળકો હસે તો સમજજો કે તમે સારા શિક્ષક છો; પણ જો તમને જોઈને બાળક નાસી જાય તો સમજજો કે તમે સારા શિક્ષક નથી.

પ્રથમ વિશ્વાસ મેળવો. એની પાછળ બધું ભણતર અને ગણતર ચાલ્યું આવશે.

* * *

અધ્યાપનમંદિરમાંથી નીકળ્યા પછી શિક્ષકે જાતે જ તપાસી જોવું કે પોતે શિક્ષક છે કે નહિ. તેની તપાસભૂમિ શાળા છે, અને તેના પરીક્ષકો વિદ્યાર્થીઓ છે. જો તેને ખાતરી થાય કે શિક્ષક તરીકે પોતે યોગ્ય નથી તો તેણે પોતાનું પ્રમાણપત્ર નાખી દઈ બીજા ધંધામાં ચાલ્યા જવું. જે ધંધામાં આપણે નાલાયક હોઈએ તેમાં આપણે સૌનું બગાડીએ છીએ.

* * *

બાળકો જ્યારે આપણા ચાળા પાડે ત્યારે આપણે રાજી થવું, કેમકે ચાળા પાડીને બાળકો આપણા તરફનો કંટાળો ઓછો કરે છે. ગિ.

અ • નુ • ક્ર • મ

૩૪ મનન . . . . . ગિ.
૩૫ વેકેશનો . . . . . ગિ.
૩૬ બાબાલોક કો લે જાવ . . તા.
૩૭ વિશાળ શિક્ષક. . . . ગિ.
૩૮ વાંકા બેઠાં છે . . . . ગિ.
૩૯ કલ્પનાની દૃષ્ટિ . . . ગિ.
૪૩ ચબરાક બાળક. . . . ક્ર.
૪૪ આપણાં બાલમંદિરની જરૂરિયાતો . . . . વિ.
૪૫ સંભાળ રાખો . . . . તં.
૪૫ જતી ટપાલ . . . . ગિ.
૪૬ બાળકોની હઠ . . . . તા.
૪૬ બાલઅધ્યાપવિદ્યાર્થીઓને . મોં.
૫૧ સમાચાર . . . . . તં.

વેકેશનો

કૉલેજો તથા હાઇસ્કૂલોમાં વેકેશનો–લાંબી રજાઓ પડે છે. આ રસમનો ત્યાં સ્વીકાર થઈ ચૂકયો છે, અને એ બરાબર પણ છે.

પ્રાથમિક શાળાઓ અને બાલમંદિરોમાં લાંબી રજાઓ પાડવાની પદ્ધતિ કોઈ કોઈ સ્થળે છે અને કોઈ કોઈ સ્થળે નથી. જૂના વખતથી પ્રાથમિક શાળાના નિયમો જે છે તે હજી ચાલુ છે. તેમાં લાંબી રજાઓનો પ્રબંધ નથી. પણ હવે એ સ્થિતિ બદલાવી ઘટે છે.

શિક્ષક માત્રને શીખવવામાં મહેનત તો પડે જ છે અને એ મહેનત શારીરિક કરતાં બૌદ્ધિક જ વધારે છે. હરેક શિક્ષકને મગજના આરામની અને તાજગીની જરૂર છે જ.

પણ શિક્ષકોમાંયે બાલમંદિર અને પ્રાથમિક શાળાના શિક્ષકોને વધારે આરામની જરૂર છે. આ શિક્ષકોને નાનાં બાળકો સાથે કામ પાડવાનું છે. સામાજિક જીવનની જેમને ટેવો નથી પડી તેવાં અવ્યવસ્થિત બાળકોને રસ્તા પર લાવી તેમનામાં શિક્ષણ અને જીવન રેડવું એ બહુ આકરું કામ છે. એ કામમાં શિક્ષકે માનસિક શક્તિઓનો પૂરેપૂરો વ્યય કરવો પડે છે, અને તેને લીધે તેને સારો એવો ઘસારો ખમવો પડે છે. આ ઘસારો વધતો ને વધતો જાય છે, ત્યાં શિક્ષકો ક્ષયના અને બીજા રોગોનો ભોગ થઈ પડે છે; અને નહિ તો શરીરે નિસ્તેજ અને બિનતાકાતવાળા રહે છે. એક તરફ તેમને જોઈતી વિશ્રાંતિ તેમને મળતી નથી, અને બીજી તરફ તેમના ટૂંકા પગારમાંથી તેઓ પોતાના શરીરને કાળજીથી સાચવે તેવી સામગ્રી રાખી શકતા નથી. પરિણામે શિક્ષકોરૂપી ધન સંબંધે એકંદરે આપણને નુકસાન પહોંચે છે.

શ્રમ પછીના આરામની જેમ ઉચ્ચ કેળવણી આપનારા વિદ્વાનોને જરૂર છે તેમ તેથી વધારે નહિ તો તેટલી જ જરૂર આ નાનાં છોકરાંના શિક્ષકોને છે. અને તેથી તેમને દર વર્ષ દરમિયાન ઓછાંમાં ઓછાં બે વેકેશનો મળવાં જોઈએ.

એંજિનનાં બૉઈલરો, મોટરો, ઘોડાગાડીઓ, ઘોડાઓ, વગેરેને વારાફરતી આરામ મળે છે. ખૂબ કામ કર્યા પછી રેલ્વેના ડબ્બાને પણ આરામમાં નાખવામાં આવે છે. એ જ વિજ્ઞાન જીવંત શિક્ષકોને માટે પણ લાગુ પડે છે, અને એ જ વિજ્ઞાન શિક્ષકો માટે આરામ માગે છે.

લાંબી રજાઓ સંસ્થાના સંચાલકોને મૂંઝવી શકે. તેઓ વિચાર કરે કે લાંબી રજાઓમાં છોકરાંઓ શું કરશે? તેઓ રખડશે તેનું શું? તેઓનો અભ્યાસક્રમ કેવી રીતે પૂરો થશે? તેઓ માબાપને તેમને ઘેર તકલીફ આપશે, ને ગામમાં નકામાં ફરતાં દેખાશે તો?

અભ્યાસક્રમ માટે બાળકો છે કે બાળકો માટે અભ્યાસક્રમ છે એ વિચાર ધ્યાન સામે રાખવા જેવો છે. બારે માસ બાળકોએ ભણવું જ જોઈએ એ વિચાર બરાબર નથી. બાધા પછી પચાવવાની જરૂર છે; તે માટે વિશ્રાંતિની જરૂર છે. તેમ જ જ્ઞાન લીધા પછી તેને પચાવવાની જરૂર છે. રજાઓ પચાવવાનું કામ કરવા માટે શિક્ષકોની નહિ તો બાળકોની દૃષ્ટિએ

અતિ આવશ્યક છે. નાનાં બાળકો ઘણી વાર પોતાની ઇચ્છાથી ભણવા જવાની ના પાડે છે; માબાપો તેમને પરાણે ધકેલે છે. પણ એ ના ન ભણવા માટે નથી હોતી પણ પચાવવાના આરામ માટે હોય છે. એટલે જ બાલમંદિરનો એક એવો નિયમ છે કે જ્યારે બાળકને બાલમંદિરમાં ન આવવું હોય ત્યારે તેને પરાણે ન મોકલવું. ઝાડ ઉપર પાણી રેડ્યા જ કરીએ તો તે વિકસવાને બદલે સડે. બાળકને બારે માસ ભણાવવાની જરૂર નથી.

બાલમંદિરના વેકેશન પછી અમને માલૂમ પડ્યું છે કે બાળકો અગાઉ શીખેલું ભૂલ્યાં નથી; બલકે જે શીખ્યાં હતાં તે પકવીને પચાવીને આવેલાં છે. આના પ્રયોગો વારંવાર બાલમંદિરમાં કરી જોવામાં આવેલા છે. એટલે તો બાલમંદિરોમાં રજા પાડવામાં આવે છે તેની પાછળ પ્રથમ દૃષ્ટિ બાળકોના આરામની છે. અને સાથે જ બીજી દૃષ્ટિ શિક્ષકોને વિશ્રાંતિ આપવાની છે.

પ્રાથમિક શાળા કે બાલમંદિરનાં બાળકોને ખાતર લાંબી રજાઓ એ પ્રથમ વસ્તુ સમજીને તેનો અવાંતર લાભ શિક્ષકોને મળવો જોઈએ; અને તે લાભ શિક્ષક માટે જરૂરનો તો છે જ અને હોવો જોઈએ.

વળી જે શિક્ષકો બાળકોના શિક્ષણને કાળજીથી અને જાત ખરચીને ચલવે છે તેઓ રજાઓમાં ઊંઘી રહેવાના નથી. તેઓ રજાઓમાં આરામ લેશે એનો અર્થ એ છે કે તેઓ નવું જ્ઞાન મેળવવા વાંચશે, વિચારશે, પ્રવાસો કરશે; નવી પરિસ્થિતિ, શિક્ષણસંસ્થાઓ અને વ્યક્તિઓનો પરિચય સાધશે; અને એ રીતે તેઓ નવા અને તાજા થશે અને એનો બધો લાભ શાળાનાં બાળકોને જશે.

"શિક્ષકોના પગારો તો ચડતા રહે અને તેઓ તેમને ઘેર આરામ અને મજા કરે એ તો ખોટું!" એ વિચાર બાળકો, શિક્ષકો તથા પ્રજા આખીને ભારે વિઘાતક છે.

ગિ.

બાબાલોક કો લે જાવ!

"આયા! બાબાલોક કો લે જાવ."

"જી, સાહેબ!"

"આયા! બાબાલોક ગોલ કમરેમે આકે સબ બિગાડ દેતે હૈ. તુમ ખ્યાલ કયોં નહિ રખતે હૈ? બાબાલોક કો ઉદર રખના. જાવ, કપડાં પહેનાકે સરકારી બગીચામાં લે જાવ."

"જી, સાહેબ!"

"બા, આજ હું તારી સાથે આવીશ."

"મારી સાથે?" બાએ ડોળા કાઢી કહ્યું. "મૂરખ! જાનેં આયા કે સાથ. હઠ કરી છે તો માર પડશે. ચાલ ઉઠાવ, આયા!"

બગીચામાં જુદા જુદા બંગલાનાં બાળકો એકઠાં મળ્યાં હતાં. જુદી જુદી આયાઓ અને નોકરો પણ પોતપોતાનું મંડળ જમાવી બેઠાં હતાં. બાળકો દોડવા ને રમવા લાગ્યાં.

ત્યાં તો આયાનો હુકમ છૂટ્યો: "બગીચે મેં દોડનેકા નહિ. અચ્છા બેલો."

બાળક બેઠું બેઠું માટીથી રમવા માંડ્યું.

વળી પાછો આયાનો હુકમ છૂટ્યો: "મટ્ટી મેં બેલના નહિ. કપડાં મેલાં કરના નહિ. ઘર

બાંક પર બેઠો. ”

બાળક બાંક ઉપર બેઠું. એને આયા ને નોકરોની વાતો સાંભળવા સિવાય કાંઈ કામ રહ્યું નહિ. નોકરો એટલે ઘરની પાછલી બાજુ, અસ્વચ્છ બાજુ. બાળકના કાન ઉપર ઘણી એવી જ વાતો આવતી હતી.

બાળક ઘેર જવા ઉતાવળું થયું પણ આયા વાતોના રસમાં ડૂબી ગઈ હતી. અને હજી ઘરે જવાનો વખત પણ થયો ન હતો. આયાએ બાળકના ગાલ ઉપર એક તમાચો ખેંચી કાઢ્યો. બાળક શાંત થયું.

થોડી વાર પછી એક બીજા બંગલાનો નોકર આવ્યો. આયાએ એને પ્રેમથી પાન બનાવી આપ્યું. બાળકને તેના સામે જોઈને બેસી રહેવાનું હતું. પાન ખાતાં ખાતાં તો તે લોકો મસ્તીએ ચઢ્યાં ને બાળકને વગર પૈસાનું નાટક જોવા મળ્યું. જોતાં જોતાં બાળક ઝોકાં ખાવા લાગ્યું. આયા તે નોકર સાથે આજુ-બાજુ ફરી આવી; એટલામાં તો ઘરે જવાનો વખત પણ થઈ ગયો. બાબાગાડીમાં બેસા-રીને આયા બાળકને ઘરે લાવી.

બા તો ક્લબમાં ગઈ હતી; એને આવવાને હજી એક કલાકની વાર હતી. એટલે બાળ-કને આયાની વાત સાંભળી, તેની પાસેથી દૂધ પી, તેના જ ખોળા ઉપર ઊંઘવા સિવાય બીજો એકેય માર્ગ ન હતો.

બાઈસાહેબ ઘરે આવ્યાં ત્યારે બાળક નાના-કડા પલંગમાં સૂઈ ગયું હતું. તેણે મચ્છરદાની બરાબર નાખી છે કે નહિ તેની તપાસ કરી, દૂધબૂધ બરાબર પાયું છે કે નહિ તે આયાને પૂછી લીધું, અને બધું બરાબર થયું છે એવી ખાતરી થતાં માતાનું કર્તવ્ય પોતે બરાબર કર્યાનો સંતોષ લઈ બહાર ખુરશી ઉપર જઈ બેઠાં.

તે વખતે બાળકને સ્વપ્નું આવતું હતું. આયા મારતી હતી; માતા ડોળા કાઢતી હતી. આ બંનેને છોડીને ક્યાં જવું તે તેને સમજાયું નહિ. બીકમાં ને બીકમાં બાળક બિછાનામાં પેશાબ કરી ગયું, ને જાગી ગયું; પણ બિછાનું બગાડ્યું એટલે માર પડશે એ બીકે એના શરીરમાં ધ્રુજારી આવી અને ચૂં કે ચાં કર્યા વિના બાળક ભીની પથારીમાં પડી રહ્યું.

બાઈસાહેબના ‘ગોલ કમરા’માં ફર્નિચર અને શોભાશણગારની મૂલ્યવાન વસ્તુઓ બહુ જ શોખથી ને હોંશની ગોઠવી હતી. વેનીસ અને પારીસથી આણેલી કેટલીક નાજુક વસ્તુઓ નોકરોને હાથે બરાબર સચવાય નહિ એટલે બાઈસાહેબ પોતે જ એ બધી વસ્તુઓની કાળજી રાખતાં ને પોતે જ સાફસૂફ કરતાં.

બાઈસાહેબ! આપના બાળકરત્ન કરતાં આ બધી વસ્તુઓ ખાસ મૂલ્યવાન નથી એમ આપને નથી લાગતું? તા.

વિશાળ શિક્ષક

જે શિક્ષક માંડમાંડ પાઠ્યપુસ્તકના છેલ્લા પાના સુધીનું જ્ઞાન ધરાવે, જે શિક્ષકને ભૂગોળ શીખવતાં પાઠ્યપુસ્તક વિના ન ચાલે, જે શિક્ષકને વિજ્ઞાનનો, દુનિયાનો, વ્યવહારનો કે એવા વિષયનો પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે તે માથું ખંજવાળે અને કેટલીક વાર તો પૂછ-

નારને પાછો પાડે, તે શિક્ષક ખાબોચિયો શિક્ષક કહી શકીએ. ખાબોચિયું જૂનાપુરાણા થોડા એવા જ્ઞાનથી સડતું હોય; નવા પાણીની આવજાથી ખાબોચિયામાં નવીનતા, શુદ્ધિ અને તાજગી આવતી ન હોય. તે ખાબોચિયામાં જીવડાં અને માછલાં પડે છે અને ત્યાં કાગડા-સમળાં ભેગાં થાય છે; ત્યાં કાંઈ તરસ્યા વટેમાગુઓ આવતા નથી અને અમૃત જેવાં જળ પીને આશીર્વાદ દેતા નથી. શિક્ષક અમૃતનું ઝરણું જોઈએ. તેના જ્ઞાનની વિશાળતા અનંત અને શુદ્ધિ ઉત્તમ જોઈએ. એની જ્ઞાનશક્તિના અખૂટ પ્રવાહને કાંઠે બેસી વિદ્યાર્થીઓ ધરાઈધરાઈ ને તૃપ્ત થાય તો જ શિક્ષકનું નામ સાર્થક છે; શિક્ષકની જ્ઞાનસમૃદ્ધિ સાગરની અગાધ અને અનંત સમૃદ્ધિ જેવી હોય તો કેવું સારું! જેમ જેમ તેનું જ્ઞાન ને દૃષ્ટિ ઊંડાં અને વિશાળ તેમ તેમ તે વધારે ને વધારે યોગ્ય ગુરુપદને પામે છે. આજે આપણે સૌ શિક્ષકભાઈ બહેનો કયાં છીએ?

ગિ.

વાંકાં બેઠાં છે.

સંગીત ચાલતું હતું. બાળકો સંગીતના ઓરડામાં દોરવામાં આવેલા લીંટા પાસે બેઠાં હતાં. એક નાના ત્રણ વર્ષના બાળકે આવીને કહ્યું: "નંદુબેન વાંકાં બેઠાં છે."

પ્રથમ હું ન સમજ્યો. મેં નંદુબેનની સામે જોયું તો સાચે જ નંદુબેન વાંકાં બેઠાં હતાં. લીંટીને ધ્યાનમાં રાખી તેની અંદર બેસવાને બદલે તેઓ લીંટી ઉપર જેવી જરા આગળ આવી ગયાં હતાં. મને પેલા નાના બાળકની વાણી સમજાઈ.

મેં કહ્યું: "એમને સરખાં બેસારો."

તેણે નંદુબેનને સરખાં બેસાર્યાં અને મનનો સંતોષ અને આનંદ અનુભવ્યાં.

મને થયું: "આટલા નાના બાળકની વ્યવસ્થાદૃષ્ટિ તો જુઓ!" હજી આ બાળક દાખલ પણ નથી થયું; તે તેના ભાઈ સાથે પૂંછડિયા બાળક તરીકે આવે છે. વળી મને થયું: "લીંટીઓ દોરીને બેસાડવાની વ્યવસ્થા સાચે જ બરાબર છે."

વ્યવસ્થા માટે બાળકોને બાંકડા ઉપર બેસાડવામાં આવે છે ત્યાં તો બાંકડો પોતે જ સીધો હોવાથી બાળકો હારમાં બેઠેલાં દેખાય છે. કેટલેક સ્થળે લાંબી પાટો હોય છે તો કેટલેક ઠેકાણે કપડાનો લાંબો પટ્ટો બેસવા માટે હોય છે. આવા સ્થૂળ સાધનને લીધે બાળકો સીધાં બેઠેલાં લાગે છે; પણ ખરી રીતે તો સાધનો સીધાં હોય છે ત્યાં સુધી જ તેઓ સીધાં દેખાશે. જો બાંકડા કે પાટલીઓ આડી-તેડી હશે તો બાળકોની હાર પણ વાંકી દેખાશે.

એવાં સ્થૂળ અને બાળકોની ભૂલ ઢાંકનારાં તથા તેમનામાં સીધું બેસવું તેવી છાપ ન પાડનારાં સાધનોને બદલે બાલમંદિરમાં ચોકની અથવા પાકા રંગની લીંટીઓ વપરાય છે. નાની પાતળી લીંટીઓ દીવાલ જેવું, સ્થૂળ લાકડા જેવું, દોરડા જેવું કામ આપે છે અને બાળકોને વ્યવસ્થિત થતાં શીખવે છે.

પેલું નાનું બાળક રોજ ને રોજ બીજાં બાળકો લીંટા પાસે કેવી રીતે બેસે છે તે જોતું

હતું. સીધી લીંટીમાં બેસવાથી વ્યવસ્થા અને સુંદરતા થાય છે તે તેની આંખો ઉપર પડતું હતું. અને તેથી જ્યારે પેલાં નંદુબેન જરાક આગળ બેઠાં ત્યારે તે તેને વાંકાં લાગ્યાં.

નવીન શાળામાં માત્ર પ્રબોધક સાહિત્યો જ સ્વયંશિક્ષણ આપનારાં છે એમ કાંઈ નથી. ખરી રીતે તો શાળાનું આખું વાતાવરણ એવી શુદ્ધ સમજણથી રચાવું જોઈએ કે બાળક જ્યાં જાય ત્યાં વાતાવરણ તેને પ્રબોધક નીવડવું જોઈએ. જે સાધનો બોલે અર્થાત્ બાળકની કસુર તરફ ધ્યાન બેંચે અને કંઈ પણ ઉપદેશ વિના ભૂલ સુધારવા તરફ દોરે, તે જ સાધનો સાચા વિકાસને અનુકૂળ છે.

બોશરીના લીંટા ઉપર બાળકો ચાલીને તેઓ પોતાના શરીરનું સમતોલપણું કેળવે છે: સીધી લીંટી ઉપર જ ચાલ્યા જવું કે દોડી જવું એ તાલીમ માગે છે. આવી તાલીમ આગળ જતાં ધારી દિશામાં પોતાની જાતને, પોતાની સાયકલ, મોટર કે એરોપ્લેનને ચલાવવામાં પ્રથમ પાઠ અને પાયારૂપ નીવડે છે. આવી તાલીમ બાલ્યાવસ્થાથી જ શરૂ થવી જોઈએ અને બાલમંદિરમાં તે થાય છે.

એટલા માટે બાલમંદિરમાં જ્યાં ત્યાં લીંટાઓ નજરે પડશે. સંગીતના બોરડામાં સંગીતમાં પોતાની મેળે વ્યવસ્થિત બેસવા માટે લીંટા છે. બોરડાબોમાંથી બહાર નીકળવા માટે લીંટા છે. વાર્તા સાંભળવાની જગ્યા માટે પણ લીંટા છે.

બાળકોને અહીં બેસો, તહીં બેસો, એમ ટોકવું પડતું નથી. બેક બે વાર લીંટા શા માટે છે તે સમજાવ્યા પછી તેઓ લીંટાનો ઉપયોગ સમજે છે, અને પછી તે પ્રમાણે વર્તે છે. એવી રીતે પેલા નાના બાળકને લીંટાનો ઉપયોગ ધ્યાનમાં આવવાથી તે બીજાં બાળકને વાંકું બેઠેલું જોઈ શકયું.

સંગીતના બોરડામાં રસ્તા રાખવામાં આવ્યા છે. આ રસ્તા લીંટાથી બનાવવામાં આવ્યાં છે. તે લીંટા ઉપર કોઈ ન બેસે તો તેને માત્ર લીંટો જ બતાવવો પડે છે. લીંટા બે ફરતી દીવાલ જેવા છે. લીંટા જ્યાં કાઢીએ ત્યાં બાળક જમવા બેસે; લીંટા કાઢીએ ત્યાં વાર્તા સાંભળવા બેસે. આમાં લીંટાની ખૂબી છે; તેના કરતાં લીંટા વડે વ્યવહાર ચલાવવાની ખૂબી છે. બાળકોના ધ્યાનમાં લીંટાબોનો મહિમા આવ્યા પછી તેઓ લીંટાને અનુસરે છે. બે મહિમાના ખ્યાલને લીધે બાળકને લાગ્યું કે બેક બેન વાંકાં બેઠાં છે.

ગિ.

કલ્પનાની દૃષ્ટિ

: ૨ :

કાઠિયાવાડની ધીમી ગતિથી ચાલતી રેલગાડીમાં હું મુસાફરી કરતો હતો. સખ્ત ગરમીને લીધે બેસવાનું પણ મહામુશ્કેલીથી મળ્યું હતું. ગરમી સખ્ત હતી તેથી બેસી બેસીને સાંજના ચાર વાગે શરીર થાકયું; બંને આંખો ઘેરાઈ. ઘેરાયેલી આંખોના પડદા ઉપર બેક ચિત્ર આલેખાયું. બે ચિત્ર જેવું અને તેવું અહીં ઉતારું છું.

* * *

છોકરાંઓ એક બાગમાં રમતાં હતાં. હું છોકરાંઓને જોવા માટે નહિ પણ પક્ષીઓ જોવા માટે ત્યાં જઈ ચઢ્યો હતો. શિયાળો હોવાથી પંજાબ અને યુરોપમાંથી આવેલાં નવાં પક્ષીઓને હું ઓળખી રહ્યો હતો એટલામાં બાળકોની રમતો એકાએક શાંત પડી, અને કાંઈ ગંભીર બનાવ બન્યો હોય એમ મને લાગ્યું. હું ત્યાં દોડી ગયો. એક છોકરાને બીજા છોકરાથી રમત રમતાં ઈજા થઈ હતી, અને ઈજાને લીધે તે છોકરો દુઃખ પામતો હતો.

હવે શું થાય છે તે જોવા માટે હું ત્યાં ઊભો રહ્યો. છોકરાની ટોળીમાંથી એક જણે સીટી મારી અને તરત જ બે જણ દાક્તરને બોલાવવા ઊપડ્યા; એક જણ છોકરાના માતપિતાને, એક જણ રમતખાતાના વડાને અને એક જણ વિદ્યાગુરુને બોલાવવા નીકળી પડ્યા.

હું છોકરાઓની સ્ફૂર્તિ અને વિચારશક્તિ જોઈને તાજ્જુબ થયો. પેલા ઈજા પામેલ છોકરાની નજીક ગયો ને લાગણીથી મેં તેને પૂછ્યું: "કેમ ભાઈ! તને કોણે માર્યો?"

પેલાએ જવાબ આપ્યોઃ "સાહેબ! મને કોઈએ માર્યો નથી, પણ મને ચંદ્રશંકરના હાથથી લાગી ગયું છે. કદાચ ચંદ્રશંકરને બરાબર રમતાં નહિ આવડતું હોય, અગર રમતના નિયમો ઘડવામાં કાંઈ ભૂલ થઈ હશે, એટલે એમ બન્યું હશે."

હું આશ્ચર્યમૂઢ બની આ છોકરાએ આપેલા જવાબ ઉપર વિચાર કરતો બાઘા જેમ જોઈ રહ્યો. એટલામાં એક બીજા છોકરાએ મને કહ્યું: "સમજી શકાય છે તમે નવી દુનિયાના માણસ નથી. જૂની ચોપડીઓમાંથી મેં વાંચેલું કે આગળના વખતમાં રમતાં રમતાં છોકરાંઓને લાગી જતું ત્યારે છોકરાંઓ એકબીજાનો વાંક કાઢતાં, અંદર અંદર લડી પડતાં, એકબીજા સામે વેર બાંધતાં; વળી તેમાં માબાપો જોડાતાં અને છોકરાંઓનાં ઉપરાણાં લઈ તેઓ પણ લડતાં, અને વેરઝેરને વધારે ને વધારે ઊંડું ઉતારતાં. આ બિના કમનસીબ ઇતિહાસની વાત છે. એ જૂનો જંગલી જમાનો આજે નથી. આજે અહીં તો બધું બદલાઈ ગયેલું છે. તમે એ પુરાણા જમાનાનાં આદમી અહીં કયાંથી?"

હું જવાબ દેવાની તૈયારી કરતો હતો એટલામાં તો દાક્તર, માબાપ, વિદ્યાગુરુ અને રમતનો વડો ત્યાં આવી પહોંચ્યાં.

દાક્તરે ઈજા તપાસી છોકરાને સ્ટ્રેચર પર દવાખાને લઈ જવાની સૂચના આપી. તે કહેતો ગયો કે કંઈ ચિંતા કરવા જેવું નથી; ત્રણ દિવસમાં આરામ થશે. તેણે માર અને ઈજાની સ્થિતિ માત્ર તપાસી હતી; કેમ કરતાં લાગ્યું તે સવાલ તેનો ન હોઈ તેના ઉપર તેણે એક ક્ષણ પણ રોકી નહિ, તેમ માબાપોએ પણ દાક્તર સાથે લાંબીટૂંકી વાત કરી નહિ. તેઓ છોકરા પાસે ગયાં અને માથે હાથ ફેરવી તેમણે તેને હસીને કહ્યું: "કંઈ ફિકર નહિ. એક બે દિવસમાં ઠીક થઈ જશે. રમતખાતાનો વડો રમતના નિયમોમાં સુધારા કરશે એટલે ફરી વાર આવો અકસ્માત નહિ બને. સારું થયું કે વહેલો અકસ્માત બન્યો, અને બીજા છોકરાના અકસ્માત થતા બચ્યા." જે છોકરાના હાથથી લાગી ગયું હતું તેનાં સામે લડવા માટે માબાપ ત્યાં હાજર નહોતાં. તેમ જ માબાપોએ કોઈનો પણ દોષ કાઢ્યા સિવાય છોકરાની સ્ટ્રેચર

સાથે દવાખાના તરફ પોતાની માટરકાર લીધી.

વિદ્યાગુરુ અને રમતના વડા પાછળ રોકાયા. બધા છોકરાઓને એકઠા કરી તેઓએ વિદ્યાર્થિ-સ્વરાજ–વિદ્યાર્થિમંડળ નામની જૂની સંસ્થાની નીતિરીતિ પ્રમાણે આ બાબતમાં વિદ્યાર્થીઓ પાસે ન્યાય કરાવવાનું શરૂ કર્યું નહિ. આમાં કંઈ ગુનો જ નહોતો; અને તેથી કંઈ તજવીજ કરવાનું પણ નહોતું. હું માનતો હતો કે દોષિત છોકરાને ન્યાયની કસોટીએ મૂકવામાં આવશે, અને તેને માટે ઘટતું થશે. પણ અહીં તો તેથી ઊલટું જ બન્યું. બંને આચાર્યોએ સૌને શાંત બેસવા કહ્યું, અને પછી આમ કેમ બન્યું તેની તપાસ કરવા માંડી. જેને હાથે ઈજા થઇ હતી તે વિદ્યાર્થી ગુનેગાર જેવો દેખાતો નહોતો; તેને ખાસ ન્યાયની અદાલતમાં કે તપાસસમિતિ આગળ જવાબ દેવાનો છે, તેવું તેના મનમાં કે મોં ઉપર નહોતું. તે પણ સૌની સાથે તપાસમાં જોડાયો હતો; અને તપાસને ફતેહમંદ કરવા માટે તે એટલો જ કાળજીવાળો અને ઉત્સુક હતો. તપાસ દરમિયાન એક પણ છોકરો એવું ન બોલ્યો કે આણે પેલાને માર્યો. કોઈએ એમ ન કહ્યું કે તે બેદરકાર છે, જંગલી છે, એવો જ છે, અમારે તે નથી જોઈતો. બધાની દૃષ્ટિ જુદી હતી; અને તે શું કરીએ તો આવા અકસ્માત ન બને તેની શોધની હતી.

વિદ્યાગુરુ અને રમતના વડાએ રમતનાં મેદાનો જોયાં, રમતના નિયમો તપાસ્યા; સમય અને સમયની અસરનો ખ્યાલ કીધો; રમવાનાં સાધનો માપીતોળી જોયાં; ને રમનારની તાકાત તથા સ્ફૂર્તિના હિસાબ કાઢ્યા.

ખૂબ તપાસને અંતે તેઓને માલૂમ પડ્યું કે રમતના મેદાનમાં પહોળાઈ કરતાં લંબાઈ વધારવાની જરૂર છે, રમત રમનારાઓની જગ્યાઓ ગોઠવવામાં થોડાએક ફેરફાર આવશ્યક છે, અને રમવાની લાકડીઓ સહેજ લાંબી અને હળવી થવાની જરૂર છે.

હું આ જોઈ જ રહ્યો હતો. નિર્ણય એ આવ્યો કે દસ દિવસમાં બધા સુધારા થઈ જાય ત્યાં સુધી છોકરાઓએ પ્રવાસે જવું. આનંદના પોકારો સાથે કામકાજ પૂરું થયું; અને આનંદની ગર્જનામાં મેં પેલા ઈજા કરનારને પણ સામેલ થતો જોયો. તે એક ભાઈને કહેતો સંભળાયો: "સારું થયું કે મારે હાથે ઈજા થઈ. જો પ્રીતમલાલને હાથે થઈ હોત તો મારા કરતાં તે ઊંચા હોવાથી તેને હાથે વિનાયકને વધુ લાગી જાત."

છોકરાઓમાં પણ આટલી બધી શાસ્ત્રીય દૃષ્ટિ છે એ જોઈ હું અત્યંત વિસ્મય પામ્યો. મને જરા પૂછવાનું મન થયું. વિદ્યાગુરુને અને રમતના વડાને મેં ઇશારતથી ઊભા રાખ્યા અને પૂછ્યું: "પણ ધારો કે રમતના મેદાનમાં કે નિયમોમાં કે સાધનોમાં કે રમનારાઓનાં વજનઊંચાઈમાં અકસ્માતનું કારણ ન મળ્યું હોત તો તમે શું કરત?"

વિદ્યાગુરુએ જવાબ આપ્યો: "એટલા જ માટે મને પણ બોલાવવામાં આવ્યો હતો. કારણ ન જડ્યું હોત તો અમારી તપાસ છોકરાને ઘેર લઈ જાત. માબાપને છોકરાના શરીરની અને મનની સ્થિતિ, ઘરનું વાતાવરણ, માબાપની માનસિક સ્થિતિ વગેરે વિષે પૂછી જોત, અને રમતાં આમ કેમ બન્યું તેનું કારણ શોધી કાઢત. અમે દૃઢ રીતે માનીએ છીએ કે

છોકરાઓ રમવા માટે જ ભેગા થાય છે, લડવા માટે કે કોઈ ને ઈજા કરવા માટે નહિ.”

હું ચકિત થઈ ઊભો રહ્યો એટલામાં તેઓ ચાલતા થઈ ગયા હતા. મને વિચાર થયો કે ચાલ જોઉં તો ખરો કે પેલા ઈજા થયેલને આ નવી દુનિયાના દાવાખાનામાં કેવી રીતે સંભાળવામાં આવે છે? હું દવાખાના તરફ ઊપડ્યો.

નં. ૬૪ ના દરદીના ઓરડામાં પેસતાં જ વિનાયકને ખડખડ હસીને તેના મિત્રને પાસે બેસાડતાં મેં જોયો. દુખતો હાથ સરખો ટેકવી વિનાયક બોલ્યોઃ “ભદ્રમુખ! આજ તો ભારે અકમાસ્ત થઈ ગયો. લાગ્યું ત્યારે મને બહુ દુઃખ થતું હતું; પણ હવે નરમ પડ્યું છે. વિદ્યાગુરુ અને રમતના વડાની તપાસ હવે પૂરી થઈ હશે; અને મને લાગે છે કે તેઓએ અકરમાતનું કારણ શોધી કાઢ્યું હશે.”

હું અજાણ્યો હોવા છતાં અંદર ગયો અને વિનયથી રજા માગી ત્યાં બેઠો. વિનોદકાંતે ભદ્રમુખ પાસે મારું ઓળખાણ કરાવ્યુંઃ “આ ગૃહસ્થ જૂની દુનિયાના આદમી છે. તેઓને અહીં બધું નવું જ લાગતું હશે. કેમ સાહેબ! અહીં ગભરાઈ તો નથી જતાને?”

મેં કહ્યુંઃ “ગામડિયો મોટા શહેરમાં જાય અને તેની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ મારી થઈ રહી છે. મને બધું નવું નવું અને ચમત્કારી લાગે છે. તમે છોકરાઓ આટલા બધા ડાહ્યા કેમ થઈ ગયા તે મને સમજાતું જ નથી. તમારી નિશાળોમાં એવું તે શું શીખવાય છે કે તમે માનસશાસ્ત્ર સુદ્ધાંત જાણે કે જાણતા હો તેમ જણાઓ છો?”

ભદ્રમુખે કહ્યુંઃ “કારણકે અમને ડાહ્યા બનાવવા માટે અહીં કોઈ મૂર્ખાઓ છે નહિ. આગળ જૂના વખતની નિશાળોમાં મૂર્ખાઓ કેમ બનાવવામાં આવતા હતા તેનો ઇતિહાસ મેં વાંચ્યો છે. મૂર્ખાઓ બનાવવાની તે વખતે અદ્‌ભુત રીતિઓ હતી. વળી અહીં તો શાળાઓ જ નથી એટલે શિક્ષક, પદ્ધતિ એવું પણ કયાંય નથી.”

મેં આશ્ચર્યથી કહ્યુંઃ “ત્યારે તમે આ બધું જાણો છો કેવી રીતે?”

વિનાયકે કહ્યુંઃ “એની નવીન જ રીતો છે. તમે બેએક અઠવાડિયાં અહીં રહો તો બધું જાણી શકશો. તમે અમારા મહેમાન થશો?”

મેં ડોકું હલાવી હા પાડી; એટલે વિનાયકે બટન દાબ્યું, અને એક માણસ આવ્યો. વિનાયકે તેને મારા સંબંધી બધી સૂચના આપી. એટલામાં વિનાયકના મિત્રો, છોકરાઓ અને છોકરીઓ ત્યાં આવી પહોંચ્યાં, અને રમતગમત શરૂ થઈ. કોઈને ભાસ નં થાય કે આ દવાખાનાની ઓરડી છે, અને વિનાયક દરદી છે.

ભદ્રમુખે મારી ઇચ્છા જાણી મને આખું દવાખાનું બતાવ્યું. એ દવાખાનું હતું કે દાક્તરો થવાનું હતું તે હું બરાબર કહી શકું તેમ નથી. નાના છોકરા અને છોકરીઓ દરદીઓની સારવારમાં આનંદ અને ગંભીરતાથી રોકાયેલાં હતાં. દવા આપનારા પણ કુશળ અને ચાલાક એવા છોકરા છોકરીઓ જ હતાં. થોડીએક મોટી ઉંમરની બહેનો સંગીત, શણગાર વગેરે ગોઠવવામાં નાની છોકરીઓને મદદ કરતી હતી, ને અનુભવી અને બુઢ્ઢા દાક્તરો દરદી છોકરાઓ સાથે જાતજાતની રમતો રમતા હતા. દવાખાનામાં દવા ગંધાવાને બદલે ખુશબો આવતી

હતી; અને સ્થળે સ્થળે રંગીત માછલીઓ ભરેલાં કાચનાં કૂંડાંઓ, ગ્રામોફોન વગેરે હતાં. એક ઓરડામાં લગભગ સારા થયેલા દરદીઓ માટે સિનેમા ચાલતો હતો; બીજા ઓરડામાં ભવ્ય વાચનાલય હતું; ત્રીજામાં સંગીત અને ચિત્ર કરવાને માટે જાતજાતની સામગ્રી હતી; અને ચોથા ઓરડામાં વિવિધ કુદરતી અને મનુષ્યકૃત પદાર્થોનો મોટો સંગ્રહ હતો.

* * *

હું આ બધું જોઈ રહ્યો હતો, એટલામાં નીંદરભરી આંખે મેં ઝોકું ખાધું અને પાસે બેઠેલા મુસાફરના હુક્કા સાથે મારું માથું અફળાયું! હું જાગી ગયો. કાઠિયાવાડની ધીમી ગાડી, કાઠિયાવાડના દિવાસ્વપ્ન જેવા પ્રદેશમાં ધીમે ધીમે વહી જતી હતી.

ગિ.

ચબરાક બાળકે*

બા: "એ બબુગિરજા! જાવ, પાણી ભરી આવો!"

બબુ: "બા! અમે આટલું ચિત્ર પૂરું કરીને જઈશું."

બા: "ના; ઈ ચિત્ર પછી કાઢજો."

ગિરજા: "પણ હવે જરાક જ છે."

બા: "પણ અહીં મને પૂજા કરવાની વાર થાય છે!"

બબુ: "ભલે થાય; આટલું પૂરું કરીને જ જઈશું."

બા: "ઊઠો છો કે નહિ?"

ગિરજા: "નથી ઊઠતાં."

બાનો પિત્તો હાથથી જાય છે. બા કહે: "તમને ઝાટકાની ઝૂંડું વાગે! ઊઠો મોટી ચિત્ર કાઢનારિયું નહિ ભાળી હોય તો!"

બબુ: (તદ્દન શાંતિથી ચિત્ર કાઢતાં કાઢતાં જ) "બા! ઝાટકાની ઝૂંડું વાગે એટલે શું?"

બા: "એટલે તારું માથું."

બબુ: "પણ મને મારું માથું વાગી જ નથી શકતું. અને માથાની કાંઈ ઝૂડી બને?"

બા: "એ અર્થ પૂછવાવાળી! ઊઠ હમણાં, નકર મારીશ હું!"

ગિરજા: "એલા મારીશનું વ્યાકરણ શું?"

બબુ: "માર ધાતુ, મૂળ ભેદ."

ગિરજા: "ભવિષ્ય કાળ."

બબુ: "કર્તા હું એટલે બા."

ગિરજા: "કર્મ હાથ, અધ્યાહાર..."

બા: "આ છોકરીને ભણાવીને ભૂંડું કર્યું."

બબુ: "ભૂંડું શાનું, બહુ જ સારું. અમને તો બહુ જ સારું લાગે છે. ગમ્મત પડે છે."

એટલામાં ચિત્ર પૂરું થાય છે, અને બબુ-ગિરજા પાણી ભરવા જાય છે.

બા મનમાં હસે છે.

ફ.

---

* ચબરાક બાળકો ઘણી વાર માબાપોને માથાકૂટ કરાવે છે અને તેમનો ક્રોધ પણ વહોરે છે. પણ આવાં બાળકોની બુદ્ધિનું તેજ માબાપે ઓળખવું જોઈએ; તેમને અવગણવાં ન જોઈએ. **તંત્રી.**

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

આપણાં બાલમંદિરોની જરૂરિયાતો

૧ કાતરકામ માટે પૂરતાં સાધનો.
૨ માટીકામ માટે પૂરતાં સાધનો.
૩ પશુપક્ષીઓછેર માટેનાં સાધનો.
૪ બાળકોને પાટિયાં પર લખવા માટે પૂરતાં પાટિયાં તેમ જ રંગીન ચૉકસ્ટીકસ.
૫ બાલમંદિરમાં જમીન પરના ફરવાની કે બેસવાની જગ્યાના લીંટા.
૬ નાના પાયા પરનાં ઘર બાંધી શકે તે માટે બાળકોને માફક આવે તેવી ઈંટો, ગારો કે ચૂનો વગેરે.
૭ શણગાર કરવા માટે ફોટાઓ, દીવીઓ, મૂર્તિઓ, ફૂલદાનીઓ, ધૂપદાનીઓ, આસન, રંગબેરંગી કપડાંનાં કટકા, તેને અવાર-નવાર પૉલીશ કરવાનો સામાન.
૮ નાટક માટે લાકડીઓ (નાની), લાકડાની તલવારો, રંગબેરંગી કપડાંનાં કટકા, લેંઘા, સુરવાલ, ગામઠી સાદાં ઘરેણાં, મેઇકપ માટે માટીરંગો, બેપાંચ નાનાંમોટાં વાસણો, ચશ્માં, ટોપી, પાટીવતરણાં, બેત્રણ ધોકા જેવી ડાંગ, અસરાણી, નાના નાના રંગીન ફેંટા, ડબલાં, લાકડાનાં રમકડાં (રીંગણા), હજામતનો સામાન, કમંડલ (બાવાનું,) કંકુ, ગોપીચંદન, માળાઓ, કફની, તેમ જ લાકડી (માસ્તર રાખે તેવી).
૯ બાગકામ માટે જાતજાતનાં વિલાયતી ફૂલો ઉગાડવા માટે બિયાં, ક્યારા કરવા ઈંટો, માટી, નાના નાના ઝારા, ડોલો, થોડા કોદાળીપાવડા ને ખરપા, બાગમાં બેસવા નાના બાંકડા, મંડપો, વિશાળ વૃક્ષો અને આ બધાં સાધનો રાખવા પેટી.
૧૦ દેશપરદેશના નકશા, રેલ્વે ટાઇમટેબલ, માહિતીપત્રો, પુસ્તકો વગેરેનો એક જુદો જ વિભાગ—બાળકો માટે તેમ જ મોટાંઓ માટે થવાની જરૂર છે.
૧૧ દરેક ઓરડામાં શિક્ષણ ને બાલસાહિત્યને લગતાં પુસ્તકોનો એક નાનો સરખો કબાટ હોવો જ જોઈએ, જેથી શિક્ષક ગમે ત્યારે તેનો ઉપયોગ કરી શકે, ને રેફ-રન્સ મેળવી શકે.
૧૨ એક ખાસ વાચનાલય જ્યાં સારાં સારાં ને ઉપયોગી દૈનિક, માસિક, વાર્ષિક વગેરે પત્રો આવે.
૧૩ બાલમંદિર આખાનું એક માહિતીપત્રક, જ્યાં કોઈ પણ બાબત કે વસ્તુની માહિતી સરળતાપૂર્વક તરત મળી શકે.
૧૪ અજાણ્યા માટે એક બાલમંદિરનો નકશો, તેમાં સ્થળનિર્દેશ હોય ને તેને લગતી ટૂંક માહિતી મળી શકે તેવું હોય.
૧૫ સૂચનાનાં જાતજાતના પાટિયાં કે ભીંત-બોર્ડ પર લખાણો હોય.
૧૬ પાયખાના પાસે નળ, ઝાડ, (છાયા માટે) કેડી કે પગથી, તેમ જ નાનો એવો બગીચો.
૧૭ બાળકો તેમ જ મોટાંઓ માટે એક શાંતિનો ઓરડો જુદો હોય જ, જેનો ઉપયોગ ગમે ત્યારે કરી શકાય; ને તેને માટે પૂરતું ને યોગ્ય ફરનિચર, વાતાવરણ વગેરે હોય. (ત્યાં ગ્રામોફોનમાં ધીમેથી સુંદર રેકર્ડો વાગે તે આવશ્યક છે.)

૧૮ રેંટિયાવર્ગ બાલમંદિરમાં હોવો જ જોઈએ.
૧૯ પટાવાળાને બોલાવવા ઘંટડી, ટેલીફોન કે એવી કાંઈક વ્યવસ્થા.
૨૦ ફરવાનું, સમાજજીવન બાળકોને બતાવવાનું, પશુપક્ષી ને માણસોની સ્લાઈડઝો તથા ફિલ્મો વગેરે બતાવવાનું, અવારનવાર અવશ્ય થવું જોઈએ.

વિ.

સંભાળ રાખો.

એક ભાઈ લખે છે:—

જત લખવા અરજ એ છે કે ગઈ રાતના દોઢ વાગ્યે હું પાણી પીવા માટે જાગ્યો હતો. પાણી પીને સૂતો એ અરસામાં રતુબાઈ ઊંઘમાં કાંઈ બડબડતી હતી. મેં પૂછ્યું: "બેન! શું કહો છો?" કહે કે "મને અશરફ્યાં અને હસનઅલી મારે છે, અને કહે કે તારા બીસામાં શું છે? એમ કરી હાથ નાખી મારી માએ પૈસો આપ્યો હતો તે લઈ લીધો." ત્યાર પછી મેં બીજું કાંઈ પૂછ્યું નહિ અને સૂઈ જવાનું કહ્યું એટલે પાછી નિદ્રાધીન થઈ ગઈ. આ ઉપરથી એમ લાગે છે કે તેને મજકુર બાળકો તરફથી ત્રાસ થતો હોવો જોઈએ. માટે તેનો યોગ્ય બંદોબસ્ત કરવા મહેરબાની કરશોજી.

નોંધ: બાળકોના મનમાં બીજાં મારકણાં બાળકોની છાપ કેવી પડે છે તે આ પત્ર ઉપરથી જોઈ શકાશે. આપણે સૌ માબાપોએ આપણાં બાળકોને કોની સાથે ભળવાહળવા દેવાં તે બાબતમાં હમેશ કાળજી રાખવી જોઈએ. નાની કુમળી વયમાં બાળકોને બીજાં બાળકોના સંગથી સારી રીતે સંભાળવાં જોઈએ. બાલમંદિર કે એવી સંસ્થામાં પોતાના બાળકને મૂકવા છતાં પણ તેમની સ્થિતિ વિષે અજ્ઞાત રહેવું નહિ તેમ જ સંસ્થાના સંચાલકોએ પણ અમુક બાળકો બીજાને હેરાન કરે નહિ તે વિષે ચીવટભરી કાળજી રાખવી.

તંત્રી.

જતી ટપાલ

: ૧ :

ભાવનગર. તા. ૧૭-૧-૩૭

પ્રિય ભાઈ,

આપના પત્રના ઉત્તરમાં જે બાળકને અત્યારથી મિકેનિકલ એંજિનિયરિંગનું વલણ છે તેને તમે મોબેકો, મિકેનો, સ્ટેનલો વગેરે રમતો આપો. આ રમતો માટે તમે છેલ્લા આપેલા શરનામે લખશો. ઉપરાંત આ બાળકને આપ યંત્ર જોવાની અને તપાસવાની તક આપશો અને એ વિષે પ્રશ્નો પૂછે તો તેના આવડે તો સાચા જવાબો આપશો, નહિતર કોઈ જવાબ આપનાર હોય તેની પાસે તેને લઈ જશો.

દીકરીને ગણિત ભણવું ગમતું નથી તો તેનાં શા કારણો છે તે તપાસશો. સારા શીખવનાર પાસે મૂકવા છતાં જો તેને તે ન આવડે તો શરૂથી ઉપાડીને શીખવવાનો યત્ન કરી જોશો. એમ છતાં ગણિત તેને ન જ ફાવે તો તેની પાછળ તેનો અને શિક્ષકનો સમય ગાળશો નહિ. એ વિષયમાં તે આગળ વધી શકશે નહિ એવું અનુમાન ખોટું નહિ ગણાય. તેની સાથે જ ચિત્રકલામાં તે પોતાની

ખાસ વૃત્તિ ને પ્રગતિ બતાવે છે, તો તેમાં તેને અને તેટલી આગળ વધવા અનુકૂળતા કરી આપશો. તમે ધારો છો તેમ કદાચ તે શાળાને માર્ગે આગળ ભણી શકશે નહિ એ બનવાજોગ છે. તો તેને ચિત્ર આદિ કલાના જાણકાર પાસે મૂકવી અને તેમાં પ્રવીણ થવા દેવી. બાકી પરાણે શીખવવાથી કાંઈ ફાયદો થવાનો નથી.

તમારે વાંચવા જેવી ચોપડીઓની યાદી આ સાથે છે. તેમ જ બાળકો માટેની યાદી પણ છે. એ જ.

આપનો ગિજુભાઈ.

: ૨ :

ભાવનગર ૧૭-૧-૩૭

ભાઈશ્રી,

ડૉક્ટરે તમારા બાળકને ભણાવવાની ના પાડી છે તે બરાબર છે. તેના મગજને જે હાનિ પહોંચે છે તેને લીધે બાળક તુરતમાં ભણી શકે તેમ લાગતું નથી. તમે તેને ભણાવવાની મહેનત અને ચિંતા કરો છો તે મૂકી જ દેશો. ધીમે ધીમે જ્યારે બાળકમાં શરીરબળ આવશે અને મગજના જ્ઞાનતંતુઓ વગેરે બળવાન થશે ત્યારે બાળક આપોઆપ જ જ્ઞાન લેવા તરફ વળશે. હમણાં તેને ખૂબ રમવા દેશો. અત્યારે તે રમશે એ જ તેનું ખરું ભણતર થશે. તેનામાં મગજની નબળાઈ ને લીધે જે ખામીઓ છે તે ઉપર ક્રોધ કરવો નહિ, તેમ ચિંતા પણ ન કરવી. સારા એવા તબીબને બતાવતા રહેવું. તમે માબાપ છો એટલે સહેજે ફિકર થાય; પણ એમ ઉતાવળા થવાથી કંઈ વળે નહિ.

અમારી સંસ્થામાં તેને લઈ શકાય તેમ નથી. કામકાજ લખશો.

આપનો
ગિજુભાઈ.

બાળકોની હઠ

બાળકને તાવ આવે છે ત્યારે તો આપણે સમજીએ છીએ કે બાળક બિમાર છે. શરદી થાય કે પેટમાં દુખે તોપણ આપણને ખબર પડે છે કે તેના શરીરમાં કાંઈક રોગ છે. પણ બાળક હઠ ઉપર જાય છે ત્યારે આપણને સમજાતું નથી કે તેને શું થયું છે; આપણને માત્ર એટલું જ સમજાય છે કે બાળક હઠ કરે છે. અને બાળક હઠીલું બને છે ત્યારે આપણે કહીએ છીએ કે તે હઠીલું બન્યું છે. પણ બાળકની હઠ એ મૂળ શી વસ્તુ છે તે આપણને ખબર નથી. અને હઠ એ શું છે એની ખબર ન હોવાથી એના ઉપચારો પણ ખોટા હોય તો તેમાં નવાઈ નથી.

તાવ આવવો એ શારીરિક રોગનું લક્ષણ છે, તેમ હઠ કરવી એ માનસિક રોગનું લક્ષણ છે. બાળકને તાવ આવે છે ત્યારે આપણે તેના ઉપર ગુસ્સે નથી થતાં પણ તાવના ઉપાયો કરીએ છીએ, તેમ જ બાળક હઠ કરે ત્યારે તેનું કારણ શોધવું જોઈએ ને પછી તેનો ઉપચાર કરવો જોઈએ.

બાળક હઠ કરે છે ત્યારે શું કરે છે તે કહેવાની જરૂર નથી. સહુને તેની ખબર હોય છે. મોટેથી રડવું, મારવું, બટકાં ભરવાં, હાથ-પગ ઘસવા, ખૂમો પાડવી, આ બધા હઠના

ચડતા પ્રકારો છે. જેમ શરીરને ફિટ કે આંચકી આવે છે તેવી જ આ પણ મનની એક પ્રકારની ફિટ જ છે. મોઢું ચડાવીને બેસવું, કહીએ તે સાંભળવું નહિ, જે કહીએ તેનાથી વિરુદ્ધ જ કરવું, બોલ કહેતાં ન બોલવું ને મૂંગા બેસવાનું કહેતાં બોલવું, વગેરે હઠનો સૌમ્ય પ્રકાર છે. પહેલા પ્રકારની હઠમાં તે ઉગ્ર સ્વરૂપે બહાર આવે છે જ્યારે બીજામાં ધૂંધવાય છે. જીવન ઉપર, સ્વભાવ ઉપર, મનોવૃત્તિ ઉપર કે મનના વલણ ઉપર આ બીજા પ્રકારની હઠની વધારે અસર થાય છે. તેથી ઉગ્ર હઠ કરતાં આ સૌમ્ય હઠને બોછી નુકસાન કરનારી સમજવી નહિ. સપ્ત તાવ કરતાં ઝીણો તાવ વધારે ભયંકર હોય છે, તેમ જ આ હઠમાં પણ છે.

હઠરૂપી રોગ ઉપર શો ઉપચાર કરવો તે નક્કી કરતા પહેલાં તેનો પ્રકાર બોળખવો એ મહત્ત્વની વાત છે. બરી હઠ કઈ છે તે બોળખવી જોઈએ. ઘણી વાર બાળક રડે છે, ચિડાય છે, પણ તે બરી હઠ હોતી નથી. તેમાં હઠનો બાભાસમાત્ર થાય છે, અથવા તો તેમાં તેના મનનું દુઃખ અને અસ્વસ્થતા વગેરે દેખાડવાની રીત હોય છે. એટલે હઠનો ઉપાય કરવા નીકળતા પહેલાં બરી હઠને બોળખતાં બાવડવું જોઈએ.

બાળકની ઇચ્છા વિરુદ્ધ બાપણી ઇચ્છા પ્રમાણે તેની પાસે બળજબરીથી કાંઈ કરાવવું કે મારવું વગેરે સાચા ઉપાયો નથી; ઊલટાં તેનાં પરિણામો ભયંકર બાવે છે.

હઠના બાભાસનો પ્રકાર હવે પછીના લેખમાં બાવશે.

બાલબહેચારાશ્રમના વિદ્યાર્થીબંધુઓને

વહાલાં ભાઈબહેનો !

સંમેલનને બંગે તમને સૌને બેકઠાં મળેલાં જોઈને મને બાનંદ થાય છે. પોતાનાં સગાંસંબંધીબોને મળતાં કોને બાનંદ નથી થતો ?

સંજોગોને લીધે ઘણાં ભાઈબહેનો બત્રે હાજર નથી: છતાં હું સમજું છું તેમ તેબો બાપણી સાથે બને વચ્ચે જ છે. તેબો શરીરથી દૂર છે તેથી કાંઈ ગેરહાજર છે બેમ હું નથી માનતો. તમે જેબો બહીં હાજર છો. તેબો બધાં તેમના પ્રતિનિધિ રૂપ છો બેમ હું માની લઉં છું.

તમને હું બાવકાર બાપું છું. બા વખતે મને જે હર્ષ થાય છે તેમાં સહેજ ઊણપ બેટલા પૂરતી છે કે તમારામાંનાં કેટલાંક ભાઈબહેનોને ઈશ્વરે પોતાની પાસે બોલાવી લીધાં છે. બેમ તો તેબો પણ બાપણી સાથે જ છે બને બંતરીક્ષમાંથી તેબો કદાચ બાપણને બાશીર્વાદો બને પ્રેરણા મોકલી રહ્યાં હશે.

બત્યારે તમે બધાં ગુજરાત બને બૃહત્ ગુજરાતમાં નવીન કેળવણીની સેવા કેટલા ઉત્સાહથી બને વેગથી કરી રહ્યાં છો બે હું બરાબર જાણું છું, કેમકે તમારામાંનાં લગભગ બધાંબો સાથે હું પ્રત્યક્ષ બપ્રત્યક્ષ રીતે સતત પરિચયમાં રહ્યા કર્યો છું. વારંવાર તમારે કેવી કેવી મુશ્કેલીબોમાંથી, સંકડામણમાંથી, ગેરસમજણમાંથી બને કોઈ વાર ક્લેશ,

માંથી પસાર થવું પડે છે, તેનો મને સારો ખ્યાલ છે. વિધવિધ પ્રકૃતિવાળા, આદર્શવાળા અને અંગત હેતુઓવાળા લોકો તમારા કામની યોગ્ય કદર કરવાનું ઘણી વાર ચૂક્યા છે; ઘણી વાર કેટલાક લોકોએ તમારી પ્રવૃત્તિમાં મુશ્કેલીઓ પણ પેદા કરી છે. પણ છતાં તમે તમારામાં રહેલ નવીન શિક્ષણની શ્રદ્ધાને લીધે પડતા આખડતા પણ આગળ ધપી રહેલ છો તે માટે હું જરૂર તમને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી.

ગુજરાત બહારના બાળકેળવણીના સમાલોચકોને ગુજરાત ઉપરનું અને બૃહત્ ગુજરાત ઉપરનું તમારું કઠિન કામ આગળ વધતું જોઈ આશ્ચર્ય પામતાં મેં જોયા છે. છેલ્લાં વીશ વર્ષમાં ગુજરાતે જીવનના સમગ્ર ક્ષેત્રમાં જે અદ્‌ભુત પ્રગતિ કરી છે તે પ્રગતિમાં બાલશિક્ષણ, બાલસાહિત્ય, બાલજીવનની પ્રગતિનો પણ સમાવેશ થાય છે; અને એ પ્રગતિનો અમુક અંશે ઠીક ઘણો યશ તમને મળી શકે છે એ હકીકત યથાર્થ છે. એકંદરે તમે અધ્યાપનમંદિરનાં ભાઈબહેનોએ બાલશિક્ષણમાં જે અમુક પ્રકારનું સંક્ષોભન કર્યું છે, જનતામાં જે જાગૃતિ આણી છે, એ વાત ખરી છે એવું કોઈ પણ કડક સમીક્ષક પણ સ્વીકારશે.

પણ આથી તમારે લેશમાત્ર મગરૂબ થવાનું નથી. તમારી શક્તિ અલ્પ છે અને મહાન પણ છે. તમારું જ્ઞાન પણ એવી જ સ્થિતિમાં છે. તમારી પદવી અને દરજ્જો તો કયાં છે એ તમે સૌ જાણો જ છો, એટલે તમારે મગરૂબ થવું પાલવે તેમ નથી. તમારું ભણેલ અભણનું મંડળ, તમારું સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના ભડકાળ વિચારઆચારમાં માનનારું મંડળ, તમારું જ્ઞાતિ જાતિ ધર્મ અને ભૌગોલિક બંધનોથી પર મંડળ, લોકોની નજરે ચડેલું છે એટલું જ નહિ પણ તે દાઢે આવેલું છે.

અને એ સ્વાભાવિક છે. નવીન વસ્તુ માત્ર આંજી નાખી પાછી જવા માટે નહિ, પણ પગ ખોડીને રહેવા માટે આવી હોય તો તેને ભારે કસોટીએ ચડવું પડે છે. તમારી વસ્તુ નવીન છે. ધૂડી નિશાળ, જૂની ઘરેડની પ્રાથમિક શાળાઓ, અસ્તવ્યસ્ત દશામાં આવેલી કિન્ડરગાર્ટન શાળાઓ અને અજ્ઞાનથી ભરેલાં માબાપો, શિક્ષકો, સર્વ પ્રકારના વિચારકો અને વડીલો તમને ઝટઝટ સ્વીકારવાને તૈયાર નથી. તમે હાએ હા ભણાવી દો તેવી ઓછી બુદ્ધિવાળા પણ તેઓ નથી. તેઓની પાસે જૂનાં એવાં પણ પોતાનાં ચશ્માં અને દૃષ્ટિ છે. એ બધાંની સામે, એટલું જ નહિ પણ તેમની સત્તા નીચે અને શક્તિ નીચે તમે ઊભેલાં છો. તમારું કાર્ય તેમની વચ્ચે, અને તેમની સાથે છે. એ કાર્ય તમે ધીરજ અને ખંતથી અંતરના ઊંડા વિશ્વાસ વડે અને સહનશક્તિથી પાર પાડવા દૃઢ નિશ્ચયવાળાં સદૈવ નહિ રહો તો તમારું કાર્ય પાછું હઠી પડી ભાંગશે.

લોકોને જ્ઞાન હોય કે ન હોય પણ તેઓમાં કસોટી કરવાની શક્તિ હોય છે. તેઓમાં ન્યૂનતાઓ જોવાજાણવાની શક્તિ હોય છે. તેઓમાં તમારો વિશ્વાસ ડગાવવાની શક્તિ હોય છે. એટલે મારે તમને કહેવાનું કે રખેને અભિમાની બની દિશા ભૂલશો નહિ; રખેને લોકોને મૂરખા ધારીને જાતે જ તેવા બની

જશો નહિ.

જેમણે જીવનમાં અને કામમાં કૃતેહ મેળવી છે, તેમણે હમેશ એક જ વાત ધ્યાનમાં રાખી છે અને તે પોતાના સત્ય સિદ્ધાંતો પ્રમાણે ઊંધું ઘાલીને કામ કર્યા કરવું. તમારે ખોટી ચતુરાઈ, ખટપટ, કાવાદાવા, વગેરે કરવાની શક્તિ કેળવવાની જરા પણ જરૂર નથી. તમારે તો માત્ર સ્થિર બુદ્ધિ અને જાડી ચામડી રાખી લક્ષ્ય સામે જોઈને મચ્યા રહેતાં શીખવાનું છે.

જો તમારા સિદ્ધાંતો સાચા હશે, તમારું કામ તે પ્રમાણે યથાવિધિ તમે કરતા હશો, તો એ કામ જ આપોઆપ મિનારે ચડીને બોલશે કે અહીં સત્ય છે, અહીં સત્ય છે, અહીં જ સત્ય છે. એટલે જ, ભાઈ બેનો! હું આ પ્રસંગે એમ કહું છું કે તમે બહારની બધી જંજાળોથી અલગ રહી તમારા કાર્ય-પ્રદેશમાં ઝૂકયાં રહેજો.

યુક્તિપ્રયુક્તિઓથી કે દેખાવો કરી આપણે આપણું કામ આગળ આગળ ધપાવી શકશું નહિ. પાંગળું પેટ આપણે પાળવાનું છે છતાં તેને જ કેન્દ્રમાં રાખી આપણે આપણું કામ વધારી શકશું નહિ. માત્ર બુદ્ધિચાતુર્ય કે વિતંડાવાદથી પણ આપણે આપણું કામ વિસ્તારી શકશું નહિ.

તમારે તમારું કામ સપ્ત મહેનત, સાચી આવડત અને ચોખ્ખી દાનત વડે જ કેવળ વધારવાનું અને મજબૂત કરવાનું છે. આવી દાનત વગેરે તમારામાં હોવાથી જ તમે બીજા કામદારોથી જુદા પડો છો અને ઘણી વાર તેમનાં દ્વેષનું કારણ બનો છો. એ જ કારણને લીધે તમારી કદર ઘણી વાર ઓછી થાય છે અને તમારું પેટ અધૂરું ભરાય છે. એમ છતાં શિક્ષણના કાર્યને કલુષિત કરે એવી ભ્રામક માયાથી તમે દૂર રહેજો અને કામને અને જાતને બચાવજો.

તમારી મહેનત, આવડત અને દાનત આખરે તો સફળ થશે, અને થવાં જ જોઈએ; પણ વચ્ચે આવતી નિષ્ફળતાને લીધે તમે લોકોનો દોષ કાઢશો નહિ, તેમ તમે નિરાશ પણ થશો નહિ. તમારા કામ અને ફળથી અજાણ એવા લોકોનો દોષ કાઢવો શોભારૂપ નથી. નિરાશા એ તમારે માટે બેદરૂપ છે. વાત તો એમ સમજવી કે કાં તો ઘોડે ચડવું નહિ, અને ચડવું તો પછી ધાએતાએ ઊતરવું નહિ.

તમારે તમારી કિંમતનો નહિ પણ કામનો વિચાર કરવો; તમારે તમારી કૃતેહનો નહિ પણ મહેનતનો વિચાર કરવો; તમારે તમારી કીર્તિનો નહિ પણ તકલીફનો વિચાર કરવો. તમે ઇચ્છશો કે નહિ ઇચ્છો તોપણ ઇચ્છવા યોગ્ય ઘણુંયે તમારી પાછળ ઢસરડાતું આવશે—જો તમે તેની પાછળ તમારું કાર્ય અને તેનું સત છોડી ઢસરડાશો નહિ તો! તમારા કામનો બધો આધાર તમારી નવી દૃષ્ટિ ઉપર છે. એ જો બીડાશે તો તમે બલાસ થશો. એમાં સેળ-ભેળ થશે તો તમારે વમાઈ જવું પડશે. એ ચાલી જશે ત્યારે તમે માત્ર બોખું રહેશો. આ નવી દૃષ્ટિ તમારામાં આપવાની જ્યાં સુધી ચેતના હશે ત્યાં સુધી તમે છો અને પછી નથી, એમ માનજો.

આપણે હજી તો એક ડગલું જ આગળ મૂક્યું છે. હજી આપણે કાંચા ઘડાઓ છીએ.

લોકો આપણને ટપલાં મારે છે તે આપણને ઘડવા માટે મારે છે. જ્યારે આપણે ઘડાઈને પાકા થઈશું ત્યારે તેઓ આપણામાંથી જ હોંશે હોંશે ચેતનને પીશે અને સૌને પાશે.

અને એટલે જ આપણે આપણી કચાશો તરફ રોજ ને રોજ નજર નાખતા રહેવી. આપણે હજી થોડું જ જાણીએ છીએ, ત્યાં તો આપણે ઠેઠ સુધીની વાતો કરીએ તો લોકો આપણને લેભાગુ કહે તો તેમાં આપણો દોષ કે એમનો દોષ? પૂરું કામ કર્યા વિના લોકોને આપણે અભિમાનથી અષ્ટંપષ્ટં સમજાવવા નીકળીએ તો લોકો આપણને ધાંધલિયા કહે તો કોનો વાંક? આપણે જ અંદર અંદર કવચિત્ દ્વેષ કરતા હોઈએ અને પરસ્પરના વિકાસમાં આડે આવતા હોઈએ તો લોકો આપણને ધતિંગિયા કહે તો કોનો દોષ? .

લોકો નવીન શિક્ષણ, બાલશિક્ષણ વગેરે નથી જાણતા અને તેથી પોતાનાં જ વહાલાં બાળકોને ઘરમાં દુઃખી કરે છે ને શાળામાં પાયમાલ કરે છે એ વાત ખરી છે. છતાંયે આપણી દુર્બળતાનો કે અણઆવડતનો વાંક કાઢવાનો તેમનો અધિકાર ઓછો થતો નથી.

લોકો બેદરકાર રહેશે તો પોતાના બાળકોનું બગડશે; પણ જો આપણે બેદરકાર રહીશું તો બાળકોનું, આપણું અને નવીન શિક્ષણનું એટલું જ નહિ પણ સમગ્ર પ્રજાનું બગાડશું. આપણે માથે ગંભીર જવાબદારી છે.

તમે શિક્ષક હો કે ન હો તોપણ તમારું કાર્યક્ષેત્ર વિશાળ છે. તમારું ઘર અને બાળકો એ તમારું પ્રથમ ક્ષેત્ર છે. તમારી આસપાસનાં અજ્ઞાન ભાઈબેનો પણ તમારું જ કાર્યક્ષેત્ર છે. જૂના ચીલામાં ચાલતી શાળાઓ પણ તમારું જ કાર્યક્ષેત્ર છે. અને જ્યાં રત્નો જેવાં બાળકો ધૂળધાણી થઈ રહેલાં છે એવાં ગરીબથી માંડી શ્રીમંત સુધીનાં સૌનાં ઘરો અને નધણિયાતી શેરીઓ પણ તમારું જ કાર્યક્ષેત્ર છે. મતલબે જ્યાં જ્યાં બાળકો, તેની શાળાઓ અને તેનાં ઘરો છે, જ્યાં જ્યાં બાળકોનું જીવન છે, ત્યાં ત્યાં તમારાં કાર્યક્ષેત્રો છે. તમારે માટે ગરીબતવગંરનાં, રૂપાગાંકરૂપ, બળવાન નિસ્તેજ, એક પ્રાંતનાં બીજા પ્રાંતનાં, એક દેશનાં અને રંગનાં તથા બીજા દેશનાં અને બીજા રંગનાં બાળકો, એવો ભેદ નથી; એ બધાં વચ્ચે જ તમારું કાર્યક્ષેત્ર છે. ખૂબ વિશાળ કાર્યક્ષેત્ર છે. ધક્કાધક્કી કરવી ન પડે એવું ક્ષેત્ર છે. સુંદર અને પુણ્યક્ષેત્ર છે.

એવા ક્ષેત્રમાં કામ કરનાર તરીકે આપણી યોગ્યતાનો વિચાર આપણે કરી લેવો જોઈએ. કોઈ આપણને શું કહેશે? અને કોઈ કહે તો તેનું ગમે તેવું કથન પણ આપણાં આંખમાથા પર હોય, કેમકે તે પણ ભલા માટે હશે, એમ આપણે શા માટે ન માનીએ?

બાળકોની શક્તિ વિષેની, તેમના વિકાસ વિશેની અને પૃથ્વી ઉપરના સ્વર્ગ વિષેની આપણી જે સમજણ અને કલ્પના છે તે સત્ય કરવા માટે આપણે પોતે બાળકો જેવાં થઈ પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારી તેમાં નિરંતર રહેવાનો યત્ન કરવો જોઈએ. આપણે જગતના ડહોળાઈ ગયેલા પ્રવાહમાં તણાઈ ન જઈએ. આપણે જગતના ઝાંઝવાનાં જળ જેવા આદર્શોમાં મોહાઈ ન જઈએ. આપણે આપણી શ્રદ્ધા અને નિષ્ઠા અચલિત અને અડગ રાખીએ,

અને તો જ અને તો જ અને તો જ આપણે નવીન શિક્ષક તરીકે નવીન શિક્ષણની નાની એવી ચિનગારી વડે પણ ચોમેર પ્રકાશ ફેલાવવાની નમ્ર આશા રાખી શકીએ.

આવું ડહાપણ મેં તમને ભાગ્યે જ કહેલું હશે. અને છતાં મને જે યોગ્ય લાગ્યું છે તે મેં તમને કહેલું છે. તમારા દિવસો હજી ઊજળા છે, તમારો સિતારો ચડતો છે; હજી તમે પહેલી જ મહોરનાં છો. તમે સૌ બાલ-શિક્ષણની સેવામાં અનેક રીતે અડગ પગલે આગળ અને આગળ ધપો. આથી વધારે શું ઇચ્છું ? અને તમારી પાસેથી આવી ઇચ્છા ઉપરાંત તમારા પ્રેમ સિવાય બીજું શું માગું ?

આપણે સૌ બાળકો સાથે જમતી વખતે જે મંત્ર બોલીએ છીએ—

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै।
तेजस्वी नावधीतमस्तु । मा विद्विषावहै ।
ॐ शांतिः शांतिः शांतिः ॥

તેનું નિરંતર આપણે ધ્યાન કરીએ અને તેનું આપણે દર્શન પામીએ.

પરમકૃપાળુ પરમેશ્વર આપણું કલ્યાણ કરો, અને તેની ઇચ્છા વડે તેનું કામ પાર પાડવા સદૈવ આપણી મતિ નિર્મળ અને ગતિ વેગવાન રહો, એમ આપણે તેની પાસે માગીએ.

ॐ शांतिः शांतिः शांतिः

બાબુભાઈ સ્મૃતિ [illegible] * ભાવનગર.

શિક્ષણ સમાચાર

—શ્રીદક્ષિણામૂર્તિ ભવનમાંના તમામ વિદ્યાર્થીઓનું એક સંમેલન તા. ૩–૪ મે ૧૯૩૭ ના દિવસોમાં ભરાયું. તે વખતે બાલ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને શ્રી. ગિજુભાઈએ આપેલું વ્યાખ્યાન ઉપર આપ્યું છે.

—શ્રીદક્ષિણામૂર્તિ અધ્યાપનમંદિર આવતી સાલ એટલે ઇ. સ. ૧૯૩૭–૩૮ ના વર્ષમાં તેમ જ હવે પછી બીજી રીતે જાહેર ન થાય ત્યાં સુધી બંધ રહેશે.

—બાલકુંજ અમદાવાદમાં બાળકોનાં ચિત્રો વગેરેનું એક પ્રદર્શન જગુભાઈ અચરતલાલ સૈયદને હાથે ગયા માસમાં ઊઘડયું.

—ભાવનગર બાલમંડળ પ્રવૃત્તિ દ્વારા દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ ઉનાળાની રજામાં બાલક્રીડાંગણ ખોલવામાં આવશે.

—રણછોડભાઈ ગાંડાભાઈ નાયક, આચાર્ય બાલમંદિર ઘાટકોપર, માન્ઝા (યુગાન્ડા) ની શાળાના અધિકારી તરીકે આફ્રિકા ઊપડી ગયા. તેની જગ્યાએ ભાઈ હરિશંકર ત્રિવેદી (ગોધરાના) ની નિમણૂક થઈ.

—યશસ્વતી રમણલાલ ભટ્ટ, ખાડિયા, બાલમંદિરનાં બાળકોને લઈને દસ દિવસનો આબુનો પ્રવાસ કરી આવ્યાં.

—નાસિક બાલગૃહમાં બાળકોની ભરતી સારા પ્રમાણમાં થવા લાગી છે. બાલગૃહમાં રહેતાં બાળકોની ફી ૨૫ રૂપિયામાંથી ૧૫ રૂપિયા કરવામાં આવી છે.

—ગુલાબચંદ તલકચંદ શેઠ (રાજકોટ) વેપાર અર્થે એબિસિનિયા ઊપડી ગયા છે.

—ચંન્દ્રશંકર વનમાળી યાજ્ઞિકની સણોસરાની ગ્રામશાળાનું એક વરસ પૂરું થયું.

—મૂળજી આશારામ ભક્તે અલકાપુરી

બાલમંદિર છોડી દીધું.

—શ્રીમતી લીલાવતી બાંડવાળા જાપાનમાં ભરાનાર વિશ્વ કેળવણી પરિષદમાં હાજરી આપવા ૨૮મી એપ્રિલે જાપાન ઊપડી ગયાં. તેમના બાલમંદિરમાં વીરજી જાદવજી કોટક તેમની ગેરહાજરી દરમિયાન કામચલાઉ નિમાયા.

—પુષ્પાબેન રણછોડજી નાયક, આચાર્ય માટુંગા બાલમંદિર, પોતાના પતિ રણછોડજી સાથે આફ્રિકા ઊપડ્યાં.

—અંબાશંકર ત્રિવેદી (કચ્છ) વ્યાયામની તાલીમનું છેલ્લું વર્ષ પૂરું કરવા ભાવનગરમાં ભાઈ બહાઉદ્દીન પાસે આવી ગયા.

—કેશવલાલ રણછોડજી શાહ તથા લીલાવતી શાહ બાલમંદિરની વધારે તાલીમ લેવા ભાવનગર બાલમંદિરમાં આવ્યાં છે.

—શાન્તાબેન મર્થક રાજકોટ રાષ્ટ્રીય શાળાના બાલમંદિરમાં કામ કરે છે.

—દુર્લભગૌરી શીવનાથ સુરતના બાલમંદિરમાં અભયાબેનનાં મદદનીશ તરીકે કામે લાગ્યાં છે.

—શાંતાબેન રાવળ, આચાર્ય બાલમંદિર પાદરા, વડોદરા રાજ્યમાં કેળવણીમાતામાં જોડાયાં.

—મણિબેન બાલદાસ પટેલ ઈન્દોર ગુજરાતી શાળામાં જોડાયાં.

—મણિગૌરી ગિરજાશંકર ત્રિવેદીએ અમદાવાદમાં બાલમંદિર ખોલ્યું.

—ભાનુમતી ચોકશી રાજપીપળા બાલમંદિરના આચાર્ય મનુભાઈ રજા ઉપર હોવાથી, એની જગ્યાએ કામ ઉપર ચડ્યાં.

—કનૈયાલાલ વ્યાસે પેટલાદ બાલમંદિર છોડી દીધું.

—મનુભાઈ ભોગીલાલ દવે મહેસાણાના બાલમંદિરના આચાર્ય થયા.

—કેશવલાલ ભાવસાર કોચીનની શાળાનું કામ છોડીને ભાવનગર રાજ્યની શાળામાં પોતાની અસલ નોકરીએ જોડાયા.

—ગિજુભાઈની તબિયત નાદુરસ્ત હોવાથી તેઓ કચ્છમાં જઈ શકચા નથી.

—શ્રી. મોંઘીબેન બધેકા, શિક્ષિકા શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, બાલમંદિરમાંથી જૂન ૧૯૩૭ આખરે નિવૃત્ત થશે.

બ્રહ્મદેશના ગ્રાહકોને

આપનું ચાલુ વર્ષનું લવાજમ રૂા. ૧–૮–૦ વસૂલ કરવું પડશે. જેઓએ રૂા. ૧–૦–૦ માત્ર મોકલ્યા હોય તેઓ ૦–૮–૦ મોકલી આપવા કૃપા કરશે. તેમ જ જેમને રૂા. ૧–૦–૦ નું વી. પી. કરવામાં આવ્યું હોય તેઓ પણ રૂા. ૦·૮·૦ મોકલી દેશે. હવે પછીનાં ગ્રાહકો પાસેથી રૂા. ૧–૮–૦ લેવામાં આવશે. આનું કારણ બ્રહ્મદેશના ટપાલના દરોમાં ફેરફારો થયા છે અને તે પરદેશ ગણાવા લાગ્યું છે, તે છે.

વ્યવસ્થાપક.

વાર્ષિક લવાજમ રૂા. ૧–૮–૦ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ અજબ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું — અંક ૪ થો

સંવત ૧૯૯૩ — જ્યેષ્ઠ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકો ભૂલ કરે તોપણ તેના ઉપર ગુસ્સો કરવો નહિ, કેમકે ગુસ્સો થવાની સાથે જ આપણી બુદ્ધિની નિર્મળતા ચાલી જાય છે.

બાળક ભૂલ કરે તોપણ તેને મારવું નહિ. મારવાથી બાળક આપણા પ્રત્યેનો પ્રેમ અને માન ગુમાવી દે છે, કેમકે માર પિશાચનું અંગ છે.

બાળક ભૂલ કરે તોપણ તેને ભય બતાવવો નહિ, કેમકે ભયથી બાળક નરમ થઈ જઈ પોતાનું તેજ અને શક્તિ ગુમાવી બેસે છે. ભૂલનું ઔષધ ભય નથી, કેમકે ભય રાક્ષસનું રૂપ છે.

બાળક ભૂલ કરે તોપણ તેને વઢવું નહિ. વઢવાથી બાળક વઢકણું, ચીડિયું અને નીંભરું થાય છે, કેમકે વઢકણાપણું એ જંગલીપણાનો અવશેષ છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] જ્યેષ્ઠ ૧૯૯૩ [અંક ૪

હરીફાઈ

આપણે સો ભાષણો આપીએ કે હજાર લેખો લખીએ કે હરીફાઈથી નુકસાન નથી, છતાં હરીફાઈ તે હરીફાઈ છે અને તે નુકસાનકારક છે જ.

રમતમાં જીતેલાઓએ પોતાનો આનંદ હારેલાઓ ભેળા મળીને લેવો, સૌને જીતના આનંદના ભાગી કરવા, વગેરે શિક્ષણશાસ્ત્રના વિચારો અને વિચારકોએ હારેલા વિદ્યાર્થીઓને જઈને જોવા જોઈએ અને તેમને પૂછવું જોઈએ કે હારવામાં તેમને કેટલી મજા આવી, ને હાર્યા પછી જીતનારાઓના આનંદમાં તેઓ કેટલો આનંદ લઈ રહ્યા છે.

હારનાર અદેખો બને છે. અદેખો બનવા જેટલી તેનામાં શક્તિ નથી હોતી તો તે નિરુત્સાહ બને છે. અદેખાઈ જીવનની બળબળતી પીડા છે, પણ મંદોત્સાહ તો જીવનનું ઝેર છે.

હારેલાને ઉપદેશ દેવો કે તમે હાર્યા ભલે, પણ જીતેલાના આનંદમાં આનંદો, એ પડ્યા ઉપર પાટુ જેવું છે. આવો ઉપદેશ જીતના આનંદનો મદપ્રદર્શક છે, એટલું જ નહિ પણ જીતના આનંદની નિષ્ફળતાનો દ્યોતક છે.

રમતો રમવા માટે છે. અને રમવું શરીરમનને તાજગી અને આનંદ આપવા માટે છે.

હારજીતનું તત્ત્વ આ ઉદ્દેશનો દુશ્મન છે.. ગિ.

એવડો ગુનો

તમે બાળકોના પ્રશ્નનો જવાબ આપી શકો નહિ તો તેને કહો કે તમને જવાબો નથી આવડતા. બાળકને પ્રશ્નો પૂછવા બાતર પાછું પાડવું અને પોતાનું અજ્ઞાન છુપાવવું એ એવડો ગુનો છે.

બાળકો પ્રશ્નો પૂછે તો પ્રશ્નોના જવાબો ન આપવાનાં બોટાં બાનાં કાઢી જૂઠું બોલવું તેના કરતાં પોતાના અજ્ઞાનને ઉઘાડું પાડવું, એ બાળક તથા આપણે બંનેને માટે લાભદાયક છે.

બાળકને આપણે જવાબ ન આપી શકીએ તો તેમને એટલું જ થાય છે કે આપણે જાણતા નથી. આપણે સર્વજ્ઞ નથી એવું ભાન બાળકને વહેલામાં વહેલી તકે થવાની એટલા માટે જરૂર છે કે બાળક આપણા જ્ઞાનની મર્યાદા આગળ મર્યાદિત થઈ ઊભું ન રહે.

નથી આવડતું એમ કહેવામાં બાળકને બહુ દુઃખ નથી થતું. પણ

અ • નુ • ક્રં • શ

૫૪ હરીફાઈ . . . . . ગિ.
૫૪ એવડો ગુનો . . . . . ગિ.
૫૫ સંસ્કાર . . . . . ગિ.
૫૬ નોંધપોથીમાંથી . . . વ.
૫૭ કલ્પનાની દૃષ્ટિ . . . ગિ.
૬૧ બાળપ્રવાસો કેમ થાય? . વિ.
૬૩ બાળકો અને સૂચક ચિહ્નો . ગિ.
૬૪ દિલ્હી બાલ સંમેલન. . ...
૬૬ માબાપોને પ્રશ્નો . . . મોં.
૬૭ શિક્ષણ સમાચાર . . . તં.

તેને ભયંકર દુઃખ તો ત્યારે થાય કે જ્યારે આપણે તેને પ્રશ્નોના ઉત્તર ન આપવા ઉપરાંત પૂછવા માટે જ ધમકાવીએ છીએ, અને નકામો પૂછપૂછ કરે છે તે કંઈ કામ કર, એમ કહીએ છીએ. બાળકને જ્ઞાન ન મળે એનો વાંધો નથી, પણ તેને અપમાન તો ન જ મળવું જોઈએ.

ગિ.

સંસ્કાર

શાંતાબેને આવીને મને કહ્યું: "ગિજુભાઈ! ઈંદુકુમાર મોઢામાં આંગળી નાખે છે."

મેં કહ્યું: "હું ઇંદુકુમારને કહીશ." હું વિચારવા લાગ્યો: "આ ઇંદુકુમાર ઊજળી કોમના અને સુધરેલા બાપના ઘરમાંથી આવે છે અને મોઢામાં આંગળી નાખી આંગળી અને મોં ગંદાં કરે છે. એ તો ઠીક; એની એ ટેવ ઘરનાં બીજાં બાળકો પાસેથી પડી હશે, અગર તો એ ટેવ ગમે તે કારણે પડવાની સાથે ઘરનાં માણસોએ તેને અટકાવી નહિ હોય. પણ આ શાંતાબેન તો હરિજનનું બાળક છે: એનામાં તો સારી ટેવો હોય જ નહિ, તે તો ગંદાં જ હોય એમ લોકો માને છે; એનું શું? ઇંદુકુમારના બાપની હાજરીમાં શાંતાબેને ઇંદુકુમાર સામે આવો કચવાટ જાહેર કર્યો હોત અને ઇંદુકુમારના બાપ જાણત કે આ શાંતાબેન તો હરિજનની છોકરી છે, તો તેના મનમાં એમ પણ થાત કે "જોને આ વળી ડાહી થઈ બેઠી છે! એના ઘરના સંસ્કારો તે કેવા કે આપણાં છોકરાંની બાબતમાં તે રાવ ખાય છે?" પણ વાત એમ છે કે સારા સંસ્કાર કે નઠારા સંસ્કારની પાછળ એક પછી એક ઘણાં ઊંડાં પડો ભલે હોઈ શકે છે, છતાં આપણે એટલું પણ પ્રત્યક્ષ દર્શનથી કબૂલ કરવું ઘટે છે કે જે ઘરમાં સારા સંસ્કાર વિષે કાળજી રખાતી હોય તે ઘરમાં સારા સંસ્કાર વાસ કરે અને જે ઘર એના વિષે ઉપેક્ષા રાખે તે ઘરમાં નઠારા સંસ્કારો પેસે. સારા કહેવાતા ઘરમાં હમેશાં સારા સંસ્કારોનું વાતાવરણ હોય જ છે એમ નથી. તે વાતાવરણ પણ તેમાં વસતી સારીમોળી વ્યક્તિઓને લીધે ડહોળાયેલું હોઈ શકે છે, અને તેથી બાળકોને તેનો ગેરલાભ મળે છે. એવી જ રીતે મોળાં ગણાતાં ઘરોમાં સુસંસ્કારોની સુગંધ આવી શકે છે. ઘરની સ્વચ્છતાની બાબતમાં જેમ કાળજી રાખવાથી કૂબો મહેલ કરતાં વધારે સ્વચ્છ અને સુંદર લાગે, તેમ જ સંસ્કારોની બાબતમાં જે ઘરમાં કાળજી રાખવામાં આવે ત્યાં તે વિકાસ પામે અને તેનો સુવાસ ફેલાવે, અને જ્યાં એ વિષે બેદરકારી હોય ત્યાં તે સડે અથવા નાશ પામે.

સામાન્યતઃ બાળકો ઘરના કે શાળાના કે સમાજના સંસ્કારનાં માપકયંત્રો છે; પછી બાળકો ગમે તે કોમનાં કે નાતનાં હોય, અગર ઊંચા કે નીચા દરજ્જાનાં હોય.

આટલા વિચારો થયા ત્યાં તો બીજા કામે ઊઠતાં વિચારમાળા તૂટી ગઈ અને અહીં જ અટકયું.

ગિ.

નોંધ પોથી માંથી

આજે સંગીતનું વાતાવરણ કોઈ અજબ પ્રકારનું જામ્યું. આ સત્રની શરૂઆતથી બે ચાર દિવસો બાદ કરીએ તો કહી શકીએ કે સંગીતમાં બાળકોને રસ પડતો નહિ અને વાતાવરણ જામતું નહિ. સંભવ છે કે સંગીતને બદલે બાળકોને સવારની ખુશનુમા હવામાં ફરવું વધુ પસંદ હોય.

જ્યારથી બાલમંદિર બપોરનું થયું છે ત્યારથી હું જુદો અનુભવ મેળવી રહ્યો છું. હવે સંગીતની રમઝટ ભારે જામે છે. લગભગ પોણા ભાગનાં બાળકો અસ્ખલિત વાતાવરણમાં સંગીતનો સારો આસ્વાદ લેવા લાગ્યાં છે. 'કુદડી' નો નાચ તો બાળકો ત્રણ ચાર વખત માગે છે, છતાં ધરાતાં નથી.

સંગીતમાં બાળકો જેવાં ઊંડી પડ્યાં, તેવાં જ આજે કાતરકામ પાછળ પણ મંડ્યાં. સવા વાગ્યા પછી જે બાળકો કાતરકામમાં ગયાં તે અઢી વાગે ત્યાંથી ખસ્યાં. બચીબેન તથા 'દાદા' તો બાર વાગ્યાનાં કાતરકામ પાછળ હતાં. 'દાદા'ના બાપાજીને બાલમંદિરનો અસંતોષ હોય એમ જણાયું છે; કારણકે 'દાદા' હવે એમની દૃષ્ટિએ એકડો ઘૂંટવા જેવડા થઈ ગયા છે છતાં એમને "એતલે એકો" બોલતાં નથી આવડતું.

'દાદા'નું આજનું કામ જોવા એમના પિતા હાજર હોત તો કેવું સારું? આ સત્રની શરૂઆતથી હું તેમનામાં કોઈ અજબ ફેરફાર નીરખી રહ્યો છું. આખો દિવસ 'ઘોડો ઘોડો' ની રમત રમતાં અને ચોગાનમાં જ ફરતા 'દાદા' ને હવે કાતરકામ બહુ ગમે છે. કાતરકામ પાછળ ત્રણ ત્રણ કલાક સુધી અખૂટ ધીરજ સાચવીને 'દાદા' બેસે છે, એમાં જ હું એમનો ખરો વિકાસ જોઉં છું. આ એક પ્રવૃત્તિ ઉપર આટલી એકાગ્રતા સાધીને અને ધીરજ કેળવીને 'દાદા' ભણતરના વિષયો શીખવાની કોઈ ભારે પૂર્વતૈયારી કરી રહ્યા છે, એટલું એમના પિતા સમજે તોય ઘણું છે. એક પ્રવૃત્તિમાં પણ મચી રહીને બાળક અનેક પ્રકારના ગુણ ખીલવે છે, અને તે દ્વારા પ્રાપ્ત કરેલ ગુણશક્તિના પરિબળે અન્ય બાબતો ઉપર પણ કૌશલ્ય મેળવી શકે છે. અત્યારે 'દાદા' અક્ષર ઉપર નથી જતા તેનો મને સહેજેય વાંધો નથી. મારી દૃષ્ટિએ તો 'દાદા' જ્યારે ચોગાનમાં 'ઘોડો ઘોડો'ની રમત રમતા ત્યારે પણ એમનો વિકાસ જ હતો; અને હવે 'ઘોડો' છોડી તેઓ કાતરકામ પર જામ્યા છે તેમાંય તે પ્રગતિશીલ જ છે. આ પ્રવૃત્તિથી ધરાશે ત્યારે એક પળ જરૂર એવી આવશે કે જ્યારે 'દાદા' આટલી જ હોંશ અને એકાગ્રતા અક્ષરજ્ઞાન પાછળ પણ દાખવશે. આવા દર્શન માટે સમયની રાહ જોવી અને ચાલુ વેગને વાતાવરણ આપ્યે જવું એ જ યોગ્ય છે.

* * *

ઉપરની નોંધ લખાયા પછી છએક વર્ષ થઈ ગયાં. આજે 'દાદા'ને યાદ કરું છું તો અનેક સ્મૃતિઓ તાજી થાય છે. 'દાદા' જ્યારે નવાં નવાં બાલમંદિરમાં આવ્યાં ત્યારે

'કુદરતી હાજત'ની એમને ખબર ન પડતી એટલે ગમે તે વખતે બાલમંદિર બગાડી નાખતા. તે સમયે પટ્ટાવાળા ન હતા; હતા ફક્ત એક આત્મારામ. પણ આત્મારામ તો દોઢ શિક્ષક જેવા હતા. એટલે ઘણી વખત 'દાદા'ને સાફ કરવાનું, અને તેમણે બગાડેલ પડશાળ પણ સાફ કરવાનું અમારે શિરે જ આવતું. 'દાદા' આ બધી ક્રિયાઓ ટીકીટીકીને જોઈ રહેતા; અને તેથી એમનો અમારા ઉપર પ્રેમ વરસવા લાગ્યો. અમે એમને કહીએ "દાદા! તમે ઘેર ખૂબ ખાતા લાગો છો. માટે જ તમને ઝાડા થઈ જાય છે. ઓછું ખાવ તો આમ ન થાય." 'દાદા'એ જાત પર કાબૂ મેળવવાના પ્રયત્ન શરૂ કર્યા અને એક દિવસ એમના પિતાએ જણાવ્યું કે "હિંમત' બાઉ-ઘરો હતો તે હવે ઘણો જ નિયમિત બન્યો છે; પણ આપ એને જલદી અક્ષર શીખવશો કારણકે હવે તે 'પાંચ' વર્ષનો થયો છે."

ત્યાર પછી તો 'દાદા' કાતર ઉપરથી ચિત્ર પર ગયા, સંગીતની પ્રવૃત્તિમાં આગળ પડતો રસ લેવા લાગ્યા, અને ધીરે ધીરે છએક માસમાં તો અક્ષર ઉપર પણ એમનું ચિત્ત સારી રીતે ચોંટયું; જે 'દાદા'નું ચિત્ત વ્યગ્ર જેવું દેખાતું, તે સ્થિર ચિત્તે કામ કરવા લાગ્યા. શાંતિથી એકાગ્ર બની લાંબા સમય સુધી તેમને લખતાવાંચતા જોઈ એમના પિતાનું દિલ ઠરવા લાગ્યું. એ ખરેખર કહેવા લાગ્યા કે તમે કહેતા એ વાત સાચી. મારા 'હિંમતે' તમારા કેટલાય "કાગળ કાપીકાપીને આ એકાગ્રતા સાધી. ઉતાવળે આંબા ન પાકે એ વાત અનુભવથી સાચી લાગી."

વ.

કલ્પનાની દૃષ્ટિ

: ૩ :

૧૭મી ઑક્ટોબર ૧૯૩૬ના દિવસે ચડતે પહોરે મોટી ધમાલ ચાલી રહી હતી. નાની મોટરો અને મોટી મોટરો જાહેર રસ્તા ઉપરથી ધસારાબંધ એક મોટા જબરા શમિયાના તરફ ધસી રહી હતી. સેંકડો બહેનો અને ભાઈઓ અને બાળકો એ જ દિશામાં બીજાં વાહનો દ્વારા તેમ જ પગપાળે ગતિ કરી રહ્યાં હતાં.

હું આ શહેરમાં ગઈ રાત્રે જ આવ્યો હતો; અને અહીંની પ્રવૃત્તિઓ વિષે મને કશી જ ખબર નહોતી. જનસમુદાયના આ ધોધને એક જ દિશામાં ઉત્સાહ અને વેગથી જતો જોઈ મને આશ્ચર્ય અને કૌતુક બંને થયાં. મેં મારા મિત્રને પૂછ્યું: "આ બધું શું છે?"

તેણે કહ્યું: "આજે બાલગ્રામનું વાસ્તુ છે. આજથી બાલગ્રામ ખુલ્લું મુકાશે. આજથી આખા ગામનાં પાંચથી દસ વર્ષ સુધીનાં બાળકો એ ગામમાં રહેવા જશે."

વધારે આશ્ચર્યથી મેં પૂછ્યું: "શું એ એકલાં બાળકોનું જ ગામ બનશે? ત્યાં મોટાંઓ નહિ જ હોય?"

મારા મિત્રે કહ્યું: "વખત બહુ ઓછો છે માટે જલદી તૈયાર થાવ. રસ્તે આપણે વાતો કરીશું."

થોડી જ વારમાં હું અને મારો મિત્ર એક

મોટરમાં નવા ગામ તરફ ધસ્યે જતા હતા.

અસંખ્ય મેદનીથી ભરેલા શમિયાનામાં અમે પણ જઈ પહોંચ્યા. આ શમિયાનો નવા ગામને પાદર હતો અને ઘણો જ મોટો હતો. એમાં બે હજાર બાળકો, ત્રણ હજાર સ્ત્રીઓ, અને ચારથી પાંચ હજાર પુરુષોની બેઠકો વ્યવસ્થાપૂર્વક ગોઠવેલી હતી, અને દરેક બેઠક ઉપર આવનારનો નંબર લગાડેલો હતો. મહેમાનો માટે અલાયદી જગાઓ હતી. હું મારા મિત્રથી જુદો પડી મહેમાન વિભાગમાં ગયો; અને ત્યાં શું થયું છે અને શું થાય છે તેનું અવલોકન અને કલ્પના કરતો બેઠો.

બધી જ ગોઠવણ દસથી પંદર વર્ષનાં બાળકોએ ઉપાડી લીધી હતી; અને આઠથી દસ વર્ષનાં બાળકો એમની મદદમાં હતાં.

બાળકોની મંડળીઓએ બેઠકો, રસ્તાઓ, કાર્યક્રમો ગોઠવ્યા હતા; ભાતભાતના શણગારો કર્યા હતા; અને ઠારઠાર પોતાના સ્વયંસેવકો મૂકી દીધા હતા. દરેક બાળકના ખભા ઉપર એક સૂચક શબ્દ હતો 'પ્રગતિ.' દરેક બાળકના જમણા હાથ ઉપર એક પટ્ટી હતી અને એના ઉપર લખ્યું હતું 'પુરુષાર્થ.' આ બાળકોના મોઢા ઉપર આજે આનંદના ઓઘ હતા; ઉત્સાહ ક્યાંયે સમાતો નહોતો.

ટન્ ટન્ ટન્ ઘંટડી થઈ અને એક સ્વયંસેવક વ્યાસપીઠ ઉપર નાજુકાઈથી કૂદી પડ્યો. ચોમેર નિહાળી સૌને નમન કર્યું અને સ્મિત કરી તે બોલ્યોઃ "મારા વહાલા ભાઈઓ અને બહેનો અને માતાઓ અને પિતાઓ! આજનો દિવસ ઊજળો છે. આજે આપણે બાલગ્રામ ખુલ્લું મૂકીએ છીએ. આજથી અમે બાળકો આ ગામમાં રહેવા જઈશું. આજે આ બાલગ્રામનું વાસ્તુ છે; એ પ્રસંગે આપણે સૌ એકઠાં થયાં છીએ. આ પ્રસંગે અમે આપ સાનો આશીર્વાદ માગીએ છીએ; અને ઈશ્વરની કૃપા માગીએ છીએ. આજથી અમે તમારા બાંધેલાં મોટાં મકાનોમાંથી, મોટી રિસાયતમાંથી, મોટા ઉપસ્કરમાંથી, એકંદરે મોટાં માટેનું જે જીવન-વાતાવરણ છે તેમાંથી મુક્ત થઈશું અને અમારા જીવનવિકાસને અનુકૂળ એવા વાતાવરણમાં જઈશું. આજથી અમે તમારા પ્રેમની અતિશયતામાંથી તેમ જ તમારા અજ્ઞાનની જડતામાંથી મુક્ત થઈશું. આજથી અમે તમારે માટે નક્કી કરેલા કાયદાઓ, કાનૂનો અને આદર્શોમાંથી મુક્ત થઈશું, અને અમારી નવી પરિસ્થિતિમાં અમે સ્વયંઅનુભવથી જ્ઞાન મેળવતાં સ્વાધીનતા અને સ્વાતંત્ર્યને માર્ગે વિકાસનાં પગલાં માંડીશું, અને અમારા જીવન માટેનું આત્મદર્શન કરીશું."

હું તો દિગ્મૂઢ જ બની ગયો હતો. આ એક નાનો સરખો છોકરો શું બોલી રહ્યો છે એના વિચારમાં મારી જાતનું ને આજુબાજુનું ભાન ભૂલી ગયો હતો. "શક્ય છે કે આવા વિચારો નાનાં છોકરાંઓ દર્શાવી શકે? શક્ય છે કે નવીન ગામમાં નવીન રીતે આ છોકરાંઓ રહી શકે અને નવો જ સમાજ, નવું જ જીવન જગત આગળ ધરી શકે?"

પણ મારી વિચારમાળા એકાએક અટકી, અને મંજુલ બાલસંગીતમાં હું અવર્ણનીય એવી શાંતિમાં ગરકાવ થયો; બુદ્ધિના પ્રદેશની પેલી પારના હાર્દિક સૌંદર્યના પ્રદેશમાં હું વિચરવા લાગ્યો.

સંગીતને અંતે ચોમેરથી પુષ્પોની વૃષ્ટિ થઈ; અને 'કલ્યાણ, કલ્યાણ!' એવા આશીર્વાદનાં વચનો સમગ્ર સમાજમાંથી સરી પડ્યાં.

થોડીક ક્ષણોમાં અમે એક મુખ્ય રસ્તાથી ગામના મધ્ય ભાગમાં આવ્યા. ગામનો મધ્ય ભાગ ગોળાકારે હતો, અને તેમાંથી નિસ્યાઓ જેમ સડકો બધી બાજુઓએ નીકળી હતી. સડકોની બંને બાજુઓએ તગર, અને એવાં નાનાં ઝાડોની વૃક્ષાવલિઓ હતી, અને તેની પાછળ લીલી હરિયાળી જમીનના લાંબા પટ્ટાઓમાં સ્થળે સ્થળે બાજોઠ જેવી ચણેલી બેઠકો યાને ચોતરા હતા. વચ્ચે વચ્ચે છત્રી આકારના તંબૂઓ નીચે બાલપુસ્તકાલયો હતાં. કોઈ પણ ઠેકાણે જાહેરાતનું એક પણ પાટિયું નહોતું, તેમ જ ઉપદેશનું એક પણ વાક્ય નહોતું.

લીલી હરિયાળી જમીનના પટ્ટાની પાછળ એક કેડી હતી; અને કેડીની પાછળ નાનાં નાનાં ફળિયાંઓ, અને દરેક ફળીની વચ્ચે એક એક નાનું ઘર હતું. આ ફળીમાં ફૂલઝાડોનો બાગ, તેની વચ્ચે નાનો એવો કુવારો—હોજ, હોજમાં કમળો અને જળમાં રંગીન માછલીઓ હતી. આવું આંગણું દરેક ઘર સામે હતું. ઘર, અત્યારે આપણાં ઘરો છે તેવડું ઊંચું નહોતું. તેની મોટામાં મોટી દીવાલો સાતથી આઠ ફીટની હતી; મતલબે ઘરો બાળકોને ગમે તેવાં નાનાં હતાં. એક જ સડક ઉપર એક જ લીટીમાં આવેલાં બધાં ઘરો જોતાં વગર પૂછ્યે પણ કોઈ સમજી શકે તેમ હતું કે આમાં નાનાં માણસો રહેતાં હોવાં જોઈએ.

અમે મોટા વર્તુળમાંથી વિખરાયા; અને એકએક બબ્બે મિત્રો સાથે આ નવા શહેરની રચના જોવા નીકળ્યા. મેં મારા મિત્ર સાથે આ પ્રમાણે જોયું. દરેક ઘરની આગળ અંદર પેસતાં પહેલાં હાથમોં ધોવાને માટીનાં વાસણો અને બાદીના ટુવાલો હતા. પગ લૂછીને અંદર જવા માટે દરેક ઘરના ઉંબરાની નજીક ગુણપાટના કટકા હતા. અમે કેટલાંયે ઘરો જોયાં; એક ઘરમાં એક પણ પુસ્તક નહોતું. અમારા આશ્ચર્યનો પાર નહોતો. પ્રશ્નના જવાબમાં દરેક બાળક કહેતું કે અમે પુસ્તકો પુસ્તકાલયમાં જઈને વાંચીએ છીએ; અને અમે ગમે ત્યારે ત્યાં જઈ શકીએ છીએ.

એક ઘરમાં રસોડું નહોતું. બધાના જવાબો એ હતા કે ત્રણ ત્રણ ઘર વચ્ચે અમારું સામાન્ય રસોડું રસોડામેદાનમાં રહે છે, અને ત્યાં જઈને અમે વારાફરતી રસોઈ પકાવીને જમી લઈએ છીએ.

મેં એક છોકરીને પૂછ્યું: "રસોઈ તો તમારે છોકરીઓને જ કરવાની હશે?"

તેણે જરા નવાઈથી પૂછ્યું: "અમારે જ કેમ? અહીં તો અમે સૌ રસોઈ કરીએ છીએ; અમને સૌને રસોઈ આવડે છે. સૌને જેટલું બાવું ગમે છે તેટલું રસોઈ કરવાનું પણ ગમે જ. મોટાંઓના શહેર જેવું અમારું આ શહેર નથી."

હું ઠરી ગયો. દરેક ઘરમાં માણસ પ્રમાણે સૂવાની પાટલીઓ હતી; અને તેના ઉપર નહિ કોમળ નહિ કઠણ, એવી બિછાયત હતી. દરેક ઘરમાં પોતાને મનગમતું એક વાજું હતું, ચિત્ર કરવાનું સાહિત્ય હતું, અને લેખનની સામગ્રી હતી. દરેક ઘર પૂરતી હવા અને અજવાળાથી ભરેલું હતું. તેના પાછલા ભાગમાં

નહાવાનું, તેની પાછળ જાજરૂ, અને તેની પાછળ મેલું નાશ કરવાનું સ્થાન હતું. સ્નાનઘરમાં છંટકાઈને નહાવાનો નળ હતો; સિવાય બીજા બે નળ હતા, જેમાંના એકમાંથી ગરમ અને અને બીજામાંથી ઠંડું પાણી આવતું હતું. એકે સ્નાનઘરમાં કોઈપણ પ્રકારનો સાબુ નહોતો. ઝીણી રેતી, માટી, સૂકાઈ ગયેલાં ગલકાં તેમ જ સુગરીના માળા હતા. જાજરૂ તો હજી વપરાયેલાં જ નહોતાં; એટલે એમને વિષે કંઈ કહેવાનું નથી. ઘરની વચ્ચે ,માટીનાં ફૂલદાનો [ગાગર, ગોળો વગેરે] માં વનનાં અને બાગનાં ફૂલો ભરેલાં હતાં. દરેક ઘરની પશ્ચિમની દીવાલમાં એક ગોખલામાં ધૂપ કરવાની જગ્યા હતી અને તેમાંથી ધૂપ બળતો હતો. ઘરની દીવાલો ઉપર પશુપંખી અને કુદરતના દેખાવોનાં દીવાલચિત્રો હતાં, ને ભોંયતળિયે એક જાજમ ઉપર નાના નાના તકિયાઓ હતા; આ જાજમ ઉપર લેખનસામગ્રી સાથે રંગીન અને સચિત્ર લેખનપીઠો હતી. દરેક ઘરની પૂર્વની દીવાલ ઉપર બાલગ્રામનો વિગતવાળો નકશો હતો. દરેક ઘરમાં બાલગ્રામ સંબંધે બધી માહિતી આપતું પુસ્તક હતું. એમાં તમામ પુસ્તકાલયોનાં પુસ્તકોની યાદી હતી; વસ્તીનાં સ્થાન તથા સંખ્યા હતી; બાલકારોબારીમંડળની વર્ષમાં મળવાની બેઠકોની તારીખો હતી. તેના છેલ્લા પાને સમાજવિકાસના નિયમો હતા: (૧) અહીં કોઈ કોઈથી બીતું નથી કેમકે અહીં શિક્ષક, માબાપ કે દેવોનો ભય નથી. (૨) અહીં કોઈ કોઈથી છુપાવતું નથી કારણકે કોઈ કોઈથી ડરતું નથી, કારણકે કશું છૂપું રાખવાનું કોઈને કારણ નથી. (૩) અહીં કોઈ જૂઠું બોલતું નથી, કારણકે અહીં કોઈ કોઈથી ડરતું નથી, અને બધી ભૂલોને માત્ર અણઆવડત અથવા સરતચૂક ગણવામાં આવે છે. (૪) અહીં કોઈ ચોરી કરતું નથી કારણકે માણસની જે સામાન્ય જરૂરિયાતો છે તેનો ઉપભોગ સૌને માટે ખુલ્લો છે; અને આખા ગામના અને ગામની બધી મિલકતના બધા માલિકો છે. (૫) અહીંના બાગબગીચાઓ સૌના છે, અને તેથી સૌ તેની સંભાળ લે છે. (૬) અહીંના રસ્તાઓ, આંગણાં, તેમ જ બીજી જગ્યાઓ સ્વચ્છ છે અને સૌને હાથે સ્વચ્છ થાય છે કારણકે તે સૌની છે. (૭) અહીં કોઈ ગાળાગાળી કરતું નથી, લડતું નથી અને સૌ સંપીને રહે છે કારણકે ' પ્રેમ ' એ આ નવા ગામનો મંત્ર છે. (૮) જેઓ આ ગામમાં રહેવાને બંધ બેસતાં નથી થતાં તેમને આ ગામમાંથી રજા આપવામાં આવે છે. ફક્ત એવાં જ બાળકો અહીં રહે છે કે જેઓ ઉદ્યોગમાં માને છે, ભાઈચારો રાખે છે અને પોતાને મનગમતી પ્રવૃત્તિમાં રાતદિવસ મચ્યાં રહે છે. (૯) દરેક માણસ પોતાનો રાજા છે. જે માણસ ઉપલા નિયમોને માન આપે છે તે સ્વાધીન છે અને તે આ ગામનો સાચો શહેરી છે. (૧૦) જેમને આ શહેરમાં રહેવું ન હોય તેમને જવાની છૂટ છે; પણ રહે ત્યાં સુધી ઉપરના નિયમોને અનુસરવાનું છે.

કોઈ પણ સુશિક્ષિત અને અત્યંત પ્રગતિ કરેલ સમાજના નિયમોથી પણ ઊંચી જાતના આ નિયમો વાંચી મને થયું કે હું તે શું કલ્પનામાં છું કે જાગું છું ? પરીક્ષા કરવા મેં મારા ગાલ ઉપર ચૂંટી ખણી, અને સાચે જ

મને માલૂમ પડ્યું કે હું કલ્પનામાં હતો; અનહદ આનંદ એ કલ્પનામાં અનુભવી રહ્યો હતો.

પથારીમાં પડ્યાં પડ્યાં મેં મારા મિત્રના ઓરડાની દીવાલ ઉપરના ઘડિયાળ સામે જોયું તો બાર ઉપર ત્રણ ને પાંચ મિનિટ થઈ હતી.

આંખ ચોળી હું બેઠો થયો તેવામાં મારા મિત્રનાં પત્ની મારા ઓરડામાં ચા લઈને આવ્યાં; અને તેમની પાછળ હસતો હસતો મારો મિત્ર આવ્યો અને બોલ્યોઃ "ઊઠો! ચાલો હવે ફરવા જઈએ."

ચા પીતાં પીતાં મેં મારા મિત્રને કલ્પનાની વાત કહી, અને મારી જ ભૂલથી હું જાગી ગયો તેને માટે દિલગીરી બતાવી.

તેણે કહ્યુંઃ "ભલે, ચા પીઓ. કલ્પનાના કંઈ તોટા નથી; બીજી અનેક આવશે."

ગિ.

બાળપ્રવાસો કેમ થાય ?

જ્યાં જ્યાં પ્રવાસ કરવાનો હોય ત્યાં બની શકે તો અગાઉથી જ બધી વ્યવસ્થા કરવી કે કરાવવી જોઈએ, એ આવશ્યક અને અનિવાર્ય છે.

પ્રવાસ પગપાળા કરવાનો હોય તો ચાલી શકે તેવાં જ બાળકોને લેવાં. છતાં બની શકે તો સાથે એકાદ ગાડું રાખવું, જેથી લાંબે ગાળે ચાલતાં કોઈ થાકયું કે માંદું પડ્યું તો મુશ્કેલી ન નડે. સાથે સામાનનું ગાડું હોય તો તેમાં પણ તે વ્યવસ્થા થઈ શકે છે.

પ્રવાસમાં જે જગ્યાએ પહોંચવાનું હોય ત્યાં ઉતારા, પાણી, ભોજન વગેરેની સગવડ પહેલેથી જ કરાવવી જોઈએ.

પ્રવાસમાં જરૂરી વસ્તુઓ જેવીકે સીધું-સામાન, ઠામવાસણ, બત્તી, પાગરણ વગેરે જોઈતા પ્રમાણમાં સાથે રાખવું. ગમે ત્યાંથી મળી રહેશે એમ માનીને બાળપ્રવાસ ન થાય.

પ્રવાસમાં કોઈના મહેમાન થવાનું બને તોપણ ભોજનખર્ચ તો તેમના (યજમાનના) પર ન જ નાખીએ.

પ્રવાસમાં જે જે ગામ ને સ્થળના લોકોએ કે અમલદારવર્ગે આપણને મદદ કરી હોય તેમનો પ્રવાસ પૂરો થયે પાછળથી પત્ર દ્વારા ઉપકાર માનવાનું તો ન જ ચૂકીએ.

પ્રવાસમાં ઊપડતા પહેલાં નાનામોટા તમામ પ્રવાસીઓનાં નામ, કુલ સંખ્યા વગેરે નોંધી લેવાં. પ્રવાસ દરમિયાન તે બધાંનો હમેશાં ત્રણ વખત ગણતરીમેળ કરી લેવો. ઉપરાંત કોઈ પણ સ્થાને પહોંચતા પહેલાં તેમ જ તે સ્થાન છોડતા પહેલાં કુલ સંખ્યા ગણી લેવી, અને સંખ્યા બરોબર પાકે પાયે મળી રહે ત્યાર પછી જ તે સ્થાન છોડવું.

પ્રવાસમાં ઊપડતા પહેલાં બાળકો તેમ જ મોટાંઓને યોગ્ય જરૂરી સૂચનાઓ આપવી; દાખલા તરીકે ક્યાં ક્યારે કેમ વર્તવું, સીટી વાગે ત્યારે બધાંએ ભેળાં થવું, નક્કી કરેલો કાર્યક્રમ કેમ સુંદર રીતે પાર પાડવો, તેમ જ પ્રવાસમાં દરેકે શું શું જોવાજાણવાનું છે, વગેરે તમામ બાબતો અગાઉથી જાહેર કરવી અને બરાબર સમજાવવી.

પ્રવાસમાં ક્યાંય પણ ક્યારેય નાનીમોટી મુશ્કેલીઓ ઊભી થાય તો તેનો તાત્કાલિક નિકાલ

જવાબદાર શિક્ષક કરે, પરંતુ છેવટનો નિર્ણય કરવાનું આચાર્ય કે મુખ્ય વ્યવસ્થાપકને સોંપવું.

પ્રવાસમાં જતા પહેલાં ને પ્રવાસેથી પાછા ફર્યા બાદ બધો સરસામાન તેની કરેલી યાદી સાથે મેળવી જવો; કોઈનો વાપરવા લીધો હોય તો ઉપકાર માની સારી સ્થિતિમાં તે પાછો સોંપવો.

પ્રવાસ દરમિયાન બધાં બાતાંઓની મુખ્ય જવાબદારી ને દેખરેખ તો પ્રવાસસંચાલકે પોતે જ રાખવી.

પ્રવાસ માટે ઉપયોગી સામાન

વાટકા	રસોઈ કે નાસ્તા માટે ઠામ
રકાબીઓ	પ્રાયમસ અને પીન
ડોલ	બાકસ; મીણબત્તી
દોરડું	ફાનસો; બત્તી
હાંડો	ટૉર્ચ (હાથબૅટરી)
ત્રણ ચાર કળશા	અગરબત્તી
લોટી	લાઠી
પ્યાલા (પાણી પીવાના)	કાંટા કાઢવાનું
મોટું પાથરણું	ટિંચર બેન્ઝોઈન
ગરણું	બોરીકનો મલમ
દોરી (જાડી)	વીંછીની દવા
હાથલૂછણાં	૩, પાટા
અરીસા	ક્વીનાઈન કે સુદર્શન
દાંતિયા	બેરડિયું, હાઈડ્રોજન
સાવરણી (મોટી)	પેરોક્સાઈડ, સોડા
ધૂપદાની	બાઇ કાર્બ વગેરે.
ફૂલદાની	છાપાં, પરતી
પોસ્ટકાર્ડ, ટિકીટ,	ચપ્પુ, છરીઓ, કાગળ
કવર વગેરે	પેનસિલ, પેન
ચોક તથા પાટિયું	થેલી
પેચવાળો લોટો	કોથળા
તાળાંકૂંચી	સૂપડી–સાવરણી
સોયદોરા	નોંધપોથી
પ્રવાસનાં સ્થળોનો	સ્કેચબુક
નકશો ને ગાઈડ	શકય હોય તો કેમેરા,
દાંડિયા, ઢોલ,	બાઈનોકયુલર, વગેરે
મંજીરાં વગેરે	

નોંધ: ઉપર લખી સામાનની બાબતમાં પ્રવાસની યોગ્યતા અને જરૂરિયાત સમજી તે પ્રમાણે ઘટતું રાખવું.

બાળકોનો વ્યક્તિગત સામાન

નાની જાજમ	પહેરવાનાં બેથી ચાર
ગોદડી કે નાનું ગોદડું	જોડ કપડાં
ઓઢવાનું (ઋતુ	ટુવાલ,
પ્રમાણે)	બીસા રૂમાલ (બે)
ઓશીકું	હાથલૂછણું
દોરી કે પટ્ટો	પ્યાલો, દાંતિયો, લોટો
બગલ થેલો કે નાની	લાઠી (ઉંમર પ્રમાણે)
ટ્રંક અથવા બૅગ	કચ્છ કે ચડ્ડી
ચંપલ કે જોડા	નોંધપોથી, પેનસિલ
	વગેરે

નોંધ: આમાં પણ બાળકની ઉંમર, શારીરિક સ્થિતિ, વગેરે બધું ધ્યાનમાં લઈ તે પ્રમાણે ઘટતો ફેરફાર કરી શકાય.

બાળકો સંબંધી

બાળકો ઘણાં હોય તો અનુકુળ પડે તેટલી સંખ્યાની ટુકડીઓ પાડવી. તેમાં બાળકોની શારીરિક સ્થિતિ, ઉંમર વગેરે લક્ષમાં રાખી તે પ્રમાણે ટુકડીઓ કરવાથી વધારે સરળતા રહે છે.

બાળકોની દરેક ટુકડી ઉપર એક એક

શિક્ષકને જવાબદાર વ્યક્તિ તરીકે મૂકવો; (અને બાળકોને પણ તે બાબત સમજાવવું.) અને એમ બે પાંચ કે જેટલી ટુકડીઓ હોય તે બધાના શિક્ષકો, આચાર્ય કે પ્રવાસસંચાલકને જવાબદાર હોય.

બાળકો પોતાના કામની નોંધ એટલે કે પોતે દિવસભરમાં શું શું જોયું, પોતાને શું શું સારું ખરાબ લાગ્યું, વગેરે બાબતો પોતાની નોંધપોથીમાં લખે.

પ્રવાસ પૂરો થયે બાળકો તેમ જ શિક્ષકો પ્રવાસઅંક–હસ્તલિખિત માસિક કાઢે એ ઇચ્છવા જેવું ગણાય. તેમાં માત્ર વર્ણનો જ ન આવતાં પ્રવાસને લગતી નક્કર હકીકતો પણ આવે: જેવી કે કુલ ખર્ચ, વ્યક્તિગત ખર્ચ, જુદી જુદી બાબતો માટે થયેલ ખર્ચ, કોણે શી વ્યવસ્થા કરી, કેટલા માઇલની મુસાફરી થઈ, ચાલવાના કુલ કલાકો, આરામના કલાકો, વગેરે ઘણીય બાબતો ટૂંકામાં મૂકી શકાય.

જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં યોગ્યતા પ્રમાણે બાળકોને કામકાજમાં મદદમાં લઈ શકાય–લેવાં.

બાળકોને કયારેય એકલાં આપણી નજર બહાર ન રહેવા દેવાં. એકાદ જણે તો સાથે રહેવું જ રહેવું.

પ્રવાસ દરમિયાન સંગ્રહવા લાયક વસ્તુઓ લાગે તેનો બાળકો સંગ્રહ જરૂર કરી શકે છે. જેવીકે જાતજાતનાં પક્ષીઓનાં પીંછાં તેમ જ ખાલી માળા, જાતજાતની માટી, પથ્થરના ટુકડા, પાંદડાં, ફૂલો, અનાજની જાતોના નમૂના, કોઈ લોકકળાના નમૂના, વગેરે.

પ્રવાસ દરમિયાન કે પછીથી તે બધું અનુકૂળતાએ બાળકોને બતાવીને સમજાવી શકાય. તે વિષે વાતો ચલાવવી. (અપૂર્ણ) વિ.

બાળકો અને સૂચક ચિહ્નો

છેક નાનાં બાળકો જ્યારે બેસવાની શરૂઆત કરે છે ત્યારે ઘરમાં સૌને એક પ્રકારનો બહુ આનંદ થાય છે. બાળકો નવી નવી ચીજો કે માગણીઓ કે પરિસ્થિતિ માટે નવા નવા શબ્દોના પ્રયોગો કરે છે અને તે વડે તેઓ મોટાંઓને પોતાનું મંતવ્ય સમજાવે છે. મોટાંઓ તેમની પરિભાષાઓનો સ્વીકાર કરી તે પરિભાષામાં બોલે છે, તેમના બોલની ગમ્મત કરે છે, અને બાળકોને તે વડે સમજીને તેને અનુકૂળતા કરી આપે છે.

ભાષાના શબ્દો પૂરા બોલી શકાતા ન હોય તોપણ બાળકો પોતાને વ્યક્ત કરવા મથે છે, ભાષા શીખવાનો, પોતાને વ્યક્ત કરવાનો આ ઉત્સાહ કાંઈ જેવો તેવો ન કહેવાય. વળી બાળકો પોતાની ઉપજતબુદ્ધિ વડે શબ્દપ્રયોગો અગર તો સૂચક પ્રયોગો યોજે છે. આ યોજનાશક્તિ બાળકની શક્તિની એક અદ્‌ભુત શક્તિ છે. બાળકને 'વાગે વરઘોડાનાં વાજાં' એ ગીત ગમ્યું હોય તો 'ઘોડા' એવો સૂચક શબ્દ બાળક વાપરે છે; બીજા શબ્દો એને અજાણ છે. વાક્યનો કે કવિતાનો અર્થ તેને સમજાતો નથી, છતાં કવિતા સાંભળવી ગમે છે એટલે જાણીતો શબ્દ 'ઘોડો' તે વાપરે છે અને પોતાનું બધું મંતવ્ય રજૂ કરે છે.

બાળકો તરફ પ્રેમ રાખનારાં કે બાળકોથી નહિ થાકેલાં માબાપો આવી સૂચક ભાષામાં રસ

લે છે, અને બાળકને અનુકૂળ થઈ તેના વિકાસમાં અને આનંદમાં મદદ આપે છે. ઘણાં માબાપો એમાં રસ લેતાં નથી, તેથી તેઓ બાળકને સમજતાં નથી અને બાળકના આવા સૂચક પ્રયોગો નિરર્થક લાગતાં તેઓ માથાકૂટ સમજી બાળકો પર ચિડાય છે. આમાં બાળકોને અને માબાપોને બન્નેને નુકસાન છે. બાળક પોતાને વ્યક્ત કરવામાં અને આનંદ લેવામાં નિરાશ થાય છે, અને આગળ વધવાને બદલે અટકી પડે છે અથવા પાછું પડે છે.

દરેક માબાપે બાળકોની આ કહેવાતી કાલી ભાષા પ્રત્યે બરાબર ધ્યાન આપવું ઘટે છે. બધાં બાળકો એક સરખી સૂચક ભાષા બોલતાં નથી. બાળકો પોતાને વધારે સહેલાં પડે તેવી રીતે સૂચક ચિહ્નો ગોઠવે છે. સૂચક ચિહ્નમાં પોતાનો અનુભવ કે પોતાની ઇંદ્રિયો ને મનની વાસ્તવિકતા હોય છે; અને એવી સ્થિતિ વ્યક્તિગત જ હોઈ શકે છે. આથી સૂચક ચિહ્નોની પ્રમાણભૂત યાદી શક્ય નથી. પણ માબાપોએ આ વાત ધ્યાનમાં રાખી બાળકોનાં સૂચક ચિહ્નનો અર્થ જાણી લેવો ઘટે છે.

ઘણી વાર બાળકો કજિયા કરે છે; તેઓ સૂચક શબ્દ બોલે છે અને આજુબાજુનાં કોઈ સમજતાં નથી. ગેરસમજૂતને લીધે બધાં થાકે છે અને બાળક દુઃખી થાય છે. એવામાં કોઈ કલ્પક ચતુર માણસ સૂચક ચિહ્નનો અર્થ શોધી કાઢી બાળકને રસ્તા પર લાવે છે. બાળક પોતાના કજિયાને માટે દોષપાત્ર નથી; તેને પોતાનાથી બની શકે તેટલી મહેનતથી વ્યક્ત કરવા જેટલું બોલતાં આવડે છે તેનાથી બોલવા જાય છે, પણ બાપણને મોટાંઓને નાની ઉંમરે બોલાતી બાળકોની સૂચક ભાષાનો જ્યાલ નહિ હોવાને લીધે આમ બને છે. બાળકો ઉછેરનાર માબાપોએ જેમ બીજી ઘણી તૈયારીઓ કરવી પડે છે તેમ આ બાબતમાં થોડીક જાગૃતિ રાખવી જોઈએ.

બાળકો શબ્દથી તેમ જ લીંટીથી, વસ્તુઓથી, હાથપગના ચાળાથી પોતાના વિચારો દર્શાવવા મહેનત કરે છે. બાળકો નવી દુનિયામાં આવેલી, અજાણી ભાષા વચ્ચે પોતાનું જીવન ઘડવા મહેનત કરતી, એક પ્રબળ વ્યક્તિ છે એ કદી ભૂલીએ નહિ. ગિ.

દિલ્હી બાલસંમેલન

દિલ્હી બાલસંઘના આશરા નીચે એપ્રિલ માસની તા. ૨૪, ૨૫, ૨૬ એમ ત્રણ દિવસ એક બાળકોનું સંમેલન ભરાયું હતું.

એક હજાર ઉપરાંત બાળકો તેમાં કિલકિલાટ કરતાં હતાં. સંમેલનનું સ્થળ પરદાણાગ રાખવામાં આવ્યું હતું. ત્રણે દિવસ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

કાર્યક્રમોમાં 'વીર અભિમન્યુ' અને 'રોમન્સ વિ. અંગ્રેજ' એ મુખ્ય હતા. ઇન્દ્રપ્રસ્થ કન્યા હાઇસ્કૂલની વિદ્યાર્થિનીઓએ એક નાટક ભજવ્યું હતું. આ બધા કાર્યક્રમોની પાછળ એક જ સૂર ગુંજતો હતો કે શિક્ષણની આજની નીરસ અને આત્મઘાતક પ્રથા જવી જોઈએ.

શ્રીમતી વિજયલાલ નેહરૂ તા. ૨૪મીએ પ્રમુખસ્થાને બિરાજ્યાં હતાં. તેઓ વ્યાખ્યાન

કરતી વખતે ખૂબ ખુશમિજાજમાં આવી ગયાં હતાં. તેમણે જણાવ્યું હતું કે આટલાં બધાં બાળકોની વચ્ચે બે શબ્દો બોલતાં મને અત્યંત આનંદ થાય છે. હું ઇચ્છું છું કે કેળવણીની સંસ્થાઓ અને મ્યુનિસિપાલિટીઓ બાળકોનાં આવાં સંમેલનો યોજવામાં પોતાનો સાથ આપે અને બાલવિકાસના એક આવશ્યક અંગને વિકસાવે. તેમણે તો કહ્યું હતું કે બાળકોને માટે ક્રીડાંગણો સ્થપાય અને કેળવાયેલી બહેનો એનું સંચાલનકાર્ય ઉપાડી લે.

તા. ૨૫મી એ લાલા શ્રીરામ પ્રમુખપદે બિરાજવાના હતા, પરંતુ તેમની ગેરહાજરીમાં શ્રી. અસફઅલીએ તે સ્થાન શોભાવ્યું હતું. શ્રી. અસફઅલી વડી ધારાસભાના સભ્ય છે. તેમણે ભાષણ કરતાં જણાવ્યું હતું કે મારી જિંદગીમાં પહેલી જ વાર હું બાળકોની આવડી મોટી સંખ્યા વચ્ચે આવ્યો છું. સંમેલનોની આ યોજના ઉત્તમ છે અને અત્યંત લાભકારી છે. તેમણે જણાવ્યું: " આવાં સંમેલનો વાર્ષિક શા માટે હોય? દર અઠવાડિયે બાળકો વિશાળ સંખ્યામાં ભેગાં મળવા અને આનંદ કરવા શા માટે ન મળે? અઠવાડિયે ન બની શકે તો મહિને, પણ જેમ બને તેમ વધુ વખત આવાં સંમેલનો યોજવાં જોઈએ. બાળકો તો એવા આત્માઓ છે કે જેમાં રાષ્ટ્રની ઉજ્જવળતા અને મહત્તા છુપાઈ રહેલી છે. બાળકોના સર્વદેશીય વિકાસ માટે જેટલું થાય તેટલું ઓછું ગણાય. "

ત્યાર બાદ મિજલસ ચાલી હતી. મિજલસ વખતે પ્રમુખસ્થાને કુ. ક્રિશ્નપિયારી (ઉંમર વર્ષ ૧૦) હતાં. મીઠાઈ વહેંચવામાં આવી હતી અને મંત્રી શ્રી. પદમચંદે આભારપ્રદર્શનનો ઠરાવ રજૂ કર્યો હતો.

સંમેલનમાં શ્રી. ગિજુભાઈનો સંદેશો વંચાયો હતો. તેમાં હતું:—

મારાં વહાલાં દિલ્હીનાં બાળકો! તમારાં દૈવી સુખો અને આધ્યાત્મિક આનંદોનો ભાગીદાર થવા હું તમારી વચ્ચે આવી પહોંચ્યો હોત તો ઘણું સારું થાત એમ મને લાગે છે.

હું તે તમને શો સંદેશો આપું? ઊલટું તમારે અમને એવો સંદેશો આપવો જોઈએ કે જેથી અમે તમારા તરફ એવી રીતે વર્તીએ કે પરિણામે ભાવિ પ્રજાઓ આજના મુરબ્બીઓની સ્વમતાગ્રહી અને આપખુદ સત્તામાંથી મુક્ત થાય.

માબાપો અને શિક્ષકો કોઈ સમજશે કે તમે પણ સ્વતંત્ર વ્યક્તિઓ છો, અને એ રીતે તમે મોટાંઓનાં માન અને આદરને પાત્ર છો?

હું ઇચ્છું છું કે તેઓને એ વસ્તુનું ભાન થાય કે તમે માબાપ, સમાજ કે બીજી કોઈ સત્તાની માલિકીનાં નથી. તમે જ્ઞાતિ, પંથ, ધર્મ અને મનુષ્યોએ કરેલા પૃથ્વીના વિભાગોથી પર છો.

માબાપો અને કેળવણીકારો તમારા તરફ ભાવિ એક માત્ર આશાથી જોતાં શીખશે, અને તેઓ આજના વિપથગામી કેળવણી, સમાજ અને ફિલસૂફીના પ્રવાહોમાંથી મુક્ત રાખવાની દરકાર કરશે?

આપણને આ સંમેલનમાં એવું ભાન થાય કે આખા જગત પર આપણે સૌ ભાઈઓ છીએ. અને જ્યારે આપણે મોટાં થઈશું ત્યારે આપણે એ સર્જનહાર કે જે એક જ આપણા સૌનો પિતા છે તેનાં બાળકોનાં ઐક્ય માટે પ્રયત્નો કરીશું.

માબાપોને પ્રશ્નો

નોંધઃ એક અંગ્રેજી પુસ્તકને આધારે આ પ્રશ્નાવલિ અહીં ઉતારી છે. આપણા ઘરમાં વસતાં બાળકો સંબંધે માબાપો પોતાની જાતને જ પ્રશ્નો પૂછશે તોપણ તેઓ બાળકોને સમજવા તરફ વળશે એવી અમારી માન્યતા છે. માબાપો આ પ્રશ્નોના ઉત્તરો અમને લખી મોકલશે તો તેમના અમે આભારી થઈશું, અને માબાપની ઇચ્છા હશે તો અમે માબાપોને તેમના બાળકો સંબંધે જણાવવા જેવું જણાવશું—**તંત્રીઓ.**

પ્રશ્નો

૧ બાળકનું નામ, જન્મતિથિ અને સ્થળ, પિતાનું (અથવા માતાનું) પૂરેપૂરું સરનામું અને ધંધો.

ક બાળકનો શારીરિક વિકાસ

૨ બાળકના જન્મ વખતે માબાપની ઉંમર.

૩ માંબાપ જીવે છે ?

૪ નથી તો બાળકની સંભાળ કોણ લે છે ?

૫ કેટલી ઉંમરે બાળક ચાલતાં શીખ્યું ?

૬ કેટલી ઉંમરે બાળક બોલતાં શીખ્યું ?

૭ બાળકને કોઈ જાતની શારીરિક ખામી અથવા નબળાઈ કે ટૂંકી નજર, બહેરાપણું, ડાબેરુપણું, જીભ ઝલાવી, એવું કાંઈ છે ?

૮ અત્યાર સુધીમાં કયા કયા રોગો થઈ ગયા છે ? કઈ ઉંમરે ?

૯ ડૉક્ટરે કંઈ એને માટે ખાસ ભલામણ કરી છે ?

૧૦ બાળકને કોઈ જાતનું માદક પીણું આપો છો ? આપો છો તો કયું ? કેટલું ?

ખ બૌદ્ધિક વિકાસ

૧૧ અત્યાર સુધી બાળક કોની દેખરેખ નીચે રહ્યું છે ?

૧૨ એને ભાઈબહેનો છે ? છે તો કેટલાં ? કેટલી ઉંમરનાં ?

૧૩ બાળક મોટાં માણસો સાથે વધારે વખત રહે છે ?

૧૪ બાળક ઝાઝો વખત ઘર બહાર રહ્યું છે ? ફરવામાં કે નાની મુસાફરી કરવામાં એણે વખત ગાળ્યો છે ?

૧૫ બાળકે કોઈ અગત્યના બનાવો પોતાની નજરે જોયા છે ? જોયા છે તો કઈ જાતના ?

૧૬ બાળક કિન્ડરગાર્ટન, મોન્ટીસોરી કે ધૂળી નિશાળમાં ગયેલું છે ?

૧૭ પેનસિલકલર કે વૉટરકલરથી પોતાની મેળે ચિત્રો દોરે છે ?

૧૮ કહેવતો, પ્રાર્થના કે ગીતો જાણે છે ?

૧૯ ગણતાં આવડે છે ? કેટલે સુધી ? રંગો વચ્ચેના ભેદો પારખી શકે છે ?

૨૦ વારંવાર ‘ શા માટે ? ’ અથવા તો ‘ એમ કેમ બન્યું ? ’ એમ પૂછે છે ?

૨૧ તેના જીવનમાં બનેલા પ્રસંગો તેને યાદ રહી શકે છે ?

૨૨ કોઈ ઉદ્યમ તરફ ખાસ શક્તિ હોવાનું લક્ષણ બતાવે છે ?

૨૩ તે બીજી ભાષા બોલે છે ? અને જો બોલે છે તો પોતાની માતૃભાષા કરતાં વધારે સારી રીતે બોલે છે ?

ગ લાગણીપ્રધાન જીવન

૨૪ હર્ષ કે શોકની એના પર જલદી અસર થાય છે ?

૨૫ તે બીકણ છે ? શાનાથી બીએ છે ?

૨૬ વધારે પડતું રડે છે?

૨૭ તેને સંગીત ગમે છે?

૨૮ તે શાંતિપ્રિય છે?

૨૯ તે નમ્ર છે? પશુઓ તરફ માયાળુ છે?

ઘ આત્મનિષ્ઠા અને પ્રવૃત્તિ

૩૦ પોતાની શારીરિક હાજતોને બરાબર સંભાળી શકે છે? કોઈ વાર પથારીમાં મૂતરે છે?

૩૧ તેને કઈ કઈ ટેવો છે?

૩૨ પોતાની મેળે કપડાં પહેરી શકે છે? પોતાનાં કપડાં જાતે ધોઈ શકે છે?

૩૩ હજી તેને મદદની જરૂર પડે છે? પડે છે તો શામાં?

૩૪ પોતાની મેળે એકલું જ આનંદ મેળવે છે કે કોઈ રમનાર સાથી જોઈએ છીએ?

૩૫ એક રમતમાંથી તે એકાએક બીજી રમત રમવામાં રોકાઈ જાય છે?

૩૬ તેને હમેશાં કાંઈક નવું જોઈએ છે?

૩૭ બધાં રમકડાંઓને ઊંચકીને કોઈ વાર એક બાજુ મૂકી દે છે?

૩૮ જલદી નિર્ણય કરી શકે છે કે લાંબો વખત વિચાર કરે છે?

૩૯ તેને સહેલાઈથી દોરી શકાય છે કે પોતાનું ધાર્યું કરવા માગે છે?

૪૦ એની મરજી વિરુદ્ધ થાય તો તે શું કરે છે?

મોં.

શિક્ષણ સમાચાર

—શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં ઉનાળાની રજાઓ પડી છે. બાલમંદિર આશરે ૨૦મી જૂને ઊઘડશે.

—ઇંદોર સ્ટેટ તરફથી આવેલાં બેન તુલસાબેન અધ્યાપનમંદિરનો અભ્યાસ પૂરો કરી પ્રમાણપત્ર મેળવી ઇંદોર ગયાં છે. બીજા એક ભાઈ વાઘજીભાઈ પણ ત્રણ માસ રહી પ્રમાણપત્ર મેળવી હાલ તરવડા ગયા છે.

—નળિયા (કચ્છ) માં તા. ૨૨–૨૩–૨૪ મેના દિવસોમાં શ્રી. ચુનીલાલ નારણજી શાહના પ્રમુખપદે દ્વિતીય કચ્છ છાત્રાલય સંમેલન તેમ જ નૂતન શિક્ષણ સંમેલનની બેઠકો મળી હતી.

—લુણાવાડા સ્ટેટે હમણાં જ બહાર પાડેલા પોતાની પ્રાથમિક શાળાઓના અભ્યાસક્રમમાં નવીન કેળવણીના સિદ્ધાંતોને આવકાર આપ્યો છે અને શક્ય એટલો અમલ ચાલુ કર્યો છે.

—વીલેપારલે નૂતન બાલશિક્ષણ મંદિરને સ્થાનિક સ્ત્રીમંડળ તરફથી એક મકાન મફત મળ્યું છે, જેમાં હવે નવા સત્રથી બાલમંદિર ચાલશે.

—શ્રી. કમળાબેન પારેખ માટુંગા બાલમંદિરમાં પાછાં જોડાયાં છે.

—ગ્રામ અધ્યાપનમંદિરના એક વિદ્યાર્થી ભાઈ દુર્લભજી જોષીએ બોટાદમાં એક બાલમંદિર–બાલશાળા પમી મેથી શરૂ કરી છે.

—શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિસંમેલનમાં એક પેટા વિભાગ સંમેલન તરીકે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓનું સંમેલન થયું હતું. જેમાં અધ્યાપનમંદિરનાં કુલ ૫૧ જેટલાં ભાઈબહેનોની હાજરી હતી. અધ્યાપનમંદિર વિભાગીય સંમેલનની બેઠક સંમેલનના બીજા દિવસે તા. ૪–૫–૩૭ સવારના ૮–૦થી ૯–૦

સુધી ચાલી હતી, જે વખતે શ્રી. ગિજુભાઈનું અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને લખાયેલું એક ભાષણ વાંચવામાં આવ્યું હતું. (જે શિક્ષણ પત્રિકાના વૈશાખ માસના અંકમાં છપાઈ ગયું છે.) ત્યાર બાદ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ અને ગિજુભાઈ વચ્ચે પ્રાસંગિક વાર્તાલાપ ચાલ્યો હતો.

—સંમેલનને અંગે હાજર રહેલા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓએ નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા હતા જેને શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિસંમેલનની સામાન્ય સભાએ બહાલી આપી હતી.

ઠરાવો

—૧ અત્યારે ચાલતા નવીન બાલમંદિરોના ઉપયોગને માટે એક બાલગીત સંગ્રહની આવશ્યકતા છે એમ માનીએ છીએ. પ્રમુખશ્રી સાથે ભાઈ ઇન્દુપ્રસાદ ભટ્ટ, મૂળજીભાઈ ભક્ત, અને હિંમતલાલ મર્થકનાં નામો એ માટે સૂચવીએ છીએ, અને તે ભાઈઓ એ કામ ઉપાડી લેશે એવી આશા રાખીએ છીએ.

—૨ નવીન શિક્ષકના દૃષ્ટિબિંદુને વધુ વિશાળ બનાવવા પ્રયાસની અગત્ય સ્વીકારીને અમે એમ માનીએ છીએ કે અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થી ભાઈબહેનોએ વર્ષમાં એક વાર તો જરૂર શિક્ષણ વિષયક સામુદાયિક પ્રવાસ યોજવો જોઈએ.

—૩ જુદાં જુદાં બાલમંદિરોમાં કામ કરતાં આપણાં ભાઈબહેનો એકબીજાના અનુભવોનો લાભ ઉઠાવી શકે એવી અનુકૂળતા થાય એ ઇચ્છવા જેવું છે, અને તે માટે બાલમંદિરોના કામદારોની અંદર અંદર અદલાબદલી થયા કરે તે બહુ ઉપયોગી થઈ પડે એમ માનીએ છીએ. અને આવી અનુકૂળતા કરી આપવા અમે બાલમંદિરના સંચાલકોને વિનંતી કરીએ છીએ.

—૪ શ્રીદક્ષિણામૂર્તિએ બાલમંદિર ચલાવીને બાળકેળવણીના અખતરા કરી જે અનુભવ મેળવ્યો છે તે પ્રજા આગળ લેખિત સ્વરૂપે મુકાય તો બાલશિક્ષણના કાર્યને મદદરૂપ થઈ પડે એમ અમારું માનવું છે.

—૫ બાળકોને માટે માસિકો, પાક્ષિકો, તેમ જ ગઠવાડિક બાલવિભાગો પ્રગટ થાય છે. તેથી આગળ વધીને અમે એમ માનીએ છીએ કે બાલસાહિત્યની સંપૂર્ણ ખિલવટ માટે એક સ્વતંત્ર અઠવાડિકની જરૂર છે. એ માટે યોગ્ય કરવા અમે શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરને વિનંતી કરીએ છીએ.

—જૂના નવા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને બાલશિક્ષણનું અદ્યતન જ્ઞાન મળતું રહે એ માટે શિયાળા અથવા ઉનાળાની રજામાં એક વિશેષ જ્ઞાનવર્ગ ચલાવવો જોઈએ એવો અમારો મત છે.

—૭ નવીન શિક્ષણની દૃષ્ટિએ પ્રાથમિક શાળાના અને તેથી પણ ઉચ્ચ કક્ષાના શિક્ષણ માટે જોઈતા દરેક વિષયના શિક્ષણ સાહિત્ય તૈયાર કરવા અથવા કરાવવાની અમે તે તે વિષયોમાં યોગ્યતા અને રસ ધરાવનારાઓને ભલામણ કરીએ છીએ.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી,

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી અંક)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૫ મો
અશાડ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

જ્યાં સુધી ગામડાનાં બાળકો ધૂળમાં આળોટતાં, ધૂળમાં રમતાં, નાકમાં લીંટવાળાં, આંખમાં ચીપડાવાળાં અને શરીરે 'હાથપગ દોરડી ને પેટ ગાગરડી' જેવાં છે—

જ્યાં સુધી ગામડાનાં બાળકોનાં શરીરો નહાયા વિના ફૂગીવાળાં છે, જ્યાં સુધી તેમનાં માથાંમાં જૂઓ છે, આંખમાં સાવાં છે, વધેલા નખમાં મેલ છે, અને કાનમાંથી પરુ વહે છે—

જ્યાં સુધી ગામડાનાં બાળકો પાણી વિના શૌચ જાય છે અને શેરીની ધૂળનાં ગંદાં રજકણોનો બોરાક તેમના પેટમાં જાય છે—

ત્યાં સુધી બાળકોની કેળવણીની શરૂઆત પણ થઈ નથી.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] અશાડ ૧૯૯૩ [અંક ૫

સારી નિશાળ

આપણે આપણાં બાળકોને સારી નિશાળે બેસાડવાં જોઈએ. સારી એટલે અલબત્ત સારી. પણ એ 'સારી' નક્કી કોણ કરે? આપણે કે બાળકો?

આપણે તો ચાલુ નિશાળને સારી જ કહીએ છીએ કેમકે આપણે તે જ નિશાળને ઓળખી છે અને જાણી છે. આપણે પણ તેમાં જ ભણ્યાં છીએ. આપણે ચાલુ નિશાળને સારી કહીએ છીએ કેમકે શાળાના શિક્ષક આપણા ઓળખીતા છે, ગામના ઓળખીતા છે, નાતમાં પુછાય છે, સગેવહાલે મોટા છે, ઠાવકા છે, વગેરે.

પણ ખરી રીતે નિશાળ સારી કે નહિ સારી તેનો નિર્ણય બાળકે–ભણનારે કરવો જોઈએ, અને તે કરી શકે. જેને ભણવું છે તેને જો નિશાળ અકારી લાગે તો તે અકારી છે; જેને ભણવું છે તેને જો નિશાળ સારી લાગે તો જ તે સારી છે.

જ્યારે ભણનારાંઓને ટાંગાટોળી કરીને નિશાળે પહોંચાડવાં પડે ત્યારે ઉઘાડી રીતે સમજી શકાય તેવું છે કે ભણનાર માટે નિશાળ સારી નથી.

જ્યારે બાળકોને પરાણે નિશાળે મોકલવાં પડે કે ફોસલાવીને નિશાળે કાઢવાં પડે ત્યારે પણ નિશાળ સારી નથી. નિશાળ માત્ર ત્યારે જ સારી છે કે જ્યારે ભણનારાં હોંશે હોંશે ત્યાં જવા તૈયાર થાય; હોંશે હોંશે ત્યાં જવા માટે ખાવાનું પણ છોડી દે. જ્યારે ભણનારની નિશાળ પડે ત્યારે કળીએ કળીએ જીવ કપાય, જ્યારે ભણનારનું ભણતર પડતાં એટલે કે નિશાળ પડતાં દુઃખ થાય, જ્યારે નિશાળે ન જવાનું કહેવામાં ભણનારને સજા જેવું થાય, ત્યારે સમજવું કે ભણનારની તે નિશાળ તેને માટે સારી છે.

નિશાળના સારાપણા માટે ગમે તેમ લોકો માનતા હોય કે શિક્ષક માનતા હોય, પણ જ્યાં સુધી બાળકો દોડી દોડીને રાજી થતાં થતાં નિશાળે જાય નહિ ત્યાં સુધી તે નિશાળ સારી નથી.

માબાપોએ પોતાનાં બાળકોને એવી નિશાળમાં મૂકવાં કે જે નિશાળો તેમને એટલે બાળકોને માટે સારી હોય. ગિ.

અ · નુ · ક્રે · મ

૭૦ સારી નિશાળ . . . ગિ.
૭૧ શ્રી. ગિજુભાઈ સન્માન થેલી છલકાવશો? . . . ...
૭૨ પ્રશ્નોત્તર . . . . . ગિ.
૭૩ તો હું તને ચાહીશ નહિ . ગિ.
૭૩ ઘરના પડઘા . . . . વિ.
૭૫ શિક્ષકોનાં કામ . . . વિ.
૭૭ માનસપ્રથક્કરણશાસ્ત્રી . . મોં.
૭૭ કલ્પનાની દૃષ્ટિ. . . . ગિ.
૮૨ મારાં બાલપણનાં સંસ્મરણો ...
૮૪ બાળકોના મુખમાંથી. . શં.
૮૪ શિક્ષણ સમાચાર . . . તં.

શિક્ષણ પત્રિકાના ગ્રાહકો !

શ્રી. ગિજુભાઈ સન્માન થેલી છલકાવશો ?

આપ સૌ જાણતા તો હશો જ કે શ્રી. ગિજુભાઈને એક 'સન્માન થેલી' અર્પવાની પ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી છે. ગુજરાતના દરેક સ્થળેથી આ પ્રવૃત્તિને આવકાર મળવા લાગ્યો છે. શ્રી. ગિજુભાઈએ શિક્ષણ પત્રિકા દ્વારા આપની અનેક પ્રકારે સેવા કરી છે. પત્રિકાના અંકો બહાર પાડતી વખતે તેમણે ટાઢ કે તડકો જોયાં નથી. રાતદિવસના ઉજાગરા પણ તેમના પ્રવૃત્તિશીલ જીવનને લીધે પત્રિકાના અંકો કાઢવા માટે તેમને ઘણી વખત કરવા પડ્યા છે. કેટલીય વખત તો માંદગીના બિછાનેથી તેમણે અંકો કાઢ્યા છે.

શિક્ષણ પત્રિકા દ્વારા આપનાં બાળકોના અનેક પ્રશ્નો ઉકેલવાની બાળકેળવણીની સાચી દૃષ્ટિ આપને શ્રી. ગિજુભાઈએ આપી છે.

તેમને સન્માનવા આજે ગુજરાત તૈયારીઓ કરે છે. શિક્ષણ પત્રિકાના પાંચ હજાર ગ્રાહકો ધારે તો ઘડીકમાં 'થેલી' છલકાવી દે. 'સન્માન થેલી' ના કાર્યકર્તાઓનો સંકલ્પ ઓછામાં ઓછા 'દસ હજાર' એકઠા કરવાનો છે. આ સંકલ્પ તેમણે તમારા પર પણ નજર ઠેરવીને કર્યો છે.

આપ ધારો તો આ અંક બહાર પડતાંવેંત જ દસ હજારથી થેલી છલકાવી દો. અને શિક્ષણ પત્રિકાના લગભગ સોએક સદ્ધર આજીવન-સભ્યોને તો પ્રભુએ સારી સ્થિતિમાં મૂકેલ છે. 'થેલી' ની રકમ ગુજરાતનાં બાળકો માટે જ ખર્ચવાનો શ્રી. ગિજુભાઈનો સંકલ્પ છે તે આજે સૌ કોઈ જાણે છે. તમામ આજીવનસભ્યોને અમારી વિજ્ઞપ્તિ છે કે આ અવસરે તેઓ શ્રી. ગિજુભાઈ તરફનો આદર દર્શાવવામાં પાછા ન પડે.

સવિતા નિવેદી બી.એ.
શારદામંદિર, અમદાવાદ
પોપટલાલ ચૂડગર
બાર-એટ-લો, રાજકોટ

તારીખ. ૨૪-૬-૩૭

પ્ર શ્નો ત્ત ર

પ્રશ્ન. અક્ષરોની જોડીને બદલે બાળકને સીધા જ ખ, લ, ત, જ, પ, વ વગેરે અક્ષરો આપી શકાય ? તેથી તે ઉપરથી તરત શબ્દો બનાવવાની અનુકૂળતા રહે છે.

ઉત્તર. આપ માગો છો તે ખ, લ, ત, જ, પ, વ, એમ અક્ષરો સીધા આપવા નહિ. જોડી અક્ષરો શા માટે આપવામાં આવે છે એનું રહસ્ય આ પ્રમાણે છે. બાળકો કે મોટાંઓ સરખામણી, વિરોધ કે ક્રમ વડે જ્ઞાન લે છે. બે વસ્તુ વચ્ચે કાં તો સામ્યપણું બતાવીએ, કાં તો વિરોધ બતાવીએ, કે બેથી વધારે વસ્તુમાં ક્રમ બતાવીએ તો તેનું જ્ઞાન સરલતાથી થાય છે. મગજનો ધર્મ જ્ઞાન આ પ્રમાણે લેવાનો છે, એવું માનસશાસ્ત્રીઓને માલૂમ પડ્યું છે. આથી અક્ષરોની જોડી કરવાથી અક્ષરમાં રહેલ વિરોધ (આકાર તથા ઉચ્ચારનો)ના કારણે બંને અક્ષરો યાદ રહે છે.

વળી જે શાળામાં ઇંદ્રિયોનો વિકાસ કરવાનાં સાધનો વપરાતાં હોય તે શાળામાં તો પ્રથમથી જ બાળકોને સામ્ય, વિરોધ અને ક્રમના ધોરણે ઇંદ્રિયગમ્ય અનુભવો કરાવાય છે, તેમ જ અનુભવોને નામ, સંજ્ઞા કે ગુણ આપવામાં આવે છે. એ રીતે ચાલનાર શાળામાં તો અક્ષરોની જોડીથી શીખવું એ જ યથાર્થ છે. શબ્દો બનાવવાની અનુકૂળતા વહેલી તકે જોઈતી હોય તો શરૂઆતમાં અક્ષરોની જોડીઓ એવી પસંદ કરવી કે તે અક્ષરોમાંથી શબ્દો વહેલી તકે બને. અને જરૂર તેમ બની પણ શકે છે. એની ખાતરી જોડીઓ ઉપર નજર કરવાથી થશે. વળી અક્ષરોની જોડીઓ કરવાનું ધોરણ અક્ષરોના અવાજો તથા આકારોના વિરોધનું છે. એટલે એ ધોરણ ધ્યાનમાં રાખી ઝટપટ શબ્દો બની શકે તેવી જોડીઓ ગોઠવી શકાય. યોજવામાં આવેલી જોડીઓ પ્રમાણે જ ચાલવું એમ નથી; પણ તેનું ધોરણ ધ્યાનમાં રાખવું.

વળી અક્ષરો શીખવવા અને તેનો ઉપયોગ કરવો એ બે વાત જોખી જોખી છે. એટલે તેના ઉપયોગ સામે નજર રાખી અક્ષર શીખવવાની રીત ગ્રહણ કરવી ન જોઈએ. અક્ષર સારી રીતે કેમ શીખવાય, અર્થાત્ અક્ષરો સારી રીતે કેમ યાદ રહે એ વસ્તુ અક્ષરો શીખવવામાં પ્રધાનપણે હોવી જોઈએ.

છૂટા છૂટા ગમે તે અક્ષરો શીખવવામાં શબ્દો ઝટ બનશે, પણ તેવા શબ્દો આખરે તો થોડા જ બનશે. તેવા થોડા શબ્દો માટે અક્ષર-શિક્ષણપદ્ધતિમાં ફેરફાર કરવો એ બરાબર નથી.

એમ કોઈ વિચારે કે બાળક ઝટઝટ શબ્દો વાંચવા માંડે તો તેને આગળ જતાં અક્ષરો શીખવાની મજા પડવા માંડે, કેમકે વાચનનો હેતુ તેની સામે આવવાથી અક્ષરજ્ઞાન વધારવાની ઇચ્છા તીવ્ર બને. આ વિચારને જ્યાં અક્ષરજ્ઞાન ઇંદ્રિયવિકાસને અંતે એક સ્વાભાવિક પરિણામ છે, અને જ્યાં અક્ષર શીખવા એ સ્વતઃ સ્પર્શ તેમ જ બીજી ઇંદ્રિયોને આનંદરૂપ છે, ત્યાં સ્થાન નથી. પણ જ્યાં અક્ષર શીખવા એ સ્વતઃ જ આનંદ ન હોય ત્યાં જ કદાચ આ વિચારને સ્થાન હોઈ શકે કે અક્ષર ગમે તેમ કરીને ઝટઝટ શીખવવા જેથી બાળક

વાચનના રસમાં પ્રવેશ પામે.

વાચનમાં રસ છે અને અક્ષર શીખવામાં રસ નથી એ વાત ખોટી છે. નાની ઉંમરનાં બાળકો તો માત્ર અક્ષરો ખાતર જ અક્ષરો શીખવામાં રસ લે છે એ પ્રત્યક્ષ અનુભવ છે. આશા રાખવામાં આવે છે કે આટલો ખુલાસો બસ થશે. ગિ.

તો હું તને ચાહીશ નહિ.

"તો હું તને ચાહીશ નહિ." એમ કહીને બાળકને વશ કરનાર બાળકને અને પોતાને સમજતો જ નથી.

"તો હું તને ચાહીશ નહિ." એમ કહેનાર પોતાના પ્રેમનો વેપાર કરે છે; તે પ્રેમને વટાવવા નીકળે છે. જે પ્રેમ વટાવવા નીકળે છે તે પ્રેમ નથી પણ પ્રેમને નામે સ્વાર્થ છે.

શિક્ષક કે માબાપનો સાચો પ્રેમ સ્વભાવતઃ જ બાળકને ચાહે છે. "તો હું તને ચાહીશ નહિ." એવું વાક્ય સત્ય પ્રેમના મોંમાંથી આવી જ શકે નહિ.

"તો હું તને ચાહીશ નહિ." એવાં વાક્યોથી બાળકને દુઃખ થાય છે, અને પોતે પ્રેમનું પાત્ર મટી ન જાય માટે જે માણસ આવું વેપારી વાક્ય બોલે છે તેની ઇચ્છાને અનુસરવા પ્રયત્ન કરે છે. આમાં જો કોઈની મહત્તા, સરલતા અને ઉચ્ચતા હોય તો તે બાળકની છે.

પણ બાળકમાં એક અદ્‌ભુત અંતઃશક્તિ છે કે તે કોઈથી પણ લાંબો વખત ઠગાતું નથી. તેને થોડા જ વખતમાં ખબર પડે છે કે "તો હું તને ચાહીશ નહિ." એમ કહેનાર પાસે પ્રેમ છે જ નહી. તે તો પોતાનો સ્વાર્થ સાધવા પ્રેમનો દંભ કરે છે.

ગિ.

ઘૂરનો પડઘો

"આવતી કાલે રાજવાડી ફરવા જવાનું છે. જેને આવવું હોય તે તૈયાર થઈ રહેજો. રોજ કરતાં બટારો-અર્ધો કલાક વહેલો આવશે." ખબર સાંભળીને બાળકો ઊંચાંનીચાં થઈ ગયાં.

"એ...ઈ! કાલે રાજવાડી ફરવા જશું." આખો રસ્તો ઘર સુધી પહોંચ્યાં ત્યાં સુધી—

"રાજવાડી ફરવા જા...શું.
રાજવાડી ફરવા જા...શું.
કાલે રાજવાડી ફરવા જા...શું."

એમ બાળકોએ તો નાનું એવું સુંદર જોડકણું બનાવ્યું.

જ્યોત્સ્નાબેનની બા બારણામાં ઊભાં હતાં. તેમણે પૂછ્યું: "કેમ, શું છે? આજે તો બહુ આનંદમાં છો?"

"એ....જો! અમે તો છીએને, કાલે રાજવાડી ફરવા જવાનાં છીએ. મને ઝટઝટ બાવા દે. પછી હું સૂઈ જઉં. મને સવારે વહેલી ઉઠાડજે, હોં! કાલે તો વહેલું વહેલું જવાનું છે."

"કોણ કોણ જશો?"

"જો; હું, ભગુભાઈ, વિનોદબેન, જેસંગભાઈ, હીરાભાઈ, સવજીભાઈ આવશે તો ઈ, ને બાલમંદિરનાં બધાંય છોકરાં. કાલે તો અમે બધાંય વહેલાં વહેલાં તૈયાર થઈ જશું."

"ઠીક ત્યારે. હમણાં ખીચડી ચડે છે; થોડી

વાર બહાર રમો.”

રમતાં રમતાં પાસે રહેતા વિજુભાઈને જ્યોત્સ્નાબહેન કહી આવે છેઃ “જો, વિજુભાઈ! તમારી બાને કહેજો, વહેલા ઉઠાડે. નહિતર આપણે માટે ખટારાને ઊભા રહેવું પડશે, ને મોડું થશે. તમે ઊઠોને, ત્યારે મારે ઘેર બબર કાઢી જજો, ને હું ન ઊઠી હોઉંને, તો ઉઠાડી જજો, હો?”

“અને હું ન ઊઠયો હોઉં તો તમે મને ઉઠાડી જશોને?”

“હા.” બંને એકબીજાને તાળી દઈને જુદાં પડ્યાં.

જ્યોત્સ્નાબહેનની ભાભીએ પૂછ્યુંઃ “આજે તો બહુ વહેલાં ઊઠ્યાં છો?”

“અમારે રાજવાડી જવું છેને, એટલે.”

એ તો બનીઠનીને એટલે બેઠાં છે ત્યાં સામેથી વિજુભાઈ પણ આવ્યા.

આઘેથી ભોં ભોં કરતો ખટારો આવ્યો, અને બેસી ગયાં. એના મોઢા ઉપર તો વિશ્વાસનો જ આનંદ હતો.

બધાં બાળકો વખતસર રાજવાડીના હીંચકા પાસે આવી પહોંચ્યાં. સૌ પોતપોતાની મંડળી સાથે લટાર મારવા લાગ્યાં; મુસાભાઈ જેવા એકલા ફરતા હતા.

મોરલો ને ઢેલ જોઈને તો ડોલરભાઈને “નિત્ય નિત્ય મોરલો.” એ ગીત યાદ આવ્યું ને લલકારવા લાગ્યા. દમયંતીબેનને પીછું જડયું ને અભિનય સાથેઃ “બા, ઓ બા! જરા જોતો બરી? મને મોરનું પીછું જડયું.” એ ગીત સ્ફૂર્યું ને ગાવા લાગ્યા.

કેટલાંકે તો આંબલી નીચેથી કાતરાઓ જ ભેગા કરવા માંડ્યા. ચાખી ચાખીને દાંત બંબાઈ જાય એટલે બાને ચટણી કરવા આપશું એમ કરીને બીસાં ભર્યાં.

રતિલાલની મંડળી તો આંબલી જોઈને “અમે આંબલી પીપળી રમતા'તા.” એ ગીતનો વાસ્તવિક રસ લૂંટવા લાગી.

કાંતાબહેનની મંડળીમાં તો સાત એની બહેનપણીઓ અને સાથે એક નાનો ભાઈ ઘર ઘર રમતાં હતાં. પીધેલાં નાળિયેરના ત્રોફાઓ પડ્યા હતા; બધા ભેગા કરીને એમણે તો ઘર માંડયું. બેઠું તો નાળિયેરનું, બાંયણીદસ્તો તો એ પણ નાળિયેરનાં; વાસણઃ બધું જ નાળિયેરનું. રમતાં રમતાં દરેક છોકરીઓએ ઘરને જુદાં પાડી નાખ્યાં.

પાસે એક ધજા ને ઓટલો છે. (કોઈ દેવીનું સ્થાનક છે.) કાંતાબહેને તો ઓટલા પાસે જઈને પીધેલા નાળિયેરને ફરીથી ફોડયું અને બોલ્યાંઃ “હે ગણેશબાપા! હવે મારી બા ન મારે એમ કરજો. આ નાળિયેર વધેરું છું.”

અંદરથી ઝીણી ઝીણી કાળી પડી ગયેલી કણીઓ કાઢીને એ તો સૌને ઘેરે આપવા ગયાં. મોટી સ્ત્રીઓ પૂછે તેમ મધુબેને પૂછ્યુંઃ “હેં કાંતાબેન! આજ નાળિયેર શાનું વધેર્યું છે?”

“એ તો મારી બા મારે છેને, તે ન મારે એનું.” કાંતાબહેન વારાફરતી દરેકને ઘેર ‘શેષ’ આપી આવ્યાં.

મારું તો હસવું જ બળાય નહિ.

હેમલતાબેને તો દુકાન માંડી'તી. હેમચંદ્ર આવીને પૂછેઃ “કેટલાનું નાળિયેર?”

“ભાઈ! નાળિયેરના તો દસ પૈસા.”

“દસ પૈસા? કાંઈ ઓછું?”

"ઠીક; આઠ પૈસા."

બાબુભાઈ પૂછે: "નાળિયેરનું શું?"

"તમને પાંચ પૈસા."

એણે તો વેપાર માંડ્યો.

કેટલાંક બાળકોએ તો ખૂબ હીંચકા જ ખાધા. ફરતાં ફરતાં સાંજ પડવા આવી.

નાસ્તામાં તો મુકાય ત્યાં ચટ! કોઈ ના જ ન પાડે. બધાંએ ધરાઈધરાઈને ખાધું.

"જેને ફરવા આવવું ન ગમ્યું હોય તે હાથ ઊંચો કરે."

નવાં કુસુમબેન સિવાય બધાંને ગમ્યું.

"કાં, કુસુમબેન! તમને ન ગમ્યું?"

"મારી બા મને વરઘોડામાં ન લઈ ગઈ ને અહીં મોકલી."

એક કુસુમબેનનો વરઘોડો રહી ગયો.

બાળકો કુદરતમાં ખૂબ ગાંડાંઘેલાં થઈને પોતે પણ કુદરતી બની જાય છે. ઘરના પડધા કેટલે સુધી પડે છે, એ તો કુદરતમાં જ જોવા મળશે; નાની નાની બેત્રણ નોંધોથી જણાશે.

વિનોદબેન

શિક્ષકોનાં કામ

નીચે લખ્યાં બાતાંઓ શિક્ષકોએ પોતાની શક્તિ ને સંખ્યાના પ્રમાણમાં સંભાળવાં.

પહેલું બાતું: ઉતારાવ્યવસ્થા

સર્વને અનુકૂળ સ્થળો ઉતારા માટે શોધવાં. હવા, પ્રકાશ, પાણી વગેરેની સારી સગવડ હોય તેવાં સ્થળોને જ પસંદગી આપવી. ઉપરાંત સામાન વગેરે ગોઠવવાનું કામ જોવું.

બીજું બાતું: સ્વચ્છતાવિભાગ

ઉતારો સાફસૂફ કરવો કે કરાવવો. કયાંય ગંદકી ન થાય તેની સંભાળ રાખવી. બાળકો તેમ જ મોટાંઓને માટે દૈનિક હાજતો કરવાની જગ્યાઓ નક્કી કરવી અને તે પ્રમાણે સૂચનાઓ આપવી.

ઉતારાનો જે જે ભાગ વાપરવાનો હોય તે બધો વખત સાફ રખાવવો.

ત્રીજું બાતું: પાણીવિભાગ

સ્વચ્છ વાસણોમાં પાણી સ્વચ્છતાપૂર્વક ગળાઈને ભરાય અને રહે તેવી વ્યવસ્થા કરવી. તેનો ઉપયોગ તેમ જ નિકાસ બરાબર થાય તેની સંભાળ રાખવી. પીવાનાં ઠામવાસણની સ્વચ્છતા કાળજીપૂર્વક રખાવવી.

ચોથું બાતું: ભોજનવિભાગ

કઈ રસોઈ, કયાં, કેમ કરવી, કે રસોઈમાં જોઈતી મદદ કયારે કરવી, વગેરે બાબતો પ્રવાસસંચાલકને અગાઉથી પૂછી લેવી અને નક્કી થયા પ્રમાણે તેનો અમલ વ્યવસ્થિત રીતે કરવો. ઉપરાંત કોણ શું પીરસે, કયાં બેસવું, કયાં કચરો નાખવો વગેરે બાબતોની અગાઉથી જાહેરાતો કરવી કે આચાર્ય મારફત કરાવવી.

પાંચમું બાતું: બત્તીવિભાગ

ફાનસ, હાથ બૅટરી, મીણબત્તી તેમ જ પેટ્રોમૅક્સ વગેરે જરૂરિયાત પ્રમાણે સાથે રાખવાં જ. તેની સાફસૂફીની વ્યવસ્થા વગેરે બરાબર કરવી.

છઠ્ઠું બાતું: દવાખાનું

પ્રવાસમાં નાના મોટા અકસ્માત કે માંદગીને અંગે થોડીએક જરૂરી દવાઓ, પાટાપીંડીનો સામાન વગેરે સાથે રાખવું.

હમેશાં બાળકોની સંખ્યામેળ વખતે બધાંની તંદુરસ્તી બાબત પૂછ બરાબર જોઈ જવું. અને દિવસમાં ત્રણ વખત બધાંની તંદુરસ્તીનો રિપોર્ટ પ્રવાસસંચાલકને આપવો, ને તેને લગતી સૂચનાઓ મેળવી બહુ જ કાળજીપૂર્વક એનો અમલ કરવો.

સાતમું ખાતું: સંગીત, રમતો, વાર્તા વગેરે

જ્યાં જઈએ ત્યાં મનને આનંદ આપવા અને તનને તાજું રાખવા સંગીત, વાર્તા, રમતો વગેરેનો કાર્યક્રમ યથાસમય આવશ્યક છે. મુસાફરીમાં પણ શિક્ષણની દૃષ્ટિએ સંગીત સારું ને સ્વચ્છ હોવું જોઈએ.

ઉપરાંત દાંડિયારાસ, દુહા, ભજનો, ગીતો, અંતકડી (અને સમયની અનુકૂળતા હોય તો નાટકો, ફારસો) વગેરેનો કાર્યક્રમ પણ બાળકો માગે તો રાખી શકાય છે.

બહારના લોકોનો સંગીતનો–ભજન, દુહા, દાંડિયારાસ વગેરેનો–લાભ મળે તેમ હોય તો તે પણ અવશ્ય લેવો.

આ બધા કાર્યક્રમોમાં પ્રવાસસંચાલકની સંમતિ પહેલેથી લેવાનું આવશ્યક ગણવું.

આઠમું ખાતું: શોભાશણગાર

ભોજન, નાસ્તો તેમ જ સંગીત વખતે કે અન્ય એવા કોઈ પણ પ્રસંગોમાં ફૂલદાની ભરવી, ધૂપધાપ કરવા અને અનુકૂળતા હોય તો નાનામોટા પાયા ઉપર જાતજાતના શણગારો સુંદર ને કલાત્મક દૃષ્ટિથી કરવા એ પણ શિક્ષણનું એક અંગ છે એમ માનીએ.

નવમું ખાતું: માહિતીવિભાગ

કયાં કયાં સ્થળો પ્રવાસમાં જોવા લાયક છે, તે ક્યારે ને કેમ જોવાશે, વગેરે બાબતોની માહિતી મેળવવી. તે શાંતિથી જોઈ શકાય તેની વ્યવસ્થા કરવી. અને તો તેમાં ભોમિયા વગેરેની મદદ, સલાહ કે કોઈ ઉપરી, અધિકારીની ભલામણની ચિઠ્ઠી વગેરેની જરૂર હોય તો તે લઈને પ્રવાસસંચાલક સાથે નક્કી કરીને અગાઉથી બધું જાહેર કરાવવું, તેમ જ તે બધું બતાવતી વખતે સમજાવવું. ઉપરાંત જે જે કાર્યક્રમો પ્રવાસ દરમિયાન યોજવાના હોય તે પણ બાળકો સમક્ષ મૂકવા. યોક ને પાટિયું પણ આને માટે સગવડ રૂપ કહેવાય.

આ ખાતાના વ્યવસ્થાપકને બીજાં તમામ ખાતાંઓની માહિતી મળવી જોઈએ.

દસમું ખાતું: ઘડિયાળવિભાગ

આ વિભાગના વ્યવસ્થાપકે દર કલાકે કે અડધા કલાકે સમયના ડંકા મારવા. આને માટે ઝાલરમોગરી કે ઘંટનું સાધન રાખવું.

સંચાલકને મળીને જુદી જુદી બાબતોને માટે કેવી કેવી જાતના ડંકા કે ઘંટનો અવાજ થશે તે નક્કી કરી જાહેર કરાવવું (જેમ કે નાસ્તાનો ઘંટ, ભોજનનો ઘંટ, બધાંએ ભેળાં થવાનો ઘંટ, સૂઈ જવાનો ઘંટ, વગેરે.)

અગિયારમું ખાતું: દૈનિકવિભાગ

હમેશાં પ્રવાસ દરમિયાન હસ્તલિખિત દૈનિક પત્ર કાઢવું. તેમાં પ્રવાસનો કાર્યક્રમ, દિવસભરમાં બનેલા બનાવોની ટૂંક નોંધ, રમૂજી ટુચકાઓ, સારા સારા સ્થળોનાં કરેલાં સ્કેચ વગેરે બાબતોનો સમાવેશ કરવો. બધાં ખાતાંઓનો રિપોર્ટ પણ તેમાં આવી શકે.

પ્રાર્થનાસમયે દૈનિક વાંચવાનો કાર્યક્રમ રાખવો. બાળકો પણ તેમાં ભાગ લઈ શકે.

બારમું ખાતું : હિસાબીવિભાગ

જવાબદાર માણસે બધી હિસાબનોંધ, નાણાંવ્યવસ્થા વગેરે કરવું. ઉપરાંત બરીદી, લેવડદેવડનું કામ વગેરે પણ ખૂબ કાળજીથી સંભાળવું.

તૈયાર કરનાર
વિષ્ણુભાઈ

માનસપૃથક્કરણશાસ્ત્રી

લંડનની એક રમકડાંની દુકાને નાતાલ પર એક સાતેક વર્ષના છોકરાને લઈ ગયા. ત્યાં એક ઝૂલતો ઘોડો દીઠો કે તે ખુશખુશ થઈ ગયો. એકદમ કૂદકો મારીને તે તેના પર ચડી બેઠો. એના બાપાએ ઘણું ઘણું સમજાવ્યો પણ ઊતરે જ નહિ.

સ્ટોરના કામદારો, ઘરાકો અને છેવટે મેનેજરે પણ એને સમજાવ્યો પણ એ તો માને જ નહિ. એ કહેઃ "આ ઘોડો આપો તો હા, નહિ તો ના."

આખરે નિરાશ થઈને તેમણે એક માનસપૃથક્કરણશાસ્ત્રીને બોલાવ્યો. એણે આવીને છોકરાના કાનમાં કાંઈક કહ્યું, એટલે છોકરો એકદમ નીચે ઊતરી ગયો અને એના પિતા સાથે ચાલી નીકળ્યો. એના પિતાને તો ખૂબ આશ્ચર્ય થયું. ઘેર આવીને એનાં પત્નીને માંડીને વાત કરવા માંડી.

"એમ ત્યારે! આ લોકો કેટલા કાબેલ હોય છે તે આનું નામ. અને બાલમાનસનો તેમને કેટલો પરિચય હોય છે તે જણાઈ આવે છે. જરા કલ્પના તો કરો કે એ કોઈનું કહ્યું માને જ નહિ! અને એ ન હોત તો આપણે ત્યાં જ ઊભા થઈ રહેવું પડત."

પછી દીકરાને એણે પૂછ્યું: "પણ કહે તો ખરો કે તને એણે કહ્યું શું?"

"ઊતરી જા જલદી, નહિ તો હાડકાં ભાંગી નાખીશ!"

માબાપ સ્તબ્ધ થઈ રહ્યાં! મોં.

કલ્પનાની દૃષ્ટિ

: ૪ :

શંકરભાઈ સોમાભાઈ પટેલે મારું બારણું ખખડાવ્યું અને મને કંઈક વિચારનિદ્રામાંથી જાગૃત કર્યો. જે દિવસે રજા હોય છે તે દિવસે બપોરના હું પંદર મિનિટ ઝોકું ખાઉં છું. એ ઝોકામાં મને કલ્પનાઓ આવે છે. એક કલ્પના ચાલતી હતી તે શંકરભાઈએ ઉડાડી. કલ્પના વચ્ચેથી અટકી પડી, એટલે તે કેટલી લાંબી ચાલત તે હું કહી શકતો નથી; પણ જેટલી આવી તેટલી શંકરભાઈએ મને જગાડ્યો તેના બદલામાં તે તેમની કલમ દ્વારા આપી દઉં છું.

* * *

"હું ધીમે ધીમે બાગમાં ફરતો હતો. મારા હાથમાં લાકડી હતી; નાક ઉપર ચશ્માં હતાં; પગમાં ચંપલ હતા. મારી ગતિ ધીમી હતી. ગતિ ઉપરથી હું કહીશ કે લગભગ હું અઠ્ઠાવન વર્ષનો હોઈશ. અત્યારે મને અડતાળીશ વર્ષ થયાં છે.

ફરતાં ફરતાં હું એક લતામંડપ નીચે-

આવ્યો. પક્ષીઓના કિલકિલાટ જેવો મધુર કિલકિલાટ મારે કાને પડ્યો, તેની જ સાથે મારી આંખ ઉપર બાળકોના તાજગીભર્યા સુંદર ચહેરાઓ આવ્યા. શરીરે સ્વચ્છ, વાળ ઓળેલાં, ચડ્ડી અને પહેરણ પહેરેલાં, બધાં બાળકો હતાં. છોકરા જેટલી જ લગભગ છોકરીઓ હતી. તેઓ એક હોજ ફરતાં બેઠાં હતાં, ને તેમાં રમતાં નાચતાં રંગબેરંગી માછલાં જોઈ રહ્યાં હતાં.

મને થયું કે લાકડીથી, ચરમાંથી, મોટી મૂછોથી અને ઘડપણથી છોકરાંઓ બીએ છે; તેથી છૂપાઈને હું તેમનાથી જરા દૂર તેમનો આનંદકિલ્લોલ અનુભવવા માટે બેઠો.

બાળકો અંદર અંદર વાતો કરતાં હતાં: "કેવા સુંદર માછલાં છે? અહા, એનો કરનારો કારીગર કેટલો બધો હોશિયાર હશે? જુઓને, નાનાં માછલાં મોટાં માછલાંની સાથે કેવાં ગેલ કરે છે? આપણાં માબાપો જાણતાં ય નથી કે માછલાંનાં બચ્ચાં કેટલાં બધાં સુખી અને આનંદી છે, કેમકે તેમનાં માબાપો તેમનાં છોકરાં સાથે રમે છે તથા મજા કરે છે!"

નીચેથી ચંદ્રકાંતે કહ્યું: "એમ ના કહેો. હવે તો ઘણાંયે માબાપો પોતાનાં છોકરાં સાથે રમે છે, અને ગમ્મત કરે છે."

શશિકાંતે કહ્યું: "મને માફ કર. હું બધાં માબાપોને ઉદ્દેશીને નહોતો બોલતો."

એટલામાં શશીબેન આવ્યાં, અને કહ્યું: "કાં, આજે અત્યારે જ આપણી સભા છેને? આજે આપણે ઠરાવ કરીને દુનિયાના બધા રાજાઓને લખી મોકલવાનાં છીએ."

તાળી પડતાંની સાથે બધાં વ્યવસ્થિતપણે લતામંડપ નીચે બેસી ગયાં. શશીબેને ઊભાં થઈ કહ્યું: "મિત્રો! તમે જાણો છો કે આપણે આજકાલ આપણા જ ઉદ્ધારની હીલચાલો કરી રહ્યાં છીએ. આખી પૃથ્વી ઉપર બાલસ્વરાજસંઘની શાખાઓ સ્થાપવાના આપણા મનોરથ છે. આપણો કેન્દ્રસંઘ અહીં સ્થાપ્યો છે; અને અહીંથી આપણે બધી હીલચાલનો આરંભ કરીએ છીએ. વળી એ પણ તમે જાણો છો કે ગયે અઠવાડિયે જાપાન, બ્રાઝિલ, ફિલિપાઈન, ને મોરોક્કોનાં બાળકો આપણા સંઘમાં ભળ્યાં છે. તેઓએ આપણા ઠરાવને સ્વીકાર્યો છે કે જૂની પ્રચલિત શાળાઓમાં એમણે ભણવું નહિ; જેઓ ભણતાં હોય તેમને સમજાવીને તેમાંથી ઉઠાડી મૂકવાં; અને નદીકિનારે, ઝાડ નીચે, તબેલામાં, કે ભોંયરામાં જ્યાં બની શકે ત્યાં પોતાની મેળાએ જ પોતાની શાળાઓ ચલાવવી. તેઓને આપણા વિચારો પસંદ પડ્યા છે. તેઓ કબૂલ કરે છે કે સાચે જ લડાઈઓ, લશ્કરો, આજની વેપારની રીતિ, સ્પર્ધા, નિરર્થક અતિશય ધનની ઉત્પત્તિ, ભૂખમરો એ બધું નિશાળોનાં જ ભણતરમાં છે. તેઓએ પસંદ કર્યું છે કે આ નવી નિશાળ ચલાવવામાં જે જોખમો આવે તે સહન કરવાં. ઘેર માબાપો ન જમાડે તો ઘેરઘેર માગીને પેટ ભરવું; અને સૌએ પોતાનું મોટામાં મોટું ભણતર એ ગણવું કે દરેકેદરેક જણે વસ્તીમાં જવું અને મનુષ્યમાત્રને આજની લડાઈઓમાં ન પડવા, તકરારમાં ન પડવા, વગેરે માટે વિનવણી કરવી. તેઓએ રાજાઓ પાસે તથા કેળવણીના વડાઓ પાસે તથા મંદિરોના આચાર્યો પાસે જવું, અને તેમને કહેવું કે તમે સૌ બાળકોને માટે ઠેર ઠેર બાગબગીચા બનાવો;

તેમને માટે ચલચિત્રગૃહ સ્થાપો; તેમના જળ-વિહાર માટે નાની સુંદર આગબોટો ને સ્થળ-પ્રવાસ માટે નાની નાજુક રેલ્વેઓ તથા રસ્તાઓ બનાવો; તેમને માટે પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો, વ્યાયામમંદિરો અને નાટ્યગૃહો ઊભાં કરો. બાળકોને માટે રસ્તા જુદા બનાવો; અને તે રસ્તે ફક્ત તેમની જ મોટરો તથા સાયકલો ચાલે તેવાં ફરમાન કરો. દરેક માબાપને તેમના ધર્મો સમજાવો. ઘરમાં તેઓ બાળકોને માટે પણ ઓરડાઓ, નળો, સ્નાનાગારો, નાનાં પુસ્તકાલયો વસાવે. આ બધું દેશદેશનાં બાળકોને પસંદ પડ્યું છે. બિચારાં કચડાયેલાં બાળકો આપણી આ નવી યોજનાથી ખુશખુશ થઈ ગયાં છે. રશિયા, સ્વિટ્ઝરલેંડ અને કેનેડાનાં કેટલાંક બાળકો આ બાબતમાં આપણી સાથે વિશેષ વાતચીત કરવા જુદે જુદે રસ્તે આવવા નીકળ્યાં છે. તેમના વાયરલેસ સંદેશા મને હમણાં જ મળ્યા છે. તમે જાણો છો કે આજ બપોરે ઊપડતા મેઈલમાં આપણામાંના સત્તર સભાસદોને જુદા જુદા સત્તર દેશોમાં જવાની વિદાય આપવાની છે. આપણા ભલા ભાઈબંધોએ આ સત્તર સભાસદોને આગબોટ ઉપર આપણને માફક આવે એવી બાસ ગોઠવણ કરી છે, અને આગબોટનું જૂનું નામ બદલીને 'બાલસમ્રાટ' રાખેલું છે. આ સત્તર દેશો ઉપર તેઓ આપણા કાર્યને સહકાર આપે તે માટે તારો આજે આપણે મોકલવાના છે. અને તેનો ઠરાવ મૂકવા માટે હું ઊભી થઈ છું." ગાલ ઉપરની સુરખી સાથે અને આંખોમાં તેજ સાથે આ ઠરાવ સૌએ સ્વીકાર્યો.

હું આ બધું ચિત્રવત જોઈ રહ્યો હતો. શું સાચે જ મારી આંખો સત્યને ભાળે છે? દુનિયાના મજૂરો જેમ એક વખત એકઠા થતા હતા તેમ બાળકો પણ શું એકઠાં થઈ રહ્યાં છે? શું ઘણાં વર્ષોથી કેટલાએક ક્રાન્તિ-દર્શકો જે ભવિષ્ય ભાખી રહ્યા હતા, તે શું સાચું પડી રહ્યું છે? લાકડી ઠબકારી મેં બાતરી કરી જોઈ કે હું જાગું છું.

એટલામાં તેઓ સૌ ઊઠ્યાં, અને તેમણે રાસ આરંભ્યા. કોઈ મેનાદેવીએ ગાયું, અને સૌએ તાલ સાથે ઝીલ્યું. એ ગાન તો મને યાદ નથી રહ્યું, પણ તેનો ભાવ હું કંઈક મારા શબ્દમાં ઉતારી શકું. ગાનનો સૂર આનંદ હતો; કંઈક આવો ભાવ હતો. "બ્રહ્માંડ અમારું ઘર છે; આકાશ અમારું છત્ર છે; પવન અમારો વીંઝણો છે; પૃથ્વી અમારો બાજોઠ છે; સૂર્ય-ચંદ્ર અમારા દીવા છે; તારાઓ અમારી દીપ-માળા છે; કુંજનિકુંજો અમારાં ફૂલદાન છે; પક્ષીઓ, પતંગિયાં અને રંગબેરંગી જીવ-જંતુઓ અમારા જીવંત બેલનના સાથીઓ છે. આવો, જગતનાં બાળકો! આવો. આ પ્રેમ-મધુર કુંજે આવો, હૃદયસંગીત ગાઓ, અને ચેતન નૃત્યે નાચો. આવો આ....."

અને ટક ટક શંકરભાઈએ મારે બારણે ટકોરા માર્યા, ને મારી કલ્પના અધૂરી રહી. વિચારઘેરા, ગાનઘેરા મેં શંકરભાઈને કહ્યું: "આવો, ત્યારે તમે પણ આ 'કલ્પનાની દૃષ્ટિ' ને ઝીલો." ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

મારાં બાલપણનાં સંસ્મરણો

હું ચાર વર્ષનો હોઈશ ત્યાંથી મારું બાલપણ સાંભરે છે. હું શરીરે બહુ જ જાડો હતો; માથે છોકરીઓ જેવા વાળ હતા. એ વાળ અંબાજીની માનતાના હતા એમ મારી બા કહેતી. પાંચ વર્ષની ઉંમરે અંબાજી ગયો હતો, તે આછું આછું યાદ છે. મારાં માતુશ્રીએ મને બહુ જ લાડ લડાવેલાં. મારા પિતાશ્રી કરતાંયે મારાં માતુશ્રી મારા પર બહુ જ હેત રાખતાં. પણ તે ઉપકારના બદલામાં હું અપકાર જ કરતો. મારાં માતુશ્રીના એક પગમાં સંધિવા હતો એટલે એક પગ સહેજ લંગડાતો; તેથી તેને લંગડી કહીને બોલાવતો. પ્રથમ તો ગુસ્સે થતી પણ મારા તરફથી થયેલ એ મહાભયંકર અપમાનના બદલામાં પ્રેમથી વેર લેતી. બાને હું લંગડી સ્વયંસ્ફુરણાથી નહિ પણ મારી નાની માશીએ શીખવેલું કે મોટી બહેનને લંગડી કહે તો હું તને સાકર આપીશ, એ લાલચથી હું એને એ ઇલકાબની નવાજેશ કરતો.

મારા બાપા બહુ જ ગંભીર રહેતા, જ્યારે મારાં માતુશ્રી હમેશાં હસમુખાં રહેતાં. શિયાળાની કડકડતી ઠંડીમાં અને અશાડના મૂશળધાર વરસાદમાં મને બોળામાં બેસારી મારી આસપાસ સાડલો વીંટી લેતાં તે મને હજુ પણ સાંભરે છે. કેવી મીઠી હૂંફ! નથી અનુભવ્યો ફરી જગતમાં એવો વહાલસોયો પ્રેમ.

હું સાત વર્ષનો થયો તે પહેલાં તો એ દયાની દેવીને ક્રૂર મૃત્યુએ એના ભયંકર પંજામાં જકડી લીધી. શું એ ક્રૂર રાક્ષસ મૃત્યુદેવને મારા સુખ તરફ ઈર્ષ્યા થઈ હશે? આવી રીતે મારે માટેનું પ્રેમનું ઝરણું સૂકાયું. છતાંયે એ સાત વર્ષોમાં તો કેટલાંયે સંસ્મરણો પાછળ મૂકતી ગઈ છે.

હું બહુ જ વહેલો ઊઠતો. લગભગ ચારના અરસામાં. બરાબર એ વખતે ઊઠી મારાં માતુશ્રીને જગાડતો; ન ઊઠે તો બટકું ભરતો. આમ ચાર વાગ્યામાં ઊઠવાનું મુખ્ય કારણ તો મારો ચાર વાગ્યામાં ઉપહારનો સમય થઈ જતો! મારા ઉપહારમાં મારી જ પ્રિય બકરી મનુનીનું દૂધ અને અંદર થોડો ગોળ. અને ઉપહાર લીધા પછી શ્રીમાન્ ...ભાઈ પાછા નિરાંતે ઘસઘસાટ ઘોરતા.

મને વાર્તાઓ સાંભળવાનો બહુ જ શોખ. મારા ફળિયામાં એક આંધળી ગરીબ ડોશી રહેતી; એની પાસે વાર્તા સાંભળવા જતો. ઉંદરની વાર્તા બહુ જ ગમતી. પણ ડોશી બડી ચાલાક હતી; કોઈ દિવસ એમ ને એમ વાર્તા ન કહે; મારી પાસે પગ દબાવરાવે; હું પગ દાબતો જઉં ને એ વાર્તા કહેતી જાય. એ વાર્તા કહેતાં થાકતી પણ હું પગ દાબતાં ન થાકતો!

મારી બાએ મારું નામ જાદવ રાખ્યું હતું. એ મારું બાસ નામ છે. મારા ઘરમાં હાલ પણ જાદવલા કહીને જ મને બોલાવે છે. મારી માતુશ્રી ચુસ્ત વૈષ્ણવધર્મ પાળતાં જ્યારે મારા પિતાશ્રી શૈવધર્મ પાળે છે. મારું ...શંકર નામ મારા પિતાજીની પસંદગી પ્રમાણે અને મારા જન્માક્ષર પ્રમાણે શાસ્ત્રીય રીતે પડેલું છે.

મારાં માજીને મને વહેલો વહેલો પર-

ણાવી દેવાની બહુ હોંશ હતી, જ્યારે મારા પિતાજી મને વહેલો વહેલો ભણાવી દેવાની બહુ જ કાળજી રાખતા. મારા પિતાશ્રી મારાં માતુશ્રીના વિચારોથી વિરુદ્ધ હતા, પણ મારાં માતુશ્રી મારા પિતાજીના વિચારોને સંમત હતાં. મારું અક્ષરશિક્ષણ ચાર વર્ષથી શરૂ થઈ ગયું હતું.

મારી પ્રિય બકરી મનુની એક દિવસ માંદી પડી. બે દિવસના ટૂંક માંદવાડ પછી એણે સ્વર્ગવાસ કર્યો. ત્યાર બાદ મનુનીની ખોટ પૂરી કરવા મારા પિતાજીએ એક સુંદર ગાય ખરીદી. એ ગાય ઘણી જ રૂપાળી હતી; દેખીને આંખ ઠરે. પ્રભુએ પુરસદને વખતે જ ઘડી હશે. રૂપ એવા જ એના ગુણ હતા. ગાય દોહતાં જશોદાજી અને પાસે પ્યાલો લઈ ઊભેલા બાલમુકુંદના ચિત્ર જેવી જ એ રૂપાળી હતી. રૂપાળી હતી એટલું જ નહિ પણ ગરીબ હતી. એના આંચળ મોઢામાં રાખીને એક કલાક સુધી હું ધાવતો. મારી માતુશ્રીની ગેરહાજરીમાં એની વાછડીને ધાવવા છોડી દેતો; પછી વાછડી અને હું દૂધની ઉજાણી સાથે કરતાં. વાછડીની સાથે હું પણ દૂધનો આસ્વાદ લેતો. વાછડી બહુ જ ઝડપથી ધાવી જતી. દસ મિનિટમાં તો તે બધુંયે દૂધ ધાવીને ડાહી ઠાવકી થઈ ને શાંત ઊભી રહેતી. હુ એના જેટલી ઝડપથી નહોતો ધાવી શકતો. મારા પિતાશ્રી આ દૃશ્ય જોઈ ને બહુ જ ખુશી થતા, પણ મારાં માતુશ્રી આ દૃષ્ય જોઈ ને બહુ જ ચિડાતાં. એનું મુખ્ય કારણ વાછડીને ધવરાવી દેતો એ હશે, એમ હવે મને લાગે છે. કંઈક અસ્પષ્ટ એ બોલતાં: "વાછડીને ધવરાવી દીધી; દહીં કયાંથી મેળવાશે ? કાલે છાશવારો છે." એમ વાણિયાશાહી હિસાબ ગણતી. મુખ્ય કારણ શોધીએ તો માખણનો લોભ જ !

મારાં માતુશ્રી મારી પાસેથી કંઈ કામ કરાવવું હોય તો ફોસલાવી પટાવીને કામ કઢાવતાં. પહેલાં માનથી બોલાવે: "એ ભાઈ !" પણ કોણ સાંભળે એના મિથ્યા બકવાદ ? કોને પરવા હતી એ માનના મહેલની ? ફરી બોલાવે "જાદવભાઈ !" આમ માનસરણી ઊતરવા માંડે એટલે જાણીએ કે આજે આપણું ખાસ અગત્યનું કામ પડયું છે. એટલે જ બેદરકારી બતાવીએ. પછી બોલાવે "જાદવ !" કહીને. અને અંતે શુદ્ધ ભાષા સરી પડે મારી ધાત્રીના મુખમાંથી: "એ રોયા ફાદુડા !"

પછી તો ભાઈનો મિજાજ હાથ રહે નહિ. "ઠીક છે; મને ફાદુડો કીધો પણ યાદ રાખજે ! લાગ આવે તો એવી રોવડાવું કે તું યાદ તો રાખ ?"

એક દિવસ મારાં મા વાસણ અજવાળતાં હતાં; હું સામે બૈરકશાહી ગપ્પાષ્ટક હાંકતો એટલે બેઠો હતો. મારી પ્રિય ગાય આવી પહોંચી. હું તો લાગ્યો ધાવવા. ધરાઈ ને ધાવી લીધું. પછી આરામ લેવા ગાદલાની માંચી પર ચડી બેઠો. મારી ગોત થશે અને સાંભળવાની મજા આવશે, એ આશાએ ઉપર ચડી ગયો. પણ હું તો ત્યાં સૂઈ જ ગયો ! તે પછી શું થયું એ મને ખબર જ નથી. પણ મારી ખાતરી છે કે મારી પાછળ ગોતાગોત થઈ રહી હશે. મારાં માતુશ્રી દુઃખી દિલે રડીને પથારી કરવા લાગતાં માંચી પરથી ગાદલું નીચે આવ્યું તેની સાથે હું પણ નીચે આવ્યો. ગાદલા સાથે પછાડ પણ લાગી. હું

રડવા લાગ્યો. મારાં માતુશ્રીએ મને છાતી સાથે ભીડ્યો. મને તે દિવસથી તે કદી 'ફાદુડો' કહેતી નહિ. આ રીતે બંદાના માનભંગની ટેવ માતુશ્રીને ભુલાવી દીધી.

ફળિયામાં એક ભૂરિયો કૂતરો રહે. એની ઉપર હું સવારી કરતો. એને કંઈક છાનુંમાનું ખાવાનું ખવરાવતો. ભૂરિયો મારો ખાસ દોસ્ત. એનું કુટુંબ બહોળું હતું. એ સુંદર હતો એટલો જ ગરવો હતો. એને વસ્તારમાં નાનાં નાનાં ગલૂડિયાં હતાં. હું જ્યારે એની ઉપર બેસું ત્યારે ગલૂડિયાં ભસવા માંડે; ભૂરિયો એમને શાંત કરતો. મારા ભારથી એ થાકે એટલે બેસી જતો. બાપા કહેતાઃ "એના ઉપર બેસીશ નહિ; તને ખસ થશે." પરંતુ ભૂરિયા ઉપર બેસવાની મજા લૂંટતાં કેટલો બધો આનંદ થાય છે એ બાપાને કયાં ખબર હતી?

પતંગિયા પાછળ હું બહુ જ ભટકતો. મારા ગામની ફરતો ગઢ છે, એટલે હું બહાર સીમમાં પતંગિયાં પકડવા જતો. પતંગિયાં ઉપર હું મુગ્ધ હતો; ફૂલો ઉપર દિલ આફરીન હતું.

એક દિવસ દિવાળીના દિવસોમાં ગધેડાને પૂંછડે ફટાકડાની સેર બાંધીને સળગાવી. ગધેડું ફૂદતું ફૂદતું દોડવા લાગ્યું. સામેથી મારી ભાભી પાણીની હેલ ભરીને ઢળકતી ચાલે ચાલ્યાં આવતાં હતાં. ગધેડાએ એમને હડફેટમાં લીધાં. પાણીની હેલ એમના ઉપર ઢોળાઈ. નવાં પરણીને આવેલાં એટલે નવો સાળુ ઓઢેલો. સાળુ પાણીથી તરબોળ થયો. દિવાળીને બદલે દિયર ભોજાઈની ધૂળેટી ઉજવાઈ. ભાભીને મેં આનંદી ચહેરે ઠાવકું મોઢું રાખી કહ્યું: "ગધેડાંની લાજ કાઢીને ચાલો તો પડી જ જાઓને? સાસરે આવ્યાં એટલે શું સાસરિયાંના ફળિયાનાં ગધેડાંનીયે લાજ કઢાતી હશે?" મારી બા હસવા લાગી. ભાભલડી પણ હસ્યાં. પણ બાપાએ એક થપાટ ખેંચી કાઢી ને હું રડ્યો. બાપા બહાર ગયા એટલે ભાભીએ બાવાનું આપી મને રાજી કરી રડતો રાખ્યો.

આજે એ વહાલસોઈ ભાભીયે નથી, કે નથી જીવતી એ દયાની દેવી સમી માતા!

એક દિવસ બાપાએ ઘરમાં ગોળનો રવો આણ્યો. આપણે તો છરીથી એક દડયું ઉખેડીને ખૂણામાં ભરાઈને છાનામાના ખાવા લાગ્યા. ત્યાં અચાનક પાડોશમાં રહેતી દરજણ છાશ લેવા આવી. મને કંઈક છાનુંમાનું ખાતાં દેખી ગઈ. મારી બાને એણે કહી દીધું કે તમારો દીકરો માટી ખાય છે. એ ભૂરકી દરજણને કયાંથી ખબર હોય કે ભાઈશાબ ગોળનાં દડ્યાં પર તરાપ મારે છે! મેં એ દરજણને કહ્યું: "છાની રહે; કહીશ નહિ. કાલે તને વધારે સારી છાશ આપીશ." પણ એ લાલચ આપું ત્યાં તો બા એનું કહેવું સાંભળી ગયાં. મારી બા વીજળીની ઝડપે મારી પાસે આવી. તપાસ કર્યા વિના ગાયની સાંકળથી મને કુંભી સાથે બાંધ્યો, બે હાથ દોરડીથી બાંધ્યા અને મોઢું ફડાવ્યું. ત્યાં તો માટીને બદલે ગોળ જણાયો! "અરે, રોયા ફાદુડા! ગોળ તને ગરમ પડશે. કયાંથી લીધો?"

ત્યાં ગુનેગારભાઈ ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગ્યાઃ "બા! તું કહે છે કે ગોળ ગરમ પડશે પણ મારી જીભને તો ઠંડો લાગે છે!"

બા કહેઃ "પણ હવેથી ખાઈશ નહિ.

ગૂમડે સડીશ. હવેથી ખાઈશ નહિ; નહિ તો માર્યો સમજજે.”

મને આ પછી એ દરજણ પર ખૂબ ગુસ્સો ચઢ્યો, અને બદલો લેવા વિચાર કર્યો. એનું નામ ભૂરી હતું. એક દિવસ એક કણબીની ભેંશ ખોવાઈ અને તે મારા ફળિયામાં શોધતો શોધતો આવ્યો. હું ઓટલે ઊભો હતો. મને તેણે પૂછ્યું: “મારી ભૂરી ભેંશ ખોવાણી છે. આ ફળિયામાં આવી છે?”

મને દરજણ ઉપર વેર લેવાનું સૂઝી આવ્યું. મેં કહ્યું: “હા, પટેલ! પેલે સામે ઘેર દરજી રહે છે એને ઘેર ભૂરી ભેંશ રહે છે. ઘણા ભાગે તમારી જ હશે.”

પટેલ ત્યાં જઈ પૂછવા લાગ્યો: “મારી ભૂરી અહીં આવી છે?”

દરજી: “કઈ ભૂરી?”

પટેલ: “આપણી ભૂરી.”

જેમ જેમ પટેલ પૂછતો ગયો તેમ તેમ દરજીદરજણ રાતાંપીળાં થતાં ગયાં.

પટેલ કહે: “મારી ભૂરી ભેંશ બે ત્રણ દિવસથી ખોવાઈ છે, અને મને સમાચાર મળ્યા છે કે તમારે ત્યાં એ મારી ભૂરી ભેંશ આવી છે.”

દરજી: “પણ તને કહ્યું કોણે?”

પટેલ: “સામે ઓટલે એક નાનો છોકરો ઊભો હતો તેણે કહ્યું.”

ભૂરી દરજણ સમજી ગઈ પટેલને સમજાવીને વિદાય આપી. દરજણે મારી બા પાસે આવીને આ હકીકત કહી ત્યારે તે પણ મારા પરાક્રમ ઉપર હસવા લાગી.

આજે પણ એ ભૂરી દરજણ જીવે છે. હજીયે ભાદરવાની ભેંશ જેવી રાતીમાતી છે, પણ એના વાંળ ધોળા થઈ ગયા છે. ગોળ અને એ પ્રસંગ હજીયે હું જ્યારે ઘોતિયું સંધાવા જઉં છું ત્યારે સંભારે છે, અને ખડાટ હસે છે.

મારા ફળિયામાં જ એક મહેતાજી રહે. એમને ઘર એ જ નિશાળ અને નિશાળ એ જ ઘર. અમારી જ્ઞાતિના એ એક નરરત્ન હતા. ઉંમર વર્ષ ૪૫ની, પણ કુંવારા જ; પણ પરણવાના ઉમેદવાર તો હતા જ. વૃદ્ધત્વની છાયા આવી ગઈ હતી પણ યુવાન દેખાવાનો ડોળ કરતા હતા. એમને પરણવાના કોડ હતા; રંગીલા વરરાજા થવાની હોંશ હતી. એમને ત્યાં જ હું ભણવા જતો. એક વખત મને બે તમાચા ખેંચી કાઢ્યા; એ વખતે તો કંઈ બોલ્યો નહિ પણ તમાચા સંભારી રાખ્યા.

એક દિવસ મહેતાજી સાહેબ મારે ત્યાં આવ્યા. હું અને મારી ભાભી રમતાં હતાં. અચાનક મારી દૃષ્ટિ મહેતાજી સાહેબ ઉપર પડી અને પહેલાના તમાચા સાંભર્યા. મેં કહ્યું: “મહેતાજી સાહેબ! તમાચા માર્યા છે પણ યાદ રાખો, પરણવા તો નીકળશો મારી ખડકી પાસેથી ને? એ વખતે છીંક ખાઈને અપશુકન કરીશ. છીંક નહિ આવે તો પરાણે ખાઈશ. તેથીયે નહિ આવે તો છીંકણી સૂંઘીને છીંક ખાઈશ. યાદ તો રાખો, તમાચો મારી ગયા છો પણ!”

આવાં બીજાં અનેક પરાક્રમોથી ભરપુર ભાઈનું બાળપણ રસમય છે, રસિક છે.

બાળકોના મુખમાંથી

મણિબેન બાવાનું પીરસી રહ્યાં હતાં; નાનો ચંદુ એકીટસે જોઈ રહ્યો હતો. પાંચ મિનિટ થઈ, સાત મિનિટ થઈ, પણ એ તો મણિબેન બધું પીરસતાં હતાં તે તરફ બરાબર તાકીને જોતો હતો. છેવટે એ બોલી ઊઠ્યોઃ "હેં બા! હું તારી માફક કયારે પીરસી શકીશ! તારી જગ્યાએ હું કયારે જેવી શકીશ?"

* * *

શંકરભાઈઃ "જેને પોતાના બાપાનું નામ બબર હોય તે હાથ ઊંચા કરે."

ઘણા બધા હાથ ઊંચા થયા.

"કાં, ચંદુભાઈ! તમારા બાપાનું શું નામ?"

"અમારા બાપનું નામ તો સાહેબ."

* * *

૭ વર્ષનો મગન એના ચાર વર્ષના ભાઈ છગન સાથે રમતો હતો. ત્યાં નાનો છગન કહેઃ "ગઈ કાલે મને ચોથું વર્ષ બેઠું. હવે તો હું મોટો થાઉં છું."

મગન કહેઃ "ના ના; તું કયાં મોટો થાય છે? હજી તો તું સાવ ટીનકુડો છેઃ"

"ના ના; હું મોટો થાઉં છું."

"અરે, તું તો હજી બચુકલો છે. જોને, તારા હાથપગ પણ નાના નાના છે."

છગન રાડ પાડીને બાને કહેઃ "બા! જોને, મગન મને મોટો થવા દેતો નથી?" શં.

શિક્ષણ સમાચાર

—શ્રી. રામભાઈ નાગરદાસ પાઠક પોતાની કેળવણી વિષયક પ્રવૃત્તિઓ નીચેને સ્થળે ચલાવે છેઃ—વાઘોટણ : જિલ્લો રત્નાગીરી

—શ્રી. દેવરામ ડાહ્યાભાઈ વરૂ કચ્છ–વાંઢાઈ (ઈશ્વરનગર)માં જોડાવા સંભવ છે.

—શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર તારીખ ૨૨–૬–૩૭ના રોજ ઊઘડ્યું. શ્રી. ગિજુભાઈની જગ્યાએ શ્રી. શંકરલાલ રતિલાલ શાહ કામ કરશે.

—શ્રી. મોહનલાલ ભૂતા (રાજુલા) એ કાઠિયાવાડમાં શિક્ષણ પત્રિકાના પ્રચારનું કામ હાથ ધર્યું છે.

—શ્રી. મનુભાઈ હરિલાલ ભટ્ટ રાજપીપળાના બાલમંદિરમાંથી છૂટા થઈ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં જોડાવાના છે.

—શ્રી. પુરુષોત્તમ ડી. મિસ્ત્રી શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં જોડાશે.

—શ્રી. મયાશંકર ત્રિવેદી નડિયાદ બાલમંદિરમાંથી છૂટા થયા.

—શ્રી. નારણભાઈ પટેલ નડિયાદ બાલમંદિરમાંથી છૂટા થયા.

—શ્રી. હરભાઈ ત્રિવેદી તા. ૮–૭–૩૭ના રોજ જાપાનના પ્રવાસે ઊપડશે.

—અમદાવાદઃ ભાઈ વસંત નાયક તથા શ્રી. કાંતાબેન નાયક જુલાઈ માસની આખરમાં આફ્રિકા ઊપડી જવા સંભવ છે. તેઓ બંને નૈરોબીમાં કચ્છી ગુજરાતી હિંદુ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયાં છે.

વાર્ષિક લવાજમ ચોક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શ્રી. ગિજુભાઈ સન્માન થેલી

શ્રી. ગિજુભાઈ બધેકા દક્ષિણામૂર્તિના ચરણે વીસ વર્ષની સેવા અર્પી નિવૃત્ત થાય છે. તે ટાંકણે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, અને બૃહદ્ ગુજરાતના તેમના મિત્રો, પ્રશંસકો, સ્નેહીઓ અને વિદ્યાર્થીઓ તરફથી તેમને ફૂલપાંખડી રૂપે એક 'થેલી' અર્પણ કરવાની યોજના ઉપરોક્ત જનતા વધાવી લેશે એવી આશા રાખીએ છીએ.

શ્રી. ગિજુભાઈએ બાલજગતના ઉદ્ધારાર્થે તેમનું જીવન ખર્ચી નાખ્યું છે. અને આપણા આંગણે બાળકેળવણીનાં જોરદાર આંદોલનો શાસ્ત્રીય દૃષ્ટિએ આણ્યાં છે. તેમની અમૂલ્ય સેવાઓથી આજે કોઈ ગુજરાતી અજાણ નથી.

ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને બૃહદ્ ગુજરાતનાં બાળકો, શિક્ષકો તથા ગૃહસ્થો આ ફૂલપાંખડીમાં યથાશક્તિ ફાળો આપે એ વિનતિ.

કહેવાની જરૂર નથી કે આ 'થેલી' નાં નાણાં શ્રી. ગિજુભાઈની ઇચ્છાનુસાર બાળકો માટે જ વપરાશે.

શારદાબહેન મહેતા.
શુરજી વલ્લભદાસ
મણિલાલ કીરપારામ દેસાઈ
ભોગીલાલ ઠાકર
બળવંતરાય પ્રમોદરાય ઠાકોર
મગનલાલ વ્યાસ.
નાનાભાઈ ભટ્ટ.

તા. ૨૬–૫–૩૭

શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ કાર્યાલય તરફથી

શ્રી. ગિજુભાઈ સન્માન થેલીનું કામકાજ શરૂ થઈ ગયું છે અને આજ સુધીમાં સાથે જણાવ્યા મુજબ લગભગ રૂા. ૩૩૦૦) ભરાઈ ચૂકયા છે. ગુજરાતનાં બાળકો માટે શ્રી. ગિજુભાઈએ જે અમૂલ્ય ફાળો આપ્યો છે તેને લક્ષ્યમાં રાખી દરેક ગુજરાતી પોતાની ફૂલપાંખડી તેમની સન્માન થેલીમાં અર્પણ કરે તેવી વિનતિ છે.

અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને

આપને અમારા તરફથી પ્રથમ પત્રિકા મળી ચૂકી હશે. જેમણે પોતાનો ફાળો નથી નોંધાવ્યો તે તુર્ત જ નોંધાવે એ વિનંતી. જેમણે પોતાની રકમો નથી મોકલી, તે પણ તુર્ત જ રકમ મોકલી આપે તે બીજી વિનંતી.

વઢવાણ રાજ્ય બાલમંદિરના આચાર્ય શ્રી. ભોગીભાઈ પરીખે આ સંબંધે વઢવાણ શહેરમાં ફાળો ભેગો કરવાના સફળ પ્રયત્નો શરૂ કર્યા છે, અને તેમને ત્યાં સારો જવાબ મળવા લાગ્યો છે. તેઓએ બાલમંદિરનાં જૂનાં નવાં બાળકોના વાલીઓને તથા શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને તથા મિત્રોને મળવાનું શરૂ કરેલ છે અને આશરે રૂા. ૨૦૦) એકઠા કર્યાની ખબર આપે છે.

બોટાદ બાલમંદિરવાળા શ્રી. દિનુભાઈ પણ આ દિશામાં પ્રયત્નો શરૂ કરે છે. કચ્છમાં શ્રી. પ્રભુદાસભાઈ તેમ જ શ્રી. પ્રાણજીવનભાઈએ આવી શરૂઆત કરી દીધી છે. પોરબંદરથી એક પત્ર છે કે ' થોડા રોજમાં અહીં વઢવાણની માફક કામકાજ શરૂ થશે. " જામનગર પણ એવી આશા આપે છે.

વિલેપાર્લેના 'નૂતન બાલશિક્ષણ મંદિર' ના આચાર્ય શ્રી. નામલે પણ સ્થાનિક વિદ્યાર્થીઓના સંબંધી સમિતિ દ્વારા કામની શરૂઆત કરવાનો ઇરાદો જણાવે છે. બાલમિત્રના તંત્રી શ્રી. ભાવસાર પણ આ માટે ફરનાર છે.

આમ જયાં જયાં બાલમંદિર છે, જયાં જયાં અધ્યાપનમંદિરના વિદ્યાર્થી છે, ત્યાં ત્યાં ઉપરોક્ત રીતે પ્રયત્નો આદરી શકાય. શ્રી. નર્મદાબેન રાવળ ભાવનગરનું કામકાજ ઉપાડે છે. પાલણપુર અને પાટણ બાલમંદિરના કાર્યકર્તાઓ પણ પ્રયત્નો કરે છે. ધાટકોપરમાં શ્રી. મણિલાલ ઠાકરશી ફરનાર છે.

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને

આપ શિક્ષણ પત્રિકાના ગ્રાહક છો ? શ્રી. ગિજુભાઈ વર્ષોથી પત્રિકા દ્વારા આપનાં બાળકોના અનેક પ્રશ્નો ઉકેલવાનો ફાળો અર્પી રહ્યા છે. આપ તેમની ' સન્માન થેલી ' માં કાંઈ નહિ મોકલો ? આજે જ મોકલી આપશો. શિક્ષણ પત્રિકાના એકેક ગ્રાહક કંઈ ને કંઈ મોકલે તોપણ દસ હજારે રમતાં રમતાં પહોંચી શકાય.

દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓને

આપને મુ. નાનાભાઈનો આ સંબંધેનો પત્ર મળ્યો હશે.

આપ દક્ષિણામૂર્તિના ગમે તે વિભાગના વિદ્યાર્થી હો. આપ જાણો છો કે દક્ષિણામૂર્તિની ઇમારતમાં ગિજુભાઈનો ફાળો જેવો તેવો નથી. તેથી સન્માન થેલીમાં યથાશક્તિ કાંઈક મોકલી આપવાની આપની ફરજ છે.

મિત્રો અને સ્નેહીઓને

શ્રી. ગિજુભાઈના મિત્રોને અમારે કહેવાનું હોય જ નહિ. તેમણે તો આ યોજના વધાવી લઈ આ પ્રયત્નને પ્રોત્સાહન આપવું જોઈએ. જેવી લાગણી બેરીસ્ટર ચૂડગરે તથા અન્ય ગૃહસ્થોએ દર્શાવી છે તેવી સૌ દર્શાવે.

સમસ્ત ગુજરાતી ભાઈબહેનોને

આપ ભલે અધ્યાપનમંદિરના વિદ્યાર્થી ન હો, આપ ભલે તેમના મિત્ર કે સ્નેહી ન હો, આપ ભલે દક્ષિણામૂર્તિના વિદ્યાર્થી ન હો કે શિક્ષણ પત્રિકાના ગ્રાહક ન હો, આપ ગુજરાતી તો છો ને?

ગુજરાતનાં બાળકો માટે સ્વાતંત્ર્યની દૃષ્ટિ ગિજુભાઈએ આપી, બાળકોનું વ્યક્તિત્વ ઓળખાવ્યું ને સન્માનાવ્યું. બાલઉછેરમાં શાસ્ત્રીય દૃષ્ટિ તેમણે આણી. ગુજરાતી બાલ-સાહિત્યની અમૂલ્ય વાડી બનાવી જેમાં આજે સારાયે ગુજરાતનાં બાળકો આનંદકિલ્લોલ અનુભવે છે. ટૂંકમાં બાળકોનો યુગ સ્થાપનાર ગિજુભાઈની 'સન્માન થેલી' ને આપ સન્માનજો જ.

શિક્ષક ભાઈબહેનોને

કચડાયેલાં બાળકો માટે સ્વાતંત્ર્યની બાંગ પોકારનાર અને તેમના શિક્ષણમાં શાસ્ત્રીય દૃષ્ટિ આણનાર આપણા જ વર્ગના શ્રી. ગિજુભાઈને આજે સારો ગુજરાત સન્માનવાની તૈયારી કરે છે ત્યારે આપ તેમની 'સન્માન થેલી'માં ફૂલ-પાંખડી નહિ મોકલો? શિક્ષકો તંગીમાં જ હોય છે તે સાચું. પરંતુ આપની પાસે અમારી માગણી સેંકડોની નથી; ખરેખર ફૂલપાંખડી-ની જ માગણી છે.

તા. ૧–૭–૩૭
શારદામંદિર,
અમદાવાદ

વજુભાઈ દવે
ઇન્દુપ્રસાદ ભટ્ટ
મંત્રીઓ.

શ્રી ગિજુભાઈ સન્માન સમારંભ

"શ્રી. ગિજુભાઈ સન્માન થેલી"

ભરાયેલ નાણાં

૧ શ્રી. ગિજુભાઈના મિત્ર બેરીસ્ટર ચૂડગર રૂા. ૫૦૧ ની ઉદાર શરૂઆત કરે છે.

૨ તેમના વિદ્યાર્થી જગન્નાથ ગોર રૂા. ૧૦૧થી વિદ્યાર્થીઓનો ફાળો શરૂ કરે છે.

૩ મોન્ટેસોરી સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી અંબાલાલ રૂા. ૨૫૦ સન્માન થેલી માટે છેલ્લે જણાવેલ સહાનુભૂતિ દર્શાવી મોકલી આપે છે.

૪ મિત્રો અને સ્નેહીઓમાંથી રૂા. ૨૫૧ લીંબ-ડીના શેઠ કેશવલાલ મૂળચંદ, રૂા. ૨૫૧ શ્રી. તલકશીભાઈ, રૂા. ૧૦૧ શેઠ હીરાલાલ અમૃત-લાલ, રૂા. ૧૨૫ શેઠ નાનાલાલ કાળિદાસ, રૂા. ૧૦૧ રાજકોટના બેરીસ્ટર મસૂરેકર, રૂા. ૧૨૫ શ્રી. છોટાભાઈ પટેલ, રૂા. ૧૦૧ શેઠ જીવણલાલ મોતીચંદ, વગેરે આપે છે.

યાદી

૫૦૧	શ્રી. પોપટલાલ ચુડગર બેરીસ્ટર	રાજકોટ
૨૫૧	,, તલકશીભાઈ	,,
૧૦૧	,, જગન્નાથ ગોર	ઉત્તરસંડા

૫૧ શ્રી. રામજીભાઈ વકીલ રાજકોટ
૧૦ „ ડાહ્યાભાઈ જની વાંઢાય
૨૫ „ પ્રાણજીવન આચાર્ય વાંકું
૫ „ છબીલદાસ જમજીવનદાસ મુંબઈ
૧૦ „ કેશુભાઈ ભાવસાર ;,
૨૫ „ પ્રવીણસિંહજી સાહેબ વઢવાણ શહેર
૫૧ „ હરિભાઈ સાહેબ „
૨૫ „ કરણસિંહજી સાહેબ „
૨૫ „ જલમસિંહજી સાહેબ „
૨૫ „ બનેસિંહજી સાહેબ „
૧૦ „ માલવિયા બ્રધર્સ રાજકોટ
૨૫ „ ઉજમશી શિવલાલ „
૧૦૦ બેરીસ્ટર મસૂરેકર „
૧૦ શ્રી. રવિશંકર રાવળ અમદાવાદ
૨૫૧ „ કેશવલાલ મૂળચંદ લીંબડી
૧૦ „ કાનજીભાઈ નારણભાઈ વઢવાણ શ.
૧૫ „ સવાઈલાલ કેશવલાલ „
૧૫ „ ઝુંઝાભાઈ વેલજીભાઈ „
૫ „ કે. એન. શાહ „
૫ „ ભોળાનાથ જટાશંકર દાકર „
૫ „ ગોકુળદાસ ચત્રભુજ „
૧૦ „ જેચંદ તલકશી „
૧૨ „ કેશવલાલ ફકીરભાઈ „
૧૩ શ્રીમતી મણિબહેન કેશવલાલ „
૧૦ શ્રી. ભોગીલાલ પરીખ „
૫ „ હરજીવન છગનલાલ „
૨૫ „ અંબાલાલ આશાભાઈ મુંબઈ
૨૫ „ વજુભાઈ દવે વઢવાણ શહેર
૧૦ „ ચંદ્રશંકર મણિશંકર વડોદરા
૧૦ „ દેવરામ ડાહ્યાભાઈ વરૂ વાંઢાય-કચ્છ
૨ „ નાનકલાલ ઉમિયાશંકર વઢવાણ શહેર

૧૦ શ્રીમતી ગિરિજાબહેન ભોગીલાલ મુંબઈ
૨૦ શ્રી. પ્રાણશંકર મૂળજીભાઈ અમદાવાદ
૧૦ „ મણિશંકર માવજી રાવળ જામનગર
૫ „ હરિશંકર ભોગીલાલ ત્રિવેદી મુંબઈ
૨૫ શ્રીમતી યશસ્વતીબહેન અમદાવાદ
૧૦ શ્રી. વિષ્ણુપ્રસાદ ભટ્ટ ભાવનગર
૨૦ „ વીરસુત મહેતા ભાંગરોળ
૨૫ „ શંકરલાલ રતિલાલ ભાવનગર
૫ શ્રીમતી રસિલાબહેન વિષ્ણુભાઈ „
૧૦ શ્રી ગુલાબસિંહભાઈ જામનગર
૧૦ „ મનુભાઈ ભટ્ટ રાજપીપળા
૫ „ જયતીલાલ ડાહ્યાભાઈ કલકત્તા
૧૦ „ ગંગારામ બહેચરદાસ કચ્છ
૫ „ ધીરજલાલ નારણજી વઢવાણ શહેર
૧૦ „ મોહનલાલ કેશવલાલ ભૂતા રાજુલા
૧૫ „ નામલે મુંબઈ
૫ „ શંકરભાઈ નારણભાઈ મહુવા
૫ શ્રીમતી લીલાવતી કે. શાહ ભાવનગર
૧૦ „ શાન્તાબહેન ખાંડવાળા અમદાવાદ
૫ „ મણિબહેન ત્રિવેદી „
૧૦ શ્રી. મયાશંકર ભગવાનજી નડિયાદ
૧૫ „ મર્થક ભાવનગર
૫ „ ચંદુલાલ પાઠક ચલાળા
૧૦ „ પ્રતાપરાય યાજ્ઞિક મુંબઈ
૧૦ „ નારણભાઈ પટેલ સોરો
૨૫ શ્રીમતી વસુમતીબહેન ઝવેરી અમદાવાદ
૧૦ શ્રી. હરભાઈ ભટ્ટ „
૧૨૫ શેઠ નાનાલાલ કાળિદાસ રંગુન
૧૦૧ „ હીરાલાલ અમૃતલાલ શાહ મુંબઈ
૨૫ શ્રી. ગોવિંદરામ ઠાકર અમદાવાદ
૫ સી. એમ. પટેલની કું. „

૨૫ લે. ક. જોરાવરસિંહજી સાહેબ ભાવનગર
૧૦ શ્રી. નટવરલાલ જાની અમદાવાદ
૫ શ્રી. ઉમિયાશંકર જોશી પાલણપુર
૨ શ્રીમતી મનોરમાબહેન જોશી ,,
૨૫ ભાવનગર મીલ્સના એન્જીનીયર સાહેબ ભાવનગર
૨૫ શેઠ કલ્યાણજી વિઠ્ઠલજી જસાણી ગોંદિયા
૫ શ્રી. પિતામ્બર જોશી કચ્છ
૫ ,, દેવશંકર રાજગોર ,,
૫ ,, વિશ્રામ ઠાકર ,,
૧ ,, દયાશંકર ધનજી ,,
૫ ,, રવિશંકર યાજ્ઞિક અમદાવાદ
૧૦ ,, મણિલાલ ઠાકરશી મુંબઈ
૨ શ્રીમતી લીલાવતી ચંદુલાલ અમદાવાદ
૧૦૧ શેઠ જીવનલાલ મોતીચંદ કલકત્તા
૨૫ ન્યુ ઇરા હાઇસ્કુલ મુંબઈ
૫ શ્રી. મગનભાઈ વાઘજી પટેલ આણંદ
૫ શ્રીમતી જયાબહેન દાણી ભાવનગર
૧૦ શ્રી. ચીમનલાલ પુરુષોત્તમદાસ ભાદરવા
૧૦ શ્રીમતી જયાબહેન પારેખ ભાવનગર
૧૦ ,, કાંતાબહેન શાહ ,,
૨૦ શ્રી. શંકરભાઈ પટેલ વડોદરા
૫ ,, સોમાભાઈ કિશાભાઈ સુણાવ
૧૨૫ ,, છોટાભાઇ પટેલ
૫૦ ,, ડોસાભાઈ કચ્છ
૫ ,, આશાભાઈ સોજીત્રા
૫ ,, નટવરલાલ રાવળ પાટણ
૫ ,, રસિકલાલ જાની ,,
૫ ,, શાંતિલાલ સાઠંબાકર ,,
૫ શ્રીમતી ચંદ્રાવતી સાઠંબાકર ,,
૧ શ્રી. ચીમનલાલ દલસુખરામ શાહ ,,

૨૫૦ શ્રીમતી સરલાદેવી અંબાલાલ અમદાવાદ
૫૧ શ્રી. હીરાલાલ હ. પંડ્યા ભાવનગર
૧૫ ,, ધનશ્યામ વ્યાસ નડિયાદ
૫ ,, મૂળજીભાઇ ભક્ત ,,
૫ ,, મણિલાલ ઠાકર ,,
૫ ,, હનુમાનભાઈ ,,
૫ ,, અંબાલાલભાઈ ,,
૫ ,, રણછોડભાઈ ,,
૫ ,, એક ગૃહસ્થ ,,
૫ ,, મૂળજીભાઈ પટેલ ,,
૫ ,, જેઠાભાઈ કલ્યાણ વઢવાણ શહેર
૧ ,, ચંદુલાલ ચુનીલાલ ,,
૧ ,, જયંતીલાલભાઈ ,,
૨૫ શ્રીમતી મોંઘીબહેન ભાવનગર
૧૫ શેઠ રમણલાલ ભાગીલાલ ચીનાઈ વરસોવા
૧૦ શ્રી. વીરજી કોટક વાંકુ
૫ શ્રીમતી દીવાળીબહેન વેલજી કલ્યાણપુર
૫ ,, સાકરબહેન વેલજી ખાવડા
૫ શ્રી. પ્રાણલાલ ઘોળકીયા ઢોરી
૫ ,, પોપટલાલ ઠાકર વઝર
૫ ,, ધર્મસિંહ રૂપારેલા જેસડા
૨ ,, કર્મસિંહ ટાંક સતાપર
૨ ,, બાલુભા કેસરીસિંહ મોટાબંધરા
૧૧ શેઠ હાથીભાઈ અનુપમચંદ ભુજ
૧૦ શ્રી. પ્રભુલાલ જ. ઘોળકીયા સદનવાડી
૧૦ ,, મગનલાલ ગો. સોની ,,
૫ ,, રામેશ્વર કુંવરજી દવે અંજાર
૫ ,, ત્રિભુવનદાસ શિવચંદ શાહ ભુજ
૫ ,, શેઠ પોપટલાલ મૂળજી ,,
૫ રા સા. હરિરામભાઈ માધવજી મચ્છરે ,,

૫	શ્રી. સૌભાગ્યચંદ ખીમચંદ કોઠારી	ભૂજ	૨	વૈદ્યરાજ પુરુષોત્તમ નાનજી યાદવ	અંજાર
૫	વકીલ નૌતમલાલભાઈ અ. માંકડ	,,	૨	સૌ. સાકરબેન રવજીભાઈ શાહ	ભુજ
૫	શેઠ હુંગરશી ધરમશી સંપટ	અંજાર	૨	શ્રી. પંચાણભાઈ : ગૃહપતિ	
૫	વૈદ્યરાજ વલ્લભરામ વિશ્વનાથ	,,		ક. ક્ષ. વિદ્યાર્થિભુવન	ભુજ
૫	શ્રી. કાંતિપ્રસાદ ચં. અંતાણી	,,	૧	,, હરિલાલ મા. ચૌહાણ	અંજાર
૫	,, પોપટલાલ લવજીભાઈ મહેતા	,,	૧	,, હાથીરામ ના. પંડ્યા	સદનવાડી
૫	નગરશેઠ ધરમશી શિવરાજ ગાંધી	,,	૧	,, માર્કંડરાય મુ. મહેતા	,,
૫	શ્રી. રામજી લુધાણી	,,	કોરી ૧૦	શ્રી. કલ્યાણજી દેવજી	
૫	શેઠ ઓધવજી પાનાચંદ	,,	,, ૧૦	,, મંગળજી મનજી	ભરૂડીયા
૫	બહેન શારદાબેન ઘોળકીયા	સદનવાડી	,, ૫	,, હીરાલાલ લ. પંડ્યા	મોડવદર
૩	શ્રી. મોતીલાલ રા. સંઘવી	,,	,, ૫	,, દયાશંકર ધ. દવે	કાદિયાય
૨	,, રણછોડજી કું. દવે	,,	,, ૫	,, જયંતીલાલ ભ. દવે	કોરિયાણી
૨	ડૉ. લત્તીફભાઈ	અંજાર	,,	પા કોટડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ	
૨	શેઠ લક્ષ્મીચંદ મોતીચંદ	,,		(૪।।। કોરીનો રૂપિયો એક)	
૨	વકીલ તુળશીદાસ મૂળજી શેઠ	ભુજ	રૂા. ૩૩૧૫ તથા ૪૦। કોરી		

તા. ૨૪–૬–૩૭ સુધીની રકમો

શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ સમાચાર

(શ્રી. ગિ. સ. સ. સમિતિ તરફથી)

પ્રાથમિક સભા

દક્ષિણામૂર્તિ સંસ્થામાંથી ૨૦ વર્ષની પોતાની પ્રતિજ્ઞાબદ્ધ ઉજ્જવળ સેવા પછી શ્રી. ગિજુભાઈ બધેકા નિવૃત્ત થવાના સમાચાર બહાર આવતાં અમદાવાદ ખાતે વસતા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની એક સ્થાનિક સભા તા. ૨૪–૫–૩૭ ના રોજ શાંતિકુંજમાં મેળાવવામાં આવી. અને તે સભામાં સન્માનસમારંભ ઊજવવાનું અને એક થેલી અર્પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. મધ્યસ્થ તરીકે અમદાવાદ હોવાથી સમારંભ અમદાવાદ ખાતે રાખવાનું સૂચવવામાં આવ્યું. આ માટે એક કા. ચ. સમારંભ સમિતિ અને સલાહકારક સમિતિ પણ તે જ પ્રાથમિક સભામાં નીમવામાં આવી.

જાહેર સ્વીકાર

આ પછી સ્થળે સ્થળે પત્રવ્યવહાર શરૂ થયો, મુલાકાતો લેવાઈ અને ચર્ચા ઊપડી. ઠેર ઠેરથી આ વિચાર અને યોજનાને વધાવી લેવામાં આવી, અને શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિસંમેલનના ભાવનગર ખાતેની બેઠક વેળા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ અને અન્ય મુરબ્બીવર્ગ સમક્ષ

સમારંભ યોજના રજૂ થતાં તેનો સ્વીકાર થયો, અને ત્યાં ને ત્યાં ઉઘરાણાટીપ શરૂ થઈ. રૂા. ૪૦૦) જેટલા ત્યાં જ ભરાઈ ગયા.

વ્યવસ્થાની મંજૂરી

આ પછી તા. ૧૫–૬–૬૭ ના રોજ અમદાવાદ ખાતે મ્યુ. બાલમંદિરમાં સ્થાનિક અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ અને બાલમંદિરોના શિક્ષકોની સભા શ્રી. હરિહર પ્રાણશંકર ભટ્ટના પ્રમુખપદે ભરાઈ. આ સભામાં અત્યાર સુધી થયેલા કામનો અહેવાલ રજૂ થયો. તે સભામાં જે ઠરાવો સર્વાનુમતે પસાર થયા તે નીચે મુજબ:—

ઠરાવ ૧:—આ સભા સમક્ષ મંત્રીઓએ શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભનું કાર્ય અત્યાર સુધીમાં થયું, તેનો અહેવાલ રજૂ થયો, તેને આ સભા બહાલી આપે છે.

ઠરાવ ૨:—અ નીચે મુજબની કાયમી 'શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ સમિતિ' નીમવામાં આવે છે, અને તેમાં જરૂર જણાતાં બીજા સભ્યો ઉમેરવાની આ સભા સમિતિને સત્તા આપે છે. વધુમાં પાંચનું ક્વોરમ આ સમિતિના કામકાજ માટે જરૂરી ગણાશે. ક્વોરમને અભાવે મુલતવી રહેલી સભા માટે આ નિયમ બાધક નથી.

૧. શ્રી. હરિહર ભટ્ટ
૨. શ્રીમતી યશસ્વતીબેન ભટ્ટ
૩. શ્રી. ગોવિંદરામ ઠાકર
૪. ,, રેવાશંકરભાઈ
૫. ,, ઘનશ્યામ વ્યાસ (નડિયાદ)
૬. શ્રી. ભોગીલાલ પરીખ (વઢવાણ)
૭. ,, પ્રાણશંકર દવે
૮. ,, પ્રભુલાલ ઘોળકિયા (કચ્છ)
૯. ,, પ્રાણજીવન આચાર્ય (કચ્છ)
૧૦. શ્રીમતી નર્મદાબેન રાવળ (ભાવનગર)
૧૧. શ્રી. નામલે (મુંબઈ)
૧૨. ,, સોમેશ્વર ભટ્ટ
૧૩. ,, વસંત નાયક
૧૪. ,, સોમાભાઈ ભાવસાર (આણંદ)
૧૫. ,, ઇન્દુપ્રસાદ ભટ્ટ } મંત્રીઓ
૧૬. ,, વજુભાઈ દવે }

ન 'બાળ કેળવણીના પ્રેમીઓને' એ નામથી જે અપીલ બહાર પડી છે તેમાં સહી મૂકનારા મુરબ્બીઓની સલાહકારક સમિતિ નીમવામાં આવે છે. (જે અપીલ આ સાથે પ્રગટ કરી છે.)

ક ઠરાવ નં. ૨ ના અ માં દર્શાવેલી સમિતિને સમારંભના જુદાજુદા કાર્ય માટે જરૂરી પેટા સમિતિઓ પોતામાંથી તથા બીજાઓમાંથી પણ નીમવાની સત્તા આપવામાં આવે છે.

ડ કોષાધ્યક્ષ તરીકે શ્રી. ભોગીલાલ ઠાકરની તથા ઑડીટર તરીકે શ્રી. રમણલાલ ગોવિંદલાલ શાહની નિમણૂક કરવામાં આવે છે.

આ રીતે સમારંભનું કાર્ય વ્યવસ્થિત થઈ રહ્યું છે. સમારંભ વિષે મંત્રીઓને સૂચનાઓ કરવા જાહેર આમંત્રણ છે. દિવસો હવે પછી નક્કી થશે.

સહાનુભૂતિ

'શ્રી. ગિજુભાઈ દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થાય છે તે પ્રસંગે તેમનું સન્માન સારા ગુજરાત-કાઠિયાવાડમાંથી થાય તે યોગ્ય છે. અને તેને માટે તમે સૌએ જે યોજના કરી છે તે માટે મારી સહાનુભૂતિ છે.'

ઉટકામંડ
તા. ૨૨-૫-૩૭ } સરલાદેવી અંબાલાલ

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

ગરીબ માબાપનાં બાળકોને ઘણાં દુઃખો છે અને તેમાંથી તેમની મુક્તિ થવી જ જોઈએ. પણ કેટલાંક દુઃખોમાંથી તેમની મુક્તિ છે જ. આ કેટલાંક દુઃખો પૈસાદારનાં બાળકોને વરેલાં છે. વરસાદમાં નાવા ન જવાય, સૂરજના તડકામાં ન ફરાય, ભાવે તોપણ ન ખવાય, ઘામ થાય કે તાઢ ન વાય તોપણ કપડાં કાઢી ન નખાય. બધાં બાળકો આ અગર તે દુઃખોમાં છે. જુદી જુદી રીતે તેમને તેમાંથી છોડાવવાના યત્નોની પરંપરાની અપેક્ષા છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] શ્રાવણ ૧૯૯૩ [અંક ૬

મ ન નો

મંદિરોમાં દેવો છે અને ત્યાં બેઠેલા દેવોની પૂજાવિધિ પણ છે. મંદિરોની બહાર પણ દેવો છે, અને ત્યાં રહેલા દેવોની પૂજાવિધિ પણ છે. અને વિરાટ મંદિરોમાં દેવો છે, અને સર્વત્ર વિચરતા દેવોની પૂજાવિધિ પણ છે જ.

બાલમંદિરનાં બાળદેવોની પૂજા આપણને સૌને વિરાટ મંદિરના દેવોની પૂજા તરફ લઈ જાઓ.

બાલમંદિરનાં બાળદેવોની પૂજા આપણને સૌને વિરાટ-મંદિરનાં દૈવી સત્ત્વોની નિકટ અને નિકટ લાવો.

બાલમંદિર આપણું વિરાટ ઉપાસનાનું પ્રથમ પગલું થાઓ. બાલમંદિરને બારણેથી આપણું વિરાટ મંદિર ઊઘડો. બાલમંદિરને આંગણે ઊગેલો સૂર્ય આપણને અનંત પ્રકાશ અને અનંત જ્યોતિનાં દર્શન કરાવો.

: ૨ :

સમગ્ર જીવનની ઇમારતનો પાયો જ બાલમંદિરમાં નખાય છે. જેઓ જીવનનો મર્મ અને મંત્ર સમજી શકે છે, તેમને આ વાત દીવા જેવી સ્પષ્ટ લાગે છે.

* * *

બાલમંદિરની ખરી સફળતા બાલમંદિરમાં ભણેલાં બાળકો સારાં નીવડે એમાં મર્યાદિત થતી નથી. એની સફળતા બાલમંદિરમાંથી નીકળેલાં બાળકો મોટાં થઈ પોતાનાં તેમ જ પાડોશીનાં બાળકો માટે બાલમંદિરોની માગણી કરે અને સ્થાપના કરે તેમાં છે.

* * *

બાલમંદિરમાં સૌથી વધારે તાલીમ અને શિક્ષણ બાલ-મંદિરના શિક્ષકને મળે છે.

* * *

બાલમંદિર તેની ઇમારત કે સાધનામાં નથી પરંતુ શિક્ષકની બાલવિકાસ સંબંધેની સાચી દૃષ્ટિમાં છે.

* * *

બાલમંદિરનો શિક્ષક જેમ વધારે સંપૂર્ણ રીતે પોતાનાં બધાં કામોમાં સ્વાધીન હશે, તેમ જ તે બાળકોને માટે વધારે વિશાળ સ્વાધીનતાનું વાતાવરણ રચવામાં સફળ નીવડવાનો.

પોતાની પરાધીનતાના રોગ-માંથી બાળકની સ્વાધીનતાનું ઔષધ હાથ આવે છે.

* *

જ્યારે શિક્ષક આળસુ થશે ત્યારે તે સરસ્વતી તેમ જ બાળક બંનેને ખોશે.

* *

બાળકો પ્રામાણિક છે. તેમને અપ્રામાણિક બનાવવા માટે મહે-નત લેવી પડે છે. દુનિયા તેવી એક નિશાળ છે! ગિ.

અ · નુ · ક્ર · મ

૮૬ મનનો . . . . . ગિ.
૮૭ શિક્ષણ પત્રિકાનાં ગ્રાહકો! ...
૮૮ નવી ભરતી . . . . ગિ.
૯૨ નૂતન ગણિતશિક્ષણ . . શં.
૯૪ આ તે કેટલીક વાર લપસશે? ગિ.
૯૫ ઘેરથી નાસ્તો. . . . ગિ.
૯૭ બાલમંદિરના આચાર્યને . ગિ.
૧૦૦ શિક્ષણ સમાચાર . . . તં.

શિક્ષણ પત્રિકાના ગ્રાહકો !

શ્રી. ગિજુભાઈ સન્માન થેલી છલકાવશો ?

આપ સૌ જાણતા તો હશો જ કે શ્રી. ગિજુભાઈને એક 'સન્માન થેલી' અર્પવાની પ્રવૃત્તિ શરૂ થઈ ચૂકી છે. ગુજરાતના દરેક સ્થળેથી આ પ્રવૃત્તિને આવકાર મળવા લાગ્યો છે. શ્રી. ગિજુભાઈએ શિક્ષણ પત્રિકા દ્વારા આપની અનેક પ્રકારે સેવા કરી છે. પત્રિકાના અંકો બહાર પાડતી વખતે તેમણે ટાઢ કે તડકો જોયાં નથી. રાતદિવસના ઉજાગરા પણ તેમના પ્રવૃત્તિશીલ જીવનને લીધે પત્રિકાના અંકો કાઢવા માટે તેમને ઘણી વખત કરવા પડ્યા છે. કેટલીય વખત તો માંદગીના બિછાનેથી તેમણે અંકો કાઢ્યા છે.

શિક્ષણ પત્રિકા દ્વારા આપનાં બાળકોના અનેક પ્રશ્નો ઉકેલવાની બાળકેળવણીની સાચી દૃષ્ટિ આપને શ્રી. ગિજુભાઈએ આપી છે.

તેમને સન્માનવા આજે ગુજરાત તૈયારીઓ કરે છે. શિક્ષણ પત્રિકાના પાંચ હજાર ગ્રાહકો ધારે તો ઘડીકમાં 'થેલી' છલકાવી દે. 'સન્માન થેલી'ના કાર્યકર્તાઓનો સંકલ્પ ઓછામાં ઓછા 'દસ હજાર' એકઠા કરવાનો છે. આ સંકલ્પ તેમણે તમારા પર પણ નજર ઠેરવીને કર્યો છે.

આપ ધારો તો આ અંક બહાર પડતાંવેંત જ દસ હજારથી થેલી છલકાવી દો. અને શિક્ષણ પત્રિકાના લગભગ સોએક સદ્ધર આજીવન-સભ્યોને તો પ્રભુએ સારી સ્થિતિમાં મૂકેલ છે. 'થેલી'ની રકમ ગુજરાતનાં બાળકો માટે જ ખર્ચવાનો શ્રી. ગિજુભાઈનો સંકલ્પ છે તે આજે સૌ કોઈ જાણે છે. તમામ આજીવનસભ્યોને અમારી વિજ્ઞપ્તિ છે કે આ અવસરે તેઓ શ્રી. ગિજુભાઈ તરફનો આદર દર્શાવવામાં પાછા ન પડે.

સવિતા ત્રિવેદી બી.એ.
શારદામંદિર, અમદાવાદ
પોપટલાલ ચૂડગર
બાર-એટ-લૉ; રાજકોટ

તારીખ ૨૪-૬-૩૭

નવી ભરતી

સત્રે સત્રે બાલમંદિરમાં નવાં બાળકોની ભરતી થાય છે. જૂનાં પાણી વ્યવસ્થિત અને નિર્મળપણે વહેતાં થઈ ગયાં હોય છે, એમાં આ નવાં અવ્યવસ્થિત અને અસ્પષ્ટ પાણી ભળે છે. આ વખતે શું કરવું એ એક મુશ્કેલીનો પ્રસંગ બને છે.

આવે વખતે એકાએક નવાં બાળકોને જૂનાં બાળકોમાં ભેળવી દેવાની ભૂલ ન થવી જોઈએ. નવાં બાળકો અજાણ્યા મુલકમાં આપણે ગયા હોઈએ અને આપણી જેવી સ્થિતિ હોય છે, તેવી સ્થિતિમાં હોય છે. તેઓ બાલમંદિરના રીતરિવાજો, રહેણીકરણી, સભ્યતા વગેરે જાણતાં નથી હોતાં; આથી તેઓ જૂનાં બાળકોને તથા શિક્ષકોને અણઘડ, વિચિત્ર અને કેટલીએક વાર જંગલી લાગે છે. ખરી રીતે નવાં બાળકો તેવાં હોતાં નથી અને હોઈ શકે પણ નહિ.

પ્રથમ તો નવાં બાળકોને બાલમંદિરમાં શું શું અને કેવી રીતે ચાલે છે તે પોતાની જાતે સારી રીતે અવલોકવાની તક આપવી જોઈએ. તેઓ નવી પરિસ્થિતિને અવલોકતાં પણ હોય જ છે. એટલા માટે તેઓ જૂનાં બાળકોને, તેમનાં કામકાજને અને તેમની સભ્યતાને સહેજ દૂરથી જોઈ શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

પ્રથમ શ્રેણીનાં જૂનાં બાળકોમાં નવી ભરતી તુરત ઉમેરવી નહિ, પણ નવી ભરતીને તેનાથી પણ સહેજ અલગ રાખી તે શ્રેણીનું કામ પણ નવી ભરતીને અવલોકવા દેવું.

નવાં બાળકોને એકાએક દફ્તારિનારો જેવાં સાધનો આપશું, તો તેઓ મોટે ભાગે તેનું શું કરવું તે સમજશે નહિ ને દુરુપયોગ કરશે. આપણે ઝટ ઝટ તેમને આમ આવશ્યક અને આમ અનાવશ્યક એમ કરીને પાઠ આપશું તો તેઓ તે ઝીલશે નહિ. ઊલટું તેઓ આપણે વિષે વિચિત્ર ખ્યાલ બાંધશે.

એટલા માટે આપણે આપણો પરિચય તેમને બહુ ધીમે ધીમે આપવો. શરૂઆતમાં આપણે તેમના પૂરતાં નીચેનાં કામો લઈ શકીએઃ તેમને ફરવા લઈ જવાં; તેમને ક્રીડાંગણમાં લઈ જવાં; તેમને વાર્તા કહેવી; તેમની સાથે વાતો કરવી; તેમને કલામંદિર, બાગ, વગેરે બતાવવાં; તેમને સંગીતના ઓરડામાં દાખલ કરવાં તથા તેમને નાસ્તા વખતે હાજર રાખવાં.

જેવું વ્યવસ્થિત અને કાળજીપૂર્વકનું કામ મોટાં બાળકો કરતાં હોય છે તેવું તેમની પાસેથી માગવું તો નહિ, પણ તેવું તેમની પાસેથી કરાવવું પણ નહિ. જેમકે તેઓ ધૂમો પાડતાં હોય, કૂદાકૂદ અને દોડાદોડી કરી બીજાને અડચણ કરતાં હોય, હાથ ધોયા વિના ખાવા આવતાં હોય, વ્યવસ્થાની દૃષ્ટિએ નક્કી કરેલાં સ્થળોએ બેસતાં ન હોય, વગેરે. આવે વખતે તેમની આ ઊણપો અવલોકીને આપણા ધ્યાનમાં રાખવી. પછી સમૂહગત પ્રવૃત્તિ ચાલતી હોય ત્યારે એટલે કે નાસ્તો ચાલતો હોય, સંગીત ચાલતું હોય, વાર્તા ચાલતી હોય, ત્યારે આ બાબત આમ બને, આ બાબતમાં આમ થાય, વગેરેની સક્રિય વાત કરવી–પ્રબોધક પાઠ આપવો. આમ

ન થાય, આમ ન થાય, એવા નિષેધો ઉચ્ચારવા નહિ. આમ કરશો નહિ, આમ કરશો નહિ, એમ તો ન જ કહેવાય; પણ આ સુંદર છે, આ આમ થઈ શકે છે વગેરે વિધાનો, કેમ થાય તે કરી બતાવીને નવાં બાળકોના ખ્યાલમાં મૂકવાં.

નવાં બાળકો પાણીના રેલાઓ જેમ આમ-તેમ જુદાં જુદાં વીંખાઈ જશે. તેઓ એકત્રિત વહી નદી બનતાં વાર લાગશે. પણ તેથી ગભરાવું કે અસ્થિર થવું નહિ. જ્યાં સુધી દરેક નવું બાળક પોતે અંદરથી વ્યવસ્થાને નહિ પામે ત્યાં સુધી તે જૂના સાથે મેળમાં નહિ આવે. એટલે શિક્ષકે આ નવા બાળકનો મેળ કેવી રીતે સધાય તે વિચારવાનું અને અમલમાં મૂકવાનું રહ્યું.

નવાં બાળકોનાં માબાપો, નોકરો, વગેરે તેમની સાથે આવતાં હોય છે. તેઓના મનમાં એમ હોય છે કે બાળક ઝટ હળી જાય તો સારું જેથી પોતાને હેળવવા આવવું ન પડે. તેથી તેઓ ઘણાં ઉતાવળાં થઈ બાળકને ઓરડાઓમાં કે બીજાં જૂનાં બાળકોની પ્રવૃત્તિમાં ધકેલે છે. પણ નવાં બાળકો અજાણ હોવાથી તેમાં ભળતાં સંકોચાય છે, ગભરાય છે, અને ઘણી વાર ડરે પણ છે. આથી સાથે આવતાં તમામ નોકરચાકર કે માબાપો ને સ્પષ્ટતાથી, અને નમ્રતાથી પણ દૃઢતાથી કહી દેવું કે તમને જેમ સૂચના આપીએ તેમ વર્તશો તો તમારાં બાળકો વહેલાં હળશે. સાથે આવેલાંને વાંચવાની પ્રવૃત્તિ આપવી. તેમની પાસે બાળકો જઈને બેસે કે તેમની પાસે બેસી જ રહે લ્હેવા વાંધો લેવો નહિ. તેઓને વાર્તામાં બેસાડવાં, તેઓને સાથે ફરવા લેવાં, તેઓને નાસ્તામાં અને સંગીતમાં હાજર રાખવાં એટલે તેમની પાછળ નવાં બાળકો આવશે અને જૂનાં બાળકોના આચારો જોશે, અને વિધિનિષેધોની એમના મન પર છાપ પડશે.

નવાં બાળકોની સાથે શિક્ષકોએ એકાએક વાતચીત કરવા કે કામ પાડવા બેસી જવું નહિ. નવાં બાળકો છીપલામાં જીવડાં હોય છે તેવાં હોય છે. જરાક કંઈક નવું થતાં સંકોચાઈ અંદર પેસી જાય છે. એટલે આપણે તો આઘા રહેવું. તેઓ બધાં બાળકોને રમતાં-ગમતાં ભાળી ધીમે ધીમે નોકરોથી છૂટાં થશે અને કંઈક કરવા માગશે. એટલામાં તેઓ એ પણ જોશે કે આપણે શું કરવા માટે બાલમંદિરમાં છીએ, અને કેવી જાતની તેમને મદદ આપીએ છીએ. પરિણામે તેઓ પોતાનાં શંખલાંમાંથી બહાર આવશે અને પોતાના કવચના બંધનમાંથી મુક્ત થઈ સ્વતંત્રતા અનુભવશે. આ પોતાની જાતે ઊપજેલી સ્વતંત્રતાને લીધે તેઓ નોકરોને પણ ફેંકી દેશે અને પછી તેઓ નવા વાતાવરણને એકદમ ચૂસવા લાગશે.

આપણે તેમની સાથે જ ખાસ વાતો કે વાર્તા કહીએ છીએ તેવું તેમને ભાન ન થવું જોઈએ. જૂનાં બાળકો સાથે વાતો કે વાર્તા કરવા બેસવું. નવાં બાળકો દૂર કે નજીકથી આપણે શું કરીએ છીએ, બાળકો શું બોલે છે, તે જિજ્ઞાસાથી સાંભળશે જ. તેવે વખતે અનુકૂળતા જોઈ નવાં બાળકો સાથે બે વાત કહેવાની તક લઈએ, તો તેઓ આપણી નજીક આવી જશે.

એ વાત તો ઉઘાડી છે કે છેક નાનાં બાળકો આપણા પર કેવી રીતે વિશ્વાસ રાખે? તેઓ મોટાંઓથી હમેશાં ડરતાં આવ્યાં છે. મોટાંઓને તેઓ સમજી શકતાં નથી, ને મોટાંઓએ તેમને સમજવાને યત્ન કર્યો નથી એવો તેમનો અનુભવ છે. વળી મોટાંઓ ગમે ત્યારે ધિક્કાય, મારી બેસે, અપમાન કરી બેસે, એવો પણ તેમનો મોટે ભાગે અનુભવ છે. આથી તેઓ આપણ સૌથી ડરતાં અગર નાસતાં ભાગે તો તેમાં નવાઈ નથી. આપણે પણ તેમની પાસે જઈ જઈને એકદમ વાતો કરીને તેમને આપણાં કરી નાખવા માટે ઉતાવળા થવું ન જોઈએ. આપણે ભલા, અક્રોધી, શાંત મદદગાર, વગેરે છીએ અને તેથી વિશ્વાસ રાખવા લાયક છીએ, તેની તેમના મનને ખાતરી થવા દો; પછી બધું કામ થશે.

ઘણી વાર નવાં બાળકો ઘેરથી જ બાલમંદિરો વિષે વિચિત્ર કલ્પના લઈ ને આવે છે. માબાપોએ કહેલું હોય છે કે "ત્યાં તો રમવાનું અને મજા કરવાનું છે; ત્યાં તો સારો સારો નાસ્તો ને ફરવા જવાનું હોય છે." ભલે માબાપોએ તેમને બાલમંદિરમાં મોકલવા માટે બાલમંદિરની આ એકએ બાજુ જ બાળકોને બતાવી; બાળકોને આપણે તેમની આ કલ્પનામાં નિરાશ ન કરીએ. તેમને રમવા દઈ એ; તેમને વખતે નાસ્તો ખાવો હોય તો વહેલોમોડો આપીએ પણ ખરા.

ઘણી વાર બાળકોને પોતે નવાંસવાં આવેલાં હોઈ એકાએક વાતાવરણફેરે ગમતું નથી. ન ગમવા પાછળ ઘરની સગવડ, સુખ, પ્રેમ, છૂટ વગેરે હોય છે ત્યને તેથી તેઓ બેચેન બને છે કે રડે છે. બની શકે તો તેમને તેમના ઘેર મોકલી દેવાં જોઈએ. એમ ન બને તો તેમને સહેજ રમાડવાં જોઈએ અને ગમાડવાં પણ જોઈએ.

નવાં આવેલાં બાળકો આપણાથી ભડકે અને આપણે તેનાથી ભડકીએ અને બન્ને વર્ગ અલગ અલગ રહે તેમ ન થવું જોઈએ. મતલબે તેમને એમ ન થવું જોઈએ કે અહીં તો અમારી કોઈ દરકાર કરતું નથી; અહીં જોકે કોઈ મારતું વઢતું નથી! પણ કોઈ અમારો ખ્યાલ પણ કરતું નથી. મોટા ઘરનાં બાળકો પોતાને ઝટ સંભાળો, પોતાને સાચવો, એવી અપેક્ષા રાખતાં આવેલાં હોય છે. એટલી બધી તેમની અપેક્ષા પાર પાડવા માટે આપણે તેની ખુશામત ન કરીએ, પણ આપણે તેની સન્માનપૂર્વક સંભાળ તો લઈએ. એવી જ રીતે ગરીબ ઘરનાં બાળકો જેઓ આપણી સાથે અને બાળકો સાથે ઝટ ઝટ ભળવા માગતાં હોય, ઝટ ઝટ વાતો કરવા માગતાં હોય, તેમની સાથે અતડાઈ ન રાખીએ. બાળકેબાળકનો આપણે તુરત અભ્યાસ કરી લેવો જોઈએ, અને દરેક બાળક સાથે વર્તવાની આપણી પોતાની રીત આપણે શોધી કાઢવી જોઈએ.

નવાં બાળકોનું મન પ્રસન્ન રહે તેમ થવા દેવું. તે મને રાજી કરવાનાં નથી પણ પ્રસન્ન રહેવા દેવાનાં છે. ખુશામતથી બાળક રાજી થાય પણ સ્વાભાવિક પરિસ્થિતિમાં વિચરવા દેવાથી બાળક પ્રસન્ન રહે. દાખલા તરીકે કોઈ નવા બાળકને ફરવા નથી આવવું તો તેને કહેવું કે બહુ સારું ત્યારે અહીં રહો. કોઈને નાસ્તો ન ખાવો હોય તો કહેવું કે કંઈ નહિ, રહેવા

દે૦. મતલબે જેમાં નુકસાન ન હોય તેવું બધું બાળકને કરવા દેવામાં વાંધા લેવા નહિ.

નવાં બાળકો આપણે અને જૂનાં બાળકોનો અભ્યાસ કરતાં હોય છે. આપણે જૂનાં બાળકો સાથે કેમ વર્તીએ છીએ તે ઉપરથી તેઓ આપણે આંક આંકે છે. એટલે આપણે તો જૂનાં બાળકો હવે હળી ગયાં છે માટે હાંકચે રાખે, એમ તેમની સાથે ન વર્તી શકાય. વળી નોકરોચાકરો વગેરે સાથે આપણે કેમ વર્તીએ છીએ તે ઉપરથી પણ નવાં બાળકો આપણને માપે છે. માત્ર બાળકો સાથે જ આપણે સભ્યતાથી અને શાંતિથી વર્તવું એમ વિચારી રાખ્યું હોય તો નહિ ચાલે. જે વસ્તુઓ આપણે નવાં કે જૂનાં બાળકોમાં મૂકવા માગતાં હોઈએ તે આપણા સ્વભાવમાં જ ઊતરેલી હોવી જોઈએ. આપણે જો ઉપર ઉપરથી વર્તીએ તો બાળકો પણ ઉપર ઉપરથી વર્તતાં શીખશે, એટલું જ નહિ પણ તેઓ આપણને પિછાની લઈ ઊલટું આપણા આશયોને બરબાદ કરશે.

નવાં બાળકો ઘણી વાર મંગાવેલી ચીજો (જેવીકે રૂમાલ, પ્યાલો, દાંતિયો.) વિનાનાં હોય છે. તે માટે પણ ઉતાવળા ન થવું. તે માટે માબાપોને ચિઠ્ઠી લખવી, પણ બાળકોને તો તેની શાંતિથી યાદ આપ્યા પછી વધારે ખટપટ ન કરવી. વળી જો નવાં બાળકો પાઈ-પૈસો અગર બાવાનું લાવે તો તે બાબતમાં ઉતાવળા થઈ એકદમ તે અટકાવવું નહિ; પણ ધીમે ધીમે તેની જરૂર નથી તેવી છાપ તેમના પર પાડવી આવશ્યક છે. મતલબે શરૂઆતમાં નાનાં નવાં બાળકોની બાબતમાં ખૂબ વિચારપૂર્વક વર્તવું. એક વાર બાળકો આપણને જેવાં છીએ તેવાં જાણી લે પછી તેઓ આપણેથી સંકોચાશે નહિ તેમ ગભરાશે પણ નહિ, પણ આપણાં થઈને રહેશે.

નવાં બાળકો આવે છે ત્યારે તેમને ઘણી વાર અકસ્માત નડે છે, તેઓ આડાંઅવળાં થઈ જાય છે, તેમની ગિનતી કરવી આકરી પડે છે. એ બધું ખરું છે, પણ તેથી અકળાવું નહિ. જેઓ મોટાં બાળકો સાથે કામ કરવાને ટેવાયેલાં હોય છે, તેઓ સૂચનાઓથી કે નિયમ કાઢવાથી બધું ચાલશે એવી ભૂલભરેલી માન્યતામાં કેટલીક વાર હોય છે. નાનાં નવાં બાળકો માટે સૂચના, ઉપદેશ, નિયમોની સુનાવણી વગેરે બધું નકામું છે. તેમની સાથે તો સ્પષ્ટ અને કોમળ સક્રિય વર્તાવ જ કામનો છે. તેમને તો બધું બતાવવું, નહિ કે કંઈ કહેવું. તેમને તેમની ન્યૂનતાઓ માટે કહેવું કે તેમનું ધ્યાન ખેંચવું એ નકામું છે. તેઓ એ ન્યૂનતાઓમાંથી નીકળી જાય તેવી પરિસ્થિતિ રચવી એ આપણું બાલમંદિરના શિક્ષકોનું કામ છે.

નવાં બાળકોને રડતાં મૂકી કામે લાગવું એમાં જોખમ છે. તેઓ રડીને છાનાં રહી જશે, પણ બાલમંદિર વિષેનો કે આપણે વિષેનો તેમનો ખ્યાલ ખરાબ બાંધશે. એના કરતાં તો તેમને તેમના ઘેર મોકલી આપવાં એ સારું છે.

માબાપોને પણ સૂચનાઓ આપવાની જરૂર છે કે નવાં બાળકોને રોજ ને રોજ બાલમંદિરમાં પરાણે મોકલવાં જ જોઈએ એમ ન માનવું. માબાપો પરાણે પોતાનાં બાળકોને ન મોકલે તે માટે ખાસ કાળજી રાખવી.

નવાં બાળકો એક ઘરનાં કે શેરીનાં કે એક જ ગાડીમાં બેસીને આવતાં હોય, તેમને સાથે

રહેવું ગમે છે ક્રમકે એકલાં રહેતાં તેમને નિરાધારપણું લાગે છે. તો એકાએક મંડળીઓ પાડી તેમને છૂટાં પાડવાં નહિ; તેથી તેમને આઘાત લાગશે.

જે નવાં બાળકોનાં મોટાં ભાઈબહેનો બાલમંદિરમાં આવતાં હોય તે નવાં બાળકોને તેમનાં ભાંડરડાં સાથે રહેવું, હરવું, ફરવું, ખાવું હોય તો તેમાં ના પાડવી નહિ. થોડો વખત તેમની સાથે રહી આપોઆપ જ તેઓ તેનાથી છૂટાં પડી જશે. જો બાલમંદિરનું વાતાવરણ બરાબર સાચી ઢબનું હશે તો તેઓ અવશ્ય છૂટાં થશે જ. ગિ.

નૂતન ગણિતશિક્ષણ

બાળકની ગણિતશિક્ષણની શરૂઆત તો એ જ્યારથી પોતાની જાતને બીજી વસ્તુઓથી જુદી પાડતાં શીખે છે ત્યારથી થાય છે. ત્યાં સુધી તો બાળક બધી વસ્તુઓને પોતામય જ ધારતું હોય છે. પણ જે ક્ષણે આ પોતે અને આ બીજું, એવો ભેદ બાળક સમજે છે તે જ ક્ષણથી એના ગણિતશિક્ષણનો પાયો નખાય છે.

આ પછી બાળક ધીરે ધીરે આગળ વધે છે. જ્યારે અઢી વર્ષે બાળકો બાલમંદિરમાં આવે છે ત્યારે મોટા ભાગનાં બાળકોને એક અને બે, એ બે સંખ્યાનું ભાન બરાબર હોય છે. બે પછીની સંખ્યાઓ કેટલાંક બાળકો બોલી શકતાં હોય છે પરંતુ ત્રણ એટલે કેટલાં કે ચાર એટલે કેટલાં, એનો ખ્યાલ એમને હોતો નથી; એ સંખ્યાઓ એમને માટે માત્ર શબ્દો જ હોય છે. તમે ત્રણ આપવાનું કહેશો તો એને બદલે ચાર આપશે કે બે આપશે; ચાર આપવાનું કહેશો તો પાંચ આપશે કે ત્રણ આપશે. શબ્દોની સાથે સંખ્યાના જોડાણનો એટલે કે સંજ્ઞાજ્ઞાન સાથે સંખ્યાજ્ઞાનનો મેળ હોતો નથી. આ પરિસ્થિતિ ઘણા લાંબા વખત સુધી ચાલે છે. બેમાંથી ત્રણમાં જતાં બાળકો ખૂબ જ વખત લે છે, અને મોન્ટીસોરી શિક્ષકની ખરી કસોટી આ જ વખતે થાય છે. એક બે બરાબર; પણ ત્રણ આવે એટલે કોઈ પણ સંખ્યા આવી જ સમજોને! કેટલાંએક બાળકો તો પાંચ વર્ષની ઉંમરનાં થાય ત્યાં સુધી બેથી ત્રણમાં જતાં નથી. પણ એવી સંખ્યા તો ઓછી જ. બાળક બેથી ત્રણમાં જાય એટલે પછી આ કામ જલદી વધે છે. પછી એની મુશ્કેલી સાત આઠ ગણવા આગળ આવે છે. પણ એ મુશ્કેલી વટાવતાં એ બાળક બેથી ત્રણમાં જવા જેટલો સમય લેતું નથી. આમાંથી એ એકંદરે ઝડપથી પસાર થઈ જાય છે, અને દશ સુધી પહોંચી જાય છે.

આ દસ સુધીનું શિક્ષણ આપણે અલેલટપ્પે જ આપીએ છીએ. આની અંદર જુદાં જુદાં રંગનાં મોતી, કોડીઓ, ધન વગેરે બાળકોને અનુકૂળ પડે એવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે.

આવી રીતે અલેલટપ્પે દસ સુધીનું જ્ઞાન થયા પછી બાળક પાસે શાસ્ત્રીય સાધન ધરવામાં આવે છે. આ સાધનનો ઉપયોગ ઇન્દ્રિયવિકાસનાં સાધનોમાં તો બાળક કરી જ ગયું હોય છે. આ સાધનનું નામ પટ્ટાવાળી લાંબી સીડી. ઇંદ્રિયવિકાસનાં સાધનોમાં વપરાતી લાંબી સીડીને પટ્ટા નથી હોતા; એ સાદી લાંબી સીડી

હોય છે. એનો ઉપયોગ લાંબું અને ટૂંકું બતાવવાનો હોય છે. ગણિતના છેક શરૂઆતના સાધન તરીકે વપરાતી લાંબી સીડીને પટ્ટા હોય છે, અને એનો ઉપયોગ એકથી દસ સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં તેમ જ એકથી દસ સુધીના શરૂઆતના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો ખ્યાલ આપવામાં થાય છે. આ ઉપરાંત ૧૧ થી ૧૯ સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં પણ આ પટ્ટાવાળી લાંબી સીડીનો ઉપયોગ થઈ શકે છે, જોકે એને માટે મોતીની સળીઓની પેટી જે લાંબી સીડીનું નાનકડું રૂપ છે તેનો પણ ઉપયોગ થઈ શકે છે.

પણ પટ્ટાવાળી લાંબી સીડી જ શાસ્ત્રીય સાધન શા માટે કહેવામાં આવે છે? મોતી, કોડીઓ, ધન વગેરેથી આપણે દસ સુધીનું સંખ્યાજ્ઞાન આપીએ છીએ, તે અલેલટપ્પે આપેલું જ્ઞાન શા માટે કહેવામાં આવે છે? આ મુદ્દો મહત્ત્વનો છે. આના ઉપર આપણે ઠીક ઠીક વિચાર કરવો જોઈએ. આપણા અત્યાર સુધીના ગણિતશિક્ષણમાં આ ભૂલ થતી જ આવી છે. જોકે આપણા અત્યાર સુધીના ગણિતશિક્ષણમાં તો પ્રાથમિક ભૂલ તો એ થતી આવી છે કે આખું ગણિતશિક્ષણ રેતીના પાયા ઉપર રચાયેલું છે. જે ગણિતશિક્ષણ માત્ર શબ્દો વડે આપવામાં આવતું હોય, જે ગણિતશિક્ષણમાં બાળકને પ્રત્યક્ષ વસ્તુઓ જોવાનું ને હાથ લગાડીને વસ્તુઓ ગણીગણીને સંખ્યાનું જ્ઞાન મેળવવાનું ન મળતું હોય, એ ગણિતશિક્ષણનો પાયો રેતી ઉપર ચણાયો છે એમ કહીએ તો તેમાં સહેજ પણ અતિશયોક્તિ છે એમ માનવાનું કંઈ જ કારણ નથી. હા, હમણાં હમણાં બાળકોને માટે લખોટાની દોડી અને એવું એવું વસાવવા પ્રયત્નો થઈ રહ્યા છે. પણ એ બધાં વલખાં છે. બાળકને જ્યાં સુધી ગણિતની મુખ્ય ચાર પ્રક્રિયાઓ—સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર—પ્રત્યક્ષ સાધનો વડે કરવાની તક ન મળે, સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાનો અવકાશ ન મળે, જે કંઈ આગળનું પગલું આવે તે બાળકો પોતાની મેળાએ પોતાના હાથે સાધનનો ઉપયોગ કરીને સિદ્ધ ન કરે, ત્યાં સુધી છૂટક છૂટક જુદાં જુદાં સાધનો વસાવવાથી જોઈએ તેવો લાભ કદી પણ થવાનો નથી. આને પરિણામે આપણાં બાળકોને માટે ગણિત રસનો વિષય મટી જઈને માત્ર કંટાળાનો અને કેટલીક વખત ધિક્કારનો વિષય બની જવાનો છે. જે ગણિતશિક્ષણમાં બાળકોને મજા આવવી જોઈએ, જેની અંદરથી બાળકોએ રસના ઘૂંટડા પીવા જોઈએ, જે ગણિતશિક્ષણ જીવનનું એક આવશ્યક અંગ છે, તે ગણિતશિક્ષણ બાળકોને માટે એક બોજારૂપ થઈ પડે એ આપણા બધા માટે ભયંકર દુર્દશાનો વિષય છે.

પણ આ તો આવશ્યક એવું સહેજ વિષયાંતર થઈ ગયું. આપણે તો લાંબી સીડી શાસ્ત્રીય સાધન શા માટે છે એનો વિચાર કરતા હતા. ચાલો ત્યારે એનો વિચાર કરીએ.

(અપૂર્ણ) શંકર શાહ

બંગાળની લોકકથાઓ	મોંઘીબેન	૦–૫–૦
ટારઝન ભાગ બીજો	શંકર શાહ	૦–૫–૦

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

આ તે કેટલીક વાર લપસશે ?

બાલમંદિર જોવા આવતા એક સદ્‌ગૃહસ્થે એક બાળકને લપસણા ઉપર લપસતું જોઈ મને પૂછ્યું: "આ તે કેટલીક વાર લપસશે?"

પાસે જ ઊભેલા અને બાળકનું અવલોકન કરનારા એક શિક્ષકને મેં પૂછ્યું: "કેટલી વાર થયું છે?"

શિક્ષકે જવાબ આપ્યો: "એકાવન વાર."

પેલા ગૃહસ્થ મારી સામે જોઈ રહ્યા. આશ્ચર્યથી ફરી પૂછ્યું: "હવે કેટલી વાર લપસશે?"

મેં કહ્યું: "ખબર નહિ. વખતે હમણાં જ છોડી દે, અને વખતે ૨૦૦ વાર પણ લપસે."

"પણ તે થાકી ન જાય?"

"ના. તે પોતાની મરજીથી લપસવા લાગેલ છે, અને થાક લાગશે તો પોતાની મરજીથી લપસવાનું છોડી દેશે."

"પણ તમે તેને કસરત કરવાનું કહ્યું હશે ના?"

"ના. કસરત કરવાનું અમે કહેતા નથી; કસરતનાં સાધનો અહીં રાખીએ છીએ."

"પણ આમ આખો દહાડો લપસ્યા જ કરે તો બીજું કામકાજ ક્યારે થાય?"

"આ કરે છે તે જ એનું કામ છે. એને આ કામ કરી શરીરની સ્ફૂર્તિ મેળવની છે, શરીરના સ્નાયુઓ ઉપર કાબૂ મેળવવો છે અને શરીરમનને તાજગી આપની છે. તે સંતોષ પામશે ત્યાં સુધી તે કરશે"

"પણ આમ તો પાર ન આવે!"

"આમ રોજ રોજ પાર આવતો જોવામાં આવ્યો છે."

"અને કાલે પણ તે આમ જ લપસશે તો?"

"તો પરમ દહાડે તે લપસે છે કે નહિ તેનો વિચાર કરવાનું રહેશે."

"પણ એ તો આખું અઠવાડિયું લપસ્યા કરે તો?"

"તો પછીનું આખું અઠવાડિયું તે વાંચશે કે લખશે કે ગણિત કરશે."

"એમ? આ બાળકો એમ કરે છે?"

"જરૂર, એમ કરે જ છે. રોજ આનું આ બને છે."

"પણ એમ કરતાં કોઈ રખડે તો?"

"પણ રખડે ક્યાંથી? અહીં રખડવાનું છે જ નહિ."

"ત્યારે?"

"અહીં તો કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ પડેલી જ છે. બાળકને જે ગમે તે કરે. આજે નહિ તે કાલે, ને કાલે નહિ તે પરમ દહાડે."

આ વાત ચાલતી હતી ત્યાં પેલું બાળક લપસણા ઉપરથી ખસી જઈ ઓરડામાં જઈ ચોપડી શોધવા લાગ્યું.

નવા ગૃહસ્થ કહે: "પેલું બાળક ક્યાં ગયું? એ કેટલી વાર લપસ્યું?"

શિક્ષક કહે: "૧૦૭ વાર લપસી હમણાં જ તે ઓરડામાં ગયું."

અમે બધા ઓરડામાં જઈ જોઈએ છીએ તો બાળક એક ચોપડી લઈ વાંચતું હતું.

ગિ.

ઘેરથી નાસ્તો

અત્યાર સુધી બાળકોને બાલમંદિરમાં જ અને બાલમંદિરની જ વ્યવસ્થાથી નાસ્તો આપવાનો રિવાજ ચાલતો આવ્યો છે, અને એ રિવાજ જ બરાબર છે.

નાસ્તો બાળકોને રાજી કરવા માટે નથી; બાળકોને કામ કરતાં કરતાં ભૂખ લાગે તેટલા જ માટે માત્ર તેમને નાસ્તો આપવામાં આવતો નથી. આ બધાં કારણો સાથે નાસ્તો આપવાનો પ્રધાન હેતુ બાળકોને આ પ્રસંગે સામાજિક જીવનની તાલીમ આપવાનો છે.

આ તાલીમ અનેકવિધ છે. એમાં મુખ્ય તાલીમ સૌ બાળકો એક કુટુંબીજનોની જેમ સાથે બેસીને જમે તેની છે. સૌનો નાસ્તો એક જ પ્રકારનો, સૌ એક જ સમયે અંદર અંદર કોઈ પણ જાતના ભેદભાવ વગર સાથે નાસ્તો લે, એ સમાજજીવનમાં એકતા લાવવામાં અતિ મહત્ત્વનું પગલું છે. આપણા જીવનમાં પ્રવર્તતા અનેક ભેદભાવોએ આપણાં કુટુંબોને, સમાજોને, પ્રજાઓને અને સમષ્ટિ આખીને અત્યારે છિન્નભિન્ન કરી નાખેલ છે. આપણે એકતા સાધવાની આજે ઇચ્છા રાખીએ છીએ. આ એકતાને અનેક માર્ગે સાધી શકાય. તેમાંનો એક માર્ગ બાલમંદિરમાં સાથે નાસ્તો છે.

મારી બાલ્યાવસ્થાની સ્મૃતિ હજી તાજી છે. કોઈ પાડોશી ન્યાયાધીશ સાહેબ કે વહીવટદાર સાહેબનાં બાળકો માટે તેનો પટાવાળો નાસ્તો લાવતો. ન્યાયાધીશ સાહેબનાં બાળકો તે નાસ્તો મને કે કમને અમને છોડીને અમારાથી આઘાં જઈ ને ખાતાં, પટાવાળો અને બાળકો તે જ કારણેથી અમારાથી જુદાં છે એમ અનુભવતાં, અને અમારા ઉપર સરસાઈની છાપ પાડતાં. અમે તેની સામે સ્પર્ધા કરવા ઘેરથી પોંક કે દાળિયા લાવી તેમની સામે ઊભા ઊભા ખાતા. આમ થવાથી અમારામાં નાનપણથી વેરઝેર થતાં અને કોઈ વાર અમે બાઝી પડતાં. કોઈ વાર તો કજિયાળો છોકરો કોઈનું કૂંડી નાખતો એટલે તે અભડાતું, અને તેથી નકામું જતાં અમે રાજી થતા.

આનું કારણ અસમાનતા. અને અસમાનતા ઊભી થતી હતી નાસ્તો કે ખાવાની બાબતમાં. શાળામાં કશું એકધારું ધોરણ ન હતું.

આ તો એક જૂના વખતનો દાખલો આપ્યો. બાલમંદિરમાં જે ફાવે તે બાળક ફાવે તે નાસ્તો પોતાનો લાવી બીજા સાથે બેસીને કે એકલું બેસીને ખાય, તો આજની સમજણ પ્રમાણે પ્રથમ તો તે બાળકનું જ ભારે પતન થાય. આવું બાળક પોતે એમ માનશે કે પોતે મોટા ઘરનું છે તેથી પોતાનો નાસ્તો સુંદર લાવી શકે છે; તે જ કારણે તે બીજાં બાળકો ઉપર તુચ્છકારબુદ્ધિથી જોશે; પોતાને બીજાને મૂકીને ખાવાની સ્વાર્થી ટેવ પડશે; જેવું લાવે તેવું ખાય એવી ટેવ તેને એક પ્રકારનો મૂડીવાદી બનાવશે; અને આખરે તે મૂડીવાદીના પંથમાં ભળશે. પોતાના સાથીદારોને મૂકીને ખવાય નહિ એ વૃત્તિનો લોપ થતાં પોતાના સાથીદારોના સુખદુઃખમાં ભાગ લેવાની વૃત્તિનો વિકાસ થશે નહિ. પરિણામે આવું બાળક એકલપેટું અને સ્વકેંદ્રિત થશે.

આમ ઘેરથી પોતાનો નાસ્તો લાવીને ખાય તેનાં માઠાં પરિણામ આનારમાં આવશે.

હવે જેઓ ગરીબ કે મધ્યમ વર્ગનાં હોય અને ઊંચી જાતનો નાસ્તો ન આતાં હોય તેમને પેલા બાળક ઉપર દાઝ ચડશે. તેમના મનમાં આવાં બાળકોનું લાગ આવે તો ઝડપી લેવાની વૃત્તિ થશે. એમ નહિ કરી શકે તો તેની અદેખાઈ તો કરશે. એથી આ બાળકો પણ હલકી સ્થિતિને પામશે.

જો બાળકોને પોતાને ઘેરથી જુદો નાસ્તો આપવાનો હેતુ એ હોય કે બીજાં બાળકો સાથે પોતાનું બાળક નાસ્તો આશે તો ધર્મ કે જ્ઞાતિ-સિવાયથી ઊતરતા દરજ્જાનું થઈ જશે, તો તે હેતુ પાર પડશે નહિ. ખરી રીતે બાળકોને સાથે બેસીને આવું પીવું અને રમવું ગમે છે. આ બાબતમાં રાયથી રંકનાં અને બ્રાહ્મણથી મ્લેચ્છ કુળનાં બધાં બાળકો સ્વભાવે સરખાં હોય છે. આ તેમનો શુદ્ધ સ્વભાવ છે. બાળકોના આ શુદ્ધ સ્વભાવમાં જ્યાં સુધી આપણે વહેમ અને આચારની તથા શિષ્ટાચારની જડતા નથી નાખતા ત્યાં સુધી તેઓ એકાકાર અનુભવે છે આ બાબતમાં બાલમંદિર ચલવનારાઓ પૂરતી સાક્ષી આપી શકશે. અત્રે એક જ દાખલો બસ થશે. એક વાર બાલમંદિરનાં બાળકોને પ્રવાસે લઈ જવામાં આવ્યાં. પ્રવાસમાં રીતસરનું ભોજન જમવાનું હતું. કંઈક અંશતઃ ખાતર કંઈ પણ સ્પષ્ટ બોલ્યાચાલ્યા વિના બાળકોને લીંટીઓ પાડી એવી રીતે બેસાર્યાં કે બ્રાહ્મણ, વાણિયા, બ્રવાસ, હરિજન વગેરે જુદાં જુદાં બેસે. બાળકોને બેસાડી દીધા પછી એક બ્રાહ્મણની છોકરીએ બ્રવાસની છોકરી પાસે જ બેસવું છે એવી હઠ લીધી; તે બન્ને મિત્રો હતાં. આ જોઈ અમે તેમની વચ્ચે ન આવ્યાં. બન્નેમાંથી કોઈનામાં જ્ઞાતિનું ભાન ન હતું. તેમનામાં જે ભાન હતું તે પરસ્પરની મૈત્રીનું હતું, અને એ ભાન તેમના શરીર, મન અને આત્માને નજીકમાં નજીક લાવી રહ્યું હતું. આવા તો કેટલાયે અનુભવો બાળકો સંબંધે મને થયા છે. એટલે ધર્મરક્ષણ કે સમાજ-શ્રેષ્ઠતાને કારણે બાળકોને નાસ્તા કે ભોજન વખતે અલગ રાખવામાં આપણે તેમને નાનપણથી ભેદભાવવાળાં કરી મૂકી અદ્વૈત ભાવથી વિમુખ રહેવાનો માર્ગ બતાવી દઈએ છીએ. વ્યવહારમાં દ્વૈતભાવ અને સિદ્ધાંતમાં અદ્વૈતભાવ એ બે વાત નભી જ ન શકે. એ તો મન, વાણી અને કર્મનો મેળ થવાને બદલે અમેળ થયો કહેવાય.

જ્યારે બાળકો સાથે બેસી આછોપાતળો નાસ્તો બાય છે ત્યારે તેમને સહુભોજનનો જે આનંદ થાય તે આનંદમાં નાસ્તો કેટલો કિંમતી છે તે વાત ઢંકાઈ જાય છે. આમ છતાં ધનવાન માબાપોને એમ હોય કે બાળકોને ખૂબ પોષક એવો નાસ્તો મળવો જોઈએ, તો માત્ર પોતાના જ નહિ પણ આખા બાલમંદિરનાં બાળકોને પોષક નાસ્તો મળે તેનો ઉદ્યોગ ધનવાનો સહેલાઈથી કરી શકે છે. પોતાના બાળક સાથે બીજાનાં બાળકો પણ આનંદ પામશે.

જુદો નાસ્તો આપી પોતાના બાળકને સમાજથી તેમ જ સમાજજીવનથી નોખું પાડી એકલવાયું બનાવવું એ ઘણી જોખમભરી નીતિ છે. એવાં એકલવાયાં બાળકો મોટાં થઈ એકલાં પડી જતાં પોતાની જિંદગીને ભાર રૂપ સમજી

પોતાને કે સમાજને ઉપયોગી થઈ શકતાં નથી, અને જ્યારે સમજણાં થાય છે ત્યારે આવી સંકુચિત કેળવણી આપનાર માબાપ માટે દિલગીર થાય છે.

બાલમંદિરમાં બધાં બાળકો જે નાસ્તો હોય તે સાથે જ લે એ ઉત્તમ નીતિ છે. અને એ નાસ્તો ઘેરથી આણેલો નહિ, પણ બાલમંદિરમાં જે પીરસાતો હોય તે જ હોય. ઘેરથી આણેલો નાસ્તો બધાં બાળકો વહેંચીને ત્યારે જ ખાઈ શકે કે જ્યારે બધાં બાળકો પોતાને ત્યાંથી નાસ્તો લાવે અને બધો નાસ્તો એકઠો કરી સૌ એકબીજાનો નાસ્તો ખાય. આવા પ્રસંગો પ્રવાસમાં બની શકે છે, એ બાલમંદિર ચલાવનારાઓ જાણે છે. બાકી તો બાલમંદિરના રસોડે જે નાસ્તો થાય એ જ સૌ બાળકોને આપવામાં તેમને કેળવણીનું સાચું વાતાવરણ આપ્યું કહેવાય. જેમ બીજાં સાધનો બાલમંદિર આપે છે, તેમ નાસ્તો પણ બાલમંદિર જ આપે. નાસ્તો પણ દૂધ કે મિનારા જેવું એક વિકાસક સાધન છે. ગિ.

બાલમંદિરના આચાર્યને

: ૧ :

રાજુલા તા. ૧૪–૭–૩૭

પ્રિય ભાઈ!

હવે હું થોડા જ રોજમાં ત્યાં આવીશ. બાળકો બધાં લહેરમાં હશે. સૌને મારા ખુશ ખબર આપશો.

ઇંદ્રગોપ અને મખમલિયાને તો તમે શીશીઓમાં એકઠાં કર્યાં હશે. હવે એવાં બધાં કામ માટે આપણે 'વિજ્ઞાનવિભાગ' એવો એક કાર્યવિભાગ રાખો, અને 'નાટકવિભાગ' 'પ્રવાસવિભાગ' એ જેમ વિભાગો છે, તેમ જ આ એક વિભાગ બનાવો. આમ તો આ બધું છે જ, પણ તેને વધારે સ્પષ્ટ રૂપ આપો, અને તેની નોંધ રાખો.

ચારેકોર વનસ્પતિ ઊગી નીકળશે. દરવર્ષે આપણે બાળકોને વનસ્પતિનો પરિચય કરાવીએ છીએ. આ વખતે પણ તે થવો જ જોઈએ. મોંઘીબેન તો અહીં છે, પણ આઠદસ દહાડામાં અમે ત્યાં આવીએ છીએ એટલે તેમનો લાભ લઈ બધી વનસ્પતિ બાળકોને ઓળખાવી દઈએ. તમે સૌ પણ હવે તો ન ભૂલી જવાની પ્રતિજ્ઞાએ વનસ્પતિને ઓળખી લેજો. પક્ષીઓ વારંવાર દેખાતાં હોવાથી તેનો અભ્યાસ યાદ રહે છે, પણ આવી વનસ્પતિ માત્ર ચોમાસામાં જ થતી હોવાથી તેનો અભ્યાસ આઠ માસમાં ભુલાઈ જવાય છે. આ વખતે તો બધાં પાંદડાંઓને સંધરી રાખી એક નોટમાં ચોડવાનું જ રાખો. આખું વર્ષ આ પાંદડાંને ઋતુ ગયા પછી બાળકોને વારંવાર બતાવવાં અને થયેલા જ્ઞાનનું પુનરાવર્તન કરાવવું, કે લાંબે ગાળે પાછું બધું ઝાંખું પડી ન જાય. દરેક બાલમંદિરે આ ઋતુમાં સીમની વનસ્પતિ બાળકોને દેખાડવી જ જોઈએ. એ વિના દેશની વનસ્પતિનો ખ્યાલ કેમ આવે? વૈદક અને વનસ્પતિશાસ્ત્રનું પહેલું પગથિયું નાનપણથી જ મુકાવું જોઈએ. વળી દરેક નવી ઓળખેલી વનસ્પતિનાં ફૂલદાનો ભરવાનું રાખો; તેને ફૂલો હોય કે ન હોય, તેથી

કરીને પણ આપણા શિક્ષકોને તેનો પરિચય દૃઢ થશે. આપણી પાસે ટેકરીની વનસ્પતિ છે; તે ચોપડી સાથે રાખી વનસ્પતિ ઓળખાવવી, અને પાછળથી રાખી લીધેલાં પાંદડાં બતાવી ફરી વાર એ ચોપડી વારંવાર વાંચી સંભળાવવી. જ્ઞાન થયા પછી તે સ્થિર થાય માટે પુનરાવર્તનની આવશ્યકતા આપણે જાણીએ છીએ.

એકાદ ખુશનુમા વરસાદમાં બધાં બાળકોને નહાવાની રજા આપજો. જેઓ માંદાં લાગતાં હોય તેમને લાઈલાજે ના પાડજો. તમામ બાળકોને વરસાદમાં નહાવું બહુ ગમે છે; એનો એમને ખૂબ આનંદ આવે છે. એમ વરસતે વરસાદે નહાવાથી કાંઈ થઈ જતું નથી. શરદી થવાની કે ન્યૂમોનિયા થવાની આપણી સુધરેલી બીક આપણે બાળકોને બહુ નાજુકપણે ઉછેરીએ છીએ તેને લીધે છે. આજનાં શહેરી માબાપો બાળકોને વરસાદમાં નહાવા દેતાં નથી, તેમ શહેરમાં રસ્તા પર જઈ નહાવાની અનુકૂળતા પણ નથી. તમે બધાં બાળકોને નહાવા છોડજો, અને એમ લાગે કે હવે બસ ત્યારે બોલાવી લઈ શરીર બરાબર લુછાવી લઈ કપડાં પહેરાવી નાચની રેકર્ડો ગ્રામોફોન ઉપર મૂકજો, એટલે સૌ કૂદીનાચીને ગરમ થઈ જશે. અથવા ઓરડામાં જ રમતો રાખજો. તાઢ, તડકો, વરસાદ એ બધું નાનપણથી અનુભવતાં અને સહેતાં શીખવું જરૂરનું છે; એનો પણ પરિચય આપવો એ કેળવણીનું અંગ છે.

આપણાં શિક્ષકભાઈ બહેનોને સૂચવશો કે હવે ફૂલદાનીઓ ચિયા, ઘરો અને આજુબાજુ ઊગેલાં ઘાસની ભરવા માંડો. આપણે એમ કરીએ પણ છીએ. ફૂલો વિના ફૂલદાની શોભે જ નહિ એ વિચાર અધૂરો છે. ફૂલદાની સૌંદર્ય અને વનસ્પતિનાં પરિચય માટે છે. અત્યારે જાતજાતનાં ઘડોની સુંદરતા અદ્ભુત હોય છે. દરેક જાતના ઘડની રચના અભ્યાસ કરવા જેવી અને નિહાળીનિહાળીને જોવા જેવી છે. કુદરતની ચમત્કૃતિનું દર્શન ઘાસના પાંદડે પાંદડે અને દાંડલીએ દાંડલીએ છે. એ બધાં ઘાસો રોજ બાલમંદિરમાં આવે, શિક્ષકો તે જાણે અને તેની ફૂલદાની, પાત્રદાની, થાળ વગેરેમાં ઘાસ ગોઠવે–ભરે. પૃથ્વીએ ઉદારતાથી આપેલી આ સમૃદ્ધિને વધાવી લઈએ.

અત્યારે થયેલી લીલીછમ ધરતી ઉપર બાળકોને ફરવા લઈ જવાનું લખવાની જરૂર જ નથી. એ તો આપણો ક્રમ જ છે. બાળકોને લાલ અને પીળી માખણીના માખણ જેવા નાના નાના છોડો ઉપર કૂદવા અને આળોટવા દેજો. ઝીણામાં ઝીણા ફૂલછોડને તેઓ જોતાં થાય તેટલા માટે તમે જાતે જ તેવા છોડો બાળકોને બતાવજો. એક વાર તેમનું ધ્યાન પડશે એટલે તેઓ આપોઆપ તેમાં પ્રવૃત્ત થશે. બાળકો ફરતાં ફરતાં ગારાવાળા પગ કરે, લપસી પડી કપડાં બગાડે, તો સૌ ભેળાં મળીને હસજો; કપડાં અને પગ તો ધોવાઈને સાફ થશે, પણ આમ કરવાની મજા પાછી નહિ મળે.

હમણાં ભરવાડો (જીવડાં) નીકળી છે; તે બાળકોને બતાવજો. તેમને ભરવાડો શા માટે કહે છે તે જાણો છો કે? તેમનો રંગ ભરવાડણો ઓઢે છે તે કામળીના રંગ જેવો હોય છે માટે. ભરવાડોને, ગોકળગાયને, અળ-

શિયાંને અને એવાં જીવડાંને ધારીધારીને જોવા દેજો. હમણાં ફરવા જવું એટલે કુદરતનું પાન અને જ્ઞાન કરવા જવા માટે છે. બાળકો માગે નહિ તો રમતો કે ગાયન કે રાસની હમણાં કશી જરૂર નથી. એ તો કુદરત જ્યારે પ્રાણ ન પોષે ત્યારે ઉનાળામાં જેમ સૂકવણીનું શાક ખાવું પડે તેમ સમજવું.

આ બધું આપણે તો કરીએ જ છીએ. માત્ર આપણે તે કદી ભૂલીએ નહિ.

શુ. ગિજુભાઈના આશીર્વાદ.

: ૨ :

પ્રિયભાઈ!

આજકાલ હવે મોળાકતના દિવસો છે. છોકરીઓ બે ચાર દિવસ પહેલાં જુવારા વાવવા માટે ગામને પાદરથી માટી લેવા ગાતી ગાતી જતી હતી. એ જોઈ મને આપણે જુવારા વાવીએ છીએ તે યાદ આવ્યું. આ વખતે આપણે ગાતાં ગાતાં માટી લેવા કલામંદિર પાસે જવું. ત્યાંથી સૌ પોતપોતાને જોઈએ તેટલી માટી ખોદી લે. નાનાં બાળકોને મોટાં બાળકો ખોદી આપશે, અને મોટાંઓ નાનાં બાળકોની માટી ઉપાડશે. પછી આપણાં રામપાત્ર અને કોડિયાંઓમાં વવાય છે તેમ વાવજો. ચૂકશો નહિ. કદાચ એ કામ કરી લીધું પણ હશે.

બાલમંદિરની પાછળ ધાન્યના ક્યારા કરી ત્યાં બ્યાન વાવશોઃ જુવાર, બાજરો, મગ, મઠ, તલ, વગેરે વરસાદમાં વવાય છે તે. ઉપરાંત શાકપાંદડાંના બિયાં પણ વાવશો.

શાકપાન કે અનાજની નીપજ માટે આ વાવણી નથી, પણ બાળકો અન્ન વગેરે કેમ ઊગે છે અને કેવાં તેનાં પાંદડાં, વેલા, દાંડા, વગેરે થાય છે તે જાણે તે માટે છે.

અહીં હું સીમમાં ફરું છું ત્યારે મારી સાથેના ભાઈઓ સાધારણ છોડ પણ નથી ઓળખતા. એનું કારણ આપણો પરિચય ઘટી ગયો છે. વનસ્પતિનો—અને તેમાંયે જે વનસ્પતિ ધાન્યાદિનો કે જેના ઉપર જીવન છે, તેનો પરિચય તો જોઈએ જ. ગામડાની વાતો કરનાર આપણે ગામડાની સીમની સાદી વનસ્પતિ પણ નથી જાણતા, તો તે કેમ ઊગે છે, ફળે છે, વગેરે તો શી રીતે જાણીએ? ગામડિયા સાથેનો સંબંધ પહેલેથી બાંધવા માટે આવું ઘણું આપણે કરવું જોઈએ. ખેતી તરફનો કે બાગાયત તરફનો આપણો પ્રેમ દિન પ્રતિદિન ઘટતો જાય છે. એનું કારણ નિશાળના લૂખાસૂકા કમ્પાઉન્ડો છે. અને આંગણામાં તો ઊભા રહેવા જેટલી જગ્યા શહેરોમાં ક્યાં છે? નિશાળમાં બાગ તો જોઈએ. એટલું નહિ, પણ દરેક શાળામાં આ ઋતુએ ધાન્ય અને શાકપાન, બાળકોના પરિચય માટે વવાવું જોઈએ. તે બગડી જાય કે ઢોર ખાઈ જાય તેની ચિંતા નહિ; એનું જ્ઞાન થાય એ જ મુખ્ય વાત છે.

વળી એક વાત. દરેક ચોમાસે આપણે એક વૃક્ષ શાળાના આંગણામાં રોપ્યા કરીએ તો? આ વખતે કયું રોપશું? આપણે એક વખતે રોપેલો આંબો પાલવ તો ધીમે ધીમે વધે છે. આ વખતે ઝટ વધીને છાંયો આપે એવું વૃક્ષ વાવીએ તો કેવું સારું? બાગમાંથી એક નાનું વૃક્ષ મળશે. કેટલીક સંસ્થાઓ તો વૃક્ષારોપણનો મોટો ઉત્સવ કરે છે. એ યોગ્ય છે, કેમકે વૃક્ષો એ આપણું જીવન છે. જળ અને વૃક્ષો વૃષ્ટિનું કારણ છે, અને વૃષ્ટિ ધાન્યને ઉપજાવે છે. અને કહેવત છેના કે અન્ન સમા પ્રાણ? સૌ બાળકોને નમસ્કાર. શુ. ગિજુભાઈના નમસ્કાર.

શિક્ષણ સમાચાર

—મુંબઈ દાદર, શિશુવિહારમાં શ્રીમતી તારાબેન મોડકે અધ્યાપનમંદિરનો એક વર્ગ શરૂ કર્યો છે. કેટલાક વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યાં છે. પ્રત્યક્ષ જ્ઞાન સાથે વાતચીત અને વ્યાખ્યાનો ચાલે છે.

—ભાવનગર શ્રી. ગિજુભાઈ ઑગસ્ટ અને સપ્ટેમ્બર બે માસ પોતાની તબિયત સુધારવા માટે કચ્છમાં ગાળશે. અને સાથે સાથે કચ્છની સમગ્ર કેળવણીનો અભ્યાસ કરશે. તેમનું પત્રવ્યવહાર માટેનું સરનામું. C/o વૈદ્યરાજ વલ્લભરામભાઈ; ધન્વંતરી ફાર્મસી, અંજાર કચ્છ. રહેશે.

—શ્રી. હરભાઈ ત્રિવેદી તા. ૮ જુલાઈના રોજ જાપાન ઊપડી ગયા. દક્ષિણામૂર્તિ ભવનના કાર્યવાહકોએ શુભવિદાય આપી હતી.

—રાણપુર ભાઈ શિવલાલ જાદવ, રાણપુરની હરિજનશાળાના શિક્ષક નીમાયા.

—રાજપીંપળા. ઝઘડીઆવાળા ભાઈ કેશવલાલ શાહ તથા લીલાવતી શાહ, મનુભાઈ ભટ્ટની જગાએ રાજપીંપળા બાલમંદિરમાં જોડાયાં.

—રાણાવાવ. ભાઈ હિંમતલાલ મર્થક તથા શાંતાબેન મર્થક રાણાવાવના એક આજમખાન અહમદખાન નામના મુસ્લીમ ગૃહસ્થના કુટુંબમાં ગૃહશિક્ષકો તરીકે જોડાયાં.

—શ્રી. નાનાભાઈ ભટ્ટ, શ્રીદક્ષિણામૂર્તિ ભવન હાલના નિયામક સમગ્ર હિંદની કેળવણીની સંસ્થાઓ જોવાનો કાર્યક્રમ વિચારી રહ્યા છે.

—ભાવનગર. પુરુષોત્તમ મિસ્ત્રી તથા મનુભાઈ ભટ્ટ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં શિક્ષકો તરીકે નીમાયા. ભાઈ શંકરલાલ શાહ શ્રી. ગિજુભાઈની જગાએ બાલમંદિરના આચાર્યપદે આવ્યા. શ્રીમતી મોંઘીબેન બાલમંદિરમાંથી નિવૃત્ત થયાં.

—આફ્રિકા.૧ – માડાગાસ્કર: ભાઈ પીતાંબર મલકાણ માડાગાસ્કરમાં ત્યાંની શિક્ષણમાં રોકાયા. સરનામું:–

Mr. P. V. Malkan
Propesseur Hindou
A'le'cole Officielle Indienne
Diego Suarez (Madagasker)

૨—જીન્જા–ભાઈ કનૈયાલાલ વ્યાસ, શિક્ષણના ક્ષેત્રમાં જીંજા ઊપડી ગયા છે.

સરનામું:–K. V. Vyas Esq.
C/o P. K. Vyas : P. O. Box 146
Jinja (Uganda)

૩—મોમ્બાસા–મી. એસ. બી. જોશી.

G. I. E. School : P. O. Box 531
Mombasa (Kenya)

ઉક્ત ભાઈ આગાખાની બોમ્બ કોમની એડયુકેશનલ બૉર્ડ તરફથી નર્સરી સ્કૂલ ચલાવે તેવી અંગ્રેજી ભણેલી તથા ઉપયોગી પ્રમાણપત્રોવાળી બેન માગે છે. પગાર લાયકાત મુજબ. લખો:–

C/o ગિજુભાઈ, બાલમંદિર, ભાવનગર.

૫—શ્રી. રણછોડજી નાયક તથા પુષ્પાબહેન નાયક, ઈંડિયન પબ્લીક સ્કુલ મ્વાન્ઝામાં જોડાયાં.

Indian Public School : : P. O. 59
Mwanza (Tanganyika)

—ઇન્દોર. શ્રી. તુલસાબહેન નેહે મંજુલાશ્રમ, ઇન્દોરમાં જોડાયા.

મારો જીવણભાં કાંઈ એવો નથી.

હરિલાલ સાંજના મારી પાસે રોતા રોતા આવ્યા ને કહેઃ "ભાઈ! મારું સાઇકલનું પૈડું ઓ પેલો સિપાઈનો છોકરો આંચકીને લઈ ગયો!"

મેં કહ્યું: "ચાલો એની તપાસ કરીએ." પણ છોકરાનો પત્તો લાગ્યો નહિ. ત્યાર પછી ત્રીજે દિવસે એક દસ વરસનો છોકરો મારી પાસે આવીને કહેઃ "તમારા હરિલાલનું પૈડું કોણ લઈ ગયું છે તે ચાલો હું તમને બતાવું."

હું હરિલાલને સાથે લઈને એ છોકરા સાથે ગયો. ત્યાં કેટલાક છોકરા માટલીદાવ રમતા હતા. એમાંથી એક છોકરાના બમીસનો કાંઠલો પકડીને અમારી સાથે આવનાર છોકરાએ એવો તો રોફ માર્યો ને મને કહેઃ "આ છોકરો તમારું પૈડું લઈ ગયો છે. ચોર, સાલો બદમાશ!" મને લાગ્યું કે હમણાં મારામારી થશે કે શું?

મેં જીવણભાંનું બાવડું પકડી કહ્યું: "હરિલાલનું પૈડું લીધું છે તે આપી દે."

જીવણભાં કહેઃ "ચાલ ચાલ! પૈડું કેવું? નાણાવટીને ગળે પડ તો પાંચસો રૂપિયાની કોથળી તો બંધાવે!"

ઘણી રકઝક કરી પણ એ તો મને કહેઃ "અહીં પૈડું લીધું છે જ કોણે? કોક બીજો છોકરો લઈ ગયો હશે ને મારે ગળે પડવા આવે છે?"

મેં હરિલાલને પૂછ્યું: "આ જ છોકરો હતો કે બીજો?"

હરિલાલ કહેઃ "આ જ હતો. બીજો નહિ."

મારી સાથે આવનાર છોકરાને મેં કહ્યું: "આનું ઘર ક્યાં છે, ચાલ બતાવ જોઈએ?"

"ચાલો બતાવું." પેલે કહ્યું.

જીવણભાંને ડર લાગ્યો. તે કહેઃ "જાઓ. પણ મહેરબાની કરી મારો પૈડું ફેરવવાનો સરિયો લઈ જશો નહિ. તમારું પૈડું લઈ જજો. સરિયો તો મારો છે."

ઠીક કહી અમે તેને ઘેર ગયા. જતાં જ દાદરાની બાલીએ પૈડું જોયું. પછી મેં તેનાં બાપાને બોલાવીને કહ્યું: "તમારો જીવણભાં મારા છોકરાનું પૈડું આંચકીને લઈ ગયો છે. આ પૈડું અમારું છે."

જીવણભાંની બા કહેઃ "મારો જીવણભાં કાંઈ આંચકીને લાવે જ નહિ. પૈડું તમારું હોય

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને

આપના તરફથી ફૂલપાંખડી આવવાનું શરૂ થઈ ચૂક્યું છે. સહર્ષ ઉપકાર. હવે ઉતાવળ કરો. આપની ફૂલપાંખડી વેળાસર મોકલવાનું નમ્ર સ્મરણ આપીએ? શિક્ષણ પત્રિકાના ગ્રાહકો અકેક રૂપિયો જ મોકલી આપે તો ટીપે ટીપે સરોવર ઘડીકમાં છલકાઈ જાય. ઇચ્છા હોય છે છતાં કેટલાંક શુભ કાર્ય રહી જાય છે; તેમ આ વાત વિસારે ન પડે તેટલું સૌને કાને નાખીએ છીએ.

૩૧–૭–૩૭
શારદામંદિર
અમદાવાદ

મંત્રીઓ
ગિ૦ સન્માન સમિતિ

૧૭મા વર્ષથી બાલમિત્ર સસ્તું મેળવવાની એક

નવી યોજના

ગુજરાતનાં બાળકોને બાલમિત્ર ગમી ગયું છે એ અમે જાણીએ છીએ. પણ બાલમિત્ર એથી યે વિશેષ વંચાય અને ઘેર ઘેર પહોંચી જાય એ અમે ઇચ્છીએ છીએ. અમે તો ઇચ્છીએ છીએ કે જ્યાં જ્યાં ગુજરાતીઓ અને ગુજરાતી બાળકો હોય ત્યાં ત્યાં બધે બાલમિત્ર હોય જ.

બાલમિત્રનો એ રીતે બહોળો પ્રચાર ને ફેલાવો થાય એ માટે ૧૭મા વર્ષથી નીચેની એક નવી યોજના અમે શરૂ કરી છે.

બાલમિત્રના એકી સાથે બે વર્ષના

ગ્રાહક થનાર પાસેથી લવાજમના રૂા. ૭–૦–૦

ત્રણ વર્ષના ૧૦–૦–૦

ચાર વર્ષના ૧૨–૦–૦

પાંચ વર્ષના ૧૪–૦–૦

છ વર્ષના ૧૫–૦–૦

ગુજરાતની જનતા, શાળાઓ, પુસ્તકાલયો, વાચનાલયો સૌ આ યોજનાનો લાભ લેશે એવી આશા રાખીએ છીએ.

ટીપ:— જે પુસ્તકાલયો વાર્ષિક લવાજમ આપીને પણ લાગલાગટ ચાર વર્ષ સુધી ગ્રાહક રહેશે અને અગાઉથી અરજી કરીને પોતાનાં નામ અત્રે આ યોજનામાં નોંધાવશે તેમને પાંચમું વર્ષ બાલમિત્ર મફત આપવામાં આવશે.

ચરોતર પ્રિન્ટિંગ પ્રેસ—આણંદ.

શ્રી. ગિજુભાઈ સન્માન થેલી

શ્રી. ગિજુભાઈ બધેકા દક્ષિણામૂર્તિના ચરણે વીસ વર્ષની સેવા અર્પી નિવૃત્ત થાય છે. તે ટાંકણે ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને બૃહદ્ ગુજરાતના તેમના મિત્રો, પ્રશંસકો, સ્નેહીઓ અને વિદ્યાર્થીઓ તરફથી તેમને ફૂલપાંખડી રૂપે એક 'થેલી' અર્પણ કરવાની યોજના ઉપરોક્ત જનતા વધાવી લેશે એવી આશા રાખીએ છીએ.

શ્રી. ગિજુભાઈએ બાલજગતના ઉદ્ધારાર્થે તેમનું જીવન અર્પી નાખ્યું છે. અને આપણા આંગણે બાલકેળવણીનાં જોરદાર આંદોલનો શાસ્ત્રીય દૃષ્ટિએ આણ્યાં છે. તેમની અમૂલ્ય સેવાઓથી આજે કોઈ ગુજરાતી અજાણ નથી.

ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને બૃહદ્ ગુજરાતનાં બાળકો, શિક્ષકો તથા ગૃહસ્થો આ ફૂલપાંખડીમાં યથાશક્તિ ફાળો આપે એ વિનતિ.

કહેવાની જરૂર નથી કે આ 'થેલી'નાં નાણાં શ્રી. ગિજુભાઈની ઇચ્છાનુસાર બાળકો માટે જ વપરાશે

શારદાબહેન મહેતા.
શુરજી વલ્લભદાસ
પ્રાણલાલ છીરપારામ
ભોગીલાલ ઠાકર
બળવંતરાય પ્રેમોદરાય ઠાકોર
મગનલાલ વ્યાસ.
નાનાભાઈ ભટ્ટ.

તા. ૨૬–૫–૩૭

શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ સમાચાર

(કાર્યાલય તરફથી)

૬૪૦૦ સુધી પહોંચ્યા : ૩૬૦૦ બાકી રહ્યા.

થેલીમાં જુદે જુદે સ્થળોએ જે રકમો નોંધાઈ છે તે ભેગી કરતાં રૂા. ૬૪૦૦) રકમે આંકડો પહોંચ્યો છે; પણ દશ હજાર તો ઓછામાં ઓછા થવા જોઈએ એ સંકલ્પ છે, એટલે સૌએ વધુ પ્રયત્નો કરવા રહ્યા. હજી તો ઘણાં સ્થાનોએ થેલીની અપીલ પહોંચી નથી; પહોંચી છે ત્યાં જરાક આળસથી રકમો મોકલાઈ નથી. પણ અડધી મજલ કાપ્યા પછી હવે એ પવિત્ર સંકલ્પ અને તેટલો જલદી સિદ્ધ કરવો જ જોઈશે.

સૌ કામે લાગ્યાં છે.

ગયા અંકના વધારામાં જણાવેલાં સન્માન થેલીનાં કાર્યકેન્દ્રો આ માસમાં વધ્યાં છે અને શરૂ થયેલાં કેન્દ્રોએ કામ ધપાવે રાખ્યું છે.

મુંબઈમાં રહેતા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ વગેરે બારમાં ભેગા થયા. શ્રી. તારાબેન મોડકના પ્રમુખપદે એક સમિતિ થેલીના કામ માટે નીમાઈ, જેના મંત્રીઓ તરીકે શ્રી. પ્રભુલાલ ઉપાધ્યાય અને શ્રી. નામલે નીમાયા છે.

વડોદરામાં કુમારી હમીદા તૈયબજી અને શ્રી. વિષ્ણુભાઈ ભોકરેના સંયુક્ત મંત્રીપદે કામકાજની શરૂઆત થઈ છે તેઓએ વડોદરા શહેરના શિક્ષકભાઈઓને પણ મળવાની શરૂઆત કરી છે. નાની નાની રકમો પણ તેઓએ મેળવી છે. તે જોતાં આમજનતાને પહોંચી બાળકેળવણી મંડળની એક શાળાનાં બાળકો પોણાછ કોરી ભેગી કરી ગૂજરાતનાં બાળકોના પહેલા ભાઈબંધને ફૂલપાંખડી મોકલે છે. ગૂજરાત કાઠિયાવાડનાં બાળકો આ દાખલાને કાં ન અનુસરે ?

વળીને વાત કરવાની છે.

કચ્છમાં શ્રી. પ્રાણજીવન આચાર્ય અને પ્રભુદાસ કામ કરે છે. તે ઉપરાંત શ્રી. મનુબહેન તેમાં ભળ્યાં. તે બહેને રૂા. ૭૦૦) જેટલી રકમો નોંધી છે.

વ્યક્તિગત રકમો ભરાતી આવી છે પણ સંસ્થા તરીકે રૂા. ૫૧) ભરી જામનગર બાલમંદિરે શુભ શરૂઆત કરી છે. આ ઉપરાંત ત્યાંનો આંકડો ૨૨૫) સુધી પહોંચે છે.

રંગુનમાં શ્રી. જીવણલાલ પટેલે કામ ઉપાડ્યું છે.

પાટણ અને નડિયાદમાં કામકાજનો ઠીક ઉપાડ થતો જાય છે.

જ્યાં જ્યાં અધ્યાયનમંદિરનો વિદ્યાર્થી છે ત્યાં ત્યાં થેલીકાર્ય ચાલી રહે એવી અમારી વિનંતિ છે.

બાળકોની ફૂલપાંખડી

કચ્છને એક ખૂણે પડેલ કચ્છ લુહાણા કેળવણી મંડળની એક શાળાનાં બાળકો પોણાછ કોરી ભેગી કરી ગૂજરાતનાં બાળકોના પહેલા ભાઈબંધને ફૂલપાંખડી મોકલે છે. ગૂજરાત કાઠિયાવાડનાં બાળકો આ દાખલાને કાં ન અનુસરે ?

ગિજુભાઈના મિત્રોને

શ્રી. ગોપટલાલ ચુડગર અને શ્રી. હરભાઈ ત્રિવેદીએ શ્રી. ગિજુભાઈના મિત્રોને એક વિનંતિપત્ર મોકલી આપ્યો છે જે સૌને આ પહેલાં મળ્યો હશે. અત્રે તે વિનંતિપત્રની

હાકલમાં અમે સૂર પુરાવી ફૂલપાંખડી તુર્ત રવાના કરવા વિનંતિ કરીએ છીએ.

આજીવનસભ્યોને

કાર્યાલય તરફથી મોન્ટીસોરી સંઘના આજીવનસભ્યોને વિનંતિપત્ર રવાના કર્યો હતો. તેના જવાબો સારી રીતે પાછા વળતા જાય છે. પુનાથી શ્રી. તારાબાઈ માણેકલાલ પ્રેમચંદ રૂા. ૫૧) મોકલે છે. લુણાવાડાના દિવાન શ્રી. જયકૃષ્ણ વર્મા પણ રૂા. ૫૦) મોકલે છે. સંઘના બીજા સભ્યો પણ આમ સાથ આપશે એવી આશા છે.

ગ્રામસેવકોની આશીષ

સમારંભ કાર્યને ધનથી નહિ પણ અનુપમ આશીષ સાથે નીચેના બાદી કે ગ્રામસેવકો એક એક રૂપિયો મોકલે છે, તે અનેક રીતે નોંધવા લાયક છે. પણ કાર્યાલયને તો તેના કાર્યમાં આશીર્વાદ સમાન છે.

(૧) શ્રી. શંભુશંકર ત્રિવેદી, ગારિયાધાર (પાલીતાણા પાસે) (૨) શ્રી. જુગતરામ દવે, બારડોલી, (૩) ચુનીલાલ મહેતા, બારડોલી, (૪) શ્રી. ચીમનલાલ પ્રા. ભટ્ટ, બારડોલી. વગેરે.

યત્કિંચિત કદર

"શ્રી. ગિજુભાઈ એ જે નિઃસ્વાર્થ અને સપ્રેમ સેવા કરી છે તેની યત્કિંચિત કદર આપણે કરીએ તે યોગ્ય છે. અને આપ બધા ભાઈઓએ જે આ દિશામાં પ્રવૃત્તિ આરંભી છે તે માટે ધન્યવાદ ઘટે છે." આ રીતે વઢવાણ રાજ્યના માજી દિવાન શ્રી. ભીમજીભાઈ જોશી, જેતપુરથી રૂા. ૫૧) નો ચેક સન્માન થેલીમાં મોકલી આપે છે.

એક રાજવીની પહેલ

વાંસદાના નામદાર મહારાજા સાહેબે રૂા. ૧૦૦) મોકલી આપી બાળકેળવણીના ક્ષેત્રમાં ગિજુભાઈની જહેમતની પ્રસંશા કરતો એક પત્ર લખ્યો છે. બીજા કેળવણીપ્રેમી રાજવીઓ થેલીમાં સારી રકમો મોકલશે એવી વિનંતી છે.

દ. મૂ. બાલમંદિરનાં બાળકોનાં માબાપો

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરના જૂનાં અને ચાલુ બાળકોનાં માબાપોએ પણ પોતાનો ફાળો આપવાનું શરૂ કરી દીધું છે. એક નાનકડી તૂટેલાં ફાનસ વગેરે સાંધવાની દુકાન લઈને બેઠેલા એક વોરા માબાપે પોતાના તરફથી ફૂલ નહિ તો ફૂલની પાંખડી નિમિત્તે આઠ આના આપીને આ કાર્ય પ્રત્યેનો પોતાનો પ્રેમ અને આદર બતાવ્યાં છે. બધાં બાળકોનાં માબાપોને અમે રૂબરૂ ન પહોંચી શકીએ તો તેઓ પોતાનો ફાળો શ્રી દ. મૂ. ભવનમાં પહોંચાડી જશે એવી આશા રાખીએ છીએ.

મુસ્લિમ બિરાદરો

મુસ્લીમ બિરાદરોએ પણ સન્માન થેલીમાં ફુલપાંખડી મોકલવાની શરૂઆત કરી છે. રાણાવાવના શેઠ શ્રી. આજમખાન 'મારી મામુલી ફુલ-પાંખડી" કહીને રૂા. ૧૦૧) મોકલે છે.

સમારંભ ક્યારે અને કેવો ?

કાર્યાલયમાં સમારંભના દિવસોની પૂછપરછ આવવા માંડી છે. અત્યારે તો દિવાળીની આસપાસ સમારંભ થશે તે નક્કી છે. તે માટે તો શ્રી. ગિજુભાઈની તબિયત ઉપર પણ કેટલોક આધાર છે. પરંતુ આપણી સમક્ષ જે કામ પડેલું છે તે જોતાં દિવાળી પહેલાં શક્ય નહિ

જણાય. થેલીનું કામ અંડધે રસ્તે છે; તે આખે રસ્તે થઈ જાય તો પછી સમારંભને ઉચિત એવી બીજી ગોઠવણોમાં પડી શકાય. આ માટે કાર્યાલયને ઘણી ઘણી સૂચનાઓ મળેલ છે. તેમાં એક 'ગુજરાત મોન્ટીસોરી કેળવણી પ્રદર્શન' ભરવાની પણ છે, અને બીજા રચનાત્મક કાર્યક્રમો પણ સૂચવાયા છે. કાર્યાલયને થેલીની ચિંતા પૂછી થશે એટલે આ દિશાની વિચારણા બહાર પડશે. તે પહેલાં અમે મિત્રોની પાસે આ માટે ક્રિયાત્મક, વ્યવહારુ અને આપણા બાળકેળવણીના આદર્શને આગળ ધપાવે તેવી સમારંભની યોજના વિષે સૂચના અમે માગીએ છીએ.

તા. ૨૪-૭-૩૭
અમદાવાદ

ઇન્દુપ્રસાદ ભટ્ટ
વજુભાઈ કવે
મંત્રીઓ
શ્રી. ગિ. સ. સમારંભ-સમિતિ

શ્રી. ગિજુભાઈ સન્માન થેલીમાં

ભરાયેલાં નાણાં

(યાદી-૨)

૧૦	શ્રી. પોપટલાલ ધનજીભાઈ	રાજકોટ	૨૫	શ્રી. પ્રભુદાસ વીરચંદ	મુંબઈ
૨૫	,, રમણલાલ ગિરધરલાલ	અમદાવાદ	૨	,, બાળાગૌરીબેન	અમદાવાદ
૧૦	,, સી. વી. ભટ્ટ	કોલમ્બો	૨૫	,, ગિજુભાઈ કાર્યપ્રશંસક પારસીભાઈ	મુંબઈ
૧૦૧	,, શૂરજીભાઈ વલ્લભદાસ	મુંબઈ			
૫	,, વિઠ્ઠલરાય આવસ્થી	ભાવનગર	૧૦	,, ચંપાબેન ગંગાદાસ પટેલ	અમ્રામા
૩	,, મણિભાઈ છનાભાઈ પટેલ	કરાડી	૧૦	,, ગજાનન વિશ્વનાથ પોઠેક	અમદાવાદ
૨	,, પ્રભુભાઈ ભોગીલાલ પટેલ	,,	૧	,, રસિકલાલ છોટાલાલ પરીખ	,,
૫	,, દેસાઈભાઈ જેશંગભાઈ પટેલ	ગોધરા	૫	,, પુષ્પાબેન લીલચંદ મગનલાલ	વિરમગામ
૫	,, કાન્તિલાલ મૂળચંદ ઝવેરી	જસલેણી			
૫	,, કાન્તાબેન મહેશભાઈ પટેલ	શાહીબાગ	૫	,, શશિબેન	અમદાવાદ
૨૫	,, રૂપાળીબેન પટેલ	અમદાવાદ	૨	,, બાલાભાઈ પટેલ	,,
૧૦	,, લીલાબેન વિઠ્ઠલદાસ પટેલ	,,	૧	,, મહેન્દ્ર વાલજીભાઈ દેસાઈ	ગોંડળ
૭૬	,, કલ્યાણજી વિઠ્ઠલજી જસાણી	ગોંદિયા	૧	,, વિમળ ,, ,,	,,
	(પહેલા રૂ. ૨૫ આવેલા છે તે મળી કુલ રૂ. ૧૦૧)		૧	,, સુદર્શન ,, ,,	,,
૨૫	,, ભગવાનલાલ રણછોડદાસ	કરાંચી	૫	,, આયમાય નાગરવાળા	પુના
૫	,, મોતીરામ ધરમચંદ		૮	,, કેશવદેવ	કાંગડી ગુરુકુળ હરદ્વાર
		કુંજગામે (પાલણપુર)	૨૦	,, સોમાભાઈ ભાવસાર	અમદાવાદ
			૫	,, નંદુબેન કુલસિંહજી	ડાભી અમદાવાદ

૫ શ્રી. ગોપાળજી વેલજી શિવજી કોઠારી કરાંચી
૫ ,, પ્રભુદાસ ડી. પટેલ ભાદરણ
૫ ,, ધનલક્ષ્મીબેન ભાદરણ
૫૧ ,, જયકૃષ્ણ વર્મા દિવાન સાહેબ લુણાવાડા
૧૦ ,, મહાદેવપ્રસાદ હરિલાલ દેસાઈ રંગુન
૨૫ ,, ધેલાભાઈ હાથીભાઈ ઝવેરી મુંબાઈ
૨ ,, શાંતાબેન નથુરામ બીલીમોરા
૫ ,, રામદાસ બી. ભાવસાર પાચોરા
૨ ,, લાભચંદ જગજીવન ,,
૧ ,, ચંદુલાલ ગિરધરલાલ ,,
૧ ,, શાંતાદેવી વિષ્ણુપ્રસાદ ભટ્ટ અમદાવાદ
૨ ,, રણછોડજી નાયક નવસારી
૭૫ ,, એક ગૃહસ્થ
હસ્તે શ્રીમતી ત્રિવેણીબેન દીવ
૫૧ ,, તારાબાઈ માણેકલાલ પ્રેમચંદ પુના
૧ ,, સરલાબેન શંભુશંકર ત્રિવેદી
ગાન્ધિયાધર
૨૫ ,, પ્રભાવતી મયાભાઈ તેલી અમદાવાદ
૧ ,, જુગતરામ દવે બારડોલી
૧ ,, ચુનીલાલ સાંકળચંદ મહેતા ,,
૧ ,, ચીમનલાલ પ્રા. ભટ્ટ ,,
૫૧ ,, ભીમજીભાઈ જોશી, માજી દિવાન
વઢવાણ
૩ ,, કાન્તીલાલ પી. જોશી લુણાવાડા
૫૧ ,, ગોધરા ઇલેકટ્રીક કું. લી૦ અમદાવાદ
૫ ,, નંદલાલ મણિલાલ શાહ ,,
૨૫ ,, લાભકુંવર આર. પરીખ ફલતણ
(જી. સતારા)
૧૦ ,, બચુભાઈ કેશવલાલ ધ્રુવ મુંબઈ
૧૦ ,, ગિરધરલાલ ઝવેરીલાલ જયપુર
અને ઈશ્વરલાલ

૧૦૦ શ્રી. નામદાર મહારાજા સાહેબ વાંસદા
૧૦ ,, દોલતસિંહજી શિષોદીયા
રાણાસાહેબ ,,
૧૦ ,, જટાશંકર ત્રિકમજી જાની ગોધરા
૧૧ ,, પ્રો. રામનારાયણ વિશ્વનાથ પાઠક
અમદાવાદ
૨૫ ,, મણિબેન માંગરોળ
૧ ,, અમૃતલાલ હરિલાલ ભાવનગર પરા
૫ ,, જયસુખલાલ ગાંધી પોરબંદર
૫૧ ,, ઝવેરી હેમચંદ મોહનલાલ મુંબઈ
૫૧ ,, રામજી હંસરાજ અમરેલી
૫ ,, મોહનલાલ વીરજીભાઈ ,,
૫ ,, મોહનલાલ ઓધવજી ,,
૨ ,, જગજીવનદાસ નારાયણ ,,
૧૧ ,, પ્રતાપરાય ગિરધરલાલ મહેતા ,,
૧૦ ,, જીવણલાલ લ. પટેલ - રંગુન
૫ ,, પ્રેમીબેન ભૂ. શાહ રાંદેર
૧૦ ,, અનસૂયાબેન ગોપાળજી ઠક્કર
ભાવનગર
૫ ,, દુર્ગાબેન આત્મારામ ભટ્ટ ,,
૧ ,, ગૌરીશંકર ચાતુર્વેદી ,,
૨ ,, પેરીનબેન ,,
૧૧ ,, કુમુદબેન પારેખ ,,
૫ ,, પી. ડી. મિસ્ત્રી. ,,
૫ ,, શાન્તાબેન મિસ્ત્રી. ,,
૧ ,, પ્રભુદાસ કાનજી ,,
૧ ,, નરભેરામ સન્તકુમાર ,,
૫ ,, શશિવદન મહેતા ,,
૧ ,, રમણલાલ પ્રેમશંકર ઠાકર સિદ્ધપુર
૧ ,, માણેકલાલ જેઠાલાલ ,,
૨ ,, ચંચળદેવી ધ. આચાર્ય ,,

૧	શ્રી. ઈશ્વરલાલ આચાર્ય	સિદ્ધપુર	૫	શ્રી. નટવરલાલ જ. મહેતા	મુંબઈ
૨૫	શેઠ શ્રી. નગીનદાસ એન્ડ માણેકલાલ	ઘાટકોપર	૫	,, વાઘજી માવજી	તરવડા
૨૫	,, શ્રી. દુર્લભજીની કંપની	,,	૩	,, હરિપ્રસાદ વિશ્વનાથ ભટ	અમરેલી
૨૫	,, મનોરદાસ નારણદાસ નાળિયેરવાળા	,,	૧	,, હિંમતલાલ રતિલાલ અજમેરા	,,
૧	શ્રી. કાસમ શાહ દર્દ સદનવાડી (કચ્છ)		૨૫	,, શેઠ વીરચંદ પાનાચંદ	સમઢીઆળા
૫	,, જગન્નાથ શ્રીપત પટવર્ધન	નાગપુરવાડી	૧૦૧	,, શેઠ આજમખાન	રાણાવાવ
૨	,, હરજીવનદાસભાઈ	ભાવનગર	૨૫	,, વરજંગ વિશ્રામ	કુંગ
૫	,, નાગરદાસ રણછોડદાસ	,,	૨૫	,, મંચેરશા શેઠ	પોરબંદર
૧	,, ગીરધરલાલ મોહનલાલ	,,	૧૫	,, શ્યામજીભાઈ, રાજ્યમંત્રી	,,
૧	,, નંદલાલ પુરુષોત્તમદાસ	,,	૧૫	,, પ્રાણલાલ મૂળચંદ વકીલ	,,
૨	,, ઇચ્છાશંકર મયારામ	,,	૧૦	,, આણંદરાવ વકીલ	
૫	,, અંબાલાલ કાનજીભાઈ પટેલ	,,	૧૦	,, હાજી આમદ હાજી સકુ	,,
૫	,, અમૃતલાલ શામજી દેશાઈ	,,	૧૦	,, હેમશંકર રાજ્યગોર	,,
૫	,, કાન્તિલાલ શાન્તિલાલ	,,	૫	,, હરિલાલ ડી. ધ્રુવ	,,
૨	,, ખાદી ભંડાર	,,	૫	,, જગજીવનદાસભાઈ	,,
૧	,, હાસમઅલી ઇસાભાઈ	,,	૨	,, ગુપ્તે	,,
૧	,, ચુનીલાલ દીયાળજી	,,	૨	,, મંગળાબેન લાભશંકર	,,
૫	,, મહીપતલાલ પંડ્યા	,,	૨૫	,, ટી. જે. રાજસાહેબ	,,
૫	,, શામજી ત્રિભુવન	,,	૩	,, વૈકુંઠપ્રસાદભાઈ	,,
૨	,, પ્રાગજી શવજી	,,	૨	,, વિ. મ. વાસુ	,,
૧	,, બાળકૃષ્ણ રામકૃષ્ણ	,,	૨	,, તુલસીદાસભાઈ લવિંગિયા	લીંબડી
૧	,, મૂળજી કાનજી	,,	૧૫	,, ભૂપતરાય મો. ભૂચ	,,
૧	,, મોહનલાલ ઉકાભાઈ	,,	૫	,, ડોલરરાય મો. ભૂચ	,,
૧૫	,, અબ્દુલહુસેન જાફરજી	,,	૫	,, જીવણસિંહજી મલુભા	,,
૨	,, પ્રીતમલાલ નવીનચંદ્ર મનોર	,,	૨	,, નારસિંહજી અમરસિંહજી	,,
૨	,, જગજીવનદાસ છગનલાલ શાહ	,,	૩	,, ડૉ. પ્રભુલાલે સોલંકી	,,
૧૦	,, જાદવજી કે. મોદી	,,	૩	,, વાલજીભાઈ છગનલાલ	,,
૫	,, કૃષ્ણચંદ્રસિંહજી કાળુભા	,,	૪	,, અમૃતલાલ ઉમેદચંદભાઈ	,,
૧૦	,, વિઠ્ઠલદાસ કૃષ્ણદાસ	કલીકટ	૧	,, નંદલાલ મઠીઆ	,,
			૧	,, દેશળજીભાઈ પરમાર	ગોંડળ
			૧૦	,, ભગુભાઈ	પોરબંદર

૧૪ શ્રી મૂળચંદ જીવરાજ કન્યાશાળાનાં શિક્ષક ભાઇબહેનો તરફથી લીંબડી

૨ શ્રી. લલિતાબેન પ્રભાશંકર
૧ ,, ચંચળબેન મોહનલાલ
૧ ,, ગૌરીબેન દેવશી
૧ ,, માસ્તર કરુણાશંકર નરભેરામ
૧ ,, ચંદનબેન રેવાશંકર
૧ ,, ચંચળબેન રતનશી
૧ ,, છબલબેન રતનશી
૧ ,, મોતીબેન ઝવેરચંદ
૧ ,, ચંપાબેન હીરાચંદ
૧ ,, રંભાબેન જગજીવન
૧ ,, વ્રજલાલ કેશવલાલ સંઘવી
૧ ,, કેશવલાલ ગોરધન
૧ ,, મરઘાબેન

૬૧ શ્રી દેવલાલી બાલગૃહ તરફથી દેવલાલી

૧૧ શ્રી. જગન્નાથ કાનજી દીવેચા
૧૧ ,, જયંતીલાલ સુંદરજી ઓઝા
૫ ,, ભાગીરથબેન જયંતીલાલ ઓઝા
૧૧ ,, મનમોહનદાસ પી. ગાંધી
૨ ,, રમણિકરાય દોલતરાય જોષી
૫ ,, બકુલચંદ્ર એ. જોષી
૧૧ ,, કેશવલાલ લલ્લુભાઈ શાહ
૫ ,, હરિલાલ દામોદર મહેતા

૨૫ નાનાભાઈ કાલિદાસ ભટ્ટ ભાવનગર

ગયા અંક સુધીમાં ૪૦૧ કોરી તથા રૂા. ૩૩૧૫

ચાલુ યાદી મુજબ રૂા. ૧૮૫૫–૮–૦

કુલ સરવાળો ૪૦૧ કોરી તથા રૂા. ૫૧૭૦–૮–૦

આ ઉપરાંત અમને યાદીની વિગતો મળી નથી, પરંતુ કચ્છમાં શ્રી. મનુબેન હસ્તક રૂા. ૭૦૦) આશરે, શ્રી. પ્રભુદાસ હસ્તક રૂા. ૧૦૦) આશરે, વડોદરાના શ્રી, વિષ્ણુભાઇ લોકરે અને શ્રી. હમિદાબેન તૈયબજી હસ્તક આશરે રૂા. ૨૦૦) અને જામનગર ખાતેના રૂા. ૨૨૫) આશરે નોંધાયેલા છે. એટલે થેલીની રકમ રૂા. ૬૩૯૫।। સુધી પહોંચી છે તા. ૨૭-૭-૩૭ સુધીમાં.

ગિજુભાઈ સન્માન સમિતિના અમદાવાદ કાર્યાલયમાં વસુલ રકમ રૂા. ૨૪૨૬

શ્રીદક્ષિણામૂર્તિ ભવનમાં વસુલ રકમ રૂા. ૬૧૪।।

વિનંતિ

ભરાયેલી રકમો જેઓએ મોકલાવી નથી, તેઓ વેલાસર હવે મોકલી આપી કાર્યાલયના કામને સરળ બનાવશો એવી વિનંતિ છે.

હજી દશ હજાર થયા નથી. ફૂલપાંખડી ભરી થેલી છલકાવો.

નાણાં ભરવાનાં સ્થળોઃ—

(૧) જ્યાં સ્થાનિક સમિતિઓ નીમાઈ હોય ત્યાં તે સમિતિમાં.

(૨) શ્રી. મંત્રી, ગિજુભાઈ સન્માન સમારંભ સમિતિ, શારદામંદિરઃ અમદાવાદ

(૩) શ્રી. નાનાભાઈ, શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવનઃ ભાવનગર

સહાનુભૂતિ

'શ્રી. ગિજુભાઈ દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થાય છે તે પ્રસંગે તેમનું સન્માન સારા ગુજરાત-કાઠિયાવાડમાંથી થાય તે યોગ્ય છે. અને તેને માટે તમે સૌએ જે યોજના કરી છે તે માટે મારી સહાનુભૂતિ છે.'

ઉટાકમંદ
તા. ૨૨–૫–૩૭

સરલાદેવી અંબાલાલ.

શ્રીસરસ્વતી છાપખાનું–ભાવનગર

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૭ મો
ભાદ્રપદ

: મંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

સ્વાતંત્ર્ય જીવનનો પ્રાણ છે.

સ્વ-તંત્ર જેનું છે તેનું સ્વાતંત્ર્ય છે.

અતંત્ર તે સ્વાતંત્ર્ય નથી.

પરતંત્ર તે સ્વાતંત્ર્ય નથી.

સ્વાતંત્ર્ય એટલે સમતોલ તંત્ર.

પોતાને જ આધીન માણસ પણ સ્વતંત્ર નથી.

પોતાથી ને બધાથી તે અબદ્ધ છતાં સૌની સાથે જે સમબદ્ધ છે તે સ્વતંત્ર છે. અર્થાત્ વ્યષ્ટિસમષ્ટિની સાથે જે સમન્વય સાધે છે તે સ્વતંત્ર છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] ભાદ્રપદ ૧૯૯૩ [અંક ૭

મ ન ના

શરીરના રોગો કરતાં મનના રોગો ભૂંડા છે. બાપાપોના શરીરના રોગોનો વારસો ભયંકર અને સત્યાનાશ કાઢનાર છે; પણ એના કરતાંયે પરંપરિત આચારને જ અનુસરવાની વૃત્તિ, સમાજ એ મહાન દેવ છે માટે તેની ભીતિ, અહંતા મમતા વગેરે મનની પામરતાવાળી વસ્તુનો વારસો, એ વધારે ભયંકર વારસો છે.

પૈસાના વારસા વિનાનાં બાળકો પુરુષાર્થી થશે અને સંકુચિતતા અને પ્રાકૃતતાના વારસા વિનાનાં બાળકો સમર્થ થશે.

: ૨ :

એક જ વસ્તુને આગ્રહ અને નિષ્ઠાથી વળગવાથી એની પાછળ હજાર વસ્તુઓ આવે છે.

જેઓ ઘડીક આને વળગે છે અને ઘડીક તેને વળગે છે તેના હાથમાં કશું આવતું નથી. તેના હાથ ખાલી રહે છે, મન કોરું રહે છે, અને હૃદય કઠોર રહે છે.

અને એટલા જ માટે આપણાં શાસ્ત્રોમાં એકોપાસનાનો ભારે મહિમા છે.

: ૩ :

પ્રશ્નના ઉત્તર દેવાની પણ કળા છે. ન વધારે કે ન ઓછો એટલો જ ઉત્તર સુંદર અને ઉપકારક છે. અધિકાર પરત્વે ઉત્તરમાં ઊંડાણ અને વ્યાપકતામાં તફાવત આવે છે.

ઉત્તર આપનારની પ્રકૃતિ જેવીકે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યનું પણ ઉત્તર આપવાની શૈલીમાં પ્રતિબિંબ પડે છે.

ઉત્તર પૂછનારની કુશળતાઅકુશળતા પણ ઉત્તર આપવાની રીતિમાં તફાવત પાડે છે.

: ૪ :

આવતી કાલ આજમાંથી પેદા થાય છે. આજનું દળ્યું અને રળ્યું માણસો આવતી કાલ ખાય છે. આજનો મહિમા અદ્‌ભુત છે.

: ૫ :

આપણે બદલાતા નથી પણ માત્ર પરિસ્થિતિ બદલાય છેઃ જેમ ખેતરો દોડતાં નથી પણ રેલગાડી જ દોડે છે.

: ૬ :

માનવધર્મમાં શ્રેષ્ઠ ધર્મ તે દયાનો ધર્મ છે.

: ૭ :

તેઓને હું નાસ્તિક કહીશ જેઓ એમ કહેશે કે મારાથી એ કામ નહિ થાય.

તેઓને હું નાસ્તિક કહું છું જેઓ આરંભ કર્યા વિના જ કહે છે કે એ કામ ક્યારે પુરું થશે?

તેઓને હું નાસ્તિક કહીશ જેઓ એમ કહેશે કે મારાથી એ કામ થશે કે નહિ? ગિ.

અ . નુ . ક્ર . અ

૧૦૪ મનનો . . . . . ગિ.
૧૦૫ વૃક્ષારોપણ પ્રસંગે . . ગિ.
૧૦૫ નૂતન ગણિતશિક્ષણ . શં.
૧૦૮ સહકાર કેમ સાધવો. . ગિ.
૧૧૧ એક અદ્‌ભુત નિશાળ . ...
૧૧૩ ચાળા કેમ પાડે છે. . ગિ.
૧૧૪ બાલમંદિરના આચાર્યને ગિ.
૧૧૫ બાળકો અને શીતળા વ. વૈ.
૧૧૭ માટી ખાય તો . . ...
૧૧૮ શિક્ષણ સમાચાર . . તં.

વૃક્ષારોપણ પ્રસંગે

[તા. ૩૦-૭-૩૭ના દિવસે બાલમંદિરમાં શ્રી. ગિજુભાઈ તથા શ્રી. મોંધીબેનને હાથે એક એક વૃક્ષ રોપવાની વિધિ કરવામાં આવી હતી. એ પ્રસંગે સંસ્થાના સૌ કાર્યવાહકો એકઠા થયા હતા. એ પ્રસંગે શ્રી. ગિજુભાઈએ આપેલા વિચારોમાંથી અત્રે થોડાએક લેવામાં આવ્યા છે. –તંત્રી]

...આજે આપણે આ વૃક્ષોને રોપીને બાળકોને તેના છાંયે રમવા માટે, પક્ષીઓને તેની ડાળીઓ ઉપર બેસીને કૂજવા માટે, મધમાખોને તેનાં ફૂલોનો રસ લઈ જવા માટે, સક્કરખોરાને ફૂલોમાંથી રસ ચૂસવા માટે, બાલમંદિરનાં બાળકો અને શિક્ષકોને વૃક્ષોનાં ફૂલો અને પાંદડાંને શણગાર માટે લઈ જવા માટે આમંત્રણ આપીએ છીએ.

બાલમંદિરના આંગણામાં મોટાં દેખાતાં અને ફૂલો આપતાં વૃક્ષો આવી જ રીતે થોડાંએક વર્ષો પહેલાં રોપેલાં હતાં. તેની કાળજીથી સંભાળ રાખી હતી. શિક્ષકો, બાળકો અને અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓએ તેને પાણી પાયાં હતાં. આજે તે વૃક્ષો બાલમંદિરની છાયા છે, બાળકોનો વિશ્રામ છે અને વ્યાયામનાં સાધન છે, નિસર્ગનાં દર્શન અને વનસ્પતિના અભ્યાસનાં સાધનો છે. તેનાં પાંદડાંથી, તેનાં ફૂલોથી બાલમંદિર શણગારવાળું બને છે. તેની ઉપર થતી ઈયળોનાં બાળકો પતંગિયાં બનાવે છે. તેના ઉપર આવતાં પક્ષીઓનું બાળકો અવલોકન કરે છે અને તેને ઓળખે છે. એવી જ રીતે આજે વાવેલાં આ વૃક્ષો બાલમંદિરના અનેક પ્રકારના આશીર્વાદરૂપ બનો.

થોડુંક પાણી પાવાથી અને થોડીક સંભાળ લેવાથી વૃક્ષો આપણને એટલાં બધાં ફૂલો અને ફળો આપે છે. વનસ્પતિની દુનિયા આપણને પોતાના જીવનમાંથી સંદેશો આપે છે કે ઔદાર્ય તે આનું નામ. ચોપડીઓ વાટે નહિ પણ નિસર્ગ વાટે આવી જાતનું મૌન શિક્ષણ આપણાં બાળકોને સહેજે મળશે. એ શિક્ષણ થશે હૃદયનું.

વળી વૃક્ષોનાં ફૂલો, પાંદડાં, ડાળીઓ, થડ ને મૂળના ગુણોનો અભ્યાસ બાળકોને વિદ્યા આપશે. આ વિદ્યાઓ તે વનસ્પતિવિદ્યા અને વૈદકની વિદ્યા. આ શિક્ષણ થશે બુદ્ધિનું.

વળી વૃક્ષો ઋતુએ ઋતુએ ફૂલીફાલીને આપણને અને મંદિરને શોભાવશે અને આપણી વચ્ચે સૌંદર્યનું દર્શન પ્રગટ કરશે. આ શિક્ષણ થશે કલાનું.

વાવેલાં વૃક્ષો મોટાં થાઓ. તેના છાંયે આપણે સૌ વિશ્રાંતિ અને વૃદ્ધિ પામો !

નૂતન ગણિતશિક્ષણ

(અનુસંધાન ગતાંક પાને ૯૩ થી)

લાંબી સીડી શા માટે શાસ્ત્રીય સાધન છે તેનો વિચાર કરતા પહેલાં શરૂઆતમાં એકથી દસ શીખવવા માટેનાં સાધનોનો વિચાર કરીએ. એ માટે મોતી, પથરા, ધન વગેરે વાપરીએ છીએ. આ સાધનો બધાં છૂટાં છૂટાં હોવાથી બાળકોને સંખ્યાઓનો સળંગ ખ્યાલ આવતો નથી. ઉપરાંત બાળકને એ પણ ખ્યાલ આવતો નથી કે એક, બે, ત્રણ, વગેરે બધી સ્વતંત્ર

સંખ્યાઓ છે. મોતી વગેરે છૂટક છૂટક વસ્તુઓ ઉપરથી બાળકને એમ લાગે છે કે એની સંખ્યા એકમાં એક નાખવાથી બને છે, અને ત્રણની સંખ્યા એમાં એક નાખવાથી બને છે. આ જાતનો ખ્યાલ ઊભો થવાથી બે પોતે સ્વતંત્ર સંખ્યા છે એ બાળકને સમજાતું જ નથી. ઉપરાંત બાળકને સંખ્યાઓનો એકબીજા સાથે પરસ્પર શો સંબંધ રહેલો છે તે પણ છૂટક વસ્તુઓ વાપરવાથી સમજાતું નથી. આ બન્ને વસ્તુઓનો ખ્યાલ લાંબી સીડી બરાબર આપે છે. લાંબી સીડી બાળકની આંખોને બતાવી દે છે કે બેની સંખ્યા એકમાં એક નાખવાથી જ બને છે એવું નથી. બેનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને એ પોતે સ્વતંત્ર સંખ્યા છે, એ લાંબી સીડીનો બેનો ટુકડો બરાબર બતાવે છે. સાથે સાથે લાંબી સીડીના ટુકડા એકબીજા સાથે ગોઠવવાથી બાળકને સંખ્યાઓનો એકબીજા સાથે પરસ્પર શો સંબંધ છે તેનો પણ ખ્યાલ આવે છે. આટલા માટે જ લાંબી સીડીને શાસ્ત્રીય સાધન ગણવામાં આવે છે.

લાંબી સીડીની શરૂઆત કરતાં પહેલવહેલાં તો બાળકને એ ગોઠવવાની રીતનો પાઠ આપવો જોઈએ. જે બાળકો ઇંદ્રિયવિકાસના ઓરડામાંથી બરાબર રીતે પસાર થયાં નથી હોતાં તેમને માટે લાંબી સીડીની ગોઠવણી નવી વસ્તુ હોય છે. લાંબી સીડી ત્રણ રીતે, આડી અને એક ઉપર એક ગોઠવી શકાય છે તે બતાવવું. અને પછી એના વડે જે પગથિયાં બને છે તે બાળક પાસે ગણાવવાં. ગોઠવવાની અંદર પહેલી રીત તો બાજુએ પગથિયાં રહે એ છે; બીજી રીત બન્ને બાજુએ પગથિયાં રહે તેવી રીતે ગોઠવવાની છે; અને ત્રીજી રીત એક ઉપર એક ગોઠવવાની છે. આની અંદર પટ્ટાના રંગનો ક્રમ બરાબર સચવાય તે તરફ ધ્યાન આપવાનું છે. શરૂઆતનો પટ્ટો ભૂરો હોય છે. આ લાંબી સીડીની ગોઠવણીનો પાઠ આપ્યા પછી જે બીજો પાઠ આપવાનો છે તે પટ્ટાની ગણતરીનો. દરેક કટકા ઉપરના પટ્ટા ઉપર હાથ મૂકીને ગણવાનું બતાવવું. એક; એક, બે; એક, બે, ત્રણ; એક, બે, ત્રણ, ચાર; આમ દસ સુધી પટ્ટા ગણવા. આ રીતે પટ્ટાની ગણતરી થયા પછી સેગ્વિનનાં ત્રણ પદ પ્રમાણે પાઠ આપવાનો હોય છે. એકનો અને બેનો કટકો લઈને કહેવું: "એક, બે." આ થયું પહેલું પદ. પછીનું બીજું પદ: "એક બતાવો, બે બતાવો." એમ છે. અને ત્રીજું પદ "આ કેટલા? આ કેટલા?" છે. આ પ્રમાણે બધા કટકાનો પાઠ આપવો. આ પછી આવે સ્મૃતિની રમત. બધા કટકા દૂર મૂકીને પછી કહેવું: "એક લાવો; બે લાવો." શરૂઆતમાં કેટલીક વખત બાળક "એક લાવો, બે લાવો." માં સમજતું નથી તો પછી તેને એકનો કટકો લાવો, બેનો કટકો લાવો, એમ કહેવું પડે છે. પણ ધીરે ધીરે કટકો શબ્દનો ઉપયોગ ઓછો થતો જાય છે અને એક લાવો, બે લાવો, એ રીતે કામ ચાલે છે. આ રીતે બાળકને એકથી દસ સુધીનું સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે. આની અંદર જુદી જુદી રમતો રમાય છે. દરેક પટ્ટા ઉપર બાળક વખતે મોતી મૂકે છે તો ક્વચિત્ક વખત કોડીઓ મૂકે છે; કેટલીક વખત બન મૂકીને પણ રમે છે. આ રીતે દસ સુધીનું

સંખ્યાજ્ઞાન દૃઢ થાય છે. આ રીતે સંખ્યાજ્ઞાન આપતાં કેટલાયે જુદી જુદી જાતના અનુભવો બાળકો કરાવતાં હોય છે. જે બાળકો ઇંદ્રિય-વિકાસના ક્રમમાંથી પસાર થયાં ન હોય અને સહેજ મોટી ઉંમરે આવ્યાં હોય છે તેમને એકથી દસ સુધી બોલતાં તો બરાબર આવડતું હોય છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ, એમ દસ સુધી કડકડાટ બોલી જાય–બરાબર બોલી જાય; વચમાં એક પણ ભૂલ ન પડે. પણ એ લોકો જ્યાં ગણવા બેસે છે ત્યાં ચારના કટકાને પાંચનો કટકો ગણે છે કે પાંચના કટકાને ચાર ગણે છે. આમાં એ લોકોને મુશ્કેલી એ આવે છે કે ગણતી વખતે એક જ પટ્ટા ઉપર હાથ રાખીને એ લોકો એક બે, બે ત્રણ, એમ બોલે છે, એટલે પછી ગોટવાઈ જાય છે. કેટલીક વખત એવું બને છે કે બાળક બેત્રણ પટ્ટા ઉપર હાથ ફેરવી જાય છે પણ બોલે છે એક જ સંખ્યા. આમ બન્ને બાજુનો અનુભવ થાય છે. આવાં બાળકો સાથે ખૂબ જ ધીરજથી કામ લેવું પડે છે. એમને બહુ જ સ્પષ્ટતાથી અને ધીરે ધીરે પાઠ આપવો પડે છે. પણ એમની ધીરજ રહેતી નથી. એ લોકોને એમ થાય છે કે અમને દસ સુધી બરાબર આવડે છે, છતાં અમને શા માટે આમ ધીરે ધીરે પાઠ આપે છે? ઘણીયે વખત એવાં બાળકો આપણા હાથમાંથી એકદમ કટકો ઝૂંટવી લે છે અને પછી પોતે જ ગણવા બેસી જાય છે. તેવાં બાળકોને તે દિવસે પોતાની રીતે ગણવા દેવું. તે વખતે એમની ભૂલ સુધારવાની ભૂલ આપણે કદી પણ ન કરવી. એમને એમની રીતે ગણવાં દેવું.

વળી પાછું બીજે દિવસે આપણે આપણું પાઠ આપવાનું કામ શરૂ કરવું. એમની સામે સાચો આદર્શ મૂકવો. એમ ઘણાયે દિવસો સુધી ચાલ્યા કરશે. બાળક પોતે જે ભૂલ કરતું હતું તે કર્યા જ કરશે. આપણી ધીરજની પૂરે-પૂરી કસોટી થશે. આપણને એમ થશે કે આને આમ સહેજ બતાવી દીધું હોય કે "જુઓ, ભાઈ! આ તમારી ભૂલ છે; આમ નહિ, પણ આમ કરો." તો બધું કામ પતી જાય એમ છે. પણ ના, ભૂલ બતાવવાની લાલચમાંથી આપણે બચી જવું. તો પછી એક દિવસ જરૂર એવો આવે છે કે જ્યારે બાળક પોતે પોતાની ભૂલ સુધારી લે છે અને સાચી ગણતરીના પંથે વળે છે. આપણને પણ આપણી ધીરજ લેખે લાગી એમ લાગે છે, અને બાળકે વિચાર-પૂર્વક પોતાની ભૂલ સુધારી છે એમ આપણે દીવા જેવું જોઈ શકીએ છીએ. અને એ જ સાચી કેળવણી છે. આમ કરવાથી જ આપણે બાળકને ગણિતશિક્ષણ મારફત જે તર્કશુદ્ધ વિચાર કરતું કરવાનો હેતુ રાખીએ છીએ તે સધાય છે. જો બાળકને આપણે ભૂલ બતાવી દીધી હોત તો એને પોતાને વિચાર કરવાપણું રહે જ નહિ. એનો પોતાનો સાંચો વિકાસ એમાં કદી પણ સધાત નહિ; કેમકે પછી એને પોતાને વિચાર કરવાપણું શું રહ્યું? એટલે સાચો રસ્તો તો એ જ છે કે બાળકને પોતાને પોતાની ભૂલ સુધારવાનો અવકાશ આપવો; પછી ભલે એ ભૂલ સુધ: રતાં દિવસો શું, મહિના–અરે ભલે વર્ષો પસાર થતાં! આગળ આપણે જ્યારે સંખ્યા-જ્ઞાનના પ્રકરણમાં આવીશું ત્યારે આપણે

જોઈશું કે ઘણાંયે બાળકો ત્રગડાને બદલે છગડો કરતાં હશે; ઊંધો નવડો તો મોટા ભાગનાં બાળકોના લખાણમાં આવતો હશે; અને એ બધું ઘણાયે લાંબા વખત સુધી ચાલ્યા કરતું હશે. તે વખતે આપણે બાળકની એ ભૂલ સુધારવાની માથાફોડમાં પડવાની સહેજ પણ જરૂર નથી. એક દિવસ એવો આવે છે કે જ્યારે બાળક પોતાની મેળાએ પોતાની ભૂલ સુધારતું હોય છે અને સાચી રીતે લખતું હોય છે. આપણે તો બાળકે પોતાની ભૂલ પોતાની મેળાએ સુધારવાનું જ છે એ શ્રદ્ધાથી કામ કર્યા કરવું. અને એ શ્રદ્ધા એક દિવસ જરૂર ફળે છે એ દરેક નવીન ગણિતશિક્ષકના અનુભવમાં આવ્યું હશે. આ-પણું કર્તવ્ય તો માત્ર એટલું જ છે કે બાળક પાસે સાચો આદર્શ કાયમ ધર્યા કરવો. બાળક એક દિવસ એ સાચા આદર્શને વિચારપૂર્વક પોતાનો કરી લેવાનું છે. (અપૂર્ણ) શં.

સહકાર કેમ સાધવો.

પ્રિય ભાઈ,

તમારો મૂંઝવણ ભરેલો પત્ર મળ્યો. આવો અનુભવ ઘણાં ભાઈબેનોને છે. આ બાબતમાં મારું મંતવ્ય આ પ્રમાણે છે. હું એમ માનું છું અને જાણું છું કે માબાપોને પોતાનાં બાળકોને માટે અવશ્ય પ્રેમ છે. આ પ્રેમ એટલે તેમની બાળકો તરફની સ્વાભાવિક વત્સલતા-ભરી લાગણી. આવી લાગણી પ્રાણીમાત્રમાં હોય છે. મનુષ્યમાં બુદ્ધિ વધારે હોવાથી આ સ્વાભાવિક લાગણી કેળવાઈ શકે છે, અને બાળ-કોનું વધારે ને વધારે હિત શામાં છે તે તેમને સમજાવી શકાય છે. ગમે તેવો અજ્ઞાની માણસ પણ હૃદયથી તો પોતાના બાળકનું ભલું ચાહે જ છે, પણ તેના અજ્ઞાનને કારણે તે ઘણી વાર ભલાને બદલે બૂરું જ કરે છે. માબાપોની લાગણી બાળકોને ભણાવીગણાવી સારાં કર-વાની હોવા છતાં, કેવી નિશાળે મૂકવાથી તે સારાં થશે એ બાબતમાં તેમનું કેવળ અજ્ઞાન હોવાથી જ આજે હજારો બાળકો ધૂળી-ગામઠી નિશાળમાં લાભને બદલે ગેરલાભ ઉઠાવી રહે છે, અને વિકાસને બદલે હ્રાસ અને ઉન્નતિને બદલે અવનતિ તરફ જાય છે. માબાપોને જો આવી પરિસ્થિતિનું સાચે જ ભાન થાય તો તેવી નિશાળમાં પોતાનાં બાળકોને તેઓ ન જ જવા દે. માબાપને ખબર હોય કે આ જગ્યાએ વાઘ-વરુ કે સિંહસાપ છે તો તેઓ પોતાનાં બાળ-કોને ત્યાં જવા નહિ દે. તળાવ કે નદીને કિનારે મૃત્યનો ભય હોવાથી માબાપો તે સ્થળે બાળ-કોને ખૂબ સાચવે છે. પણ જ્યારે ગામડાનાં બાળકો લાખો ઝેરી જંતુવાળી ધૂળમાં આળો-ટીને રમે છે ત્યારે તેઓ તેમને ત્યાંથી તુરત ઉઠાડતાં નથી કે ત્યાં જતાં રોકતાં નથી. આનું કારણ તેમને આ બાબતનું જ્ઞાન નથી કે તેઓ એવી ધૂળમાં રમે છે તેથી તેમના શરીરમાં રોગોને આમંત્રણ મળે છે. એમ જ માબાપોને સારી નિશાળ કઈ અને નઠારી કઈ તેનો ખ્યાલ નથી, તેથી તેઓ ગમે તે ચાલુ નિશાળમાં બાળકોને મૂકે છે. અને સૌનાં બાળકો ત્યાં છે તો પોતાનાં પણ ભલે ત્યાં જ હોય, એથી વધારે વિચાર તેમને આવતો જ નથી, કેમકે લોક-

માનસ ઘેટિયું એટલે કે ઘેટા જેવું છે; જ્યાં એક જણ જાય ત્યાં બીજો જાય છે.

આપણી નિશાળો નવી છે. તેની કિંમત લોકોને નથી કેમકે તે વિષે તેમનું અજ્ઞાન અને વહેમ ઘણાં છે. જ્યારે રેલ્વે આવી, દવાખાનાં આવ્યાં ત્યારે પણ લોકોની મનઃસ્થિતિ આવી જ હતી. તેઓ તેનાથી દૂર રહેતાં અગર તો તે પ્રત્યે વહેમથી જોતાં હતાં. પણ જેમ ધીમે ધીમે એ બાબતમાં જ્ઞાન વધ્યું, તેમ જ બાલશિક્ષણમાં પણ સમજણ પડશે ત્યારે આપણી આજની મુશ્કેલીઓ ઘણે અંશે ઓછી થશે.

વળી કેળવણી કે એવા વિષયમાં જનતા સમગ્રપણે રસ ધરાવતી નથી. માબાપો તો સારી કે નરસી ચાલુ રસમને અનુસરવાનાં છે. તેમને બાળકો માટે આજે અજ્ઞાનને લીધે પડી નથી, તો આવતી કાલે તેઓ બહુ કામમાં હશે તેથી પડી નહિ હોય. આને લીધે જ કેળવણીના સુધારાવધારા વગેરે કરવાનું અને તેની પાછળ માથું ફોડવાનું કામ મોટે ભાગે શિક્ષકોને માથે આવી પડેલું છે. દરેક દેશમાં શિક્ષકોએ આ કામ આગળ ધપાવ્યું છે, અને લોકમત તથા લોકઆચાર વિરુદ્ધ તેમણે કામ કરેલું છે. જેમ ધર્મની કોઈને પડી નથી પણ ઈશ્વરપ્રેરિત આચાર્યો અને પયગમ્બરોને પડી છે, તેમ જ શિક્ષણની પણ પ્રેરણાયુક્ત શિક્ષકોને પડી છે. માટે માબાપો સમજે નહિ, સાથ આપે નહિ, અજ્ઞાનમૂલક વિચારો કરે, નવી પદ્ધતિ વિષે અનાદર અને ઉદાસીનતા ધરાવે તો આપણે અકળાવું નહિ, કેમકે એ જ સ્વાભાવિક સ્થિતિ છે. નવી ખેડ કરનાર ખેડૂતે ખેતરમાંથી પ્રથમ તો બોરડીનાં જાળાં અને પથરા કાઢવાનું જ હોય છે.

એટલા માટે શિક્ષકે પોતાની પાસે આવેલાં બાળકો ઉપર બની શકે તેટલું સુંદર કામ કરી છૂટવું, અને એમાં જરા પણ કચાશ રાખવી નહિ. એ કામને માબાપોના ઘરમાં આદર હોય કે નહિ તેનો વિચાર ન કરવો. માબાપો આપણાં કામની ટીકા કરતાં જાય તોપણ ચિંતા ન કરવી.

વાત તો બરી જ છે કે બાલમંદિરનાં બાળકો ઘરમાં પ્રવૃત્તિ માગે છે, માબાપો પાસેથી સાચું સન્માન માગે છે, જ્ઞાન માગે છે અને પ્રગતિ માગે છે; પણ માબાપની એવી શક્તિ નથી. એટલા માટે આપણાથી બને તો બાલમંદિરના સમયો લંબાવવા. એમ ન બને તો બાળકોમાં રસ લેનાર બીજી વ્યક્તિઓ બાળકોને શાળાના સમય બહાર નવી નવી પ્રવૃત્તિઓ આપે તેની યોજના કરવી. પ્રવાસો, અખાડા, ક્રીડાંગણો, વગેરે આ જાતની પ્રવૃત્તિઓ છે.

વળી બાળકો ઘરમાં કામ વિનાનાં છે તેથી મોટાંઓ સાથે અથડાય છે એ સાચું છે. પણ તેથી વધારે સાચું તો કંઈ કામ માબાપો કરતા દેતાં નથી તે છે. પણ આ બાબતમાં માબાપોને સમજતાં વાર લાગશે. પેટના ગુજરાનમાં પડેલાં માબાપો આ ભાંજગડમાં અત્યારે ઊતરે તેમ નથી. એટલાં એ નસીબદાર નથી. તેમનો જ વિકાસ અટકી પડેલો છે. આવે વખતે આપણું કર્તવ્ય તેમનાં બાળકોને વધારેમાં વધારે હાથમાં લેવાનું છે.

સમજ્યા વિના માબાપો નવી શાળાની ટીકા કરે તેથી ઉદ્વેગ ન પામવો કેમકે તેઓ અજ્ઞાની છે. તેમને જ્ઞાની કરવા માટે તમારે તેમની પાસે જઈ સીધો ઉપદેશ કરવા કરતાં તેમને મીઠી વાણીથી આ બધું શા માટે છે અને

શું છે તે સમજાવવું. એમ છતાં માબાપો ઝટ સમજશે નહિ; અને જે માબાપો પોતાને ડાહ્યાં માનતાં હશે તે તો છેલ્લે જ સમજશે! 'માસ્તર' સામાન્ય માણસ ગણાઈ ગયો છે એટલે દરકોઈ માણસ પોતાની જાતને તેનાથી ડાહ્યું લેખે છે; અને તેથી જ માબાપો પણ બાળકોને તથા તેના નવા શિક્ષકને હસે છે.

આપણે તો મનમાં એમ રાખવું કે ઈશ્વર માથે રાખી જે કંઈ જાણીએ છીએ તે કરી છૂટવું: માબાપનાં ભાગ્ય હશે તો તેઓ સાથ આપી શકશે, નહિતર નાહ્યા તેટલું પુણ્ય. બાકી આપણે તો નાહ્યા કર્યે છૂટકો, કેમકે આપણો તો આ કુલાચાર થયો.

માબાપો નવી વાત સમજે નહિ અને ઉતાવળાં થઈ પોતાનાં બાળકોને ઉપાડી લે તો ભલે ઉપાડે. એક પણ બાળક હોય ત્યાં સુધી શાળા ચલવો; અને શાળા બંધ થાય તો આપણા હાથપગ સલામત છે એ યાદ રાખવું. આપણે પાંગળા થઈ જઈશું તો મારી દેશે. તમે શંકરભાઈ રાણા, શિવબેન, શિવલાલ અને જીવીબેનને જાણો છો. તેઓની નિશાળ જ્યારે ચાલતી નથી કે વેકેશનો પડે છે ત્યારે તેઓ પોતાને ગામ થતી સડકે ટોપલા સારે છે અને ઘઉંજુવાર વાઢવાની મોસમમાં વાઢણી કાપણી કરવા જાય છે, અને કાલાટાણીમાં કાલાં ફેલે છે. આથી તેમને પોતાનામાં શ્રદ્ધા રહે છે અને લોકોને તેમના શિક્ષણમાં શ્રદ્ધા રહે છે.

આનો અર્થ એમ નથી કે આપણે ગરજ છે. છતાં એક રીતે આપણા કલ્યાણ માટે આપણને ગરજ હોય જ. પણ માબાપને જે ઓછી ગરજ હશે તો આપણને જે નુકસાન થશે તેનાથી ઘણું વધારે નુકસાન માબાપોને અને તેમનાં બાળકોને થશે.

શુ. ગિજુભાઈ.

તા.ક. તમે લખ્યો છો કે બાળક માટેની જવાબદારી કાંઈ એકલા શિક્ષકની નથી; માબાપોએ પણ તેની પાછળ અમુક વખતનો ભોગ આપવો જ જોઈએ. આ તમારો વિચાર બરાબર છે. જો દરદી બધી જવાબદારી દાક્તર પર ઢોળી દે અને પોતે પોતાના દાક્તરને ફી આપે છે માટે નિરાંતે નફકરા ફરે તો—અને વધારામાં દાક્તરની સૂચનાથી વિરુદ્ધ વર્તે તો દરદી સાજો તો ન થાય, પણ ઊલટો માંદો પડે! અને દાક્તરનો એમાં વાક ન ગણાય. દરદી અને તેની સારવાર કરનારાઓ દાક્તરની સૂચના પ્રમાણે ન માને તો, ને બધું દાક્તર કરવા બેસી જાય તો તેનો પાર કદી ન આવે. ન ચાલે દાક્તરનું ને ન થાય દરદી સાજો. શિક્ષણમાં પણ સહકાર જોશે જ. માત્ર આપણે અજ્ઞાની માબાપો તરફ દયાભાવે જોવું, થઈ શકે તેટલી વધારે મદદ કરવી, પણ છૂટી પડવું નહિ. શિક્ષકે છૂટી તો ન જ પડાય. માબાપો દરકાર ન કરે તો આપણી શક્તિ પ્રમાણે આપણાથી થાય તેટલું કરવું, વધારે વખત આપવો, વગેરે. બાકી દુનિયા આખીને આજે જ બચાવી લેવાનો શક્તિ બહારનો આગ્રહ ન રાખવો. પોતાની મર્યાદા સમજીને કામ કરવું.

બાલમંદિરનાં બાળકો ઘેર જે જે અવળી રીતે વર્તે એમ કહેવામાં આવે ત્યાં સારી રીતે કેમ વર્તાય એ બાળકોને બાલમંદિરમાં બતાવવું અને એનો આચાર શક્ય કરવો. બાકી

માબાપોને કહી શકાય, કે તમે અવળી રીતે ને મનસ્વી રીતે વર્તો અને બાળકો ડાહ્યાં થઈ સંયમી રીતે વર્તે, તેવી ફોકટ આશા કદી રાખશો નહિ. બાલમંદિર સારા ઘાટ ઘડી આપી શકે, પણ માલ તો માબાપનો છે એ વાત માબાપના ધ્યાન પર મૂકવી જ મૂકવી. ગિ.

એક અદ્ભુત નિશાળ

સ્કૂલનું બોર્ડ

ધી સેન્ટ્રલ એંગ્લો વર્નાકયુલર સ્કૂલ

અહીં વિદ્યાર્થીઓને મોન્ટીસોરી તેમ જ કેટલીક સરળ પદ્ધતિસર શિક્ષણ અપાય છે. વળી ગુજરાતી ત્રીજા ધોરણથી જ ઇંગ્લિશની શરૂઆત થાય છે કે જેથી મેટ્રિક વગેરે ઉચ્ચ અભ્યાસે ચઢતાં બિલકુલ વિકટતા પડતી નથી, બલકે જલદી આગળ વધી સફળતા મેળવે છે.

ઉપરની શાળાના વિદ્યાર્થીઓને સૂચના માટે લખવામાં આવેલાં બીજાં બોર્ડો:—

બોર્ડ નં. ૧

સ્કૂલમાંથી રજા થતાં સીધા અને મસ્તી તોફાન વગર ઘેર પહોંચનાર તેમ જ ઘરની સારી ચાલની ખાતરી થયા પછી તે વિદ્યાર્થીને સારો ચાન્સ આપવામાં આવશે. દરેક છોકરાએ ટાઇમ ટેબલમાં જોઈને તેમ જ કરવાનું. કામ શુદ્ધ અને ચોખ્ખું ને પાકું કરી રાખવું. જેમાં કોઇએ પેણુ કચાશ રખવી નહિ; નહિ તો શિક્ષા કરવામાં આવશે. માટે આળસુ થઈને બેસો નહિ.

બોર્ડ નં. ૨

(૧) હાથ, પગ, દાંત, નાક, નખ અને કપડાં વગેરે સ્વચ્છ અને યોગ્યતાપૂર્વક હોવાં જોઇએ, જેના માર્ક ૧૦; અને તેથી ઊલટું હોય તો માઇનસ ૧૦.

(૨) સ્કૂલમાં સર્વે વિદ્યાર્થીઓ આપસમાં પૂરું નામ લઈ અને સભ્યતાથી વાતચીત વગેરે બાજુમાં જણાવેલા નિયમોસર વર્તે જેના માર્ક અને માઇનસ ૨૦ સુધી મળશે.

બોર્ડ નં. ૩

(૧) ઘેરથી કરી આવવાના કામમાં ખામી જણાતાં નીચે મુજબ માઇનસ ને સજા થશે:—

(૨) આંક, શબ્દ, નામ, ઇંગ્લિશ આલ્ફાબેટ, ખડી અને શુદ્ધ લેખન, એમાંનું જે નહિ હોય તે દરેકના માઇનસ ૫ લેવા. કોપી નં હોય તો માઇનસ ૧૦ લેવા.

(૩) ઘેરથી વાચન અને મોપાટ અને માબાપને પગે લાગવાની ચિઠ્ઠીના માર્ક ૨૦ લેવા.

(૪) હોમવર્ક તપાસતાં ભૂલો નીકળે તો દરેક ભૂલે બે ઊઠબેસની સજા અને બે માઇનસ લે. હોમવર્ક ન કરનારે કારણ દર્શાવવું અને તેની ચિઠ્ઠી લાવવી.

(૫) બપોરે આંક, કોષ્ટક, ઇંગ્લિશ આલ્ફાબેટ, ઇંગ્લિશ પાઠ વગેરે હોમવર્ક નહોતાં ઉપર મુજબ માઇનસ મળશે.

(૬) દરેક છોકરાનું હોમવર્ક ડાઘાડૂઘી વગરનું તથા શુદ્ધ હોવું જોઇએ.

બોર્ડ નં. ૪

(૧) દરેક વિદ્યાર્થીએ પોતપોતાનું કામ કર્યા કરવું.

(૨) અવાજ કરનાર છોકરો ૨૫ ઊઠ-બેસ કરે.

(૩) વાંચવાનું લેસન ઘેરથી પાકું કરી આવવું.

(૪) પોતાની બેઠક મૂકી કોઈએ આમ-તેમ ભમવું નહિ.

(૫) કોઈ પણ છોકરાએ કોઈની ચીજ પૂછ્યા વગર લેવી નહિ.

બોર્ડ નં. ૫:

(ક) પૂરું નામ લઈ સભ્યતાથી બોલવું, જેના માર્ક ૫.

(ખ) વગર કારણે ધોંધાટ મશ્કરી મસ્તી ચાડીચુગલી વગેરે તોફાન કરનારને તેના પ્રમાણમાં માઇનસ તથા ધંટની શિક્ષા થશે.

(ગ) દરેક વિદ્યાર્થીએ સ્કૂલમાં સવારે અને બપોરે બરાબર ટાઈમે હાજર થવું. એના માર્ક ૨૦ લેવા; પણ વગર કારણે મોડો આવે તે ઊઠબેસ ૨૦ કરે.

(ધ) કોઈ છોકરાએ વગર કારણે ગેરહાજર રહેવું નહિ. નહિ તો ૨૦ માઇનસ મળશે.

(ચ) કોઈ પણ છોકરાએ કુલ નંબર લીધા પછી તકરાર લેવા ચાહશે તો તેમ બનશે નહિ.

નોંધ:—આ અદ્‌ભુત નિશાળની અકસ્માત મુલાકાત એક વખતે પ્રારબ્ધના બળથી થઈ ગઈ. શેરીમાં બાળકોને બે હારમાં શિક્ષકભાઈએ ઊભાં રાખેલાં હતાં. તેઓ આંકની મોપાટ લેવરાવતા હતા. તે હાર વચ્ચેથી શેરીની બહેનો પાણી ભરવા જતી આવતી હતી; કૂતરાંઓને વચ્ચેથી આવવાની ના હતી.

અમને જોઈને શિક્ષક મહાશયે બાળકોને અંગ્રેજીમાં હુકમ આપ્યા. અંગ્રેજી ભાષાના અશુદ્ધ ઉચ્ચારો વિષે ટીકા કરવામાં મન નથી. અમને મહેમાન ધારી એક પ્રચલિત મહેમાનકાવ્ય બાળકોએ ગાવા માંડ્યું. બાળકોને સરખા રાખવા માટે શિક્ષકને કાળજીથી ધ્યાન આપવું પડતું હતું. બાળકો ગંદા વેશે, ગંદા શરીરે, નિસ્તેજ ચહેરે રાગડા કાઢતાં હતાં.

અમે "સ્કૂલનું બોર્ડ" વાંચી શાળાની અંદર ગયા. એક ઘંટ, એક ખુરશી, એક ટેબલ અને ભીંતે ટાંગેલાં થોડાંએક પૂંઠાં આટલું શાળાની સામગ્રીમાં હતું; બીજું કંઈ ન હતું. ગણિતની મણકાની ઘોડી સુદ્ધાં ન હતી. અર્થાત્ સાધનસામગ્રી રહિત આ "મોન્ટીસોરી તેમજ કેટલીક સરળ પદ્ધતિસર શિક્ષણ" આપતી શાળા જોઈ અમે દિંગ થઈ ગયા.

ભીંતે ટાંગેલાં પૂંઠાં ઉપર સહજ નજર જતાં તે અમે ઉતારી લીધાં. તે પૂંઠાં જેવાં ને તેવાં જ ઉપર પ્રગટ કરવામાં આવ્યાં છે.

'મોન્ટીસોરી પદ્ધતિ' નો આ ચમત્કારિક ખ્યાલ અકલ્પ્ય અને અગમ્ય હતો.

શિક્ષક મહાશય સાથે થોડીક વાતચીત થઈ તેનો સાર નીચે પ્રમાણે:—

૧ કોઈ કોઈ વાર બાળકોને મારવામાં આવે છે. (બાકી તો પૂંઠા પર લખવામાં આવેલું જ છે.)

૨ પચાસ છોકરાને એ ભાઈ એકલા જ ભણાવતા હતા.

૩ બાળ ધોરણથી અંગ્રેજી ત્રણ સુધીનું ભણતર ત્યાં ચાલતું હતું.

૪ શાળામાં બાળકોને ઉપરાઉપર બેસારવાની ફરજ પડે તેટલી ટૂંકી જગા હતી.

૫ નિશાળમાંથી પેશાબ કરવા એકી સાથે એક જ બાળકે જઈ શકાય. જે બહાર જાય તે 'ગયો' એવું પૂંઠું ભીંત પર લટકાવે ને પાછો આવે ત્યારે 'આવ્યો' એમ પૂંઠાની પાછળની બાજુનું લખાણ ટાંગે.

૬ શાળા બાનગી હતી. શિક્ષક બાળકોની ફીમાંથી ગુજરો કરતા હતા.

૭ શિક્ષક ભલા અને ગરીબ હતા.

૮ તેઓ શિક્ષણમાં કાંઈ જાણતા હતા નહિ.

અમે ત્યાં ગયા હતા તેથી તેમણે અમારો ઉપકાર માન્યો. અમે પણ તેમણે શાળા જોવાની તક આપી તેથી તેમનો ઉપકાર માન્યો. અમારે તેમની સાથે વાતચીત કરવી હતી તેથી અમે ઘંટ વગડાવી બાળકોને વહેલા છોડી દીધા હતા.

બાળા કેમ પાડે છે.

ભાઈશ્રી,

આપના પત્રના ઉત્તરમાં મારા મનનના અર્થમાં આપની સમજણફેર છે.

બાળકો આપણા ચાળા પાડે છે કેમકે આપણામાં રહેલ કુટેવો, વિચિત્રતાઓ જોઈને તેમને હાસ્ય વિનોદ ગમ્મત આવે છે. વળી તેઓ આપણા ચાળા પાડે છે કેમકે જ્યારે આપણે તેમના ઉપર નારાજ થઈએ કે તેમને મારીએ વગેરે અત્યાચાર કરીએ ત્યારે તેઓ સામેથી આપણને કંઈ કરી શકતાં ન હોવાથી તેઓ આપણી તે વખતની મુખમુદ્રા, બોલવાની ઢબ, ચિડિયાપણું વગેરેના ચાળા પાડે છે. આમ કરીને તેઓ જે આપણા તરફ કંટાળો આવેલો હોય છે તેને વ્યક્ત કરે છે, તેની સાથે જ તેઓ કંટાળાને ઓછો કરે છે. કારણકે પોતાના મનમાં આપણા તરફનો કંટાળો સંધરી રાખીને તેને ગંધાવા દેવાને બદલે તેઓ ચાળા પાડીને તે કાઢી નાખે છે. મનુષ્ય મનની આ એક સહજ પ્રકૃતિ છે. મનમાં આવતી અનેક અણગમતી બાબતો માણસો જાતજાતની રીતે કાઢી નાખી પોતે હળવા બને છે. હવે આપણે આવે વખતે શા માટે રાજી થવું તે હું તમને કહું. જો આપણા પ્રત્યેનો એનો કંટાળો ઊંડા મનનો હોય ને તે દબાઈને રહે તો તેમાં સડો થાય, અને આખરે બાળકના મનમાં આપણા પ્રત્યે ક્રોધ અને દ્વેષ કે એવા રોગો ફાટી નીકળે. આમાં તો તેમને તથા આપણને બન્નેને નુકસાન છે. એથી તો બાળકોની અને આપણી વચ્ચે અંતર વધે અને કલેશ પણ વધે. પરિણામે આપણે પરસ્પર દુશ્મન થઈએ. આપણે ચાળા જોઈને રાજી થવું જોઈએ એટલા માટે કે આપણા ઉપર બાળકોનો ક્રોધદ્વેષ ઊતરતા અટક્યા. બાળકે માત્ર પોતાનો કંટાળો ચાળા પાડીને ઓછો કર્યો, અને સાથે પોતાનું મન ચોખ્ખું કર્યું. એમ થયું એટલે બાળક પાછું હતું તેવું સ્વચ્છ થઈ ગયું, એટલે પુનઃ આપણું કામ સરલ થયું.

આપણે બાળકોને કંટાળો આપ્યો તેને બદલે તેણે કંટાળો કાઢી નાખી ભૂમિકા હતી તેવી સ્વચ્છ બનાવી, તેથી આપણે રાજી થવું જ જોઈએ.

મને લાગે છે કે આટલો ખુલાસો મનન પૂરતો બસ થશે.

આપનો ગિજુભાઈ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

બાલમંદિરના આચાર્યને

પ્રિય ભાઈ,

આપણે જે દર સાંજે રમતો રમતા હતા તે પાછું ઉપાડજો. આપણી એવી ખરાબ ટેવ છે કે બધું બરાબર કરીએ છીએ પણ જ્યાં સાંજે રમવાનો વખત આવે છે ત્યાં ભાગવા માંડીએ છીએ. દરેક જણને કામ આવી પડે છે, અને મને અને તમને તો ખાસ. પછી શિક્ષિકાબહેનોને વળી રાંધવાની વેળા થાય એટલે આપણે તેમને અનુકૂળ થવાને દાવે રમવામાંથી છટકી જઈએ.

પણ આ નીતિ ઘાતક છે. આપણે શિક્ષકોએ સાંજે અવશ્ય રમવું જોઈએ. દરેક બાલમંદિર રમવા માટે અનુકૂળ જગા છે; રમવાવાળાઓને શોધવા જવું પડે તેમ નથી. સાધનો પણ વસાવી શકાય, અને સાધનો ન હોય તો આપણી દેશી રમતો કયાં થોડી છે? માત્ર આપણી બોદી દાનતનો ઉપાય આપણે જ કરવો જોઈએ.

આપણે દી બધો કામ કરી થાકી જઈએ છીએ. શરીરે અને મનને તાજગી આપવાનો આ એક સરસ ઉપાય છે. ફરવા જવાનો આપણને વખત ન હોય પણ ત્યાં ને ત્યાં બાલમંદિરથી છૂટાં થતાં પાંચ પંદર મિનિટ રમી તો શકીએ જ.

રમવા ખાતર દૈનિક બંધ કરવું પડે તો ભલે. આપણું આરોગ્ય સમાજનું આરોગ્ય છે. એ બગાડી નાખીએ તો આપણે સમાજના અને બાળકોના ગુનેગાર છીએ. આપણી જાતનાં પણ આપણે દ્રોહી છીએ.

વળી રમતનો જુસ્સો આપણે બાળકોમાં તો જ આપી શકીશું, જો આપણે જાતે જ રમીશું. થોડા માણસ ખેલાડીઓ જેમ રમે અને હજારો માણસો તે જુએ ને તાળીઓ પાડે એ આજના સમાજની ખરાબ સ્થિતિ છે. આપણે તો દરેક બાળકને રમતનું પ્રેમી બનાવવું છે. આખી પ્રજાએ રમવું તો જોઈએ જ. કોઈ રમતો જોવા નવરું ન જોઈએ; માત્ર રમત જોનારને તો શરમ આવવી જોઈએ.

રમી શકે તેવાં બાળકોને આપણી ભેળાં રમાડવાં જોઈએ. એથી રમતના નિયમો અને તેની નીતિ આપોઆપ સમજશે, અને 'બોલે તે માર' નો અર્થ તેઓ બરાબર સમજશે. રમત એ સ્પર્ધા માટે નથી તે પણ તેઓ આપણી પાસેથી શીખશે. જેને ખેલાડી સ્વભાવ કહે છે તે પણ તેઓ પ્રત્યક્ષ પાઠ વડે શીખશે. અર્થાત્ આપણે રમીને જ રમતના મહિમાનો અને રીતનો પાઠ બાલમંદિરનાં બાળકોને આપવો જોઈએ.

આપણે રમતો રમાડીએ ભલે પણ આપણે તે રમી જાણવું જોઈએ. બાળકો જ્યારે જાણે છે કે આ લોકોને તો રમતમાં રસ નથી તેમ છતાં રમાડવા આવે છે, ત્યારે તેઓ પોતાની ધગશથી ભલે રમે છે છતાં આપણી કિંમત કોડીની આંકે છે, અને આપણા તરફનો તેમનો ભાવ ઓછો કરે છે.

માટે, ભાઈશ્રી! રમતોને પાછી પડવા ન દેશો. ખડ ઊગ્યું છે, ગોખરુ થયા છે, સાંજ વહેલી પડે છે, દૈનિક વાંચતાં વાર લાગી, એ

બધાં મારાં અને આપણાં બહાનાં છે. તેને એ કામ ફરજિયાત કરવું પડે તો કરજો; એમાં ઉડાડી દેજો, અને રમજો રમજો ને રમજો. સ્વયંસ્ફૂર્તિના સિદ્ધાંતને બાધ નહિ આવે! ગિ

બાળકો અને શીતળા

શીતળા નામની એક માતાને આપણા લોકો માને છે. તે માતા બાળકોને એક દરદ રૂપે પેદા થાય છે, અથવા એમ કહીએ કે બાળકોના શરીરે એક જાતનું દરદ પેદા કરે છે, એવી આપણા લોકોની માન્યતા છે. પણ આ માન્યતા તદ્દન પાયા વિનાની છે. પહેલાં તો જે માતા હોય એ બહુ લાગણીવાળી હોય એટલે એ બાળકોને કોઈ જીવલેણ દરદ પેદા કરે તે આપણે માની શકીએ જ નહિ, તેવી ચોખ્ખી દીવા જેવી વાત છે. સામાન્ય રીતે તમે જોશો તો બાળકનો ગમે તેટલો દોષ હશે તો પણ માતાની લાગણી તેના તરફથી જરા પણ ઓછી થશે નહિ. બાપ ખિજાય તો હજી તમાચો ચડાવી લ્યે ખરો, પણ માતાથી કદાચ એમ થઈ જાય તોપણ તે પસ્તાશે. સામાન્ય રીતે જ માતાઓનું આવું ઉચ્ચ સ્થાન છે, તે છતાં આપણે જે દેવીને જગતની માતા રૂપે કલ્પી કે બાળકોની માતા રૂપે કલ્પી, તે જ દેવી પાછી બાળકોને જીવલેણ દરદ પણ પેદા કરે એમ કેમ માનવામાં આવે?

તેમ છતાં આપણે ત્યાં ૯૫ ટકા લોકો આમ જ માને છે. તેઓ બાળકોને આ દરદ થાય એટલે તેઓ તેને માતા સ્વરૂપે માને છે. તેઓનો વાંસો જોવા આપતા નથી, કેમકે માતાજીનો વાંસો ન જોવાય એમ કહે છે. તેનું ઔષધ કંઈ કરતા નથી, તેનાં લૂગડાં ધોતા નથી, અને બાળકને તદ્દન ગંદું જ રાખે છે. નવમો દિવસ થાય પછી ગમે તેવા માતાના દાણા હોયં તોપણ શીતળામાતાને મંદિરે પગે લાગવા લઈ જાય છે, ભલેને પછી એ મંદિર પાંચ દશ માઈલ દૂર હોય અને ભલેને પછી પેલું બાળક રસ્તામાં જ મરણશરણ થાય! માતા નીકળે એટલે પછી કુલાચાર પ્રમાણે ઘરડી ડોશીઓ કહે તેમ જ થઈ શકે. એમાં વૈદ્ય ડૉકટરનું કાંઈ કામ જ આવે નહિ. હા, ઊપલા ઉપાયો સિવાય બ્રાહ્મણો પાસે શીતળાના મંત્રો જપાવે ખરા!

આ વસ્તુસ્થિતિ બહુ ભયંકર છે. હિંદુસ્થાનમાં હજારો બાળકો આ દરદથી માર્યાં જાય છે. મૂળે તો આ એક જાતનું દરદ છે. આયુર્વેદમાં તેને મસૂરિકા કહે છે. આ દરદ લોહીમાં ગરમીનું પ્રમાણ વધી જવાથી કે ગરમીથી લોહીની વિકૃતિ થવાથી પેદા થાય છે એમ આયુર્વેદ માને છે. પણ હાલ થોડા વર્ષ પહેલાં તો આના જંતુઓ શોધાયા છે અને આને ચેપી દરદ તરીકે શાસ્ત્રીય રીતે સિદ્ધ કરેલ છે. એ મહેનત પાશ્ચિમાત્ય ડૉકટરોની છે. તેઓએ આ ઉપરથી તેની રસી પણ તૈયાર કરી, તે રસી લોહીમાં આપી તે દરદ અટકાવવાનો પણ એક સિદ્ધ ઉપાય શોધી કાઢયો છે તેને અંગ્રેજીમાં વેકસીનેશન કહે છે, અને ગુજરાતીમાં માતા કઢાવવાં એમ કહે છે. આ ઉપાયથી શીતળા ત્રણ વર્ષ સુધી તો ન જ નીકળે એ વાત ચોક્કસ છે. પછી દર ત્રણ વર્ષે શીતળા કઢાવવા જોઈએ. મોટી ઉંમરે તો આ રોગ કવચિત્ જ લાગુ પડે છે. બહુ તો ૧૦

વર્ષનાં બાળકો હોય ત્યાં સુધી વધુ ભય છે. ૧૦ થી ૧૫ સામાન્ય ભય, ૧૫ થી ૨૦ સેંકડે પાંચ ટકા જ; અને ૨૦ થી મોટી ઉંમરનાંઓને પણ આ દરદ થઈ આવે છે પણ તે અપવાદ રૂપ જ ગણાય.

પણ-જો આયુર્વેદમાં પણ આને દરદ ગણવામાં આવે છે તો આ શીતળા માતા તરીકે કયારથી મનાવા લાગી ? અને માણસોના હૃદયમાં આટલે ઊંડે કેવી રીતે પેસી ગઈ ? આપણે જરૂર વિચારવું જોઈએ.

આયુર્વેદના ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ નામના ત્રણ મોટા અને જૂના ગ્રંથોમાં તો ક્યાંય કોઈએ કયાંય આ ગધેડાના વાહનવાળી શીતળામાતા ગોતી જડતી નથી. આ ગ્રંથો એક હજાર વર્ષ પહેલાં બનેલા છે એમ ઇતિહાસસમાલોચકો કહે છે. કોઈ સ્મૃતિમાં પણ શીતળા નથી. કોઈ વેદમાં તો ન જ હોય–નથી. માત્ર પૌરાણિક જમાના બાદ જ્યારે બધા લોકો સંસ્કૃતમાં કંઈ પણ લખીને પ્રમાણ મનાવવા માંડ્યા તે પછી પણ ઘણા કાળે એટલે લગભગ ૫૯૦ વર્ષ ઉપર આ દરદને માતા તરીકે કલ્પવામાં આવ્યું. ભાવપ્રકાશ નામનો વૈદક ગ્રંથ કે જે અકબર બાદશાહના વખતમાં બનેલો છે, તેમાં આ શીતળામાતા સ્ટેજ ઉપર આવે છે ખરી. જોકે ગ્રંથકાર મૂળ મસૂરિકા દરદનું જુદું જ નિદાન અને ઉપાયો બતાવે છે, તોપણ શીતળામાતાના આ વેશવાળી પણ મસૂરિકા થાય છે એમ કહી ભ્રમમાં પડે છે ખરો ! એ વખત પહેલાં મારા જેવા સંસ્કૃત જાણનારા બ્રાહ્મણોએ પુરાણોમાં શીતળાને ઘુસાડી દીધેલી હશે ! કાં તો બ્રાહ્મણોએ જાણીકરીને કર્યું હશે; કાં તો એ લોકો પોતે જ અખૂજ હશે; પરંતુ પહેલી વાત વધારે સાચી લાગે છે. જ્યારે માણસના હાથમાં સત્તા આવે છે ત્યારે તે જરૂર તેનો દુરુપયોગ કરે છે. બ્રાહ્મણોના હાથમાં સત્તા હતી એટલે તેઓ જેમ માણસોને દોરતા તેમ ચાલતું. તેમના વડવાઓએ તો સમાજની સારી સેવા કરી, પણ પાછળથી બ્રાહ્મણોએ સત્તાના મદમાં તપ અને સંયમ મૂકી દીધાં એટલે પછી પુરાણના જમાનામાં પેટ સારુ આવા ધંધા કરવામાં પણ કચાશ નથી રાખી એમ ઘણાં પુરાણો જોવાથી સમજાય છે.

આયુર્વેદ કાળમાં જો કે શીતળાના કોઈ જંતુઓ શોધાયા નહોતા પણ તેના ઉપાયો તો બરાબર શોધાયા હતા, અને તેને સાંસર્ગિક વ્યાધિ એટલે કે ચેપી રોગ તરીકે તો જરૂર સ્વીકારવામાં આવેલો. આર્ય વૈદકશાસ્ત્રોમાં તેના જે ઉપાયો બતાવ્યા છે તે કેટલા પ્રમાણમાં સાચા છે એ તો આજે પ્રયોગો કર્યા પહેલાં કહેવું સાહસ માત્ર છે. તોપણ આગળના લોકોના અખતરા મોટે ભાગે સારાં પરિણામો લાવતા એમ મને પણ પાંચ વર્ષના અનુભવથી દેખાય છે. એવા થોડાએક ઉપાયો અહીં હું બતાવું છું.

શીતળાના વાયરા ચાલતા હોય ત્યારે તે ન થાય તે માટે ઉપાય.

(૧) લીંબોડી ૨, બહેડાનાં બીજ ૨, હળદરનો ગાંઠિયો ૧. આ બધાને વાટી ઠંડા પાણીમાં રોજ સવારે પી જવાં.

(૨) જેઠીમધ મધ સાથે દરરોજ બે વાલ આપવું.

આ ચીજો લેવાથી શીતળા નીકળતા જ નથી.

જેને શીતળા નીકળે તેના માટે જેઠીમધનો ભૂકો બે વાલ, અને મધ જોઈએ તેટલું લઈ તેમાં મેળવી દિવસમાં ત્રણ વખત ચાટવા આપવું. આથી ખૂબ ચડેલો શીતળાનો તાવ તરત જ ઊતરી જશે અને ૧૦૦ ડિગ્રી ટેમ્પરેચર આવી જશે. દરદીને આથી પીડા થશે નહિ અને શીતળા બહુ સહેલાઈથી નીકળી આવશે; દાણા પણ જલદી પાકશે અને ઓછા નીકળશે. મેં એક દરદીને જેઠીમધ શરૂઆતમાં જ આપવા માંડેલું. તેને શીતળાના દાણા માત્ર આખા શરીરમાં મળી કુલ ૧૦૦ નીકળ્યા હતા, અને ૧૨ દિવસમાં તો તે બધા પાકીને સૂકાઈ ગયા હતા. બીજા લગભગ સોએક દરદીઓ ઉપર આ ઉપાય મેં અજમાવ્યો છે અને બધામાં સફળ થયો છું.

શીતળાના દાણા પાકે ત્યારે

તેમાંથી પાણી નીકળે તો શંખજીરું વાટી તેનો ભૂકો છાંટવો.

તે સૂકાતા ન હોય તો ધૂપેલ તેલ તોલા ૧૦ લઈ તેમાં કપૂર તોલો ૦॥ નાખી ગરમ કરવું. જ્યારે જરા પણ પાણી ન રહે અને તેલ જ બાકી રહે ત્યારે ઉતારી લેવું, અને દાણાઓ ઉપર પીંછીથી લગાવવું. (અપૂર્ણ.) વ. વૈ.

માટી ખાય તો

થોડા વખત પહેલાં પત્રિકામાં બાળકો માટી ખાય તો તેનો ઈલાજ સૂચવવાનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

તેના જવાબમાં દામનગરથી ડૉ.રઘુનાથ ગંગારામ કદમ (L.C P.S. BOM.) જણાવે છે કે,

આ બાબતમાં મારા અનુભવના બે ઈલાજો સૂચવું છું:—

(૧) સોનીને ત્યાં મળે છે તે સોનાગેરૂ થોડો થોડો ઘસી તેની ભૂકી બાળકને રોજ એક કે બે વાર અમરતી ચટાડવી.

(૨) હરણ જે ખેતરમાં બેસતાં હોય ત્યાંની ખળી અથવા માટી લઈ તે રોજ સહેજસાજ ચટાડવી.

આ પ્રયોગ પૈકી એક ત્રણચાર દિવસ અજમાવવાથી બાળકની માટી ખાવાની ટેવ ભુલાઈ જશે.

આ વિષયમાં બીજાં ભાઈબેનોને પોતાના અનુભવો જણાવવાનું નિમંત્રણ ફરી પાછું આપીએ છીએ. તંત્રો.

હિંદીમાં શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

ભયકા ભેદ (બાળનાટક)	લેખક એ. એસ. નીલ	૦–૧–૬
વિદ્યાર્થી ઔર શિક્ષક		૦–૮–૦
દિવાસ્વપ્ન	લેખક ગિજુભાઈ	૦-૧૨-૦
,,	,, (જેકેટ સાથે)	૧–૦–૦
પ્રાથમિક શાલામેં ભાષાશિક્ષા	લેખક ગિજુભાઈ	૦–૮–૦
વે મૌતસે ખેલે થે	લેખક એ. એસ. નીલ	૧–૦–૦
ઉનકી શિક્ષાકા પ્રશ્ન	લેખક ગિજુભાઈ	૦–૮–૦
બાલપ્રેમ	લેખક શ્રી. તારાબેન	૦–૧–૦

પોસ્ટેજ દરેકનું જુદું

લખો વ્યવસ્થાપક: હિંદી શિક્ષણ પત્રિકા કાર્યાલય

૬૭ ચંદ્રભાગા, જૂની ઈન્દોર, ઈંદોર સીટી

શિક્ષણ-સમાચાર

—આફ્રિકા ભાઈ વસંત નાયક તથા શ્રી. કાન્તાબેન નાયક પૂર્વ આફ્રિકાની શિક્ષણ સંસ્થામાં કામ કરવા ઊપડી ગયાં.

—પાદરા શ્રી. શાન્તાબેન રાવળ, આચાર્ય બાલમંદિર. અહીંથી મુક્ત થઈ ગાયકવાડ રાજ્યના કેળવણી ખાતામાં જોડાયાં.

—જામનગર શ્રી. ગિજુભાઈ બધેકાએ જામનગર સિલ્વર જ્યુબીલી બાલમંદિરની મુલાકાત તા. ૧-૨ ઑગસ્ટના રોજ લીધી તથા તેનું બારીક નિરીક્ષણ કર્યું.

—દેવલાલી શ્રી. દેવરામ ડાહ્યાભાઈ વરુ; દેવલાલી બાલગૃહ. ત્યાંના એક કાર્યકર્તા તરીકે જોડાયા.

—સદનવાડી (કચ્છ) ભાઈ પ્રભુલાલ જ. ધોળકિયા શ્રી. ગિજુભાઈ સન્માન થેલીના કાર્યને અંગે તા. ૮ ઑગસ્ટ ૧૯૩૭ના રોજ સિંધ ગયા છે.

સિનુગ્રા (કચ્છ) સ્વ. શ્રી. ખોડાભાઈ રામજી સ્મારક કન્યાશાળાનું નવું મકાન શ્રી. કુંવરજી આણંદાએ પોતાનાં સ્વ. પત્નીના સ્મારક અર્થે બંધાવી આપેલ તે લક્ષ્મીબિલ્ડીંગની ઉદ્‌ઘાટનક્રિયા શ્રી. ગિજુભાઈના હસ્તે તારીખ ૧૪-૮-૩૭ ના રોજ થઈ.

—સતાપર (કચ્છ) કચ્છ લોહાણા કેળવણી ખાતાની સતાપર શાળાની મુલાકાત તા. ૧૮-૮-૩૭ રોજ શ્રી. ગિજુભાઈએ લીધી અને નિરીક્ષણ કર્યું.

વાંકુ (કચ્છ)—કચ્છ લોહાણા કેળવણી ખાતાના મુખ્ય અધિકારી શ્રી. પ્રાણજીવન આચાર્યે પોતાના ખાતાની બધી શાળાઓમાં પત્રિકાવડે વસંત બાલશિક્ષણના પ્રચારને અંગે શ્રાવણ માસના છેલ્લા બે સોમવારે શાળાના દરેક શિક્ષકે પોતાના ગામના લોકો સમક્ષ બાળકોને 'બીવડાવશો નહિ. મારશો નહિ'નાં ભાષણો આપવા તથા 'બાળકોને મારશો નહિ. બાળકોને બીવડાવશો નહિ.' નાં પતાકડાં ચોડવાનું સરકયુલર કાઢયું.

પોરબંદર—ગાંધી છાયા આશ્રમના હરિજન બાલમંદિરની ના. રાણાસાહેબે મુલાકાત લીધી અને રૂપિયા એક હજાર આશ્રમને આપ્યા.

અમરાવતી—ની ગુજરાતી એ. વી. સ્કૂલમાં શ્રી કર્મસિંહ માધવજી ટાંક કામ કરવા માટે ઊપડી ગયા.

લાઠી—શ્રી. અંબાશંકર બેચરદાસ ત્રિવેદી લાઠીના બાલમંદિરમાં જોડાયા.

રાજુલા—શ્રી. મોહનલાલ ભૂતાએ શિક્ષણ પત્રિકાના દોઢસો ગ્રાહકો કર્યા.

લાગણીના વિષયો શબ્દાતીત છે. શબ્દ વડે લાગણીઓ અપૂર્ણ અને કોઈ વાર વિકૃત બને છે.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

બાલમંદિર સાહિત્ય સાધનાલયનુ

બાલ શિક્ષણ ટૉય માર્ટ

તિલક બ્રિજ પાસે B. B. & C. I. સ્ટેશનની સામે

દાદર, (પશ્ચિમ) મુંબઇ નં. ૧૪.

જો

તમારા બાળકોની ક્રિયાશક્તિ તમને ઘરમાં ઉપાધીરૂપ થઇ પડી હોય

તમારા બાળકોની ક્રિયાશક્તિને યોગ્ય માર્ગ આપી કર્તૃત્વવાન બનાવવા હોય

તમારા બાળકોને નાનપણથી જ હસ્તકલા અને ઉદ્યમની અભિરૂચી ઉત્પન્ન કરવી હોય


તમારા બાળકોનો બૌદ્ધિક અને કલાત્મક વિકાસ સાધવો હોય


—તો હવે ગમે તેવા રમકડાં ખરીદ કરી પૈસા અને બાળકોને બગાડશો મા—

તમારા બાળકની ઉમર અને અભિરૂચી જણાવો. અમે એમને અનુકૂલ થાય એવી બધી જ બૌદ્ધિક કલાત્મક તથા શારીરિક રમતો હોબીઝ તથા શિક્ષણના સાધનો તમને ઘર પોંચતા મોકલી આપીશુ.

અમારા કેટલાક વિભાગો.

૧ નવીન બાળશિક્ષણના મૉન્ટેસોરી તથા કિંડરગાર્ટનના સાધનો
૨ બાળક્રિડાંગણના સાધનો
૩ ભાષા, ગણિત, ચિત્રકામના નવા નવા સાધનો
૩ બાળકો માટેના ચિત્રો
૫ બાળકો માટે સંગ્રહણીય વસ્તુઓ
૬ અક્ષર શિક્ષણ અંકશિક્ષણના સાધનો
૭ બાળકો માટે હસ્ત કલાનો સાધનો
(૧) ભરત ગુંથન (૨) માટી તથા પ્લૅસ્ટિસીન કામ (૩) કાગળ તથા કાતર કામ (૪) રફિયા વર્ક, ઝીગ વર્ક, પેન્ટીગ વર્ક, શિવણ કામના કાર્ડ (૫) ક્રેટવર્ક સુતાર કામના સાધનો (૬) ઊન કામ
૮ યાંત્રિક રમતો-મૅકેનો, મોબૅકો, પઝલ્સ, બિલ્ડીંગ બ્લોકસ, બ્રિક વર્ક
૯ ઇન ડોઅર, આઉટ ડોઅર ગેમ્સ
૧૦ સ્ટેશનરી





બાલજીવન વિકાસક સાધનો અને સાહિત્ય પુરાં પાડનારી એકમેવ સંસ્થા

બાલમંદિર સાહિત્ય સાધનાલય

વિલે પાર્લે, મુંબઈ

"બાલકોનો જીવાત્મા સ્વતંત્ર છે અને પોતાના નિશ્ચિત ધ્યેય તરફ તે ધસવા માગે છે. તે આપણી પાસે પોતાના ઈષ્ટ કાર્ય માટે પરિસ્થિતિ માગે છે, નિર્વિઘ્નપણું માગે છે. × × × ટુંકમાં બાળકો–આપણા મોઘાંમૂલા અતિથિઓ આપણી પાસેથી સાચું સ્વાતંત્ર્ય, સહાનુભૂતિભરી સહાય અને બાલવિકાસ સંબંધેના પ્રયોગસિધ્ધ જ્ઞાનની આશા રાખે છે, આપણે તેને માટે તૈયાર થઇએ."

માબાપોને...ગિજુભાઇ

દરેક ઘરમાં કે દરેક બાલમંદિરમાં બૌધ્ધિક, માનસિક તથા શારીરિક જીવન-વિકાસક વાતાવરણ ઉભું કરવાને માટેની દરેક વસ્તુ બાલમંદિર સાહિત્ય સાધનાલયમાં મળશે.

થોડીક વિગતો

૧ મૉન્ટેસોરી પધ્ધતિનાં સાધનો
૨ ફ્રોબેલની બાલપ્રિય રમતોનાં સાધનો
૩ બાલક્રીડાંગણનાં વ્યાયામસાધનો
૪ બાલકને અનુકૂલ ઘર તેમજ શાળા માટેનું વિવિધ ફર્નીચર
૫ બાલકના નાનામોટા વસ્તુસંગ્રહાલયો માટેની વસ્તુઓ, જેવી કે લાકડાની, માટીની, માર્બલની તથા હાથીદંતી વિ. કારીગરીની વસ્તુઓ
૬ બાળકોની જાતજાતની બૌધ્ધિક તથા યાંત્રિક રમતો, મૅકનો, મોબકો, પઝલ્સ વગેરે
૭ બાળકોની નાની મોટી લાયબ્રેરીઓ, એમાં બાળકોને અનુકૂલ એવું ફર્નીચર તથા શ્રીદક્ષિણામૂર્તિ, બાલજીવન કાર્યાલય, કિશોર કાર્યાલય, ગાંડીવ કાર્યાલય, પ્રસ્થાન, દ્વિવેદીયા ઍંડ સન્સ તથા બીજા પ્રકાશનોની classified ચોપડીઓ મળશે.
૮ ચિત્રોના નાના મોટા આલ્બમો, તેમજ છુટક ચિત્રો
૯ વિવિધ બાલસાહિત્ય તથા માબાપ અને શિક્ષકોને લગતું બધું સાહિત્ય
૧૦ બાળકને ઘરમાં આપવા જેવી બૌધ્ધિક તથા શૈક્ષણિક રમતો

"આ સાધનો એવડું કામ આપે છે, એટલે કે તે દ્વારા બાળકોમાં આવશ્યક વિકાસસિધ્ધિ થાય છે એટલુંજ નહિ, પણ તે દ્વારા બાળકોમાં, ઘરમાં અને શાળામાં વ્યવસ્થા ઉત્પન્ન થાય છે."
આજેજ ઑર્ડર મોકલો.

વધુ વિગત માટે લખો:

વ્યવસ્થાપક

બાલમંદિર સાહિત્ય સાધનાલય,

વિલે પાર્લે

તા. ક.—આપણા ગામડાના કારિગરોના હાથેજ આ વસ્તુઓ બનાવવામાં આવે છે અને તે પરદેશી જેવી સુંદર અને સરસ હોવા છતાંએ ઘણી સસ્તી છે.

યોગેશ પ્રિન્ટરી, ૮૦, ટેમરિંડ લેન, ફોર્ટ, મુંબઇ.

શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ સમાચાર

(કાર્યાલય તરફથી)

ભગિનીસમાજ ભળે છે.

મુંબઈથી સૌ. જયશ્રી રાયજી લખે છે કે "શ્રી. ગિજુભાઈ થેલી માટે મુંબઈ ભગિની-સમાજની બહેનો કંઈક ફાળો એકત્ર કરી હમે સામટી રકમ મોકલવા માગીએ છીએ—આ કારણથી અત્યાર સુધી મેં જુદો ફાળો મોકલ્યો નથી. તમારા કાર્યમાં સારી સફળતા મળો ને ગુજરાતનાં બાળકો માટે શ્રી. ગિજુભાઈ સન્માન થેલીમાં સારો ફાળો થાય એવી મારી શુભેચ્છા છે."

સર્વમાન્ય એક વાત છે કે સ્ત્રી માટે હકનો યુગ અસ્ત થતો ગયો છે કારણકે પરદેશીની સ્ત્રીઓએ જે હક માટે લડત ચલાવી હતી તેનાં મીઠાં ફળઆ પોઆપ હિંદની સ્થિતિને મળ્યાં છે. અને હવે જે યુગ બેઠો છે, તે મળેલા હકોની જવાબદારીઓ અદા કરવાનો છે. તેને કેટલાક 'બાળયુગ' તરીકે ઓળખાવે છે. અને એ સાચું હોય—છે, તો બાળકોના આ કાર્યને વેગ મળવો જોઈએ. ગૂજરાત-કાઠિયાવાડની બીજી સ્ત્રીસંસ્થાઓ આ દિશામાં પ્રવૃત્તિ કરશે એવી વિનંતિ છે.

તપના પ્રતાપે

માંગરોળથી શ્રી. વીરસુત લખે છે કે "કંઈ આશા ન હતી. પણ (અવિશ્વાસશ્રી) શરૂ કર્યું. અને ગિજુભાઈનાં તપના પ્રતાપે ન ધારેલું તેટલું મળ્યું." જે અધ્યાપનમંદિરના વિદ્યાર્થી કંઈ સંકોચ અનુભવતા હોય તેમને આપણા ભાઈ વીરસુતનો અનુભવ ભેટ કરીએ છીએ.

એક બહેન મોખરે છે ત્યારે

ગયે વખતે જાહેર કર્યું છે તે રીતે આ પહેલાં કાર્યાલયમાં શ્રી. મનુબહેન તરફથી તેમણે ભેગા કરેલા ફાળાની યાદી આવી ગઈ છે, અને તેમનો આંકડો સાતસો જેટલો છે. રકમ પણ એક હાથે આટલી ઉઘરાવતાં નાની ન જ ગણાય. પણ તેથીયે સામાન્ય જનતામાં ઘરેઘર ફરીને જે નાની નાની રકમોથી આ ફાળો થયો છે તે થેલીમાં એક નવી ભાત પાડતો છે. બાળકેળવણીના આદેશના સંદેશ કેટલે ઘરે ફરી વળ્યા તે કલ્પનાએ કાર્યાલય મંત્રી બેનની કાર્યશક્તિને ધન્યવાદ આપે છે. વળી ગામડે ગામડે ફરીને આ ફાળો થયેલો કે શહેરમાં આનો દાખલો લેવાય એટલે કે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ પોતાનું કામ સમજી ઘરઘરની ફૂલપાંખડી ભેગી કરે તો અમારી ખાતરી છે કે સંકલ્પ કરતાં રૂપિયા દશગણા

શ્રી. ગિજુભાઈ સન્માન થેલીનું કામકાજ હજી ચાલુ છે. નવેમ્બરની અધવચ્ચમાં સમારંભની તારીખો રહેશે. આ પ્રસંગે અધ્યાપનમંદિર સંમેલન, બાલસાહિત્ય સંમેલન, તથા ગિજુભાઈના કાર્યનું પ્રદર્શન—આવા કાર્યક્રમો ગોઠવવાની યોજના મંત્રીઓ ઘડે છે.

સહજમાં ભેગા થઈ જાય. કલકત્તામાં ભાઈ ત્રંબકલાલ માણેકલાલ શુકલે આવી જ શરૂઆત કરી છે. અમદાવાદ અને મુંબઈ ગાતે વસતા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ અને બાળકેળવણીપ્રેમીઓ ધગશપૂર્વક કામ ઉપાડશે એવી આશા છે.

કરાંચી સાથ દે છે.

બૃહત ગુજરાતમાં કરાંચીનું સ્થાન અનેરું છે. તેથી તો સાહિત્ય પરિષદ જેવી ભાષા અને સાહિત્યના ખિલવટની સંસ્થા પોતાનું અધિવેશન એટલે દૂર પર પ્રાંતમાં ભરવાની હિંમત કરે છે. આથી 'શ્રી. ગિજુભાઈ સન્માન થેલી' માં સારી મદદની આશા કાર્યાલયે રાખી છે. ભાઈ પ્રભુલાલ ત્યાં પ્રતિનિધિ રૂપે આ પહેલાં પહોંચી પણ ગયા છે, અને તેમને કરાંચીએ સારો જવાબ વાળવાની આશા આપી છે.

અમદાવાદની જનતાને

કાર્યાલય તરફથી એક વિનતિપત્ર બહાર પાડી અમદાવાદમાં હવે જ કામની શરૂઆત થાય છે. પણ અમદાવાદે વ્યક્તિગત ફાળો થેલીમાં આપ્યો છે તે વધારે વ્યવસ્થિત થવો જોઈએ. અમદાવાદમાં જ દશહજાર પૂરા કરવા જોઈએ. કાર્યાલય બધા બાળપ્રેમીઓને અને ખાસ કરી અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને સાથ આપવા વિનંતિ કરીએ છીએ.

આફ્રિકા પણ જાગે છે.

ઝાંઝીબારમાં શ્રી. ગોપાળરાવ ભાગવતે શ્રી. છગનલાલ મલકાણની મદદથી લગભગ ૧૭૫) શિલિંગ એટલે કે રૂા. ૧૨૦) ભેગા કર્યા છે. આમાં શ્રી. શાંતાબેન ભાગવતનો પણ સારો સાથ હતો.

જીંજાથી શ્રી. વિઠ્ઠલદાસ હરિદાસની કું. રૂા. ૫૦) મોકલે છે.

તા. ૨૬-૮-૩૭
અમદાવાદ

ઇન્દુપ્રસાદ ભટ્ટ
વજુભાઈ દવે.
મંત્રીઓ:
શ્રી. ગિ. સ. સમારક સમિતિ

શ્રી. ગિજુભાઈ સન્માન થેલીમાં
ભરાયેલાં નાણાં
(યાદી-૩)

કચ્છમાં શ્રી. મનુબેન હસ્તક ભરાયેલી રકમો

ભૂજનગર (કચ્છ)

રૂા.
૫૦ ના. કુમારશ્રી પૃથ્વીરાજજી મેઘરાજજી
૪૦ શ્રી આલુબેન લાલકાકા
૧૫ ,, ભિક્ષુ શ્રી શુકરાજદાસજી.
૧૦ ,, વીરચંદ માણેકચંદ મહેતા
૧૦ ,, યશોશચદ મોતીભાઈ
૧૦ ,, છબીલદાસભાઈ
૧૦ શ્રી ખાનબહાદુર અબદુલ રસીદખાન સાહેબ
૧૦ ,, ફરદમજી શેઠ
૧૦ ,, મનોરમાબેન રામજી
૧૦ ,, પુરુષોતમભાઈ સોમચંદભાઈ
૫ ,, ભાનુમતી વેદાંત
૫ ,, શિવચંદભાઈ પ્રેમચંદભાઈ
૫ ,, ભવાનજીભાઈ હીરાચંદભાઈ
૫ ,, છગનલાલભાઈ વત્સરાજભાઈ
૫ ,, મૂળજીભાઈ પુરુષોત્તમભાઈ

૫ શ્રી. હરિપ્રસાદભાઇ મગનલાલભાઈ
૫ શ્રીમતી ભચીબેન
૫ શ્રી. પોપટલાલભાઇ શિવરામ પટેલ
૫ ,, એચ. એચ. દિવાન
૫ ,, નાનાલાલ ગંગારામ મહેતા.
૫ ,, મગનલાલભાઈ મેાણસીભાઈ
૩ ,, જગજીવનભાઈ કલ્યાણજીભાઈ
૩ ,, કલ્યાણરાયભાઈ મયાશંકર પાઠક
૩ શ્રીમતી કુંદનગૌરી માર્કંડભાઈ
૨ શ્રી. પોપટલાલભાઈ કરશનજીભાઈ
૨ ,, જમિયતરાયભાઈ ગુલાબશંકર
૨ ,, હુકમચંદભાઈ પોપટચંદભાઈ
૨ ,, ડૉ. ભાણજીભાઈ ઠક્કર
૨ ,, અમૃતલાલભાઈ વસનજી વકીલ
૨ ,, વેલજીભાઈ લધુભાઈ
૨ ,, જીવરામભાઈ મહેતા.
૨ ,, છગનલાલભાઈ અનોપચંદભાઈ
૨ ,, કાનજીભાઈ ગોહેલ
૨ ,, વજેશંકરભાઈ હિંમતરામભાઈ
૨ ,, મૂળચંદભાઈ શામજીભાઈ
૨ ,, સાકરચંદભાઈ પાનાચંદભાઈ
૨ ,, હર્ષદરાયભાઇ રઘુભાઈ શુકલ
૨ ,, જનાર્દનભાઈ રઘુભાઈ શુકલ
૨ ,, જસવંતરાયભાઈ વજેશંકર વકીલ
૨ ,, કંચનપ્રસાદભાઈ કેશવલાલભાઇ
૨ ,, હરશંકરભાઈ બાવા
૨ શ્રીમતી સુંદરબેન
૨ શ્રી. મોતીલાલ ગોપાળજીભાઈ
૫ ,, મોતીભાઈ રણછોડભાઈ
૨ ,, માણેકલાલભાઈ દામોદરભાઈ
૨ ,, છગનલાલભાઇ હિંમતરામભાઈ

૨ શ્રી. ધનસુખલાલભાઈ દિનશંકરભાઈ
૧ ,, ભાઈલાલભાઈ મયાશંકરભાઈ
૧ ,, નારાયણદાસભાઈ રતનશીભાઈ
૧ ,, ડૉ. રતિલાલભાઈ
૨ ,, ડૉ. પ્રાગજીભાઈ
૧ ,, ઝવેરચંદભાઈ રણછોડભાઈ
૧ ,, લક્ષ્મીશંકરભાઈ ઘેલાભાઈ
૧ ,, નારાયણજીભાઈ મોરારજીભાઈ
૧ શ્રીમતી કમળાબેન
૧ શ્રી. કેશવજીભાઈ પાનાચંદ
૧ શ્રીમતી માણેકબેન
૧ ,, રંભાબેન
૧ શ્રી. દયાળજીભાઈ
૧ ,, ગુલાબશંકર અમૃતલાલ
૧ ,, નરભેરામભાઈ વાલજી
૧ શ્રીમતી ધનદુમતીબેન
૧ શ્રી. રસિકલાલભાઈ
૧ ,, જયસુખલાલભાઈ કેશવજી ઘોળકિયા
૧ ,, પ્રેમજીભાઈ વકીલ
૧ ,, ડૉ. દયારામભાઈ
૧ ,, નટવરલાલભાઈ છોટાલાલ શુકલ
૧ ,, હીરજીભાઈ ટોકરશી ઠક્કર
૧ ,, દેશાઈ સાહેબ
૧ ,, પ્રાણશંકર વલભજીભાઈ
૧ ,, ચંદુલાલભાઈ ભગવાનલાલભાઈ
૧ શ્રીમતી દિવ્યપ્રભાબેન
૧ ,, અરુણાબેન
૧ ,, ગૌમતીબેન
૧ ,, રામકુંવરબેન
૧ શ્રી. અનુપચંદભાઈ દીપચંદભાઇ
૧ ,, લધુભાઈ વત્સરાજભાઈ

૧ શ્રી. દોલતરામભાઈ ગુલાબભાઈ
૧ ,, માંવજીભાઈ રાઘવજીભાઈ
૧ ,, પાનાચંદભાઈ વાઘજીભાઈ
૧ ,, લાલશંકરભાઈ અમૃતલાલભાઈ
૧ ,, વ્રજલાલભાઈ હરિલાલ ધોળકિયા
૧ ,, મોહનલાલભાઈ પ્રાણશંકર અંતાણી
૧ ,, કુંવરજીભાઈ હરિરામભાઈ વકીલ
૧ ,, એચ. એચ. ઠક્કરની કંપની
૧ ,, શિવજીભાઈ મૂળજીભાઈ
૧ ,, પાનાચંદભાઈ મૂળજીભાઈ
૧ ,, ભાઈલાલભાઈ
૧ ,, વૈદ્ય પ્રતાપભાઈ શર્મા
૧ ,, ઈબ્રાહીમભાઈ
૨ ,, ઈશ્વરલાલભાઈ રતનલાલ વકીલ
૧ ,, રતનશંકરભાઈ કલ્યાણશંકર પાઠક
૧ ,, હરિલાલભાઈ પ્રિતમલાલ વૈશ્નવ
૧ ,, કેશવલાવભાઈ રઘુનાથભાઈ
૧ ,, સૂર્યશંકરભાઈ રણછોડભાઈ
૧ ,, ડૉ. દુલેરાયભાઈ
૧ ,, લાભશંકરભાઈ પાઠક
૧ ,, શંભુલાલભાઈ જદુરામભાઈ
૧ ,, કાંતિલાલ વેદનાથ ભટ્ટ
૧ ,, રવિલાલ પુરુષોત્તમની કું.
૧ ,, આણંદલાલભાઈ
૦॥ ,, ફોજદાર સાહેબ શ્રી. દોલતરામભાઈ
૦॥ ,, જયસુખલાલભાઈ પાઠક
૦॥ ,, મહેન્દ્રરાયભાઈ
૦॥ ,, ભાઈલાલભાઈ ફોટોગ્રાફર
૦॥ ,, શામજીભાઈ લાલજી

માંડવી (કચ્છ)

૫ શ્રી. ગ્યાનગરજી નિર્મલગરજી
૫ શ્રી. શેઠ કલ્યાણજીભાઈ ધનજી
૫ ,, શેઠ દામોદર આણંદજી
૫ ,, શેઠ હરિરામભાઈ કરશનજીભાઈ
૫ ,, શેઠ રામજીભાઈ તેજપાળ
૫ ,, શેઠ ગોકુલદાશ ખીમજી
૫ ,, શેઠ પુરુષોત્તમ જેરામ
૫ ,, દોસી રૂપસીભાઈ લાલજી
૫ ,, ખીમજીભાઈ હરિરામ મટાણી
૩ ,, વકીલ ચુનીલાલભાઈ રાઘવજી
૩ ,, ડૉ. વૈકુંઠરાયભાઈ હરિલાલ
૩ ,, મણિલાલભાઈ દામજીભાઈ
૩ ,, શા વિક્રમશીભાઈ રાઘવજી
૩ ,, જશપાલભાઈ રામપાલભાઈ
૩ ,, શિવલાલભાઈ અમરજીભાઈ
૩ ,, પાનાચંદભાઈ દામજીભાઈ
૩ ,, ભગવાનજીભાઈ હીરાચંદભાઇ
૨ ,, શેઠ રણછોડદાસભાઈ ઓધવજી
૨ ,, વીરજીભાઈ કેશવજી
૨ ,, નારણજીભાઈ નેણસી
૨ ,, યુસમ અલારખ્યાભાઈ
૨ ,, કલ્યાણરાયભાઈ છાયા
૨ ,, ડૉ. કરશનદાસ દોશી
૨ ,, હરિદાસભાઈ લાલજીભાઈ
૨ શ્રીમતી પ્રેમાબાઈ ગજાનન નર્સ
૨ શ્રી. શેઠ ચત્રભૂજ મનકમી
૨ ,, અમૃતલાલભાઈ જદુરામ
૨ ,, ડૉ. શિવજીભાઈ જેઠાભાઈ
૨ ,, જેવતભાઈ વર્ધમાનભાઈ
૨ ,, તુલસીદાસ રામજીભાઈ ઠક્કર
૨ ,, જોશી લક્ષ્મીદાસભાઈ એન્ડ કું.
૨ ,, ડૉ. વસનજીભાઈ શિવજી શાહ

૨ શ્રી. સોની ડાહ્યાલાલભાઈ ભાણજી
૨ ,, ઠક્કર રતનશી દ્વારકાદાસ
૨ ,, ઠક્કર હરિદાસભાઈ મેઘજી
૨ ,, શેઠ શામજીભાઈ કાનજી
૧ ,, ડૉ. મનોહરભાઈ
૧ ,, ખોંભાત્રીદાદા મૂલોદ્દીનો
૧ ,, મેતા રવિલાલભાઈ ભગવાનજી
૧ ,, ઠક્કર શંકરલાલભાઈ વેલજી
૧ ,, ઠક્કર વલ્લભજી હીરજીભાઈ
૧ ,, હાથીભાઈ વનેચંદ દલાલ
૧ ,, નાનજીભાઈ નથુભાઈ
૧ ,, મૂળજીભાઈ ખેંગારભાઈ
૧ ,, મૂળજીભાઈ ચીના કંપની
૧ ,, રાનજીભાઈ કરશનજીભાઈ
૧ ,, વાઘજીભાઈ દેવરાજ

મૂન્દ્રા (કચ્છ)

૫ શેઠ શ્રી મલુભા.
૫ શ્રી. ગોપાલજીભાઈ વર્ધમાન
૫ ,, દેવશીભાઈ ધનજીભાઇ
૫ ,, ધ્યજીભાઈ શિવજીભાઈ
૫ ,, દામોદરભાઈ મૂળજીભાઈ
૫ ,, હાઈસ્કૂલના સ્ટાફ તરફથી
૫ ,, શેઠશ્રી મુરારજી દાંતુભાઈ
૪ ,, વકીલ રેવાશંકરભાઈ હરિશંકર
૪ ,, મેતાશ્રી રતનશીભાઈ લવજી
૪ ,, જે. એમ. વોરા
૪ મે. વહીવટદાર સાહેબ
૨ શ્રી. નારાયણદાસભાઈ નેગાંધી
૨ ,, રણછોડદાસભાઈ ભાણજી
૨ ,, ધેલાભાઈ નંદજીભાઈ અજરિયા
૨ ,, જેઠાભાઈ નાનચંદ પારેખ
૨ શ્રી. શેઠ નાગજીભાઈ હુંગરશી
૨ ,, ડૉ. ચત્રભુજ ફેરવાણી
૨ ,, પ્રાણશંકર ભવાનીશંકર
૨ ,, રાયચંદભાઈ મોતીચંદભાઈ
૨ એક ગ્રહસ્થ (હસ્તે શ્રી. કરશનજીભાઈ)
૨ શ્રી. વીરજીભાઈ મૂળજીભાઈ
૨ ,, ડૉ. નરોત્તમલાલ નરભેરામ
૨ ,, ડૉ. વાઘજીભાઈ સોલંકી
૨ ,, ડૉ. લધુભાઈ
૨ ,, ડૉ. રાયશીભાઈ
૨ ,, નારાયણજીભાઈ મેઘજી
૨ ,, દોલતરામભાઈ
૨ ,, મેઘજીભાઈ
૨ ,, પ્રેમજીભાઈ
૨ ,, કરશનજીભાઈ
૨ ,, રામજીભાઈ માવજી
૨ ,, લક્ષ્મીશંકરભાઈ વિશ્વનાથ
૨ ,, જેઠાભાઈ ચાંપશીભાઈ
૧ ,, પ્રભુલાલભાઈ કાનજી
૧ ,, મણિલાલભાઈ વસનજી
૨ ,, મોહનલાલભાઈ
૨ ,, શામજીભાઈ જીવણદાસ
૧ ,, ગુલામહુસેન કરમાલી પટેલ
૧ શ્રીમતી સકીનાબાઈ કરમાલી પટેલ
૧ શ્રી. મેઘજીભાઈ મૂળચંદ
૧ ,, પ્રભુલાલભાઈ

ભુજપુર (કચ્છ)

૧૦ શ્રી. ટોકરશીભાઇ મૂળજી
૧૦ ,, પૂંજાભાઈ ઠાકરશી
૧૦ ,, ગણપતભાઈ નથુભાઈ
૧૦ ,, ખેમરાજભાઈ પેથાભાઈ

૧૦ શ્રી. પ્રેમજીભાઈ ઉમરશી
૧૦ „ પૂંજાભાઈ શ્રવણુભાઇ
૫ „ વેલજીભાઈ મેઘજીભાઈ
૫ „ ભાણજીભાઈ દેવજી
૧૦ „ ભુવાનજીભાઈ ઉમરજીભાઈ
૫ „ રેવાશંકરભાઈ
૫ „ ક્ષમાનંદજી મહારાજજી
૫ શ્રીમતી લક્ષ્મીબેન (તે સ્વ૦ શ્રી. નાથાભાઈ ખેમરાજનાં વિધવા)
૨૧ શ્રી. મોમાયાભાઈ લખમશીભાઈ
૨૧ „ નાયાભાંઈ લખમશીભાઈ
૨૧ „ ડૉ. રતનજી આર. રાસ્તે
૨ „ ખેમરાજભાઈ હરદુર
૨ „ મૂળજીભાઈ હીરાભાઈ
૨ „ શિવજીભાઈ જેઠાભાઈ
૨ „ ખેંગારભાઈ ડોશાભાઈ
૨ „ વૈદ કાળીદાસ કેશવજી
૨ „ હીરજી શિવજી
૨ „ પૂંજાભાઈ લીલાધર
૨ „ ઉમરશીભાઈ લધુભાઈ

મોટી ખાખર (કચ્છ)

૨૧ શ્રી. શામજીભાઈ નેણશી
૨ „ કુમારપાળભાઈ ખેરાજ
૧ „ વલભજીભાઈ ટોકરશી
૧ „ વ્રજપાળભાઈ ઉમરશી
૧ „ તેજસીભાઈ ઉમરશી
૧ „ દામજીભાઈ ગગુભાઈ

ખીદડા (કચ્છ)

૩ શ્રીમતી ઇંદિરાબેન હરીઆ

રાયણુ (કચ્છ)

૧ શ્રી. મેઘજીભાઈ વિજપાળ લાલા

કંડલા (કચ્છ)

૧ શ્રી. નંદલાલભાઈ, સ્ટેશન માસ્તર
કુલ રૂા. ૭૦૧૧

આંગણેળમાં શ્રી. વીરસુત મહેતા હસ્તક ભરાયેલી રકમોઃ—

૫૧ શ્રી શેઠ પ્રેમજી નેમચંદ
૨૫ શ્રીમતી બહેન હીરાકુંવર કરશનદાસ અંદરજી
૨૧ શ્રી. માણેકચંદ નેમચંદ
૧૫ „ છોટાલાલ પ્રેમજીની કુાં
૧૦ „ મોરારજી મૂળજી
૧૦ „ નાગરદાસ મોતીચંદ
૧૦ „ મણિલાલ અંદરજી
૫ દીવાન સાહેબ કાંતિલાલ મૂળચંદ વસાવડા
૫ શ્રી. લીલાધર પ્રેમજી લોઢવિયા
૫ „ નરસિંહદાસ કાળીદાસ
૫ „ છોટાલાલ અંદરજી
૫ „ ગિરધરદાસ જેઠા
૫ „ જૂઠાભાઈ પાનાચંદ
૫ „ મદનજી કચરાભાઈ
૫ „ લીલાધર કપુરચંદ
૫ „ ભગવાનદાસ ગણેશ
૨ „ શેઠ વિઠ્ઠલદાસ મોતીચંદ
૨ „ રામદાસ નાનજી
૨ „ ગલાલચંદ જેચંદ
૨ „ ગુલાબચંદ લીલાધર દોઢી
૨ „ પ્રભુદાસ જેચંદ પારેખ
૨ „ નેમીદાસ વેલજી
૨ „ ઝવેરચંદ નાનજી
૨ „ વલ્લભજી ચત્રભૂજ
૨ „ ચત્રભૂજ જેચંદ
૨ „ પ્રાણલાલ કાળીદાસ

૨ શ્રી. પ્રાણજીવન વાલજી
૨ એક ગૃહસ્થ તરફથી
૨ શ્રી. નરોત્તમદાસ દામોદરદાસ
૨ ,, જમનાદાસ મોતીચંદ ભાઉ
૨ ,, દ્વારકાદાસ રવજી
૨ ,, કરસનદાસ હીરાચંદ પાંઢી
૧ ,, નિર્જસુખરાય માનશંકર વસાવડા
૧ ,, ધર્મસુખરાય જેશંકર
૧ ,, જગજીવન તલકચંદ દરબારી
૧ ,, ડૉ. અમૃતલાલ દાણી
૧ ,, રતિલાલ ત્રિભુવન
૧ ,, અમીલાલ દામોદર
૧ ,, હરિદાસ કપૂરચંદ ધાણાંવાળા
૧ ,, મણિલાલ નાગજી
૧ ,, પાનાચંદ ધનજી
૧ ,, તંબોળી રામજી રણછોડ
૧ ,, શેઠ પ્રાગજી ધાંરશી
૧ ,, કાનજી કચરા
૧ ,, છબિલદાસ મોનજી
૧ ,, બાપુભાઈ નરભેશંકર છાયા
૧ ,, મંગળજી હરજીવન ચીતળિયા
૧ ,, પુરુષોત્તમરાય અનંતરાય
૧ ,, જાદવજી વીરજી દેશાઈ
૧ ,, ભગવાનજીભાઈ:તાલુકા સ્કૂલ હેડમાસ્તર

જામનગરનો ફાળો

૫૧ શ્રી જામ સિલ્વર જ્યુબિલી બાલમંદિર
હા. રા. રા. મા. મે. રાજ્યકુમારશ્રી
પ્રતાપસિંહજીભાઈ સાહેબ
૨૫ શ્રી. ગિરધરલાલભાઈ રાયસાહેબ;
મેનેજર, જે. એન્ડ ડી. રેલ્વે
૨૫ મે. ડૉ. પી. એમ. મહેતા
૨૫ શ્રી. રાજ્યકુમારશ્રી ઇંદ્રવિજયસિંહજી
ભાઈસાહેબ
૧૧ ,, જુગતરામ દયાશંકર વકીલ
૧૦ ,, ભગવાનજી ત્રીકમજી પુનાતર
૧૦ ,, ગુલાબસિંહ માવલસિંહ બારહટ્ટ
૧૦ ,, મણિશંકર માવજીભાઈ રાવળ
૫ ,, પોપટલાલભાઈ માજીસ્ટ્રેટ સાહેબ
૫ મે. કુરેશી સાહેબ
૫ ,, ડૉ. રિંડાણી સાહેબ
૫ ,, દ્વારકાદાસ લાલજી સરૈયા
૫ ,, ભાનુપ્રસાદ લ. દેસાઈ સાહેબ
૫ ,, ડૉ. મણિશંકરભાઈ સાહેબ
૫ ,, દયારામભાઈ જેસંગભાઈ
૫ ,, મગનલાલ રૂપશીભાઈ
૫ શ્રીમતી મંજુલાબેન ગુલાબરાય
૫ શ્રી. ઓત્તમચંદ મોતીચંદ દડિયા
૫ ,, ઘેલાભાઈ (આંબલીવાળી હોટેલ)
૫ ,, કાનજી ખેતસી વશી
૫ ,, જમનાદાસ કુરજીભાઈ વકીલ
૫ ,, પચાણભાઈ સાહેબ (જામનગર સ્ટુડિયો)
૫ ,, રેવાશંકર લક્ષ્મીશંકર વકીલ
૩ ,, મૂળજી રામજી ચૌહાણ
૩ ,, જયંતીલાલ મણિશંકર
૩ શ્રીમતી ગુલાબબહેન કોઠારી
૩ શ્રી. ઇમ્પીરિયલ ટ્રેડિંગ કું.
૩ ,, શાંતિલાલ વનમાળી શેઠ
૨ ,, રામજી લક્ષ્મણ કડિયા
૨ ,, ડૉ. ઝાલા સાહેબ
૨ ,, ડૉ. ત્રિભોવનદાસ પરમાર
૨ ,, અનસુખલાલ હરખલાલ
૨ ,, પ્રભુલાલ પીતાંબર વકીલ
૨ ,, ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

૨ શ્રી. જેરામ ગુલાબ
૨ ,, મનઃસુખલાલ શામજી
૨ ,, ગુલાબ જગજીવન
૨ ડૉ. અમૃતલાલ જી. ઠાકર
૨ શ્રી. વીરજી તારાચંદ વકીલ
૨ ,, હેમતલાલ નરભેરામ મણિયાર
૨ ,, મોહનલાલ પ્રા. દોશી
૨ ,, વકીલ મગનલાલ ભગવાનજી જોશી
૨ ,, ભગવાનજીભાઈ શાહ
૨ ,, શામજી સવજી મોદી
૨ ,, માનસિંહજીભાઈ સાહેબ ડે. પો. સુ.
૨ ,, બલવંતરાય જોષી
૨ શ્રીમતી રંજનબેન રતિલાલ પટેલ
૧ શ્રી. જીવનલાલ સોમચંદ
૧ ,, બાબુભાઈ રવિશંકર
૧ ,, મે. માંડકે સાહેબ
૧ ,, હરિપ્રસાદ કલ્યાણજી
૧ ,, વાસુદેવ માનશંકર
૧ ,, બાબુલાલ નારાયણજી
૧ ,, દાદાભાઈ સૂનાવાલા
૧ ,, અનંતરાય દયારામ
૧ ,, પોપટલાલ ઝીણાભાઈ પટેલ
૧ ,, દેવચંદ મલૂકચંદ શાહ
૧ ,, કાંતિલાલ મહાશંકર
૧ ,, જૂઠાલાલ નારાયણજી
૧ ,, પ્રકાશ સ્ટોર્સ
૧ ,, હરિલાલ છગનલાલ મહેતા
૧ ,, ભગવાનજી ચુનીલાલ મહેતા
૧ ,, પોરેચા બધર્સ
૧ ,, રણછોડભાઈ ભાનુશાળી
૧ ,, પ્રાગજીભાઈ કનખરા

૧ શ્રી. ઠાકરશી લાલચંદ
૧ ,, કેશુભાઇ લઘુભાઈ આર્ય
૧ ,, જગજીવન માધવજી
૧ શ્રીમતી હેમલતા ચમનલાલ
૦।। શ્રી. દયાશંકર રેવાશંકર

ભાવનગર ખાતે ભરાયેલી રકમો

૨ શ્રી. મણિલાલ ઘેલાભાઈ ભાવનગર
૧ ,, હરિલાલ જીવરાજ ભાયાણી ભાવનગર
૩ ,, શાંતિલાલ ચુનીલાલ મહેતા ભાવનગર
૩ ,, તનસુખલાલ ચુનીલાલ મહેતા ભાવનગર
૫ ,, જગજીવનદાસ શિવલાલ ભાવનગર
૧૦ ,, મનુભાઈ હરિલાલ ભાવનગર
૫ ડૉ. અંબાશંકર ભટ્ટ રાજુલા
૨ શ્રી. હીરાલાલ જગજીવન વ્યાસ ખંભાત
૧૦ એક ગૃહસ્થ ભાવનગર
૨ શ્રી. ગુણવંતરાય ગિરજાશંકર ભાવનગર
૨ ,, નગીનદાસ કુંવરજી કાપડિયા ભાવનગર
૨ ,, છોટાલાલ કાનજીભાઈ ભાવનગર
૧ ,, મણિલાલ ખુશાલદાસ પારી પાલણપુર
૫ ,, ચુનીલાલ બી. મહેતા ભાવનગર
૫ ,, રેવાશંકર સુખલાલ ઝવેરી ભાવનગર
૫ શ્રીમતી સરસ્વતીબાઈ ડોઈફોડે ધુંદાર
૫ ,, તુલસાબાઈ નેહે ધુંદાર
૧૦ શ્રી. ગુલાબરાય ગોવિંદરામ દેશાઈ ભાવનગર
૧૦ ,, હીમચંદ કપુરચંદ શાહ મદ્રાસ
૩ શ્રીમતી શકુંતલા ભાર્ગવ મથુરા
૫ શ્રી. ઈબ્રાહીમ મહમદભાઈ અમીન અમદાવાદ
૧૫ ,, જસવંતરાય જેશંકર હાથી જોધપુર
૩ ,, ભીખાભાઈ ગોપાળજી પરીખ ભાવનગર
૫ ,, કેશવપ્રસાદ શાહ ભાવનગર

શ્રીસરસ્વતી છાપખાનું : ભાવનગર

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૩

અંક ૮ મો
આશ્વિન

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બહિર્ જગતનું અવલોકન મનુષ્યને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપવા માટે છે. એજ વૈજ્ઞાનિક દૃષ્ટિ આંતર જીવન વિલોકવાનું સાધન થઈ જાય ત્યારે મનુષ્યનું અવલોકન સફળ અને ધન્ય થાય છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] આશ્વિન ૧૯૯૩ [અંક ૮

મ ન નો

ભલેને માબાપો ગમે તેટલા પૈસા એકઠા કરે અને તેના વડે તેમનાં બાળકોને ઘરેણાં લૂગડાંથી લાદે, પણ જ્યાં સુધી તેઓ બાળકોને સમજવાને યત્ન કરશે નહિ ત્યાં સુધી તેમનું નાણું નકામું જશે.

: ૨ :

બાળકોને હમેશાં એ શીખવા દો કે જ્યારે જ્યારે તે ભૂલ કરે ત્યારે ત્યારે તુરત જ તે તેનો સ્વીકાર કરે અને ક્ષમા માગે.

: ૩ :

નિર્ભયતાના વાતાવરણમાં જ બાળક ભૂલનો સ્વીકાર કરી શકે છે. ભય ભૂલ ઢાંકવાનું અને જૂઠું બોલવાનું મૂળ છે. માબાપો કદી ભયરૂપ ન બને.

: ૪ :

ક્ષમા આપનાર માતા કે પિતા ક્ષમા આપ્યા પછી વિચાર સરખો પણ ન કરે કે તેણે બાળકને ક્ષમા આપી છે. જેને વારંવાર સાંભરે કે મેં ક્ષમા આપી છે, તેણે ખરી રીતે ક્ષમા આપી જ નથી. જેને બાળકનો માફ કરેલો અવગુણ વારંવાર યાદ આવે તેણે બાળકને ક્ષમા આપી જ નથી. જેને વારંવાર બાળકે આપેલું કષ્ટ યાદ આવે તેણે પણ ક્ષમા આપી નથી. ક્ષમા માગનારને ક્ષમા મળતાં અને ક્ષમા આપનારને ક્ષમા આપતાં એક પ્રકારનો આનંદ અને હળવાપણું ભાસે છે. જાણે કે પાકેલાં ગુમડાં ફુટી ગયાં અને હાશ થયું એવો જેને અનુભવ થાય તેમણે ક્ષમા આપી છે અને તેમને ક્ષમા મળી છે એમ અનુભવથી સમજવું.

: ૫ :

જ્યારે માબાપો બાળકો ઉપર ઉપકાર કરે છે એમ વિચારે છે ત્યારે તેઓ પોતાના ઉપકારની કિંમત ઘટાડે છે.

: ૬ :

જ્યારે માબાપો ઉપકારનો બદલો માગે છે ત્યારે તેઓ માબાપ તરીકેના સહજ ધર્મથી ભ્રષ્ટ થાય છે.

: ૭ :

બધા પ્રેમધર્મો બદલાની આશા વિના અને બદલાની કલ્પના વિના જ સુરક્ષિત છે.

: ૮ :

બદલાની વૃત્તિ ધર્મ માત્રમાં અધર્મનો પગપેસારો છે.

અ • નુ • ક્ર • મ

૧૨૦ મનનો . . . .
૧૨૧ કંઈક તો કરશો ના ? . ગિ.
૧૨૨ બાલસંઘ . . . .
૧૨૪ બાલમંદિરના આચાર્યને . ગિ.
૧૨૬ નૂતન ગણિતશિક્ષણ . શં.
૧૨૯ બાળકો અને શીતળા વ. વૈ.
૧૩૨ શિક્ષણ સમાચાર . . ...
૧૩૩ ચોથું અખિલ હિંદ બાલસંમેલન . . . ...
૧૩૩ શિક્ષણ પત્રિકાના વર્ષ ૧૧ માની જમાખર્ચની તારીજ અને સરવૈયું . . . કાર્યા૦

કાંઈક તો કરશો ના ?

બાળકો થયાં એટલે બસ પત્યું એમ નથી. તેમને કપડાં ઘરેણાં અપાવ્યાં એટલે પણ પતતું નથી. તેમને નિશાળે મોકલ્યાં કે તેમને માટે માસ્તર રાખ્યા તેથી પણ પતતું નથી.

બાળકો કપડાંલત્તાં ને ઘરેણાં પહેરી રાજી થાય છે પણ તેથી તેમને સંતોષ થતો નથી. બાળકો રમકડાં લઈ ને થોડી વાર રાજી થાય છે પણ તેથી તેમને સંતોષ થતો નથી. બાળકો નિશાળે જઈ ને માસ્તર ભણાવે છે તેમ ભણે છે પણ તેથી તેમને સંતોષ થતો નથી. માસ્તરો રાખવાથી અને તેમની પાસે ભણવા બેસાડવાંથી તો બાળકોને સંતોષ થાય જ શાનો ?

ત્યારે મોંઘામૂલાં બાળકોને શાથી સંતોષ થાય ? જો તેમને સાચે જ તેમનાં હિતેચ્છુ મા બાપોએ સંતોષ આપવો હોય તો તેમણે બાળકોને રમતગમતનાં સાધનો પૂરાં પાડવાં જોઈએ. રમવું એટલે રઝળવું નહિ; રમવું એટલે આથડવું એમ પણ નહિ; રમવું એટલે પાને કે ચોપાટે રમવું એમ પણ નહિ. પણ રમવું એટલે શરીર અને મનને કસરત મળે તેમ ખેલવું.

નાનાં બાળકો નવરાં રહી શકતાં નથી. તેઓ કંઈ ને કંઈ કરવા તો માગે જ છે. તેમને કંઈ પણ કરવાનું નથી મળતું તેથી જ તેઓ આપણે જેને તોફાન કહીએ છીએ એવું કરે છે. આ તોફાન તે તોફાન નથી પણ 'કંઈક અમને કામ કરવા માટે આપો.'ની ફરિયાદ છે. આ તોફાન તે તોફાન નથી, પણ આપણે તેમને કંઈ કરવા આપતાં નથી ને બેસારી રાખીએ છીએ તેની સામેનું બંડ છે. નિશાળમાં માસ્તરો ભણાવ્યા કરે છે અને નિશાળિયાઓ ન ભણે તો તેમને મારે છે, તે એટલા માટે કે નિશાળમાં છોકરાઓ તોફાન ન કરે. પૂરાયેલા વાઘ અને સિંહની જેમ જ્યારે નિશાળમાંથી બાળકો છૂટે છે ત્યારે રસ્તા ઉપર અને ઘેર તેઓ બમણું તોફાન કરે છે.

આનો ઉપાય બાળકોને કામ આપવામાં છે. ઘણી જાતનાં કામો આપી શકાય છે; પણ એક કામ તો બધાં બાળકોને તુરત જ આપી દેવું જોઈએ, અને એ કામ તે બાળકોને છૂટથી રમવા દેવાનું.

બાળકોને હીંચકવું, લપસવું, આળોટવું, ટીંગાવું, ચડવું ઊતરવું, રેતીમાં કૂબા કરવા, ચક્કર લેવાં વગેરે બહુ ગમે છે. આ ગમતું તેઓ કરી શકે તે માટે તેમને માટે હીંચકા, લપસણાં, વગેરે વગેરે આપણે કરાવવાં જોઈએ.

દરેક ઘરમાં આ બધું કયાં રાખવું ? દરેક ફળિયામાં પણ બધું ગોઠવી ન શકાય. દરેક માણસ ખર્ચ કરી આવાં રમતગમતનાં સાધનો પોતાનાં ઘરમાં કે ફળીમાં વસાવી ન શકે; મોટું ચોગાન હોય તો તેમાં જ ગોઠવી શકાય.

પણ દરેક લત્તાનાં માણસો ભેળાં થઈને પોતાનાં બાળકોને રમવા માટે ક્રીડાંગણનાં સાધનો ખરીદવા માટે પૈસા ઉઘરાવી શકે છે, અને એ પૈસામાંથી હીંચકા વગેરે સાધનો એકાદ સારી, ખુલ્લી, પૂરતાં હવાપ્રકાશવાળી જગામાં ગોઠવી શકે છે. દરેક ગામે કૂવો, મંદિર, ધર્મશાળા અને મસ્જિદ હોય છે. એ માણસોના

સુખને માટે છે. તો બાળકોનાં અને આપણાં સુખ માટે આટલાં સાધનોવાળું ક્રીડાંગણ પણ શાં માટે ન હોય?

કોઈ દેવનાં દીધેલ બાળકો હોય, ગામ આખું થોડુંક ધન કાઢી શકે એમ હોય, તો પછી ગામને પાદર ક્રીડાંગણ ન હોય તો ગામ કેમ શોભે? ગામનાં બાળકો કેમ રમે? ગામનાં માબાપે બાળકો માટે શું કર્યું કહેવાય?

નિશાળમાં તો જે ભણાવાતું હોય તે ખરું. પણ એ વાત તો ખરી કે ત્યાં છ આઠ કલાક બેસી જ રહેવું પડે છે. ત્યાં પૂરતાં હવા ઉજવાળું નથી મળતાં. ત્યાં હરવા ફરવાની કે નાચવા કૂદવાની જગા નથી. ત્યાં માસ્તરની બીક છે. ત્યાં રમી શકાતું નથી; ત્યાં ભાઈબંધી કરી શકાતી નથી; ત્યાં શરીર અને મનને આરામ અને આનંદ આપી શકાતો નથી. ઊલટું જેમ લાંબો વખત ગાડામાં બેસી અકડાઈ જઈએ છીએ તેમ નિશાળમાં બેસી બાળકો શરીર અને મનથી અકડાઈ જાય છે, અને માસ્તરની બીકથી ડઘાઈ જાય છે. ગાડામાંથી ઊતરીને પગ છૂટા કરવાની જેમ જરૂર છે, તેમ નિશાળમાંથી છૂટીને રમવા ખેલવાની એટલે કે શરીર અને મનને છૂટાં કરવાની જરૂર છે. આ જરૂર ક્રીડાંગણ કાઢીએ તો જ પૂરી પડે.

ગામને પાદર અવેડો હોય, ચબૂતરો હોય, ધર્મશાળા કે વાવ હોય, મંદિર કે મસ્જિદ હોય તેનાથી ક્રીડાંગણ એ વધારે ઉપકારક અને કિંમતી સ્થળ છે. ત્યાં બાળકોનાં શરીરો મજબૂત થશે. ત્યાં બાળકોની શરીરની શક્તિઓ વિકાસ પામશે. ત્યાં બાળકોનાં મન પ્રફુલ્લ થશે. ત્યાં બાળકોનો આત્મા પ્રસન્ન થશે.

જે સ્થળે નિર્દોષ બાળકો હસતાં હસતાં ખેલતાં હોય તે સ્થળ કેટલું સુંદર સ્થળ છે! કેટલું દર્શન કરવા યોગ્ય છે!

જેમની પાસે બાળકો અને પૈસા હોય તેઓ ક્રીડાંગણ વિના પોતાનું ફળિયું, પોતાના ગામનો લત્તો અને પોતાના ગામનું પાદર કેમ જ રહેવા દે?

બાળકો માબાપનો સાચો પ્રેમ માગે છે; અને માબાપો પોતાનો સાચો પ્રેમ બાળકો માટે આવાં ક્રીડાંગણો બાંધી બતાવી આપે.

ધનવાનો પોતાનું ધન બાળકો માટે આવાં ક્રીડાંગણો બાંધી સાર્થક કરી શકે છે.

માબાપો પોતાનાં બાળકોને ક્રીડાંગણોમાં મોકલી પોતાના જીવને આનંદ અને સંતોષ આપી શકે છે.

ગિ.

બાલસંઘ

નામ—આ સંઘનું નામ શ્રી.....* બાલસંઘ રહેશે.

ઉદ્દેશ - આ સંઘનો ઉદ્દેશ બાળકોને આનંદ સાથે જ્ઞાન આપવાનો રહેશે.

પ્રવૃત્તિ—ઉપરનો ઉદ્દેશ પાર પાડવા માટે સંઘના મંત્રી દર અઠવાડિએ સંઘનો સભ્યોને એકઠા કરી તેમને આનંદ અને જ્ઞાન મળે તેવી પ્રવૃત્તિઓ યોજશે. સંગીત, પ્રવાસ, પક્ષી તથા વનસ્પતિનો અભ્યાસ, રમતો, અંતાક્ષરીઓ, નાટકો, વિજ્ઞાનના પ્રયોગો, અંગસ્વચ્છતા, સભ્યતા, વિનય વિવેક વધારવાના અને

* આ જગ્યાએ ગામનું નામ મૂકવું.

ઊણપો તથા બદીઓ છોડાવવાનો યત્નો.

સભા—દર રવિવારે અને કોઇ વાર જાહેર ઉત્સવોને દિવસે વખતો વખત નક્કી થાય તે સમયે બાળકો એકઠાં થશે.

સ્થળ—સામાન્યતઃ આ સંઘનું કાર્યાલય શ્રી.....રહેશે.

સભાસદની યોગ્યતા—ત્રણથી માંડી સોળ વર્ષનો છોકરો કે છોકરી જે ફી તથા શિસ્તના નિયમો સ્વીકારશે તેને સભાસદ તરીકે દાખલ કરવામાં આવશે.

મુરબ્બીઓ—માતા મુરબ્બીઓ, જે બહેનો બે પૈસા દરમાસે આપશે તેઓ આ સંઘના માતા મુરબ્બીઓ ગણાશે.

પિતા મુરબ્બીઓ, જે ભાઈઓ બે પૈસા દરમાસે આપશે તેઓ આ સંઘના પિતા મુરબ્બીઓ ગણાશે. સ્થાનિક સિવાયના બહારના ભાઈબહેનો પણ મુરબ્બી વર્ગમાં જોડાઈ શકશે.

વડો પ્રમુખ—માતાપિતામાંથી ચૂંટાયેલ મુરબ્બીઓ તથા બાળકોનો એટલે આખા સંઘનો પ્રમુખ.

સંઘ પ્રમુખ—બાળકમાંથી જ કોઈ નીમાશે.

ઉપપ્રમુખ—બાળકમાંથી જ કોઈ નીમાશે.

કોષાધ્યક્ષ—બાળકમાંથી જ કોઈ નીમાશે. અથવા વડા પ્રમુખ જેને નીમે તે.

મંત્રીઓ—જે ભાઈ કે બહેન દર અઠવાડિયે બાળકોને પ્રવૃત્તિઓ આપવાનું માથે લે તે

ફી—દરેક સભાસદે દરમાસે એક પૈસો ફી તરીકે આપવો પડશે.

સભાસદોનું કર્તવ્ય—દર વખતે વખત પ્રમાણે હાજર રહેવું, નિયમિત ફી ભરવી અને નિયમોને માન આપવું.

સંઘ પ્રમુખનું કર્તવ્ય—સંઘનું કામ કાજ મંત્રી સાથે વિચારવું અને બહાર પાડવું.

ઉપપ્રમુખનું કર્તવ્ય—પ્રમુખને તેના કામમાં મદદ કરવી.

કોષાધ્યક્ષનું કર્તવ્ય—તમામ નાણાં એકઠા કરવા તથા નક્કી કરવામાં આવે તે મુરબ્બીને ત્યાં જમા રાખવા અને આવક જાવકનો હિસાબ રાખવો.

મંત્રીઓનું કર્તવ્ય—સંઘ માટેના તમામ કાર્યક્રમો પ્રમુખ સાથે બેસી યોજવા અને તેનો અમલ કરવો. મુરબ્બીઓની અવારનવાર સભા ભરવી. તેમના લવાજમ ઉઘરાવવા, કામનો અહેવાલ સભા પાસે મુકવો, અને વડા પ્રમુખના મંત્રી તરીકે મુરબ્બીઓની બાબતમાં તે જે સૂચવે તે કામો કરવા.

વડા પ્રમુખનું કર્તવ્ય—મુરબ્બીઓને પ્રેરણા આપવી. મંત્રીનો રિપોર્ટ મંજુર કરવો મંત્રીને કાર્યક્રમો બાબત સૂચનાઓ કરવી. કોઈ કોઈવાર મંત્રીની વિનંતિથી સંઘની પ્રવૃત્તિ જોતા રહેવી.

ચુંટણીના નિયમો—કાર્યવાહક મંડળ તથા તેના હોદ્દેદારોની ચુંટણી દરવર્ષે નવી થશે. આ કાર્યવાહક મંડળ મુરબ્બીઓમાંથી ચૂંટાશે કાર્યવાહક વર્ષનો પ્રમુખ તથા મંત્રી ચૂંટી લેશે

સભ્યો માટેના નિયમો—સભ્યોએ સ્વચ્છ રહેવું, બીડીઓ પીવાનું છોડી દેવાનો પ્રયત્ન કરવો.

ગાળો દેવી નહિ, ભૂંડા બોલવા નહિ, મારામારી કરવી નહિ.

એક બીજાને સભ્યતાથી બોલાવવા, પ્રમુખ

તથા ઉપપ્રમુખ તથા મંત્રીઓ તથા વડા પ્રમુખ તથા મુરબ્બીઓને માન આપવું.

તમામ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લેવો.

રમવું, કુદવું, મજા કરવી અને આનંદ કરવો.

જેઓ શોગીયા હશે, જેમને રમવું અને રમત સાથે જ્ઞાન લેવાની ઇચ્છા હશે નહિ તેને દાખલ કરવામાં આવશે નહિ.

જેઓ ફી નહિ આપે તેને ત્યારથી રદ કરવામાં આવશે.

નિયમ ન માનનારને રજા આપવામાં આવશે અને ફી પાછી મળશે નહિ.

નોંધઃ શાળા અને ઘરમાં ભણતા અને રહેતાં બાળકોને દર અઠવાડિયે એકાદ દિવસ ખુલ્લી કુદરતનો, રમત ગમતનો અને આનંદનો મળી જાય તો તેમને ભણતરનો તથા ઘરની સંકડાશનો થાક ઉતરી જાય.

આવા સંઘોદ્વારા બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપવાનો ઉદ્દેશ છે. ગામના બાળ શુભચિંતકો બાળકોને એકઠા કરી તેને નિયમો સંભળાવી આવો સંઘ સ્થાપી શકે છે. દરેકે દરેક ગામે આ પ્રવૃત્તિ શકય છે. શાળાનો શિક્ષક આ સંઘનો મંત્રી થાય તો તે ઉત્તમ વાત છે. આ મંત્રીએ દર અઠવાડિયે બાળકોને જાતજાતની પ્રવૃત્તિઓ આપવાની છે. બાળકોની ફી તથા મુરબ્બીઓની ફી એકઠી કરવાની છે. તેનો હિસાબ રાખવાનો છે અને વડા પ્રધાનને જવાબદાર રહેવાનું છે. જે નિયમો સભાસદને લાગુ પડે છે તે નિયમો મંત્રીને લાગુ પડશે. આ વિષેની વધારે માહિતી માટે લખોઃ—

તંત્રી : શિક્ષણ પત્રિકા કાર્યાલય
દ. મૂ. બાલમંદિરઃ ભાવનગર

બાલમંદિરના આચાર્યને

પ્રિય ભાઈ,

મારા આગલા પત્રો તમને ઉપયોગી લાગ્યા છે, એટલું જ નહિ પરંતુ તમે તેનો અમલ કરો છો એટલે મને થાય છે કે હું તમને વધારે ને વધારે લખું.

આપણાં બાલમંદિરો જેમ વધતાં જાય છે તેમ તેનું જોખમ પણ વધતું જાય છે. જે ઘડીએ લોકોમાં બાલમંદિર વિષે આદર થવો જોઈએ, તે જ ઘડીએ લોકો તેનાથી વિમુખ થઈ બેસે તો તેની સૌથી મોટી જવાબદારી કોની છે તે આપણે શોધવું રહ્યું.

જનસમુદાયની પ્રકૃતિ તો હંમેશ છે તેવી જ હતી અને રહેવાની. તેને જે ગમ્યું તે ગમ્યું અને ન ગમ્યું તે ન ગમ્યું. જનસમુદાય શા માટે ન ગમ્યું તેનાં કારણોમાં જઈ શકતો નથી; કેમકે સમુદાય એક વ્યક્તિ ન હોવાથી તેમ બની શકે નહિ; પણ સમુદાય તો પોતાની છાપ ઉપર ચાલે. આ છાપ તેમના ઉપર સુંદર પડે તો તે મદદ કરે છે અને સુંદર ન પડે તો મદદ નથી કરતો.

આપણે આપણી એટલે શિક્ષકોની બાજુથી જે વિચારવું ઘટે તે વિચારી લઈએ અને તે પ્રમાણે આચરીએ એટલે આપણું કર્તવ્ય આવી ગયું. પછી જનસમુદાય વિષે ચિંતા ન રાખીએ.

આપણું કર્તવ્ય બાલમંદિરો બરાબર ચલાવવામાં છે. એક વાર જો આપણે બાલમંદિરોના આદર્શથી ભ્રષ્ટ થયા તો આપણે ગબડવા લાગીશું અને જનસમુદાય તો આપણા ગબડવામાં મદદ જ માત્ર કરશે.

આજની ઘડીએ નીચેની બે બાબતો ઉપર

તમામ બાલમંદિરોએ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

૧ બાલમંદિરના તમામ શિક્ષકોએ પોતાનો અભ્યાસ ચાલુ જ રાખવો જોઈએ. એક વાર બાળકો વિષે જે જણાયું તેથી બસ નથી. અભ્યાસ અને અવલોકન દિન પ્રતિદિન વધવાં જ જોઈએ. અભ્યાસ માટે અદ્યતન ગ્રંથો અને અવલોકન માટે બાલમંદિરનાં બાળકો છે. બાલમંદિર ચલવનાર શિક્ષક બાલશિક્ષણમાં સંપૂર્ણ નથી. કોઇ સંપૂર્ણ હોઈ શકતું નથી. વળી બાલમંદિરોમાં આજકાલ વ્યવસ્થાનાં જે અંગો વધતાં જાય છે તે અંગો અભ્યાસ અને અવલોકનનો સમય ખાઈ જાય છે. ઉપરાંત બાલમંદિરનું કાર્ય એવું છે કે તેમાં માણસની શક્તિ ખૂબ વપરાય છે. આ ઉપરાંત જે શિક્ષકોને વ્યવહારની બાબતો પર ધ્યાન આપવું પડે છે તેઓની શક્તિ અને સમયનો વધારે વ્યય થાય છે. આ અટકાવવા માટે પ્રત્યેક બાલમંદિરના શિક્ષકે એ જોવું રહ્યું કે એક એક કામ સિદ્ધ થાય તેમ તેમ જ નવું કામ ઉપાડવું. બાલમંદિર કાંઈ દુકાન નથી કે જ્યાં માલ ગોઠવવાથી અર્થાત્ માત્ર જાતજાતની પ્રવૃત્તિઓ ચાલુ કરવાથી બાળકોનું કામ થઈ જશે. બાલમંદિર ક્રમશઃ વિકાસમાં મદદ આપનાર એક સાધન છે. બાળકો જેમ જેમ ક્રમમાં આગળ વધે તેમ તેમ તેની આગળ સાધનો આપવાં જોઈએ. બાલમંદિરમાં ઘણાં બધાં ખાતાં ખોલી મૂકવાં, ઘણી બધી પ્રવૃત્તિઓ ચલાવવી, ઘણી જાતના કાર્યક્રમો ગોઠવવા એ બધું સાચેસાચ પહોંચી શકાતું હોય અને સાચેસાચ બાળકોને ઉપકારક થતું હોય તો ભલે થાય, પણ અમુક પ્રવૃત્તિઓ તો કરવી જ જોઈએ એમ કરી આપણે કરવા માંડીએ તો તેનો પાર ન આવે. આ બાબતમાં ધોરણ એ રાખવું કે સાચેસાચ જે પ્રવૃત્તિઓ અતિ આવશ્યક છે તે પ્રથમ લેવી. તે ઊંડી જાય તે માટે ખાસ અખતરા કરવા. તે કરતેહમંદ થાય તે માટે ખૂબ શક્તિ અને સમયને રોકવા. એમ કર્યા પછી જે સમય અને શક્તિ રહે તો જ ગૌણ અને ઇતર પ્રવૃત્તિઓ લેવી. આમ કરવાથી શિક્ષકો થાકશે નહિ. પણ જે પ્રવૃત્તિઓની સંખ્યાથી પ્રગતિ માપવા જઈએ તો બધી જ પ્રવૃત્તિઓ ઉપરછલી થશે. તે કર્યાનો અલબત્ત સંતોષ થશે પણ તે કેટલી ઉપકારક થઈ ગઈ તે વિષે સંદેહ રહેશે. ઘણી વાર બહિર્ મુખ થતાં વિધવિધ પ્રવૃત્તિઓ યોજવાનું બને છે. તેમાં હોહા ધમાલ ઘણી હોય છે. કંઈક થાય છે તેમ દેખાય છે પણ મોટે ભાગે તો તેમાં આપણે મોટાઓ રોકાયેલા હોઈએ છે. આપણને મોટાને લાભ ગેરલાભ થાય છે, જ્યારે બાળકોનું તો તેમાં બહુ થોડું સ્થાન હોય છે. તેઓ તેનો આનંદ અલ્પ લે છે. આપણે એ બહુ કાળજીપૂર્વક અવલોકવું ઘટે છે કે આપણે જે પ્રવૃત્તિ યોજી તેમાં બાળકોએ કેટલો સમય અને કેટલા ઊંડાણથી તેનો લાભ લીધો. તેની છાપ બાળકોનાં જુદાં જુદાં કામોમાં કેવી અને કેટલી ઊઠી. એમાંનું કંઈ ન દેખાય તો ભલે બૌદ્ધિક રીતે આપણને પ્રવૃત્તિ ઉપયોગી લાગે તોપણ આપણે બાળકોને માટે તે ત્યારે જ યોજીએ કે જ્યારે બાળકોની બીજી વધારે કિંમતી અને ઊંડી જતી પ્રવૃત્તિઓ ખોટી થતી ન હોય. છતાં જ્યારે જ્યારે આપણે વિવિધ પ્રવૃત્તિઓ

ઉઠાવીએ ત્યારે ત્યારે તે બાળકોને લક્ષમાં રાખીને જ ઉઠાવીએ, નહિ કે તેમાં કામ કરનાર કે તે જોનાર મોટાઓને લક્ષમાં રાખીને ઉઠાવીએ.

બીજી વાત એ છે કે ઘણી વાર બાલમ દિરો પોતાની ઉપયોગિતા અજ્ઞાણ જનસમુદાયને બતાવવા માટે વિધવિધ પ્રવૃત્તિઓ યોજે છે. આવી યોજનાઓ સામે વાંધો નથી. આવી યોજનાઓ બાલશિક્ષણના પ્રચારનું કામ કરે છે. બાળકો કેવાં કેવાં સર્જનાત્મક કામો કરી શકે છે તેની બાતરી લોકોને કરી આપવાને આ બધું કામનું છે. પણ આ કરવામાં એક બે વસ્તુઓ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એક તો એ કે આપણે આપણાં પ્રદર્શનોને સાચાં જ સર્જનોથી શોભાવીએ અને જે સર્જનો મૂકીએ તેની વધારે કે ઓછી કિંમત આપણે પોતે ન જ મૂકીએ, પણ લોકોને તેની કિંમત કેમ આંકવી તેની દોરવણી આપીએ. આ હિસાબે આપણે નકશાઓ, આંકડાઓ, ગ્રાફો વગેરે આપીએ છીએ તે બહુ કામનું છે. લોકો ઉપર એવી ખોટી છાપ ન પડવી જોઈએ કે આ બધું ચમત્કારિક છે. જે છાપ આપણા પર પડેલી છે તે છાપ તેમના પર પડે તેની કાળજી તો બરાબર જ રાખવી.

વળી બાળકોની કૃતિઓ સંબંધે આપણે એવી રીતે કદી ન બોલીએ કે લખીએ કે બાળકો વચ્ચે કે તેમનાં બાબાપો વચ્ચે કલેશ અને સ્પર્ધા થાય. આપણો હેતુ લોકોને બાળકોની શક્તિઓનો માત્ર પરિચય કરાવવાનો છે, અને તે વડે લોકોમાં બાલશિક્ષણ વિષે અભિરુચિ જાગૃત કરવાનો છે. બાળકો તો પોતે સ્વયંસ્ફુર્તિથી જ બધું કામ કરે છે; તેમની વચ્ચે સ્પર્ધા નથી જ. પણ આપણાં પ્રદર્શનો તેમને તુલના અને સ્પર્ધામાં ન લઈ જાય તે બાસ જોવું; કેમકે તુલનાથી માણસની દર્શન-શક્તિ અને સમજણશક્તિ મર્યાદિત થઈ જાય છે.

આપણે જે પ્રદર્શનો લોકકેળવણી માટે કરીએ તે પણ તે હેતુ સચવાય તો જ કરીએ. આપણે વારંવાર જોતાં રહીએ કે લોકો પર તેની કેવી અસર છે. જો લોકો માત્ર એમ સમજે કે આ પણ ધાંધલ છે, તો તેથી બાલમંદિરોને ફાયદો નથી. તેના કરતાં તો લોકોને બીજી રીતે કેળવવા એ વધારે સારું છે.

અત્યારે તો આટલાથી બસ.

લિ. તમારો ગિજુભાઈ.

નૂતન ગણિતશિક્ષણ

[અનુસંધાન ગતાંક પાને ૧૦૮ થી]

હવે આવશે સંજ્ઞાજ્ઞાન. બાળકને એકથી દશ સુધીની સંખ્યા બરાબર ગણતાં આવડ્યા પછી આપણે એને સંજ્ઞાજ્ઞાન આપીએ છીએ સંજ્ઞાજ્ઞાન માટેનું સાધન રેતિયા અંકો છે. આની અંદર ૧ થી ૯ સુધીના અંકોનાં પૂંઠાં હોય છે. અને ૦ નું પૂંઠું પણ હોય છે. આ વખતે એક વસ્તુનું બાસ ધ્યાન રાખવાનું હોય છે. ઘણીયે વખત એવું બને છે કે બાળક ગણવાની અંદર ખૂબ જ પ્રગતિ કરતું હોય છે. હજી એ ઈંદ્રિય વિકાસના ઓરડામાંથી પસાર પણ થયું હોતું નથી; હજી એને પાંચ વર્ષ પણ પૂરાં થયાં હોતાં નથી, તે

પહેલાં તો એ દશ સુધીનું સંખ્યાજ્ઞાન બરાબર મેળવી લે છે. હવે કરવું શું ? એને કેવી રીતે આંગળ લેવું ? એની પાસે રેતિયા અંકોના પૂંઠાં ધરવામાં આવે તો એ તો બાળક લેતું નથી. હજી બાળક એ કક્ષાએ આવેલું નથી હોતું એટલે એ લે પણ કયાંથી ? એનો એ માટેની તીવ્ર સંવેદનાનો કાળ (Sensory period) આવ્યો નથી હોતો એટલે પછી એ રેતિયા અંકો તો લેવાનું નથી. છતાં એની ગણિતની ભૂખ તો ખૂબ જાગી છે. એ તો ગણિતમાં આગળને આગળ વધવા માગે છે. આવા બાળકને આપણે જરૂર આગળ ને આગળ લેવું જોઈએ. રેતિયા અંકોનું પગલું છોડી દઈને એને આગળનાં બીજાં પગલાં આપવાં જોઇએ, અને એને જેટલી પ્રગતિ સાધવી હોય તેટલી સાધવા દેવી જોઈએ. એને સંજ્ઞાજ્ઞાન નથી માટે રોકવું જોઈએ નહિ. અમારા બાલમંદિરમાં એક બાળકે સંજ્ઞાજ્ઞાન મેળવ્યું તે પહેલાં એ સંખ્યા લેખનની ઘોડી ઉપર અમજ સુધીના સરવાળા બાદબાકી કરી શકતું હતું; માત્ર અમારે એને દરેક દાખલો મોઢેથી આપવો પડતો હતો.

પરંતુ સાધારણ રીતે દશ સુધીનું સંખ્યાજ્ઞાન થયા પછી બાળકને સંજ્ઞાજ્ઞાન આપવામાં આવે છે. આની અંદર રેતિયા અક્ષરો શીખવવામાં જે રીત વપરાય છે તે જ વાપરવામાં આવે છે. સેગુઈનનાં ત્રણ પદ પ્રમાણે જ અંકોનું જ્ઞાન આપવામાં આવે છે; અંકો જોડી જોડીમાં આપવામાં આવે છે. ૧ અને ૨, ૨ અને ૩, એવી રીતે જોડી આપવામાં આવે છે: એક ઉપર આંગળી મૂકીને કહેવામાં આવે છે, એક, બે ઉપર આંગળી મૂકીને કહેવામાં આવે છે બે, આ પ્રમાણે બે ચાર વખત કરવા પછી બીજું પગલું આવે છે. એક બતાવો, બે બતાવો અને ત્યાર પછી આવે છે ત્રીજું પગલું: આ કેટલા, આ કેટલા, આ પ્રમાણે બધા અંકોની જોડી પૂરી થયા પછી સ્મૃતિ રમત રમવામાં આવે છે. બાળક બન્ને અંકો દૂર મૂકી આવે છે, અને પછી એને કહેવામાં આવે છે એક લાવો, બે લાવો. આ રીતે સંજ્ઞાજ્ઞાન થયા પછી આવે છે સંખ્યા અને સંજ્ઞાના જોડાણનું પગલું. આને માટે ખાસ સાધન છે. આ સાધનનું નામ મોઈની પેટી રાખવામાં આવેલું છે. આની અંદર મોઈઓ હોય છે. આ પેટીમાં દરેક ખાનાને મથાળે ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, એમ લખેલું હોય છે. બધી થઇને ૪૫ મોઈઓ હોય છે. ખાનાને મથાળે જે અંક લખેલો હોય તેટલી મોઈ દરેક ખાનામાં મૂકવામાં આવેલી હોય છે. રમતની શરુઆત કરતાં પહેલાં તો બધી મોઈઓ બહાર કાઢી નાખવાની હોય છે. પછી બાળકને ૧ નો અંક બતાવીને પૂછવાનું હોય છે. " આ કેટલા છે ?" બાળક કહેશે એક. એટલે મોઈના ઢગલામાંથી એક મોઈ લઈને ખાનામાં મૂકવી. પછી ૨ નું ખાનું બતાવી ઉપર પ્રમાણે જ પૂછવું અને પછી એની અંદર બે મોઈ મૂકવી. આ પ્રમાણે ૯ ના અંક સુધી રમત રમવી. હવે લેવું ૦ નું. બાળકને સંજ્ઞાજ્ઞાન આપતી વખતે આપણે શૂન્ય અથવા મીંડાની સંજ્ઞા તો આપેલી છે, હવે તો આપણે ૦ એટલે કઈ સંખ્યા, અને એ સંખ્યાની સાથે ૦ જોડવાનું કામ કરવાનું છે. બાળકને શૂન્યનું ખાનું બ-

તાવીને પૂછવું: "આ કેટલા છે. બાળક કહેશે શૂન્ય." પછી બાળકને કહેવું "શૂન્ય એટલે કંઈ નહિ; શૂન્ય એટલે કંઈ નહિ." બાળક પણ આપણી સાથે કહેશે શૂન્ય એટલે કંઈ નહિ. પછી બાળકને પૂછવું: "શૂન્ય એટલે કેટલા?" બાળક કહેશે "શૂન્ય એટલે કંઈ નહિ." એટલે આપણે કહેવું "તો પછી શૂન્યના ખાનામાં આપણે કેટલા મૂકીશું? શૂન્ય એટલે તો કંઈ નહિ. એટલે પછી શૂન્યના ખાનામાં કંઈ મૂકવાનું નહિ." "એટલે બાળક કહેશે શૂન્ય એટલે કંઈ નહિ. શૂન્યના ખાનામાં કંઈ મૂકવાનું નહિ." અને બાળક નજરે જોશે કે શૂન્યના ખાનામાં મૂકવા માટે મોઈ પણ નથી, બધી મોઈઓ તો વપરાઈ ગઈ છે. એક પણ મોઈ બાકી નથી. શૂન્યના ખાનામાં કંઈ મૂકવાનું જ નહિ. શૂન્ય એટલે કંઈ નહિ એ બાળક પ્રત્યક્ષ અનુભવશે.

આ પછી શૂન્યની જુદી જુદી રમતો પણ રમી શકાય. એક પેન્સીલ લાવો, શૂન્ય પેન્સીલ લાવો; એક ચોપડી લાવો, શૂન્ય ચોપડી લાવો; એક કૂદકો મારો, શૂન્ય કૂદકો મારો; પાંચ ફૂલ લાવો, શૂન્ય ફૂલ લાવો; આમ શૂન્ય એટલે કંઈ નહિ એ બાળકના ખ્યાલમાં આવશે. આવી જાતની શૂન્યની રમતો રમવી બાળકને બહુ ગમે છે. શૂન્ય એટલે કંઈ નહિ, કંઈ જ લાવવાનું નહિ, કંઈ જ કરવાનું નહિ એ આખો ખ્યાલ બાળક પાસે સ્પષ્ટ થાય છે ત્યારે એને ખૂબ આનંદ આવે છે. પછી તો બાળકો અંદર અંદર આવી રમતો રમે છે. એક વખત ઊભા થાઓ, શૂન્ય વખત ઊભા થાઓ અને જો કોઈ ભૂલ ભૂલમાં ઊભું થઇ ગયું તો બધા હસી પડે છે અને આનંદ કરે છે.

શૂન્યનો આ ખ્યાલ આપવો એ ખૂબ મહત્વનું છે. આગળ ઉપર જ્યારે બાળક સંખ્યા લેખનમાં આવશે ત્યારે આ વસ્તુ એની પાસે વધારે સ્પષ્ટતાથી આવશે. શૂન્યને પોતાને કંઈ કિંમત નથી. શૂન્ય એટલે તો કંઈ નહિ. તો પછી ૧૦ ની અંદર, ૧૦૦ ની અંદર શૂન્યની કિંમત છે ખરી? આપણે ત્યાં સામાન્ય પરિભાષામાં તો એમ બોલાય છે કે એકડાની પાછળ મીંડું મૂકીએ તો ૧૦ થાય, બે મીંડાં મૂકીએ તો ૧૦૦ થાય એ શું છે? સાચી વાત એમ છે કે એકડાની પાછળ મીંડું મૂકવાથી દશ થતા જ નથી; એકડાની પાછળ બે મીંડાં મૂકવાથી ૧૦૦ થતા નથી; મીંડાં પોતે એકડાને કંઈ કિંમત આપતાં નથી. એ તો એકડો જે સ્થાને આવેલો હોય તે સ્થાનને અંગે એની કિંમત વધે છે અથવા ઘટે છે; પછી એની પાછળ આપણે મીંડું મૂકીએ કે ન મૂકીએ, મીંડાંને બદલે ચોકડીઓ મૂકીએ અથવા બીજી કોઈ સંજ્ઞા મૂકીએ તેથી એકડાની કિંમતમાં ફેર પડતો નથી. એકડો જો બીજા સ્થાને આવેલો હોય તો એની કિંમત દશ થાય છે, ત્રીજે સ્થાને આવેલો હોય તો એની કિંમત સો થાય છે, એટલે કે એકડાની કિંમત વધવા ઘટવાનો આધાર તો સ્થાન ઉપર છે, નહિ કે મીંડાં ઉપર. મીંડાં તો આપણે એ સ્થાનમાં કોઈ પણ અંક નથી એ બતાવવા માટે મૂકીએ છીએ એટલે કે દશકના એકડા પાછળ મીંડું મૂકીએ છીએ એ એટલા માટે કે એકમના સ્થાનમાં કંઈ નથી. સોના એકડા પાછળ બે મીંડાં મૂકીએ છીએ કેમકે આપણે બતા-

વવું હોય છે કે દશકના અને એકમનાં સ્થાનમાં કંઈ નથી. અને મીંડાંને કંઈ કિંમત હોતી નથી એટલે જ આપણે એ મૂકી શકીએ છીએ. એકડાની પાછળ આપણે મીંડાંને બદલે ચોકડી મૂકીએ તોપણ ચાલી શકશે અને આપણે ગુણાકારની પ્રક્રિયા કરીએ છીએ ત્યારે મીંડાંને બદલે ચોકડી જ મૂકીએ છીએ. ગુણાકાર વખતે આપણી સામાન્ય પરિભાષામાં જેને આપણે આંકડી કાપવાનું કહીએ છીએ અને બે અથવા એથી વધારે રકમના ગુણાકારમાં બીજી રકમથી ગુણાકાર કરતી વખતે ચોકડી મૂકીએ છીએ તે મીંડાંને બદલે ચોકડી મૂકીએ છીએ. ચોકડીને બદલે મીંડું મૂકીએ તોપણ ચાલી શકે અને કંઈ પણ ન મૂકીએ તોપણ ચાલી શકે; કેમકે ચોકડી તો એટલા માટે મૂકીએ છીએ કે એકમના સ્થાનમાં કંઈ પણ નથી, એ બતાવવા માટે. એવી જ રીતે શૂન્યનું કામ પણ એ જ છે. શૂન્ય કોઈ પણ અંકની કિંમતમાં વધારો ઘટાડો કરતું નથી; વધારો ઘટાડો તો અંકની જગ્યા ફેર થાય છે તેને લીધે થાય છે. એટલે શૂન્યની જરૂર તો અમુક સ્થાનો ખાલી છે તે બતાવવા માટે હોય છે અને સંખ્યાલેખનની ઘોડી ઉપર બાળક એ પ્રત્યક્ષ અનુભવે છે. જે સ્થાનોમાં સંખ્યા નથી હોતી તે સ્થાનો ખાલી હોય છે. એના ઉપર મોતી હોતાં નથી એટલે બાળક એ સ્થાનોએ શૂન્ય મૂકે છે. આ રીતે શૂન્યના પાઠની ખરી ઉપયોગીતા બાળકને તે વખતે વધારે સમજાય છે. શૂન્યનો પાઠ આ રીતે ખૂબ જ મહત્ત્વનો છે અને બાળક પાસે એ સ્પષ્ટ રીતે ઘરવો જોઇએ.

હવે સંખ્યાજ્ઞાન અને સંજ્ઞાજ્ઞાનના જોડાણની બીજી પણ રમતો રમીને પુનરાવર્તન કરી શકાય છે. દાખલા તરીકે ૧ થી ૯ સુધીનાં પૂંઠાં લઈને એના ઉપર લાંબી સીડીના કટકા મૂકી શકાય. એવી રીતે મોતી, ધન, વગેરે લઈને પણ પૂંઠાં ઉપર મૂકી શકાય અને એ રીતે જુદી જુદી જાતની રમતો બાળકો રમે છે. (અપૂર્ણ) શં.

બાળકો અને શીતળા

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૧૭ થી]

૧૯૩૪ ની સાલમાં મારે ત્યાં ત્રણ બાળકોને એકાએક શીતળા નીકળી આવ્યાં. પ્રથમ તો મારા ચિ. રાધાકૃષ્ણને નીકળ્યાં. એ શીતળાના દાણા ખૂબ જ ભયંકર હતા અને ફોલ્લા વધીને એટલા મોટા થયેલા કે જેમાં પરિપાક થતાં એકબીજાની સાથે મળી ગયેલાં અને રસીને લઈને ખૂબ જ ગંધ મારતા હતાં. રાધુભાઈને શીતળાને અંગે તાવ આવ્યો ત્યારે અમે સમજી ન શકયા કે આ તાવ શીતળાને લઈને છે. તાવ ૧૦૪ થી ૪૫ રહેતો હતો. ત્રણેક દિવસ તો તાવ ઉતારવાની અનેક દવાઓ આપ્યા છતાં તાવ જરાપણ ખસ્યો નહિ, પછી મેં અહીંના સ્ટેટ ડૉકટરની સલાહ લીધી તેઓ પણ ચોક્કસ નિદાન ઉપર આવી શકયા નહિ અને ચોથે દિવસે શીતળાના દાણા દેખાવાથી અમે બધી તાવની દવાઓ બંધ કરી. શીતળાને અંગે મને કંઈ વહેમ તો હતો નહીં એટલે હું દવા કરવામાં માનતો હતો. તે દિવસે

હું શીતળા કઢાવવાના વિચારનો નહોતો. પૂજ્ય મહાત્માજીનું લખાણ મેં વાંચેલ અને તે નૈસર્ગિક ઉપચારો ઉપર હતું અને શીતળાની રસી મૂકવાથી થતા નુકસાનનું એમાં વર્ણન હતું એથી શીતળાના વાયરા ચાલુ છતાં અને મારા એક બાળકને નીકળ્યા છતાં હું રસી મૂકાવવાના મતનો તે દહાડે નહોતો. મારા મિત્રોએ મને રાધુભાઈ ને માટે હોમિયોપેથીની વેરિયોલીનમ નામની દવા આપવાની સલાહ આપી. અમે એ દવા શરૂ કરી પણ એથી ચાર પાંચ દિવસ ચાલુ રાખ્યા છતાં કંઈ ફાયદો દેખાયો નહિ. પછી આયુર્વેદિક ગ્રંથો તપાસી તે પ્રમાણે ઉપાયો ચાલુ કર્યા. જેઠીમધ મધમાં ચટાડવું શરૂ કરવાથી તાવ એકદમ હલકો પડ્યો અને ઝાડામાં બધો વિકાર નીકળવા લાગ્યો. જેઠીમધ રાધુભાઈ ને બહુ મોહું અપાયું એથી તેને તો જોઈએ તેવો ચમત્કારિક ફાયદો જોવામાં ન આવ્યો. અને ઔર મા વગેરે બીજી અનેક જાતની માંદગીના ચિન્હો મુજબ સાર વાર કરવી પડી અને એ દરદમાં મોતની સાથે બાઝતા બાઝતા રાધુભાઈ આખરે દોઢ મહિને સાજા થયા. પણ ચાલુ સામાજીક વહેમ મુજબ અમે તેના માતા નમાવ્યા નહોતાં કે શીતળાને પગે લગાડવાનું કે ટાઢું બાવાનું કે એવું કશું બીજું ધતીંગ કર્યું નહોતું.

રાધુભાઈ પછી જયાબહેનને તરત જ શીતળા નીકળ્યાં અને તેને જેઠીમધનો પ્રયોગ ચાલુ કર્યાથી બહુ રાહત મળી. તેના દાણા નજીવા હતા. તોપણ ૨૦–૨૫ દિવસે તે પથારીમાંથી ઊઠ્યાં.

તે પછી તરત જ સરસ્વતી બહેનને નીકળ્યાં અને તેને તો અગાઉથી જ જેઠીમધનું ચાલુ સેવન રાખેલું હોવાથી દાણા ખૂબ જ ઓછા નીકળ્યા અને તાવ તો હતો જ નહિ. માત્ર વધીને ૧૦૦ થતો હતો અને દાણા માત્ર આખા શરીરે થઇ ૧૦૦ થી ૨૦૦ માંડ હશે. તેઓને પહેલેથી છેલ્લે સુધી જેઠીમધ જ આપવામાં આવ્યું અને હરતાં ફરતાં ૧૫ દિવસે તેઓ સાજાં થઈ ગયાં. દરેકને ખોરાકમાં દૂધ આપવામાં આવેલ અને મોસંબી વગેરે હલકાં ફળો પણ આપેલ હતાં. એ પછી આ રીતે મેં ઘણા કેસોમાં જેઠીમધ અજમાવ્યું અને એથી સારો ફાયદો થયો છે. કોઈ પણ બાળકોની વખતે શીતળામાતાનો કાંઇ વિધિ કરવામાં આવ્યો નહોતો. મોટી શીતળા સાતમના અમે ચુલે ગરમ રસોઈ કરીને ખાઈએ છીએ. મતલબ કે શીતળામાતા સંબંધે જે વહેમો પ્રસરેલા છે તેમાંના એકને અમે માનતા નથી.

પણ શીતળા કઢાવવાના મતનો હું કેમ થયો ? તે હવે કહું. મહાત્માજીનો મત જે કે બહુ સારો છે. અને રસીઓ મૂકવાથી માણસનું લોહી બગડે છે, તેમ જ રસી તૈયાર કરવાની ઘૃણા ઉપજાવે તેવી રીત આપણને કમકમાટી ઉપજાવે તેવી છે, તોપણ જેઓના ઘરમાં ઘણાં બાળકો છે અને જેઓ સંયુક્ત કુટુંબનું જીવન ગાળે છે એમને ત્યાં એક વાર આ વ્યાધિ પેઠો કે પછી બધાને પકડે છે અને પછી તે અસહ્ય વેદનાથી બાળકોને તથા સારવાર કરનારાઓને જે તકલીફ થાય છે અને તેઓના સર્વના જે બૂરા હાલ થાય છે તે પણ ઓછી કમકમાટી પેદા નથી કરતા. બાળકોને આમ હેરાન થતાં તથા ટપોટપ કાળના

મુખમાં સ્વાહા થતાં જેણે જોયાં હોય તે જ આ વાતને સમજી શકે અને આ ભયંકર વ્યાધિ પોતાનો ચેપ ફેલાવવામાં કેવું કામ કરે છે એ ત્યારે જ સમજાય. એ બધું જોતાં બાળકોને રસી મૂકાવવી જોઈએ એમ લાગે છે. એથી બાળકો બધી હેરાનગતિમાંથી બચી જાય છે. જેને ત્યાં વિશાળ કુટુંબ છે તેઓને માટે તો આ રસ્તો મને ઠીક લાગે છે.

હજુ ૭ માસ નહિ થયા હોય. હું મુસાફરીએ ચાલ્યો. સાથે બાબુભાઈ હતા. અમે ભાવનગર છોડવાના હતા તે દહાડે જ એને તાવ શરૂ થયો. રસ્તામાં મારી દવાની બેગમાંથી ઘણી દવાઓ અજમાવી પણ એથી તાવ ઘટવાને બદલે વધતો જતો હતો. અમદાવાદ પહોંચ્યા ત્યાં તો તાવ ખૂબ જ વધ્યો. બેક દિવસે શીતળાના દાણા દેખાયા. અમદાવાદમાં મારા નાનાભાઈ ને ત્રણ બાળકો મેં બધાને રસી મૂકાવવા કહ્યું. પણ એ લોકોને રસીમાં વિશ્વાસ ન બેસવાથી રસી મૂકાવી નહિ. બાબુભાઇ તો બહુ મહેનતે એક મહિને સાજા થયા. પણ નાનાભાઈનાં બંને છોકરાંને માતા નીકળ્યાં અને એવાં તો જોસથી નીકળ્યાં કે બે માસે માંડ આરામ થયો. પછી આ બધા લોકોને એમ થયુ કે મેં કહ્યું તેમ કર્યું હોત તો ઠીક થાત. આ લોકોએ શીતળામાતાની બધી વિધિઓ કરેલી બરી પણ માતા થોડી જ દરદ રૂપે આવે છે કે પેલા લોકોને એમ દાદ આપે?

બે માસ પહેલાં મારા એક મિત્રની છોકરીને શીતળા નીકળ્યા. તેણે મને બોલાવ્યો. મેં પહેલી સલાહ એ આપી કે તમારા ઘરમાં બીજા ચાર બાળકો છે તેને માતા કઢાવી નાંખો, પણ તેઓએ માનું માન્યું નહિ. ઘરમાં બૈરાંઓને વહેમ એવો કે એકને શીતળા નીકળે ત્યારે બીજાને કઢાવાય જ નહિ. પછી તો એનાં બધાં બાળકોને શીતળા નીકળવા લાગ્યા. એમણે શીતળાના પ્રતિબંધ માટે ઘણા જપ અને શીતળાની ઉપાસના કરાવવા માંડી; પણ અહીં તો ટપોટપ કમવાર એમનાં બાળકોને શીતળા નીકળી પડ્યા. જાણે પીપળો પાકયો! પછી એમની સારવાર કરવા જેમ પક્ષિઓ ઈંડાને સેવે તેમ રાત દિવસ આ લોકોએ ખૂબ સંભાળપૂર્વક ઉજાગરો કરવા માંડ્યાં. એમને કુલ પાંચ બાળકો-ચાર છોકરી અને એક છોકરો. તેમાંથી ત્રણ છોકરીને નીકળેલાં. બે છોકરી તો સાજી થઈ ગઈ, પણ એક બે વર્ષની નાની બાળકી મૃત્યુ સાથે બે માસ લડાઈ કરીને આખરે મરી ગઈ. એ છોકરીને માતા નમી ગયેલાં, પણ તે પછી તેનો અમુક ચેપ શરીરમાં રહી ગયેલો એથી રતવા જેવું થઈ પડયું. બેક ઠેકાણે ગુમડું થાય અને ખૂબ રસી નીકળે. બે ન મટે ત્યાં તો બીજે ઠેકાણે થાય. બેક હાથનું આખું મસલ સડી ગયું અને હાડકાંની બેક અણી પણ તૂટી ગઇ. આવા બેહાલ થયા હતા. અને તેનો છોકરો પણ આવો જ બેહાલ હજુ પથારી વશ પડ્યો છે. તેને તો આરામ થઈ જાય તેમ દેખાય છે. આ તો માત્ર તાજા જ દાખલાઓ આપેલા છે આ સિવાય આવા અનેક દરદીઓ મેં જોયેલા છે. અને હંમેશ અનુભવ કરતો આવું છું. શીતળા વિષે ૧૯૩૫ ના મે માસમાં મુંબઈ સમાચારમાં મારો લેખ પ્રસિદ્ધ થયો હતો. તેમાં જેઠીમધના પ્રયોગ વિષે મેં બાસ લખેલ હતું અને હવે હું એ મતનો

છું કે શીતળાના વાયરા શરૂ થતાંની સાથે જ બાળકોને માતા કઢાવી લેવા અને ભૂલ થઈ ગઇ હોય ને નીકળી પડે અથવા રસી મૂકાવવામાં ન માનતા હોઈએ ને નીકળે તો પછી ઉપરોક્ત ઉપચારો તો ચાલુ કરી જ દેવા; પરંતુ શીતળા નામની કોઈ માતા છે અને બાળકોને તે આ દરદ રૂપે હેરાન કરે છે એવા અબુદ્ધિગમ્ય ભ્રમમાં કોઈએ પડવું નહિ. (સંપૂર્ણ) વ. વૈ.

શિક્ષણ—સમાચાર

—ગંભીરા શ્રી રામભાઈ પાઠક તથા શ્રી નર્મદાબેન ગંભીરાની રાષ્ટ્રીયશાળામાં કામ કરેછે.

—કરાંચી શ્રી ગિજુભાઈ સન્માન સમારંભ અંગે શ્રી પ્રભુલાલ ધોળકીયા નિયામક, સદનવાડી, મંજલ, કચ્છ, કરાંચી ગયા હતા અને ત્યાંની જનતા પાસેથી લગભગ રૂા.૮૦૦–૧૦૦૦ જેટલી રકમ મેળવી છે.

—વિસનગર તા. ૧૯–૯–૩૭થી બાલમંદિર ઉઘડ્યું. શિક્ષકો તરીકે ઇશ્વરલાલ આચાર્ય તથા ચંચળદેવી આચાર્ય જોડાયાં.

—આણંદ ભાઇ ચંદુલાલ પાઠક આણંદના શારદા હાઇસ્કુલ બાલમંદિરમાં ભાઈ મગનભાઈ પટેલ સાથે કામ કરવા જોડાયા.

—લાઠી લાઠીના નામદાર ઠાકોરસાહેબે અત્રેનું બાલમંદિર ખુલ્લું મૂક્યું.

—સદનવાડી શ્રી ગિજુભાઇ અતિથિ તરીકે તા. ૧૫ થી ૨૯–૯–૩૭ સુધી સદનવાડીના વિદ્યાર્થીઓ, બેનો તથા શિક્ષકભાઈઓ વચ્ચે રહ્યા. ગિજુભાઇની અત્રેની કેળવણી વિષયક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ, બેનોના ખાસ વર્ગ, શિક્ષકો સાથે જીવન અને શિક્ષણની ચર્ચા છે.

અંજારના વૈદરાજ વલ્લભરામભાઈની પ્રેરણાથી સંસ્થાની આજુબાજુની વનસ્પતિનું નાનું એવું પ્રદર્શન અત્રે ભરાયું હતું.

—વાંઢાઈ–ઇશ્વરનગર ગુરુકુળની ગિજુભાઇએ બે વખત મુલાકાત લીધી.

—ચકાર ગિજુભાઈ એ સ્વા. શુકરાજદાસજીના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લીધી.

—ભૂજ ગિજુભાઇએ સાર્વજનિક કન્યાશાળાનું નિરીક્ષણ કર્યું.

૧ અંજાર બાલ સંઘની સ્થાપના થઈ
૨ ખંભરા „ „ સ્થાપના થઈ
૩ વરસામેડી „ „ સ્થાપના થઈ

શ્રી. ગિજુભાઈની પ્રેરણાથી કચ્છમાં ઉપરનાં ત્રણ ગામોમાં ત્રણ દિવસમાં બાલસંઘની સ્થાપના થઈ છે. શ્રી ગિજુભાઈ એ આ ગામોમાં જાતે જઈ સંઘોની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી. બાળકોની સભા ભરી સંઘના ઉદ્દેશો, નિયમો સમજાવ્યા હતા અને સભ્યો તરીકે નોંધાવા અપીલ કરી હતી. દરેક સ્થળેથી સારી સંખ્યામાં સભ્યો નોંધાયા છે અને મુરબ્બી સભ્યો પણ નોંધાયા છે.

અંજાર—કડિયા ક્ષત્રિય વિદ્યાર્થીભવન તા. ૧૧–૧૦–૩૭ ના રોજ ખૂલશે. ગૃહપતિ દેવરામ ડાહ્યાભાઈ વરૂ.

—ભાવનગર શ્રી. હરભાઈ જાપાનથી પાછા આવી ગયા.

શ્રી. નાનાભાઈ વર્ધા આશ્રમમાં પૂ. ગાંધીજીની મુલાકાતે જઈ આવ્યા છે.

ચોથું અખિલ હિંદ બાલસંમેલન

બાલકોન. જી. બારી એટલે કે અખિલ હિંદ બાલક સંઘની અખિલ મુંબઈની મધ્યસ્થ કાર્યવાહક સમિતિએ નિર્ણય કર્યો છે કે સને ૧૯૩૭ ના ડીસેમ્બરની ૨૫–૨૬–૨૭–૨૮ ના રોજ મુંબઈમાં ચોથું અખિલ હિંદ બાલ સંમેલન ભરવું.

સંમેલનની સ્વાગત સમિતિના સભ્યો નોંધાવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સ્વાગત સમિતિના સભ્યોની ફી નીચે પ્રમાણે રાખવામાં આવી છે.

૧૨ વર્ષ સુધીનાં બાળકોના ૪ આના
૧૨ થી ૧૬ વર્ષ સુધીનાં બાળકોની ૮ આના
પુખ્ત વયના સ્ત્રી પુરૂષોની ૧ રૂપિયો.

(૧) બાળકો ભવિષ્યની આશા છે. ભાવિનાં નિર્માણ કરનારાં છે. આથી કરીને બાળકોના સંગઠનની આ ચળવળ બધાં વધાવી લેશે. એની મારફત બાળકોને વિધ વિધ ઐતિહાસિક સ્થળો અને જગ્યાઓનો પરિચય સાધવા માટે ઉત્તેજન આપવામાં આવે છે અને વર્તમાન જગતની આધુનિક પ્રવૃત્તિઓ જણાવવામાં આવે છે.

(૨) અત્યાર સુધીમાં બાળકોનાં આવાં ત્રણ સમેલન થઈ ગયાં છે. આ વખતે મુંબઈનો વારો છે. મુંબઈ આ સંમેલનને સંપૂર્ણપણે સફળ બનાવવા માટે પોતાથી બનતા બધા પ્રયત્નો કરશે એવી આશા રાખીએ છીએ મુંબઈ પોતાની ફરજ બજાવવામાં પાછું નહિ જ પડે.

(૩) પુખ્ત ઉંમરનાં બધાં સ્ત્રીપુરુષો અને બાળકોની ફરજ છે કે એમણે ઘણી મોટી સંખ્યામાં સ્વાગત સમિતિના સભ્ય બની જવું જોઈએ. આ સભ્યોની એક સભા તા. ૧૦મી ઓકટોબરના દિવસે મળશે, એ સભામાં સંમેલન સંબંધી પુરેપુરી ચર્ચા કરવામાં આવશે અને સંમેલનની બધી વિગતો નક્કી કરવામાં આવશે.

વધારે માહિતી મેળવવા માટે લખોઃ—

શારદામંદિર
૧ લો રસ્તો
બાર, મુંબઈ ૨૧

મૂ. જો. પરમાર
મહામંત્રી
અખિલ મુંબઈ કાર્યવાહકસમિતિ

શિક્ષણ પત્રિકાના વર્ષ અગિયારમાના જમાખર્ચની તારીજ

(તા. ૧–૩–૩૬ થી તા. ૨૮–૨–૩૭ સુધી)

જ		ઉ	
૨૨૯૨·૧૨·૦	આજીવનસભ્યના લવાજમ ખાતે	૭૨·૧૫ ૬	ભા. દ. સેવીંગ્સ બેન્ક ખાતે ઉ.
૪૬૫–૮–૦	દસમા વર્ષના લવાજમ ખાતે	૧૧૬૨૦–૦–૦	ભા. દ. ફીકસ ડીપોઝીટ ખાતે
૪૨૭૧–૦–૬	અગિયારમા વર્ષના લવાજમના	૧૪૨૧·૧૪·૯	છપામણી ખર્ચ ખાતે ઊધાર
૮૪૬·૧૪·૬	બારમા વર્ષના લવાજમ ખાતે	૭૨·૧૧ ૩	પરચુરણ ખર્ચ ખાતે ઉધાર
૫૨–૬–૦	જુના અંકોના વેચાણ ખાતે	૧૩૪૦–૯–૯	પોસ્ટેજ કન્ટીજન્ટ ખર્ચ ખાતે
૯૩૨૯·૧૦·૧૦	નફા ખાતે જમા	૬૮૫–૮–૮	પગાર ખર્ચ ખાતે ઉધાર
૧–૮–૦	ડો. ઈ. જી. પટેલને ખાતે જમા	૩૮–૨–૦	કમીશન ખર્ચ ખાતે ઉધાર
૦–૫–૦	હેડ માસ્તર રોયલ. એચ. ધી આગાખાન સ્કૂલને ખાતે જમા	૭૧૩·૧૪·૬	મરાઠી શિક્ષણ પત્રિકા ખાતે ઉ.
		૧૩૬·૧૧·૦	પુસ્તક ખરીદી ખાતે ઉધાર

૧૧૦૬-૪-૯ હિંદી પત્રિકા ખાતે ઉ.
૩૦૧-૭-૯ ગઇ સાલ સુધીમાં
૮૦૪-૧૩-૦ આ સાલમાં આપ્યા
૧૧૦૬-૪-૯

૭૨-૮-૦ ન્યાલચંદ દુર્લભજીને ખાતે ઉ.
૨૪૧-૧૧-૦ મોન્ટીસોરી પ્રચારમાળા ખાતે
૦-૬-૬ હરમાનભાઈ એલ. પટેલને ખાતે
૪૨૫-૦-૦ શ્રી ગિજુભાઈ બધેકાને ખાતે ઉ.
૧૭૪-૬-૦ ભા. દ. બેન્ક ઉઘળક ખાતે ઉ.
૨૮-૬-૦ શ્રી પ્રવાસ ઉઘળક ખાતે ઉ.
હા. શ્રી. ગિજુભાઈ બધેકા
૧૦-૦-૦ કામવાળીબાઈ જમનાબાઈ મકોડ
૦-૧૧-૦ લક્ષ્મીદાસ પુરુષોત્તમદાસને ખાતે
૬૮-૧૨-૦ દિવાસ્વપ્ન ખાતે ઉધાર
૧૭૨-૮-૦ પ્રવાસ ખર્ચ ખાતે ઉધાર
૧૦૦-૦-૦ શ્રી મોંઘીબેન મણીશંકરને ખાતે
૧૮૫૦૩-૦-૮
૧૫૭-૫-૧૧ શ્રી સિલક સાલ આખર
૧૮૬૬૦-૬-૭

૧-૮-૦ શીવચરણદાસને ખાતે જમા
૬-૧-૦ હિંદી પત્રિકા ખાતે જમા
૬-૦-૦ ચંદુલાલ ઝવેરીને ખાતે જમા
૦-૫-૦ ઈસમાઈલ એ. તેજાનીને ખાતે
૦.૧૦.૦ મહમદઅલ્લી રતનશીને ખાતે
૧૮-૮-૦ તેરમા વર્ષના લવાજમ ખાતે
૬-૮-૦ ચૌદમા વર્ષના લવાજમ ખાતે
૧-૦-૦ પંદરમા વર્ષના લવાજમ ખાતે
૧-૦-૦ સોળમા વર્ષના લવાજમ ખાતે
૧ ૦-૦ સત્તરમા વર્ષના લવાજમ ખાતે
૦-૪-૩ એ. એન. વીરાણીને ખાતે
૧-૦-૦ શંકરભાઈ ગો. પટેલને ખાતે
૧-૦-૦ કેશુભાઈ દોશીને ખાતે જમા
૧-૦-૦ મનુભાઈ દવેને ખાતે જમા
૩૪૮-૭-૬ વ્યાજ વટાવ ખાતે જમા
૪-૬-૦ કેશવપ્રસાદ રણછોડજીને ખાતે
૧-૦-૦ સેક્રેટરી સ્કૂલ કમિટિ મુબાઈ
૦.૧૨-૦ દિવાસ્વપ્ન વેચાણ ખાતે જમા
૧૮૬૬૦-૬-૭

શિક્ષણ પત્રિકાના વર્ષ અગિયારમાનું સરવૈયું

જ

૪૭૮૮-૧૪-૬ શ્રી લવાજમ ખાતે જમા
૪૬૫-૮-૦ દશમા વર્ષના
૪૨૭૧-૦-૬ અગિયારમા વર્ષના
૫૨-૬-૦ જૂના અંકોના
વેચાણના
૪૭૮૮-૧૪-૬

૪૭૮૮-૧૪-૬

ઉ

૩૮૬૮-૧-૫ શ્રી ખર્ચ ખાતે ઉધાર
૧૪૨૧.૧૪ છપામણી ખાતે
૭૨.૧૧.૩ પરચુરણ ખર્ચ
૧૩૪૦-૯-૯ પોસ્ટેજ કન્ટી૦
૬૮૫-૮-૮ પગાર ખર્ચ ખાતે
૩૮-૨-૦ કમીશન ખાતે
૧૩૬-૧૧-૦ પુસ્તક ખરીદી ખા.
૧૭૨-૮-૦ પ્રવાસ ખર્ચ ખા.
૩૮૬૮-૧-૫
૯૨૦-૧૩.૧ શ્રી. નફા ખાતે જમા
૪૭૮૮-૧૪-૬

શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ સમાચાર

(કાર્યાલય તરફથી)

થેલી છલકાવવી રખે ચૂકતા.

હજુ કાર્યાલયમાં ગામેગામના ઉઘરાણાની યાદીઓ અને રકમો આવી પહોંચી નથી. વળી કેટલીક નોંધાયેલી રકમો હજી કાર્યાલયમાં પહોંચી નથી. આથી નમ્ર તાકીદની વિનંતિ કે કાર્યાલયને સ્મરણ-પત્રો લખવામાંથી મુક્ત કરશો અને વેળાસર પોતપોતાનો ફાળો, પહોંચ�ણુકા, અને હિસાબ કાર્યાલયમાં પહોંચાડી દેશો.

અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ, ગિજુભાઈના મિત્રો, બાળકેળવણી પ્રેમી ભાઈ બેનો વગેરે સૌને અમે આ છેલ્લી અપીલ કરવાની રજા લઈએ છીએ. તમને કોઈ પહોંચ્યું ન હોય તો આ જાહેર વિનંતિ છે; મળ્યા તુલ્ય ગણીને તમારી ફૂલપાંખડી થેલી ખાતે મોકલાવી દેશો. થેલીનું કામ ચાલુ છે. તમારી ફુલપાંખડી પહોંચાડશો જ.

નવા મદદગારો

આફ્રિકાના જીબુતીથી શિક્ષકબંધુ શ્રી. બાલુભાઈ હરજી પટેલ ગુજરાતીભાઈ ઓ તરફથી ફૂલપાંખડી ભેગી કરી રૂા. ૨૨૫ા મોકલે છે. અને તે ઉપરાંત ત્યાંનું વણીક મહાજન પોતાના રૂા.૧૦૧) ઉમેરી મોકલી આપે છે. આવી જ રીતે ઝાંઝીબારથી શ્રી. ગોપાળરાવ ભાગવત અને મકવાણા શિલીંગ ૨૨૩ અને સેન્ટ ૫૦ મોકલી આપે છે.

કરાંચીનો જવાબ સારો મળ્યો કહેવાય. ભાઈ પ્રભુદાસ ધોળકીયા કરાંચી જઈ આવી ગયા. ને રૂા. ૭૦૦) જેટલી રકમ નોંધી લાવ્યા છે. ત્યાંના 'સિંધ સેવક' મંડળે પોતાનું કામ માનીને સારી મદદ કરી.

મુંબઈ તે મુંબઈ જ. પયરંગી મુંબઈએ સન્માન થેલીમાં સારી રકમની આશા પૂરી કરી છે. તેનો યશ શેઠ જગજીવન તલસાણીયા અને રાધનપુરવાળા શ્રી. ભાભેરા તેમજ દવા બજારવાળા શ્રી. મણિલાલભાઈ ને જ આપવો જોઈએ. શ્રી. તલસાણીયાએ જે સહૃદયતા વાપરી છે અને મહેનત ઉઠાવી છે તે માટે આભારી છીએ.

માંગરોળથી શ્રી. વીરસુત, પાટણથી શ્રી. નટવરલાલ રાવળ, રાજપીપળાથી શ્રી. કેશુભાઈ, જામનગરથી શ્રી. વકિલ એમ. આર, વઢવાણથી શ્રી. ભોગીલાલ પરીખ. પોતપોતાનાં ઉઘરાણાં, પહોંચણુકા અને બીજા હિસાબો મોકલી કાર્યાલયને તે તે સ્થાનોના કામની સફળતાનો પારો ઊંચે ચઢાવે છે. બીજાં શહેરોમાં જેઓએ કાર્યાલયને મદદ કરવાનું માથે લીધું છે તે કાર્યાલયને તાકીદે રકમ અને હિસાબો પહોંચતા કરી અમારું કાર્ય સરળ બનાવશે એવી વિનંતિ.

તા. ૨૯-૯-૩૭
અમદાવાદ

વજુભાઈ દવે.
ઇન્દુપ્રસાદ ભટ્ટ
મંત્રીઓઃ
શ્રી ગિ. સ. સમારંભ સમિતિ

શ્રી. ગિજુભાઈ સન્માન થેલીમાં
ભરાયેલાં નાણાં
(યાદી–૪)

જીણુતી (આફ્રીકા) માં શ્રી. બાલુભાઈ પટેલ હસ્તક ભરાયેલી રકમો.

૧૦૧ શ્રી વણીક મહાજન જીણુતીની વતી હા. શા. નથુભાઇ મુળજી
૭૫ ,, નથુભાઇ મુળજી
૧૫ ,, અંદરજી માણેકચંદ
૧૧। ,, લક્ષ્મીચંદ ભગવાનદાસની કું.
૧૧। ,, કેશવલાલ ભીખાભાઇ
૧૦ ,, મોરારજી વછરાજ
૧૦ ,, ખીમચંદ ધનજી
૧૦ ,, લીલાધર સૌભાગ્યચંદ
૫ ,, જી. એમ. મોહમદઅલીની કું.
૭ ,, જમનાદાસ હરખચંદ
૫ ,, વ્રજલાલ ખેચરદાસ
૫ ,, હીરાચંદ મુલજી
૫। ,, પરશોત્તમ જાદવજી
૭ ,, ભુરાભાઇ સુંદરજી
૫। ,, પોપટલાલ વનમાળી
૫। ,, તુલસીદાસ વિઠલદાસ
૫ ,, ત્રિભોવન લક્ષ્મીચંદ
૩ ,, હીરાચંદ હરિદાસ
૫ ,, જે. જે. કોઠારીની કુંપની
૫ થી. કાનજી મોરારજી
૫ ,, પ્રતાપરાય માણેકચંદ
૫ ,, વલ્લભદાસ આણંદજી
૫ ,, ખુશાલચંદ પ્રેમચંદ
૩ ,, મૂળચંદ વિઠલજી
૫ ,, લીલાધર ભાણજી
૩ ,, મગનલાલ ખેનસી
૫ ,, ગોકળદાસ શામજી
૩ ,, એસ કમરૂદ્દીન
૭ ,, જગજીવન સૌભાગ્યચંદ
૨ ,, વનમાળી લીલાધર
૭।। ,, મગનલાલ મૂળચંદ
૨।। ,, એક સખી ગૃહસ્થ
૨ ,, વ્રજલાલ નાનજી
૨ ,, અમૃતલાલ રામચંદ્ર
૨ ,, ભગવાનદાસ ગોવિંદજી
૨ ,, ડાહ્યાલાલ માધવજી
૨ ,, બાલુભાઇ હરજી પટેલ
૫ ,, એક યુવક બંધુ
૨ ,, શાંતિલાલ ડાહ્યાલાલ

કુલ રૂા. ૩૨૬।

સન્માન સમારંભ સંબંધેની વિગતવાર માહિતી હવે પછી પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજાજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૪

અંક ૯ મો
કાર્તિક

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

સમયપત્રકો બાળકોને અનુસરશે કે ધારાધોરણોને? શાળાનો સમય હુકમોને અનુસરશે કે ઋતુના ફેરફારોને?

શાળાની રજાઓ રજાના કાયદાને અનુસરશે કે બાળકોને આરામની જરૂર હોય તેને અનુસરશે?

ઘરનાં ખાનપાન ભાગાપોના સ્વાદને અનુસરશે કે બાળકોની સ્વાદેંદ્રિયને અનુસરશે?

મોટાંઓ બાળકોને સન્માનશે કે તેઓ બાળકો પાસેથી સન્માન માગશે?

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] કાર્તિક ૧૯૯૪ [અંક ૯

મ ન નો

જેમ ધનવાન પોતાની કમાણીનો અમુક ભાગ ધર્માદામાં ખર્ચે છે, તેમ શિક્ષકે પણ પોતાના સમયનો અમુક ભાગ અભણને ભણાવવામાં ખર્ચવો જોઈએ. પગારના બદલામાં ભણાવવું તે શિક્ષણયજ્ઞ નથી; શિક્ષકને માટે એ ધર્મકાર્ય નથી. શિક્ષકે ધર્મકાર્ય સિદ્ધ કરવા માટે પોતાના ખાનગી સમયમાંથી થોડો પણ વખત કાઢી નિરક્ષરોને ભણાવવા જોઈએ. શિક્ષકો આ કામ ન કરે તો કોણ કરે ? જેનું કામ વિદ્યાનું દાન આપવાનું છે તેનો જ આ પરમ ધર્મ છે.

: ૨ :

હું મારા વિદ્યાર્થીઓને સન્માનીશ, તેમની શક્તિઓને તીવ્ર બનાવીશ, તેમની મંદતાઓને દૂર કરવાનો યત્ન કરીશ, તેમની દુર્બળતાઓથી અકળાયા વિના તે દૂર કેમ થાય તેની શોધ કરીશ, તેમના પર ક્રોધ કર્યા વિના, તેમને માર્યા વિના, તેમને ફોસલાવ્યા વિના, તેમને રુચિકર થાય અને સરલ પડે તેવી રીતે હું તેમને જે શીખવું છે, તેમને જે શીખવાની આવશ્યકતા છે, તે ધીરજ અને ખંતથી શીખવીશ.

શિક્ષકે નિરંતર આ વિચાર પોતાના હૃદય અને મનમાં ધારણ કરી, આ વિચારને મંત્ર ગણી તેનું ધ્યાન કરવું અને તેનું આચરણ કરવું.

: ૩ :

શરૂથી જ બુદ્ધિની કેળવણીનો પાયો કાચો કરવો હોય તો આજની ગામડી શાળાને ચાલવા દો.

: ૪ :

જેઓ અઠવાડિયે એક વાર પણ બાળકોને શાળાના પાઠોમાંથી અને ઘરની કનડગતમાંથી છોડાવશે, તેઓ બાળકની ઘણી મોટી સેવા કરી જશે.

: ૫ :

જે બાળકોની શાક્ત જાણ્યા વિના કહે છે કે બાળકો તો આખરે બાળકો છે, તેઓ બાળકોનું અપમાન કરે છે અને પોતાનું અભિમાન વધારે છે.

: ૬ :

નિર્મળ જળમાં જેઓ પથરો ફેંકે, ઊગતા છોડને જેઓ છૂંદે, તેઓ કદી નહિ સમજે કે બાળકોની ઊગતી આશાઓની આડે આવવામાં શો અન્યાય રહેલો છે.

: ૭ :

આપણે પશુઓને આપણી ક્રૂરતામાંથી બચાવવા સંસ્થાઓ કાઢીએ છીએ. બાળકોને આપણી ક્રૂરતામાંથી બચાવવા આપણે હજી શું કર્યું છે ?

અ · નુ · ક્રં · અ

૧૩૬ મનનો . . . . . ગિ.
૧૩૭ સંસ્થાઓ કેમ જોવાય . ગિ.
૧૪૦ શિક્ષણ વિષયક પ્રશ્નોત્તરી ગિ.
૧૪૨ મૃદ્ ગવાદન . . વ. વૈ.
૧૪૪ સાપ નીકળ્યો . . . જ.
૧૪૬ નૂતન ગણિતશિક્ષણ. . શં.
૧૪૭ કચ્છમાં બે સંમેલનો . ગિ.
૧૪૮ બાલસંમેલનના સ્વાગત પ્રમુખનું ભાષણ . . ...
૧૫૦ શિક્ષણ સમાચાર . . ...

સંસ્થાઓ કેમ જોવાય

અલબત્ત બાલમંદિર, પ્રાથમિક શાળા કે દરેક વિદ્યાની સંસ્થા જે તેમાં કંઈ આકર્ષક તત્ત્વ હોય તો તે જોવા માટે લોકોનું મન થાય જ થાય.

જોવા આવનાર માણસોના મનેમાં શું જોવું તે સ્પષ્ટ હોતું નથી. તેઓએ સંસ્થાઓ કે માણસોનાં વખાણ સાંભળ્યાં હોય છે તેથી તેઓ તે જોવાની તક મળે તો તેનો ઉપયોગ કરી લે છે.

એવા જોવાવાળા ઘણા થોડા હોય છે કે જેઓ અભ્યાસપૂર્વક સંસ્થાઓ જોવા ઇચ્છતા હોય છે. સામાન્યતઃ આજે જેમ બીજાં દૃશ્યો જોવાનો રિવાજ પ્રચલિત છે, તેમ નવી સંસ્થાઓ જોવાનો રિવાજ ધીમે ધીમે પ્રચલિત થતો જાય છે. આ વસ્તુ સારી તો છે જ. પરંતુ જોવું એટલે માત્ર જોવું એવો જ અર્થ હોય તો તેમાં તો જોનારનો નકામો કાળ જાય છે અને સંસ્થાને નાહકનો વિક્ષેપ થાય છે. દરેક માણસે સંસ્થા જોતા પહેલાં પોતે શા માટે તે જોવા નીકળે છે તેનો સ્પષ્ટ ખ્યાલ કરી લેવો જોઈએ. જો પોતાને સંસ્થાની કશી જ માહિતી ન હોય તો તેણે તે સંબંધેની માહિતી અગાઉથી મેળવી લઈ વાકેફ થવું જોઈએ. માહિતી મેળવ્યા પછી સંસ્થા જોવાનો પોતાનો હેતુ શો છે તે તેણે મન સાથે નક્કી કરવું જોઈએ.

કોઈ સંસ્થામાં ગમે ત્યારે પહોંચી જઈ તે જોવા માગવી તેમાં સભ્યતા નથી; તેથી સંસ્થાના કામદારોને તથા બાળકોને પોતાના કામમાં વિક્ષેપ પડે છે. એટલા માટે દરેક જોનારે સંસ્થા પાસેથી અગાઉથી સમય જાણી લેવો જોઈએ.

કેટલીક વાર સંસ્થાનો કાર્યક્રમ એવો હોય છે કે જોનારને તેમાં કંઈ રસ પડે નાંહ અને તેને પોતાનો આંટો ફોગટ લાગે; કેટલીક વાર સંસ્થા પ્રવાસે ગઈ હોય અગર બંધ હોય તો પણ જનારને નાહકનો ધક્કો થાય. એટલા માટે અગાઉથી દિવસ અને સમય નક્કી કરવાની ખાસ જરૂર છે.

અગાઉથી સમય નક્કી કરીને જવાથી કદી સંસ્થા વિષે અપમાનજનક ખ્યાલો આવશે નહિ.

જોવા જનારે જાણવું જોઈએ કે પોતે સંસ્થા જોવા જાય છે; અર્થાત્ પોતે સંસ્થાનો અભ્યાસ કરવા જાય છે, નહિ કે પોતે શીખવવા જાય છે. આપણા જોનારાઓ જોવાને અને જાણવાને બદલે આમ હોવું જોઈએ અને આમ ન હોવું જોઈએ તેની શિખામણ આપવાની અસભ્યતા કરે છે, અને વિવેકી વ્યવસ્થાપકોએ તે સહી લેવી પડે છે.

સંસ્થા જોનાર ગૃહસ્થો જો બાળકોને પ્રશ્નો પૂછે નહિ તો તેમના જોવા કોઈ સમજુ અને શાણા નહિ. બાળકો અજાણ્યા માણસો સામે શરમાય છે અને સંકોચાય છે. તેઓ જાણતાં હોય છે છતાં પૂછેલા પ્રશ્નોના ઉત્તરો તેઓ તડતડ આપી શકતાં નથી. જેમ બાળકો પ્રશ્નનો જવાબ આપી શકતાં નથી તેમ પ્રશ્ન પૂછનારને વધારે પ્રશ્નો પૂછવાનું શૂર ચડે છે, અને ત્યારે આખી શાળામાં જોવા આવનારની છાપ ઘણી ખરાબ પડે છે. બાળકો તો તેના પર મનમાંને મનમાં ચિડાઈ જાય છે.

ખરી રીતે જોવા આવનારે ચાલતું કામ જોવાનું હોય છે. શિક્ષકો કેવી ઢબથી ભણાવે છે અને ભણતર ભણતાં બાળકો તેનું શિક્ષણ કેટલી તલ્લીનતાથી ઝીલે છે તે જોવાનું હોય છે. જોનારે શાળાની વ્યવસ્થા, શાંતિ, એકાગ્રતા, શિક્ષકોના આચારો વગેરે જોવાનાં હોય છે. તેમણે બાળકોને સ્પર્શવાનું તો નથી જ. આટલું સમજશે તો બાળકોને પ્રશ્ન પૂછ્યા પછી કૃત્રિમ શાબાશી આપવામાંથી અગર કૃત્રિમ નારાજી બતાવવામાંથી જોનાર છૂટશે, અને બાળકો તો બહુ ઉપકૃત થશે.

જોનારાના મગજમાં ભૂસું હોય છે; તેઓ માને છે કે અમને જ જોતાં આવડે. આ વાત ખોટી છે. કોઈ કારખાનું, કોઈ પ્રયોગશાળા, કોઈ રસાયનશાળા જોવા જતાં જેમ આપણે ત્યાંના માણસને નમ્રતાથી અને જિજ્ઞાસાથી પૂછીએ છીએ કે આ કેમ બને, આનું શું, તેમ જ આપણે શાળા જોવા જતાં વર્તવું જોઈએ. સંસ્થા જોવા જવી તેનો અર્થ એ નથી કે આપણે પોતાની જાતને ત્યાં બતાવવા જઈએ છીએ, અગર તો બીજાની ભૂલો કાઢવા આપણે ત્યાં જઈએ છીએ. માત્ર એટલા જ માટે નાહકનો ધક્કો ખાવાની જરૂર નથી.

ઘણી વાર શાળાઓના સંસ્થાપકો આપણને શાળાઓ જોવા લઈ જાય છે. તેમનો ઉદ્દેશ કાં તો આપણી પાસેથી સંસ્થા વિષેનો સારો અભિપ્રાય બંધાવવાનો હોય છે; કાં તો આપણી મારફત પોતાની સંસ્થાના કામદારોની ભૂલો કઢાવવાનો હોય છે. કાંઈ જોવા આવનારાઓએ લઈ જનારનો ઉદ્દેશ પાર પાડવાનો નથી. તેમનો ગમે તે ઉદ્દેશ હોય; સમજુ અને ચતુર જોનારાઓએ તો સંસ્થાની ખૂબીઓ પ્રથમ જોવી અને પછી જે ખામીઓ નજરે ચડે તો તે ધ્યાનમાં રાખી લેવી. સંસ્થા જોવા લઈ જનારાઓ આપણને હાથો બનાવી આપણી પાસે સંસ્થાની ભૂલો કઢાવે તેવી કઢંગી સ્થિતિમાં તો કદી મુકાવું જ નહિ.

સંસ્થા જોવામાં બે બાબતો મુખ્ય સમજવી જોઈએ. એક તેનો સ્થૂળ દેહ અને તેનો આર્થિક વહીવટ; બીજી તેની શિક્ષણપ્રથા અને તેની અસર. સંસ્થા જોવામાં પ્રધાન દૃષ્ટિ શિક્ષણ જોવાની ન હોય તો કોઈ વીજળીના મોટા કારખાનામાં જઈને વીજળી વિષે કાંઈ સમજ્યા વિના માત્ર મોટાં મકાનો જોઈને પાછા ફરે તેવી દશા જોવા જનારની છે. વહીવટના સામાન્ય પ્રશ્નો અને આર્થિક આંકડાઓ તો અહેવાલમાંથી મળી રહે છે. કોઠારની વસ્તુઓ કેમ રાખવામાં આવે છે, દાતણ કયા બાવળનાં છે, વગેરે જોવા બેસવું એ બહુ નીચી કક્ષાનું નિરીક્ષણ છે. એ બધું સહેજ સારું જેની પાછળ હોય તે શિક્ષણની પ્રથા તથા તેના સંચાલકને જોવાં એ અગત્યની વાત છે.

એટલા માટે ચાલુ કાર્ય જોનારાઓએ છોકરાઓને કે છોકરીઓને કંઈ પૂછવાની જરૂર નથી. શિક્ષકો તેમને કેમ ભણાવે છે, અને પરસ્પર કેવો વર્તાવ છે તે જોવાનું છે. શિક્ષક પદ્ધતિસર અને સાધનો સાથે ભણાવે છે તે જોવું. શિક્ષક પોતે પોતાના કામમાં તલ્લીન છે કે જોનારની વાહવાહ લેવા બહિર્મુખ છે તે જોવું. જોનારા આવ્યા છે કે આવવાના છે એમ સમજી સંસ્થાનો હમેશનો કાર્યક્રમ બદલાવી મહેમાનોને ગમે અને છાપ પાડે તેવો ગોઠવ્યો

છે કે કેમ તે જોવું. સંસ્થાના બતાવનારાઓ સંસ્થાનું કામ શાંતિથી જાતે જોવા દે છે, કે પોતે સંસ્થા વિષે સુંદર વાતો કરી તેમાં જ આપણને રોકી રાખે છે તે જોવું. મતલબે, જોવા જેવું જે બારેબાર છે તે જોવું. જોવા જનારે બાઝી આંખે જાણે કે કંઈક ભૂલ કાઢવી છે એ રીતે ન જોવું. તેણે શાળાની ખૂબીઓનો અભ્યાસ કરવાની વૃત્તિથી જોવું. દરેક શાળામાં કંઈક નવીનતા–સુંદરતા મળશે જ; તે જોનારને માન્ય હોય કે અમાન્ય હોય તેની સાથે નિસબત ધરાવતું નથી. જોનારે પણ પોતાનું મંતવ્ય માગવું ન જોઈએ. જોનારે વિવિધ મંતવ્યોનો પરિચય કરી પોતાની જાતને જ્ઞાનથી સમૃદ્ધ કરી પોતાની દૃષ્ટિમર્યાદા વધારવાની છે.

શાળામાં ગમે તેટલી ભૂલ હોય, સંસ્થા ચલાવનારની ઊણપો હોય, તોપણ સભ્યતા ન ચૂકવી જોઈએ. તેણે તે ઊણપોની નિંદા ન કરવી જોઈએ. જો સંસ્થાના ચાલકો ઉદાર હોય તો નમ્રતાથી સ્પષ્ટ શબ્દોમાં તેમની ઊણપો કહેવી અથવા લખી જણાવવી, પણ પોતાના કથન પ્રમાણે તેમણે ચાલવું જોઈએ એવો આગ્રહ ન રાખવો જોઈએ. બનતાં લગી તો શાળાઓ જોયા પછી તે વિષે મૌન રાખવું. સંચાલકોને ઉપદેશ દેવાથી તુરતમાં કંઈ વળે જ નહિ. કંઈ ને કંઈ સારી વસ્તુ જોવાની મળી છે તેટલો સંતોષ થતો હોય તો તે પ્રદર્શિત કર્યા વિના શાળા છોડવી નહિ. કાંઈ નહિ તો બતાવનારને તસ્દી પડી તે બદલ તેમનો ઉપકાર માનવો જોઈએ. કંઈ નહિ તો શાળા જોનારાઓએ આટલું તો અવશ્ય ધ્યાનમાં રાખવું અને તે પ્રમાણે અવશ્ય આચરવું:—

૧ જે સંસ્થા જોવી હોય તેનો છેલ્લો અહેવાલ અગાઉથી વાંચી તૈયાર થવું. કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના સંસ્થા જોવા જવું.

૨ જે જાતની વ્યવસ્થા–જોવાની શિસ્ત સંસ્થા માગતી હોય તે શિસ્તનું પાલન કરવું.

૩ જ્યાં છત્રી, જોડા વગેરે મૂકવાનું નક્કી કર્યું હોય ત્યાં જ તે મૂકવું.

૪ શાળામાં પેઠા પછી તે છોડતા સુધી અંદર અંદર વાતો કરવી નહિ, અને કરવી તો બહુ ધીમેથી કરવી.

૫ બોંબારા કે એવા અવાજો કરવા નહિ.

૬ બાળકોને બોલાવવાં નહિ, તેમ જ અડવું નહિ. ઓળખીતાં બાળકોને પણ લાડ કરવા નહિ કે તેમને કામમાંથી રોકવાં નહિ.

૭ બાળકોને તારું નામ શું, શું જાણે છે, આ બોલ, તે બોલ, એવું પૂછવું નહિ.

૮ શિક્ષક કે આચાર્ય જે કહીને અને ચીંધીને બતાવે તે ધ્યાનપૂર્વક સાંભળવું અને જોવું, અને વચ્ચે પ્રશ્ન પૂછવો ઘટે તો જ પૂછવો.

૯ શિક્ષકો સાથે પદ્ધતિ કે ઇતર બાબતો ઉપર વાર્તાલાપ કે ચર્ચા કરવા રોકાવું નહિ.

૧૦ શંકાઓનું સમાધાન સંસ્થા જોયા પછી જવાબદાર વ્યક્તિ સાથે બેસીને કરવું.

૧૧ સંસ્થા વિષેની બરાબર સમજણ વિના જે તે બાબત વિઝીટર-બુકમાં લખી નાખવી નહિ.

૧૨ શાળામાં જતી વખતે અને તે છોડતી વખતે શિક્ષકો સાથે વિનય અને માન બતાવવાં.

૧૩ બનતાં લગી સૂચનાઓ શિક્ષકોને મોઢેથી જ કરવી; અને તે પણ શિક્ષકો માગે તો જ. વિઝીટર–બુકમાં ન જોયું હોય તેવું સાચુંબોટું લખવું નહિ.

ગિ.

શિક્ષણ વિષયક પ્રશ્નોત્તરી

: ૧ :

પ્રશ્નઃ બાળક બાલમંદિરમાંથી પેનસિલો ટેબલના બાનામાં કે પોતાના બીસામાં સંતાડી રાખે કે ઘરે લઈ જાય તો શું કરવું?

ઉત્તરઃ આવું બને ત્યારે નાસ્તા વખતે કે એવે કોઈ અનુકૂળ સમયે બધાં બાળકોની સમક્ષ કહેવુંઃ "ભાઈ! પેનસિલો સૌને માટે છે. ઘરે લઈ જઈએ કે ટેબલમાં મૂકી રાખીએ તો બધાં ક્યાંથી વાપરી શકે? માટે બાલમંદિરની વસ્તુઓ બાલમંદિરમાં જ વાપરવાની અને સૌએ વાપરવાની."

વળી બબર ન પડે તેવી રીતે બાળક બાલમંદિરની વસ્તુઓ ઘેર લઈ જતું હોય તો ઘેર જવાને વખતે બાળકોનાં બીસાં તપાસવાં ને પછી ઉપર મુજબ કહેવું.

: ૨ :

પ્રશ્નઃ બાળકોને ગોળા ઢાંકવાનો પાઠ આપ્યા પછી પણ કોઈ બાળક ગોળાઢાંકણું પછાડતું હોય તો શું કરવું? તેને "ધીમેથી મૂકો." એમ કહીએ છતાં તે ચાલુ રાખે તો?

ઉત્તરઃ "ગોળાઢાંકણું ધીમેથી મૂકો." એમ કહેવું જ નહિ, પણ કેમ મુકાય તે બતાવવું. આપણે ગોળાઢાંકણું વારંવાર શાંતિથી મૂકવું ને કહેવુંઃ "કેવું સરસ લાગે છે! આમ મુકાય."

: ૩ :

પ્રશ્નઃ બાળક પોતાનાં ચિત્રો શિક્ષકથી છાનાં ઘરે લઈ જાય તો કેમ કરવું?

ઉત્તરઃ બાળક ચિત્રો ઘરે લઈ જાય તો તેને કહેવુંઃ "મને કહીને ચિત્રો ઘરે લઈ જજો ને કાલે તે પાછાં લેતાં આવજો." એમ છતાં તે પાછું ન લાવે અને ઉપરાંત બીજા દેખતાં કે છૂપી રીતે લઈ જાય તો બાળકને કહેવુંઃ "તમારે જેને ચિત્રો દેખાડવાં હોય તેને અહીં લાવજો; અહીં બધાં ચિત્રો દેખાડજો."

: ૪ :

પ્રશ્નઃ બાળક મોટેથી બોલે છે-ને બીજાને બોલાવે છે ત્યારે આપણે તેને માથે હાથ મૂકીએ છીએ (તેનો અવાજ થયો છે તે તરફ ધ્યાન બેંચવા માટે) તો કહે છેઃ "અમને બબર છે. વારે ઘડીએ હાથ શું મૂકો છો?" તે વખતે શું કરવું?

ઉત્તરઃ હાથ મૂકવાની રીત બોટી છે. આના માટે નાસ્તા વખતે રમત ચલાવવી કે વાતચીત કેમ થાય, બીજાને બોલાવવાં હોય ત્યારે હાથની ઇશારતથી કેમ બોલાવાય, વગેરે. તેનો પાઠ આપીને કહેવુંઃ "આમ બોલાવાય." બીજાં બાળકોમાંથી કોઈને કહેવુંઃ "તમે કેમ બોલાવશો?" "તમે કેમ બોલાવશો?" વગેરે. પેલા મોટેથી બોલાવનાર કે બોલનાર બાળકનું આથી ધ્યાન બેંચાશે કે બોલાવવું હોય ત્યારે વગર અવાજે બીજાને કેમ બોલાવી શકાય છે.

: ૫ :

પ્રશ્નઃ કોઈ બાળક બીજાને દબડાવે, અથવા ધક્કામુક્કી કરે કે મારે, તો તેને માટે શા ઉપાયો લેવા?

ઉત્તરઃ બાળક ગુંડાગીરી કરે તો તે ન જ ચલાવી લેવાય. તેવા બાળકને બીજાં બાળકોથી દૂર રાખવું. બધાં બાળકો સમક્ષ તેની ગુંડા-

ગીરી જાહેર કરવી. શાંત અંતઃકરણ રાખીને પણ મક્કમ ને કડક અવાજે તેને કહેવું: "અહીં બાલમંદિરમાં તેમ નહિ ચાલી શકે. આવું ચલાવી નહિ જ લેવાય." વગેરે.

એમ છતાં બાળક પૂર્વવત પોતાનું વર્તન ચાલુ રાખે તો તેને થોડા દિવસ ઘરે રાખવાની–બાલમંદિરમાં નહિ મોકલવાની તેનાં વાલી (કે માતપિતા) પર ચિઠ્ઠી લખવી.

છતાંય બાળક તેમ કરતાં ન જ અટકે તો બાલમંદિરમાંથી તેને મુક્ત કરી શકાય.

: ૬ :

પ્રશ્નઃ બાળક બાકસ કે સાબુના કટકાથી ગાડી ગાડી કે એવું કાંઈ રમતું હોય તો તેને રમવા દેવું?

ઉત્તરઃ બાકસથી પોતાની મેળે રમતું હોય તો રમવા દેવું. તેનો વિરોધ કરી અટકાવવું નહિ. તેને પોતાની મેળે રમત ચલાવવા દેવી, અને તેની રમત પાછળનો હેતુ શોધવો.

: ૭ :

પ્રશ્નઃ ચાલુ કામે બાળક ગાતું હોય તો તેને અટકાવવું?

ઉત્તરઃ ના; ન જ અટકાવવું. તે ગાતું હોય તો વચ્ચે ન આવવું. જાણવું કે તે લહેરમાં છે. હા; બીજાને ખલેલ થતી હોય તો કહેવું: "તમે પેલી બાજુ જઈને ગાઓ." વળી કેટલાંક બાળકો હસતાં હોય, ઘૂંટણીએ પડી ચાલતાં હોય, તોપણ આપણે તો બેસી જ રહેવું; તેમને તેમ કરતાં ન અટકાવવાં. આપણે સ્વાતંત્ર્યનો સાચો અર્થ શોધવો. આ બધું ચાલતું હોય ત્યારે આપણે તો માત્ર રસ્તાના વાહનવ્યવહારને વ્યવસ્થિત રાખના-રની માફક ઊભા રહેવું ને જોવું કે મોટેરો-(બાળકો)અથડાય નહિ. અર્થાત્ આપણે એટલું જ જોવું કે બાળક પોતાને કે બીજાને નુકસાન તો નથી કરતાંને? વળી બાળકોની બધી પ્રવૃત્તિઓ સારી જોઈએ; તેમાંથી તેમનો વિકાસ થવો જોઈએ.

: ૮ :

પ્રશ્નઃ બાળકને દફ્તાપેટીનો પાઠ આપ્યો હોય છતાં પણ તે દફ્તા ઊંધા જ નાખે તો શું કરવું?

ઉત્તરઃ બાળક દફ્તા ઊંધા નાખતું હોય તો તેની પાસેથી દફ્તાપેટી લઈ લેવી અને ઈંટો, ધન કે એવું કાંઈ બીજું રમવા આપવું. પણ સાધનનો દુરુપયોગ કે ખોટો ઉપયોગ તો કદી ન જ થવા દેવો.

: ૯ :

પ્રશ્નઃ બાળક ઘણી વાર બીજાને ધક્કા મારી આવીને આપણી પાસે ફરિયાદ લાવે છે કે "પેલાએ (માર ખાનારે) મને માર્યું; મને ધક્કા મારે છે." વગેરે. તો આપણે શું સમજવું?

ઉત્તરઃ આપણે સમજવું કે ફરિયાદ કરનાર પોતે જ મોટે ભાગે ગુનેગાર હોય છે. બીજાની નિંદા કરનારનું પણ તેમ જ સમજવું.

: ૧૦ :

પ્રશ્નઃ બાળકોને માટે પેશાબ કરવાની જગ્યા નક્કી કરી હોય, છતાં પણ બાળક ગમે ત્યાં, છાને ખૂણે કોઈ ન દેખે તેમ પેશાબ કરે તો શું કરવું?

ઉત્તરઃ બાળકોને પેશાબ કરવાનું સ્થળ બતાવવું અને કહેવું: "બધાં બાળકોએ અહીં પેશાબ કરવા આવવાનું છે. અહીં જ પેશાબ

કરાય.” વગેરે. આમ વારંવાર બતાવતા રહેવું. બતાવ્યા પછી જોતા રહેવું કે બાળકો આપણું કહેવું બરાબર સમજ્યાં છે કે નહિ. બાળક ન સમજ્યું હોય તો તેને પેશાબ કરવાનું સ્થળ ફરીથી બતાવવું ને ઉપર મુજબ કહેવું. એમ છતાં પણ કોઈ બાળક જાણી જોઈને ધરાદા-પૂર્વક ગમે ત્યાં પેશાબ કરે તો તે બાળક પાસે સાફ કરાવવું. પેશાબ કર્યો હોય ત્યાં ધૂળ નખાવવી, અને તેની પાસે જ તે ધૂળ ઉપડાવવી. આ બધું બધાં બાળકોની સમક્ષ કરવું અને હકીકત જાહેર કરવી.

નોંધ–શ્રી. ગિજુભાઈને પૂછવામાં આવેલા પ્રશ્નોના આ ઉત્તરો છે. બાલમંદિરના શિક્ષકો આવા પ્રશ્નો ઘણી વાર પૂછતાં હતાં; તેની રાખવામાં આવેલી નોંધને આધારે અહીં ઉતારો કરેલ છે. —વિ.

મૃદંગ વાદન

તબલાંને તો સહુએ દીઠાં હોય છે. ગામડામાં તો કંઈ પણ સાધન ન મળે તોયે તબલાં તો અવશ્ય ઠાકરમંદિર કે ચોરેથી મળી આવે છે. ગામડાના લોકો, બાવાઓ અને અમુક અપવાદ સિવાય આજના શહેરના તબલચીઓ પણ અમુક સાદા અને સહેલા તાલો આંશરેથી વગાડે છે. પણ તેઓનું જ્ઞાન શાસ્ત્રીય હોતું નથી; તાલનો ખરો આનંદ તેઓ લઈ શકતા નથી. બાળકોને જો પ્રથમથી જ સાચું જ્ઞાન આપવામાં આવે, પ્રથમથી જ સાચો તાલ શ્રુતિગોચર થાય, તો આગળ જતાં તે શાસ્ત્રીય રીતે વિકાસ પામે. એ માટે બાલમંદિરના દરેક શિક્ષકે બાલસંગીતમાં ઉપયોગી એવા થોડા તાલોનું શાસ્ત્રીય જ્ઞાન મેળવી લેવું જોઈએ. દાદરો, ખેમટો, હીંચ, કેરબો, ગઝલ, ત્રિતાલ, દીપચંદી, આટલા તાલો મૃદંગ ઉપર બજાવતાં શીખી લેવા જરૂરી છે. તબલાં બજાવવા માટે ખાસ બોલો હોય છે, ને અમુક રીતે જ અમુક બોલ વાગી શકે છે. એની સમજણ આપવાથી નોટેશન ઉપરના તાલો હારમોનિયમ વગેરે વાદ્યિંત્રોની સારેગમના મુજબ બજાવી શકાય છે. દરેક બોલ છુટ્ટો કેમ બજાવાય, ગતિ અને લય તથા માત્રા કોને કહેવાય એ બધું નોટેશન પહેલાં જાણી લેવું જરૂરી છે. માટે તે વિષે પ્રથમ લખવામાં આવે છે.

એક સરખે સમયે જે ટકોરા થાય તેને માત્રા કહેવાય. દાખલા તરીકે ઘડિયાળનો સેકંડ કાંટો સરખે સમયે અવાજ કર્યે જાય છે તે દરેક અવાજને એક માત્રા કહી શકાય.

એવી અમુક માત્રાઓ મળીને એક તાલ બને છે. જેમકે ૭ માત્રાનો ખેમટો કે હીંચ નામનો તાલ.

આખા તાલની ગતિને લય કહેવાય છે; તે જલદ, મધ્ય અને વિલંબિત એમ ત્રણ પ્રકારની છે.

તાલને ત્રણ અંગો હોય છે. સમ, ખાલી, અને તાલી. સમ એટલે શરૂઆત; ખાલી અને તાલી એ વચ્ચેનાં અંગો છે. કોઈ વખતે ખાલી નામનું અંગ હોતું નથી. એ વિષે નોટેશનમાં વધુ સમજ પડશે. માત્રા વગેરેની નિશાનીઓ આગળ ઉપર આપશું. હાલ તબલાંની સમજણ સાથે દરેક બોલ છૂટો કેમ વગાડવો તે

હોવાથી નોટેશનના લખાણમાં હજી
શબ્દો રાખીશ.

ાની રીત બે જાતની હોય છે;
બંધ. જ્યારે સમૂહસંગીત ચાલતું
વધુ અવાજની જરૂર હોય ત્યારે
બજાવવા હોય ત્યારે ખુલ્લા હા-
બજાવવાં જોઈએ. તેમ ન હોય
લો વગાડવા. મોટે ભાગે તો બંધ
પસંદ કરવા જોઈએ. એમાં અવાજ
નીકળે છે, અને તે શ્રવણમાં
ન કરનારો હોય છે.

એટલે ગાયનની શરૂઆતમાં અને
તો શ્રુતિમધુર ખુલ્લો બોલ. તે
ાના હિસાબથી જ ગોઠવાયેલો

અને બંધ બોલ બજાવવાની રી-
હોય છે. પહેલાં બંધ બોલોનું
લખું છું.

ણ ઉપર વાગતા બંધ બોલો

ા–ગી–ધિ–ધી–ગ. ભોણના ઉપર
ળી મૂકી અને મધ્યમા આંગળીથી

ભ
અ
છે
શ
જ

અ
વ
હ
લા

છે.
મિ
જ
ટ
વંચે

અં
ક્ષણ

કેવળ જીવારી ઉપર વાગતા બોલો

(૩) **ન-ના-ન-ના.** જીવારીનો
ાગ કે જેને ટાંચી કહેવાય છે તેના ઉપર ત
ાંગળી જોરથી લગાવવાથી આ બોલો
તે વખતે બીજી આંગળીઓ તથ
હી ઉપર રાખવી અને અંગૂઠાને છેક
રાખવો.

(૪) **તી-તીં.** જીવારી ઉપર ત
ને અનામિકાના અવાજથી વાગે છે
મતે અનામિકાને ઊંચી રાખવી અને ત
ા છૂટો રાખવો. અવાજ ખુલ્લો અને
ાશે.

(૫) **તીરી-તીટ-ત-ટ.** આ બોલ્યા
જીવારીની શાહી ઉપર મધ્યમા અને ત
કા સાથે રાખવી તે **તી**, અને પછી
તર્જની રાખવી એટલે **રી** પેદા થશે.
પણ કહેવાય છે. કેવળ ત અથવા ટ
હોય તો તીની માફક બજે છે.

(૬) ત્ર-આ પણ બોલ્યો બોલ છે. મ
ા તર્જની જીવારીની શાહી ઉપર એ
ના અંતરે નાખવાથી આ બોલ થઈ

ઉપર ના આમ બંને તબલાં ઉપર બંને હાથથી એકી સાથે બજાવવાથી ધા વગડે છે.

(૮) ધીં. ભોણ ઉપર ધી અને જીવારીમાં નીં એાલ એકી સાથે વગાડવાથી ધી એાલ વાગે છે. (અપૂર્ણ) વ. વૈ.

નોંધ–બાલમંદિરમાં સંગીતને સ્થાન મળી ચૂક્યું છે. જે મંદિરને સંગીતશાસ્ત્રી અને તબલચી મળી રહે તે મંદિરનું કામ સહેલું છે. પણ દરેક મંદિરમાં આવી સગવડ હોતી નથી. તાલ અને સૂર વિનાનું સંગીત ચાલે તેના કરતાં તો તે બંધ કરવું વધારે સારું. પણ તે બંધ કરતાં પહેલાં બાલમંદિરના દરેક શિક્ષકે સંગીતનું અને તબલાંનું થોડું ઘણું જ્ઞાન મેળવી લેવું જ જોઈએ. એવું નથી કે એનું જ્ઞાન અશકય છે. પોતાના ગામમાં કોઈ ને કોઈ થોડું ઘણું જાણનાર તો મળી જ રહે છે. તેને ગુરુ કરી તેની પાસેથી જેટલી વિદ્યા હોય તેટલી અવશ્ય શીખી લેવી.

સામાન્ય રીતે શિક્ષક વધારે ઊંચું સંગીત ન જાણે તો ચાલે; પણ તેને લોકગીતો ગાતાં તો આવડવું જ જોઈએ. લોકગીતો ગાવામાં સહેલાં છે. કોઈ જાણકાર પાસેથી તે તુરત જાણી શકાય છે. લોકગીતો હજી લોકોના કંઠમાં જીવંત છે એટલે તે શીખી લેવાં અઘરું નથી. ઉપરાંત પણ રેકર્ડમાંથી સારાં સારાં ગીતો ગાતાં શીખી શકાય.

આ ગીતો ગાતી વખતે તબલાંનો તાલ આવશ્યક છે. તાલ સંગીતને મધુર કરનાર છે; ઉપરાંત સંગીતની ભૂલો પકડનાર છે. સંગીત ગમે તેમ ગાઈ શકાય નહિ; માત્ર મીઠો કંઠ બસ નથી; માત્ર સૂરમાં ગાવું બસ નથી; સૂર સાથે તાલ પણ જોઈએ જ. વળી દાંડિયારાસ, ગરબા, નાચ, કૂચ વગેરે તો તાલ ઉપર જ નિર્ભર છે. એટલે શિક્ષકે તાલ શીખી લેવો જોઈએ. અંજારના વૈદરાજ વલ્લભરામભાઈ સંગીતરસિક છે. તેઓ તબલાના સારા વગાડનાર છે. તેમણે તબલાવાદન ઉપર આ લેખમાળા શરુ કરી આપણને આભારી કરેલ છે. સૌ જિજ્ઞાસુ આનો પૂરો લાભ ઉઠાવે. **તંત્રી.**

સાપ નીકળ્યો.

"ભાઈ! પણે સાપ."

સાપનું નામ સાંભળતાં નાનાં અને મોટાં સૌ હરિભાઈની પાછળ દોડ્યાં.

ડાહ્યાભાઈ નિરાંતે ઊભા ઊભા જોયા કરતા હતા.

જઈને જોયું તો ખરેખરો સાપ જ હતો. નાનું બચ્ચું હતું. ગૂંચળું વાળીને બેઠેલું. લાંબી લાકડી લાવી હીરાભાઈએ એને પૂંછડેથી દાબ્યું. બીજા એક બે દોડતાં દોડતાં દોરી લઈ આવ્યાં અને ગાળીઓ કરીને પૂંછડેથી બાંધવા મહેનત કરી. પણ એ તો એવું ખિજાયું હતું કે બસ. જો જરાક છટકત તો બે ત્રણને કરડ્યા વિના રહેત જ નહિ. ને બીજ પણ જોયા જેવી હતી. હતું તો સાવ નાનકડું પણ ફેણ માંડીને જીભના લબકારા લેવા માંડ્યું ત્યારે નાના મોટા સૌના પગ ઢીલા થઈ ગયા. મનમાં તો બધાયને બીક લાગી, પણ પછી કાંઈ એને પકડ્યા વિના રહેવાય?

જેસંગભાઈ દોડતા દોડતા બીજી લાકડી લઈ આવ્યા. અને બીજી બાજુથી એણે દાબ્યું. પછી દોરીનો ગાળિયો લાકડીને છેડે બાંધી બચ્ચું ઊંચુ નીચું થતું હતું તે બાજુ ફેરવ્યો; દોરીનો બીજો છેડો હાથમાં હતો. ગાળિયામાં બચ્ચાંનું મોઢું જેવું આવ્યું કે તુરત છેડો

ખેંચ્યો અને બચ્ચું બંધાઈ ગયું.

હવે નાસી નહિ જાય એવી ખાતરી થઈ; પછી બધાં બાળકોને જોવાની ઇચ્છા હતી ત્યાં સુધી બરાબર બતાવ્યું.

વિનોદકુમાર અને ડાહ્યાલાલ નીડર અને બહાદુર ખરા. તેઓ ગમે તેવા જોખમમાં ઝંપલાવ્યા વિના ન જ રહે. "એને અડીએ તો કરડે?" અડવાની ઇચ્છાથી બન્નેએ એકી સાથે મને પૂછ્યું.

"તમને શું લાગે છે?" મેં સામો પ્રશ્ન કર્યો.

તરત જ તેઓ એટલા તો સ્વયંવિચારે નિર્ણય પર આવી શકચા કે તેને અડવામાં જોખમ રહેલું જ હતું; આથી તેઓએ અડી જોવાની વાત પડતી મૂકી, પણ હીરાભાઈ ને કહ્યું: "લાવો; અમે એને નાખી આવીએ."

એમની નીડરતાની કસોટી કરવા હરિભાઈની પાસેથી લાકડી લીધી અને એકના હાથમાં મૂકી. બીજાં ઘણાં બાળકો બીકના માર્યાં દૂર દૂર ભાગતાં હતાં. વિનોદકુમાર અને ડાહ્યાલાલ સાપના બચ્ચાને લઈ ને તેને દૂર નાખવા ચાલ્યા. પણ એ તો મોત સાથેના ખેલ! એમાં રહેલા જોખમની કલ્પના એમના અનુભવના પ્રદેશ બહારની ગણાય. વિનોદકુમારના હાથ સાથે મેં પણ લાકડી પકડેલી હતી. હજી હું તેમના હાથમાંથી લાકડી અને દોરી એમ બન્ને લઈ લેવાનો વિચાર કરું છું એટલામાં જ દોરી કંઈક ઢીલી પડી અને સર્પનું બચ્ચું સરકયું. મેં દોરીને બરાબર ખેંચી, અને લાકડી લઈ લીધી. બાળકોને એક બાજુએ કરી એક માણસને દૂર લઈ જઈ નાખી આવવા સૂચવ્યું.

બધાં જ બાળકો સ્વયં રમતે વળગ્યાં, પણ આખો દિવસ સાપની વાતો તો ન જ ગઈ.

સાપના ભણકારા હજી પણ શમ્યા નથી. ચોમાસામાં અળશિયાં દેખાય અને "સરપ, સરપ!" થઈ પડે. નાનાં મોટાં સૌની ધડીક તો દોડાદોડ થાય. કોઈ પણ અજાણ્યું જીવ-જંતુ દેખાય કે "એ સરપ!" "એ સરપ!" થી વાતાવરણ ગભરાટે ગાજી ઊઠે.

એક સરપ નીકળ્યો અને એને જોયા પછી કાનખજૂરા વીંછી, કાકીડા, ઈયળો, સાપોલિયા, સાપની માશી અને એવાં એવાં ઝાડપાનમાં ભરાઈ રહેતાં અને જમીનમાં રહેતાં ઘણાંય જીવજંતુ બાળકોએ જોયાં. અને જ્યારે જ્યારે નીકળ્યાં ત્યારે દરેક વખતે "એ શું છે?"ની ચોક્કસ માહિતી અને ખાતરી કરી લીધી. ઈયળો દેખીને પણ 'સરપ' થઈ પડતું; પણ એમાંથી તો પતંગિયાં બનાવવાનું શરૂ થયું.

બાલમંદિરમાં નાનું સાપનું બચ્ચું નીકળ્યું પછી નાની મોટી બસ્સો આંખોને જે ઘડીએ જે કાંઈ નીકળે તે તેની નજર બહાર જતું નથી. અને નીકળ્યા પછી પણ એ શું છે, કયાં રહે છે, શું ખાય છે અને કયાં કયાં જાય છે, એ બધાની ઝીણવટથી ચર્ચા થઈ જાય છે. અને છેવટે કરડે તેવાં કયાં કયાં જીવજંતુ હોય છે તે પણ નક્કી થાય છે.

સરપનું એક નાનું બચ્ચું બાલમંદિરના બાળકોને સાચી અને ખોટી બીકનો પરિચય કરાવીને ચાલ્યું ગયું. ભ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

નૂતન ગણિતશિક્ષણ

[અનુસંધાન ગતાંક પાને ૧૨૯ થી]

દશક સુધીનું સંખ્યાજ્ઞાન અને સંજ્ઞાજ્ઞાન થયા પછી અને સંખ્યા અને સંજ્ઞાનું જોડાણ થયા પછી દશ સુધીના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આવે છે. પહેલાં આપણે દસ સુધીના સરવાળા લઈશું. આને માટેનું સાધન લાંબી સીડી છે. લાંબી સીડી બરાબર ગોઠવ્યા પછી એમાંથી નવની લાકડી લેવી. એક, બે, ત્રણ, એમ ગણ્યા પછી પૂછવું: ' આ કેટલા છે ? " બાળકને બબંર છે એટલે એ જવાબ આપશે "નવ." પછી એકની લાકડી લેવી; એ પણ ગણવી. પછી બાળકને પૂછવું: "આ કેટલા છે?" બાળક જવાબ આપશે "એક." નવની પાસે એકની લાકડી મૂકી પૂછવું: " નવની અંદર એક નાખીએ તો કેટલા થાય ? " પછી ગણવા: " એક, બે, ત્રણ,...દશ. નવની અંદર એક નાખીએ તો કેટલા થાય ? " " નવની અંદર એક નાખીએ તો દશ થાય " એ પ્રમાણે આઠની પાસે બે મૂકીને આઠની અંદર બે નાખીએ તો દશ થાય, સાતની અંદર ત્રણ નાખીએ તો દશ થાય અને છની અંદર ચાર નાખીએ તો દશ થાય. એટલા સરવાળા બાળકને લાંબી સીડી મારફત બતાવી શકાય. શરૂઆતમાં માત્ર આટલા ચાર જ સરવાળા લેવા અને બાળકને એનો સાધન મારફત સ્પષ્ટ ખ્યાલ આપવો. બાકીના સરવાળા હવે પછી લેવાના નથી હોતા; પણ દશ સુધીની આવી જ જાતની બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર બતાવ્યા પછી લેવાના હોય છે.

એટલે હવે આપણે બાદબાકી લઈએ. બાદબાકી માટે આપણે લાંબી સીડી કાયમ જે રીતે ગોઠવીએ છીએ તે રીતે ગોઠવવાની નથી હોતી, પરંતુ ઉપરનો સરવાળો કરતાં જે ગોઠવણી થાય છે એ પ્રમાણે ગોઠવવાની છે. આ પ્રમાણે ગોઠવણ કર્યા પછી પહેલાં આપણે બાળક પાસે લાંબી સીડીના પટ્ટા ગણવા. એક, બે, ત્રણ, એમ દશ થશે. પછી એમાંથી એકનો કટકો ગણીને લેવો પછી " આ કેટલા છે?" એમ પૂછવું. બાળક તરત જ જવાબ આપશે: " એક." પછી " દશમાંથી એક લઈ લઈએ તો કેટલા રહે ? " વળી પાછા પટ્ટા ગણવા. ગણ્યા પછી બાળક જોઈ શકશે કે હવે તો નવ રહે છે, એટલે પછી કહેવું: " દશમાંથી એક લઈએ તો કેટલા રહે ?" " નવ." " દશમાંથી એક લઈએ તો નવ રહે." એવી જ રીતે બીજી વખત કરવું. આની અંદર આઠના કટકા પાસે એનો કટકો મૂકેલો હોય છે. દશ ગણ્યા પછી એનો કટકો ગણીને લઈ લેવો. " દશમાંથી બે લઈ લઈએ તો કેટલા રહે ? " ફરી પાછું ગણવું અને કહેવું: " દશમાંથી બે લઈ લઈએ તો આઠ રહે." આ પ્રમાણે દશમાંથી ત્રણ લઈ લઈએ તો સાત રહે, અને દશમાંથી ચાર લઈએ તો છ રહે, એમ બતાવવું. બાળકની નજર સાધન સામે હોવાથી બરાબર સમજી શકે છે કે સરવાળા કરવા હોય ત્યારે અંદર નાખવાનું હોય છે અને બાદબાકી હોય છે ત્યારે અંદરથી લઈ લેવાનું હોય છે. આ વસ્તુ પ્રત્યક્ષ નજર

સામે હોવાથી બાળકમાં સરવાળા એટલે શું અને બાદબાકી એટલે શું એનો બરાબર ખ્યાલ ઊભો થાય છે. સરવાળામાં અંદર નાખવાની પ્રક્રિયા કરવાની હોય છે, અને બાદબાકીમાં અંદરથી કાઢી લેવાની પ્રક્રિયા કરવાની હોય છે; આ સમજણ મોઢેથી આપવામાં કંઈ અર્થ જ હોતો નથી. નાનાં બાળકો પાસે તો કોઈ પણ વસ્તુ ક્રિયાથી મૂકીએ તો જ એમના ખ્યાલમાં એ વસ્તુ આવે છે. (અપૂર્ણ)

શંકર શાહુ.

કચ્છમાં બે સંમેલનો

: ૧ :

કચ્છ લોહાણા કેળવણી ખાતા તરફથી વરલી મુકામે ખાતાની સાઠે શાળાના શિક્ષકોને ત્રણ દિવસ માટે શ્રી. ગિજુભાઈના પ્રમુખપણા નીચે એકઠા કરવામાં આવ્યા હતા. ત્રણ દિવસના મિલનમાં લાંબો એવો કાર્યક્રમ હતો. એમાંનો મુખ્ય કાર્યક્રમ નીચે આપવામાં આવ્યો છે. શ્રી. ગિજુભાઈનાં વ્યાખ્યાનો, પ્રશ્નોત્તરો અને આદર્શ પાઠો; પ્રાણજીવન આચાર્ય, કચ્છ લોહાણા કેળવણી ખાતાના મુખ્ય અધિકારીના આદર્શ પાઠો; ઉપરાંત આમંત્રિત સજ્જનો શ્રી. પ્રભુલાલ ઘેાળકિયા–નિયામક, સરસ્વતી સદન, સદનવાડી તથા ભાઈ પટવર્ધનભાઈ, તથા જામનગર બાલમંદિરના આચાર્ય શ્રી. નરેન્દ્ર બધેકા, તથા અંજારના વૈદરાજ શ્રી. વલ્લભરામભાઈનાં ભિન્ન ભિન્ન વિષય ઉપર વ્યાખ્યાનો હતાં. બીજી ઉપયોગી બાબતોમાં સાઠે શાળામાં બાલસંઘની સ્થાપના અને વૃક્ષારોપણની વિધિ થયાં હતાં. ઉપરાંત વનસ્પતિદર્શન, કુદરતમાં પરિભ્રમણ, નાટકો, રાસ, સંગીત, વગેરે બાબતો આનંદ સાથે જ્ઞાન માટે ગોઠવવામાં આવી હતી. ભુજ સાર્વજનિક કન્યાશાળાનાં આચાર્ય બેન મનોરમાબેન રામજીને હાથે બાળકોના કળાના નમૂનાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગામનો સહકાર સુંદર હતો.

: ૨ :

અંજાર બાલસંઘ સંમેલન. અંજાર ચોવીશીનાં ૭ ગામડાંઓનાં બાળકોનું એક સંમેલન તા. ૧૪–૧૦–૩૭ ના રોજ શ્રી. ગિજુભાઈના પ્રમુખપણા નીચે થઈ ગયું. આ સંમેલનમાં અંજાર, વરસામેડી, સિનુગ્રા, ખંભરા ને દેવળીઆ, એ ગામોનાં બાળકોએ લગભગ ૫૦૦ ની સંખ્યામાં હાજરી આપી હતી. સ્વાગતના પ્રમુખ શ્રી. ડુંગરશી ધરમશી સંપટ હતા. ગામના શહેરીઓએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. કાર્યક્રમ નીચે પ્રમાણે હતો. સવારમાં બાળકોનું શહેરમાં સરઘસ; બપોરે ચાર વાગે સ્વાગતપ્રમુખ, પ્રમુખ તથા અંજાર ચોવીશીના પ્રમુખ વૈદરાજ વલ્લભરામભાઈ, અને સામાન્ય મંત્રી શ્રી. હરિભાઈ ચૌહાણનાં ભાષણો હતાં; ત્યાર બાદ બાળકોના પ્રમુખો, ઉપપ્રમુખો તથા વડીલપ્રમુખો, તથા મંત્રીઓનાં પરચયર્યા અને નિવેદનો હતાં; ત્યાર બાદ જુદાં જુદાં સ્થળોનાં બાળકોનાં ભાષણો તથા નાટ્યપ્રયોગો હતા. રાતે સંમેલનનું કામ સફળતાપૂર્વક પૂરું થઈ ગયું. બાળકોને બે ટંક જમાડવામાં આવ્યાં હતાં. સંમેલનની સફળતા અંજારના સૌ ભાઈઓને આભારી છે. માત્ર

કેટલાંક નામો દાખલા રૂપે નોંધવામાં આપે છેઃ— વૈદરાજ વલ્લભરામભાઈ તથા કારીબેન, શ્રી. જુગતરામભાઈ, શ્રી. હરિભાઈ ચાહાણ, વૈદરાજ જાદવ, શ્રી. દલપતરામભાઈ, શ્રી. મણિભાઈ, શ્રી. જયરામભાઈ, શ્રી. દેવરામ વરૂ તથા સ્વાગત પ્રમુખ શ્રી. ડુંગરશીભાઈ સંપટ. ગિ.

કચ્છ-અંજાર ચોવીશી બાલસંઘ સંમેલનના

સ્વાગત પ્રમુખ શ્રીયુત ડુંગરશી ધરમશી સંપટનું ભાષણ

બાળકોના સાચા બેલી શ્રી. ગિજુભાઈ, બહેનો, બંધુઓ અને મારાં વહાલાં બાળકો !

આજે તમને સૌને સપ્રેમ આવકાર આપતાં મારું હૃદય હર્ષથી ઉભરાઈ જાય છે. આપે અમારે આંગણે પધારીને મોટું માન અમને આપ્યું છે તેથી અમે કૃતકૃત્ય થયા છીએ. આ મેળાવડો અંજારમાં અવનવો છે. આટલાં નિર્દોષ પુષ્પસમાં પ્રિય બાળકો અહીં આવ્યાં એ અમારાં અહોભાગ્ય છે. એમનો અમે પ્રેમપૂર્વક સત્કાર કરીએ છીએ. અમારી સંગવડોમાં ઊણપો હશે તે માટે અમે બધાં બાળકોની ક્ષમા માગીએ છીએ. અમારા ખરા હૃદયના સ્વાગતને સ્વીકારી અમારા તરફથી થયેલા પ્રમાદો માટે અમને માફ કરશો એવી આશા સેવું છું.

શ્રી કચ્છમાં બાળકેળવણીનો સૂર્ય માત્ર થોડાં જ વર્ષોથી તેજસ્વી પ્રકાશમાન થતો જાય છે. કચ્છમાં સાડા પાંચ લાખની વસ્તીમાં આશરે સવા લાખ બાળકો છે. પુષ્કળ ગામઠી, બાનગી, દરબારી અને સંયુક્ત સંસ્થાઓની શાળામાં આશરે પચીશ હજાર વિદ્યાર્થીઓ શીખે છે. ભુજ, માંડવી, અંજાર અને મુંદરાની હાઈસ્કૂલોમાં આશરે એક હજારથી બારસો વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ લે છે. કચ્છમાં મેટ્રિકયુલેટ થયેલા બસોથી વધારે નથી. દર વરસે નવા મેટ્રિકોની સંખ્યા પચીશની અંદર રહે છે. ગ્રેજ્યુએટો આશરે ૭૫ હશે.

કચ્છમાં રાજ્ય કેળવણી પાછળ વાર્ષિક અઢી લાખ કોરી ખર્ચે છે. બાનગી સંસ્થાઓ વાર્ષિક ચારથી પાંચ લાખ કોરીઓ શિક્ષણ પાછળ ખર્ચે છે. પરંતુ બાનગી શિક્ષણ સંગઠન માગી રહ્યું છે. હમણાં કચ્છ લોહાણા કેળવણી ફંડની શાળાઓમાં અને દરબારી શાળાઓ સંગઠિત અને એકતંત્ર નીચે ચાલે છે. બાકી બીજા પ્રયાસો છૂટાછવાયા અને શ્રીમંતવર્ગના ફાળા પ્રમાણે ચાલે છે.

કચ્છમાં ૯૦૦ ગામડાં ગણાય છે. તેમાં આશરે ત્રણસો ગામડાંમાં શિક્ષણની બાનગી અથવા દરબારી શાળાઓ છે; બાકી છસો ગામડાં શિક્ષણસંસ્થાઓથી વંચિત છે. દરબારી અને ભાયાતી મળી ૧૧૫ શાળાઓ છે. કચ્છ લોહાણા કેળવણી ફંડ આશરે સાઠ સંસ્થાઓ નિભાવે છે; બાકી બાનગી સંસ્થાઓ છે. બાવીશ હરિજનોની શાળાઓ છે, પરંતુ તેમાં વિદ્યાર્થીઓ ઘણા ઓછા છે. હરિજન નાનપણથી જ પોતાના ઉદરનિર્વાહ માટે કમાઈ કરવામાં પડ્યા હોય છે. બોજાઓની આગાખાની જમાત પણ દસેક શાળાઓ નિભાવે છે.

બાળાઓનું શિક્ષણ બહુ જ થોડું છે. એમના માટે શિક્ષણસંસ્થાઓ માત્ર શહેરમાં જ છે. હમણાં હમણાં કન્યાશાળાઓની સંખ્યા વધે છે, પરંતુ શિક્ષિકાઓની ભારે તંગી છે. કચ્છમાં પાંચથી સાત હજાર કન્યાઓ ગુજરાતી શિક્ષણ લે છે. કન્યાઓ માટે અંગ્રેજી શીખવાની એકેય સંસ્થા અદ્યાપિ સ્થપાઈ નથી.

કચ્છમાં ઉજળિયાતવર્ણો શિક્ષણ લે છે. ખેડૂત, મજૂર, પશુપાળ, વગેરેમાં કેળવણી ઘણી ઓછી છે. આખા કચ્છમાં અગિયાર ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે; સ્ત્રીઓમાં ૦.૧ ટકો માત્ર લખી વાંચી શકે છે.

કચ્છમાં કેળવણી પાછળ કુલ આશરે દશ લાખ કોરી દર વરસે ખર્ચાય છે. તેમાં પાંચ લાખ કોરી માસ્તરોના પગારો પાછળ અને પાંચ લાખ કોરી જગ્યાઓનાં ભાડાં, શિક્ષણનાં સાધનો, પુસ્તકો ઉપર આશરે ખર્ચાતી હશે.

આ આંકડા બધા આશરે એટલે અનુમાનથી કલ્પેલા છે.

આપણાં બાળકોનો શારીરિક અને માનસિક ઉછેર યોગ્ય રીતે થતો નથી. હોટેલો વધ્યાથી અને ચાહની કુટેવના મોટા પ્રચારથી દૂધ ઘણું મોંઘું થયું છે. તેમાં પણ સ્વચ્છ દૂધની ઘણી તાણ રહે છે. વાઇટ ઓઈલ, વેજીટેબલ ઓઈલ અને ચરબીથી મિશ્ર ઘી વેચાય છે એટલે બાળકોના પોષણ માટેની બહુ જ અગત્યની વસ્તુઓ બહુ મોંઘી અને અસ્વચ્છ મળે છે.

કચ્છમાં બાળકોની માનસ સુધારણા માટે બહુ થોડું થયું છે. કચ્છી બાળકને સુંદર ગાળ દેતાં બરાબર આવડે છે. પાંચ સાદા શબ્દો અને છઠ્ઠી ગાળ એ એના વડીલો પાસેથી મળેલો કિંમતી વારસો છે. બાળકોમાંથી ૧૦૦ ટકાની વૈદકિય તપાસ લેતાં આશરે ૫૦ ટકા આંખ, કાન અથવા દાંતના રોગોથી પિડાતાં માલૂમ પડશે. જાહેર રસ્તામાં પેશાબ કરવો, પાયખાને જવું, જ્યાં ત્યાં થૂંકવું કે લીંટ નાખવી, એ તો એમને માબાપો તરફથી નકલ કરવાનું મળે છે.

કચ્છનાં હવાપાણી ઘણાં તંદુરસ્ત છે. છતાં માણસોની ગંદી ટેવોને લીધે બાળમરણ પ્રમાણ વિશેષ છે. એના આંકડા લભ્ય કે કલ્પ્ય નથી. ગામડાંઓ કે શહેરોમાં આખું વાતાવરણ ધૂળિયું ને ગંદું છે. સ્ત્રીઓની સુવાવડ માટેની સંસ્થાઓ આંગળીના પહોંચા જ વેઢા જેટલી છે. એટલે બાળમરણ અને કસુવાવડોનો પાર નથી.

નાનપણથી જ બાળકોના મનમાં ભયનું વાતાવરણ ઉત્પન્ન કરવામાં આવે છે; મોટાંઓ પણ એકલાં અંધારા ઓરડામાં પ્રવેશ કરતાં અચકાય છે. ભૂતપ્રેત, ડાકણ, ચુડેલ અને જનોની માન્યતા માબાપોના હૃદયમાં સાર્વત્રિક કોતરાયેલી છે.

બાળકોને સ્વચ્છતા, ચોખ્ખાઈ, સુખશાંતિનું કાંઈ જ્ઞાન મળતું નથી. વસ્ત્રો, શરીર, ઘર અને શેરીની સ્વચ્છતા માટે કાંઈ શિક્ષણ તેમને મળતું નથી.

પોતાની ઊણપો સમજાય તો સુધરવાનું મન થાય; તેથી જ મેં આજે કચીનાઈનનો ઉપયોગ કર્યો છે. તે માટે ક્ષમા માગી લઉં છું.

અંતમાં આપ સૌને ફરીથી ખરા હૃદયનો આવકાર આપું છું. આ પ્રવૃત્તિને હું ઊમળકાભેર વધાવી લઉં છું. મારા મિત્ર શ્રી. વલ્લભભાઈના સત્પ્રયત્નથી આ નાનો તંદુરસ્ત છોડ તૈયાર થયો છે. આપ બંધુઓ એને પ્રેમવારી સીંચી સુમાળી શ્રી. ગિજુભાઈની દોરવણી નીચે તંદુરસ્ત બનાવો એવી પ્રાર્થના છે.

શિક્ષણ સમાચાર

કચ્છ અને ગિજુભાઇ

—શ્રી. ગિજુભાઇ. દિવાળી બાદ મોટે ભાગે પ્રવાસમાં રહેશે એટલે તેમની સાથેનો પત્રવ્યવહાર " શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર " ને સરનામે કરવો.

—સદનવાડી. બાલસંઘની સ્થાપના થઈ. વૃક્ષારોપણ થયું. તા. ૨૮-૯-૩૭.

—ભુજ. હરિજન શાળા તથા આશ્રમનાં દર્શન. સાર્વજનિક કન્યાશાળાનું નિરીક્ષણ, મેળાવડો, વ્યાખ્યાન, કન્યાઓનો પ્રવાસ. સાહિત્યસભામાં બાલસાહિત્ય ઉપર વ્યાખ્યાન. આઝાદ મંડળ તરફથી એક જાહેર વ્યાખ્યાન. જૈન ઉપાશ્રયમાં વ્યાખ્યાન.

—કલ્યાણપર. કચ્છ લોહાણા કેળવણી ખાતાની શાળાનું નિરીક્ષણ.

—અંજલ. કન્યાશાળાનું દર્શન અને મુલાકાત.

—મુંદ્રા. બાલસંઘની પ્રવૃત્તિ તેમ જ લોકવ્યાખ્યાન, હાઈસ્કૂલ, કન્યાશાળા, અને ગામઠી શાળાનાં દર્શન.

—ઝરપરા. હરિજન ઉદ્યોગમંદિરનો પાયો નાંખ્યો.

—ભુજપુર. કુમારમંદિર તથા હરિજન શાળા અને અંગ્રેજી શાળાનાં દર્શન અને મુલાકાત.

—ભદ્રેસર. લોકવ્યાખ્યાન.

—વરલી. કચ્છ લોહાણા કેળવણી ખાતાન શિક્ષકોના અભ્યાસવર્ગનું સંચાલન, વૃક્ષારોપણ તથા બાલસંઘસ્થાપના. કારતક શુદ બીજે કચ્છ લોહાણા કેળવણી ખાતાની તમામ શાળામાં વૃક્ષો રોપાશે, અને તમામ શાળાઓના શિક્ષકો બાલસંઘનું સંચાલન કામ શરૂ કરશે.

—અંજાર. અંજાર ચોવીશીના બાળસંઘોનું પહેલું સંમેલન.

—દેવળીઆ. બાલસંઘ સ્થપાયો.

—કુંભારીઆ. બાલસંઘ સ્થપાયો.

—સિનુગ્રા. બાલસંઘ સ્થપાયો.

કાઠિયાવાડ-ગુજરાત

—જામનગર. શ્રી જામ સિલ્વર જુબીલી બાલમંદિરનું શ્રી ગિજુભાઇએ બીજી વાર નિરીક્ષણ કર્યું.

—ભાવનગર. શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થામાં તા. ૨૬-૧૦-૩૭થી દિવાળીની સત્રાન્ત રજાઓ શરૂ થઈ છે.

—સોરો. નારણભાઇ પટેલ સોરાથી છૂટા થઈ જફરાબાદમાં જોડાયા.

—અમદાવાદ. શ્રી. ગિજુભાઇ સન્માન સમારંભની તારીખો તા. ૨૦-૨૧-૨૨ નવેમ્બર નક્કી થઈ.

—કુંડલા. રાષ્ટ્રીય શાળા તથા રાત્રિશાળા ચાલુ થઈ. આચાર્ય શ્રી. કેશુભાઈ ભાવસાર, વ્યવસ્થાપક, મિત્રમંડળ કુંડલા.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૪

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાલમંદિરનાં મકાનોની વ્યવસ્થામાં, સંગીતના સાજમાં, નાટકોના સરસામાનમાં, ક્રીડાંગણનાં સાધનોમાં, પુસ્તકાલય અને વાચનાલયમાં, પ્રવાસોમાં, કલામંદિર અને શણગારોમાં, આલેખો અને પૂંઠાંમાં, નોંધો અને પોથીઓમાં, વાનીઓ અને ઘોડાગાડીઓમાં બાળકોને ભૂલી ના જતા.

બાળકોના અવલોકન અને તેના ઉપર તેના વિકાસનું ધોરણ રચવાની સતત જાગ્રત એવી દૃષ્ટિ વિના ઉપલું બધું વર વિનાની જાન જેવું છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] માગ^શીર્ષ ૧૯૯૪ [અંક ૧૦

અ ન ના

કદી પણ ન માનો કે છોકરો અને છોકરીમાં ભેટ પાડવો જોઈએ. તેમના શરીરના સ્વાભાવિક ભેદો માત્ર ઉપલક છે; તેમનાં મન અને આત્માને તેમની જાતિનો ભેદ સ્પર્શ પણ કરતો નથી. જેઓ મનુષ્યોને માત્ર દેહ વડે જ ઓળખે છે તેઓ પશુભૂમિકાના જીવો છે; તેઓ જ ભેદને રાખી શકે અને સહી શકે. મનુષ્યો અને દેવબુદ્ધિવાળા જીવો લિંગભેદની પેલી પાર જઈ મનુષ્યમાત્રમાં જે એક અને સનાતન તત્ત્વ છે તેને જ લક્ષમાં રાખી જીવાત્માઓના વિકાસનો વિચાર કરે.

: ૨ :

બાળકોને અશ્રદ્ધા આપવી એ બહુ ખરાબ ભેદ છે.

અશ્રદ્ધા, નિરાશાવાદ, શંકાપ્રકૃતિ, આ બધા ભયંકર રોગો છે. આ રોગો માબાપોમાંથી બાળકોમાં ઊતરે છે. જીવનનાં દેવાળિયાં માબાપોનો આ રોગો બાળકોને વારસો છે.

: ૩ :

દ્વેષથી નહિ પણ પ્રેમથી વિરોધીને જીતવો એ સૂત્ર માત્ર વાચનમનન માટે નથી, પણ આચરણ માટે છે.

: ૪ :

કલિયુગનું હળાહળ ઝેર દેખાદેખી અને સ્પર્ધા છે. બાળકોને તેમાંથી કોઈ બચાવશે ?

: ૫ :

દુઃખી અને દર્દીઓ માટે દુવા કરવી એ પણ સેવાનું એક અંગ છે. જેઓ બાળકો માટે કંઈ જ ન કરે તેઓ રોજ પ્રભુ પાસે પ્રાર્થના કરે કે, "ઓ દયાળુ પ્રભુ ! બાળકોને તું તેમનાં ~~અનેકવિધ દુઃખો~~ અને બંધનોમાંથી છોડાવ."

: ૬ :

ચિત્તની શાંતિના અભ્યાસ માટે શાંતિની રમત દરેક બાલમંદિરમાં આવશ્યક છે.

: ૭ :

પશુઓથી જુદા પડવા માટે મનુષ્યે સ્વચ્છતાની ઉપાસનાથી શરૂઆત કરવી જોઈએ.

: ૮ :

આખી દુનિયામાં બધાંય બાળકો સ્વચ્છ રહેતાં થઈ જાય તોપણ માનવજાતે ઘણી મોટી પ્રગતિ કરી કહેવાય.

: ૯ :

વાંક ગામડી નિશાળના શિક્ષકોનો નથી પણ માબાપોનો છે, કેમકે માબાપો એવી શાળાઓમાં પોતાનાં બાળકોને મોકલે છે.

: ૧૦ :

કાંઈ નહિ તો પોતાનાં વહાલાં બાળકો ખાતર દરેક માતાએ પોતાનું આરોગ્ય સાચવવું જોઈએ.

કાંઈ નહિ તો પોતાનાં વહાલાં બાળકો ખાતર પિતાએ પોતાની સાચી સંપત્તિ વધારવી જોઈએ.

અ • નુ • ક્ર • મ

૧૫૨ મનનો . . . . . ગિ.
૧૫૩ બાળસન્માનસમારંભ . ગિ.
૧૫૯ કેળવણી ક્યારથી ? . . ગિ.
૧૬૫ એનો ઉપાય ધીરજ . ગિ.
૧૬૬ શિક્ષણ સમાચાર . . ...

બાલ સન્માન સમારંભ

માનવંતા દરબાર ગોપાળદાસભાઈ, ગુજરાતના પાટનગરમાં એકઠી થયેલ ગુજરાતની જનતા, મારા વિદ્યાર્થી ભાઈબહેનો, મારા સ્નેહીઓ અને મિત્રો, અત્રેના શહેરીઓ, માતાઓ અને બાળકો!

આપ સૌને હું પ્રણામ કરું છું, અને આજે આપે બહુ પ્રેમ અને માનપૂર્વક જે થેલી મને અર્પણ કરેલી છે તેનો હું સાભાર સ્વીકાર કરું છું. આપે મને જે સન્માન આપેલું છે તેને હું મારાં આંબામાથા પર ચડાવું છું અને આપનો મારા પ્રત્યેનો આદર અને પ્રેમ વધાવું છું.

પણ આ પ્રસંગે મને એક નાની એવી લોકકથા યાદ આવે છે. એક હરિજન હતો. તે અસ્પૃશ્ય લેખાતો હતો. તેને કોઈ અડે નહિ, તેની સાથે કોઈ સામાજિક વહેવાર કરે નહિ; પણ જ્યારે જ્યારે તે બજારે નીકળે ત્યારે ત્યારે સૌ તેને નમન કરે. હરિજન નમન ઝીલતો જાય અને કહેતો જાય: "ઘેર જઈને કહીશ." ઘેર આવીને ઘરના એક ગોખલામાં બેઠેલી મૂર્તિને કહે: "લે, લક્ષ્મીજી! આ તને મળેલાં નમન તારી સેવામાં અર્પણ કરું છું." હરિજન ધનવાન હતો; નમન તેની લક્ષ્મીને હતાં.

એમ આ સન્માન, આ સમારંભ, હું મારા દેશનાં બાળકોની સેવામાં અર્પણ કરું છું અને ધન્ય થાઉં છું. હું પણ હરિજન પેઠે સન્માનનો નિમિત્ત માત્ર છું.

જોરશોરે પ્રગતિ કરતા ગુજરાત અને બૃહત્ ગુજરાતને ધન્યવાદ ઘટે છે કે તે બાલશિક્ષણને, બાલમંદિરોને, બાલસાહિત્યને સન્માને છે. આજનો આ સમારંભ બાળકોના સન્માનનો છે, બાલજીવન અને બાલશિક્ષણના સન્માનનો છે. હું એ જોઈ રાજી થાઉં છું.

બાળકોનું સન્માન કરનારે ગુજરાત આ કાર્ય વડે, હું માનું છું કે, ગુજરાતનાં માતપિતાઓનું, બાલશિક્ષકોનું અને શ્રીદક્ષિણામૂર્તિ ભવનનું સન્માન કરે છે.

ગુજરાતનાં માબાપોએ પોતાનાં બાળકોને બાલમંદિરોમાં મોકલ્યાં ન હોત; તેઓએ બાલશિક્ષણના આંદોલનને ઝીલ્યું ન હોત; તેઓએ બાલમંદિરો અને કીડાંગણો કાઢ્યાં ન હોત, તેઓએ બાલસાહિત્યને ઘરોઘર વસાવ્યું ન હોત તો આજનો સમારંભ સંભવત નહિ.

બાલશિક્ષકોએ બાલમંદિરોમાં બેસીને બાળકોની ઉપાસના કરી ન હોત, સુખેદુઃખે પોતાનો આદર્શો પાછળ પડી શકાય તેટલું પડ્યા ન હોત, જે જુદી જુદી જાતની મુશ્કે-

લીએ આવી તેમાંથી શાંતિથી પસાર થયા ન હોત, તો આ સમારંભ સંભવત નહિ.

અને શ્રીદક્ષિણામૂર્તિનાં વંડલાની એ એકાંત શાંતિથી બાળકોની યત્કિંચિત સેવા કરવાનું સુભાગ્ય મને પ્રાપ્ત થયું ન હોત તો આજનો સમારંભ સંભવત નહિ. અને બીજી વાત તો એમ છે કે આ સન્માન છે આપણા ગુજરાતનું, બાલશિક્ષકોનું અને શ્રીદક્ષિણામૂર્તિ ભવનનું. હું મહા ભાગ્યશાળી છું કે આવા એક ઉત્સવનો નિમિત્ત છું.

આ નિમિત્તનું કારણ આપણા આજના પ્રમુખ અને મારા જૂના મિત્ર દરબાર ગોપાળદાસ છે. બાવીશ ત્રેવીશ વર્ષ ઉપર આ દરબાર સાહેબે મને નવીન બાલ-શિક્ષણની પદ્ધતિની ભેટ પોતાને ત્યાં વસો બોલાવીને આપેલી. એ ભેટ મુ. મોતીભાઈ એમને ત્યાં લઈ આવેલા. એ ભેટને મેં અભ્યાસ અને અણતરાની કસોટીએ ચડાવી, અને એ ભેટને મેં મારી શક્તિ અનુસાર બીજાઓને આપી. એ ભેટ તે આપણી આજની બાલમંદિરોની બાલશિક્ષણપદ્ધતિ અને તેના સિદ્ધાંતો.

દેખીતી રીતે ભેટ પશ્ચિમમાંથી આવેલી હતી. પણ પછી તો એના અંગે-અંગમાં પૂર્વનાં પાણી ચઢી ગયાં, અને આપણી આબોહવામાં અનુકૂળ એવી પદ્ધતિનું નિર્માણ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં થયું. મને યાદ છે, નાનાભાઈએ એક વાર મને વર્ષો પહેલાં કહેલું કે આ તમારા બાલસિદ્ધાંતોનું દર્શન એક ઉપનિષદના દર્શન જેવું છે. થોડા જ વખત પહેલાં એક સ્થળે કરેલા પ્રવચન પછી એક બહુશ્રુત સજ્જને કહેલું કે આ બધું તો 'બાલોપનિષદ્' છે.

દરબાર ગોપાળદાસના આકાશેથી ઊતરેલી બાલશિક્ષણ–ગંગા આજે ગુજરાત અને ગુજરાતના અન્ય ઇલાકાઓમાં વહી રહી છે. વિનોદપ્રિયાની નાની એવી પુણ્ય ટેકરીની પાસે આવેલ બાલમંદિરની ટેકરી પર મેં તો આ ગંગા ઝીલવાનું નાનું એવું કામ કર્યું છે.

અને એટલે જ 'ગિજુભાઈ સન્માન', 'ગિજુભાઈ સન્માનસમિતિ' એવું એવું બોલતાં મને કષ્ટ થતું હતું. એ શબ્દોને બદલે હું 'બાલસન્માન', 'બાલસન્માન' એમ મનમાં બોલતો હતો.

એટલે જ જ્યારે મારું સન્માન કરવાનો શુભ વિચાર મારી આગળ મૂકવામાં આવ્યો ત્યારે મેં એની ના પાડી. પણ જ્યારે હું આગ્રહને વશ થયો ત્યારે મેં મારો એ સંકલ્પ જાહેર કર્યો છે કે જેનું આ બરું સન્માન છે તેને જ ચરણે આ થેલી શોભે; તેનું જ સન્માન હજી વધારવાને માટે જ આ નાણું વપરાય.

હું હજી વધારે ને વધારે બાલસન્માન ચાહું છું. હજી વધારે ને વધારે બાલ-

મંદિરો, ક્રીડાંગણો, બાલસાહિત્ય, બાળકોને માટેનાં સ્નાનગૃહો, પ્રદર્શનો, મ્યૂઝીઅમો, બાળકો માટેનાં સિનેમાગૃહો, ઉદ્યોગગૃહો અને પુસ્તકાલયો ગુજરાત અને હિંદભરમાં ચોમેર થઈ જાય એમાં હું સાચું બાલસન્માન અને સાચો સમારંભ જોઉં છું.

આટલા થોડા જ હજાર રૂપિયામાં આપણે બાળકો માટે શું કરી શકીએ? લગભગ કંઈ જ નહિ. ગુજરાત ધારે તો લાખો રૂપિયાથી બાલસન્માન કરી શકે. તેની શક્તિ ઘણી જબર છે. ગુજરાતને આંગણે એકાદ 'બાલસન્માનમંદિર' હોય; એકાદ 'બાલશિક્ષણ વિદ્યાપીઠ' હોય, એકાદ 'બાલજ્ઞાનકોષ' હોય, ત્યારે ગુજરાતે બાળકોનું સાચું સન્માન કર્યું કહેવાશે. હું તો એમ સમજું છું કે આવી એકાદ કલ્પના પાર પાડવાને માટે ગુજરાત તત્પર થઈ શકે, અને આ મને આપવામાં આવેલી રકમ તો ગુજરાત બાલસન્માનની કોઈ જબ્બર યોજના ઉપાડે તેમાં મામૂલીમાં મામૂલી રકમ તરીકે નોંધાય. આવી કલ્પનાઓ માટે મને હસશો નહિ. મને ક્ષમા કરશો. બાલમંદિરો, અધ્યાપનમંદિર, બાલસાહિત્ય, એ બધું એક વાર તરંગો હતા; ઈશ્વરની દયા વડે એ તરંગો વાસ્તવિકતા બની છે. સૌ પ્રાંતોમાં ગુજરાત આજે આગળ છે, વધારે જીવંત છે. એની આગળ આવા ગાંડાઘેલા તરંગો મૂકતાં મને જરા પણ સંકોચ થતો નથી; ઊલટું મને તેમ કરતાં આનંદ થાય છે.

ગુજરાતને કદાચ એટલી સ્પષ્ટ ખબર નહિ હોય કે અન્ય પ્રાંતો બાલશિક્ષણની ગુજરાતમાં થયેલી પ્રગતિની તારીફ કરે છે. ગુજરાતની ઢબે બાલશિક્ષણનું સંચાલન કરવાના મનોરથો બીજા પ્રાંતોમાં થઈ રહ્યા છે. કેટલેક સ્થળે તો એનાં પગલાં પણ મંડાઈ ચૂક્યાં છે. પણ ગુજરાત આટલેથી મલકાઈ ન જાય. હજી ઘણું બાકી છે. હજી હરેક કોમનાં, હરેક વર્ગનાં, હરેક ભિન્ન ભિન્ન શક્તિનાં બાળકો માટે આપણે કશું જ કર્યું નથી. એ વિચારમાં ઘણું સત્ય છે કે આજનાં બાલમંદિરો હજી માત્ર ઊંચી કોમો અને મધ્યમ કોમોને સ્પર્શે છે; ગરીબ અને દુઃખી કોમોને આંગણે હજી બાલમંદિરોનાં પગલાં નથી પડ્યાં. હજારો બલ્કે લાખો બાળકો ગંદાં છે, માંદાં છે, નબળાં છે, અસહાય અને અનાથ છે, અપંગ છે; આંધળાં લૂલાં અને લંગડાં છે; ઉપરાંત અનેક રીતે પીડિત છે. એનું હજી ગુજરાતે શું કર્યું છે? અને બાલમંદિરો પણ હજી દરિયામેં બસબસ જેટલાંયે નથી. ગામેગામ બાળકો છે તો બાલમંદિરો અને બાલક્રીડાંગણો કેમ નહિ? જરાક ગુજરાતનાં વખાણ થયાં એટલે ગુજરાત શું કૃતકૃત્ય થયું સમજશે?

મારી તો ખાતરી છે કે બાલશિક્ષણનો પ્રવાહ આગળ અને આગળ વધશે

એને હજી જોરબંધ થશે. પણ એ પ્રવાહ શુદ્ધ જોઈશે એમાં શંકા નથી. જેમ આ પ્રવાહને વધાવી લેવાનું કામ ગુજરાતની સમગ્ર જનતાનું છે, તેમ જ આ પ્રવાહને શુદ્ધ રાખવાનું કામ બાલમંદિરોના શિક્ષકોનું છે. બાલમંદિરના શિક્ષકોની જવાબદારી ગંભીર અને મોટી છે. બાલમંદિરની ગંગા સૂકાઈ જશે કે અદૃશ્ય થઈ જશે તો પહેલો દોષ તેના શિક્ષકોનો આવશે. તેમની ઉપાસનામાં બામી આવશે તે દિવસે મંદિરોના મજબૂતમાં મજબૂત પાયા પણ હલી જશે. બાલમંદિરો બાલમંદિરના શિક્ષકો પાસે બાળકોનું સાચું સન્માન માગે છે. આ સન્માન, બાળકોના શિક્ષણ સંબંધે જે સિદ્ધાંતો માન્ય છે અને જે સિદ્ધાંતોને બાળકો પરત્વે આચારમાં મૂકવામાં આવે છે તેનું શિક્ષકોએ પોતે જ પાલન કરવામાં છે. જો શિક્ષકોના જીવનમાં બાલશિક્ષણના સિદ્ધાંતો નહિ ઊતરે તો બાલમંદિરોનું કામ તૂટી પડશે. બાલમંદિરનો શિક્ષક સદ્‌ગૃહસ્થ છે, વિષયોનો જ્ઞાતા છે, વૈજ્ઞાનિક દૃષ્ટિવાળો છે, બાળકોના માનસ અને શિક્ષણપદ્ધતિનો માહેતગાર છે; અને એ બધાથી આગળ વધીને તે બાળકોનો પ્રેમી અને જીવનનો તત્ત્વવેત્તા છે. બાલશિક્ષકની આ ભવ્ય વાસ્તવિકતા છે. એવા શિક્ષકો વડે ગુજરાતનાં બાલમંદિરોના ઘંટારવ આખા ભારતવર્ષમાં સંભળાશે, અને ભારતવર્ષ ગુજરાતમાં બાલશિક્ષણ માટે યાત્રા કરશે.

પણ શિક્ષણના નિયામકોએ વારંવાર જોવું જોશે, ગુજરાતના તત્ત્વચિંતકોએ વારંવાર જોવું જોશે, ગુજરાતના અગ્રણી જનોએ વારંવાર જોવું જોશે, કે આવા શિક્ષકો બાલમંદિરોમાં સદૈવ રહ્યા કરે.

ગુજરાતે હજી બાલશિક્ષણની બાબતમાં વધારે રસ લેવો જોઈએ. હજી દરેક ગુજરાતીએ અને ગુજરાતણે બાલઉછેર અને બાલશિક્ષણની સાદામાં સાદી ચોપડીઓ ક્યાં વાંચી છે? ઘરમાં બાળકો છે પણ તેમને ઉછેરવાનું જ્ઞાન ઘરનાં બાળકોને નથી. જ્યાં જ્યાં બાળકો હોય ત્યાં ત્યાં તેમને ઉછેરવાની ઘગશ પેદા થવી જોઈએ. એટલા માટે માતપિતાને બાળકોમાં રસ લેતાં કરવાનું, તેમને જ કેળવવાનું કામ હજી અધૂરું છે.

ગુજરાતે હજી પોતાના બાળકોને બહુ થોડા પ્રમાણમાં બાલમંદિરોમાં સન્માન આપ્યું છે એ બરી વાત છે; પરંતુ ગામઠી શાળાઓમાં, શેરીઓમાં, અને ખુદ આપણાં ઘરોમાં બાળકો હડધૂત થઈ રહ્યાં છે તેનો ઉપાય થવાનું હજી

બાકી છે. જેમ મોટાંઓને આપણે સન્માનીએ છીએ, તેમને સદ્‌ગૃહસ્થ ગણીએ છીએ, તેમની લાગણી વિષે કાળજી રાખીએ છીએ, તેવી રીતે બાળકો પ્રત્યે વર્તવાનું ધોરણ હજી ક્યાં સમગ્ર જીવનમાં ઊતર્યું છે ? મારું અને બાળકોનું આપે કરેલ સન્માન જ બાળકોનું સાચું સન્માન માગે છે.

હજી આપણે ત્યાં બાલશિક્ષકો પૂરતી સંખ્યામાં ક્યાં છે ? જેમ બાળકો વધે તેમ બાલશિક્ષકો વધવા જોશેના ? ઘરમાં બાળક વધે છે તો તેમનાં કપડાં લત્તાં, બૂટ વગેરે વધારવાં પડે છે; તેમ જ દેશમાં બાળકો વધે તેની સાથે જ તેના શિક્ષકો તૈયાર થવા જોઈશેના ? વગર શિક્ષકોએ આપણે બાળકોને કેળવી શકીશું નહિ. પણ ગુજરાત કે હિંદમાં હજી શિક્ષકોનું સ્થાન ક્યાં છે ? તેમની સામાજિક પદવી ક્યાં છે ? તેમની આર્થિક સ્થિતિ કેવી છે ? પ્રજાના શિક્ષકોની સામાજિક અને આર્થિક સ્થિતિ પ્રજાએ સુધારવી પડશે, અને તો જ પ્રજાનાં બાળકોને કેળવવાનું ભાગ્ય સાંપડશે.

અને એ કહેવું જરૂરનું જ નથી કે શિક્ષકોએ પોતાના કાર્યને માટે યોગ્ય થવું જોઈશે. અયોગ્ય શિક્ષકના હાથમાં માબાપો કે રાજ્ય પોતાનાં બાળકોને નહિ સોંપે. પોતાનો સર્વોત્તમ ધંધાને શિક્ષકો નીચો પડવા દેશે તો તેની સાથે તેઓ પણ નીચે આવી પડશે. શિક્ષકે પોતે પણ પોતાનાં માનપાન સાચવવા માટે પોતાના ધંધાને સદૈવ તેજસ્વી અને ઊજળો રાખવો જોશે. શિક્ષકો પોતાના સાચા કામથી બાળકોની સેવા કરતા હશે તો તેમની આર્થિક મુશ્કેલી ટળવાની જ છે. દેવની સાચી સેવા કરવાને બદલે યજમાનો પાસેથી દક્ષિણા માગનાર પૂજારી કદી મોક્ષ પામ્યો જાણ્યો નથી. શિક્ષકની પાસે મંદિર છે; તેમાં બાળકો તેના ઉપાસ્યો છે. તેને લાંબો હાથ કરવાનો વખત નહિ આવે.

છેલ્લાં વીશ વર્ષોમાં ભલે કહેવાય કે બાલશિક્ષણનું કામ વેગથી ચાલ્યું છે. પણ હું જોઉં છું કે જેટલી જોઈએ તેટલી પ્રગતિ આપણે કરી શક્યા નથી. એક તરફથી આપણને આપણો અલ્પ સંતોષ નડે છે તો બીજી તરફથી આપણામાં રહેલી દુર્બળતાઓ નડે છે; આ બે વસ્તુઓ આપણી પ્રગતિને રોકી રહેલ છે. શિક્ષકો અને સમાજનો સાચા સહકાર વડે આ બે નડતરો દૂર થશે એવી મારી શ્રદ્ધા છે.

ધનવાનો પાસે ધન છે તેના કરતાં વધારે કિંમતી ધન આપણાં બાળકો છે. તેમની કેળવણી પાછળ ધનવાનોના ભંડારો ખૂલવા જોઈએ. કેટલીયે યોજનાઓ

હજી અધૂરી છે. ધનવાનના ધન અને ઉત્સાહી કેળવણીકારો તથા શિક્ષકોના સહકારમાં યોજનાની સફળતા રહેલી છે.

હું તો આ બધું ગુજરાતને આજના પ્રસંગે જણાવી દઉં છું. ગુજરાતે મને માન આપી મને આટલું કહેવાની સુંદર તક આપી છે.

આપ જાણો છો તેમ હું શ્રીદક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થાઉં છું. મારા કામનો એક તબક્કો પૂરો થયો. મને પૂછવામાં આવે છે કે હવે હું શું કરીશ ? મારો ચોખ્ખો જવાબ એ છે કે જ્યાં સુધી જેણે મને આજ દિવસ સુધી પ્રેરણા આપી છે તે ઈશ્વર મને બાળકોનું કામ કરવાની પ્રેરણા આપશે, ત્યાં સુધી હું તે કરીશ. ઈશ્વરની ઇચ્છા હોય તો હું હિંદના જુદા જુદા પ્રાંતોનાં બાળકોનાં પૂજન આદરું; પણ તેથી હું ગુજરાતનાં બાળકોને કદી પણ ન વીસરું. મારા મનોરથ એવા છે કે ભવ કે જો મોક્ષ મળે તોપણ હું બાળકોની સેવામાંથી મુક્તિ ન ચાહું. હું એક અથવા બીજા રંગેઢંગે બાળકોની સેવા ચાહું છું. સ્થળ કે બંધારણ વિના પણ બાળકોની સેવા શક્ય પણ છે.

જેમ હું શ્રીદક્ષિણામૂર્તિમાંથી બંધારણીય રીતે નિવૃત્ત થાઉં છું, તેમ જ અધ્યાપનમંદિર, મારા વિદ્યાર્થીઓ, બધાં બાલમંદિરો વગેરેમાંથી નિવૃત્ત થાઉં છું. અને જેમ નિવૃત્ત થવા છતાં શ્રીદક્ષિણામૂર્તિનો સેવક છું તેમ જ નિવૃત્ત થવા છતાં હું જે બધામાંથી નિવૃત્ત થાઉં છું તેનો સાથી અને સેવક છું. હવે બંધનમુક્તિનું બંધન હું વધારે પસંદ કરું છું.

સાચે જ તમે સાચે મને ધન્ય કર્યો છે. હું નાનો માણસ છું. છોકરાંની નિશાળનો—ગામઠી શાળાનો હું મહેતાજી ગણાઉં. એમ છતાં તમે જે મારું સન્માન કર્યું છે તેમાં તમારી મોટાઈ છે, અને બાળકો તરફનો તમારો પ્રેમ છે.

અનેક ભાઈબહેનોએ આ કાર્યને માટે જુદી જુદી રીતે શ્રમ લીધો છે. ભગવાન તેમનું કલ્યાણ કરો, કેમકે તેમણે કલ્યાણને માર્ગે શ્રમ લીધો છે. કલ્યાણના કાર્યમાં તમારી સૌની હાજરી તમને કલ્યાણરૂપ નીવડો.

અંતમાં આ સન્માનસમારંભના મૂળમાં રહેલાં બાળકો છે, તેમને પ્રણામ કરું છું. તમારી પાસેથી આશીર્વાદ માગું છું કે આવા રૂડા કામનો હું નિમિત્ત થાઉં. ઈશ્વર આપણાં ગુજરાતનાં અને ભારત-માતાનાં બાળકો ઉપર સદૈવ કૃપા વરસાવે. ૐ શાંતિ.

૧૪-૧૧-૩૭ : દેવંહવાળી : ભાવનગર ગિજુભાઈ

કેળવણી ક્યારથી ?

બાળકની કેળવણી તે જન્મે છે ત્યારથી જ શરૂ થાય છે. આ વિચાર સંપૂર્ણ નથી, કેમકે જેઓની પૂર્વજન્મ તથા પુનર્જન્મમાં શ્રદ્ધા છે તેઓની દૃષ્ટિએ તો માનવ આત્મા યુગોથી પ્રગતિ કરતો; જ્ઞાન અને વિજ્ઞાનમાં આગળ વધતો ચાલ્યો આવે છે. એ દૃષ્ટિએ તો બાળકની કેળવણી જન્મ પહેલાંથી જ નહિ, પરંતુ જન્મજન્માન્તરથી શરૂ થઈ આગળ વધતી આવે છે.

કેળવણી એટલે સર્વતોમુખી વિકાસ: શરીરના, ઇંદ્રિયોના, મનના અને મનુષ્યમાં રહેલ શુભ લાગણીઓના અને અન્ય સર્વ શક્તિના બળ અને વિસ્તારમાં ઉત્તરોત્તર વૃદ્ધિ એનું નામ વિકાસ.

આ વિકાસનું કામ સ્વયંભૂ આત્મા પેઠે સ્વયંભૂ છે. અર્થાત્ વિકાસપ્રકૃતિ મનુષ્યમાં સ્વભાવ છે; વિકાસવિરોધ કે વિકાસની રુકાવટ એ સ્વભાવની વિકૃતિ છે.

માનવને પોતાને અનુકૂળ એવી પરિસ્થિતિમાં મૂકી પોતાનો સર્વતો વિકાસ સાધવા માટે જોઈએ તેટલી સહાય આપવાનું યોજી; કેળવણીની યોજક અને વાહક સર્વ સત્તાઓ તટસ્થ રહે તો વિકાસનું કામ ત્વરિત અને બળવાન બને; અને વિકાસનું લક્ષ–ઉત્તરોત્તર પોતાની શક્તિનું વધારે ને વધારે દર્શન, સ્વભાન, અર્થાત્ આત્મસાક્ષાત્કાર તે વહેલો થાય.

કેળવણીનું આ વિધાન સિદ્ધાંત તરીકે પણ લગભગ આજની દુનિયા વીસરી ગઈ લાગે છે. એટલે જ આજે કેળવણીનો અર્થ ઘણો મર્યાદિત થઈ ગયો છે: એક મર્યાદા ઉપર બીજી અને બીજી મર્યાદા ઉપર ત્રીજી, એમ મર્યાદાઓથી મનુષ્યનો આત્મા ઘેરાઈ જતાં તેને જે પોતાપણું પામવા માટે જેની જરૂર છે તે અપ્રાપ્ય બને છે. પરિણામે કેળવણીને માટે આજે અકેળવણીનો પ્રકાર ચાલી રહ્યો છે. માત્ર શરીરવિકાસ માટે કે ઇંદ્રિયોના વિકાસ માટે કે બુદ્ધિના વિકાસ માટે કે શહેરી તરીકે યોગ્ય બનવા માટે કે રાષ્ટ્રના ઉત્તમ અંગ બનવા માટે કે મનુષ્ય તરીકે સુંદર બનવા માટે કે મનુષ્યના ધર્મોનું પાલન કરવા માટે કેળવણીનો પ્રબંધ એ અધૂરો પ્રબંધ છે. પૂર્ણ પ્રબંધ તો મુક્તિને માર્ગે મનુષ્ય વળે અને બંધનો માત્રથી રહિત થાય એમાં રહેલો છે.

એવા પ્રબંધનું વિધાન છે કે બાલ્યકાળથી જ આવશ્યક છે. જન્મસમયથી માંડી મૃત્યુ સુધી કલ્યાણલક્ષી વાતાવરણ, આદર્શ આચરણ, જ્ઞાનવિજ્ઞાનનું શિક્ષણ, સત્સંગ અને અન્ય સાધનો કેળવણીનાં અંગો છે; અને શરીરમનની ભિન્નભિન્ન અવસ્થાઓમાં, શિક્ષાની ભિન્નભિન્ન માત્રાઓ અને ભિન્નભિન્ન સ્વરૂપો વડે મનુષ્યને આગળ વધવાની અનુકૂળતા કરી આપવી જોઈએ; અને જે વિષયો શીખવવામાં આવે તેનું આખર લક્ષ શું છે તે ધ્યાનમાં રાખીને જ તે તે વિષયો શીખવવા જોઈએ.

આ રીતે શિક્ષણ કે સંસ્કાર આપવા માટે જે જે વિષયો અને વાતાવરણની યોજના કરવામાં આવે તે તે વિષયો અને વાતાવરણ લક્ષગામી છે કે નહિ તેનો વિચાર પ્રથમ કર

વામાં આવવો જોઈએ; અને એવી પદ્ધતિથી તે બધું શીખવવું જોઈએ કે વિષયનું જ્ઞાન અને ભાન વહેલું અને સત્યપૂર્ણ થાય.

આમ કરવામાં આવે તો લેખન, વાચન, ગણિત, નિસર્ગદર્શન, વિજ્ઞાન, હુન્નરકળા, વગેરે બધા વિષયોનું શિક્ષણ આપણે જે મર્યાદિત લક્ષ સામે રાખી શીખવવામાં આવે છે તેને બદલે અમર્યાદિત લક્ષ એટલે પરમ લક્ષને સામે રાખી શીખવવામાં આવે. એમ થાય તો આજના શિક્ષણનો દૃષ્ટિકોણ ઐહિક ઉન્નતિ મટી જઈ, આવતી કાલના શિક્ષણનો દૃષ્ટિકોણ ઐહિક ઉન્નતિની સાથે પારમાર્થિક ઉન્નતિનો બની રહે. અને પરિણામે મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવતો સતો આત્યંતિક શાંતિ પામે.

આજની પ્રાથમિક શાળાઓ કે ઉચ્ચ શાળાઓનું લક્ષ આધિભાતિક હોઈ તે ત્યાજ્ય છે. વિષયો લક્ષસૂચક નથી પણ દૃષ્ટિ લક્ષસૂચક છે. આજે ભણવું એટલે શીખવવું એટલે કે સમજીવીને કે સમજ્યા વગર યાદ રખાવવું એ છે. આજે ભણવાનું ફળ સફળ પરીક્ષામાં પરિણામ પામે એવું ક્ષુદ્ર અને સંકુચિત લક્ષ છે. આજે સમગ્ર ભણતરને પરિણામે જીવનમાં પેટ ભરવાનું બળ અને બૌદ્ધિક વસ્તુમાં પ્રવેશ એટલાની પ્રાપ્તિથી વિદ્યાની સમાપ્તિ અને તૃપ્તિ થઈ જાય છે. આ પરિસ્થિતિ ફેરફાર માગે છે, શિક્ષણનું પુનરુત્થાન માગે છે; લક્ષનું સ્પષ્ટ નિશ્ચિતપણું અને તેને પહોંચવા માટેનું ભણતર માગે છે.

એ પુનરુત્થાનમાં પ્રથમ વિચાર બાળકનું સન્માન છે. આપણે છેક ભૂલી ગયા છીએ કે બાળકમાં રહેલ શક્તિ બાળકના શરીર જેટલી જ નાની, અસહાય કે અપંગ નથી. જેમ બીજમાં વૃક્ષ સંપૂર્ણ છે અને તેથી બીજની મહત્તા વૃક્ષ જેટલી જ છે (અગર જોકે તે છેક નાનું છે.) તેમ જ બાળક નાનું છે છતાં ભવિષ્યમાં વિકાસ પામનાર વિરાટ મનુષ્યનું સત્ત્વ તેમાં છે એ ભૂલવું ન જોઈએ. આત્મગૌરવ અને સન્માનનું ભાન ભૂલવાથી બાળકો પ્રત્યે આપણી તિરસ્કારબુદ્ધિ, ઘૃણા, તુચ્છકાર, અવહેલના અને અપમાન ઉત્પન્ન થયાં છે. એવી જ રીતે તેનું નાનું શરીર જોઈ તેને શિક્ષણ આપવાના વિષયો વગેરે પણ તેવા જ કેવળ સામાન્ય અને પ્રાકૃત છે. જાણે કે બાળક માત્ર શરીર છે, તેને બહુ બહુ તો ઇંદ્રિયો છે અને થોડુંક મન છે એવો ખ્યાલ મળે, તેવું શિક્ષણ આત્માની દૃષ્ટિએ અહિતકર છે. મનુષ્ય પોતે શરીર છે, ઇંદ્રિયો છે, આત્મતત્ત્વ જેવું કંઈ નથી પણ શરીરના યંત્રમાં સ્વભાવતઃ જીવનક્રિયા ચાલી રહી છે, એવા વાદને અનુકૂળ શિક્ષણ આજે ચાલે છે: કેમકે અભ્યાસના ક્રમોમાં ક્યાંઈ એ જાતનું દૃષ્ટિબિંદુ નથી.

મનુષ્ય બાલ્યાવસ્થાનો કાળ ગાળવાની સાથે જ પોતે યુવાવસ્થાનાં, વૃદ્ધાવસ્થાનાં અને મૃત્યુનાં બીજ વાવે છે. સૂર્યના ઉદયની સાથે અસ્તનો કાળ શરૂ થાય છે, એમ જ બાળકનો વર્ધનની સાથે અંતની ક્રિયા ચાલે છે; અને એક છેડેથી વર્ધન અને બીજે છેડેથી અંતનું યંત્ર ગતિમાં આવે છે. એમ હોવાથી જન્મ સાથે જ આખરે જે વસ્તુની જરૂર છે—અર્થાત્ મુક્તિ, બંધનવિમોચન, શાંતિ, આનંદ—તેની પ્રાપ્તિની ક્રિયા શરૂ થાય તે જોવું જોઈએ. એ

પાંદડે આવેલો નાનો છોડ સંપૂર્ણ વૃક્ષ છે. તે દરેક પળે ફૂલો અને ફળો માટે પણ જીવે છે અને પોષણ મેળવે છે. ફૂલો અને ફળો વૃક્ષની અમુક કાળની આકસ્મિક પરિસ્થિતિ નથી. વૃક્ષે જીવન શરૂ કર્યું ત્યારે જ તેણે ફૂલો અને ફળો માટે પણ પોષણ મેળવવાનું શરૂ કર્યું હોય છે. એમ તે ન કરે તો તેના પર ફૂલફળ આવે નહિ. એમ જ બાળક નાનું છે છતાં તે સંપૂર્ણ મનુષ્ય થવાની કેળવણી બાલ્યાવસ્થાથી લઈ શકે છે, લેવા યત્ન કરે છે, અને વિરોધ કે પ્રતિબંધ ન હોય તો લે પણ છે.

આપણી જીવનપ્રથામાં આ વાત ભૂલી જવામાં આવી છે કે બાળકને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની કેળવણીનાં સાધનો પ્રથમથી જ આપવાં જોઈએ. માત્ર લેખન, વાચન, ગણિત આપીએ, માત્ર ઇંદ્રિયવિકાસનાં સાધનો આપીએ, માત્ર ઉદ્યોગશિક્ષણની શરૂઆત કરીએ, માત્ર સદાચારોનું શિક્ષણ આપીએ, માત્ર નૈતિક બુદ્ધિનો વિકાસ આપીએ તો તે શિક્ષણ અપૂર્ણ છે.

અલબત્ત આજની શાળાઓમાં તો નૈતિક વિકાસ, બૌદ્ધિક કે ઇંદ્રિયોનો વિકાસ કે શરીરવિકાસ, એ વિષે કંઈ કરવામાં આવતું નથી; ઊલટું તેનો હ્રાસ કરવામાં આવે છે. પરાણે આજ્ઞાને અનુસરાવવું, સત્ય વગેરે ગુણો મળે તે માટે ભય અને ઈનામનું શરણ લેવું, આ બધી રીતિઓ અનીતિભરેલી છે. સ્વતઃ જ એ રીતિઓ પતનગામી છે. તેઓ અવનતિકારક હોઈ તેના વડે બાળક નીતિમાન ન થતાં નીતિવિરોધી બને છે.

બૌદ્ધિક વિકાસને બદલે બાળકના મગજમાં હકીકતો ભરવામાં આવે છે. સ્મૃતિવિકાસ કે જ્ઞાનભંડાર બૌદ્ધિક વિકાસનાં પ્રતીક નથી. બૌદ્ધિક વિકાસ તો સદસત્-વિવેકબુદ્ધિની ખિલવણીમાં છે, ન્યાયયુક્ત તોલનમાં છે, મનના સમત્વમાં છે, વિચારની વિરાટતા અને તર્કશુદ્ધિમાં છે. ગોખીને હકીકતો યાદ રાખવામાં બુદ્ધિવિકાસને બદલે બુદ્ધિનાશ થાય છે.

ઇંદ્રિયોના વિકાસની કલ્પના જ હજી આપણી શાળાઓને આવી નથી. ઇંદ્રિયોના ઉપયોગ સહજ છે; તેના વડે ઉપભોગ પણ સહજ છે. પણ ઇંદ્રિયોનો વિકાસ એ વસ્તુ જુદી છે. ઇંદ્રિયો મનનાં હથિયાર માત્ર છે. બહિર્જગતને સમજવા માટે અને તેની સાથે યથાર્થ સંપર્ક સાધવા માટે અર્થાત્ વિજ્ઞાનની ખિલવણી માટે તેમ જ પોતાની દૃષ્ટિએ બીજાને સમજવા માટે તેમ જ જેવું પાર્થિવ જગત છે તેવું યથાર્થ સમજવાને માટે, તેનાં ગુણધર્મો સમજવા માટે ઇંદ્રિયોની-ઇંદ્રિયોના બળની, ઇંદ્રિયોના તેજની અને ઇંદ્રિયોના સંયમની આવશ્યતા. ઇંદ્રિયો ઘોડા જેમ વાહનો છે તેથી તે બળવાન અને તેજસ્વી જોઈએ. તેનો ઉપયોગ મન ઉચ્ચ કાર્ય માટે કરી શકે તેટલી તે સૂક્ષ્મ, સંસ્કારક્ષમ અને જેમ વાળીએ તેમ વળે તેવી, સ્થિતિસ્થાપક એટલે કે હાજર નોકર જેવી અનુકૂળ હોવી જોઈએ.

હુન્નરઉદ્યોગનું શિક્ષણ એ તો જીવનશિક્ષણને સફળ કરવાનું એક માત્ર સાધન છે; એ ધ્યેય નથી. એમ છતાં ધ્યેય સમજીને જ્યાં એવું શિક્ષણ આપવામાં આવે છે ત્યાં અત્યાર સુધી બન્યું છે તેમ શીખેલા માણસો યંત્રવાદી અને નાસ્તિક થયા છે. હુન્નર-ઉદ્યોગ-કળાનું શિક્ષણ મનુષ્યમાં રહેલી સર્જકવૃત્તિને વિકાસ અને તૃપ્તિ આપવા માટે કામનું છે. સર્જન

એ મનુષ્યનો સ્વભાવ છે. એ સ્વભાવને રોકવા માં મનુષ્યે વારંવાર વિકૃતિ અને પીછેહઠ અનુભવી છે. એમ છતાં કેવળ સર્જનાત્મક પ્રવૃત્તિને અનુકૂળ એવી કેળવણી પણ અધૂરી છે. કેમકે સર્જનમાં મનુષ્યની વૃત્તિને વિકાસ મળે છે, વિશાળતા મળે છે, પોતાની મહત્તા અને ઉચ્ચતાનું તેને દર્શન થાય છે પણ બંધનમુક્તિ પ્રાપ્ત થતી નથી. સર્જન અથવા કળા સાધ્ય નથી પણ સાધન છે.

સદાચારનું શિક્ષણ આજની શાળામાં નિષ્ફળ ગયું છે. સત્પુરુષનાં આચારોનાં વ્યાખ્યાનોથી કે સારાં આચરણો કરો એવા આગ્રહથી કે તેમ ન કરવા માટે શિક્ષા કરવાથી કે તેમ કરવા માટે ઈનામલાલચ આપવાથી તે વસ્તુ મનુષ્યમાં ઊગતી કે પેસતી નથી. મનુષ્ય સદાચરણપ્રેમી છે, પણ સદાચરણ ઉપજાવવામાં કપરાતી આજની શિક્ષણપ્રથા માણસને ઊંધો તેનો વિરોધી બનાવે છે. ગુરુઓ, પિતૃઓ અને સમાજ વગેરેનો દ્રોહ, એ તો માણસોમાં જોહુકમીથી દાખલ કરવામાં આવતા સદાચારોને કારણે છે.

કેટલીક સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અપાય છે; ત્યાં તેનો અર્થ ધર્મનાં સૂત્રો વગેરે મોઢે ગોખાવવા પૂરતો થાય છે. કેટલીક સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણમાં ધાર્મિક કર્મો કરાવવામાં આવે છે. ત્યાં વિદ્યાર્થીઓ આ કર્મો કેવળ જડવત્ કે યંત્રવત્ કરે છે કેમકે જોહુકમીથી કરાવવામાં આવતાં આવા કામો પ્રત્યે તેમને કંટાળો અને તિરસ્કાર આવે છે, અને સદાને માટે તેઓ તેના દુશ્મન બને છે. ધાર્મિક શિક્ષણના વિષયમાં અભ્યાસક્રમ અને તેનું સફળ પાલન કરાવનારાઓ મનુષ્યની ધર્મ વિષયક પ્રકૃતિ જાણતા નથી; તેઓ શિક્ષણક્રમ અપાય તે પણ સમજતા નથી. તેઓ એક જ વાત સમજે છે કે ધર્મનું પાલન યદ્વાતદ્વા કરાવવું, અને એમ પાલન કરવાથી ધર્મ શીખાશે. અલબત્ત ધાર્મિક જીવન ધર્મના પાલનમાં છે, પરંતુ જડવત્ ધર્મપાલનમાં ધાર્મિક જીવન છે એ ભ્રમ છે આ ભ્રમને લીધે વિદ્યાર્થીઓ પાસે અનિચ્છાએ ધાર્મિક ક્રિયાઓ કરાવવામાં આવે છે; કેટલેક ઠેકાણે એવી ક્રિયાઓ ન કરનારને દંડ, શાસન વગેરે પ્રાપ્ત થાય છે. ધર્મ એ એક વૃત્તિ છે; બુદ્ધિ એ એક સમજણ છે. આ વૃત્તિ કે સમજણ ઉપદેશ કે બહિર આચરણથી નથી આવતાં. જેમ કક્કો શીખવાથી બુદ્ધિ-તોલનશક્તિ ન આવે, તેમ કર્મ માત્ર કરવાથી ધર્મ પેદા થતો નથી નીતિના શિક્ષણ પરત્વે પણ એ જ વિચાર લાગુ પડે છે. નીતિ આચરવાની વસ્તુ છે. તે ઉપદેશથી પ્રાપ્ત નથી થતી જેમ ઉપદેશ કરવાથી લંગડો ચાલી શકતો નથી ઠોઠ બુદ્ધિમાન થતો નથી, તેમ સત્ય બોલવું વગેરેનો ઉપદેશ કરવાથી માણસ સત્યવાદી થતો નથી.

આજની શાળાઓમાં જે જાતનું શિક્ષણ આપવું જોઈએ તેમાંથી કંઈ જ શીખવાતું નથી કે તેને પ્રેરક એવું વાતાવરણ નથી. એનું એક કારણ એ છે કે કેળવણીના પ્રબંધકો એમ માનતા હોય છે કે આત્મજ્ઞાન જેવી વસ્તુઓનું શિક્ષણ બાલ્યાવસ્થાથી કેવી રીતે સંભવે? બાળકને માટે એ વિષય નકામો છે, તેમની બુદ્ધિશક્તિ તેમાં પ્રવેશ પામી શકે નહિ. પરંતુ શરીરના પોષણ અને વિકાસને માટે જેમ સર્વ ખાદ્યપેય દ્રવ્યો શરૂઆતથી જ પ્રમાણસર અને અનુકૂળ બનાવટથી લેવાય છે, તેમ જ બધી

બાબતમાં પ્રમાણ અને ક્રમ હોઈ શકે છે. વળી વિરાટના અપૂર્વ અને અદ્‌ભુત સૌંદર્યના અનુભવ માટે પ્રમાણ અને ક્રમની પણ જરૂર નથી. સૌંદર્યની વચ્ચે ઊભા રહેવું એ જ શિક્ષણ અને પ્રેરણા છે, એમ જ ઉચ્ચ એવી વસ્તુઓનું પ્રમાણ કે ક્રમ આપવા કરતાં સ્વતઃ એ વસ્તુઓનું વાતાવરણ આપવું ઇષ્ટ છે. એ જ કેળવણીરૂપ બને છે.

દરેક વસ્તુ વિકસવા માટે વાતાવરણ અને વ્યાયામ માગે છે, સહાનુભૂતિ અને સંરક્ષણ માગે છે. આજની પ્રાથમિક શાળામાં કંઈ પણ સાચી રીતે જાણવા કે પામવા માટે ઉપરમાંનું કશું નથી, એ કોઈને સમજાવવું પડે તેમ નથી. જ્યાં આ સ્થિતિ છે ત્યાં આત્મવિકાસની તો વાત જ ક્યાં કરવી? પણ એ સ્થિતિનું નિવારણ કરવું જ જોઈએ. જો કોઈ કહે કે આ છોડમાં અમુક જાતનું ખાતર નહિ મળે તો અલબત્ત તે મોટું થશે, જાડું થશે, શોભાયમાન થશે પણ તેને ફૂલફળ નહિ આવે, તો આપણે તુરત જ ઘટતું ખાતર પ્રથમથી જ આપશું. એમ જ જો આપણે જાણીએ કે આત્મદર્શન માટે પ્રથમથી જ કેળવણીમાં આ જાતનો પ્રબંધ જોઈએ, તો જરૂર આપણે તે દાખલ કરવો જોઈએ. આપણે ત્યાં તો જેને ફળફૂલ ન આવે તેવી કેળવણીનો પ્રબંધ છે, અને તેનાં પરિણામો પણ પ્રત્યક્ષ છે.

આ બધી ચર્ચાનો સાર એ છે કે બાલ્યાવસ્થાથી જ બાળકોને આધ્યાત્મવિદ્યાનું જ્ઞાન પણ આપવું જોઈએ અને તે ઉપર કહેલી કોઈ પણ રીતે નહિ. જેમ બાળકોને શ્વાસોચ્છ્વાસ માટે ચોખ્ખી હવા આપવી જોઈએ એ સાચું છે, પણ તે માટે આપણે તેનાં ફેફસાંમાં પંપ વડે પવન ભરતા નથી તેવી જ રીતે આપણે બાળકોમાં આત્મા સંબંધેની બાબતો કે મુક્તિનો માર્ગ, વચનો, પ્રવચનો, શિક્ષણ કે કર્મકાંડ વડે ફરજિયાતપણે ભરવાનો નથી. પરંતુ સ્વાભાવિકપણે તેઓ સદ્‌વસ્તુનો ઉચ્છ્વાસ લે તેની વ્યવસ્થા કરવાની જરૂર છે.

જેમ સૌંદર્ય, સંગીતને સુસ્વાસ્થ્યનું ઉચ્ચ વાતાવરણ આપણે આપણા તેમ જ બાળકોના માટે રચી શકીએ છીએ, અને બાળકો પણ તેમાં નાહી નાહીને તેનાથી પોષણ પામે છે, જેમ અફાટ જળસમૂહમાંથી સૌ પોતપોતાની શક્તિ પ્રમાણે જળપાન કરી તૃપ્તિ મેળવે છે, તેમ ઉન્નતિરૂપ સાધનોનું વાતાવરણ આપણે રચીએ તો તેમાં રહ્યાંરહ્યાં બાળકો તેનું સહેજે પાન કરશે અને તેનો લાભ ઉઠાવશે.

એક સામાન્ય તત્ત્વ લઈએ–શાંતિનું વાતાવરણ. સર્વની શાંતિ એવી વસ્તુ છે કે જે પ્રસરતાં જેમ નીતર્યા પાણીમાં રેતી, શંખલાં, છીપલાં દેખાય છે, તેમ શાંતિમાં આપણી ઉચ્ચ શક્તિનું સ્ફુરણ થાય છે. ઘોંઘાટ બહિર્મુખતાનું અને શાન્તિ અંતર્મુખતાનું ચિહ્ન છે. શાંતિના વાતાવરણમાં અંતર્મુખવૃત્તિપરાયણ થવાની અનુકૂળતા છે. આપણાં ઘરો, સમાજ અને શાળામાં શાંતિનું સામ્રાજ્ય થશે ત્યારે ઉચ્ચ શિક્ષણનું પ્રથમ પગલું મુકાશે.

બીજું તત્ત્વ લઈએ–વ્યવસ્થા ને સ્વચ્છતા. સ્વચ્છ અને વ્યવસ્થિત વાતાવરણ મનુષ્યની શક્તિઓને સ્વાસ્થ્ય અને નિર્મળતા આપે છે. આ સાધનો અંદરના આભાસને માટે ઉપકારક છે. સ્થૂળ દ્રવ્યોની સ્વચ્છતા અને વ્યવસ્થા

મનુષ્યને ધીમે ધીમે આંતર્ શક્તિઓની વ્યવસ્થા તરફ ખેંચે છે. બહારનો મનુષ્ય અંદરના મનુષ્ય ઉપર અને અંદરનો મનુષ્ય બહારના મનુષ્ય ઉપર અસર કરે છે, એ વાત આપણે જાણીએ છીએ.

આપણે નીતિના ગુણો અને ઉચ્ચ લાગણીઓ અને ભાવનાને વિકાસની ભૂમિકાનાં આગળનાં પગલાં સમજીએ છીએ. બાલ્યકાળની કેળવણીમાં વિજ્ઞાનની કેળવણી વડે નીતિનાં દૃઢ પગલાં મંડાવી શકીએ છીએ. વિજ્ઞાન સત્યનું ઉપાસક છે. જીવનસાધનાના ઉડ્ડયનમાં સત્ય એક પાંખ છે. અહિંસા એક બીજી પાંખ છે. અહિંસાની સિદ્ધિ નિર્ભયતામાં છે. નિર્ભય જીવ અહિંસક છે, કેમકે હિંસા કરવાનું પ્રયોજન નિર્ભયને રહેતું નથી. શિક્ષા, ભય, વગેરે ભયમૂલક વસ્તુઓનો શિક્ષણ અને જીવનમાંથી નાશ કરવામાં ઉચ્ચ શિક્ષણનો નિષેધાત્મક પ્રબંધ છે. વળી અહિંસાનું વિધાયક રૂપ સર્વાત્મભાવ–પ્રેમભાવ છે. એ ભાવ પશુ, પક્ષી, પતંગિયાં, કીટ આદિના ઉછેર અને પાલનમાં છે. એમાંથી બાળકોને સમભાવ મળે છે; એમાં પ્રેમભાવનો વિકાસ છે. એમાં સ્વ–ભાવનો ત્યાગ અને સર્વભાવની જાગૃતિ છે. મનુષ્ય બીજાને માટે લાગણી રાખે, બીજાને માટે પોતાને ભૂલે, બીજાને માટે પોતાનું બલિદાન આપે, એ આત્માનું સર્વત્રભાવનું એક લક્ષણ છે. એ માટેનું વાતાવરણ આપણી શાળાઓમાં આપણે ઉપલી રીતે આપી શકીએ છીએ.

પ્રેમ, સહકાર, સ્વાર્પણ એ બધાં પણ ઉત્કૃષ્ટ દશાનાં લક્ષણો છે. બાળકો એકબીજાને ચાહે, મદદ કરે, છૂટથી એકબીજાને શીખવે, એનું વાતાવરણ દોકડાલક્ષી, પરીક્ષાલક્ષી, સ્વર્ધાલક્ષી, ઈનામલક્ષી શિક્ષણના નાશમાં રહેલું છે. ઉપરાંત એનું વાતાવરણ સહશિક્ષણ, સહજીવન અને પોતાને પણ ભૂલી બીજાને શીખવવા–મદદ કરવા જેવી જગામાં છે. બાળકોમાં આ વૃત્તિઓ સ્વયંભૂ છે. તે વૃત્તિઓ મનુષ્યોની મર્યાદિત સ્વાર્થબુદ્ધિ વડે કુંઠિત થયેલી નથી; માત્ર તે શુભ વૃત્તિઓનું રક્ષણ અને પોષણ જ આવશ્યક છે. જૂની શાળાઓનો અભ્યાસક્રમ, શિક્ષણપદ્ધતિ અને વાતાવરણ શુભ વૃત્તિઓનો દ્રોહ કરે છે; એ દ્રોહનો આપણે વિનાશ કરવો ઘટે છે.

શિક્ષાગુરુ એક ઉત્તમ વાતાવરણ છે. તે કંઈ નહિ તો જિજ્ઞાસુ અને મુમુક્ષુ હોવો જોઈએ. તેનું જ્ઞાન આત્મલક્ષી જોઈએ, તેની રેખાઓ કલ્યાણમાર્ગી જોઈએ. શિક્ષાગુરુ થવાનું કામ બહુ આકરું છે. તે એટલા માટે કે શિક્ષાગુરુએ પોતે બાળકોના ભલા માટે વાતાવરણરૂપ બની સ્વને ભૂલી જઈ સ્વનું શ્રેય સિદ્ધ કરવાનું છે. શિક્ષાગુરુ ન હોય કોઈ મત કે પંથનો, ન હોય તેનામાં સ્થળકાળને બદ્ધ એવી ભાવના, ન હોય તેની દૃષ્ટિ સમાજ કે રાષ્ટ્રથી મર્યાદિત. તેનું દર્શન વિરાટ હોય, તેનું જ્ઞાન વિજ્ઞાન–પરમજ્ઞાન હોય, તેનું ધ્યેય મુક્તિની ઉપાસનાને અનુકૂળ વાતાવરણ રચવાનું હોય. ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

એનો ઉપાય ધીરજ

પ્રિયભાઈ,

પત્ર મળ્યો. બાબુની બાબત લખવાનું કે તેની અત્યારે જે સ્થિતિ છે તેમાં તેની પાસેથી વધારે આશા રાખવી નહિ. જો તે બીજાને કંઈ અડચણ ન કરે તેમ ફર્યા હર્યા કરે તો તે કંઈ પણ ન કરે તેની ચિંતા ન કરવી. બાળકે બહિર દૃષ્ટિએ કંઈ ને કંઈ કરવું જ જોઈએ એવો વિચાર બરાબર નથી. વર્ણવેલા અવગુણો મોટે ભાગે નાદુરસ્ત બાળકમાં આપણી ખોટી વર્તવાની રીતને લીધે આવે છે એવો મારો અનુભવ છે. હઠ કરવાનો કે અવળચંડાઈ કરવાનો પ્રસંગ ન આવે એવી દીર્ઘ દૃષ્ટિ આપણે કેળવવી રહી. જો આપણે એક વાર કોઈ બાબતની ના પાડીએ તો તે વિચારીને પાડવી. ઘણી બાબતમાં ના પાડવી પણ પડે જ. પણ એક વાર ના પાડ્યા પછી કન્જિયાને લીધે ઢીલા પડી જઈ હા પાડીએ તો બાળક સમજી જાય છે કે આ માબાપ પોચાં છે, રડવાથી વશ થઈ જાય છે. પછી તો તે હઠ કે રડવું કે રિસાવું એ બધાંને હથિયારો તરીકે વાપરશે જ. એટલે કે બાળકો સાથે વર્તવામાં દૃઢતાની જરૂર છે. આવી દૃઢતા રાખવા જતાં બાળક રડશે કે દુઃખ પામશે; પણ જો દૃઢતા વ્યાજબી બાબતમાં હોય તો ગભરાવું નહિ. હમણાં જ રેલ્વેમાં એક બાળકે બા પાસે પાણી માગ્યું. બાના હાથમાં બીજું બાળક હતું. બા પાણી આપી શકે તેમ ન હતું. પેલા બાળકે હઠ લીધી: "બા, તું જ આપ." આ બાળક રડવા લાગ્યું. તેને મારી સૂચનાથી કહેવામાં આવ્યું કે, "પાણી તમે જાતે લઈ શકો છો, તો લઈને પીઓ." પ્રથમ તો આ સૂચના તેણે સાંભળી નહિ; રડવું જોરથી ચાલુ કર્યું. મા જરા નબળી પડવા આવી એટલે મેં કહ્યું: "હવે તો તેને રડવા દો. તે પાણી લઈ શકે છે તો પછી લેશે જ." થોડી જ વારે બાળકે કુંજમાંથી જાતે પાણી પીધું ને રાજી થયો. દૃઢતાનો આ એક દાખલો આપ્યો. ખોટા હુકમો કરી પછી દૃઢ રહેવું અયોગ્ય છે; વ્યાજબી વાતમાં જ દૃઢ રહેવું જોઈએ.

બાબુભાઈ કચાંઈ સ્થિર ન થાય તેની ચિંતા કરતા નહિ. તેની પાસે સાધનો મૂકવા કરવાની પણ જરૂર નથી. બીજાં બાળકો જ્યાં પ્રવૃત્તિ કરતાં હોય ત્યાં તેને તે જોવાની અને તે જોઈ કંઈ કરવાનું મન થાય તેવી પરિસ્થિતિમાં તેને મૂકશો. નબળું શરીર અને મન વારંવાર કહેવાથી કે કરવાનું બતાવવાથી કાયર થાય છે. શરીર તો વૈદકીય સલાહ વગેરેથી ધીમે ધીમે રસ્તે આવશે. તેનું માનસ શાંત અને સ્વસ્થ બને તેટલા માટે શાંતિ, સંગીત, સૌંદર્યનું દર્શન, કોમળ વાતચીત, કુદરતનું દર્શન, વગેરે કંઈ ઉપયોગી નીવડે છે કે નહિ તે જુઓ. મોતી પરોવવાં, કાગળમાં કાણાં પાડવાં, ફૂલહારો બનાવવા, એ જાતની પ્રવૃત્તિઓ અજમાવી જોશો. વારંવાર કામ બદલે તેમાં શો વાંધો છે: એમ કરતાં તેનો વખત જતો હોય તો અત્યારે લાંબા વખતની એકાગ્રતા માગશો નહિ. સંગીતમાં ગ્રામોફોન સાંભળવાનું ગમે તો તેની તક આપવી. વાળવું ચોળવું કે એવાં ઘરકામમાં કંઈ મજા આવે છે ખરી? બાબુને એકદમ

રસ્તે લાવવાનો વિચાર બાજુ પર મૂકી શાંત થઈ જશો તો તે કદાચ વહેલો રસ્તે આવશે. બાળકો ખાતરીપૂર્વક જાણે છે કે આપણી દરકાર માબાપો બહુ લે છે ત્યારે તે બેદરકાર બને છે. અને તેઓ જ્યારે જુએ છે કે માબાપો તેનાથી પિડાય છે ત્યારે બાજુ જેવા શરીરમનનાં બાળકોને માબાપોને અકળાવવાની એક જાતની મજા પણ આવે છે. ઘરનું વાતાવરણ એકદમ શાંત, અને માબાપનો બાજુ બાબતનો એક જ મત બહુ ઉપકારક થશે. આ તો દૂરથી લખ્યું. બાકી બાજુ પાસે હોય તો વિચાર અને સલાહમાં તફાવત પડે જ. ગિ.

શિક્ષણ સમાચાર

—વડોદરા મણિબેન પટેલ, આચાર્ય, વસંત બાલમંદિર, એઓ આગ્રા, દિલ્હી, કાશી, અલ્હાબાદ અને શાંતિનિકેતનના કેળવણી વિષયક પ્રવાસે ઊપડ્યાં.

તા. ૮-૧૧-૩૭ ના રોજ વડોદરામાં એક છાત્રાલય ખૂલશે. સંચાલક ભાઈ કેશવલાલ પટેલ થશે

શ્રી. ગિજુભાઈ તા. ૨૨ નવેમ્બરથી તા. ૨૨ ડિસેમ્બર સુધી ગુજરાતની નાની એવી શિક્ષણયાત્રા કરશે, અને સાથે સાથે બાલસંઘો તથા વસંત બાલશિક્ષણ પ્રચાર કરશે.

અખિલ ભારત કેળવણી પરિષદ ડિસેમ્બર માસની તા. ૨૬ થી ૩૧ સને ૧૯૩૭ ના દિવસોમાં કલકત્તામાં ભરાશે.

બાલ્યાવસ્થા અને ગૃહશિક્ષણના સ્થાનિક મંત્રી ડૉ. સત્યાનંદ રોય એમ. એ; બી. ઈ. ડી; પી.એચડી. છે. સામાન્ય કાયમી મંત્રી શ્રી. ગિજુભાઈ બધેકા છે.

પરિષદ વખતે નીચેના બે ઠરાવો બાલ્યાવસ્થા અને ગૃહશિક્ષણ વિભાગમાં પસાર થશે: (૧) શાળામાં ન જતાં નાની ઉમરનાં બાળકોની દાક્તરી તપાસ કરાવવી, અને જીવનના તે કાળમાં શારીરિક હ્રાસ શાથી થાય છે તેની શોધ કરવી. (૨) નર્સરી શાળાઓ તથા નર્સરી વર્ગો ઉઘાડવા માટે પરિષદે ડિસ્ટ્રીક્ટ અને મ્યુનિસિપલ બોર્ડને વિનતિ કરવી.

સમગ્ર પરિષદના પ્રમુખ મી. સી. આર. રેડી, આંધ્ર વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર થશે.

લવાજમ મોકલશો ?

બે માસ પછી 'પત્રિકા' નું તમારું લવાજમ પુરું થશે. અત્યારથી જ લવાજમ મોકલવાની જો વ્યવસ્થા ગ્રાહકો કરે તો **વી.પી.ના** વધુ ખર્ચમાંથી તેઓ બચી જાય, અને અમારી મહેનત ઊગરી જાય. લવાજમ અત્યારથી જ મોકલાવી આપવું સલાહ ભરેલું છે. પરદેશના ગ્રાહકો આ વિનતિ પ્રત્યે લક્ષ આપશે ?

વ્યવસ્થાપક 'શિક્ષણ પત્રિકા'

વાર્ષિક લવાજમ અઢી રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બજાર બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શ્રી. ગિજુભાઈ સન્માનસમારંભ

અમદાવાદમાં

વીશ વીશ વર્ષથી બાળકોની સેવા કરનાર, આધુનિક બાલકેળવણીના ગુરુ, એકડિયાના માસ્તર, શ્રી. ગિજુભાઈ બધેકા દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્તિ લેતા હોવાથી ગુજરાત તરફથી સન્માન આપવાનો સમારંભ તા. ૧૧-૧૧-૩૭ ના રોજ સાંજે પાંચ વાગે અમદાવાદમાં પ્રીતમનગરમાં બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટીમાં મહાસભાના સ્વાગત પ્રમુખ શ્રી. દરબારસાહેબ ગોપાળદાસના પ્રમુખપદે ઊજવવામાં આવ્યો હતો અને દસ હજારની થેલી તેમને અર્પણ કરવામાં આવી હતી. સુશોભિત મંડપ બાંધવામાં આવ્યો હતો અને અંદરના ભાગને ફૂલોથી કલામય શણગારવામાં આવ્યો હતો.

નિયત સમયે શ્રી. ગિજુભાઈ આવ્યા હતા અને પ્રમુખ શ્રી દરબારસાહેબ પણ આ પ્રસંગે પોતાના કામમાંથી એક દિવસ કાઢી શ્રીમતી ભક્તિલક્ષ્મી સાથે આવી પહોંચ્યા હતા. આજના સમારંભમાં અન્ય પ્રસંગોએ ક્વચિત જણાતી કેળવણીકારોની, ચિત્રકારોની, શિક્ષકો ને સંસ્કારી સન્નારીઓ અને સજ્જનોની સારી હાજરી તરી આવતી હતી. રાજકોટથી મેરીસ્ટર ચુડગર, કચ્છથી પ્રાણજીવન આચાર્ય અને વડોદરાથી મોતીભાઈ અમીન વગેરે આ પ્રસંગે હાજર હતા. મ્યુનિ૦ પ્રમુખ શ્રી. બળવંતરાય ઠાકોર, શ્રા. જીવણલાલ દિવાન, શ્રી. નાનાભાઈ, શ્રી. રવિશંકર રાવળ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, શ્રી. રામનારાયણ પાઠક, પ્રોફેસરો, પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની સારી સંખ્યા હતી.

શરૂઆતમાં પ્રાર્થના બાદ સન્માનસમિતિ તરફથી

ગિજુભાઈ સન્માન થેલી

(૧) જેઓએ નાણું નોંધાવ્યાં હોય પરંતુ મોકલી આપ્યાં ન હોય તે બધા તા. ૨૦ ડિસેમ્બર પહેલાં નીચેના સરનામે મોકલી આપશો. ત્યાર પછી હિસાબ બંધ થશે.

(૨) જેઓની પાસે પહોંચબૂકો અને ઉઘરાવેલાં નાણું પડ્યાં હોય તેઓ તે તાકીદે મોકલાવી આપશે એવી ખાસ વિનંતી છે.

લિ૦ સેવક
ઇંદુપ્રસાદ ભટ્ટ
૪૯, બ્રાહ્મણ મિત્ર સોસાયટી
એલીસબ્રિજ, અમદાવાદ
તા. ૨૫-૧૧-૩૭

કથી શ્રી. ધનુભાઈ એ આવેલા શુભેચ્છાના સંદેશા વાંચી સંભળાવ્યા હતા. એમાંના કેટલાક ઈડર, બોરસદ, કચ્છ, મુંબઈ, બારડોલી, વર્ધા, ધાંગધ્રા, વાંસદા, માથેરાન, કોચીન અને છેક પૂર્વ આફ્રિકાથી આવેલા હતા. સાર પછી તેમણે નીચે મુજબનું પોતાનું સ્વાગત મંત્રી તરીકેનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

સ્વાગતના મંત્રીનું ભાષણ

પૂજ્ય દરબારશ્રી, ગુરુદેવ ગિજુભાઈ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો !

અમારી વિનંતિને સ્વીકારી આજના અમારા આનંદના પ્રસંગે આપ સૌને આ સમારંભમાં પધારેલા જોઈ અમારાં અંતર ઊછળે છે.

ઋષિનું ઋણ અદા કરવાનો હળવો યત્ન

આજે એક ઋષિના ઋણ અદા કરવાના એકમાત્ર હળવા પ્રયત્ન તરીકેના આ સમારંભમાં આપ સૌની હાજરી એક રીતે સમસ્ત ગુજરાતનાં બાળકો પ્રત્યેના આદરની નિશાનીરૂપ છે. આવતી પેઢીના વિષે ગુજરાત હમેશાં જાગૃત છે અને પોતાનો ધર્મ વિશિષ્ટ રીતે બજાવે છે, એ પણ એક સંતોષ સાથે આનંદની વાત છે. રાજકીય મુક્તિના પ્રયાણરૂપ આ યુગના પૂરક તરીકે સ્વાતંત્ર્ય અને મુક્તિ કે સ્વાધીનતાના પાયા ઉપર રચાયેલા આ બાળયુગની એક સદીના પા ચરણના ઇતિહાસની કદર કરવા તેમ જ નવા ચરણની કાર્યદિશામાં પ્રેરણા લેવાના નિમિત્તરૂપ બનવાના આજના સમારંભમાં આપ સૌના અને આપની દ્વારા સમસ્ત ગુજરાતનાં બાળકો પ્રત્યેના આદર, પ્રેમ અને શ્રદ્ધાના કારણે જે હાજરી આપી સમારંભને દીપાવ્યો છે તે માટે આભાર માનું છું. અને આવકાર આપું છું. આ આભારદર્શન માટે અને આવકાર દેવા માટે મને મુખ્ય તરીકે થવા દીધો છે તે પણ મારું સદ્‌ભાગ્ય સમજું છું.

સમારંભના નેપથ્યની સુવાસ

આશરે ૭ માસ ઉપર અમે છાપાંમાં ખબર વાંચી કે શ્રી. ગિજુભાઈ શ્રીદક્ષિણામૂર્તિની તેમની વીશ વર્ષની સેવાની પ્રતિજ્ઞા સંપૂર્ણ કરી નિવૃત્ત થાય છે, ત્યારે અમારી નજર સમક્ષ તેમનાં વીશ વર્ષ ખડાં થયાં. અમારા તેઓની સાથેના અંગત પરિચયે આ સમાચારે અમને કંઈક ચિંતાતુર કર્યા; તેમાંયે સાથે સાથે માંદગી અને સારવારના કાર્યક્રમોની ખબરો પણ ભળી. આ તબક્કે ગુજરાત અને અમે વિદ્યાર્થીઓ શું કરી શકીએ તે વિષે સંકલ્પો કરવા માંડ્યા. આ સંકલ્પોને મૂર્તજન્મ શ્રી. વજુભાઈ દવેએ એક ઝાડની છાયા નીચે આપ્યો, અને આજે આ સમારંભની સફળતા પણ તેમની ૭ ૭ માસની જહેમતને આભારી છે. પણ આ તો થઈ આડકથા. અંગત મિત્ર કે પ્રિયજન વિષે જાહેરમાં બોલવા કરતાં નેપથ્યમાં એ સુવાસ સંગ્રહી લઈ એક ફરજ તરીકે આટલેથી આ કથા અટકાવી દઉં છું.

ગિજુભાઈ સન્માનને બદલે બાલસન્માન

આ સંકલ્પ જેમ જેમ પ્રચાર પામતો

ગયો તેમ તેમ આ સંકલ્પ કરતાંયે શ્રી. ગિજુભાઈએ પોતાના જીવનમાં આ અમૂલ્ય વીશ વર્ષ ગુજરાતી બાળકોને ચરણે મૂકયાં, અને પોતાના જીવનની સિદ્ધિમાં તેઓએ બાળકોના જીવનમાંથી પોતાનો ઈશ્વર શોધી કાઢયો. બાળકોના આ સત્સંગમાંથી તેમને સત્ય જડયું કે બાળકોનો સ્વયં જીવનવિકાસ સહજ છે– જો મોટેરાં અને શિક્ષકો તેમની સ્વયંસ્ફૂરિત પ્રવૃત્તિઓને શાસ્ત્રીય દૃષ્ટિ અને વાતાવરણથી માર્ગ આપે.

મહાપુરુષો આત્મગૌરવ સ્વીકારવાનો પ્રસંગ આવે છે ત્યારે કહે છે કે "હું આ પ્રવૃત્તિમાં પડ્યો છું તે બીજાઓના ભલા માટે નહિ, પણ મારા ભલા માટે. મને જે આદરણીય આદર્શોની ઝાંખી થઈ છે તેને મૂર્ત સ્વરૂપ આપવા જ હું પ્રયત્નશીલ રહું છું. તેમાં કોઈના ઉપર ઉપકાર નથી."

શ્રી. ગિજુભાઈ પણ અમને કહે છે કે "હું અલ્પ છું. અલ્પતાએ જે વિશેષ સત્ય લાગ્યું તેને મૂર્ત કરવું કે તેનો પ્રચાર કરવો એ સ્વાર્થનું કામ છે અને બાળકોની સેવા એ તો સમાજના સ્વાર્થનું કામ છે. આવા સ્વાર્થના કામમાં કોણ કોનો આભાર માને?"

આથી તો શ્રી. ગિજુભાઈએ અમારા કાર્યની શરૂઆત જ બદલાવી દીધી. અંગત મિત્રોની સલાહને તેઓએ ન માની અને થેલી અંગત નહિ પણ બાળકોના કામ માટે તેઓની ઇચ્છા મુજબ વાપરવાની શરતે જ કામ ઉપાડવાની સંમતિ આપી. થેલીમાં લગભગ બાર હજાર રૂપિયા ભરાયા છે. આજે રૂ. ૧૦૧૦૧ શ્રી. ગિજુભાઈને સુપ્રત થશે. થેલીખર્ચ અને સમારંભખર્ચ તથા બહારગામ બાતેના ઉધરાણાના હિસાબો અને પહોંચબૂકો પાછી આવી ગયેથી અન્વેષક પાસે હિસાબ ઑડીટ કરાવીને બાકીની રકમ પાછળથી શ્રી. ગિજુભાઈને સુપ્રત કરવામાં આવશે.

ઇતિહાસનાં પાનાં

ગુજરાત સ્વ૦ અંબાલાલ સાકરલાલના વારાથી નવી કેળવણીની દિશાએ કૂચ કરતું આવ્યું છે એમ કહી શકાય. તે પહેલાંના પ્રયત્નો પરદેશી રાજ્યની હકુમત ટકાવવા કહેવાતા સુધારાને નામે હિંદીઓને સાહેબ બનાવવા, ટૂંકમાં કહીએ તો કારકુની મેળવવાની શાળા-કોલેજોના પ્રચાર માટે હતા. સ્વ૦ અંબાલાલભાઈને પ્રથમ કેળવણીમાં મૌલિક ફેરફારોની અગત્ય જણાઈ હતી. તેઓ ખરી રીતે આજના નવા ગુજરાતના મૂળ પુરુષ હતા. ત્યાર પછીનાં બધાં વર્ષોમાં ગુજરાતે કેળવણીના ક્ષેત્રમાં વિવિધ પ્રયત્નો કર્યા છે. ગુરુકુળો, ગુજરાત કેળવણીમંડળ અને પાછળથી ગુજરાત વિદ્યાપીઠ, શ્રીદક્ષિણામૂર્તિ, વનિતાવિશ્રામો અને આજનાં ગ્રામ્ય વિદ્યાલયો એ બધી સંસ્થાઓએ નવી કેળવણીનાં–નવા જીવન તરફનાં પગલાંની મૌલિક બાબતોના સિદ્ધાંતો ઉપર ઉકેલ શોધવાને ગુજરાતે સફળતા મેળવી છે એમ કહી શકાય. દરેક સંસ્થાએ કેળવણીના પ્રદેશમાં વિશિષ્ટ ફાળો આપ્યો છે. છતાં આ પ્રસંગે ખાસ ઉલ્લેખ કરવો જોઈએ કે સર્વ દેશીય પ્રશ્નોની છણાવટ સાથે કેળવણીમાં શાસ્ત્રીયતાની પ્રધાનતા છતાં જીવનનાં દરેકેદરેક પાસાંની એક અખંડ અને અભેદ્ય કેળવણીમાં મનુષ્યની સાચી કેળવણી છે એ મધ્યવર્તી

દૃષ્ટિબિંદુ સિદ્ધ કરવાનું માન શ્રીદક્ષિણામૂર્તિને ઘટે છે. એક, પરદેશી પ્રવાસીએ 'શ્રીદક્ષિણામૂર્તિ'ને કાઠિયાવાડના 'શાંતિનિકેતન' તરીકે ઓળખાવ્યું છે. કાઠિયાવાડની યાત્રાએ નીકળનાર શ્રીદક્ષિણામૂર્તિમાં ન જઈ આવે તો પ્રવાસ અધૂરો ગણાશે. અને હિંદનો કેળવણીની દૃષ્ટિએ પ્રવાસ કરનાર શ્રીદક્ષિણામૂર્તિની યાત્રા કરે તો જ પ્રવાસ સફળ થયો ગણાય.

રોજ-બ-રોજ અદ્યતન શ્રીદક્ષિણામૂર્તિ

ગુજરાતના દરેક ક્ષેત્રમાં શ્રીદક્ષિણામૂર્તિનો કેળવણી દ્વારા પરોક્ષ ફાળો નાનોસૂનો નથી. દરેકેદરેક તરેહના જીવનદર્શનમાં સ્પર્શ કરતા શ્રીદક્ષિણામૂર્તિના અખતરાઓ પાછળ પણ રોજબરોજ અદ્યતનપણાનો સંદેશ શ્રીદક્ષિણામૂર્તિનો છે.

કેળવણી ભેખધારીઓથી શોભી શકે ને સારો ફાલ આપી શકાય. કેળવણીમાં કામ કરનારાં કોઈ પણ જાતના પૂર્વગ્રહના ખ્યાલોથી દૂર રહેવાં જોઈએ. એક વખત લાગેલું સત્ય બીજી વખતે અર્ધસત્ય, સત્યાભાસ કે અસત્ય લાગે ત્યારે પહેલાંના સત્યને સાપ કાંચળી ઉતારી દે છે તેમ પહેલાંનું સત્ય ફગાવી દેવું જોઈએ. શ્રીદક્ષિણામૂર્તિનો ઇતિહાસ આવા અદ્યતનપણાનો આદર્શ આપે છે. સનાતની ધર્મપ્રચાર માટે શરૂ થયેલી સંસ્થા આજે સાચું મનુષ્યત્વ બીજવવાનું ધ્યેય સ્વીકારે છે. એક વાર જેઓ "સોટી વાગે ચમ ચમ ને વિદ્યા આવે ધમ ધમ" એમ માનતા તેઓ આજે 'Respect children – બાળકોને આદર આપો.' એવા ધ્યાનમંત્રનો ધબ્બગરો ફરકાવે છે. જ્યાં એક વાર હરિજનોને વિદ્યાવિમુખ કરવામાં ધર્મ મનાતો ત્યાં આજે હરિજનોને સાથે લઈ ભણવા-ભણાવવામાં પાપનું પ્રાયશ્ચિત્ત સમજાયું છે. અને અદ્યતન કેળવણી વિષયક શાસ્ત્રોની શોધો અને અનુભવોને સાચી શ્રદ્ધાના અને હિંદની ભોંય સમજીને નવી કેળવણીનું સ્વરૂપ નક્કી કરવાનો દાવો આજે સર્વમાન્ય છે. છેલ્લે છેલ્લે પણ આપણે સૌએ જાણ્યું છે કે સંસ્થાની વિદ્યાસભાએ સર્વાનુમતે વ્યવસ્થાપક મંડળને સખત ભલામણ કરી છે કે શ્રીદક્ષિણામૂર્તિને એક ગામડામાં લઈ જવી. એ રીતે, ઉદ્યોગપ્રધાન કેળવણીના અને લાખો ગામડાંના જીવનવિકાસના પ્રશ્નોના ઉકેલ કરવામાં મદદરૂપ થવાય. આવી નિત્ય યુવાન (ever-green) સંસ્થાના એક વિભાગના આચાર્ય અને સમર્થ બાળકેળવણીકાર શ્રી. ગિજુભાઈની અનેકવિધ સેવાઓની કદર તરીકે ગુજરાત આજે થેલી સમર્પણ કરે છે તે યોગ્ય છે.

સમસ્ત ગુજરાતીઓનું સન્માન

આ કામની શરૂઆત થઈ ત્યારથી રોજ ને રોજ ગુજરાતીઓએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહ આપતો જવાબ વાળ્યો છે. ત્રણ હજાર જેટલા દાતાઓએ આ થેલીને છલકાવી નાખી છે. શ્રી. ગિજુભાઈના ત્રણસો જેટલા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ આજે કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, આફ્રિકા, બર્મા, એબીસીનીયા અને હિંદના દરેકેદરેક પ્રાંતોમાં કેળવણીનું કામ કરી રહ્યા છે. તેઓએ પોતપોતાને મથકેથી થેલીને માટે સામે આવીને કામ કર્યું છે, અને ફૂલપાંખડી મોકલી આપી-અપાવી છે. ગરીબ અને તવંગર બંનેએ આ સન્માનનો પ્રશ્ન પોતાનો ગણ્યો

છે. નાનાં નાનાં બાળકોએ પાઈ, પૈસો અને કોરીઓ આપી છે. રાજાઓ, દીવાનો, અમલદારો અને ગ્રામસેવકોએ બાળકોનો પ્રશ્ન શ્રી. ગિજુભાઈના હાથે ઉકેલાતો હોવાની શ્રદ્ધાથી થેલીમાં હાથ લંબાવ્યો છે. વીશ વર્ષ સુધી શ્રી. ગિજુભાઈની સેવાની સુવાસ ફેલાઈ હતી તેને લીધે જ આ થેલીનો સંકલ્પ પૂર્ણ થયો છે. તેઓનાં અંગત મિત્રોના બહોળા સમૂહે અમને વારંવાર સલાહ, ઉત્તેજન અને ઉત્સાહ આપી આ બાલસન્માનનો સમારંભ ઊજવી સમિતિને યશભાગી બનાવી છે. ખરી રીતે સમસ્ત ગુજરાતીઓ તરફનું આ શ્રી. ગિજુભાઈનું અને તેઓની દ્વારા બાળકોનું આ સન્માન છે. સમિતિ તરફથી સૌનો આ સ્થાનેથી જાહેર આભાર માનવાની રજા લઉં છું.

વિદ્યાર્થીઓની દૃષ્ટિએ

અમે વિદ્યાર્થીઓ માટે આજનો પ્રસંગ શ્રી. ગિજુભાઈ સાથેના અમારાં અંગત સંસ્મરણોના પુનરાવર્તનનો છે. અમારામાંથી કેટલાકે તેઓની રાત–મધરાત લીધી છે, તેઓને ઉજાગરા કરાવ્યા છે અને વખતે કવખતે કનડવામાં પણ અમે બાકી રાખી નથી. રીતસરનું અધ્યાપનમંદિર શરૂ થયું તે પહેલાંના અવિધિસરના અધ્યાપનમંદિરના કાળને અમે સુવર્ણકાળ તરીકે ગણીએ છીએ. બાળકેળવણીના સિદ્ધાંતોના દર્શન–અખતરાઓથી બાલમંદિરમાં અજવાળાં થતાં અને બધાંને નવી શોધ તરીકેનો આનંદ થતો. આ કાળની જહેમતથી અને હિંદમાં આવેલી જાગૃતિથી બાલકેળવણીના ક્ષેત્રમાં કામ કરનારાં સંખ્યાબંધ ભાઈ બેનો શ્રી. ગિજુભાઈને ચરણે બેસી ગયાં. જાતજાતની કક્ષાના વિદ્યાર્થીઓ સમક્ષ તેમની કક્ષાએ ઊતરીને શ્રી. ગિજુભાઈએ પોતાના સત્યનું દર્શન સૌ સૌની રીતે કરવા દીધું છે, અને गुरोस्तु मौनं व्याख्यानं ने ન્યાયે બધાં પોતે પોતાની રીતે વિકસે – જીવનધર્મ બજાવે એ સૂત્રનું શ્રી. ગિજુભાઈએ ચુસ્તપણે પાલન કર્યું છે. કેટલાક તરફથી 'વિશેષ ઉત્સાહ' અને ઘેલછાની ટીકા સહન કરીને પણ તેમણે સૌ કામ કરનારાંને તૈયાર કરવામાં જીવન નીચોવ્યું છે. આવાં તો કેટલાંય સંસ્મરણો આ પ્રસંગે દરેકેદરેક વિદ્યાર્થી રજૂ કરી શકે તેમ છે. પણ બીજા પ્રસંગ માટે તે મુલતવી રાખવું ઉચિત ગણશો એવી આશા છે.

આગે કૂચ–સાચું સન્માન

અમે વિદ્યાર્થીઓ આ સમારંભ ઊજવીએ, થેલી સમર્પણ કરીએ કે અનેક રીતે શ્રી. ગિજુભાઈને સન્માનીએ, તેથી તેઓના પ્રત્યેનું ઋણ અદા થતું નથી–કદી થઈ શકે જ નહિ. શ્રી. ગિજુભાઈની મારફત તેઓએ જે પોતાનાં કિંમતી જીવનનાં વર્ષો આપણી પાછળ ખર્ચી નાખ્યાં છે તેનો યત્કિંચિત બદલો આપવા ઇચ્છનાર એ રીતે જ તેઓનું ઋષિઋણ અદા કરી શકે કે તેમણે જે બાળકોની ઉપાસનાનો માર્ગ બતાવ્યો છે, તેમણે જ્યાં બાળકેળવણીનો અને બાલસાહિત્યનો યુગ ચલાવ્યો છે, તેઓથી સવાયું કામ તેમના આપણે સાચા વિદ્યાર્થીઓ હોઈએ તો આપવું જોઈએ. બાળકેળવણીનું કાર્ય કદી પૂરું થવાનું નથી. અભ્યાસ, અખતરા અને અનુભવ માટે આપણે જીવી બતાવીએ. એમના

જીવનનાં નવનીત તારવીને બાળકો પ્રત્યેની પ્રેમભક્તિ વધુ ને વધુ કેળવીએ. અમને વિદ્યાર્થીઓને આ રીતે ઋષિઋણ અદા કરવાનું બળ આપે એવી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે અને એવી સન્મતિ અમારામાં જાગૃત રહે તે માટે શ્રી. ગિજુભાઈ ના અને અત્રે સાક્ષી બનેલાં ગુજરાતનાં ભાઈબેનોના આશીર્વાદ માગીએ છીએ.

પૂજ્ય ગિજુભાઈ! તમારી નાજુક તબિયત અને આવા સમારંભને માટે નામરજી છતાં અમે પ્રેમને વશ બની તમને છેક ભાવનગરથી ગુજરાતના પાટનગરમાં તાણી લાવ્યા છીએ તે માટે માફી ચાહીએ છીએ. પરંતુ આ પ્રસંગે તમારી પાસેથી ગુજરાત-અને અમે વિદ્યાર્થીઓ-હજુ પણ મોટી આશા સેવે છે અને જે બાલજીવનના વિકાસ માટે તમે જે અથાગ પ્રયત્નો કર્યા છે તે પૂરા કરશો એવું માગવાની રજા લઈએ છીએ. એ ત્યારે જ થાય કે ઈશ્વર તમને તંદુરસ્તીભર્યું લાંબું આયુષ્ય આપે. અમારી અંતઃકરણની તેવી પ્રાર્થના અને શુભેચ્છા છે.

સમારંભને સફળ કરવા તથા થેલી છલકાવવા સમિતિને જેઓએ અમૂલ્ય મદદ આપી છે તેઓનો ફરીથી આભાર માની આપ સૌનું આ પ્રસંગે સસ્નેહ સ્વાગત કરું છું.

પ્રાસંગિક અન્ય વિવેચનો

કેળવણીમાં ગિજુભાઈ યુગ

બાદ શ્રી. પ્રાણલાલ કીરપારામ દેસાઈએ જણાવ્યું હતું કે જેઓ બાલકેળવણીમાં કામ કરે છે તેઓને માટે આ પ્રસંગ માન અને અભિમાન લેવા જેવો છે. આજે આપણે જેનું સન્માન કરવા એકત્ર થયા છીએ એમણે બાલ-કેળવણીમાં પરિવર્તન કરાવ્યું છે અને એક નવીન યુગ પ્રવર્તાવ્યો છે. કેળવણીમાં આ યુગને આપણે ગિજુભાઈયુગ કહીએ તો ખોટું નથી. ગિજુભાઈએ મેડમ મોન્ટીસોરી પાસે કેળવણી લીધી નથી. એમણે તો પુસ્તકો દ્વારા અભ્યાસ કર્યો અને દક્ષિણામૂર્તિમાં એનો અમલ કર્યો. એમણે શિક્ષકો ઊભા કર્યા અને બાલમંદિરો સ્થાપ્યાં. આજે ઠેરઠેર બાલમંદિરો ઊભાં થયાં છે. ગિજુભાઈએ બાલમંદિરોની સાથે બાલ-સાહિત્ય ઉપજાવ્યું છે, અને થોકબંધ પુસ્તકો લખ્યાં છે. ગિજુભાઈની સેવા ગુજરાતને માટે અમૂલ્ય છે.

સમાજશિક્ષક અને લોકશિક્ષક

શ્રી. મોતીભાઈ અમીને જણાવ્યું હતું કે પ્રાચીન કાળમાં જે માન ગુરુને મળતું હતું તે જ અનુસાર આજે ગિજુભાઈને માન મળે છે. એમણે એમના જીવનની રેખા દોરતાં કહ્યું હતું કે શિક્ષણનો ધંધો પવિત્ર છે. એ ધંધાથી સેવા કરાય છે, પરંતુ એ આદર્શથી શિક્ષક થનાર થોડા છે. શ્રી. ગિજુભાઈએ શિક્ષકનો ધંધો લીધો. બાલકેળવણી કાંઈ સહેલી નથી. ગિજુભાઈએ તો એ ધ્યેય સ્વીકારી એની સાર્થકતા માટે પોતાનું જીવન રેડ્યું છે. એ સાર્થકતા માટે એમણે બધા માર્ગો લીધા છે. ગિજુભાઈએ પુરવાર કરી આપ્યું છે કે તે લોકશિક્ષક બન્યા છે. છેવટમાં તેમણે જણાવ્યુ

હતું કે જો પ્રાથમિક કેળવણીમાં સફળતા મેળવવી હોય તો શિક્ષકો તૈયાર કરવા જોઈએ.

બાળકોનો યુગ અને રાષ્ટ્રઘડતરમાં ગિજુભાઇનો અપૂર્વ ફાળો

શ્રીમતી શારદાબેન મહેતાએ જણાવ્યું હતું કે શ્રી. ગિજુભાઈના નામ સાથે બાલમંદિર જોડાયેલું છે. ગિજુભાઈ એટલે બાલમંદિર અને બાલમંદિર એટલે ગિજુભાઈ. બાળકોનો સત્કાર કર્યો હોય તો ગિજુભાઈએ. આજે બાળકોની કિંમત કેટલી વધી છે તે માતા-પિતા અને પ્રજા જાણે છે. આજે સૌ જાણે છે કે બાળકો આજે માર્ગદર્શક થઈ પડ્યાં છે. આપણાં બાળકોનું ઊંચું સ્થાન સ્વીકારવામાં આવ્યું છે. આ યુગ બાળકોનો અને સ્ત્રીઓનો છે, અને આમ રાષ્ટ્રઘડતરના ફાળામાં ગિજુભાઇએ જે ફાળો આપ્યો છે તે અપૂર્વ છે. આજે બાલમંદિરોની સંખ્યામાં ઝડપથી વધારો થતો જાય છે. એટલે એ માટે શિક્ષકો તૈયાર કરવાનું જોખમ હવે ઊભું રહ્યું છે. એટલે આજે જે રકમ અપાય છે તે બાલમંદિરો સારુ શિક્ષકો તૈયાર કરવા માટે અધ્યાપનમંદિર શરૂ કરવાના ફાળા માટેની શરૂઆત તરીકે ગણાય એ ઇચ્છવા જોગ છે.

આખા જગત પર અશાંતિ ચાલી રહી છે.

શ્રી. રામનારાયણ પાઠકે જણાવ્યું હતું કે આજે ૧૪૪મી કલમને લીધે પ્રેમાભાઈ હોલમાં ન મળ્યા અને અહીં મળ્યા તે બતાવે છે કે આખા જગત પર અશાંતિ ચાલી રહી છે. આ અશાંતિ અમુક ટકાના વધારાથી શમવાની નથી; અમુક ફેરફારો કરવાથી મટવાની નથી. આ માટે તો આખું જીવન ફરી સમજવું જોઈએ. આને માટે શિક્ષણ હાથ ધરવું એ જ યોગ્ય છે. એ કાર્ય યુરોપમાં પ્રથમ મોન્ટીસોરીએ હાથ ધર્યું અને ગુજરાતમાં તેને મૂર્ત સ્વરૂપ શ્રી. ગિજુભાઈએ આપ્યું. એ માટે કામ કરવાની વ્યવસ્થા દક્ષિણામૂર્તિએ કરી આપી.

કેળવણીના ક્ષેત્રમાં નવો યુગ બેઠો છે.

મારે આજે એ કહેવાનું છે કે ગિજુભાઈએ શરૂ કરેલું કાર્ય પૂરું કરવા માટે સંખ્યાબંધ માણસો જોઈશે. બાલમંદિરો માટે શિક્ષકો જોઇશે. ગિજુભાઈના વખતે તો બાલમંદિરને માટે કામ કરવા લશ્કરી યુગ હતો. એમણે થોડા જ સમયમાં એ માટે કામ કરવા શિક્ષકો તૈયાર કરી દીધા. એમણે ઘણાને એ ક્ષેત્રમાં મૂક્યા છે. પણ આજે લડાયક યુગ નથી. આજે એ યુગ પૂરો થઈ ગયો છે. અને કેળવણીના ક્ષેત્રમાં નવો યુગ બેઠો છે. કેળવણીના ક્ષેત્રને વિસ્તૃત કરવા મોન્ટીસોરીના શિક્ષણમાં પણ નવો યુગ આવી પહોંચ્યો છે. એ માટે હાલના શિક્ષકો ગિજુભાઈનો દાખલો લેશે તોયે પૂરતું છે. ગિજુભાઈએ જીવનભર પુસ્તકો ઉપર ધ્યાન આપ્યું છે; હાલના શિક્ષકો જો આખું જીવન એમાં નહિ પરોવે તો તેઓ એમના કામને શોભાવી શકશે નહિ.

અનુકૂળ ભૂમિકા

આજે સમાજનું માનસ બદલાતું જાય છે. આજે સમાજ પોતાના કરતાં પોતાનાં બાળકોને વિકસાવવા જરૂર ઇચ્છે છે. અત્યારે એ માટે કાર્ય કરવા સૌથી વધુ અનુકૂળ ભૂમિકા છે. એટલે જો હાલના શિક્ષકો તે કામ નહિ કરે

તો તેઓએ ગિજુભાઈનો દાખલો જીવનમાં ખોટી રીતે મૂકયો છે એવો તેમના પર આરોપ આવશે. આજનો દિવસ નવીન યુગનો દિવસ છે.

શ્રી. બળવંતરાયનું પ્રવચન

શ્રી. બળવંતરાય ઠાકોરે જણાવ્યું હતું કે કેળવણીના ક્ષેત્રમાં ગિજુભાઈએ જીવન અર્પણ કરી નવીન ચીલો પાડ્યો છે. એક સમર્થ વિચારક તરીકે, સમર્થ લેખક તરીકે, સમર્થ શિક્ષક તરીકે એમની આગળ હું માનથી શિર ઝુકાવું છું. એમણે બાળકનો પ્રશ્ન પોતાનો કરી જીવન અર્પણ કર્યું છે. આજે શિક્ષકોએ તો 'આજીવન શિક્ષક તરીકે પોતાની જિંદગી ગાળે, તે સ્નેહમંદ શિક્ષક થાય.' એ સૂત્ર ધારણ કરવું જોઈએ. આજે તો 'પરણી બેઠા પાટ' જેવું ઘોરણ લાગે છે. આજના શિક્ષકોને એમ લાગે છે કે અમે શિક્ષક થયા એટલે હવે વાંચવાનું શું અને વિચારવાનું શું?

રાષ્ટ્રીય છાપ પાડી છે.

આજે માનસશાસ્ત્રના પ્રયોગો નવા થઈ રહેલા જોઈએ છીએ. એ પર જેટલું લક્ષ આપીએ એટલું ઓછું છે. શ્રી. ગિજુભાઈના શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી બાળકેળવણી છૂટવાની નથી. એ છોડશે તો બાળકેળવણી એમને છોડવાની નથી. આજે દેશી રાજ્યમાં દક્ષિણામૂર્તિની સંસ્થા હોવા છતાં એ રાષ્ટ્રીય સંસ્થા તરીકે ચાલી છે. એ ગુરુઓએ બાળકો પર રાષ્ટ્રીય છાપ પાડી બાળકોને તૈયાર કરવા જે પાયો નાખ્યો છે તે માટે આપણે તેમનો આભાર માનીએ એટલો ઓછો છે.

આજે કચ્છ જાગ્યું છે.

શ્રી. પ્રાણજીવન આચાર્યે બોલતાં જણાવ્યું હતું કે મને આજે અહીં બોલવા જણાવ્યું છે તેનું કારણ એ છે કે હું છેક કચ્છથી અહીં આવ્યો છું. આજે કચ્છ પ્રજાપરિષદ ન ભરાતી હોત તો અહીં કચ્છીઓની સારી હાજરી હોત. કચ્છ હવે જાગ્યું છે, અને આજે શ્રી. ગિજુભાઈના પ્રતાપે ત્યાંની શાળાઓમાં પણ સારી સંખ્યામાં વધારો થયો છે.

દરબાર ખરા નામદાર છે.

ત્યાર બાદ શ્રી. પોપટલાલ ચુડગરે જણાવ્યું હતું કે આજે કાઠિયાવાડમાં જો કોઈ નામદાર કહેવડાવવા લાયક દરબાર હોય તો તે દરબાર ગોપાળદાસ છે. આજે આપણે ગિજુભાઈને જે માન આપીએ છીએ તેના ઉત્પાદક પણ એ દરબાર સાહેબ છે.

વકીલાત કેમ છોડી

જ્યારે ગિજુભાઈ મારી સાથે ભાગીદારીમાં વકીલાત કરતા હતા ત્યારે એક દિવસ દરબાર સાહેબ આવ્યા. એમની પાસે મોન્ટેસોરીનાં પુસ્તકો હતાં. તે તેમણે ગિજુભાઈને આપ્યાં. ૧૯૧૫ની સાલની આ વાત છે. ગિજુભાઈ એ પુસ્તકો વાંચી ગયા અને પછી તરત જ દસ વાગે મને સંભળાવ્યું કે હું વકીલાત છોડી દઉં છું, અને અગિયારની ગાડીમાં અહીંથી ઊપડું છું. એમણે તે દિવસે વકીલાત છોડી બાળકોની કેળવણી પાછળ જીવન પરોવી દીધું.

ગરીબીનું વ્રત

થોડાં વર્ષ પછી જ્યારે મેં એમને પૂછ્યું કે

"ગિજુભાઈ! તમે તો સારો અખતરો કર્યો, પણ જગતમાં તમારી કદર થતી નથી." ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે આજેય હું ભૂલી શકયો નથી. એમણે કહ્યું હતું કે "ચોપટભાઈ! જ્યાં સુધી તમારી જડીએન સોનાચાંદીના દાગીના પહેરે છે અને ચાંદી પિત્તળના વાસણમાં જમે છે ત્યાં સુધી જગત કદર નહિ કરે; પણ જ્યારે એ ફુગાવી દેશે અને માટીના વાસણમાં જમશે ત્યારે એની કદર થશે." એમણે એ પ્રમાણે ગરીબીનું વ્રત લીધું અને એ આદર્શ પાછળ ધ્યાનમગ્ન રહી દસ વર્ષ આ સેવામાં ગાળ્યાં.

મારાં બાળકો
પરાધીન જગતમાં નહિ જીવી શકે.

મેં એમને એક વખત પૂછયું હતું કે તમારા શીખવેલાં બાળકો કરશે શું? ત્યારે તેમણે જવાબ આપ્યો કે મારાં બાળકો પરાધીન જગતમાં જીવી શકશે નહિ; ફકત સ્વાધીન જગતમાં જ જીવશે. એ ખરી વાત છે. એમનાં બાળકો કાં તો હાલની પરાધીનતા ફુગાવી દેશે અથવા મરી જશે. એ બાળકો તો એ કરી શકશે નહિ, પરંતુ એમનાં બાળકો તો જરૂર એ પરાધીનતા ફુગાવી દેશે એ ચોકસ છે. આજે જે દસ હજાર રૂપિયા રાષ્ટ્રના ધડતરમાં અપાય છે એ સો ગણા થઈ જાય એવી સૌ કોઈ કલ્પના કરે એમ હું ઇચ્છું છું.

દક્ષિણામૂર્તિનો ભેટિયો નાનાભાઈ

દક્ષિણામૂર્તિના શ્રી. નાનાભાઈ એ બોલતાં જણાવ્યું હતું કે ઘણી વાર એ ચોપવટ થઈ ગઈ છે કે હું નિયામક છું છતાં હું તો દક્ષિણામૂર્તિનો ભેટિયો જ રહ્યો છું. શ્રીનાથજી કે બીજાં મંદિરોના દ્વારે જે ભેટિયો હોય છે તેવો હું છું. હું તો માત્ર એ મંદિર માટે નાણાં ઉઘરાવનાર માણસ છું; એની પાછળનું બળ તો મંદિરનું છે. નાનાભાઈ એવો રૂપાળો નથી કે એને ૨૦૦ રૂપિયા કોઈ આપે! હું તો ૨૭ વર્ષથી નિયામક છતાં ભેટિયા તરીકે રહ્યો છું. મેં દરવાન તરીકે એ દક્ષિણામૂર્તિની હુંડીઓ વટાવવાનું કામ કર્યું છે. હુંડી પાછળ સહીની કિંમત છે; હુંડીઓના લખનારની કિંમત છે. શ્રી. પાઠકે મર્મની વાત કહી છે કે દક્ષિણામૂર્તિ તો એકઠા થવાનું પ્લેટફોર્મ છે અને એનો હું દરવાન છું. જ્યાં સુધી હું છું ત્યાં સુધી મારું સ્થાન કોઈ ઝૂંટવી લે તેમ નથી.

પ્રમુખ દરબાર સાહેબ ગોપાળદાસનું વ્યાખ્યાન

સમાજમાં બાળકોનું સ્થાન

ત્યાર બાદ પ્રમુખ શ્રી. દરબાર ગોપાળદાસે જણાવ્યું હતું કે મને પ્રમુખસ્થાન શા માટે આપવામાં આવ્યું છે તે સમજાતું નથી. શ્રી. ગિજુભાઈએ કચેરીની વકીલાત છોડી દીધી છે પણ તેમનામાંથી વકીલવૃત્તિ ગઈ હોય એમ જણાતું નથી. અટપટા અને વ્યાવહારિક ઝગડાથી ગૂંચવાયેલા અસીલોની વકીલાત છોડી પણ નિર્દોષ બાળકો પ્રત્યે પ્રેમભાવ, મમતા અને શુભેચ્છા લાગણીથી પ્રેરાઈને એકનિષ્ઠાથી તેમની વકીલાત તેમણે ચાલુ રાખી. બાળકને સ્વતંત્ર રીતે વ્યાકતત્વ છે, તે સ્વમાની છે, બાળકોનો આત્મા

કચરાય તો તેમનો વિકાસ થતો નથી, સમાજમાં બાળકોનું સ્વમાન સચવાવું જોઈએ, માબાપોએ મોટેરાંઓના જેટલું બાળકોને પણ માન આપવું ઘટે, બાળકનું દિલ દુખાય તો તેની સ્વયંસ્ફૂર્તિનો અવરોધ થાય છે, બાલમાનસને કચરી નાખનારી આધુનિક બેહૂદી અને ઠેરઠેર વખોડાયેલી શિક્ષણપદ્ધતિનો સદંતર નાશ થવો જોઈએ, બાળકો માટે એકલી શાળાઓ જ નહિ પણ આપણાં ઘરો પણ સાચી શાળાઓ બનવી જોઈએ, આવી જાગૃતિ લાવનાર શ્રી. બાળમૂર્તિ ગિજુભાઈનો સન્માન સમારંભ વખતે તો તેવા જ બાલજીવનના સાચા કેળવણીકારને માટે આ ગ્રંથમુખનું સ્થાન બરોબર યોગ્ય હતું.

ગિજુભાઈનો પ્રથમ નિર્ણય

ગિજુભાઈ સમક્ષ બાળકેળવણીનો પ્રશ્ન ચિ. ભાઈ નરેન્દ્રની કેળવણીને અંગે ઉપસ્થિત થયો. વર્ષોમાં મેં ૧૯૧૫માં શ્રી. મોતીભાઈ અમીનની પ્રેરણાથી કિન્ડરગાર્ટનની પદ્ધતિવાળી બાળકેળવણીની શરૂઆત કરી. હું મોન્ટીસોરી પદ્ધતિમાં રસ લેતો હોઈ મોન્ટીસોરીનાં પુસ્તકો સાથે રાખતો. મેં એ પુસ્તકો શ્રી. ગિજુભાઈને નરેન્દ્રની કેળવણી માટે આપ્યાં. પછી તો ગિજુભાઈની શ્રદ્ધા વળી ને વકીલાત છોડી દક્ષિણામૂર્તિની નિયામક સભાએ બાલમંદિર સ્થાપવા નિર્ણય કર્યો અને ગિજુભાઈએ તે દિવસે જાહેર કર્યું કે મારા બાલમંદિરમાં ભય અને લાલચને સ્થાન નહિ હોય, મારા બાલમંદિરમાં બાળકોનું સ્વમાન સાચવવામાં આવશે, મારા બાલમંદિરમાં બાળકોને સ્વાતંત્ર્ય આપવામાં આવશે.

બાલમંદિરોનો પહેલો અનુભવ

પછી તો દરબારી ખટારામાં ભરાઈ ભરાઈને શહેરનાં બાળકો બાલમંદિરમાં આવવા લાગ્યાં. તે વખતે મોન્ટીસોરી પદ્ધતિનાં પૂરતાં સાધનો ન હતાં પણ રમકડાં ઠીક પ્રમાણમાં હતાં. શેરીઓમાંથી આવેલાં બાળકો નવાં નવાં રમકડાં લેવાને ખેંચતાણ કરે અને ધૂમરાણ મચાવે. ગિજુભાઈ ગભરાયા પણ તરત જ માર્ગ શોધ્યો. તેમણે ઉઘાડી શેરી અને રમાડી એક રમત! એમણે ગવડાવવા માંડયું: 'છોકરાં રે!' 'હો રે!' 'હોરો આવ્યો.' 'શું શું લાવ્યો?' 'દાબડી લાવ્યો.' ...અને છોકરાંઓ તરત જ બહાર દોડી આવ્યાં. જેમતેમ રમત રમાડી તેમને ઘેર પહોંચતાં કર્યા. પછી તો ગિજુભાઈનું મગજ વિચારે ચડયું. શિક્ષણપદ્ધતિને કયે રસ્તે વાળવી તે બતાવનાર કોઈ પુરોગામી ન હતું. પુસ્તકિયા જ્ઞાનથી વ્યાવહારિક મુશ્કેલીઓનો ઓછો કંઈ ખ્યાલ આવી શકે છે? તેમણે રાતદિવસના ઉજાગરા કરી સતત મથન કરી, સ્વાતંત્ર્યને ધ્યાનમાં રાખી અનેક જાતના માર્ગો શોધ્યા. એને પરિણામે ભાવનગરને આંગણે બાલમંદિર આદર્શ સંસ્થા બનાવી. આજે એ માટે ગુજરાત તેમનું ઋણી છે.

જુદી જુદી પ્રવૃત્તિઓ

પણ બાલમંદિરનું કામ રાગે પડતાં તેઓ જંપ્યા નહિ. એમણે એક શિક્ષણ પત્રિકા શરૂ કરી, અને આજે ઠેરઠેર શ્રી. ગિજુભાઈની દોરવણી હેઠળ શિક્ષણ પત્રિકાઓ નીકળી રહી છે. પરંતુ આથી એમની આગળ આખા ગુજરાતનો પ્રશ્ન

ખડો થયો, અને એમણે શિક્ષકો તૈયાર કરવા માટે બાલઅધ્યાપનમંદિર શરૂ કર્યું. બાલ કેળવણીની બાબતમાં હિંદના સૌ પ્રાંતોમાં ગુજરાત આજે આગળ છે અને એનો યશ શ્રી. ગિજુભાઈને છે. એમણે શિક્ષણ વિષયક ઘણાં પુસ્તકો લખ્યાં છે અને હિંદના બીજા પ્રાંતોના મુકાબલે એ ક્ષેત્રમાં પણ ગુજરાત સૌથી આગળ છે.

બાળકોને મંત્રમુગ્ધ કરવાની અજબ શક્તિ

બાળકોને મંત્રમુગ્ધ બનાવવાની, સેંકડો બાળકોને એકીસાથે આનંદ કરાવવાની અજબ શક્તિ શ્રી. ગિજુભાઈ ધરાવે છે. જેઓએ એમને બાળકો આગળ "બિલ્લી વાધ તણી માશી" કે એવું કોઈ બીજું ગીત ગાતા કે વાર્તા કહેતા જોયા છે, તેઓ તેમની આ શક્તિ જરૂર જોઈ શક્યા હશે. સુરતની વાનરપરિષદમાં હજારો બાળકોને મંત્રમુગ્ધ બનાવી કોઈએ પણ પૂરી શાંતિથી સંભળાવ્યું હોય તો તે શ્રી. ગિજુભાઈએ જ.

શ્રી. ગિજુભાઈની સેવાઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી બીજી એક કેળવણી વિષયક પ્રવૃત્તિ તે અભણ માણસોને ભણાવવાની એમની અક્ષરજ્ઞાનની યોજના છે. આ સિવાય ગુજરાતમાં પ્રવાસ કરીને, ભાષણો આપીને, પત્રિકાઓ દ્વારા પ્રચાર કરીને, વસંત બાલશિક્ષણપ્રચારનાં ભાષણો ઘણાં સ્થળોએ એકીસાથે અપાય એવી યોજનાઓ કરીને બાળઉછેર અને બાળકેળવણીનો પૂરો ખ્યાલ જનતા આગળ પહોંચાડવા ભગીરથ પ્રયત્નો આદર્યા છે. તેથી સમગ્ર ગુજરાત બાળકોના પ્રિય ગિજુભાઈનો સત્કાર કરે એ યોગ્ય જ છે.

ગિજુભાઈથી ઓળખવા જોઈએ.

શિક્ષણશાસ્ત્રીઓ ઘણી વખત કહે છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે, અને એક શિક્ષિકા તો તેથીયે વધુ સુંદર રીતે શિક્ષકનો અને માતાનો ભાગ ભજવી શકે છે. ગિજુભાઈની બાબતમાં ઘણી વખતે વિચાર આવે છે કે તેમનામાં ગુણો તો માતાના છે છતાં તેમને ગિજુભાઈના નામથી કેમ બોલાવવામાં આવતા નહિ હોય? પણ મને લાગે છે કે શિક્ષિકા બહેનો અને ભક્તિમા જેવાં કોઈ દિવસ ટાણો મારે કે પુરુષો પણ સ્ત્રી બને છે ત્યારે જ તેઓ ભવિષ્યના સ્વતંત્ર હિંદના સર્જકો ઉપજાવી શકે છે, એવાં મહેણાંથી બચવા આપણે તેમને ગુણ ઉપરથી નહિ પણ કૂળ ઉપરથી ગિજુભાઈ કહેવાનું ચાલું રાખીશું. જોકે આપણી મહાસભાએ તો 'દેશબંધુ', 'દીનબંધુ', 'લોકમાન્ય', 'મહાત્માજી' 'સરદાર' વગેરેને ગુણ ઉપરથી સંબોધવાનું ચાલુ કર્યું છે, પણ ગિજુભાઈની બાબતમાં મહાસભાના એ ધોરણને આપણે બાજુએ રાખીશું.

ગિજુભાઈ ઘણું જીવો

શ્રી. ગિજુભાઈ નિવૃત્ત થઈ એક યા બીજી રીતે બાળકોના હિતનું જ કોઈ કાર્ય આજીવન કરતા રહેશે. એટલે આ શુભ પ્રસંગે આપણે સાચા દિલથી ઈશ્વરને પ્રાર્થના કરીએ કે બાળકોની માતા ગિજુભાઈ ઘણું જીવો, બાળકોના ગિજુભાઈ સાજાતાજા રહો, બાળકેળવણીકાર ગિજુભાઈનો જય થાવ.

 Reg. No. B 2241

સન્માનથેલી અર્પણ થઈ.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ શ્રી. ગિજુભાઈને કુંકુમનું તિલક કર્યું અને અક્ષત ચોટાડી ફૂલહાર અર્પણ કરી ગુજરાતની થેલી અર્પણ કરી હતી.

મૂછાળી મા

શ્રી. ગિજુભાઈએ જવાબ આપતાં જણાવ્યું હતું કે મને શ્રી. ગિજુમા કહેવી જોઈએ એમ દરબાર સાહેબે કહ્યું, પણ મહારાષ્ટ્ર અને બંગાળથી આવતા મારા કાગળો પર તો આજે પણ ગિજુબાઈ બધેકા લખેલું હોય છે, જ્યારે યુરોપથી આવતા કાગળો પર મિસ ગિજુભાઈ બધેકા લખેલું હોય છે! મારાં લાડીલાં કોડીલાં બાળકો પણ મને મૂછાળી મા કહે છે!

આ પછી તેમણે આ અંકમાં અન્યત્ર છાપેલું 'બાલસન્માનસમારંભ' વાળું વ્યાખ્યાન વાંચી સંભળાવ્યું હતું. અને હારતોરા અપાઈ રહ્યા બાદ મેળાવડો પૂરો થયો હતો.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૨૦૧૪

અંક ૧૧ મો
પોષ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

આપણે મોટાંઓ બધાં વાતાવરણની વાતો કરીએ છીએ; પણ વાતાવરણ વેચાતું મળતું નથી, એ તો આપણામાંથી જ ઉત્પન્ન થાય છે. જ્યારે આપણે જ્યાં ત્યાં વાતાવરણ શોધવા જવું પડે ત્યારે આપણે સમજવું કે આપણી અંદર એટલું બળ નથી કે આપણે પોતે જ વાતાવરણ પેદા કરીએ, અગર તો આપણે પોતે જ વાતાવરણ બનીએ.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] પોષ ૧૯૯૪ [અંક ૧૧

મ ન ને

બાળકો અસહાય છે તેથી શું પીડવાને માટે વધારે લાયક છે ?

: ૨ :

કેવળ લોકરંજન ખાતર બાળકોને શણગારનાર અને નચાવનાર માણસો માટે બાળકો શું ધારતાં હશે ?

: ૩ :

બાળકો આપણે કહીએ તેમ જ કરે એવું ઇચ્છનારના સ્વપ્નમાં પણ બાળકોના સ્વાતંત્ર્યનો ખ્યાલ નહિ આવે.

: ૪ :

કન્યાનું શિક્ષણ કુમારોની ઢબે જ થવું જોઈએ એમ કહેનારાઓ શિક્ષણના ઊંડા તત્ત્વજ્ઞાન અને તેના અનુભવથી દૂર છે. કુમારોનું શિક્ષણ કન્યાશિક્ષણની ઢબે જ થવું જોઈએ એ વિચાર જેને માન્ય હોય તે જ એવો વિચાર કરે કે કન્યાઓનું શિક્ષણ કુમારોની ઢબે જ થવું જોઈએ.

કન્યા કે કુમાર ઉભયનું શિક્ષણ તેમની સર્વતોમુખી શક્તિઓના વિકાસ માટે થવું જોઈએ. તેમની વ્યક્તિને પોષણ આપનારું અને તેમના જીવનને સાર્થક કરનારું શિક્ષણ આપવું જોઈએ.

શિક્ષણનો પ્રબંધ રચનારે કન્યા અને કુમારના જીવનની સાર્થકતા શામાં છે તેની શોધ કરવી જોઈએ.

: ૫ :

જેઓ કન્યાશિક્ષણના દ્રોહી છે તેઓ જગતના દ્રોહી છે. જેઓ કુમારશિક્ષણ ઉપર જ ભાર મૂકે છે તેઓ કુમારોના દ્રોહી છે.

કોઈને શિક્ષણ ન અપાય તો વાંધો નહિ; પણ એકલા કુમારો કે એકલી કન્યાઓને જ શિક્ષણ અપાય તેમાં વાંધો છે. એક જ જાતિને શિક્ષણ આપવામાં બન્ને જાતિનો નાશ છે.

: ૬ :

વિસંવાદનું મૂળ અણસમજણ છે. શિક્ષણ અણસમજણ દૂર કરવાનું એક સાધન છે. ગિ.

બા ળ ના ટ કો

બાળકોને નાટકો ભજવવાં ગમે છે. એટલા માટે તેઓને માથે થોડું ઘણું ગોખવાનું આવી પડે તોય તે કબૂલ રાખે છે. પણ ગોખેલાં નાટકો તેમને એટલો બધો

અ • નુ • ક્ર • મ

૧૬૮ મનનો . . . . ગિ.
૧૬૮ બાળનાટકો . . . ગિ.
૧૭૦ આપણી મર્યાદાઓ . ગિ.
૧૭૧ બાળકોનું માનસ . . ગિ.
૧૭૧ પાંચ બહેનો . . . મોં.
૧૭૪ એક અનુભવ . . વિ.
૧૭૪ મારે ખોટાં લાડ ન જોઈએ વિ.
૧૭૫ કેટલીએક બાલભોગ્ય રેકર્ડો વિ.
૧૭૭ બાલમૃદંગવાદન . . વ.
૧૮૦ શ્રી. ગિજુભાઈની ગૂજરાત શિક્ષણયાત્રા . ...

આનંદ આપતાં નથી. ગોખેલાં નાટક-કદાચ જોનારને આનંદ આપે છે પણ ભજવનારને તો તેમાં જડકાઈ રહેવું પડે છે, ભૂલ ન થાય તેની સામે ધ્યાન રાખવું પડે છે, ને તેથી નાટકો ભજવવાની તેની મજા ઘટી જાય છે.

બાળકો પોતાના આનંદને માટે નાટકો ભજવે એ બાળકોને માટે સારી વાત છે. બીજાંઓને આનંદ આપવા માટે બાળકોને નાટકો ભજવવાં પડે એ નઠારી વાત છે. બાળકો પોતાની મોજ ખાતર નાટકો ભજવે અને મોટાંઓને તે જોવા મળે અને સાથે તેમને આનંદ મળે તો તેમાં વાંધો નથી.

હમણાં હમણાં બાળકોની નાટક ભજવવાની સહજવૃત્તિનો મોટાંઓ પોતાના આનંદ માટે કે લાભ માટે ઉપયોગ કરે છે. આમાં મોટાંઓને ભલે લાભ થતો હોય પણ બાળકોને હાનિ થવાની છે. જેમ બીજી બધી બાબતમાં નવીન કેળવણી બાળકોને સ્વયંસ્ફૂર્તિ અને સ્વાતંત્ર્યના હક્કો બક્ષે છે, તેમ આ બાબતમાં પણ તે જ વલણ રાખે છે. અર્થાત્ બાળકોનાં નાટકો જોઈ મોટાંઓ ભલે રાજી થાય; બાળકો નાટકો કરે તેમ તેઓ જરૂર ઇચ્છે; બાળકો નાટકો કરે તેમાં તેઓ સાથ આપે અને તેમનાં નાટકો સફળ થાય તે માટે પોતાનાથી બનતું કરે. પણ તેમણે જે ન કરવું જોઈએ તે એ છે કે બાળકોને ગમે તેવાં નાટકો તેમને ભજવવા દેવાં જોઈએ. તેમને સમજાય અને ભજવતાં તેમને નાટકનો આનંદ-મળે તેવાં નાટકો તેમના હાથમાં મૂકવાં જોઈએ. તેઓ પ્રથમતઃ પોતાને જ ખુશ કરવા નાટકો ભજવે છે તેવું તેમના અંતરમાં રહે તેવું વાતાવરણ રહેવું જોઈએ.

બાળકોને આપણે નાનાં છતાં સંપૂર્ણ મનુષ્યો ગણીએ છીએ. જેમ તેમને ઢીંગલા ઢીંગલી સમજીને આપણા શોખ ખાતર કેવળ શણગારવાનું પસંદ ન કરીએ, તેમ જ માત્ર પૂતળાં પેઠે નાટકના તખ્તા પર આણી આપણી ખાતર નાટક ભજવનાર પણ નહિ ગણીએ.

બાળકોને સ્વતઃ જ નાટકો ભજવવાં એવાં તો ગમે છે કે માબાપો કે શિક્ષકો ના પાડે તોપણ તેઓ ભજવે છે ને ભજવવાનાં છે. આવા સંજોગોમાં માબાપો કે શિક્ષકો તેમની વૃત્તિને અનુકૂળ થઈ તેમને ગમતાં ને તેમને ફાવતાં નાટકોની ગોઠવણ કરી આપે એ અગત્યનું છે. ગિ.

ગ્રાહકોને

આવતા અંકની સાથે આપનું લવાજમ પૂરું થાય છે. અમને આશા છે કે 'પત્રિકા' ના ગ્રાહક તરીકે આપ ચાલુ રહેશો.

જો આપ મનીઆર્ડર કરો તો રૂા. ૧) નો મનીઓર્ડર તા. ૨૨–૨–૩૮ પહેલાં કરશો. કૃપા કરીને કુપનમાં આપનો ગ્રાહક નંબર જે આ અંકના રેપર ઉપર છે તે લખશો.

આપને આવતા વર્ષનો પહેલો અંક વી.પી થી જોઈતો હોય તો આપે અમને તે મતલબનું લખવાની જરૂર નથી. આપના તરફથી મનીઆર્ડર નહિ મળે તો આપે અમને વી.પી. મોકલવા માટે લખ્યું છે એમ માનીને આપના તરફ વી પી. મોકલશું. પરંતુ આપને આ માસિક બંધ કરવું હોય તો કૃપા કરીને તરત જ ખબર આપશો.

વી.પી. પાછું વાળીને કાર્યાલયને નકલ દીઠ સવા-ત્રણ આનાની ખોટમાં કૃપા કરીને ન મૂકશો.

આપની મદદ માટે આભારી છીએ.

દ. મૂ. બાલમંદિર
ભાવનગર

વ્યવસ્થાપક
શિક્ષણ પત્રિકા

આપણી મર્યાદાઓ

ગરીબ માંણસ પોતે પૂરતા પૈસા ન હોય તો જેટલા પૈસા હોય તેટલામાંથી જેવો ખોરાક મળે તેવો લઈને પેટ ભરે છે. આ સ્થિતિ કાંઈ આદર્શ ન કહેવાય. શરીર, મન અને આત્માના વિકાસ માટેની પૂરતી સામગ્રી મેળવવી અને હોવી એ હમેશ સ્વીકારવામાં આવેલું છે, અને તેને સામે રાખી આપણે આપણી પ્રવૃત્તિ કયે જઈએ છીએ.

પણ આપણે બાલશિક્ષણમાં ઘણી વાર આ દૃષ્ટિને ચૂકી જઈએ છીએ. બાલમંદિર કે બાળશાળા સામે બાલશિક્ષણ અને વિકાસના ચોક્કસ આદર્શ છે. એ આદર્શ પાર પાડવાનો બહુ વ્યાપક અને સ્થિતિસ્થાપક એવો છતાં કર્મકાંડ પણ છે. આમ છતાં શિક્ષકો પોતાની મર્યાદાઓથી બાલમંદિરના શિક્ષણને મર્યાદિત કરે તો બાળકોના વિકાસમાં ભારે ઊણપ આવે.

જે શિક્ષકોને વાર્તા કહેતાં ન આવડે તે વાર્તા કહેવાનું છોડી દે; જેને નાચતાં કૂદતાં ન આવડે કે શરમ આવે તે નાચવા કૂદવાનું બાલમંદિરમાંથી કાઢી નાખે; જેને રમતાં ન આવડે ત્યાં રમતનું વાતાવરણ ધૂળ જાય; જેને લોકગીત ન આવડે તે લોકગીતની કિંમત આંકવાનું ભૂલી જાય. મતલબ એ જેને જે કાંઈ ન આવડે, જેનામાં જેની જેની અપૂર્ણતા હોય તે તડકે મૂકે અને પોતાનામાં જે કાંઈ નવીનતા હોય તે દાખલ કરે, અને તેને યથાર્થ ગણવા-ગણાવવા પ્રયત્ન કરે, તો બાળકોને જે બધું મળવું જોઈએ તે ન મળે, ને જેની જરૂર ન હોય તેવું તેનામાં પડવા લાગે એવો સંભવ છે ખરો.

શિક્ષકે હમેશાં શીખતા રહેવું ઘટે છે. જે જાતનું કામ લીધું તેને માટેની સર્વ તૈયારીઓ તેણે હાથ કરવી જોઈએ. અને તે શ્રમપૂર્વક કરવી જોઈએ.

શિક્ષક અમુક બાબતો આવડે છે માટે તેની શાળાની તે વિશિષ્ટતા બને, અને બીજાંઓની શાળામાં તે દેખાય નહિ એમાં નુકસાન હોય તો તે બાળકોને છે, અને તે નુકસાન બાલશિક્ષકો કે નવીન શિક્ષકો ચલવી લઈ શકે જ નહિ.

એમ પોતાની આવડત પ્રમાણે જ માત્ર મંદિરો ચાલે અને પોતે ન જાણે તો પડ્યું રહે એવો વિચાર સ્વીકારીએ અને આચરીએ તો બાલમંદિરોની અદ્‌ભુત વિવિધતાઓ પેદા થાય, અને તેની કસોટીનું કે માપણીનું કશું ધોરણ ન રહે એટલું જ નહિ પણ બાળકોના નુકસાનનો પાર રહે નહિ.

શિક્ષક હમેશનો વિદ્યાર્થી છે. તેણે પોતાની ઊણપો ગમે તેમ કરી દૂર કરી બાળકો માટે તૈયાર રહેવું જોઈએ. શિક્ષક થનારને કપાળે 'આ જોઈએ' ચોંટેલ જ છે. -ગિ.

છાત્રાલય ૧૯૩૮થી હવે પ્રગટ થવાનું નથી. માટે કોઈએ તેનું લવાજમ ન મોકલવાની વિનતિ છે.

બાળકોનું માનસ

બાબુભાઈ: "ગિજુભાઈ! અમને હરિલાલ મારતા હતા."

ગિજુભાઈ: "તો તેમણે બહુ ખોટું કર્યું કહેવાય."

બાબુ: "પછી અમે એને મારતા હતા."

બાળની બુદ્ધિ કેટલી સૂક્ષ્મ છે તે આટલા સંવાદ ઉપરથી સમજાશે. હરિલાલ અને બાબુભાઈ વચ્ચે મારામારી થાય છે. બાબુભાઈ વિચાર કરે છે કે પોતે હરિલાલને મારતા હતા તે બાબતમાં વખતે હારલાલ ફરિયાદ કરે તો પોતાને કંઈ કહેવામાં આવે, માટે તેણે પાણી પહેલાં જ પાળ બાંધવી જોઈએ.

જ્યારે ગિજુભાઈ કહે છે કે હરિલાલે ખોટું કર્યું કહેવાય, ત્યારે પોતે જાહેર કરે છે કે પછી અમે એને મારતા હતા. આમ કહેવાની મતલબ એ છે કે જો હરિલાલનું કૃત્ય ગેરવ્યાજબી છે તો તેને યોગ્ય થવું ઘટે છે, અને એ યોગ્ય પોતે જ કરેલું છે. આમ કરીને બાબુભાઈએ પોતે હરિલાલ પ્રત્યે જે ગેરવર્તણૂક ચલવી છે તેનો સુંદર બચાવ કરે છે. બાબુભાઈ બુદ્ધિશાળી તો છે, પણ તેનો આશય ઊંચો નથી; તેની બુદ્ધિ ઊલટી તેને પોતાનો બચાવ કેમ કરવો તે શીખવે છે. આનું નામ ખરી બુદ્ધિ નથી; આ ખોટી બુદ્ધિ કહેવાય. ગિ.

પાંચ બહેનો

અમે કોણ છીએ તમને ખબર છે? અમે પાંચ બહેનો છીએ. પણ અમારામાં કોઈ મોટી બહેન નથી. કેમ, નથી માનવામાં આવતું ને? પણ સાચું જ કહીએ છીએ કે અમારામાં કોઈ મોટી બહેન નથી. છતાં એક જ માબાપની અમે દીકરીઓ છીએ.

અમે પાંચ બહેનો એક સાથે જન્મી છીએ.

ઉત્તર અમેરિકામાં કેનેડા રાજ્ય છે. કેનેડા રાજ્યમાં ઑન્ટારીઓ પ્રદેશના એક ઝૂંપડામાં અમારો જન્મ થયો છે. અમારા પિતાનું નામ ઈલીવા ડાયન; માતાનું નામ. એલ્જીર ડાયન. ૧૯૩૪ના મેની ૨૮મી તારીખે અમારો જન્મ થયો ત્યારે કરોડો લોકોમાં હો હા મચી રહી હતી; નાનાંમોટાં સહુ અમારા માટે ગાંડાંતૂર બની ગયાં હતાં.

અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર કેટલાય માણસો જન્મ્યા છે; તેનો કોઈ હિસાબ કાઢી શકે એમ નથી. પણ અમારા જન્મ જેવો કોઈનો જન્મ થયો નથી. અને કદાચ થયો હશે તોયે જીવતું કોઈકે જ રહ્યું હશે. કેવી આશ્ચર્યની વાત છે?

અમે પાંચે બેલડાની બેનો છીએ.

અમારો જન્મ એટલો ઝડપથી થયો છે કે અમારામાં કોણ પહેલાં જન્મ્યું ને કોણ પછી જન્મ્યું તે કોઈને ખબર જ ન પડી. એટલે તો કહીએ છીએ કે અમારામાં કોઈ મોટી બહેન નથી. અમે સૌ સરખી! માત્ર ઉંમરમાં જ સરખી છીએ એમ નથી; અમારા ચહેરા પણ એટલા મળતા છે કે અમે કોણ કઈ વ્યક્તિ છીએ તે પારખવું મહા મુશ્કેલ છે. અમારાં માબાપ અમને નથી ઓળખી શકતાં. અમારો

વિનંતિ

જે ભાઈ બેનો પાસે ગિજુભાઈ સન્માન સમારંભને અંગેનો હિસાબ પહોંચ્યો ન હોય તે વહેલામાં વહેલી તકે નીચેને શિરનામે મોકલી આપે એવી વિનંતિ છે.

ઈન્દુપ્રસાદ ભટ્ટ.
મંત્રી. ગિ. સ. સ. સમિતિ.
૪૯, બ્રાહ્મણમિત્ર સોસાયટી
એલિસ બ્રીજ અમદાવાદ.

ડૉક્ટર ને અમારી આયાઓ પણ ક્યાંથી જ ઓળખે ? એટલી બધી અમે સમાન છીએ, સરખી છીએ.

અત્યાર સુધીમાં બે સાથે જન્મેલાં બાળકો પણ ભાગ્યે જ જીવે છે. કોઈ બે દિવસ, કોઈ ચાર દિવસ તો કોઈ મહિને મરી જાય છે. પણ અમે હજી જીવીએ છીએ. અમારા ડૉક્ટરે અમને જીવતાં રાખવાની પ્રતિજ્ઞા લીધી છે, અને એના પ્રતાપે જ અમે જીવીએ છીએ. અમને બચાવવા માટે અમારા ડૉક્ટરે બહુ જ જહેમત ઉઠાવી છે. અર્ધા કલાકમાં તો અમે પાંચ બહેનો એના હાથમાં આવી પડી. અમને પાંચને ક્યાં રાખે કહો જોઈએ ? એમણે તો એક બાળક માટે બધી ગોઠવણ કરી હતી ! એક સાથે અમને પાંચને જોઈ તેઓ ગભરાઈ ગયા. અમે એક જન્મશું કે પાંચ એવી શું અમે એમને આગળથી કાંઈ ખબર આપી હતી ? અમારા પાંચના જન્મ માટે તેઓ તૈયાર હતા જ નહિ.

અમે જન્મી ત્યારે સામાન્ય બાળકો કરતાં ખૂબ જ નાની હતી. અમે એટલી ટિનકુડી હતી કે અમારા એક એકનું વજન માંડ માંડ એક શેર હતું. આટલી નાનકડી અમે પૃથ્વીની હવા અને પ્રકાશથી કદાચ મરી જ જાત, પણ સારા પ્રતાપ અમારા ડૉક્ટરના. એમણે અમારા માટે જે કર્યું છે તે બીજું કોઈ કરી શકે જ નહિ, કોઈ કરે નહિ.

લ્યો. હજી સુધી અમારા ડૉક્ટરનું ને અમારું નામ કહેવું તો ભૂલી જ ગઈ ! અમારા ડૉક્ટરનું નામ છે એલન રોય ડફ, અને અમારાં પાંચેનાં નામ નીચે આપ્યાં છે. વાંચો જોઈએ ? કેવાં સુંદર નામો છે !

૧ મેરી રોઇન આલ્મા ડાયન
૨ એમીલી મેરીજીયન ડાયન
૩ સીસીલ મેરી એમીલ ડાયન
૪ એન્નેટ મેરી લીલીયાન ડાયન
૫ ઇબન એડોઇલ મેરી ડાયન.

અમને પાંચેને ઓળખવા માટે ડૉક્ટરે યુક્તિ શોધી કાઢી છે. અમારા પાંચેના પગની છાપ પાડીને છાપ પાસે અમારાં નામ લખી રાખ્યાં છે. સારું થયું કે એમણે આ યુક્તિ શોધી કાઢી, નહિતર ઉપાધિના પાર થાત. અમારી એકાદ બેન માંદી પડત ત્યારે એને બદલે ડૉક્ટર મને જ દવા પાઈ દેત !

ડૉક્ટરની મહેનતથી જ અમે મૃત્યુના મુખમાંથી બચી ગઈ છીએ. અમે થોડાક મહિનાની થઈ એટલે આખા રાજ્યમાં અમારા માટે ધમાલ મચી રહી. બધાં અમને જોવા માગતાં હતાં. કોઈ બાબાપુને હજારો રૂપિયા આપી, અમને ભાડે લઈ, ટિકીટો કાઢી અમને દેખાડવા માગતા હતા. કોઈ વળી અમારી

જન્મકથા અને અમારા ફોટા છાપામાં જાહેર કરવાની પરવાનગી માગતા હતા. કોઈ વળી અમારી ફિલ્મ ઉતારી બધાને દેખાડવા માગતા હતા.

કેટલાય વિદ્વાનો અમને જોવા આવતા, અમારી પરીક્ષા કરતા. અમે તો આ બધા ત્રાસથી ત્રાહી ત્રાહી પોકારતી.

ડૉકટર પણ બિચારા ઉપાધિમાં આવી પડ્યા. તેણે અમારા રક્ષણ માટે રાજસભાને બધી વિગતો જણાવી ને મદદ માગી. ખબર મળતાં જ રાજસભા અમારા માટે ગોઠવણ કરવા લાગી. અમારી જેવાં કેટલાંક જન્મતાં હશે, કહો જોઈએ ? રાજસભાએ અમારા માટે ત્રણ ધાવને મોકલી. અમારાં દુર્બળ અને નબળાં શરીરના રક્ષણ માટે ગરમ કપડાં અને બિછાનાની પેટીઓ મોકલી. અને અમારા માટે ખાસ રક્ષણ માટે પહેલવાન જેવા ચાર ચોકીદારો મોકલ્યા. એટલું જ નહિ હો ! અમારા માટે ખાસ જુદું મકાન બંધાવ્યું. એ મકાનમાં અમારા માટે વીજળીથી જ રસોઈ થતી. અમારાં કપડાં વીજળીથી જ ધોવાતાં. કેવી અમે નસીબદાર ! અમે શું કાંઈ ઓછી છીએ ? જુઓ છો ને અમારા માટે કેટલી ધમાલ થાય છે તે ! અમને બચાવવા માટે આખી દુનિયા ખડે પગે તૈયાર હતી. સ્ટીમરમાં, ગાડીમાં, એરોપ્લેનમાં દેશેદેશથી અમારા માટે એટલી ભેટો આવતી કે જેની સીમા જ નહિ. તમને અમારી અદેખાઈ આવે છે કેમ ? કેટલાય બાટલા ભરી મધ આવતું; કેટલીયે બાટલીઓ ભરી ઘાવણ આવતું. કોઈ વળી સુંદર રમકડાં મોકલતું તો કોઈ વળી સામાન્ય સ્ટવ જેવી વસ્તુઓ પણ મોકલતું. એક દેશના રાજાએ તો અમે પાંચે બહેનો માટે રૂપાનાં વાસણો મોકલ્યાં હતાં. પણ જો અમે ન બચીએ તો પછી આ બધાનું શું થાય ? એટલે અમારી ત્રણ ધાવો ને અમારા ડૉકટર ચારે જણાં અમારા માટે ખૂબ જ સાવચેત રહેતાં.

કદાચ અમને અડવાથી પણ અમને કંઈક નુકસાન થાય એ બીકથી તેઓ હાથે ધોયેલાં મોજાં પહેરી અને નાક અને મોઢું કપડાથી બાંધીને જ અમને અડતાં. શ્વાસમાંના રજકણો કયાંક અમને નુકસાન કરે તો ? કેટલી સાવધાની કહો જોઈએ ? એટલી મહેનત લીધી ત્યારે તો આજે અમે આવડી મોટી થઈ, નહિતર તો કયારનીય સ્વર્ગે સીધાવી હોત.

અમે આટલી મોટી થઈ એટલે ડૉકટરે અમારો ફોટો લેવાની રજા આપી. તમે અમારા ફોટા જોયા છે ? અમે તમારી જેમ તંદુરસ્ત થઈ લાંબો વખત જીવીએ એવી તમે ઈશ્વરને પ્રાર્થના કરજો.

અમારામાંથી પૈસા પેદા કરવાની ઘણાને ઇચ્છા થઈ હતી. એક વાર અમારા બાપુ પણ પૈસાના લોભમાં પડ્યા ને ડૉકટર પાસેથી અમને પડાવી લેવા તૈયાર થયા. ડૉકટરે રાજસભામાં બબર આપી એટલે રાજસભાએ અમારા માટે નવો કાયદો કર્યો. એ કાયદાના જોરે રાજય જ અમારે માટે બધી રીતે જવાબદાર થયું.

તમે જોયું ને કે અમે કાંઈ સાધારણ માણસ નથી. ખુદ રાજય પણ અમારા માટે બધું કરવા તૈયાર છે. અમારા માટે નવા કાયદા પણ તૈયાર થાય ! કેવી અમે ?

મોં.

એક અનુભવ

ઊર્મિલાબહેન ચારેક વર્ષનાં હશે. એમની ઊંચાઈ ૨॥ ફીટથી પણ ઓછી છે. તેઓએ એક દિવસ ૨॥ ફીટ ઊંચા ટેબલ ઉપર ચડવા ઊતરવાની જે ક્રિયા કરી તે નીચે પ્રમાણે છે.

મારી સાથે ઊર્મિલાબહેન બેઠાં હતાં. તેમણે પોતાની જાતે ટેબલ ઉપરથી નીચે ઊતરવા ઇચ્છા દર્શાવી. મેં કબૂલ કર્યું. તેઓ જાતે ઊતર્યાં. તેમના મોઢા ઉપર કંઈક અલૌકિક હર્ષ હતો. તેમને લાગ્યું કે હું મારી જાતે ચડી ઊતરી શકું છું. જાતે ચડવા ઊતરવાનું શરૂ કર્યું. એક વાર થોડી વાર ચડીને ભાગી ગયાં; ફરી થોડી વારે આવીને પાછી તેની તે ક્રિયા ચાલુ જ રાખી. ફરી પાછાં બહાર ગયાં. પોતાની બાને ને નોકરને કહી આવ્યાં કે મને ચડતાં ઊતરતાં આવડ્યું. ત્રીજી વાર શરૂ કર્યું. બધું થઈને લગભગ ૨૫ વખત ચઢ્યાં ઊતર્યાં હશે. તેમનો કામ પછીનો હર્ષ કંઈક ઓર જ હતો; હું જાતે કરી શકું છું એવો વિશ્વાસ સ્પષ્ટ દેખાતો હતો. હજી પણ અવારનવાર તેમની પ્રક્રિયા ચાલુ જ છે. તેમાં તે કદી થાકેલાં દેખાતાં જ નથી; હમેશાં ક્રિયા પછી પુલકિત જ દેખાય છે.

ક.

મારે મોટાં લાડ ન જોઈએ.

રાતનાં અમે બધા જમી પરવારીને વાતો કરતા હતા ત્યારે જસુબેને પોતાના દીકરાને પૂછ્યું: "બચુભાઈ! તમારે હીંચકા બાવા છે? આવો આપણે હીંચકીએ."

મને બાની સરળ અને વિવેકભરી બાળક પ્રત્યેની આ ભાષા ગમી. મેં પૂછ્યું: "જસુબેન! બચુભાઈ શું ભણે છે? કઈ નિશાળમાં મોકલો છો?"

"હું એને પહેલાં ...ની નિશાળમાં મોકલતી હતી. ત્યાં એક શિક્ષિકાબહેન છે, તે ભારે ખુશામતિયાં છે. એક દિવસ એણે ઘેર આવીને મને કહ્યું: 'હું આવતી કાલે બાઈને તેડવા મોકલીશ. એ બચુભાઈને તેડીને આપણી શાળામાં લાવશે. બચુભાઈને જરૂર મોકલજો, હોં?" જસુબેને કહ્યું.

જસુબેને આગળ કહેવા માંડ્યું: "મને થયું કે ઘર પાસે છે અને બચુભાઈ તો એકલાં ચાલ્યો જશે. નકામો બાઈને ધક્કો બવડાવવો નહિ; અને એમાંથી બચુભાઈને લાડ કરાવવા નહિ.

"અને એવી જ રીતે એક દિવસ નાસ્તા પછી બચુભાઈ ઘેર આવ્યા. એમના હાથમાં બે પેંડા હતા. મેં પૂછ્યું: 'બચુભાઈ! બે પેંડા કેમ? બધાને કેટલા હતા?'

"બચુભાઈ કહે: 'કહું? બધાને તો છે ને એકેક આયપો, ને...મને તો, હું એકનો એક છું ને, એટલે બે આયપા.' બીજે જ દિવસે હું શિક્ષિકાબેનને મળી અને કહ્યું: 'બેન! બચુભાઈને મારે આ નિશાળમાં નથી રાખવો. એ અહીં બોટાં લાડ શીખે છે અને એનું અનુકરણ ઘરમાં આવીને કરે છે. મારે બચુ-

ભાઈ એકનો એક હોય પણ એમાં બગડે એ તો સારું નહિ જ ને? એવાં ખોટાં લાડ મારે ન જોઈએ. હું જાતે જ પ્રબંધ કરી લઈશ. અને ત્યાર પછીથી મેં તેનો જાતે જ અભ્યાસ શરૂ કરાવ્યો." જસુબેને પૂરું કર્યું.

બહોળા કુટુંબ વચ્ચે વિધવા માતાને સાતેક વર્ષનું આ એકનું એક બાળક છે.

મને એની આ વાત ગમી. કંઈ પણ ગોળ ગોળ ચોપડ્યા વગર સીધેસીધો હિસાબ ચોખ્ખો કરી નાખ્યો. અને પોતાના બાળક વિષેની કેળવણી પર ખૂબ ધ્યાન રાખીને, બાળક માટે બધાને વચમાં પડવાની ના પાડીને, બીજાને થોડોક વખત ખોટું લાગવું હોય તો લાગે પણ એ વસ્તુમાં તો મક્કમ રહીને, પોતે જ બાળકના હિત ખાતર સમજીને આ પગલું ભર્યું, તે બાળક માટે અને તેને માટે સુંદર હતું.

ઘણી માતાઓ "અમુકને ખોટું લાગશે તો?" "બાળક તો બધાનું છે ને?" "એને તો બધા જ કહી શકે." "મારા બાળકને આગળ લાવે એમાં તો ઘરનું નામ આગળ આવેને?" એ રીતે બાળકોને ખોટા લાડમાં કેટલાંક ઉછેરે છે અને 'ચાગલાં' કરી મૂકે છે.

માતાઓ થોડે ઘણે અંશે પણ બાળકોના હિતની ખાતર એમની કેળવણીની લગામ પોતાના હાથમાં સમજપૂર્વક રાખે તો આગળ જતાં બાળકોનું ભવિષ્ય કેટલું સુંદર થાય? અને માતાઓનો આપેલો આટલો ફાળો પણ બાળકોની ખાતર સફળ થાય. વિ. શાહ.

કેટલીક બાલભોગ્ય ગ્રામોફોન રેકર્ડો

કંપની	નંબર	ગીત લીંટી	ગાનાર
1. Columbia:—			
૧.	G. E. 3093	દિનરાત ચાલ્યા કરે	શ્રી. પિંનાકિન
૨.	G. E. 1837	અમે ફેર ફુદરડી રમતાંતાં	વસંત નાયક
૩.	G. E. 1836	વાદળ વાદળ વરસો પાણી	વસંત નાયક
2. New Theatres:—			
૪.	H 325 h.	બાલમ આય બસો મોરે મનમેં	કે. સાયગલ
3. Twin:—			
૫.	F. T. 2284	ભીમપલાસ. એક તાલ	રઝાક સુરત બૅન્ડ
૬.	F. T. 250	ટ્વીન કોન્સર્ટ	
4. Zonophone Record:—			
૭.	Z 543	લાફીંગ સોંગ.	મી. બટ શેપર્ડ
5. His Master's Voice:—			
૮.	P. 7725	જાનવરોંકી બોલીયોંકી નકલેં	મા. મહમદ મુબારક

૯.	P. 17515	પિયાનો, વાયોલિન, તબલાં	જી. સી. ચેટરજી અને કે. સી. મુકરજી
૧૦.	P. 6209	સખી મોરી ઝમઝૂમ (દુર્ગા)	મીસીસ હીરાબાઈ બરોડકર
૧૧.	P. 13361	વંદે માતરમ્ (સારંગ-રાષ્ટ્રગીત)	મા. વિષ્ણુપંત પાગનીસ.
૧૨.	N. 3527	ગાંધી તો આજ (ગજલ-દાદરા)	મા. વસંત
૧૩.	N. 3364	મંગલ મંદિર ખોલો. (રાગ ભૈરવી)	પ્રો. નારાયણરાવ વ્યાસ
૧૪.	N. 4107	મેરી માતા પે સરપર તાજ રહે	મા. વસંત
૧૫.	N. 7300	મેરે જનમ મરણ કે સાથી	હરિન્ ચેટરજી
૧૬.	N. 3370	ગત ભૂપાલી : કાષ્ટતરંગ	ઉસ્તાદ નારાયણદાસ મનસુખરામ
૧૭.	N. 4015	પિયાનો, વાયોલિન, તબલાં (ઇન્સ્ટ્રુ મેન્ટલ કોનસર્ટ)	કે. સી. મુકરજી અને જી. સી. ચેટરજી
૧૮.	N. 6006	,,	,,
૧૯.	Cat no B. 1481	The Prairie Flower March	Military Band (4–22)
૨૦.	P. 17574	ભૂપાલી; જલતરંગ-મેન્ડોલીન	વ્યાસ એન્ડ પાર્ટી

વિ.

નોંધ:—

ભાઈ વિષ્ણુપ્રસાદ જયંતીલાલ ભટ્ટ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરના એક શિક્ષકે આ યાદી પ્રસિદ્ધિ માટે મોકલી છે. દ. મૂ. બાલમંદિરમાં નવી નવી રેકર્ડો વસાવવામાં આવે છે, અને બાળકોને ગમતી રેકર્ડો કઈ છે તે અનુભવથી નક્કી કરવામાં આવે છે. આ યાદી અનુભવથી–પ્રયોગથી બાલભોગ્ય માલૂમ પડી છે. બાલમંદિર ચલાવનારાઓને આ યાદી દિશાસૂચક થશે એમ આશા રાખવામાં આવે છે.

રેકર્ડો ઉપરથી માલૂમ પડશે કે આ બધી રેકર્ડો મોટે ભાગે ઉચ્ચ સંગીતની છે. બાળકોની પાસે હલકું, મધ્યમ કે ઉચ્ચ જે પ્રકારનું સંગીત રજૂ કરીએ તે પ્રકારના તેના ઉપર સંસ્કારો પડે છે. શરૂથી તેમને હલકું સંગીત આપીએ તો તેઓ હલકા સંગીતમાં આનંદ લેતાં થશે; પણ તેથી ઊલટું જો શરૂથી જ તેમને ઉચ્ચ સંગીત આપીએ તો તેઓને તેનાથી નીચી કક્ષાનું સંગીત પસંદ પડશે નહિ, અને હમેશાં તેઓ ઊંચી કક્ષાનું સંગીત માગશે. એટલા માટે બાલમંદિરમાં પ્રથમથી ઉચ્ચ પ્રતિનું સંગીત ચાલવું જોઈએ અને ત્યાં વગાડવાની રેકર્ડો પણ ઉચ્ચ પ્રકારની જોઈએ. સંગીતદ્વારા સંસ્કાર આપવાની બાબતમાં ઊંચું સંગીત

બાળકો સમજશે કે નહિ એ પ્રશ્ન ચર્ચવાની જરૂર નથી. એકાએક બાળક ઉચ્ચ સંગીતથી ગાયનવાદન શરૂ ન કરી શકે, પણ તેના સંસ્કારો અને શ્રવણ-આનંદ તો લઈ જ શકે. જેમ ઉચ્ચ પ્રકારની કુદરત બાળકને ઉચ્ચ સંસ્કાર આપે છે, જેમ ઉચ્ચ પ્રકારના આચારો બાળકમાં ઉચ્ચ આચરણ માટે રુચિ ઉત્પન્ન કરે છે, એ જ રીતે ઉચ્ચ પ્રકારનું સંગીત બાળકમાં સંગીત પરત્વે ઉચ્ચ રુચિ જગાડે છે. એક વાર સારી રેકર્ડો વારંવાર સાંભળ્યા પછી બાળકોને હલકી જાતની રેકર્ડો સાંભળવી ગમતી નથી એનો અનુભવ પ્રયોગો કરીને કરી લેવા જેવું છે.

—તંત્રીઓ.

બાલ મૃદંગવાદન

[અંક ૯ ના પૃષ્ઠ ૧૪૪ થી ચાલુ]

બંધ બોલો કેમ વગડી શકે એ વિષે ગત લેખમાં કહેવાઈ ગયું. હવે આપણી નોટેશનમાં ઉપયોગમાં આવે ખુલ્લા બોલો વિષે લખું છું.

જીવારી ઉપર વગડે તેવા ખુલ્લા બોલો

તા – જીવારીની શાહી ઉપર ખુલ્લો પંજો પછાડવાથી આ અવાજ થાય છે. કનિષ્ઠિકાને પછાડીને હાથને તરત સચળો કરી નાખવો.

ન–ના. કેવળ તર્જનીથી અથવા તર્જની, મધ્યમા અને અનામિકા એ ત્રણે સાથે રાખી ખુલ્લી રીતે જીવારી ઉપર વગાડવાથી આ બોલો વગડે છે. આંગળીનું જોર ટાંચ ઉપર વધારે રાખવું.

તી–તી'; દી–દી'. ચારે આંગળીઓ જીવારીની શાહી ઉપર ઊંધી પછાડવાથી આ અવાજ પેદા થાય છે.

તીરી–ત– તીટ–ટ–ત્ર. આ અવાજો બંધ બોલમાં કહી ગયા મુજબ જ થાય છે.

કેવળ ભોણ ઉપર વગડે તેવા ખુલ્લા બોલો.

ગિ–ગી; ધિ–ધી; ધ્વ–ગ. ભોણ ઉપર ચારે આંગળીઓ ખુલ્લી પછાડવાથી આ બોલ પેદા થાય છે.

કિ–કી–ક. ભોણની શાહી ઉપર ખુલ્લી ચાર આંગળીઓ દબાવવાથી બોદો બોલ વાગે તે

ભોણ અને જીવારી બંને ઉપર એકી સાથે બજતા ખુલ્લા બોલો.

ધા– ભોણ ઉપર ધ અને જીવારી ઉપર તા બોલ એકી સાથે બજાવવાથી આ બોલ વગડે છે.

ધીં– ભોણ ઉપર ધ અને જીવારી ઉપર તીં બોલ એકી સાથે બજાવવાથી આ બોલ વગડે છે.

છુટ્ટા બોલો વિષે કહેવાઈ ગયું. હવે નોટેશન વિષેની સમજણ નીચે મુજબ છે.

(૧) માત્રાની નિશાની. ૨ માત્રા ∞; એક માત્રા —; અર્ધી માત્રા ०; પા માત્રા ⌣

(૨) સમ વગેરેની નિશાની. ખાલી ×; તાલી ૨; સમ ૧

(૩) દાયાના ખાનામાં જે બોલો રહેશે તે જીવારી ઉપર જ વગાડવાના છે.

(૪) બાંયાના ખાનાવાળા બોલો ભોણ ઉપર વગડશે.

(૫) શરૂઆતમાં તાલ વિષેની સમજણ અને તેના બોલો આપી પછી નોટેશનમાં ગોઠવ્યા છેઃ એટલા માટે કે અભ્યાસીને અભ્યાસ કરવામાં એ રીત સરલ થઈ પડશે. હવે તાલો લખવાની શરૂઆત થાય છે.

તાલ દાદરો; માત્રા ૬ ; તાલી ૧ – ૪.
નોટેશનમાં ગોઠવ્યા વગરના બોલોઃ—

ઘા ઘીં ના ઘા તીં ના
– – – – – –

નોટેશન

બંધ બોલો	૧			૨		
દાયા	ઘા	ઘીં	ના	ઘા	તીં	ના
	–	–	–	–	–	–
બાયા	ઘા	ઘાં	.	ઘા	.	.

ઉપરના દરેક બોલ નીચે એક એક માત્રા આપેલી છે. પહેલી માત્રા ઉપર સમની નિશાની ૧ રાખી છે; ચોથી માત્રા ઉપર તાલીની નિશાની ૨ છે. આ તાલમાં ખાલી આપવાની નથી. બાજુમાં દાયા અને બાયા લખેલ છે. જે બોલ એકી સાથે દાયા અને બાયા ઉપર બજી શકે છે, તે બોલ બંને ખાનામાં મૂકેલ છે જેથી અભ્યાસીને બજાવવા સમયે સ્મૃતિ થાય કે આ બોલ ભોણ ઉપરનો છે કે જીવારી ઉપરનો છે કે બંને ઉપર એકી સાથે વગડી શકે તેવો છે. એમ નક્કી થયા પછી બોલો વગાડવાની પદ્ધતિ ઉપર અપાઈ ગઈ તેમાં જોઈને જુદા જુદા અવાજ કેમ કરવા તે નક્કી કર્યા પછી અભ્યાસી તરત જ મૃદંગ ઉપર નોટેશન મુજબ બોલો વગાડી શકશે.

બધા બોલો નીચે એક જ માત્રા છે એટલે સરખે સમયાંતરે છયે બોલો વગાડવાથી તાલ-બદ્ધ વાગશે.

તાલ બેમટો. બંધ બોલો; માત્રા ૬; તાલી ૧–૪
બોલોઃ—

ધા ગ ધિ ના ધિ ન ધા ગ તિ ના કિ ન
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

નોટેશનનો કોઠો

	૧			૨		બંધબોલ
દાયા	ધા	·	ધિં	ના	ધિં	ન
	૦		૦	૦	૦	૦
બાયા	ધા	ગ	ધિં	.	ધિં	.
	૦			૦		

	ધા	ગ	.	.	કિ	ન
	૦			૦	૧૦	

બધા બંધ બોલો નીચે અર્ધી માત્રા આપી છે. આપણે ધારેલી માત્રામાં બે બોલો આવે તો તાલ બરોબર વાગે. એક ટકોરામાં બે બોલ બોલી જવાનો અભ્યાસ કરીને પછી તાલ વગાડવો. ગ બોલ કેવળ બાંયા ઉપર જ વગડે છે તેથી નોટેશનમાં તે નીચે જ રાખેલ છે. તેવી જ રીતે છેલ્લે કિ બોલ વિષે જાણવું.

તાલ હીંચ. માત્રા ૬; તાલી ૧–૪; ખુલ્લા બોલો.
બોલોઃ—ધીન કિટ ધીં તિર કિટ કિટ
૦૦ ૦૦ — ૦૦ ૦૦ ૦૦

નોટેશનનો કોઠો

	૧			૨		ખુલ્લા બોલો
દાયા	ધી	ન	. ટ	ધીં	તિ ર	. ટ . ટ
	૦૦		૦ —	૦૦		૦ ૦
બાંયા	ધી	.	કિ .	ધીં	. .	કિ . કિ .
			૦			૦ ૦

આ બોલો ખુલ્લા બજાવવાના છે. તાલના બોલો નોટેશનમાં આ રીતે અભ્યાસી પોતે કરી શકે છે. અહીં આપેલા તાલોના બોલો કોઠા મુજબ ગોઠવવાથી ઘણો વિસ્તાર થઈ જાય એટલા માટે કોઠાના દાખલા આ ત્રણ જ આપેલા છે. હવે પછીના તાલોના બોલો કોઠા વગર જ આપવામાં આવ્યા છે.

તાલ કેરબો. માત્રા ૪; તાલી ૨–૪; બંધ બોલો

	૧		૨		
(૧)	ધી ન	ધા ગ	ધા તીં	ન	ક
	૦ ૦	૦ ૦	૦ ૦	૦	૦

(૨) ધી ન ધા ધીં ગ ની તા ક
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

(૩) ધી ન ધા ધી ગિ ધિ ધા ધી
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

ઉપરના ત્રણે બોલો કેરબા તાલના છે. આ તાલમાં સમ બીજી માત્રા ઉપર હોય છે. એટલે એમનું ચિન્હ ૧ બીજી માત્રા ઉપર કરેલ છે. આ તાલના બોલો લાવણી તાલમાં, ધુમાલી તાલમાં, અને ગામડાંઓમાં જેને ચલતી કહે છે તે તાલમાં ચાલે છે.

કેરબાનો મોરો બંધ બોલો.

ધિ ર કિ ટ ધા ધિ ર કિ ટ ધા ધિ ર કિ ટ
૦ ૦

આ મોરો સમ ઉપરથી જ બજાવવો. એ પણ ચાર માત્રાનો જ છે. તાલનાં બોલો બ-જાવ્યા બાદ મોરો બજાવવાથી તાલ બહુ સુંદર લાગે છે.

તાલ ગઝલ. માત્રા ૪; તાલી ૧–૩; બંધ બોલો.

૧ ૩
ધા ધીં ધા તીં તા ધીં ધા તીં
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

તાલ ત્રિતાલ: માત્રા–૧૬; તાલી ૧–૫–૧૩ ખાલી ૯. બંધ બોલ.

૧ ૨
ના ધીં ધીં ના ના ધીં ધીં ના
– – – – – – – –

× ૨
ના તીં તીં ના ના ધીં ધીં ના
– – – – – – – –

આ ૧૬ માત્રાનો તાલ છે. આમાં ૯ મી માત્રા ઉપર ખાલી આવે છે. આ તાલ બહુ પ્રચલિત છે. બજાવવામાં બહુ સરલ છે, પણ તાલની પદ્ધતિ મુજબ તાલ આપવામાં કઠિન છે. ત્રિતાલનો મોરો; ખાલીથી પાડવો. બંધ બોલ.

× ૨
ધા ધા તિ ર કિ ટ ધા
૦ ૦ –

૨
ધા ધા તિ ર કિ ટ ધા
૦ ૦ –

ધા ધા તિ ર કિ ટ
૦ ૦

આ મોરો ખાલીથી શરૂ થાય છે. એટલે ત્રિતાલની નવમી માત્રાથી શરૂ કરવો, અને ૧૬ મી માત્રાએ તાલ પૂરો થાય છે ત્યારે એ આપો-આપ પૂરો થશે, ક્રમક્રે આઠ માત્રાનો જ છે. આ મોરો ખુલ્લા બોલથી પણ વગાડાય છે.

તાલ દીપચંદી; માત્રા–૧૪; બંધ બોલ; તાલી ૧–૪–૧૧; ખાલી ૮.

૧ ૨ × ૨
ધા ધીં ધા ગી ધીં તા તીં ધા ગી ધીં
– ∞ – – ∞ – ∞ – – ∞

દીપચંદી તાલનો મોરો: બંધબોલ; સમથી શરૂ.

૧ ૨
ત ક ધિ ન ધિ ન ધા ગે ત્ર ક તુ ના ધિ ન
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

× ૨
ધા ત્ર ક ધિ ન ક ધા ત્ર ક ધિ ન ક ધિ ન
૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦

તાલ ઝપ; માત્રા ૧૦; તાલી૧–૩–૮; ખાલી ૫; બંધ બોલો.

૧ ૨ × ૨
ધીં ના ધીં ધી ના તીં ના ધીં ધીં ના

ઝપ તાલનો મોરો: ખુલ્લા બોલ; માત્રા ૧૦; સમથી શરૂ.

૧ ૨
ધા કિ ટ તા કિ ટ ધા ગે તુ ટ કુ તા

ધે તુ ટ કુ તા

× ૨
ગ દિ ગ ન ધા ગ દિ ગ ન ધા ગ દિ

ગ ન

તાલ ધ્રુપદ અથવા ચૌતાલ; માત્રા ૧૨; ખુલ્લા બોલ; તાલી ૧–૫–૯–૧૧; ખાલી ૩ અને ૭

૧ × ૨ ×
ધા ધા ધીં તા કિ ટ ધા ધીં તા

૨
કિ ટ તં ક ગ દી ગ ન

તાલ એકતાલ; બંધ બોલ; માત્રા ૧૨; તાલી, ખાલી, વિગેરે ધ્રુપદ મુજબ.

૧ × ૨ ×
ધીં ધીં ધા ત્ર ક તુ ના ક ત્તા

૨ ૨
ધીં ત્ર ક ધીં ના

લગભગ મૃદંગના પ્રાથમિક શિક્ષણમાં કામ લાગે તેવા અને બાળગીતોમાં જરૂર પડે તેટલા તાલોના બોલો બની શકે તેટલી સરળ રીતિથી આપ્યા છે. કેટલાંક પ્રચલિત ગીતો કયા તાલમાં વગાડી શકાય તે વિષે થોડાં દૃષ્ટાંતો આપું છું.

(૧) કેવડો મઘમઘતી ફોરમભર્યો.
તાલ દાદરો અથવા ખેમટો.

(૨) મારે ફૂલડાંની સંગાથ વસવા કુંજોમાં જવું.
તાલ કેરબો.

(૩) બિલ્લી વાઘતણી માશી.
તાલ ત્રિતાલ.

(૪) અધઘડી ઊભલાં રે હો રહેજો.
તાલ હીંચ; ખુલ્લા બોલ.

આટલા ટૂંકા લેખ ઉપરથી ધ્યાન આપે તો જરૂર અભ્યાસી તાલની વિદ્યાનું સામાન્ય જ્ઞાન શાસ્ત્રીય રીતે ધરાવી શકે અને મૃદંગ પણ શાસ્ત્રીય રીતે બજાવી શકે એવી આશા રાખી શકાય. (સંપૂર્ણ) વ૦ વૈદ્ય

શ્રી ગિજુભાઈની ગૂજરાત શિક્ષણયાત્રા

—ડભોઈ. તા. ૨૨–૧૧–૩૭ બાલમંદિર-દર્શન. ડભોઈ મહાલના શિક્ષકો સાથે વાર્તાલાપ. લોકવ્યાખ્યાન. યુવકો સાથે વાર્તાલાપ.

—કારવણ. તા. ૨૩–૧૧–૩૭ બાલમંદિર પ્રદર્શન ઉદ્‌ઘાટન; બાલમંદિર દર્શન. માતાઓને વ્યાખ્યાન; લોકવ્યાખ્યાન.

—ચાણોદ. તા. ૨૪–૧૧–૩૭ લોકવ્યાખ્યાન. નર્મદા બ્રહ્મચર્યાશ્રમ દર્શન.

—તિલકવાડા. ૨૬–૧૧–૩૭. લોકવ્યાખ્યાન.

—રાજપીપળા. બાલમંદિર દર્શન. માતાઓની સભામાં વ્યાખ્યાન. લોકવ્યાખ્યાન. બાલમંદિરના સભાસદો સાથે વાતચીત.

—બરકાલ. તા. ૨૯–૧૧–૩૭. પ્રાથમિક શાળામાં દર્શને. પુસ્તકાલયની મુલાકાત. ભીલનૃત્ય દર્શન.

—શિનોર તા. ૩૦-૧૧-૩૭. જાહેર સભા. શિક્ષકોની સભા.

—વડોદરા. તા. ૧-૧૨-૩૭. હરિજનવાસદર્શન. ૨-૧૨-૩૭ સવાર-મિત્રો તથા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ સાથે વાતચીત; બપોર-સ્ત્રી અધ્યાપનમંદિર પાઠશાળામાં પ્રવચન; મોન્ટીસોરી બાલમંદિરનાં દર્શન; વસંત બાલમંદિરનાં દર્શન; માધ્યમિક શિક્ષણ અધ્યાપન પાઠશાળામાં પ્રશ્નોત્તર; પુરુષ અધ્યાપન પાઠશાળામાં પ્રશ્નોત્તર; સાહિત્યસભામાં 'બાળનું બાલસાહિત્ય' વિષે ભાષણ. તા. ૩-૧૨-૩૭. વસંત બાલમંદિરના વાલીઓ સાથે વાતચીત; વસંત છાત્રાલયની મુલાકાત; સમસ્ત વડોદરાની શાળાઓનાં બાળકોને વાર્તાકથન. વડોદરા શહેરના શિક્ષકો સાથે વાર્તાલાપ; મોન્ટીસોરી બાલમંદિરનાં માબાપોની જાહેર સન્માનસભામાં. તા. ૪-૧૨-૩૭. ન્યૂ ઇરા સ્કૂલ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ. કરોળિયા-પોળ સાહિત્યમંડળ પ્રયોજિત સાહિત્ય સભામાં.

—આણંદ. બપોર-શારદા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ. સાંજે બાલમંદિર પ્રદર્શન ઉદ્‌ઘાટન અને પ્રવચન. ૫-૧૨-૩૭. સવારે-પ્રાથમિક તથા માધ્યમિક શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ; બપોરે-બાળકોના વાલીઓ સાથે વાર્તાલાપ; સાંજે-ચરોતર એજ્યુકેશન સોસાયટીના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ; રોમન કેથોલિક મીશનનાં દર્શન; હરિજનવાસદર્શન; રાતે-જાહેર સભા; બાલસંઘની સ્થાપના.

—ડાકોર. તા. ૬-૧૨-૩૭ સાંજે ૪થી ૬-૩૦-હાઈસ્કૂલ દર્શન; હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની સભા-પ્રશ્નોત્તર. શિક્ષકો તથા વાલીઓ સાથે વાર્તાલાપ; બાલમંદિર સ્થાપના વિષે વાતચીત; પાટીદાર બોર્ડિંગનાં દર્શન.

—કપડવંજ. તા. ૭-૧૨-૩૭. બાલમંદિરદર્શન; પ્રાથમિક શાળા દર્શન; બાંધ્ય પ્રાથમિક શાળા દર્શન; કન્યાશાળા દર્શન; બાલમંદિર ચિત્રપ્રદર્શન ઉદ્‌ઘાટન; વિદ્યાર્થીઓની સભા; શિક્ષકો અને વાલીઓની સભા; રાતે છાત્રાલયમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત; સેવાસંઘ લાયબ્રેરી દવાખાનું ઉર્દુશાળાની મુલાકાત.

—નડિયાદ. તા. ૮-૧૨-૩૭. ૧ થી ૨ બાલમંદિર દર્શન; પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓની સભા; વિદ્યાર્થિમંડળની સભા; વિઠ્ઠલકન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ સાથે વાર્તાલાપ. ન્યૂ ઇંગ્લીશ સ્કૂલમાં સાક્ષરમિલન અને સભા. તા. ૯-૧૨-૩૭. પ્રાથમિક શાળાનાં શિક્ષકોની સભા; અનાથાશ્રમ, મેથોડિસ્ટ મીશન, અને રોમન કેથોલીક મીશનની મુલાકાત.

—ગંભીરા. તા. ૯-૧૦ ડિસેમ્બર. વિદ્યાર્થીઓનું દર્શન; વર્ગોનું દર્શન; માતપિતા તથા વાલીઓની સભા; માતાઓની સભા; બાળકોનું સંમેલન; પરિભ્રમણ; લોકસભા; શિક્ષકસભા.

—ભાદરણ. તા. ૧૧-૧૨-૩૭. બાલમંદિરનાં આચાર્યની મુલાકાત; બાળકોનું તૈયારકામ તપાસ; સ્થિતિમાહિતી.

—ધર્મજ. તા. ૧૧-૧૨-૩૭. ધર્મજ (આંશાભાઈ) બાલમંદિર દર્શન; વાર્તાકથન; સ્થિતિમાહતી; મિત્રો વિગેરે કામની તપાસ; લોકવ્યાખ્યાન.

—કરમસદ. તા. ૧૨-૧૨-૩૭. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તથા ગામલોકોની નાની-

સભા; વિચારપ્રચાર.

—સોજીત્રા. તા. ૧૨–૧૨–૩૭. આચાર્ય (કેશુભાઈ દવે) બાલમંદિર સ્થળ–વ્યવસ્થા; દર્શન; ચિત્ર વગેરે કામનું દર્શન; તપાસ; મંત્રી મુલાકાત; વિચારપ્રચાર.

—વસો. તા. ૧૨–૧૨–૩૭ ની રાત્રે પહોંચ્યા. તા. ૧૩–૧૨–૩૭. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની સભા; વાર્તાકથન, વાતચીત, પ્રશ્નોત્તર; સ્ત્રીઓની સભા; બાલમંદિર તથા નવી ગુજરાતી શાળાની મુલાકાત; શિક્ષકો તથા વિદ્યાર્થીઓના વાલીઓની સભામાં વાર્તાલાપ; રાત્રે નાટ્યપ્રયોગ વગેરે.

તા. ૧૪–૧૨–૩૭ શિક્ષકોની સાથે પ્રશ્નોત્તર.

—પાવાગઢ. તા. ૧૪–૧૫; નાંડ્યાદથી વડોદરા થઈ પાવાગઢદર્શન; ચાંપાનેર કાલોલ વિચારપ્રચાર; શિક્ષકો તથા વિદ્યાર્થી મિલન.

—કાલોલ. તા. ૧૬મીએ કાલોલથી રવાના લુણાવાડા માટે.

—લુણાવાડા. તા. ૧૬–૧૭. ગોધરાથી લુણાવાડા. કન્યાશાળા તથા પ્રાથમિક શાળાના વ્યાયામવર્ગોની મુલાકાત; શિક્ષકોને વ્યાખ્યાન; શિક્ષણચર્ચા.

—ગોધરા. તા. ૧૮–૧૯. સાહિત્યસભાના આશરા નીચે વ્યાખ્યાન; મેથોડિસ્ટ મીશનમાં વાર્તા અને વાર્તાલાપ; શિક્ષકો સાથે વાર્તાલાપ.

—વીરમગામ. તા. ૨૦–૧૨–૩૭. મ્યુનિસીપલ શાળા નં. ૩ ના રૌપ્યમહોત્સવમાં ભિન્ન ભિન્ન કાર્યક્રમો.

—વઢવાણ. તા. ૨૧–૨૨ પ્રાથમિક તથા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને વાર્તા તથા વાર્તાલાપ; શિક્ષકો સાથે વાર્તાલાપ અને વ્યાખ્યાન; કન્યાશાળા દર્શન; વિદ્યાર્થીઓની બાલ સભા. બાલમંદિર દર્શન.

—અમદાવાદ. તા. ૨૪–૧૨–૩૭. બાલમુકુન્દ બાલમંદિરના ચિત્રપ્રદર્શનની ઉદ્‌ઘાટન ક્રિયા; બાલકુંજના દર્શન; શારદામંદિર બાલમંદિરનાં દર્શન.

—મુંબઈ. તા. ૨૫–૧૨–૩૭. અખિલ ભારત બાલસંમેલનમાં હાજરી; જુદી જુદી કેળવણી વિષયક સંસ્થાઓનાં દર્શન; બાલમંદિરોનાં દર્શન; બાલસન્માનમંદિર (ઘાટકોપર) ની ઉદ્‌ઘાટનક્રિયા.

—ભાવનગર. શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવનનો વાર્ષિક ઉત્સવ માગશર વદિ ૧૨ સંસ્થાના સ્થાપનાદિને ઉજવાયો. પ્રમુખ સર પ્રભાશંકર પટ્ટણી.

—શ્રીદક્ષિણામૂર્તિ તરફથી આવતા જૂનથી એક ગ્રામવિભાગ ખોલવામાં આવશે; મુખ્ય સંચાલક શ્રી. નાનાભાઈ.

—ધી ન્યુ એજ્યુકેશન ફેલોશીપ ડેલીગેશન ભાવનગરની મુલાકાતે તા. ૧૮થી ૨૦ જાને૦ સુધી. શ્રીદક્ષિણામૂર્તિ વગેરે શિક્ષણસંસ્થાઓ જોશે.

—કારવણ. શ્રી. કાંતીલાલ નાગરદાસ પાઠક કારવણ બાલમંદિરમાં જોડાયા.

—કરાંચી. ગૂ. સાહિત્ય સંમેલનનું ૧૩ મું અધિવેશન શ્રી. ક. મા. મુન્શીના પ્રમુખપણા નીચે મળ્યું, જેમાં કેળવણી વિભાગના પ્રમુખ તરીકે શ્રી. નાનાભાઈ ભટ્ટ હતા.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા [illegible]સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી, ભીખાભાઈ ગોપાળજીએ છાપી,

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૨ મું
સંવત ૧૯૯૪

અંક ૧૨ મો
-માઘ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

એના કરતાં તો શાળાઓ કે મંદિરો ન ચાલે તો ખોટું નહિ. થોડા પગારનો શિક્ષક, અણઘડ શિક્ષક, સાધનોનો અભાવ, ઉદ્દેશ વિનાની શાળા, મોટી બધી સંખ્યા, વર્ગો ઘણા અને શિક્ષકો થોડા, ગોખણિયું ભણતર, સ્થળની સંકડાશ, હવાઅજવાળાની ઊણપ, સ્વચ્છતા વિષે બેપરવાઈ, ઘોંઘાટનો મહિમા, શિક્ષા અને ઈનામ એ જ માત્ર રાજદંડો, માબાપોની ઉપેક્ષા, ચલાવનારાઓની સંકુચિત આર્થિક દૃષ્ટિ: આ બધું જ્યારે નિશાળોમાં આવી પડે ત્યારે શાળાઓએ બંધ થવાનો અથવા સારા શિક્ષકોએ પોતે નાસી છૂટવાનો કે બાળકોને શાળામાંથી નસાડી મૂકવાનો વખત આવ્યો છે એમ નિરંતે સમજવું.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૨] માઘ ૧૯૯૪ [અંક ૧૨

મનનો

પોતાનાં બાળકોની નિંદા કરવી તે બરાબ છે; પણ એથી વધારે બરાબ બીજાની હાજરીમાં પોતાનાં બાળકોનું અપમાન કરવું તે છે.

: ૨ :

શિક્ષણમાં પૂરેપૂરો બોટો સિદ્ધાંત જો કોઈ હોય તો તે ભય વિના પ્રીત નહિ'નો છે.

: ૩ :

ભય વડે ભય અને પ્રીત વડે પ્રીત જન્મે છે.

: ૪ :

બાળકોના માબાપો પ્રત્યેના પ્રેમનું માપકયંત્ર બાળકોની નિખાલસતા અને નિર્ભયતા છે.

: ૫ :

પ્રસન્ન બાળકો વડે ઘર પ્રસન્ન છે, અને પ્રસન્ન ઘર વડે બાળકો પ્રસન્ન છે.

: ૬ :

પોતાની ઉપર દેખરેખ રાખ્યા વિના શિક્ષકો ઉપર દેખરેખ રાખવી મિથ્યા છે.

: ૭ :

શિક્ષકની મહત્ત્વાકાંક્ષા વિદ્યાર્થીઓની ઉન્નતિમાં સમાઈ જાય છે. એની પેલી મેરની શિક્ષકની મહત્ત્વાકાંક્ષા લોભ છે; અને કહેવત છે કે લોભ પાપનું મૂળ છે.

: ૮ :

સ્મશાનની શાંતિ અને યોગમંદિરની શાંતિમાં જે તફાવત છે તે તફાવત ભયથી રાખવામાં આવેલી શાંતિ અને સ્વાધીનતા-તથા સંયમથી ઉત્પન્ન થયેલી શાંતિમાં છે.

: ૯ :

પાયા વિના મકાન ન હોય તેમ પ્રારંભિક માહિતીની ભૂમિકા વિના જ્ઞાન ન હોય. રેતી ઉપર કે પાણી ઉપર મકાન ન ચણી શકાય તેમ અજ્ઞાન ઉપર જ્ઞાનની ઇમારત બાંધી ન શકાય.

: ૧૦ :

જ્ઞાતમાંથી અજ્ઞાતમાં જવું એટલે પ્રથમ શીખનારનું જ્ઞાન તપાસી લેવું અને તેના બ્યાજ ઉપર નવું જ્ઞાન આપવું.

: ૧૧ :

બાળકો દેખતાં તેમના ગુણ-અવગુણ બોલશો નહિ. તે કાં તો ફુલાશે કે કાં તો દુભાશે.

: ૧૨ :

કન્યાઓમાં બુદ્ધિબળ અને છોકરાઓમાં લાગણીનું બળ વધે તેની માબાપોએ તથા શિક્ષકોએ કાળજી રાખવાની જરૂર છે.

અ • નુ • ક્ર • મ

૧૮૪ મનનો . . . . . ગિ.
૧૮૫ શાળા કે સંસ્થા કેમ બતાવવી . . . . ગિ.
૧૯૧ બાપુ! એ રખડુ નથી. ગિ.
૧૯૨ બાળકોની આંખો . . ગિ.
૧૯૩ બાળક માટી બાય છે તે બાબતમાં એક દાક્તરી અભિપ્રાય . . . . ભ.
૧૯૪ બે દર્શનો . . . . ગિ.
૧૯૫ શું આ નિદ્દ કહેવાય? ભ.
૧૯૮ શિક્ષણ સમાચાર . . ...

: ૧૩ :

કન્યા લાગણી છે તો કુમાર બુધ્ધિ છે. બુદ્ધિ અને લાગણીના સમતોલ વિકાસમાં જીવનનો સમન્વય છે. કેળવણીનું એક કામ જીવનનો સમન્વય સાધવાનાં સાધનો અને કળા આપવાનું છે. ગિ.

શાળા કે સંસ્થા કેમ બતાવવી

સંસ્થા જોનારને સંસ્થા જોવાના અમુક ધર્મો છે તેમ જ સંસ્થાસંચાલકના પણ સંસ્થા જોવા આવનાર પરત્વે અમુક ધર્મો છે.

ભાવના એવી છે કે આપણે ત્યાં કોઈ આવે તે અતિથિ કહેવાય. આપણી એના પ્રત્યે એવી વૃત્તિ હોય કે તે આપણી સંસ્થા જોઈ, આપણું સારું હોય તે જોઈ, આપણી ત્રુટીઓ માટે આપણને સૂચના આપી, એકંદર આપણા કામથી અને આપણાથી પ્રસન્ન થઈને જાય. સંસ્થા બતાવતી વખતે આપણી સામે આ દૃષ્ટિ જોઈએ.

આપણે એ જોવાનું નથી કે આવનાર ધનથી, વિદ્યાથી, પદવીથી કે અનેક રીતે સંપન્ન કે અસંપન્ન કેટલો છે. આપણે તો એટલું જ અંતરમાં ધારણ કરવાનું છે કે આપણો એ અતિથિ છે અને તેને સંતોષ તો થવો જોઈએ. આપણે સંસ્થા બતાવતી વખતે સામાની મોટપ કે નાનપ પર ધ્યાન ન આપીએ પણ આપણી વિશાળતા અને સહૃયતા પર ધ્યાન આપીએ. અર્થાત્ સંસ્થા જોનારાઓ પરત્વે જે આપણે ભેદો કરી નાખીએ છીએ તે ભેદ ન કરવા જોઈએ. કોણ સાચેસાચ અંતરથી સંસ્થા જોવા આવેલ છે અને કોણ નહિ એ જાણવું કઠિન છે. ઘણી વાર સાચે જ સંસ્થાની હૃદયપૂર્વકની યાત્રાએ આવેલ વ્યક્તિ, પૂજારીની અણઆવડત અગર સંસ્થા બતાવવા પરત્વેના તેના દોષોને લીધે નિરાશ થઈ પાછી જાય છે. કેટલાએક જોવાવાળા અમુક પૂર્વગ્રહોથી આવેલા હોય છે તે પારખ્યા વિના જો સંચાલક તેને સંસ્થા બતાવે તો ઊલટું સંસ્થા પરત્વેના પૂર્વગ્રહો દૃઢ થાય છે. આ કારણે સંસ્થાની નીતિ દરેક જોવા આવનારને સ્વાગત આપવાની અને તેને સન્માનવાની હોવી જોઈએ. [ચાલુ પાનું ૧૮૬]

ગ્રાહકોને અગત્યનું.

આ અંક આપનું બારમા વર્ષનું લવાજમ પૂરું થાય છે, તો ગયા અંકમાં કરેલી વિનંતિ મુજબ જે ગ્રાહકોએ લવાજમ રૂપિયો એક મોકલી ન આપ્યો હોય તેઓ તુરત તારીખ ૨૨-૨-૧૯૩૮ પહેલાં તે મોકલી આપે.

મનીઓર્ડર મોકલી આપનાર ગ્રાહક વી.પી. ના ખર્ચમાંથી બચશે અને તુરત અંક મેળવી શકશે. નવા વર્ષથી ગ્રાહક તરીકે નીકળી જવા માગતા હોય તેમણે તેવા ખબર પણ તુરત લખી નાખવા કૃપા કરી તસ્દી લેવી. નહિતર એમને પણ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે એમ સમજી વી.પી. થશે. વી પી. પાછું વળશે તો અમારા કાર્યાલયને સવાત્રણ આનાનું ફોગટ નુકસાન થશે. આશા છે કે ગ્રાહકો તુરત મનીઓર્ડરથી રૂપિયો એક લવાજમ મોકલવાનું શરૂ કરશે. વ્યવસ્થાપક : શિક્ષણ પત્રિકા

સંસ્થા જોવા આવનાર સંસ્થાની માહિતી વિના આવે કે અલ્પ માહિતીએ આવે તો સંસ્થા કે જોનાર બન્નેનો સંસ્થા સમજવા સમજાવવાનો આશય નકામો જાય છે. એમ ન થાય માટે સંસ્થાએ પોતાના કામકાજની ટૂંકી હકીકત (માહિતી) જોનારને મળી જાય તેવી વ્યવસ્થા ટૂંકા રિપોર્ટ દ્વારા, માહિતીદર્શક નકશાઓ દ્વારા, અને આંકડાઓ દ્વારા શરૂથી જ રજૂ કરવી જોઈએ. એમ કરવામાં આવે કે સંસ્થા જોવા આવનારને થોડી ક્ષણો એકાદ એકાંત બેસાવાના સ્થળે બેસારી તેને સંસ્થાની ટૂંકી હકીકત આપી દેવી, તો વધારે ઠીક પડે.

સંસ્થાની માહિતી આપતી વખતે કાળજી રાખવી કે સંસ્થા વિષેની જે ખરી હકીકત હોય તે જ કહેવી. સંસ્થા વિષે ખાસ છાપ પાડવા માટે જ કંઈ કહેવું નહિ. જોવા આવનારને આંજી નાખવાનો ભાવ સંચાલકના મનમાં હોવો જ ન જોઈએ.

સંસ્થા આપણી દૃષ્ટિએ દેખાડવી નહિ પણ જોનારની દૃષ્ટિએ તે જોવા દેવી. સંસ્થા વિષેનો આપણો અભિપ્રાય જ સત્ય હોય એમ કશું જ નથી. જોનાર અને સંસ્થા વચ્ચે દૃષ્ટિભેદ હોઈ શકે; પણ તેથી અમુક જ દૃષ્ટિભેદ સત્ય એમ નથી. તેથી જોનારને દૃષ્ટિ આપવી નહિ, પણ જોનારની દૃષ્ટિ નિર્મળ રહે અને તેમ છતાં તેની પોતાની જ રહે તે ઇચ્છવા જેવું છે.

સંસ્થા જોનારાઓ મૂરખા છે કે ઘમંડી છે એમ ન માનવું, પણ તેઓ સરલ હૃદયના છતાં અજાણ છે. તેટલું વિચારવામાં જોખમ નથી. એમ છતાં તેઓ પોતે જાતે જ સંસ્થા વિષે અભિપ્રાય બાંધે એ જ ઠીક છે. આપણો અભિપ્રાય ઠિલાવવાના આપણા પ્રયત્નો ન હોય.

આપણો આગ્રહ સંસ્થા જેવી હોય તેવી બતાવવાનો હોવો જોઈએ. સંસ્થામાં અપૂર્ણતા હોય તો તે ખાસ કહેવી જ જોઈએ એમ નથી. પણ જાણી જોઈને અપૂર્ણતાઓને ઢાંકવી ન જોઈએ. આવનાર માણસને આપણે રાજી કરવો નથી પણ તેને આપણા કામનો ખ્યાલ આપી આપણા કામ પરત્વે પ્રસન્ન અને સંતુષ્ટ કરવો છે.

જોવા આવનાર માટે ખાસ કાર્યક્રમો રચવામાં ભૂલ છે. તેથી જોનાર ઠગાઈ જશે એમ નથી. જોનારને બહારથી સારું બતાવવામાં આવે છે એમ એક વાર સૌ જાણે, પછી જોનાર તો ઠગાતો નથી જ; અને બતાવનાર તો રીઢા થઈ ગયા હોવાથી તેના વર્તન ઉપર તો માત્ર પટ જ ચડે છે. પરંતુ જે ખરું નુકસાન થાય છે તે તો ભણનારાં બાળકોને થાય છે. તેઓ જાણી જાય છે કે સંસ્થાનો આ માત્ર ઓપ છે અને જોનારાઓના મન ઉપર છાપ પાડવા માટે જ આ બધું થાય છે.

બાળકોમાં આ જાતની ખોટી નીતિની છાપ પડે છે એ નૈતિક નુકસાન છે. ઉપરાંત જોનારાઓ માટે બાળકોએ હરઘડીએ હાજર રહેવું, તેમની સામે નાચ આદિ કરવા, એમાં તો બાળકોની ઉચ્ચ શક્તિનો હ્રાસ થાય છે. આમાંથી ખુશામદ વડે થતા પતનનો માર્ગ બાળકો આગળ ઊઘડે છે, અને જોનારાઓનાં માનસ વધારે ને વધારે જોહુકમીવાળાં અને મિથ્યાભિમાની બને છે.

છતાં સંસ્થાનું જે કાંઈ સુંદર હોય તે બાળકો બતાવી શકે જ. તેઓને હોંશ થવી જોઈએ કે તેઓ પોતાના–શાળાના મહેમાન માટે આ કરશે ને તે કરશે. તેઓમાં અતિથિ-સન્માનની બુદ્ધિ જાગૃત કરી શકાય. તેઓ પોતાના પણ મહેમાનો માટે પોતાનાથી બનતું કરી શકે. તેઓ તેમને માટે ગાય, નૃત્ય કરે; નાટકો કરે અને તેમને નાસ્તાપાણી પણ આપી શકે. તેમની વચ્ચે શિક્ષકોએ આડે ન આવવું. બાળકો પોતાની કૃતિઓની નાની નાની ભેટો મહેમાનોને આપી શકે. તેઓ તેમની સાથે ફરે, તેમની સાથે વાર્તાલાપ કરે, વગેરેમાં મહેમાનોનું સન્માન રહેલું છે.

મતલબે હમેશાં શાળા કે સંસ્થા અમુક ઢબે અને રંગે ચાલે ને મહેમાન આવે ત્યારે તેના રંગઢંગ બદલાઈ જાય, તો તેથી બાળકોના મન ઉપર ખૂબ બેહૂદી છાપ પડે છે. બાળકોને ઢોંગ શીખવાનું આમાંથી પણ સારી રીતે મળી રહે છે.

આ જુઓ જુઓ

આવતો અંક વી.પી. થશે. જો વી.પી. પાછું આવશે તો અમારા કાર્યાલયને સવા ત્રણ આનાનું નુકસાન થશે. માટે આજીજી કરવામાં આવે છે કે લવાજમ રૂપિયો એક સત્વર મનીઑર્ડરથી મોકલી 'પત્રિકા' નું કામ ગ્રાહકો સરળ બનાવે ને તુરત અંક મેળવે. વ્યવસ્થાપક.

હોય તેવી જોવા આવેલા છે; તેઓ સલામ ઝીલવા નથી આવ્યા. ઉપરાંત તેઓ બાળકોને પાસ અકળાવવા આવ્યા નથી હોતા. અગર તેવા મહેમાનો શાળા જોવાનો વિવેક જાણતા નથી. પરંતુ સંચાલકે એ ધ્યાન રાખવું જોઈએ કે તેણે પોતે જાણી જોઈને કહેવાની જરૂર નથી કે "આપ આ વર્ગને તપાસશો? આપને કંઈ ગીતો સાંભળવાની ઇચ્છા છે? આપણે માટે બાળકો રાસડા લે? " કદાચ કોઈ મુલાકાત લેનાર રાસડા કે એવું કંઈ જોવાં ઇચ્છે જ તો તેનું અપમાન ન કરતાં તેની જ હાજરીમાં શિક્ષકે બાળકો, બાળાઓ કે વિદ્યાર્થીઓને સ્પષ્ટ જ પૂછવું જોઈએ કે " આપણા મહેમાનની ઇચ્છા રાસડા જોવાની છે. તમને હરકત ન હોય તો તમે એકાદ રાસડો લેશો? " બાળકો ત્યાર પછી રાસડો લે કે સંવાદ કરે અથવા ન લે કે ન કરે તો જોવા આવનારને સારું માઠું લાગશે નહિ. વળી મહેમાનો માટે બાળકો નથી અને બાળકો માટે મહેમાનો નથી. આથી મહેમાનોએ કદી આશા રાખવાની નથી કે તેઓ સંસ્થામાં જશે ત્યારે બાળકો ઊભાં થશે, તેમને વધાવશે, સલામ કરશે, વગેરે. પણ તે સાથે શિક્ષકે પણ મહેમાનોને સાચું માન મળે તેટલા માટે બાળકો જે કામ કરતાં હોય તે કામ તેમને કરવા દેવાં ઘટે છે. મહેમાનો સંસ્થા જોવી મહેમાનો આવે ત્યારે બાળકોએ ઊભા થઈ નમસ્કાર કરવાનો વિવેક જાળવવાની જરૂર નથી: બાળકોના મનમાં સદૈવ સૌને માટે આદર રહે તે આવશ્યક છે, પણ માત્ર જોવા આવનારની નજરે સારું લાગે એ દૃષ્ટિએ બાળકોએ ઊભા થવું અને યંત્રવત્ નમસ્કાર કરવા એ બાળકોને તો નીચે ઉતારનાર છે. એમાં કોઈને જ માન મળતું નથી. મહેમાન જો સમજુ હોય તો

તેણે કહી દેવું જોઈએ કે બાળકો પોતપોતાના કામમાં રહે તે હું ઇચ્છું છું. શિક્ષકે પણ એજ વિચારવું જોઈએ કે મહેમાનો બાળકોને કામ કરતાં–જે કરતાં હોય તે કરતાં જુએ તેમાં જ સાચું દર્શન છે. બાળકો ઘણી વાર તો જાણતાં પણ નથી હોતાં કે કોણ આવ્યું ને ગયું. તેઓને એકાએક કામ છોડવું પડે છે, તેમની એકાગ્રતા તૂટી જાય છે અને તેઓને પોતાના કામની રાહ જોતાં નકામા હાથ જોડી કે સલામ કરી ઊભા રહેવું પડે છે! હસવા જેવું અને દુઃખદ તો એ છે કે મહેમાનોને અંદર લાવતી વખતે શિક્ષક બાળકોને કહે છે કે "ઊભા થાઓ; સલામ; નમસ્તે." વગેરે. અને પાછળથી એ જ શિક્ષક બાળકો સમક્ષ આવનારાઓને નિંદે છે. મતલબ કે શિક્ષકે તો સમજવું જ જોઈએ કે મહેમાનોને ખુશ કરવા ખાતર બાળકોને તેમના કામમાંથી ઉઠાડવાં ન જોઈએ અથવા તો ખુશામદ ખાતર બાળકોનું પ્રદર્શન ન કરવું જોઈએ.

ખરી વાત એ છે કે મહેમાનોને શિક્ષકે કે સંચાલકે પોતાનું સાચું કામ અને પ્રગતિ બતાવવાની હોય છે. એ કામ તેઓ ત્યારે જોઈ શકે કે જ્યારે કામ ચાલતી સંસ્થા મહેમાનને બતાવીએ ત્યારે. મોટે ભાગે સંચાલકો મહેમાનને દેખાડવાની ખાસ પ્રવૃત્તિઓ ગોઠવે છે. કોઈ ભાષણ, તો કોઈ ડ્રીલ, તો કોઈ કસરત, તો કોઈ રમતગમત, તો કોઈ નાટ્યપ્રયોગો, તો કોઈ અંતકડી, તો કોઈ સંગીતનો જલસો. એમાંયે ચતુર સંચાલકો તો આવનારનું ભાષણ જ ગોઠવી કાઢે છે, અને જોનારને રોકી રાખે છે. એનાથીયે ચતુર અને સુજ્ઞ સંચાલક જોનારને વાતોમાં રોકે છે અને બધું જોયું વદાડે છે. ખરી રીતે તો જે કામ ચાલતું હોય તે તેવી રીતે તે વખતે ચાલતું બતાવવામાં સંસ્થાને સાચી બતાવી કહેવાય, અને મહેમાનનું સાચું સન્માન રાખ્યું કહેવાય. બાળકો સારી પેઠે બતાવનારનો દેખાવ –ઢોંગ સમજી શકે છે. ઘણી વાર બાળકો એ દેખાવોને ધિક્કારે છે, પણ તે તો જ્યારે તેઓ સમજણાં થાય ત્યારે. ત્યાં સુધી તો તેમને પણ એક જાતનું બંધનમુક્તપણું મળે છે અને તેમાં તેઓ થોડી વાર સ્થૂળ શિક્ષક અને શિક્ષણના દબાણમાંથી છૂટે છે. પણ આખરે તો તેઓ વારંવારનાં પોતાનાં નાટકો, સંવાદો, ભાષણો, મુખપાઠો, રમતો વગેરેથી ત્રાસે છે. મહેમાનો ગમે ત્યારે જોવા આવે છે અને ગમે ત્યારે સંચાલક કે શિક્ષકના હુકમો છૂટે છે, ને વિદ્યાર્થીઓએ તૈયાર થઈ જવાનું હોય છે!

આ બધું પતે એટલે મહેમાનની સામે 'વિઝીટ બુક' આવે જ છે. અનુભવી મહેમાનો તો સમજે છે કે આ બધું જોવાનું એટલા માટે છે કે પાછળથી તેને સંસ્થા વિષે સારું સારું લખવાનું મળે. ચતુર અનુભવી મહેમાન તો મનમાં હસે છે, ખૂબી અને ખામી જોતો જાય છે અને સભ્યતા અને સુજ્જનતાના સંસ્કારનિયમે તે જે કાંઈ સારું હોય છે તે વિઝીટ બુકમાં નોંધે છે. કેટલાક હોંશિયાર વિઝીટરો સંસ્થાની શિક્ષકની સારી બાજુ તો ઠીક, પણ ખોટી બાજુને પણ વખાણી જવામાં પોતાની ખૂબી સમજે છે. શિક્ષક તો સમજે જ છે કે મૂરખ મહેમાને સારું સારું ચીતરી આપ્યું; અને શિક્ષક પોતે પોતાની જાતને ધન્યવાદ

તા માઢ્યા કાઢવા જઇઅ. કામના
ો નોંધી વિરૂપ બનાવવા માટે નથી.
ચાલુ કામ બતાવવામાં જ સંચાલ-
નીતિ રહેલી છે, તેમ જ આવના
જોવાની સમજણ પડે તે માટે તેણે
ાંતો જોવાજાણવા માટે તૈયાર
ઇએ. સંસ્થાનો છેલ્લો રિપોર્ટ,
હાજરીપત્રકો અને સંખ્યા, પ્રગતિ-
ભ્યાસક્રમ અગર જે ચાલતું હોય
વજન અને ઊંચાઈનું પત્રક, માંદ-
, દૈનિક તપાસનું પત્રક. ઇતરવાચ-
છેલ્લી પરીક્ષા કે નિરીક્ષાનું પત્રક,
ાની યાદી, પદ્ધતિઓની નોંધ, વિશિ-
શું કરવાનું બાકી છે, મુશ્કેલીઓ,
પ્રયોગો અને તેની દિશા, શિક્ષકોની
કામસંચાલનની રીત, રજા તથા
ારણો, સંસ્થાનો ટૂંકો ઇતિહાસ,
તિ, સ્થળ અને તેનાં માપો, બાળ
પ્રવૃત્તિઓની નોંધ, પુસ્તકાલયની
સિદ્ધ થયાના આંકડા, રમતોની
ગેરે વગેરે પ્રકારની નોંધો, યાદીઓ
નકશા શાળાની દીવાલ પર તૈયાર
ઇએ કે જેથી નવા આવનાર મહે-

ગ્યા છ ત બતાવા શકાય છ, તમ શાળ
ચાલ રૂપી ચકદા ઉપર શાળા કેવી છે
ાં છે તે આંકડા, નકશા, નોંધો વગે
ાવી શકાય અને તે વડે મહેમાનની જિજ્ઞ
ત કરી શકાય; ઉપરાંત મહેમાનમાં સં
નું જ્ઞાન પણ પ્રેરી શકાય..

એક બીજી વાત. મહેમાનો જે
છે તે પોતાની દૃષ્ટિએ અને શક્તિએ
તેને ઘટતો અને સંતોષકારક જવાબ આ
ો છે. મહેમાનોના પ્રશ્નો ઉપરથી તેમ
ા જાણી શકાય છે ખરી, પણ તેથી તે
ાબ આપવામાં ચાલાકી કે તોછડાઈ એમ
પણ ન જોઈએ. અર્થાત્ મહેમા
માં પણ સાચો ખ્યાલ કેમ આવશે તે
ાજીથી સંસ્થા બતાવવી જોઈએ. આપ

સંસ્થાનું સાચું દિગ્દર્શન કરાવવ
મહેમાનને છેતરવાનો કે તેને ર
ાનો નથી. વળી તે જે પ્રશ્નો પૂછે તે
ર લાંબાં ભાષણો ન આપતાં તેને ટૂંક
જવું જોઈએ. દેખાડનારા ઘણી વાર અ
ાહી હોય છે; તેઓ બધું જ બતાવી દેવા
કહી દેવાની કોશિશ કરે છે. મહેમાન કંટ
મને બરાબર કંઈ જોઈ શકતો નથી. વ

આપવા જોઈએ. મહેમાનને જવાબ આપતાં તેની નજરે આપણે ઊતરતા દેખાઈશું તેની ચિંતા આપણે કરવાની નથી. જેવા હોઈએ તેવા મહેમાન પાસે દેખાઈએ તો જ સારું.

વળી એક બીજી વાત. મહેમાનની નજરે ત્રુટીઓ દેખાવા લાગે તો તેના ખુલાસા આપ્યા કરવાની જરૂર નથી. મહેમાન આવે તે દિવસે જ અમુક ત્રુટીઓ થવા પામી હોય તોપણ મહેમાન સામે જાણે કે આપણે શરમાઈએ છીએ તેવી રીતે તેની પાસે ત્રુટીનું કારણ કે ખુલાસો આપવો ઠીક નથી. મોટે ભાગે મહેમાનો એવા સાચાખોટા ખુલાસા તરફ ધ્યાન આપતા નથી. તેઓ તો જોવા આવ્યા છે તે દેખાય છે કે કેમ તેના તરફ ધ્યાન આપે છે. આપણા રિપોર્ટથી આપણે જે સારી છાપ પાડી શકીએ તે જ, બલકે તેથી સારી છાપ આપણા કામથી પાડવી જોઈએ; મહેમાનના મનમાં એમ થવું જોઈએ કે સંસ્થા વિષે જે સાંભળ્યું હતું કે વાંચ્યું હતું તે બરાબર છે એટલું જ નહિ, પણ તેથી વધારે છે.

એ વાત ખરી છે કે દરેક મહેમાનને સંસ્થાનો સંચાલક સંસ્થા બતાવી શકતો નથી; મહેમાને પણ તેવી આશા રાખવી ન જોઈએ. પણ સંસ્થાએ પોતાનામાંથી અમુક માણસોને તૈયાર રાખવા જોઈએ કે જેઓ સંસ્થા કુશળતાથી બતાવી શકે, અને મહેમાનો પૂછે તેના સંતોષકારક ખુલાસા આપી શકે. આવો માણસ દરેક શાળા, બાલમંદિર કે સંસ્થામાં તૈયાર જ જોઈએ.

સામાન્યતઃ સંસ્થા બતાવવાનો અમુક સમય અને દિવસ જોઈએ. જોકે આપણે ત્યાં એટલી વ્યવસ્થા શક્ય નથી કેમકે આપણી ટેવો અગાઉથી મુલાકાતો નક્કી કરી લેવાની નથી. આપણે ત્યાં તો ગમે ત્યારે મહેમાનો આવી પડે છે. શિક્ષકો અને સંચાલકો વારંવાર મહેમાનોને સંસ્થા બતાવવા પાછળ પોતાનો વખત ગાળે તો તેઓ પોતાના કામને પહોંચી શી રીતે શકે? બેશક જે સંસ્થાનું સમગ્ર કામ માત્ર મહેમાનોને બતાવવાનું અને તેમની વાહવાહ લેવા પૂરતું જ છે, તેનો આચાર જુદો છે.

વળી આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે મહેમાનો સાથે બતાવનારે ચર્ચામાં ઊતરી પડવું નહિ. મહેમાન સંસ્થા જોવા આવે છે; એ પોતે એ વાત ભૂલી. જર્બ ચર્ચામાં પડે તો આપણે તેવો પ્રસંગ ખાળવો જોઈએ. આપણે તો ચર્ચામાં ન જ ઊતરીએ; આપણે તો તેને ટૂંકા ઉતરોથી સંતોષીએ.

વળી મહેમાનો જે કાંઈ સૂચના કરવા વારંવાર પ્રેરાય તે સાંભળ્યા કરવી; તેની શક્યતા વિષે ચર્ચામાં ઊતરવાની જરૂર નથી. મહેમાનને સંતોષ થયો જ જોઈએ કે તે મનમાં આવી તે સૂચનાઓ કરી શકેલ છે. અલબત્ત તેની સૂચનાઓનો આપણે પૂરેપૂરો લાભ લઈએ જ.

આપણે એ વાત ધ્યાનમાં રાખીએ કે મહેમાનોને આપણે એમ કહેવું ન ઘટે કે આપ કાંઈક સૂચના કરશો? અને ખાસ જ્યારે આપણે આપણા અંતરમાં સમજતા હોઈએ કે મહેમાનની સૂચનાની આપણને કિંમત નથી ત્યારે માત્ર દેખાવ ખાતર આપણે મહેમાનને કંઈ કહેવાની જરૂર નથી.

સંસ્થાના અતિથિનું જેમ સ્વાગત કરવાની જરૂર છે તેમ તેને માનપૂર્વક વિદાય આપવાની

જરૂર છે. તેની યોગ્યતા પ્રમાણે તેને હારતોરા વગેરે આપી શકીએ. એ બધું આપણા સન્માનનું પ્રતીક હોય. બાળકો પણ તેને નાની નાની ભેટો સ્વેચ્છાથી આપી શકે; શિક્ષકો પણ તેને કંઈ આપી શકે, જેમકે ફૂલો વગેરે. ઉપરાંત સમય અનુકૂળતાએ ડુંડાજળ, ચાપાણી સરબત, વગેરે મહેમાનને આપવામાં શાળાની સભ્યતા કે સંસ્કારિતા ઓછી થતી નથી પણ અવશ્ય વધે છે.

મતલબે સંસ્થાના સંચાલકોએ મહેમાનો પર માત્ર સારી છાપ પાડવાનું દૃષ્ટિબિંદુ રાખવાનું નથી પણ આપણે જેવા હોઈએ તેવા દેખાવાનું દૃષ્ટિબિંદુ રાખવું ઘટે છે. મહેમાનો જેમ આપણી સંસ્થામાંથી કંઈ ને કંઈ લઈ જાય એમ જેમ આપણે ઇચ્છીએ, તેમ જ મહેમાનો પાસેથી તેમના સત્સંગ પરિચયની સુવાસ લઈએ અને બાળકોને તે અવશ્ય આપીએ.

ગિ.

બાપુ! એ રખડુ નથી.

એક જણે મને કહ્યું: "આ મારો દીકરો રખડુ છે. દિવસ બધો રખડ્યા કરે છે. શાળામાં આપેલું લેસન ઘેર કરતો નથી. ઘરમાં અને શેરીમાં આમથી તેમ અને તેમથી આમ આંટા માર્યા કરે છે."

છોકરો મારી સામે જ બેઠો હતો. તે કાન દઈને સાંભળતો હતો. તેનો ચહેરો તેજસ્વી હતો; તેના મોં પર બુદ્ધિનાં ચિહ્નો હતાં.

મેં તેના બાપાને પૂછ્યું: "છોકરાને કંઈ નથી આવડતું એવી તેના માસ્તરની ફરિયાદ છે ખરી?"

બાપે કહ્યું: "એવી કંઈ ફરિયાદ તો નથી."

મેં પૂછ્યું: "ત્યારે નિશાળમાં છોકરો ઠીક ગણાય છે?"

બાપ કહે: "એમ ખાસ જણવામાં નથી આવ્યું."

પછી મેં છોકરાને પૂછ્યું: "ભાઈ! તારો નંબર કેટલામો છે? ને તારા વર્ગમાં છોકરા કેટલા છે?"

છોકરો કહે: "મારો નંબર ચોથો છે અને મારા વર્ગમાં ૪૦ છોકરા છે."

મેં કહ્યું: "તું ઘેર લેસન કેમ કરતો નથી?"

છોકરો કહે: "લેસન તો મને આવડે છે. આવડે એમાં શું કરવું?"

મેં કહ્યું: "તારી ઉંમર કેટલી? અને તારા વર્ગમાં સૌથી મોટો છોકરો કેટલી ઉમરનો ને સૌથી નાનો છોકરો કેટલી ઉમરનો?"

છોકરો કહે: "સૌથી મોટી ઉમરનો છોકરો ૧૧ વર્ષનો છે. સાથી નાની ઉમરનો હું અને મારા જેવા બે ચાર છે. મારી ઉંમર ૯ વર્ષની છે."

મેં પૂછ્યું: "ત્યારે તારાથી મોટા છોકરા કેટલા હશે?"

છોકરો કહે: "મારાથી તો લગભગ બધા જ છોકરા મોટા છે."

મેં કહ્યું: "એ બધામાં તું ચોથે નંબરે રહે છે?"

છોકરો કહે: "હા."

મેં આ બધી વાતચીત છોકરાના બાપની રૂબરૂમાં જ કરી. પછી મેં તેના બાપને કહ્યું: "સાંભળો, ભાઈ ! તમારો છોકરો સૌથી નાનો છતાં મોટા છોકરાઓની વચ્ચે ભણે છે–ભણી શકે છે. એ એક વાત ઉપરાંત તે ઘણા ઊંચે નંબરે રહે છે. સમજ્યા ?"

બાપ કહે: "વાત તો ખરી છે."

વળી મેં છોકરાને પૂછ્યું: "ભાઈ ! તમે કયા ધોરણમાં ભણો છો ?"

છોકરો કહે: "ચોથા ધોરણમાં."

વળી મેં પૂછ્યું: "તમે રખડ્યા કેમ કરો છો ?"

છોકરો કહે: "કંઈ કરવાનું નથી હોતું એટલે ફરું છું. રખડું છું કયાં ?"

મેં તેના બાપને કહ્યું: "હવે જુઓ, આ છોકરો ઠોઠ છે કે અક્કલવાળો ? શા માટે તમારી દૃષ્ટિએ રખડે છે તે તમે જાણ્યું ?"

બાપાએ એક પણ પ્રશ્ન પૂછ્યો નહિ. અમે ત્રણે જણા વાતને સમજી ગયા.

ગિ.

બાળકોની આંખો

પ્રશ્ન: બાળકોને આંખ શાથી આવે છે?

ઉત્તર: દાંત આવવાના કારણથી; ચેપી માખીઓ આંખે વળગવાથી.

પ્રશ્ન: તેના ઉપાય શું કરવા ?

ઉત્તર: (૧) માખીઓથી બાળકોને હમેશાં દૂર રાખવાં. (૨) ખાસ કરીને માખીઓ જ્યારે વધે ત્યારે એટલે કે આંખ ઊઠવાના વાયરા ચાલે ત્યારે આંખોને બોરીક લોશનથી વારેવારે ધોવી અને સાફ રાખવી. (૩) ઊઠેલી આંખમાં આરજીરોલના એક ભાગમાં દસગણું ડિસ્ટિલ્ડ વૉટર નાખીને તેનાં ટીપાં દિવસમાં ત્રણ વખત નાખવાં. ટીપાં નાખતા પહેલાં આંખ હમેશાં બોરીક લોશનથી ધોવી. (૪) બીજો દેશી ઉપાય. ફટકડી ફુલાવેલી એક વાલ, ટંકણખાર ફુલાવેલ એક વાલ, મોરથૂથુ ફુલાવેલ અડધો ગ્રેઈન; આ ત્રણેને મેળવી તેમાં ડિસ્ટિલ્ડ વૉટર નાખી તેનાં ટીપાં દિવસમાં ત્રણ વાર નાખવાં. બોરીક લોશનથી આંખ ધોઈ નાખવી.

પ્રશ્ન: બાળકોને આંજણ આંજવું કે નહિ?

ઉત્તર: આંજણ આંજવું.

પ્રશ્ન: આંજણથી નુકસાન થાય છે એમ માનવામાં આવે છે તે માન્યતા સાચી કે ખોટી ?

ઉત્તર: ખોટી.

પ્રશ્ન: સારું આંજણ કેવી રીતે બનાવી શકાય ?

ઉત્તર: ચોખ્ખું ઘરાઉ ઘી લઈ એની અંદર ચોખ્ખા રૂની વાટ સળગાવી દીવો કરવો. તે દીવાની જ્યોત ઉપર વાટકો ધરી રાખી મેશને ઝીલવી. જ્યારે દીવો ઠરી જાય ત્યારે ચોંટેલી મેશને એક ચોખ્ખી ડબ્બીમાં ભરી લેવી અને તેમાં બાજરાના દાણા જેટલું ભીમસેની કપૂર મેળવવું. એકરસ કરવા માટે તેમાં થોડું ઘી મેળવવું અને મેશ તથા કપૂર કાલવવું. વ. વૈ.

નોંધ: એક અનુભવી વૈદની આ સલાહ છે. —તંત્રી

બાળક માટી ખાય છે તે બાબતમાં એક દાક્તરી અભિપ્રાય

× × × માટી ખાવાની ટેવ વિષે દાક્તરી સામયિકોમાં પૂછવાનો મારો વિચાર હતો. પરંતુ વધુ વિચાર કરતાં લાગે છે કે માટી ખાનાર છોકરાંની સંખ્યા ઓછી નથી હોતી. પરંતુ વહેલે કે મોડે દરેક જણ એ ટેવ ભૂલી જાય છે, એટલે વધુ પડતી ચિંતા કરવાનું કારણ હોતું નથી. મારી આઠ વર્ષની પ્રેક્ટીસ દરમિયાન માટી ખાતાં બાળકો કેટલાંય જાણ્યાં છે પણ મોટી ઉંમર સુધી એ ટેવ ચાલુ રહી હોય એવા દાખલા જોયા નથી. અપવાદ રૂપે લગભગ પચાસ વર્ષની ઉંમરના બે માણસોને જાણ્યા છે કે જેઓ માટી ખાતા હતા. આ વસ્તુથી તેઓ શરમાતા હશે કારણકે કોઈની હાજરીમાં તે ખાતા નહિ; ને ખાય તોયે સામો જાણે નહિ તેવી ચાલાકીથી ખાય, ને પકડાય છતાં કબૂલ કરે નહિ. આ બન્નેમાં સ્વતંત્ર ઇચ્છાશક્તિ કે નૈતિકબળ જેવું કશું જ ન હતું ને તેમનો જીવનવ્યવહાર તદ્દન નિષ્પ્રાણ ને નિષ્ક્રિય હતો. આથી હું માનું છું કે મનોબળ વિનાનાં કે સ્વમાનના ભાન વિનાનાં કે માબાપની ચીવટ વગર ઊછરતાં બાળકો જ મોટી વય સુધી માટી ખાવાની ટેવવાળાં માણસો બને છે. આવી ટેવવાળાં માણસોની સંખ્યા બહુ જ અલ્પ હશે એમ મને લાગે છે કારણકે ઉપર લખ્યા બે (ને એક ત્રીજો વધુ. આ ત્રણે પુરુષો હતા.) દાખલા વિના બીજા કોઈ દાખલા મારા જોવામાં નથી આવ્યા. આ હકીકત માટી ખાતાં બાળકોના માબાપને આશ્વાસન આપે તેમ છે. હાથે ચડી દરેક ચીજ મોંમાં મૂકવાની ટેવ ઘણાં બાળકોને હોય છે. બીજી કોઈ વસ્તુ ખાય તેટલી જ સ્વાભાવિકતાથી બાળક માટીને મોંમાં મૂકે છે. માટીની સુગંધ ને સ્વાદનું આકર્ષણ, ધૂળ-ઢેફાં–પોપડા વગેરેની સુલભતા, આપણી રોકટોક કે અટકાયતની સામે થવાની વૃત્તિ, માર પડતો છતાં ય માબાપની ચિંતા જોવાનો નઠોર આનંદ, વગેરે સામટી રીતે બાળકને માટી ખાતું કરી મૂકે છે. માર પીટથી કે એળિયો કે બીજી કડવી ચીજ ભેળી કરેલી ધૂળ ખાવા આપીને બાળકોની આ ટેવ ભુલાવી શકાય છે. કદાચ એ ઉપાયો વગર પણ એ ટેવ ભુલાઈ હોત–કોઈને વહેલી તો કોઈને મોડી. આપણા ઉપાયનું ખરું કારણ બાળકથી અછતું રહે તે સારું છે. નહિ તો આપણાથી થતા ઉપાયો જ (અંગૂઠો ચૂસાવવાના) માટી ખાવાના વિચારને તાજો ને તાજો રાખશે. અંગૂઠા માટે ચામડીના દરદને નિમિત્તે પાટો બાંધવાનું લખ્યું છે તેમ બીજા કોઈ નિમિત્તે એળિયો કે ઓગાળેલું ક્વીનાઈન અંગૂઠે લગાડતા રહેવાય તો કામ આપે ખરું. મન બીજે રોકે તેવી નિર્દોષ પ્રવૃત્તિઓમાં બાળકને રોકવાથી માટી ખાવાનો કે અંગૂઠો ચૂસવાનો વિચાર ધીમે ધીમે દૂર થતો જશે. મેલેરિયાના તાવ ઉપર ક્વીનાઈન અસર કરે જ, તેમ માટી ખાવાની ટેવ પર અમુક દવા કે અમુક ઉપાય અસર કરે જ કરે એમ નથી હોતું. માટી ખાવાની ટેવ શી રીતે પડે છે ને તે ટેવ ચાલુ શાથી રહે છે, એનો સામાન્ય ખ્યાલ લાગ્યા પછીથી આવા દરેક બાળકનો પ્રશ્ન તેના

સંજોગો ઉપર વિચારવો જોઇએ ને તે મુજબ ઉપાયો લેવા જોઇએ.

માટી ખાવાથી તંદુરસ્તીને ફાયદો છે એમ તો કોઈ માણસ નહિ કહે. પરંતુ બાળકોની જુદી જુદી હરેક માંદગીની જન્મદાતા હોવાનું જે માન માટી ખાવાની ટેવને અપાય છે તે અતિશયોક્તિ ભરેલું લાગે છે. આ તેમ જ કૅલ્શ્યમ કે બીજાં તત્ત્વો ઓછાં છે ને તેથી માટી ખાવા બાળક આકર્ષાય છે કે કેમ, એ બધા પ્રશ્નો દાક્તરી જગતના છે ને તેનો નિર્ણય ખાસ નિષ્ણાતો જ કરી શકે. માટી ખાવાનું ભુલાવવા કાલઝાના કે બીજી તેવી બનાવટો અપાય તો તેથી ગેરફાયદો તો નથી જ. ભ.

નોંધ: આવા અભિપ્રાયોને અમે વધાવીએ છીએ. બીજા દાકતર ભાઈઓ પોતાના અભિપ્રાયો તથા ઉપાયો જણાવશે તો માબાપોને ઉપયોગી થશે. અમારું જ્ઞાન આ વિષયમાં કંઈ ખાસ ન હોઈ અમે તો મૌન જ સેવશું. **તંત્રીઓ.**

બે દર્શનો

અખિલ ભારત બાલસંમેલનમાં નૃત્યો, નાટકો વગેરે ઘણું થઈ ગયું. એમાં છેક નાનાં બાળકો પણ નૃત્યનાટકમાં ઊતર્યાં હતાં. જોવા આવનાર માતપિતાઓ બાળકોનાં નૃત્યો, રાસ વગેરે જોઇને ખૂબ ખુશ થયાં હતાં. હું પણ ત્યાં હતો. મારા મનમાં એક બે વાતો ચોંટી ગઈ છે તે નોંધવા જેવી છે.

જેલભારતીનું નૃત્ય થવાનું હતું. હું જાણતો ન હતો કે તેનું નૃત્ય તુરતમાં જ આવવાનું છે. હું કંઈક વહેલો ઘેર જવા ઇચ્છતો હતો. જેલભારતીએ તે જાણ્યું એટલે તે મને કહેઃ "તમે મારું નૃત્ય જોઈને જજો; હમણાં જ મારો વારો આવે છે."

આ સાંભળી હું તાજુબ થઈ ગયો. આટલી નાની ત્રણચાર વર્ષની છોકરી શું બોલે છે! પોતાનું નૃત્ય અને તે વળી મને દેખાડવાનો એટલો બધો તેનો પ્રેમ! બાળકોનો પ્રેમ આપણે અનેક રીતે અનુભવી શકીએ છીએ. એક વાર જેલભારતીએ મને બેચાર ભજિયાં લાવી આપેલાં. તે કહેઃ "લ્યો આ ભજિયાં; તમને તે બહુ ભાવે છે."

હું નૃત્ય જોવા રોકાઈ ગયો. મેં તેનું નૃત્ય જોયું. નૃત્ય કરી નૃત્યના જ વેશે તે મારી પાસે આવીને બેઠી. અને કંઈ પણ બોલ્યા વિના આનંદથી બેઠી. તેના મનને અમુક પ્રકારની તૃપ્તિ થઈ હોય એમ મને લાગ્યું.

બીજે દિવસે એક બીજી બાળાનું નૃત્ય હતું. જેલભારતીથી તે રૂપાળી હતી, તેનો વેશ પણ મનોરમ હતો. તેણે નૃત્ય કર્યું અને સૌ ખુશ થયાં. તે વખતે જેલભારતી મારી પાસે બેઠી હતી. તે કહેઃ "મારા કરતાં તેણે કેટલું સુંદર નૃત્ય કર્યું? મને એ બહુ ગમ્યું."

આ કહેતા વખતે જેલભારતી ખૂબ આનંદમાં હતી. એક સુંદર કલાના દર્શનની કદર કરતી હોય તેવી તેની સ્થિતિ હતી.

મને થયું, આનું નામ સ્વાભાવિક નિર્મળતા. જેલભારતીના મનમાં એમ ન થયું કે મારું પોતાનું જ નૃત્ય સુંદર હોઈ શકે અને

બીજા કોઈનું નહિ ! તે પોતાની જાતના અભિમાન રહિત હતી. અભિમાનથી તે બગડી ન હતી. તેના માણાપે કદાચ તેનું ભાન તેને નહિ કરાવ્યું હોય, તે નિર્મળ અને તેથી નિર્દોષ રહી હતી. પોતે બીજા સાથે પોતાની તુલના કરે છે છતાં શુદ્ધ કલાદૃષ્ટિ અને ન્યાયને તે વીસરતી નથી.

એટલામાં પેલી નૃત્ય કરનારી છોકરી આવી. તે મને કહેઃ "મેં કેવું સુંદર નૃત્ય કર્યું?"

મેં કહ્યુંઃ "જરૂર સુંદર."

મારો જવાબ સાંભળી પોતે તૃપ્ત થઈ. પણ તેના મનમાં પોતે સુંદર નૃત્ય કર્યું છે તેના અભિમાનની રેખા ન દેખાઈ. પોતે પોતાની સુંદરતાની જ્ઞાતા હોવા છતાં તેનાથી તે તે અહંભાવી થઈ ન જણાઈ. નિર્વ્યાજપણે તે આવીને કહે છેઃ "મેં કેવું સુંદર નૃત્ય કર્યું?" એમ કહેવાય કે નહિ તેના આચારની તેને ચિંતા કે પરવા કે ભાન ન હતું.

બાળકો પોતે નાચે છે, કૂદે છે, આનંદ લે છે; અને પોતાની શક્તિનું તેમને ભાન છતાં નમ્ર અને નિર્મળ રહે છે.

કેટલાં સુંદર આ દર્શનો! ગિ.

આ શું જિદ્દ કહેવાય ?

એક દિવસ ફરતો ફરતો નિરાંતે ઘેર જતો હતો ત્યાં રસ્તામાં બાબુસાહેબ મળ્યા.

"ઓહો, ભાઈ! ક્યાં ચાલ્યા?"

"ઘેર જઈશ."

"જીવતીબહેન જરા માંદી છે એટલે હમણાં બાલમંદિરમાં નથી મોકલતો. વખત હોય તો ચાલો ઘડીક બેસશું."

હું બાબુસાહેબ સાથે ઘરે ગયો. ઘર આંગણે એક ખાટલા ઉપર અમે બેઠા. જીવતીબહેન ઊંઘતાં હતાં. એના શરીરમાં તાવ પણ સખ્ત હતો. પણ મારું નામ સાંભળીને એકદમ ઘરની બહાર આવ્યાં અને ખાટલા ઉપર બાબુસાહેબના ખોળામાં સૂઈ ગયાં.

બાબુસાહેબ 'શિક્ષણ પત્રિકા'ના નિયમિત વાંચક છે. એમને પત્રિકાના નિયમિત વાચનથી બાલશિક્ષણના અનેક કોડ છે. એમની પોતાની દીકરી ચિ. જીવતીબહેન અને એક નાનો ભત્રીજો એમ બે બાળકોને એઓ બાલમંદિરમાં મોકલે છે.

બાબુસાહેબ બાળકોને બાલમંદિરમાં મોકલે એટલેથી જ સંતોષ નથી માની લેતા. તેમણે બાળકને ઘરમાં અને તેટલું વાતાવરણ આપવા અને એ રીતે બાળકનો બાલમંદિરના શિક્ષણહેતુનો અંકોડો સળંગ રાખવા યત્ન કર્યો છે. હું આંગણામાં બેઠો હતો ત્યાં જ બાળકો માટે એક હીંચકો બંધાવેલો. આંગણામાં એક કામચલાઉ વાડ કરી હતી, અને અંદર કેટલાક રોપાઓ રોપેલા હતા. એમાંના કેટલાક તો બાળકોએ જ રોપેલા હતા. હવે તેઓ રેતીનો એક ઢગલો પણ કરાવે છે. બાગ અને ક્રીડાંગણપ્રવૃત્તિઓ ઉપરાંત તેમણે છાપાંઓમાંથી બાળકોને જોવા માટે ચિત્રો કાપેલાં છે અને હમણાં એનાં આલ્બમો બનાવે છે. બાળકોને માટે કોરા કાગળ, રંગીન પેનસિલો વગેરે જાતનાં

સાધનો પણ વસાવેલાં છે. જીવતીબહેનને ચિત્રો કરવાની ઇચ્છા થાય છે ત્યારે તેઓ ચિત્રો અને પેનસિલો આપે છે, અને આકૃતિમાં લીંટા કેમ પુરાય તે બતાવે છે. ઘરના જુદા જુદા આકારોમાંથી તેઓ ભૌમિતિક ઘટનાઓ તેમ જ સાદી આકૃતિઓ દોરી આપે છે. બાળકની ઇચ્છાને માન આપી તેણે તેને માટે કલરબૉક્સ પણ મગાવી રાખેલ છે. આમ બાબુસાહેબ બાળકોની બાબતમાં બાલમંદિરમાંથી જોઈ પૂછી યોગ્યાયોગ્યની ચર્ચા કરી ઘેર પણ શક્ય એટલું વાતાવરણ આપવા પ્રયત્ન કરે છે.

જીવતીબહેન તેમના ખોળામાં સૂતાં એટલે તેનો વાંસો થાબડતાં મારી સાથે વાતો શરૂ કરી. "જુઓ....ભાઈ! આ બેઉ છોકરાં મારાથી જરાય છૂટાં નથી પડતાં. હું જરાક બહાર જવાનો વિચાર કરું છું અને બન્ને આગળ તૈયાર થઈ જાય છે. કેટલીક વાર તો જરૂરી કામે જતા હોઈએ ત્યાં આવવા માટે પણ જિદ પકડે છે. એનું એ વખતે શું કરવું?"

"તમે શું કરો છો?"

"હું કવોરીમાં ઇન્સ્પેકશન વખતે રોજ જઉં છું ત્યારે તો મને હમેશાં જવા દે છે. પણ તે સિવાય બીજા કોઈ કામે નીકળું તો નીકળવા નથી દેતી એટલે હું કવોરીમાં જવું છે એમ કહું છું એટલે મને જવા દે છે."

"આપ દરેક વખતે આ રીતે નીકળી શકો છો?"

"ના; કોઈ કોઈ વાર તો મને છોડતી જ નથી."

"આપને એમ લાગે છે કે તેવે વખતે એ આપનું બહાનું સમજી જાય છે માટે જિદ લે છે?"

"હા; લગભગ એમ જ બને છે, એટલે જ જિદ લે છે."

"ત્યારે આપ એની સાથે સ્પષ્ટ વાત કરતા હો અને જ્યાં જવાનું હોય ત્યાંનું ચોખ્ખું નામ આપી તેને લઈ જઈ શકાય એમ હોય તો ઠીક, નહિ તો 'તમને સાથે નહિ લઈ જઈ શકાય અને હું અમુક વખત પછી આવીશ.' એટલું સત્ય સ્પષ્ટ જ કહેતા હો, તો મને લાગે છે એ વધારે ઉપકારક થશે. આપની ઉપર બાળકોનો વિશ્વાસ કેળવાય, અને આપ એને બિલકુલ છેતરતા નથી તેની તેને ખાતરી થશે તો હું ધારું છું કે અત્યારે તેમને જિદ પકડવાનાં જે કારણો છે તે નહિ રહે. અલબત્ત બાળકને ફરવાફરવાનું બહુ મન થાય છે એટલે એ આપની સાથે નીકળવા ઇચ્છે છે. શક્ય હોય ત્યાં તેને લઈ જવામાં બિલકુલ આનાકાની ન કરો, અને જ્યાં ઠીક ન લાગે ત્યાં સ્પષ્ટ ના કહો એ વધારે ઉત્તમ રસ્તો છે."

"હા; એ આપની વાત સાચી છે. આપણે પણ તેની પાસે પ્રામાણિકપણું જાળવવું પડે છે ખરું. અને અમારે જીતુબહેન કરેલી વાતને પાછાં ભૂલે નહિ એવાં છે."

તેમણે જીતુબહેનની ચોકસાઈના થોડાએક પ્રસંગો કહ્યા:—

(૧) એક વાર હું બાલમંદિર આવ્યો. હું એમની દવા લેવા જતો હતો. જીતુબહેન શું રમે છે અને એને કેમ છે તે જોવાની જ ઇચ્છા હતી. હું વાતો કરતો હતો એ જ વખતે એક શેરડીનું ગાડું જતું હતું. જીતુબહેને

મારી પાસે શેરડી મંગાવી આપવાની માગણી કરી. મેં એને કહ્યું: "દવાખાનેથી આવીને મંગાવી દઈશ." એ કલાક પછી હું દવા લઈને ફરી પાછો દવા પાવા બાલમંદિરમાં આવ્યો. જ્યારે હું ઘરે જવા તૈયાર થયો ત્યારે જીતુબહેન રડવા મંડ્યાં: "મારે ઘેર આવવું છે." આપને કહીને હું એને ઘેર લઈ જતો હતો. જેવો દરવાજાની બહાર પગ મૂક્યો કે તુરત એને પૂછ્યું: "શેરડી?" હું ભૂલી ગયો હતો પણ એ નહોતાં ભૂલ્યાં. ઘરે ગયા પછી મેં તુરત જ શેરડી મંગાવી.

(૨) હું બજારમાં જતો હતો; એને બાલમંદિરમાં આવવાનું હતું. મેં એમને કહ્યું: "તમે બાલમંદિર જાવ. હું આવીશ ત્યારે તમારે માટે બદામ લેતો આવીશ." જીતુબહેન બાલમંદિરમાં ગયાં; હું બજારમાં ગયો. વળતી વખતે હું બાલમંદિર તરફ થઈને નીકળ્યો. બારા ખિસ્સામાં બદામ હતી. હું બાલમંદિરમાં બેત્રણ કલાક બેઠો ત્યાં સુધી એ પણ રમ્યાં, પણ જ્યારે ઘરે જવા તૈયાર થયો ત્યારે તે પણ તૈયાર થયાં. તમને કહીને હું એને લઈ ગયો. બહાર કુવારા પાસે ગયાં ત્યાં જ મને એણે પૂછ્યું: "બાપુ! બદામ?"

(૩) એક દિવસ મેં એમને કહ્યું: "તમને પણ કલેારીમાં ફરવા લઈ જઈશું. આવવું છેને?" એણે માત્ર ડોકું ધુણાવ્યું. બીજે દિવસે હું નીકળવાની તૈયારી કરતો હતો તેની સાથે એ પણ તૈયાર થઈ ગઈ. તે દિવસે એને આખો દિવસ સાથે ફેરવી.

(૪) રંગીન પેનસિલો અને કાગળ આપી એને તમે અહીં આપો છો એવાં ચિત્રો કરવા હું ઘરે આપું છું. રંગ પૂરવાનું મેં જેમ એને બતાવ્યું હોય છે એમ જ એ બરાબર પૂરે છે. એક દિવસ અહીંથી એ કલરબૉક્સ જોઈ ગઈ હશે. ઘરે પણ કલરબૉક્સ માગી. મારી પાસે બેત્રણ રંગો અને પીંછી હતી; એ મેં એને આપ્યાં. એક બે આકૃતિ દોરી રંગ કેમ પુરાય એ બતાવ્યું. એણે પણ એવી જ રીતે બરાબર રંગ પૂર્યા.

(૫) એક દિવસ ફૉટનના એક છોડની ડાળી ભાંગી ગઈ. એ ડાળીને એણે ત્યાં જ જમીનમાં પાછી ખોસી દીધી; પછી એને એ પાણી પાતી. રોજ જોતી. આખરે એ ડાળી ઊગી નીકળી. એક દિવસ હું કલમો રોપતો હતો ત્યારે મને પૂછેલું; તેની જાતે ખાતરી કરી જોઈ કે ઊગે છે એ વાત સાચી કે ખોટી.

(૬) આ બોગગાને એક વખત ખૂબ કળીઓ બેઠી. એ બધી જ કળીઓ ભાઈ ને બહેને મળીને તોડી નાખી. બીજે દિવસે એકેય ફૂલ ન આવ્યાં. પણ પછી કળી તોડવાને બદલે ફૂલ થાય ત્યારે ફૂલ જ તોડતાં. મેં કહેલું: "કળી તોડીએ તો પાપ લાગે. ફૂલ તોડાય."

બાપુસાહેબ બાળકની આ બધી ચોકસાઈને જિદ તરીકે વર્ણવતા હતા. મેં તો એમાં ચોકસાઈનાં જ બધાં તત્ત્વો જોયાં અને તેનો સારાસાર તેમની પાસે મૂક્યો.

આ બધાને અંતે બાપુસાહેબે કબૂલ્યું કે છોકરાં સાથે આપણે સીધાં ચાલીએ છીએ તો એ આપણને બિલકુલ કનડતાં નથી. મારી સાથે જ રહેવાનું કારણ પણ એ જ છે કે હું એમને જે રીતે જવાબ આપું છું, બતાવું છું તે રીતે ઘરમાં નથી હોતું. આ છોકરાં મને આખો દિવસ "આ શું? આ શું?" પૂછયા જ કરે

છે. હું બને એટલો અને સાચો જવાબ આપું છું.”

ઘણો વખત થઈ જવાથી હું બાબુસાહેબની રજા લઈ ઘરે જવા ઊઠ્યો.

અત્યાર સુધી જીતુબહેન, બાબુસાહેબના ખોળામાં નિરાંતે ઊંઘતાં હતાં. હું ઊઠ્યો એટલે બાબુસાહેબે જીતુબેનને કહ્યું: “...ભાઈ જાય છે. એને જોજો તો કરો?” તાવ ખૂબ ચડેલો હતો; ઊંઘ પણ હતી. છતાં એ તરત જ જાગી ગયાં ને મારી સામે હાથ જોડ્યા. બાળકના નમસ્કાર ઝીલી હું ઘરે આવ્યો.

ઘરે આવતાં મને વિચારો આવ્યા.

દરેક વાલી બાળકના શિક્ષણમાં આટલો રસ લઈ બાળકના આ શિક્ષણકાળ દરમિયાન ઘર અને બાલમંદિર વચ્ચે સમન્વયની સંકલના ચાલુ રાખતાં હોય તો?

અને શિક્ષકો બાળકને સામે રાખી વાલીઓ પાસે જાય અગર બોલાવી અવારનવાર પરસ્પર સમન્વયની સંકલના ચાલુ રહે તેને માટે પ્રયાસ કરતા રહે તો?

બાળકનું ઘર, બાલમંદિર, શિક્ષકો અને માબાપ બધા વચ્ચેનું અંતર દૂર થઈ કેટલો બધો લાભ થાય? ભ.

શિક્ષણ સમાચાર

—ભાવનગર. શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થાનો મોટા ભાગનો કામદારવર્ગ અને વિદ્યાર્થીઓ હરિપુરા મહાસભામાં જતા હોઈને સંસ્થાનું ઘણું ખરું કામકાજ તા. ૧૪-૨-૩૮ થી તા. ૨૫-૨-૩૮ સુધી બંધ રહેશે.

—ધી ન્યુ એજ્યુકેશન ફેલોશીપવાળા ડૉ. બોવે અને મિસિસ બોવેએ તારીખ ૨૦-૨૧ જાનેવારી '૩૮ના રોજ શ્રીદક્ષિણામૂર્તિ સંસ્થાની મુલાકાત લીધી હતી.

—દીવ. શ્રી. ગિજુભાઈએ દીવ કન્યાશાળાનું નિરીક્ષણ કર્યું.

—જાફરાબાદ. બાલકુંજ ખૂલ્યું. આચાર્ય શ્રી. નારણભાઈ પટેલ.

—અમદાવાદ. જુદા જુદા બાલકવિઓનાં બાલગીતોનો સંગ્રહ ‘ પારેવાં ’ બહાર પડ્યો: ૦-૩-૦: સંગ્રાહકો શ્રી. છોટુભાઈ પટેલ તથા શાંતાબેન પટેલ. મજૂર બાલગૃહ, મિરજાપુર રોડ.

—કાનપુર. ઑલ ઇન્ડિયા એજ્યુકેશનલ ફેડરેશનના માનદ મંત્રી શ્રી. ડી. પી. ખત્રી કાનપુરથી જણાવે છે કે કલકત્તા ખાતે ભરાયેલ ૧૩ મી અખિલ હિંદ કેળવણી પરિષદ તરફથી મહાત્મા ગાંધીની વર્ધા યોજનાની ઇચ્છનીયતા અને વ્યવહારુપણા ઉપર વિચાર કરવા અને એ યોજના ઉપરના ડૉ. ઝકીર હુસેનની સમિતિના અહેવાલ ઉપર ચર્ચા કરવા માટે કેળવણીકારોની એક સમિતિ નીમવામાં આવી છે. દેશના બધા કેળવણીકારોને વિનતિ કરવામાં આવે છે કે તેઓએ પોતાની ટીકાઓ, સૂચનાઓ અને સમિતિના કામમાં મદદગાર થઈ પડે તેવું આને અંગેનું સાહિત્ય મોડામાં મોડું તા. ૨૫મી ફેબ્રુઆરી સુધીમાં મોકલવું.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

પારસ્પીપળો

શિક્ષણ પત્રિકા ભેટઅંક ૧૯૯૪

વહાલાં બાળકો !

લ્યો ત્યારે, આ વર્ષનો શિક્ષણ પત્રિકાનો ભેટઅંક છે. જુઓ, આ વર્ષે એક ખાસ નવીનતા છે. ને તે એ છે કે આ વષે તમારી જેવાં અને જેવડાં બાળકોના લેખો આ ભેટઅંકમાં છે. તમે તમારા મિત્રોની ભેટો સ્વીકારશો ના ?

વળી અમારા એટલે મોટાંઓના લેખો પણ આમાં છે. પ્રથમ અમે તમારા બાળકોના લેખો મૂકયા છે અને પછી છે અમારા લેખો. પ્રથમ તો તમે જ હો ના ? અમે તો પાછળ પાછળ ચાલ્યાં આવીએ.

વારુ ત્યારે, રામરામ, રામરામ ! જય જય; સલામ આલેકુમ.

તા. ૧૮–૧–૩૮

ગિજુભાઈ.

પા ર સ પી પ ળો

આ અંકનું નામ પારસપીપળો છે. એક આગલા અંકનું નામ પારિજાતક હતું. આપણા મનમાં ઠીક લાગે તેવું નામ આપણે આપણા માસિકને આપી શકીએ. આજકાલ હસ્તલિખિત માસિકો બહુયે નીકળે છે અને એનાં નામો પણ અનેક છે. આ આપણો 'ભેટ અંક' પણ પ્રથમ તો એક હસ્તલિખિત માસિક જ હતું ના?

હમણાં પારસપીપળાને ફૂળો આવ્યાં છે. ફૂલો આવે અને પછી ફળો આવે એ કુદરતનો સામાન્ય નિયમ છે. પારસપીપળાનાં ફૂલો દેખાવે ભીંડાનાં ફૂલો જેવાં કે હીરવણીનાં ફૂલો જેવાં થાય છે, અને તે સુંદર પણ લાગે છે. જ્યારે પારસપીપળે ફૂલો આવે છે ત્યારે પીપળે ઘંટ આકારના દીવાઓ ટીંગાડેલા હોય એવું લાગે છે.

પણ એ શોભા કાંઈ કાયમ નથી રહેતી. ફૂલો ખરવા માંડે એટલે ફળો બેસે અને ફળો લીલાં મટી સૂકાં થાય એટલે ખરવા માંડે. હમણાં તો પારસપીપળે લીલાં ફળો છે. આ ફળો આકારે જરા નવીન છે. કાંઈક શીંગોડાંને મળતાં નાની ડાળલી જેવડાં હોય છે. બોર જેવાં ગોળ પણ ચોરસ અને વચ્ચેથી ઊપસેલાં છે. એક પ્રકારનાં લવિંગ ભરાવેલાં પાનનાં બીડાં જેવાં આ ફળો લાગે છે.

આ ફળો સૂકાય છે તેમ કાળાં થઈ ને લોં પર પડી જાય છે. પછી તો તે જેના તેના પગ નીચે કચરાય જ ના? અને જ્યારે ફળો પગ નીચે કચરાય ત્યારે કડુક કડકડ એવો અવાજ થાય છે. જોડા નીચે ફળો દબાવીને અવાજ કરવાની એક વાર તો મોટાંઓને પણ મજા આવે; નાનાં બાળકોને તો આ ફળોના ફટાકિયા ફોડવાની બહુ જ મજા પડે.

પારસપીપળો બીજાં ઝાડો જેવો તો છે જ. તેનાં પાંદડાં પીપળા જેવડાં કે જરા મોટાં પણ જાડાં અને અણિયાળાં હોય છે. તેની રેખાઓ ચોખ્ખી હોય છે. બ્રાહ્મણપીપળાનાં પાન જેવાં આ પીપળાનાં પાન છેક બદામ આકારનાં નથી.

કોઈ ગામ જઈએ ત્યારે આપણે પૂછવું કે અહીં કોઈ નવું ઝાડ છે? અને સાચે જ કોઈ નવું ઝાડ તો મળી જ આવશે. કેટલાંક ઝાડો તો અમુક ગામમાં પાર વિનાનાં હોય છે. એમ જ દીવમાં પારસપીપળા ઘણા બધા છે.

ગિજુભાઈ.

મિત્રોની ભેટ

બાળકોએ જોડેલા રાસડા

તોડશો મા.

તોડશો મા, કોઈ તોડશો મા,
અમારાં ફૂલડાં વેરશો ના.
અમારાં ફૂલડાં સોના રૂપાનાં,
અમારાં ફૂલડાં માણેક મોતીનાં;
વચ્ચે હીરાનાં ઝૂમખાં રે લોલ–તોડશો૦
અમારી વાડીમાં મોગરો ને મરવો,
અમારી વાડીમાં ગુલાબ ને ચંપો;
સૌને ગમે એવાં ફૂલડાં રે લોલ–તોડશો૦
અમારી વાડીમાં કૂવો ને કૂંડી,
અમારી વાડીમાં વાવ છે ઊંડી;
નાશું ધોશું ને નવાડશું રે લોલ–તોડશો૦
અમારી વાડીમાં સસલાં ને હરણાં,
અમારી વાડીમાં પાણીનાં ઝરણાં;
રમશું રમાડશું નચાવશું રે લોલ–તોડશો૦

લક્ષ્મી.

કદમ ચડ્યા રે લોલ

આવો આવો ગોપીઓ સરવે સાથ કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.
ગોપી મળી આવી રે સૌ નારી કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.
ગોપીઓ ઘેલી થઈ છે આજ કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.
વા'લે મારે વગાડી મધુરી વેણુ કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.
ગોપી ચાલી નંદજીને દરબાર કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.
જશોદાજી વારો તમારો કાન કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.
જાઓ જાઓ નવરી વ્રજની નાર કે
કાનુડો ઘરમાં રમે રે લોલ.
ગોપીઓ નમી નમી પાછી જાય કે
કૃષ્ણ કદમ ચડ્યા રે લોલ.

લક્ષ્મી.

ચાલોને ગરબો ગાઈએ.

રાગ: એક વાર ઊભા રહો રંગરસિયા.

ચળકે છે ચંદ્ર કેરો ચાંદલો રે,
સહિયર ચાલોને ગરબો ગાઈએ. ૧
શરદ પૂનમ રૂડી રાત રે,
સહિયર ચાલોને ગરબો ગાઈએ. ૨
હું રે ચાલું ને ચાલે ચાંદલો રે,
સહિયર ચાલોને ગરબો ગાઈએ. ૩
હું રે રમું ને રમે ચાંદલો રે,
સહિયર ચાલોને ગરબો ગાઈએ. ૪
રૂપેરી અજવાળી રાતડી રે,
સહિયર ચાલોને ગરબો ગાઈએ. ૫
ગરબાને ડોલી ડોલાવીએ રે,
સહિયર ચાલોને ગરબો ગાઈએ. ૬

હીરાલક્ષ્મી.

ગગનમાં ગાજે મેહુલો

રાગઃ છલકાતું આવે ખેડલું.

ઝરમર વરસે મેહુલો,
ઝણકારા કરતી વીજ રે;
ગગનમાં ગાજે મેહુલો. ૧

હુંગરીએ નાચે મોરલા,
ઢેલડીઓ ઝીલે નાચ રે;
ગગનમાં ગાજે મેહુલો. ૨

વનમાં નાચે ગોકળિયો,
વાછરડાં નાચે સાથ રે;
ગગનમાં ગાજે મેહુલો. ૩

વૃક્ષે નાચે પંખીઓ,
વેલડીએ નાચે ફૂલ રે;
ગગનમાં નાચે મેહુલો. ૪

માધવ નાચે કુંજોમાં,
ગોપીઓ ઘેલી ન્હાયરે;
ગગનમાં ગાજે મેહુલો. ૫

હીરાલક્ષ્મી.

બાળકોએ જોડેલાં જોડકણાં

: ૧ :

વાર્તા કરે વાડીમાં,
સા બેસે ગાડીમાં;
ગાડી છે ભાંગલી,
ત્યાં નાચે ગાંગલી;
ગાંગલી છે રૂપાળી,
એને ઘેર પાળી;
પાળીને છે ધાર,
ભીંતે છે ગાર.

હીરાલક્ષ્મી.

: ૨ :

કેરીનો રસ,
તાવડીએ મશ;
મશ છે કાળી,
ફૂલ વેચે માળી.

ભગવતી

: ૩ :

કરડચો વીંછી,
ધોવાની પીંછી;
પીંછી છે ધોળી,
કોનો બાપ કોળી ?

ભગવતી.

: ૪ :

તબેલામાં ઘોડા,
મોટા છે જોડા;
જોડામાં મોજાં,
ગામમાં છે ખોજા.

સવિતા.

: ૫ :

મારે ઘેર ફૂલ,
બાંધ્યો છે પૂલ;

ફૂલ છે જાડો,
મોટો છે ખાડો;
ખાડામાં ભેંશ,
ભાભી બાય ઘેંશ.

સવિતા.

: ૬ :

ગ્ય છે રાણી,
નદીમાં પાણી;
પાણીમાં કાદવ,
શ્રીકૃષ્ણ જાદવ.

ભગવતી.

: ૭ :

નદી કાંઠે લીલ,
શહેરમાં છે મિલ;
મિલમાં કાપડ.
ને શેકયો પાપડ.

ભગવતી.

: ૮ :

એક છે ખેતર,
મેં દીઠું તેતર;
તેતર છે કાળું,
પોપટને પાળું.

તારાબેન.

: ૯ :

બ્રાહ્મણની ચોટલી,
માથે છે પોટલી;
પોટલીમાં રાઈ,
ઝાંપે છે ખાઈ.

તારાબેન.

: ૧૦ :

ઘરમાં છે કઢી,
ઘોઘલે છે મઢી;
મઢીમાં છે માછી,
દાળ છે ખાછી.

મટુબેન.

: ૧૧ :

ટ્રંક છે કાળો,
કાગડાનો માળો;
માળામાં સળિયા,
ઢાંકયાં છે નળિયાં.

ભગવતી.

: ૧૨ :

તાડ છે ઊંચું,
કાગળનું પૂંઠું;
પૂંઠું છે જાડું,
પાડીનું પાડું.

લક્ષ્મી.

: ૧૩ :

ઘડિયાળ બોલે ટક,
વિહારમાં છે મઠ;
મઠ છે સારો,
વિલાયતી પારો;

પારેા મેાટેા દાણેા,
કાગડેા છે કાણેા.

લક્ષ્મી.

: ૧૪ :

બિલાડી બેાલે મ્યાંઉં,
વાઘ કહે કે હું ખાઉં;
વાઘ રહે જંગલમાં,
પૂજા થાય મંદિરમાં;
મંદિરમાં છે બાવાજી,
રાજ કરે રાજાજી.

લક્ષ્મા.

: ૧૫ :

અયેાધ્યા નગરી,
ગામ પાસે બકરી;
બકરી પાડે ચીસ,
મામાને ચડી રીસ.

ત્રિવેણી.

: ૧૬ :

કૃષ્ણ કૃષ્ણ કાનજી,
ગેાપીઓના લાલજી;
લાલજી બહુ લાડકેા,
હેાળીમાં ભડકેા.

લક્ષ્મી.

: ૧૭ :

શિવજી છે ભેાળા,
બજરમાં મૂળા;
મૂળા બહુ તીખા,
ઘરમાં છે શીકાં.

લક્ષ્મી.

: ૧૮ :

વાઘ વાઘ શિકાર કર,
બિલાડી ઘેર પાણી ભર;
બિલાડી છે ભલી,
વાઘ કહે તું ઘેલી.

લક્ષ્મી.

: ૧૯ :

ચણેાઠી છે રાતી,
એક છેાકરી ખાતી;
છેાકરી છે નાની,
નામ છે પાની.

સવિતા.

: ૨૦ :

દાદા દાદા દેવળ જાવ,
દેવળ જઈને પ્રસાદ ખાવ;
પરસાદ ખાતાં રાત પડી,
ને કાળે સાડલે ભાત પડી.

વસંતપ્રભા.

: ૨૧ :

ભગવાન બુદ્ધ સારા,
મીઠાના અગર ખારા;
ખારા અગરમાં ખારું પાણી,
મેં ખાધી ગેાળધાણી.

શેઠ અને ભિખારણ

સ્થળ ડેલી : : સમય બાર વાગે.

(શેઠ ખુરશી ઉપર બેઠા છે અને મનમાં દેવાળું ફૂંકવાનો વિચાર કરે છે એટલામાં બહાર ભિખારણ માગવા આવે છે અને બરાડા પાડી બોલાવે છે.)

ભિખારણ—અરે શેઠ, મોટાં પેટ ! જવાબ તો આપો ? આ બાપડી ભૂખી રાડ નાખે છે.

(શેઠ બિજાય છે અને બહાર નીકળે છે.)

શેઠ—કોણ છે એ ? કાઢો આ ભિખારડીને, હાલી જ આવે છે તે !

ભિખારણ—(દીન વદને) અરે દયાળુ બાપ ! મોટાં પેટ !

શેઠ—હવે જા જા, રાંડ ! હાલી જા, હાલી. નહિતર ત્યાં આવીને મારું મોટું પેટ મારીશને, તે મરી જઈશ. માટે હાલી જા.

ભિખારણ—અરે મારા બાપલા ! હે દીનાનાથ ! એક જરા કટકોબટકો રોટલો આપ, એટલે હું મારે રસ્તે પડીશ.

(એમ કહી ભિખારણ રડવા લાગે છે.)

શેઠ—અરે નોકર ! કાઢો આને. મારા વિચારમાં ભંગ પાડે છે.

ભિખારણ—પણ, હેં શેઠ ! આ તમારા પૈસા કયાં ખપ લાગશે ? એંઠુંજૂઠું હોય તો આપોને બાપલિયા ! પેટમાં મોટો બાડો પડ્યો છે, મોટાં પેટ !

શેઠ—હવે હાલી જા, હાલી. નહિતર મારીશ મોટાં પેટ. નોકર ! બસ, આને કાઢી મૂકો; મારે એની વાત સાંભળવી નથી.

નોકર—જા બાઈ ! ચાલી જા. શેઠ બહુ કંજૂસ છે; તને કાંઈ નહિ આપે.

ભિખારણ—(રડતાં) પણ, આપેટમાં લા લાગી છે. તારી પાસે બટકુંકટકું હોય તો આપને, ભાઈ ! ભગવાન તારું ભલું કરશે ! ઈશ્વર તને સાજો-સારો રાખશે.

(નોકરને દયા આવી. કૂતરાને જે રોટલા નાખ્યા હતા તેમાંથી થોડા વધ્યા હતા, તે લઈ આવીને બાઈને આપવા જાય છે ત્યાં શેઠ દેખી જાય છે અને નોકર ઉપર બિજાવા માંડે છે.)

શેઠ—એલા એ નોકરડા ! એ શું કરવા જાય છે ?

નોકર—શેઠ ! જરા આ.....

(ત્યાં તો શેઠ નીચે આવે છે, નોકરને થપાટ મારે છે, ને ડાંગ લઈ ભિખારણ તરફ દોડે છે.)

ભિખારણ—એ બાપા ! મરી ગઈ; દોડો

રે દોડો ! એ આવો, આ દુખિયા-
રીની વારે આવો.

શેઠ—હવે દુખિયારીવાળી ! ભાગે છે કે નહિ ? આ ચેટ ને આ ડોળા ને આ હાથમાં ડાંગ જોઈ છે ? ચાલ, નીકળ ડેલીમાંથી. ચાલ, હટ્ કૂતરી ! આવાં ને આવાં હાલ્યાં જ આવે છે !

ભિખારણ—એ બાપા ! એક બટકું રોટલો આપો તો હુમણાં હાલી જઉં.

શેઠ—એઈ નોકરડા ! ચાલ, આપી દે એ રોટલા આ કૂતરીને, તે ચાલી જાય.

નોકર—જી, ભલે.

(નોકર અંદરથી રોટલો અને શાક લાવી ભિખારણને આપે છે.)

શેઠ—એલા, ઈ ક્યાં મેં કહ્યું હતું ? મેં તો કૂતરાના વધેલા રોટલા કહ્યા હતા.

નોકર—શેઠ ! એ તો આપનાં છોકરાં મારી પાસે રડતાં હતાં તેમને મેં આપ્યા ને છાનાં રાખ્યાં. શું કરું ?

શેઠ—(ક્રોધમાં) તે એને એવા રોટલા અપાય ? નીચ !

નોકર—(ઠંડે પેટે) જેમ આ ભિખારણને અપાય તેવી જ રીતે અપાય. ને મેં તો આપ્યા. પણ લ્યો, હવે શું છે ?

શેઠ—સા....! તું પણ નીકળે છે કે નહિ ?

નોકર—હા, હું નીકળું છું; મારો પગાર લાવો એટલે જાઉં.

શેઠ—એમ ? તારે પગાર જોઈ એ છે, કેમ ? લે આ પગાર.

(એમ કહી ડાંગ મારવા જાય છે ત્યાં નોકર લઈ લે છે.)

નોકર—(હસતાં) હા હા ! શેઠનું બોળ્યું ! આ રહી ડાંગ.

(એમ કહી તે જ ડાંગે શેઠને ત્યાં ને ત્યાં અડધો કરી નાખે છે.)

શેઠ—(બરાડા પાડતો) એ આવો, કોઈ આવો; આ નોકરડાને કાઢો. સિપાઈને બોલાવો; આવો, આવો !

ભિખારણ—(હસીને તાળી પાડતી) હાશ, ઠીક થયું ! મને મારી હતી તેનો બદલો પરમેશ્વરે ઠીક આપ્યો. લે, લેતો જા, શેઠ !

(એમ કહી અંગૂઠો બતાવે છે. શેઠનો ક્રોધ ક્યાંઈ માતો નથી પણ શું કરે ? ત્યાંથી ઉઠાય તો કે ?)

શેઠ—એ આવો; ઘરમાં કોઈ છે કે નથી ?

શેઠાણી—શું છે, બરાડા કેમ પાડો છો ?

શેઠ—એ અહીં બહાર તો નીકળ ?

(બહાર આવીને જુએ છે ત્યાં)

શેઠાણી—અરરર ! આ શું ? આ કોણે કર્યું ? નોકર, નોકર ! જલદી આવ.

નોકર (હસતાં)—શું થયું મારા શેઠને ?

ભિખારણ—(હસતાં) મોટાં પેટને શું થયું ?

(શેઠ શરમાઈ જાય છે અને ભિખારણને આવાનું આપી વળાવે છે)

વાણિયો અને લેણદાર

સમય બે વાગે : : સ્થળ વાણિયાની દુકાન.

(એક વાણિયાને ત્યાં પુષ્પસેન એક રૂપિયો માગતો હતો તે લેવા આવ્યો હતો. વાણિયાનો દીકરો માતૃસેન ટેબલ પાસે ઊભો હતો. વાણિયા પાસે રૂપિયો હતો પણ રૂપિયો ન આપવાની આળસે તે યુક્તિ શોધી પુષ્પસેનને છેતરે છે, પણ પુષ્પસેન તેની યુક્તિ ઘણી વારે કળી જાય છે.)

પુષ્પસેન—શેઠ ! મારો રૂપિયો આપો.

વાણિયો—(લખતાં) હેં ! કોણ છે ?

માતૃસેન—બાપા ! એક માણસ રૂપિયો લેવા આવ્યો છે.

વાણિયો—કોણ, પુષ્પસેન ?

પુષ્પસેન—જી, હા !

(વાણિયાને રૂપિયો નથી આપવો એટલે બાનું બતાવે છે.)

વાણિયો—(ખોટા વિચારમાં પડી જઈ) મેં આ ટેબલની ચાવી ક્યાં મૂકી, હેં માતૃસેન ?

માતૃસેન—કોણ જાણે; મને ખબર નથી.

વાણિયો—હા હા, યાદ આવ્યું, પુષ્પસેન ! આ ટેબલમાં મારા પૈસા તો છે, પણ ચાવી આ માતૃસેનની મા પાસે છે. ખરું ને માતૃસેન ?

માતૃસેન—જી, હા.

પુષ્પસેન—તો પછી આ માતૃસેનને ચાવી લેવા મોકલોને ?

વાણિયો—પણ એની મા તો દર્શને ગઈ છે. ને હમણાં એ નહિ આવે.

પુષ્પસેન—(આશ્ચર્ય સાથે) પણ અત્યારે દર્શને !

વાણિયો—લે, માળો ! આને કંઈ ખબર છે ? અત્યારે શું છે તે દર્શને ન જવાય ?

પુષ્પસેન—જવાય તો ખરું. પણ અત્યારે મંદિર જ બુલ્લાં ન હોય ને ?

વાણિયો—પણ મારી બાઈડી તો ગઈ છે. ચાર વાગે ચોક્કસ આવશે.

પુષ્પસેન—ના, મને તો હમણાં જ આપો.

વાણિયો—તે તારા માટે બધા નવરા બેઠા છે, નહિ ? તને હમણાં રૂપિયો આપું તો પછી કોઈ ઘરાક કાંઈ લેવા આવે તો શું આપું ?

પુષ્પસેન—ઘરાકને આપવા સારુ રૂપિયો ક્યાંથી આવશે ?

વાણિયો—(જરા વિચાર કરીને) હા, લે. એ તો હું ભૂલ્યો. પણ ત્યાં તો મારી બાઈડી આવી જશે.

પુષ્પસેન—તમને ચોક્કસ ખબર છે કે ત્યારે તમારી બાયડી આવી જશે ? આમ મને ઠગો નહિ; મારે પણ કોઈને પૈસા આપવા હોયને ?

વાણિયો—(વાત ઉડાવતાં) પણ તું ચાર વાગે આવજોને ?

(પુષ્પસેન જાય છે.)

:૨:

સમય ચારનો.

પુષ્પસેન—(અંદર આવીને) કેમ, શેઠ ! શેઠાણી આવ્યાં ?

વાણિયો—લે ! આ તો આવ્યો. સા....ને ખોટે કીધું તો સાચે આવ્યો. મેં તો જાણ્યું હતું કે હવે નહિ આવે.

(આ સાંભળી પુષ્પસેનને ગુસ્સો ચઢે છે.)

પુષ્પસેન—(ગુસ્સે થઈને) તે તમારે મારા પૈસા રાખી જવા હશે, કેમ ? મને આ નાહક ધક્કા ખવડાવો છો ? ઠીક, ત્યારે હું જોઈ લઉં છું !

(એમ કહી પુષ્પસેન ચાલવા માંડે છે. વાણિયો તેને હાથેપગે લાગી ફરિયાદ કરવાની ના પાડે છે, અને હાથ પકડી દુકાનમાં લાવે છે.)

વાણિયો—માતૃસેન ! ટેબલમાંથી રૂપિયો કાઢી આપ.

માતૃસેન—(હસતાં) પણ બાપુ ! ચાવી તો મારી બા પાસે છેને ?

વાણિયો—ઠીક હવે ડાહ્યો થા મા; સામે જો બીલીએ રહી.

માતૃસેન—(હસે છે) ત્યારે આ બિચારાને દગાવ્યો શા માટે ?

વાણિયો—તારું મોં બાળવા !

માતૃસેન—જોયું ભાઈ ! આવા મારા બાપુ ધતિંગ મારનાર.

પુષ્પસેન—ભાઈ ! વાણિયા બધાય આવા જ હોય.

(એમ કહી પુષ્પસેન અને માતૃસેન હસે છે. વાણિયાનું મોં જાણે એરંડિયું પીધું હોય તેવું થઈ ગયું છે. માતૃસેન રૂપિયો ટેબલમાંથી કાઢી તેના હાથમાં રાખી તેના મોં આગળ ધરી પુષ્પસેનને આપી દે છે.)

૧૨ : ૧ : '૩૮ લક્ષ્મી.

ગોઠણો અને બાળક

સમય સાંજના છ.

(બા બાઈપીને ઓટલા ઉપર બેઠાં છે. બેચાર બીજી બાઈડીઓ બેઠી છે અને અલકમલકની નિંદા કરે છે. ત્યાં નાનો ભાઈ ઉપર રડે છે. બાને વાતમાંથી ઊઠવું ગમતું નથી. બહેન બાને કહેવા જાય છે.)

બેન—બા! ઉપર ભાઈ ઊઠ્યો છે, ને ખૂબ રડે છે.

બા—આ મારાં પીટ્યાં કર્યાંય સખ્ખેથી બેસવા જ નહિ દે !

બેન—તે ભાઈ રડે છે તોપણ વાતો કયાં કરવી, કાં ?

બા—તે કો'ક દિવસ ભેળી થઈએ ને વાતો કરીએ ત્યાં તો મૂઆં આવ્યાં જ છે!

(એમ કહી બા વાતોએ વળગે છે. થોડી વારે બેન ફરી વખત આવે છે.)

બેન—બા ! ભાઈ રડે છે, અને મારી પાસે આવતો પણ નથી.

બા—મર રાંડ! એને જરાક તો રાખ ?

બેન—પણ એ આવતો જ નથી.

(બા ઊઠે છે અને નાના ભાઈને અને બેનને મારે છે અને પાછી વાતો કરવા ભાઈને લઈને જાય છે. પણ ત્યાં પણ ભાઈ રહેતો નથી.)

બેનપણી—આવાં છોકરાં તે ક્યાંય હશે ?

બા—જોને બેન ! મારું તો માથું બાઈ જાય છે.

બેનપણી—મારાં પણ એવાં જ મૂઆં છે. ક્યાંય બે ઘડી નવરાં ન થવા દે.

(વાતચીતમાં દીવાનો વખત થાય છે.)

બેન—બા ! અંધારું થયું. દીવા કરોને ?

બા—છે પીટ્યાં ! બા બા કર્યા જ કરે છે.

બેનપણી—ઠીક ત્યારે, હું હવે જઉં છું. આવજો.

બા—હેા, બેન ! આવજો.

બેન—હવે કેમ આવી ?

બા—લે, રાંડ ! આની તો ભારે જીભડી છે ? વધારે બોલીશ તો જીભડી બેંચી કાઢીશ !

બાપ અને દીકરો

સમય બપોરના ત્રણથી ચારનો.

સ્થળ દીવાનખાનું.

(હિંમતલાલ પોતાના ભુવનમાં બેઠો બેઠો મુંબઈ સમાચાર વાંચી રહ્યો છે. ચંદુલાલ કરીને તેનો છોકરો પોતાના બાપની બીકથી બારીએ બેઠો બેઠો કવિતા ગોખી રહ્યો છે. ચંદુલાલ બરાડા પાડી પાડીને કવિતા ગાય છે:—

પશુમાં પડી એક તકરાર;
વાદવિવાદ ચલાવા પોતે
તુર્ત ભરી દરબાર,
અને ત્યાં બેઠાં નર ને નાર...પશુમાં૦

હિંમતલાલ—(ક્રોધથી) એલા ચંદુડા ! આવડા બરાડા શું પાડે છે ? ધીરે ધીરે બોલ. જો તારે બરાડા પાડવા હોય તો અહીંથી સીધો ચાલતો થા.

(ચંદુલાલને જોઈતું જ હતું. જવાનું કહ્યું કે તુરત જ તે ઊભો થયો અને ચોપડી મૂકી ચાલતો થયો. ચંદુલાલ ગયો તે પણ હિંમતલાલને ખબર રહી નહિ. ચંદુલાલ સીધો તેનો ભાઈબંધ ભોગીલાલ હતો ત્યાં ગયો. ચંદુલાલ ભોગીલાલને બોલાવે છે.)

ચંદુલાલ—ભોગીલાલ, એ ભોગીલાલ !

(ભોગીલાલ બારીએ આવે છે.)

ભોગીલાલ—કોણ છે ?

ચંદુલાલ—(ગમ્મતથી) કોણ શું ? નથી ઓળખતો ?

ભોગીલાલ—(આનંદથી) ઓહોહો ! આ તો ચંદુલાલભાઈ આવ્યા. ચંદુલાલ ! ઉપર આવ.

(ચંદુલાલ ઉપર જાય છે.)

ભોગીલાલ—(હસતાં) કેમ, આજે મારું શું કામ પડ્યું ?

ચંદુલાલ—હું બોરડીએ બોર ખાવા જઉં છું. તારે મારી સાથે આવવું છે ?

ભોગીલાલ—ચંદુ ! તું ધીરેધીરે બોલ. જો સાંભળશે તો મારી બા ખિજાશે.

ચંદુલાલ—(ધીરેથી) તારે આવવું છે ?

ભોગીલાલ—(રાજીથી) હા ચાલ, હું પણ આવું છું. પણ મારી બાની રજા લેવા દે.

ચંદુલાલ—(વિચારમાં) પણ.... તારી બા રજા નહિ આપે તો ?

ભોગીલાલ—હું બોટું બહાનું કાઢીશ કે હું ચંદુને ઘેર રમવા જાઉં છું.

ચંદુલાલ—(હસતાં) હા દોસ્ત ! તું મારો બરો દોસ્ત છે.

(ભોગીલાલ તેની બા પાસે જાય છે.)

ભોગીલાલ—બા ! હું ચંદુને ઘેર જાઉં ?

બા—હા જા; પણ વહેલો આવજે.

(ભોગીલાલ આથી રાજી રાજી થઈ ગયો. બંને ભાઈબંધો રામજી પટેલની વાડીએ બોર બાવા ગયા. વાડીમાં કોઈ હતું નહિ.)

ચંદુલાલ—ભાઈ ! આજ તો વાડીમાં કોઈ નથી લાગતું.

ભોગીલાલ—(રાજી થઈને) સારું થયું કે આજ કોઈ નથી.

(બંને જણાએ ખૂબ બોર બાધાં, ને પાછાં પોતાનાં ગજવાં પણ ભરી લીધાં.)

(પછી બંને ઘેર જાય છે.)

ચંદુલાલ—ભોગિયા ! બોર કેવાં મીઠાં છે ?

ભોગીલાલ—રામજી પટેલની વાડીનાં બોર, પછી કેહેવાનું હોય ?

ચંદુલાલ—(હસતાં) ભોગિયા ! બોર તો બાધાં ને સાથે મારી આંગળીને પણ બવરાવ્યાં.

(પોતાની લોહીવાળી આંગળી બતાવે છે.)

ભોગીલાલ—(આશ્ચર્યથી) ચંદુ ! બેલા આ શું થયું ?

ચંદુલાલ—બોરડીનો કાંટો વાગ્યો છે.

ભોગીલાલ—તારા બાપુ આ જોશે તો મારશે નહિ ?

ચંદુલાલ—કોઈ મારશે નહિ. ને મારશે તો બેચાર બાઈ લેશું; પણ આજનાં બોરની મજા તે બોરની મજા !

(બંને દોસ્તો પોતાપોતાને ઘેર જાય છે. ચંદુલાલ જેવો પોતાને ઘેર જાય છે ત્યાં તેના બાપુ તેને પાસે બોલાવે છે.)

હિંમતલાલ—(ડોળા ચડાવીને) બેલા ચંદુડા ! અહીં આવ.

ચંદુલાલ—શું કહો છો ?

હિંમતલાલ—(ક્રોધથી) ક્યાં ગયો'તો ?

ચંદુલાલ—(બીકથી) ભોગીલાલને ત્યાં.

હિંમતલાલ—(ક્રોધથી) કવિતા ગોબતે ગોબતે ત્યાં કેમ ગયો ?

ચંદુલાલ—(ધીરેથી) બાપુ ! તમે જ કહ્યું હતું ને કે તું અહીંથી ચાલ્યો જા ?

હિંમતલાલ—(ડોળા ચડાવી) એમ કંઈ ચાલ્યું જવાય ? હું કહું કે તું કૂવામાં પડ, તો શું કૂવામાં પડીશ ?

(ચંદુલાલ મૂંગો રહે છે.)

હિંમતલાલ—કાં ! કેમ બોલતો નથી ? લાવ તારી ચોપડી; હું કવિતા લઉં.

(ચંદુલાલ ચોપડી આપે છે.)

હિંમતલાલ—(ક્રોધથી) બોલ જોઈએ ?

(ચંદુલાલ ધીરે ધીરે કવિતા ગાય છે.

પશુમાં પડી એક તકરાર;
વાદવિવાદ ચલાવા પોતે
તુર્ત ભરી દરબાર,
અને ત્યાં બેઠાં નર ને નાર...પશુ૦

હિંમતલાલ—(ક્રોધથી) હવે ધીરે ધીરે બોલે છે, ને જ્યારે ધીરે ધીરે બોલવાનું કહ્યું હતું ત્યારે તો ચાલ્યો ગયો ! જા, તારી કવિતા હું નથી લેતો.

(એમ કહી ચોપડી ફેંકે છે. ચંદુલાલ ચોપડી ઉપાડીને સરખી કરી પોતાની બૅગમાં મૂકી દે છે. પછી બંને બાપ-દીકરો જમવા જાય છે.)

બા—(રસોઈ પીરસતે પીરસતે) આજે તમે ક્રોધાયમાન કેમ છો ?

હિંમતલાલ—(કપાળે હાથ મૂકીને) આ ચંદુડો હુમણાં બહુ ફાટ્યો છે.

બા—પણ છે શું ?

હિંમતલાલ—હું મુંબઈ સમાચાર વાંચતો હતો ત્યાં બરાડા પાડી પાડીને કવિતા બોલવા લાગ્યો. મેં કંઈક કહ્યું હશે. ત્યાં તો ભાઈ ચાલતો થઈ ગયો !

બા—હશે, છોકરું છેને !

હિંમતલાલ—(ક્રોધથી) એમ ને એમ તમે છોકરાને બગાડો છો !

બા—હવે તમે જમવા મંડો, જમવા.

(જમીને હિંમતલાલ તેના દીવાનખાનામાં જાય છે.)

૧૮ : ૧ : '૩૮ હીરાલક્ષ્મી.

બાળકોનાં અન્ય સર્જનો

એક હતો રાજા.

એક હતો રાજા. તે જંગલમાં ફરવા ગયો. ત્યાં તેને બહુ ભૂખ લાગી હતી તેથી ચલાતું પણ નહોતું. ત્યાં મોટા જંગલમાં ઝાડ હતું ત્યાં તે બેઠો. પણ તેની પાસે હથિયાર ન હતાં તેથી તે બહુ બીતો હતો. પાંદડાં જરા હલે અને પવન આવે ત્યાં તે બહુ બીએ. તેને કકડાવીને ભૂખ લાગી હતી. તેણે તો એક ઝાડ પર એક પક્ષી બેઠું હતું તેને પાણો ઓચિંતો માર્યો એટલે પક્ષી નીચે પડયું અને મરી ગયું. તે તે ખાઈ ગયો. અને તોપણ ભૂખ મટી નહિ ત્યારે પોતે પાંદડાં ખાઈ ગયો. અને પાંદડાં ખાતો હતો તેમાં એક ઝાડનાં ઝેરી પાંદડાં ખાવામાં આવ્યાં એટલે મરી ગયો. અને તેનાં સગાવહાલાં ઝૂરીઝૂરીને મરી ગયાં.

ત્રિવેણી.

પીપળો

મારી નિશાળની અગાશી પર એક પીપળો છે. તેને છાંયે પક્ષી બેસવા આવે છે. કાબર અને કાગડા તો ત્યાં હોય જ હોય. કાબર કલબલ કરે ને કાગડા કોકો કરે. કોઈ વાર પોપટ આવે અને મજાનો પીપળાની ઊંચી ડાળીએ બેસે અને પવન આવે એટલે હીંચોળા ખાય. હું રોજ અગાશી પર ખાવા જાઉં અને પક્ષીઓને ખાવાનું નાખું. એક કાગડો એકલો ખાધા જ કરે. ઘણા હોય એટલે કોઈ કોઈની ચાંચમાં ખાવાનું આવે નહિ, ને બધા કાગડા કોકો કરે અને લડે. હું તો પછી રોટલો ઊંચો ઉલાળીને નાખું એટલે કાગડા પોતાની ચાંચમાં રોટલો ટપ દઈ ને ઝીલે. મને જોવાની મજા પડે. વળી કોઈ વાર કબૂતર આવે ને કોઈ વાર ખિસકોલી દોડાદોડ કરતી આવે. રોજ મને આ બધું જોવાની મજા પડે છે.

ત્રિવેણી.

અમારો બાગ

અમારા બાગમાં કેવા કેવા છોડ છે ?

એક રાતરાણી છે.
એક તગર છે.
ત્રણ ગુલાબ છે.
બે લારમ છે.
ત્રણ ગુલદાવરી છે.
સાત નિશિગંધ છે.
ચાર ગલ છે.
એક ઝીણિયું છે.
ત્રણ મોગરા છે.
એક કેનો છે.
એક જાસૂસ છે. ઈંદુ.

એક પત્ર

બાલમંદિર; ભાવનગર.
તા. ૧૫-૧-૩૮

પૂજ્ય ગિજુભાઈ !

તમે મજામાં હશો. અમે મજામાં છીએ. તમે અહીં કયારે આવવાના છો ? તમારો ફોટો એક માસિકમાં આવ્યો છે. અમે એક વાર વિકટોરીઆ પાર્ક ગયા હતા. અહીં બધાં બાળકો તકલી કાંતીએ છીએ.

લી. કનુભાઈના પ્રણામ.

બીજો પત્ર

પરમ પૂજ્ય બેન !

હું અહીં ખુશીમાં છું. તમે પણ ત્યાં હશો.

તમે બહારગામ હતાં ત્યારે સાએ ઉજાણી કરી હતી. પણ તમારા વિના જરાયે મજા આવી ન હતી. ઉજાણીમાં સુભદ્રા અને લીલા આવ્યાં ન હતાં. અમે કેરી ખૂબ ખાધી હતી.

મોટાભાઈ નો પત્ર અમને તમે સંભળાવ્યો હતો ત્યારે અમને કેટલો આનંદ થયો હતો ? એવા પત્રો તમે પણ અમને લખજો.

અહીં વરસાદ હમણાં રોજ આવે છે.

અમે અમારા વાડામાં ખેતર કર્યું છે. તેમાં સણગા થયા છે. મેથી વાવી છે અને ધાણા પણ વાવેલા છે. મેથીની ભાજી અને સણગા મેં તમને આપવા બાસ લાગે છે.

લક્ષ્મી.

વાવ્યા છે, ને તૈયાર થશે એટલે આપીશ.

હજી અહીં ખેતરમાં વાવણી થઈ નથી. ત્યાં વરસાદ કેવો છે?

અમે પરીક્ષામાં પાસ થશું એમ

મોટાંબહેનના લેખો

શબ્દોથી ચિત્રો

: ૧ :

કાંતાબેનનું મોં રૂપાળું તો છે જ. તેનું નાક નમણું છે. આંખો બદામ જેવી ઊઘડતી છે અને વળી કાળી છે. નેણ અણીવાળાં ને વચ્ચે નાની એવી લાલ કંકુની ટીલડી છે. મોંફાડ નાની ને હોઠ પાતળા છે. હોઠ નીચે એક છૂંદણું છે ને નાની નાજુક દાઢી છે. ગાલ ભરાવદાર છે, ને કાંતાબેન હસે છે ત્યારે મોંની બાજુએ ગાલે શેરડા પડે છે.

કાંતાબેનનું કપાળ સહેજ આગળ પડતું અને નહિ મોટું નહિ ટૂંકું છે. વાળ ગુચ્છા પાડી આડા ઓળેલા છે.

આંખે આંજણ છે ને નાકે ચૂની છે. કાંતાબેન વિચાર કરે છે ત્યારે ગંભીર લાગે છે. હસે છે ત્યારે આંખો ચળકે છે ને ગાલે ખૂબ આછા બાડા પડે છે.

કાંતાબેનનું મોં સુંદર છે. ભિખુભાઈ.

: ૨ :

સવિતાબેન કહે છે, ચાલો, આપણે આપણું લક્ષ્મીબેનનો ચહેરો શબ્દોથી ચીતરીએ.

આ કામ તો મને બહુ ગમ્યું. લ્યો, ત્યારે મારું ચીતર આ પ્રમાણે છે.

લક્ષ્મીબેનનો ચહેરો સુંદર તો ગણાય જ ગણાય.

અને એની સુંદરતા એની અણીવાળી મોટી આંખોમાં છે, એના નમણા નાકમાં છે, એના ઘાટીલા હોઠમાં છે. મેં અજન્તાની ગુફાનાં ચિત્રો જોયેલાં છે. એ ચિત્રમાં જેવા હોય છે એવા જ હોઠ લક્ષ્મીબેનના છે.

લક્ષ્મીબેનના કાન લાંબા છે. એની બૂટીઓ પહોળી છે. જૂના વખતનાં પૂતળાંના કાન જેવા એના કાન કહેવાય.

લક્ષ્મીબેનની દાઢી સહેજ નમતી

લાંબી છે, અને તેથી તેનું મોં સહેજ લંબ-ગોળ દેખાય છે.

વાળે અને કપાળે લક્ષ્મીબેન કરૂપ નથી.

કાને ઘૂંટીવાળાં, નાકે ચૂનીવાળાં, કપાળે ચાંદલાવાળાં લક્ષ્મીબેન સૌ બહેનોને ગમે છે.

તે હસે છે ત્યારે તેના દાંત પણ હસે છે અને સૌને તેની સાથે હસાવે છે.

ગિજુભાઈ.

બારીમાંથી

બારીમાં હું બેઠો છું. સામે જ બદામનું ઝાડ છે. તેના ઉપર એક કાગડો છે. તે કોકો બોલે છે. બદામનું ઝાડ રૂપાળું દેખાય છે. તેનાં પાંદડાં લીલાંછમ છે. ઝાડની પાસે જ એક ભીંત છે. ભીંત ઉપર બદામનાં પાંદડાંનો પડછાયો પડે છે. પાંદડાં હલે છે તેમ પડછાયો પણ હલે છે. પવન આવે છે ત્યારે પણ પાંદડાં હલે છે. ઝાડનું થડ પાતળું છે અને તેની ડાળીઓ થડથી પણ પાતળી છે.

પાંદડાંમાં કોઈ રાતાં છે. તે પાકાં થઈ ગયાં છે. પવન આવે છે ત્યારે કોઈ કોઈ રાતું પાંદડું નીચે પડે છે.

હું બારીમાં બેઠો છું. સામે જ બદામનું ઝાડ છે.

ગિજુભાઈ.

કા · ગા · ડા

કાગડા પરાક્રમી તો બરા જ.

કાગડો કાણો કહેવાય છે અને તે લુચ્ચો પણ છે જ. કાણિયા નર કો'ક સાધુ એ વાત કાગડાને તો લાગુ પડે જ છે.

દલપતરામભાઈએ પણ એમ જ ગાયું છે:—

તેમાં લુચ્ચામાં લુચ્ચા કાગડા છે,
સૌ પંખીમાં એ તો નાગડા છે.

પણ આ લુચ્ચાઈ એટલે શું ?

એટલે એમ કે કાગડા નાનાં છોકરાંના હાથમાંથી પૂરી કે બાવાનું ઝૂંટવી જાય. એમાં એને બીક ન લાગે, અને શરમ પણ ન આવે.

કાગડા મથુરાનાં વાંદરાં જેમ કોઈના ઘરમાં પેસી જઈ વાટકી, ફળ, પાપડ, જે ચાંચમાં આવ્યું તે ઊંચકી જાય. એની લાંબી ચાંચ એટલે એને ઊંચકવું પણ ફાવે.

એ તો ઠીક, પણ કબૂતરો કે કાબરો ચણતી હોય તો વચ્ચે કાગડાભાઈ પણ થબાક કરતા ઘૂસે અને બમણા ત્રમણા દાણા બાઈ જાય, ને ઉપર જતાં ચાંચો મારે.

એટલેથી અધૂરું ન રહે એટલે ઊડતી

ચકલીઓને પાડે ને તેને ખાઈ જાય. કાગડાના માળાવાળા ઝાડે ચડો તો કાગડો ચાંચો અને પાંખો એવી તો જોરથી મારે કે બસ ! કાગડો એનાં ઈંડાં એમ ઘાચેતાયે લેવા ન દે.

કાગડાને આપણે આટલો બધો નિંદ્યો તોય કાગડા વિના આપણે ચલવી ન શકીએ. કાગડા તો આપણા સુઘરાઈ ખાતાના માણસો છે. આટલી બધી રોજની ગંદકી કોણ ખાઈ જાય છે ? મરેલા ઉંદર, મરેલાં પ્રાણીનાં નાનાં મોટાં મુડદાં, માણસોની ગંદકી ને એવું બધું કાગડાના પેટમાં પડે છે. કાગડો ગંદું ખાય પણ તે પોતાની ચાંચ ઘણી ચોખ્ખી રાખે છે. કાગડો પોતે બહુ ચોખ્ખો છે. તે રોજ પાણી વડે ન્હાય છે. ગમે તેવી ટાઢમાંયે તે ન્હાય તો ખરો.

કાગડો કાળાકોશીની સાથે લડવા નીકળે ત્યારે જોવાની ગમ્મત. કાગડો કાળાકોશીને બીજવે; તેને કનડે. પછી કાળોકોશી તેની પાછળ પડે ને કાગડાને કયાંનો કયાં કાઢી મૂકે.

કાગડો સમળીની પાછળ પણ પડે. સમળી કાંઈ એને થોડીક જ લગવા દે ? પણ કાગડો પાછળ તો પડે જ પડે, ને સમળીને એક વાર તો હેરાનહેરાન કરે. પણ આખરે તો એકાવન ચાલ પૂરી કરી કાગડો થાકી જાય અને સમળી તો આકાશે ઊડ્યા કરે. કાગડો પણ ધારી ધારીને જોયા જેવો છે, અને એને વિષે ઘણું યે જાણવા જેવું છે.

ગિજુભાઈ.

સાંજે ઘુવડ

પડતી સાંજ હતી અને આકાશેથી અંધારાં ઊતરતાં હતાં. ધીમે પગલે હું એક તળાવ પાસે આવ્યો. આકારે તળાવ અર્ધગોળ હતું. એક બાજુએ પગથિયાંએ બાંધેલો મોટો એવો આરો હતો; બીજી બાજુઓની પાળો ઉપર મોટાં મોટાં ઝાડો હતાં અને તેના પડછાયા પાણીમાં પડતા હતા. તળાવનાં જળ સ્થિર હતાં અને તેમાં પડતા પડછાયા પણ સ્થિર હતા. તળાવની જમણી બાજુએ એક મોટો જંગી વડ હતો અને તેને કેટલીયે ડાળીઓ હતી. તળાવની ડાબી બાજુએ હનુમાનની નાની એવી દેરી હતી અને બાજુમાં એક મોટો એવો પથરો હતો.

અંધારાં વધવા લાગ્યાં ને રાત જામવા લાગી. આકાશે તારા દેખાયા ને તેનાં તેજ તળાવના પાણીમાં ચમકયાં. ચોમેર શાંતિ હતી. માણસ બોલતું ન હતું. જનવર બધાં મૂંગાં હતાં. પક્ષીઓ ઊંઘી ગયાં હતાં. બધું સૂનકાર હતું. પવન પણ ન હતો.

વડલાની ડાળોમાંથી એકાએક ગંભીર અવાજ આવ્યો: હુહુટ હુહુટ; હુહુટ હુહુટ.

કયું પક્ષી બોલતું હશે અત્યારે ?

સોનીડો ? ના; એ એમ ન બોલે. એ તો બોલે ટક ટક ટરરર. ત્યારે ટીટોડી બોલતી હશે ? ટીટોડી રાતે બોલે તો બરી. પણ ટીટોડી તો અજવળિયામાં બોલે, ને કરતી'તી બત: ટઅ-ટઅ-ટટટ એમ બોલે.

વળી પાછો અવાજ આવ્યો હુહુટ, હુહુટ; હુહુટ, હુહુટ.

અને મને સાંભયું : આ તો ઘુવડનો અવાજ હોવો જોઈએ. હા હા, ઘુવડનો જ અવાજ. રાતનો રાજા ઘુવડ અને રાતની રાણી ચીબરી. હવે તેઓ રાત આખી ભમવા અને રમવા નીકળ્યાં હશે. હવે રાત બધી શિકાર કરશે અને પેટ ભરશે. પણ આ અવાજ કાંઈ એટલો બધો બિહામણો નથી. આના કરતાં તો ચીબરીનો અવાજ બરાબ. આ તો મીઠો તો નહિ, પણ બરાબે નહિ એવો અવાજ છે; અને છતાં આબરે તો ઘુવડનો અવાજ: ગંભીર અને ઘોર, જરા ડરાવે તેવો અને પડઘા પાડે તેવો.

શાંત એકાંત સ્થળ: સુંદર સ્થિર સરોવરનાં જળ અંધારી રાતે આકાશના તારાનાં જળમાં પ્રતિબિંબો અને વડલા ઉપર ઘૂઘવતું ઘુવડ. કેવું એ અદ્‌ભુત દૃશ્ય ! સૂર્યાસ્ત એક દૃશ્ય; સૂર્યોદય બીજું દૃશ્ય; પૂનમની ચાંદની ત્રીજું દૃશ્ય. અને આ પણ એક સુંદર દૃશ્ય તો બરું જ ના? કુદરતનું આ પણ એક ભવ્ય દૃશ્ય જ તો ?

ગિજુભાઈ.

અમારું મંદિર

(આજે વલોણાં વાર છે રે લોલ–એ રાગ)

ટેકરીને શિખરે મંદિર અમારું,
જોવાને ત્યાં તમે આવજો રે લોલ,
રૂડા અમારા મંદિરને.
ઉપર આવીને તમે જોશો જો સઘળું,
તો દેખાશે સારું ગામ રે લોલ,
આવજો અમારા મંદિરિયે.
આમ જુઓ તો દરિયો દેખાશે,
રૂપેરી પાણી ચળકે રે લોલ,
આવજો અમારા મંદિરિયે.
આમ જુઓ તો સારું શહેર દેખાશે,
કુદરતી શોભા અનેરી રે લોલ,
આવજો અમારા મંદિરિયે.
સામે જોશો તો ડુંગર દેખાશે,
ઝાડ તળાવનું પાણી દેખાશે,
જોતાં મન ઉલ્લાસે રે લોલ,
આવજો અમારા મંદિરિયે.
ટેકરીને શિખરે મંદિર અમારું,
જોવાને ત્યાં તમે આવજો રે લોલ,
રૂડા અમારા મંદિરિયે.

કાંતાબેન.

મારા મંદિરમાં

(મનમંદિરિયે માલો મોહનજી-એ રાગ)

મારા મંદિરમાં આવો હો બાળકો,
ભજન કરો ને સૌ મહાલો રે–મારા૦
તમારું ઘર છે, તમારું બાર છે,
તમારા ઘરમાં પધારો રે–મારા૦
મારા મંદિરમાં રમો ને કૂદો,
આનંદ કરો સૌ બાળો રે–મારા૦
તમારી સાથે રમીએ હોંસે,
આનંદે મન ઉલ્લાસે રે–મારા૦
આવો તો રમીએ ને,
સાથે બેસી જમીએ,
કંઈ કંઈ વાતો કરીએ રે–મારા૦
આવોને બાળકો,
મારા આ બાગમાં,
ફૂલના ઊડે પરાગો રે–મારા૦
મારા મંદિરમાં આવો હો બાળકો,
ભજન કરો ને સૌ મહાલો રે–મારા૦

કાંતાબેન

ભારતી

ભારતી એક છોકરીનું નામ છે. ભારતી ચાર પાંચ વર્ષની છે. શરીરે ભરાવદાર અને ચહેરે દેખાવડી છે.

ભારતી શરીરે અને મનથી તંદુરસ્ત છે. ભારતીના બાપાએ તેને રહેવા માટે એક નાની ઓરડી આપી છે. ભારતીની ઓરડીમાં એક ટેબલ, એક કાચ, એક દાંતિયો, એક તેલની શીશી અને કપડાંનો કબાટ છે.

ભારતી વહેલી ઊઠી પોતાની મેળે નાહીધોઈ તૈયાર થઈ જાય છે.

તૈયાર થઈ ભારતી ઘરની પ્રાર્થનામાં જાય છે. ભારતી નાની છે એટલે બીજાં બધાં પ્રાર્થના કેમ કરે છે તે તે જુએ છે; વચ્ચે વચ્ચે પોતે પણ પ્રાર્થના કરતી જાય છે..

ભારતીને વારતા સાંભળવી બહુ ગમે છે. વળી તેને નાચવું પણ બહુ ગમે છે.

ભારતી કહેશે, સૌથી પહેલી મને નાચવા દો. ભારતી કહેશે, હું નાચું ત્યારે તમે સૌ ગાજો. ભારતી કહેશે, હું ગાઉં ત્યારે મને ગવરાવજો.

ભારતી હમેશ ખુશમિજાજમાં રહે છે. ભારતી પોતાનું કામ પોતાની મેળે કરે છે. ભારતી પોતાની બાની જેમ હસે છે, અને પોતાના પિતાની જેમ બોલે છે.

ભારતી એક છોકરીનું નામ છે.

ગિજુભાઈ.

કડવી

અમારા કૉમ્પાઉન્ડમાં એક છોકરી છે. તેનું નામ કડવી, પણ સ્વભાવે બહુ મીઠી. એ તો લીમડી જેવું; સ્વાદ કડવો પણ છાંય તો મીઠીને ! કડવી ઊંચી, ઊજળી અને નમણી છે. પ્રોફેસર સાહેબને ત્યાં કામ કરે છે.

કડવી રોજ સવારમાં આવે છે. ન્હાય, ધોવે, કપાળમાં કંકુનો ચાંદલો કરે અને પછી કામે લાગે.

કડવી હસતી જાય, વાતો કરતી જાય અને કામ કરતી જાય. કડવીનું કામ થોડ્યું. કોઈ દિવસ કોઈ ને કામ બાબત કહેવું જ પડે નહિ.

કડવીને વખત મળે એટલે દુર્ગાબેન-ને ત્યાં આવે. દુર્ગાબેન વાસણ અજવાળતાં હોય તો અજવાળવા બેસે, વાળતાં હોય તો હાથમાંથી સાવરણી લઈ વાળવા લાગે, કપડાં ધોતાં હોય તો નીચોવવા લાગી પડે.

દુર્ગાબેન કહેશે: " કડવી ! થાકી ગઈ હોઈશ. રહેવા દેને ? "

કડવી કહેશે: " ના ના, થાકે શું ? "

કડવી છોકરાંને પણ રમાડી જાણે. બરાબર રડતો હોય તો તેને બાગમાંથી ફૂલ લાવી આપે. લીલુની બા લીલુને મારતાં હોય તો છોડાવે, અને લીલુની બાને સમજાવે. કોઈ ને મદદની જરૂર હોય તો તરત મદદ કરવા દોડે. અને કોઈએ ચીંધેલા કામની તો ના પાડે જ નહિને !

કડવી હાથની પણ ચોખ્ખી. ઉઘાડું ઘર સોંપીને જાવને ? કોઈ દિવસ કાંઈ ઓછું ન થાય.

એક દિવસ કડવીને બોળાકત હતાં અને પૂનમનું જાગરણ હતું; આખી રાત જાગી અને સવારમાં કામે આવી. પ્રોફે-સર સાહેબનાં બા કહે: " કડવી ! આજે તું કામ ન કરતી; ઉજાગરો હશે. "

કડવી કહે: " ના ના, કામ તો કરવું જ જોવેના ? "

કડવીને બપોરે ઊલટી થઈ અને માથું ચડ્યું. કોઈ ને કહ્યું પણ નહિ. પણ દુર્ગાબેન જાણી ગયાં. દુર્ગાબેને કડવીને મશાલો નાખીને ચા પાઈ અને કડવીને પરાણે વહેલી ઘેર મોકલી.

કડવી નામ, પણ સ્વભાવે મીઠી.

મનુભાઈ.

મોટી બેન

એનું નામ તો મધુબેન, પણ બાપા-જીથી માંડીને ઠેઠ નાના બચ્ચુ સુધી બધાં જ એને મોટી બેન કહીને બોલાવે છે.

ઘરનાં માણસોને મોટી બેન ઉપર

હેત છે, અને મોટી બેનને બધાં માણસો ઉપર હેત છે.

નાના બચ્ચુને અને બાબીને કોઈ વાત ઉપર વાંધો પડે, તકરાર ચાલે અને પતે નહિ તો બા કહેશે: "મોટી બેનને બોલાવો." અને મોટી બેન આવીને એવાં સુંદર વેણથી બંનેને સમજાવે કે બંને હસતાં હસતાં ચાલ્યાં જાય.

પાડોશમાં રહેતાં જમનાબેન આવીને મોટી બેનને પૂછે: "ટમેટાંનું ઓસામણ કેમ થાય?" અને મોટી બેન તેને સમજાવે. જરૂર પડે તો તેને રસોડે જઈને બધું કરી બતાવે. એવી તો કેટલીયે રસોઈની બીજી સુંદર વાનીઓમાં પણ પાડોશણ બેનો પૂછી જાય છે. મોટી બેન રસોઈમાં એક્કાં છે.

હમણાં હમણાં બપોર વખતે મોટી બેને એક નવો સુંદર ધંધો ઉપાડ્યો છે. ન ભણેલી અભણ પાડોશણબેનોને તેઓ ભણતાં શીખવે છે. મોટી બેન તેમને ધીરજ અને શાંતિથી શીખવે છે. કોઈને બરાબર ન આવડે અને બીજી બહેનો જો તેની મશ્કરી કરે છે તો મોટી બેન નારાજી બતાવે છે, અને પેલી બેનને ધીરજ આપીને શીખવે છે. અને છેવટે પેલી કહેવાતી ઠોઠ બાઈ ને આવડી જાય છે. મોટી બેન સુંદર શિક્ષક છે.

મોટી બેનનો સ્વભાવ કોણ જાણે એવો છે કે બધાંને મોટી બેન બહુ જ ગમે. રતનો ભંગી પણ સવારે પાયખાનું સાફ કરવામાં મોટી બેનની મદદ, સલાહ અને સૂચના લે છે. મોટી બેન તે પૂણ હોંશથી આપે છે. પાડોશણો કોઈ વાર કહે છે: "અરે, મોટી બેન! આ શું?" મોટી બેન હસીને કહે છે: "આપણી તંદુરસ્તી માટે તો આપણે જ કાળજી રાખવી જોઈએ ને! એ હલકું કામ નથી, કારણ-કે મેલું સાફ કરવામાં હલકાઈ હોય તો પહેલાં આપણે જ મેલાને પેટમાં રાખીને ફરીએ છીએ." અને પૂછનાર બાઈ સમજી જાય છે. મોટી બેન પાયખાના બાતાનાં ઉપરી છે.

વળી એક બીજો નવો ધંધો કાલથી મોટી બેને શરૂ કર્યો છે. મોટી બેન અમારી નજીકના ગરીબ લત્તાની છોકરીઓને બપોરે નળ પાસે એકઠી કરીને હાથમોં ધોતાં શીખવે છે. બધી છોકરીઓ હાથ-મોં ધૂએ છે. પહેલે દિવસે ત્રણ જ છોક-રીઓ હતી, આજે પંદર છોકરીઓને મેં નળ પાસે જોઈ. મોટી બેન સ્વચ્છતાનાં પૂજારી છે.

મોટી બેનની બધાય કામમાં નજર પડે. નાનાંમોટાં તેને જ પૂછે છે, અને મોટી બેન દરેકને સંતોષપૂર્વક જવાબ આપે છે અને કામ પણ કરી દે છે. મોટી બેન સાચાં સલાહકાર છે.

સાંજે મોટી બેનની ફરતાં ફળીનાં છોકરાછોકરીઓ ભેળાં થાય છે. મોટી બેન સુંદર કંઠથી લોકગીતો ગાય છે અને બધાં છોકરાં ઝીલે છે. પછી મોટી બેન મોરની અને પોપટ કે ગધેડાની વાર્તાઓ કહે છે. હસતું ઠાવકું મોં રાખીને એવી રીતે વાત કહેવા માંડે કે બધાં છોકરાં એક કાન દઈ ને સાંભળે છે. મોટી બેન લોકગીતોનાં ભંડાર અને સારાં વાર્તાકાર છે.

મોટી બેન બરેબર, બધાના મનમાં મોટાં છે.

ગુલાબસિંહ

ભમરડો

મારું નામ ભમરડો. કોઈકોઈ મને ગરિયો પણ કહે છે. મારી જીવનકથા બહુ મજાની છે. લ્યો, સાંભળો ત્યારે. લાતીમાં નાનામોટા ગોળચોરસ લાકડા સાથે હું એક લાકડાના કટકાના રૂપમાં પડ્યો હતો. એક દિવસ એક સંઘેડિયો આવ્યો ને લાકડાની મોટી બરીદી કરી. તેમાં હું પણ આવી ગયો. અમને બધાને રેંકડીમાં નાખી તે પોતાની વખારે લઈ ગયો. વખારમાં લાકડાના નાનામોટા કટકાને સરખી રીતે ગોઠવ્યા. એક દિવસ જે કટકામાંથી હું બન્યો તે કટકો સંઘેડિયાએ લીધો. કટકાને છોલીને ગોળ બનાવ્યો; પછી સંઘેડા ઉપર ચડાવ્યો. સંઘેડાની બે આરની વચ્ચે પકડ્યો. પછી મારા સ્થૂળ દેહ પર માળ નાખવામાં આવી. પાછળનું મોટું ચક્કર એક માણસ ફેરવવા લાગ્યો, ને તેની સાથે મને સંબંધ હોઈ ને હુંય ગોળ ગોળ ફરવા લાગ્યો. ચક્કર તો ધીમે ધીમે ફરે પણ હું નાનો એટલે જોરથી ઝપટબંધ ફરવા લાગ્યો. સંઘેડિયાએ માળને પકડાવી રાખવા માટે એક છેડે નખલો અડાડીને મારા શરીર ઉપર ગોળ હાંસિયો કર્યો. માળ હાંસિયામાં પકડાઈ એટલે સંઘેડિયે નખલાથી મારા આખા શરીરને મઠેરીને ગોળમટોળ કર્યું. પછી બીજાં હથિયારોથી મારા દેહનો આવો ઘાટ ઘડ્યો. એક કટકામાંથી અમે ચાર ભમરડા થયા. પછી બધા ઉપર રંગ ચડાવવામાં આવ્યા. ટોપીનો રંગ કાળો, પછી એક લીલો લીટો, પછી એક ગુલાબી પટ્ટો ને પછી એક લીલો લીટો; બસ બલાસ. પછી સંઘેડામાંથી અમને છૂટા કર્યા, ને બીજા ભમરડાના ઢગલામાં અમને પણ નાખવામાં આવ્યા. એક દિવસ એક છોકરો ભમરડો બરીદવા આવ્યો. બે પૈસા આપીને મને બરીદ્યો. પછી મને સુતાર પાસે લઈ ગયો. સુતારે મારા મોઢામાં લોઢાની આર નાખી.

પછી છોકરાએ મારા શરીર ઉપર દોરી વીંટીને એવી રીતે ઘા કર્યો કે મારો દેહ આર ઉપર જોરથી ફરવા લાગ્યો, ને મારા શરીરમાંથી હું....મ કરતો અવાજ નીકળવા લાગ્યો. તે છોકરાએ પછી મને તેની હથેળીમાં લીધો, ને હું તેની હથેળીમાં અરધી મિનિટ સુધી ફર્યો. છોકરો ખૂબ રાજી થયો. છોકરાઓના હાથમાં ફરવું મને ગમે છે, ને છોકરાઓને હું ગમું છું.

પુરુષોતમ.

બે સંવાદ

: ૧ :

સવિતાબેન: "રવિપ્રિયા! તમે આ શું કરો છો?"

રવિપ્રિયા: "સવિતાબેન! હું ફૂલની માળા ગૂંથું છું."

સવિતાબેન: "કોને માટે આ માળા ગૂંથો છો?"

રવિપ્રિયા: "સરસ્વતી દેવીને માટે."

સવિતાબેન: "આપણી શાળામાં જે સરસ્વતી દેવી છે એના માટે?"

રવિપ્રિયા: "હા, એના જ માટે. હ્યો, તમેય મદદ કરાવોને?"

સવિતાબેન: "રવિપ્રયા! હમણાં તો મોગરા બહુ ઊઘડે છે."

રવિપ્રિયા: "એટલે જ તો આજ-કાલ મોગરાની માળા કરું છું."

સાવતાબેન: "ત્યારે આજે આપણે 'મોગરાની માળ, મારી મોગરાની માળ.' ગાશું?"

રવિપ્રિયા: "હા; સરસ્વતી દેવીને માળા ચડાવીને ગાશું."

સવિતાબેન: "અને પછી આપણે મોગરાની માળનો રાસ લેશું."

રવિપ્રિયા: "હા હા, એમ જ."

સવિતાબેન: "હ્યો ત્યારે, હું હવે જઉં છું. જમીને શાળામાં આવીશ."

: ૨ :

જય જય માતા સરસ્વતી!
સરસ્વતી માતકી જય!
જય સરસ્વતી, જય સરસ્વંતી!

ચંપાદેવી: "મંજુલાબેન! જોને સરસ્વતી દેવીને માળા કેવી શોભે છે?"

લલિતાબેન: "રવિપ્રિયાને માળા ગૂંથતાં બહુ સુંદર આવડે છે."

મંજુલાબેન: "આપણે એની પાસેથી માળા ગૂંથતાં શીખશું?"

ચંપાદેવી: "હા; ચોક્કસ, ચોક્કસ ને ચોક્કસ આપણે શીખશું."

સૌ બેનો: "એ રુક્મિણી બા! આમ આવો ને પ્રાર્થના કરાવો."

રુક્મિણીબા: "ચાલો, સરસ્વતીજીની સામે અહીં બેસી જાઓ જોઈએ?"

" ભગવતી, જનની, પૂજ્યસ રસ્વતી !
દે વિમળ વરદાન.
હંસવાહિની, વિણાધારિણી !
દે વિમળ વરદાન.

નિર્મળાબેન: " મને મોગરાની માળનું ગીત સાંભરે છે. ચાલોને રાસ લેતાં ગાઈએ ? "

સાવતાબેન: " મનેય એ ગીત બહુ ગમે છે. "

સૌ: " રવિપ્રિયા ! ચાલો; તમે ગવરાવજો ને અમે ઝીલીએ.

મોગરાની માળ
મારી મોગરાની માળ.

સૌ: " રવિપ્રિયા ! તમે રોજ ને રોજ આવી માળ લાવશો કે ? "

રવિપ્રિયા: " લાવીશ જ ને ! મને માળા કરવી બહુ ગમે છે. અને આપણે રોજ રોજ નવા નવા રાસ લેશું ના ? "

સૌ: " જરૂર; રોજ ને રોજ નવા નવા રાસ. "

અવાજ આવે છે: " એ ચાલે હવે, વખત થયો; વર્ગમાં જઈને કામ કરો. "

સૌ: " ચાલો, ચાલો, ચાલો; વર્ગમાં જઈને કામ કરીએ. "

ગિજુભાઈ.

માનો યા ન માનો

આંખથી ફૂંક

ડેટ્રોઇટનો આલ્ફ્રેડ લેન્ગેવન પોતાની આંખોમાંથી પવન કાઢી શકતો–ફૂંક મારી શકતો.

આંખમાંથી છોડેલ પવનનું જોર તેના મોં આગળ હાથ રાખવાથી જાણી શકાતું. નાની એવી સળગતી મીણબત્તી તે વગર મુશ્કેલીએ આંખથી ફૂંક મારી ઓલવી શકતો.

કાન વિનાનો માણસ

ન્યૂયોર્કમાં એથેન્સનો એઝ ચીએલ ઈક્સ જે ૧૮૮૪માં ગુજરી ગયો, તે કાન વિના જ જન્મ્યો હતો. તેના માથાની બાજુમાં કાનની કંઈ પણ નિશાની નહોતી તેમ કાણું પણ ન હતું.

આમ હોવા છતાં પણ તે પોતાના મોઢા વડે સાંભળી શકતો; સાંભળવા વખતે તેને મોં ઉઘાડું રાખવું પડતું.

આજ્ઞાંકિત વાળ

ફ્રાન્સમાં આવેલા નેન્ટીસનો પીઅરી સેસાઈ કે જે ગામડીઓ નટ હતો, તે પોતાની મરજી મુજબ પોતાના વાળ ઊભા કરી શકતો, વાળી શકતો ને નીચા પાડી શકતો.

કહેવાય છે કે આ શક્તિ (મનુષ્યોમાં જે ભાગ્યે જ માલુમ પડે છે.)

વાળના સ્નાયુની બાસ તાલીમને આભારી છે, કે જે આધુનિક માણસ છેક પ્રાથમિક દશામાં તે ધરાવે છે.

મેસાઈ વાળના કોઈ પણ ભાગને પોતાની મરજી મુજબ હિલચાલ આપી શકતો એટલું જ નહિ, પણ એક ભાગને વાળીને બીજા ભાગને સપાટ પણ રાખી શકતો.

બ્રોડ છીંક બાનાર

૧૯૨૭માં એડીંબર્ગના જેઇમ્સ લેન્વી-અરે ઉપરાઉપરી એક પછી એક એમ ૬૯ વખત છીંક બાધી હતી.

બબ્બે ડોળાવાળો માણસ

લીયુ ચુન્ગ (લીયુ મિનના નામથી પણ તે કેટલીએક વાર ઓળખાતો.) પોતાની બન્ને આંખમાં બબ્બે ડોળા લઈને જ જન્મ્યો હતો.

કુદરતની આ વિચિત્રતા એ ઉદ્યોગી માણસને જરા પણ તેના કામકાજમાં અટકાવી શકી નહિ. તે શાન્શી સ્ટેટનો ગવર્નર-પ્રધાન બન્યો એટલું જ નહિ, પણ શહેનશાહ બાનુની સાથે કાવતરું કરીને તેણે પોતાના દીકરાને રાજ્યનો વારસદાર પણ ઠરાવ્યો ! વિષ્ણુભાઈ.

ઊંટગાડીનો સ્વાદ

ઘણા વખતથી થતું હતું કે કચ્છની ઊંટગાડીમાં બેસીએ. એક વાર એવો મોકો આવી ગયો.

કચ્છમાં ભૂજ નજીક કલ્યાણપર ગામ છે. ત્યાંની શાળા જોવા હું ગયેલો. શાળા તો જોઈ પણ મારે તે જ સાંજે ભૂજ પહોંચવું હતું. ભૂજથી બંધાવી મંગાવેલો ટપ્પો આવ્યો નહિ ને ચિંતામાં પડ્યાં.

ગામને પાદર જઈ અમે તો ટપ્પાની રાહ જોઈ બેઠાં, પણ ટપ્પો તો આવનાર જ ન હતો. ભૂજમાંથી નીકળ્યો હોય તો આવે ના ?

દિવાળીબેનને થયું કે ગમે તેમ કરી વાહન મેળવવું. રેંકડાવાળાને પૂછ્યું તો કહે કે બળદ સીમમાં ગયા છે. હવે ? હવે દિવાળીબેને પાંચસાત બેતર દોડતાં દોડતાં એક ઊંટગાડીવાળાને પકડ્યો, તેની સાથે ભાડું ઠરાવ્યું અને ઊંટગાડી લઈને તે કલ્યાણપરના પાદરે આવ્યાં.

ઊંટગાડી જોઈને મને થયું: "હાશ, ઠીક થયું. આજે ઊંટગાડીમાં બેસાશે."

ઊંચા ઊંટની ડોકે ગાડીની ધોંસરી નાખેલી હતી. ધોંસરી ઊંચી થવાથી ગાડી છેક નીચી ગઈ હતી. ગાડીમાં ઊંચેથી નીચે એમ ઢાળ દેખાતો હતો.

દિવાળીબેનને મારી દયા આવી ને તે એક ચામડાની ગાદી લઈ આવ્યાં. ઠાંઠા આગળ ગાદી નાખીને હું તેના પર

બેઠો; પછી આગળના ભાગમાં દિવાળીબેન અને શારદાબેન બેઠાં.

ઊંટગાડી ચાલી. રેતાળ રસ્તા ઉપર તે સળળ સળળ કરતી ચાલવા માંડી. મને થયું: "ઠીક છે; આ ગાડી કંઈ કાઢી નાખવા જેવી નથી" અને હું તો ચામડાની ગાદી પર બેઠો હતો.

પણ થોડી વારે રેતાળ રસ્તો પૂરો થયો અને પથરાવાળો રસ્તો આવ્યો ઊંટ તો પોતાની રીતે લાંબી ડોકે અને પહોળા લાંઘે જતો હતો. પૈડાં ધડ ધડ પથરા ઉપરથી પડવા લાગ્યાં અને અંદર બેઠેલને હલાવવા લાગ્યાં. શારદાબેન અને દિવાળીબેન વારે વારે ગાદી તરફ ઢળી આવે અને વારે વારે ઉપરના ભાગ તરફ જાય. થોડીક વાર થાય અને એક પથરા ઉપર પૈડું ચડીને ધડ દઈને નીચે પડે; અમે બધાં ધડાક દઈને ગાડીમાં ઠબલાઈએ. મારી નીચે તો ગાદી હતી, પણ દિવાળીબેન અને શારદાબેનને તો વાંસામાં અને ઢીંઢામાં કાંઈ લાગે! એટલામાં ઊંટવાળો ઊંટને લાકડી મારે ને ઊંટ ઓછામાં પૂરું દોડે. પછી તો તપેલીમાં ઊકળતાં બટેટાં જેમ અમે ઊંચાંનીચાં થવા માંડીએ. ગાડાને ઘણું થોભી રાખીએ પણ શે હાથમાં રહે? એટલામાં વળી નદી તરફ જતો ઢાળ આવે. જ્યાં ચીલો ચાલ્યો હોય ત્યાં જ ચાલ્યા કરે, એટલે ચીલો ઊંડો ગયો હોય ત્યાં ઊંડો જ જાય! એક પૈડું ઊંડું ઊંડા ચીલામાં ઊતરે અને બીજું પૈડું બીજી બાજુએ ઊંચું ઊંચા ચીલામાં રહે. પછી જોઈ લ્યો અમારો દેખાવ! આખી ગાડી છેક બાંગી થઈ જાય, ને જાણે હમણાં જ બધાં હેઠે પડશું એમ થાય. ઊંટને તો ઘરના હોવા. તે ગાડી બેંચીને પૈડાને બહાર કાઢે એટલે અમારા જીવ બોળિયામાં આવે. એટલામાં વળી ઢાળ આવે. ઢાળ કાંઈ સીધા સાદા નહિ; બાડા, ટેકરા, પથરાવાળા ઢાળ. એના ઉપર ઊંટ દોડે, પાછળ ગાડી દોડે ને અંદર અમે ઊછળીએ–દોડીએ.

આમ અમારી ઊંટગાડી આખરે ભૂજ પહોંચી.

ગિજુભાઈ.

બાગ સરખો કર્યો.

હું બહારગામથી આવ્યો ને મેં જોયું તો લાગ્યું કે બાગને સરખો કરવાની જરૂર છે.

જાસૂદ નીચે ઊગેલો આંબો તેને વીંધીને ઊંચો થઈ ગયો હતો. એ બંનેની પાસે રોપેલો નાનકડો સરુ જોતજોતામાં બન્નેથી ઊંચો વધી ગયો હતો. બધા એકબીજામાં ગોટવાઈ ગયા હતા.

મને થયું જાસૂદની થોડી ડાળીઓ કાપવી જોઈએ, આંબાની એકાદ બે ડાળીઓ ઘટાડવી જોઈએ અને સરુને નીચેથી સોરી નાખવો જોઈએ.

લાલ કરેણે પોતાની ડાળીઓ ખૂબ લાંબી લાંબી વધારી હતી. લંબાઈની સાથે તેની જાડાઈ પણ વધી હતી. આ ડાળીઓ ગુલાબને ઢાંકી દેતી હતી. ગુલાબ ગૂંગળાતો ગૂંગળાતો કહેતો હતો કે મને કોઈ આ કરેણની ડાળીઓથી બચાવો !

મને થયું, કરેણની ડાળીઓ કાપી કાઢવી જોઈએ અને ગુલાબને શ્વાસ લેવાની જગ્યા કરી આપવી જોઈએ.

ગુલબાશ ઘરડા થવા આવ્યા હતા અને બે પાંચ જ ફૂલો કાઢતા હતા. ગુલદાવદીઓએ મૌન વડે જણાવ્યું કે હવે એમનો સમય પૂરો થયો છે. એણે ઘણા દી' સુંદર ફૂલો આપી બાગને શોભાવ્યો. હવે એમને થોડીએક જગા કરી આપો. એમને શાંતિથી રજા આપો.

મને થયું, આ ગુલબાશને હવે લઈ લેવા જોઈએ.

આમ વિચાર કરું છું એટલામાં એક તૂટી ગયેલા કૂંડામાં હેરાન થતા પામના છોડે કહ્યું, હવે મને કોઈ રીતે આમાંથી કાઢશો ? હું આમાં સમાતો નથી. અને તેથી જ હું નબળો પડ્યો છું.

મને થયું, આ પામને જમીનમાં જ રાખવો જોઈએ; હવે આ તૂટલું કૂંડું નકામું છે.

સૂકાઈ ગયેલી ચોળીની વેલ ઉપર નજર નાખી. રીંગણીએ કહ્યું, હવે આને ખેંચી કાઢો તો વાંધો નથી. નાહકની એ અમને ગૂંગળાવે છે, અને અમારા પગ બાંધી રાખે છે.

મને થયું, એમનું કહેવું બરાબર છે.

લારમ અને તગર સામસામે અથડાતાં હતાં અને અથડામણમાં આગળ વધી શકતાં ન હતાં. અથડાવામાંથી કોઈ છોડાવે તેની તેઓ રાહ જોતાં હતાં.

મને થયું, એની અથડાતી ડાળીઓ કાપી કાઢયે જ છૂટકો છે.

જમીનમાં ગુલછડીની ગાંઠોનો ઝૂમખો બાઝ્યા હતો પણ ગુલછડીનાં પાંદડાં સડેલાં હતાં; કોઈએ તેની સંભાળ જ નહોતી લીધી.

મને થયું, એની બધી ગાંઠોને છૂટી પાડીને છૂટી છૂટી રોપવી પડશે.

કૂંડામાં ઊગેલી ગુલદાવદીની ડાળીઓ લાંબી લાંબી થઈ જમીન પર પડી હતી ને તેનાં પાંદડાં સડતાં હતાં. કૂંડામાં પૂરતી ધૂળ ન હતી એટલે એનાં મૂળ દેખાઈ રહ્યાં હતાં. ગુલદાવદી મારી સામે મદદની આશાએ જોઈ રહી હતી.

મને થયું, વધેલી ડાળીઓને કશાક

સાથે બાંધવી જોશે અને કુંડામાં ધૂળ નાખવી જોશે.

કેળનાં કેટલાંક પાંદડાં લાંબાં થઈ ફાટી ગયાં હતાં અને કેટલાંક પાંદડાં સૂકાઈ ગયાં હતાં. બિચારી કેળાંની લૂમો ગૂંગળાઈ રહી હતી.

મને થયું, આ બધાં પાંદડાંને કાપી નાખવાં જોઈશે.

મરચીનો ક્યારો પાસે પાસે ઊગેલી મરચીથી ભીંસાતો હતો. ભીંસને લીધે બધી મરચી પાતળી પડી હતી. તેઓ નાની જગામાંથી મોટી જગામાં જવાને વલખાં મારતી હતી.

મને થયું, નવા ક્યારા કરીને આ મરચીઓને ધક્કામુક્કીમાંથી બચાવશું તો જ તેઓ મોટી થઈ મરચાં દેશે.

ગુલાબની ડાળો તો સુશીલાબેને કાપેલી હતી અને તેથી તે કોળી હતી; તેના ઉપર ગુલાબો પણ ઊઘડ્યાં હતાં.

મને થયું, આ ગુલાબની સેવા સારી થઈ છે; આપણે કાંઈ કરવાપણું નથી.

એમ જ રાતરાણીને પણ કાપી હતી અને તેથી તે કોળી હતી. નવાં પાંદડાંથી તે હસતી હતી અને કહેતી હતી કે હું તો ખુશીમાં છું; મારી ચિંતા કરવા જેવું નથી રહ્યું.

એટલામાં જૂઈની ઉપર મારી નજર ગઈ. ઘરડા વેલા કુમળા વેલાને વધવા દેતા ન હતા. સૂકાં પાંદડાં લીલાં પાંદડાંને બગાડતાં હતાં.

મને થયું, આની કેટલીક ડાળો કાપવી જોશે; આખી વેલને ખૂબ બંધેરવી જોશે.

પછી મેં છરી, છરો, સૂડી, કોદાળી, ત્રીકમ, પાવડો અને બરપો લીધાં અને બધું બરાબર કર્યું. બે ત્રણ દિવસે બાગ બરાબર થઈ ગયો અને હું અને બાગ હસવા લાગ્યા.

ગિજુભાઇ.

મારી મુસાફરી

દીવ : તા. ૨૧-૧-૩૮

બાલમંદિરનાં બાળકો,

તમોએ મારા પર ચિત્રોની ભેટ મોકલી તેથી હું બહુ રાજી થયો છું. વળી અનિલકુમારે તો મારા પર પત્ર પણ લખ્યો છે. તમારાં ચિત્રો જોવાનું અને પત્રો વાંચવાનું મને હમેશાં ગમે છે. હમણાં હું પ્રવાસમાં છું એટલે કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરું છું. છતાં તમારો પત્ર તો મને જ્યાં હોઈશ ત્યાં મળશે. તમે તમારો પત્ર શંકરભાઈને આપજો એટલે એ મને પહોંચાડશે.

દરેક વખતે તો એમ બન્યું છે કે હું પ્રવાસમાંથી પાછો આવીને તમને

પ્રવાસની વાતો કરું છું. પણ આ વખતે હજી પ્રવાસમાં છું એટલે મારે મારા પ્રવાસની વાતો પત્રથી કરવાની રહી.

મેં હમણાં ગુજરાતનો થોડોએક પ્રવાસ કર્યો, એની થોડીએક વાતો કરું. ચાલો વાંચો.

અમદાવાદથી ઊપડી હું ડભોઈ ગયો. ગુજરાતનો નકશો કાઢીને જોજો કે ડભોઈ ક્યાં છે. ડભોઈ ઘણું જૂનું શહેર છે. તેના રસ્તા પહોળા નથી. તેનાં ઘરો જૂની ઢબના ઝરુખાવાળાં છે. કેટલેક ઠેકાણે ઝરુખા કોતરણીવાળા છે.

ડભોઈનો કિલ્લો બરોબર જૂનો અને તેની હીરા-ભાગોળ જોવા જેવી છે. હીરા ભાગોળ એટલે કિલ્લાનો એક દરવાજો ને તેની આગળનો ભાગ. જૂના વખતના કિલ્લાઓની અંદર પેસતાં બે દરવાજા હોય છે. પહેલા દરવાજાથી બીજા દરવાજા સુધીનો ભાગ ભાગોળ કહેવાય છે. લશ્કર પહેલો દરવાજો તોડી બીજો દરવાજો તોડવા આવે તો તે ઊલટું બે દરવાજાની વચ્ચે ઘેરાય છે, ને પછી કિલ્લામાં રહેલા માણસો હલ્લો કરનાર ઉપર તૂટી પડે છે.

ડભોઈના કિલ્લાની કોતરણી ઘણી સુંદર છે. તેમાં એક ઝરુખો છે એની કોતરણી તો ઘણી સુંદર છે. તે કિલ્લો હીરા નામના કારીગરે બાંધેલો છે. હીરા વિષે એક વાત છે અને તે જાણવા જેવી છે. હીરાએ સુંદર કિલ્લો તો બાંધ્યો પણ બાંધતાં બાંધતાં તેણે એક વિચિત્ર કામ કર્યું. તેની કોઈ સ્ત્રીની તરફના હેતને લીધે તેણે એક સુંદર સરોવર બાંધ્યું. તે સરોવરના બધા પથ્થરો તેણે કિલ્લાની અંદરના પથ્થરો કાઢીને વાપર્યા, અને કાઢેલા પથ્થરોની જગ્યાએ માટી પૂરી. આ વાતની ખબર પડવાથી રાજાને ક્રોધ થયો અને હીરાને જીવતો ને જીવતો એ કિલ્લાની અંદરના એક ઓરડામાં પૂરી આજુબાજુ ચણી લીધું; માત્ર હવા જાય તેટલી જગા રહેવા દીધી. પેલી સ્ત્રી રોજ તેને છાની છૂપે માર્ગે ખોરાક પહોંચાડે. એમ કરતાં કરતાં ઘણો વખત ગયો. કિલ્લાનો એક ભાગ હજી અધૂરો હતો અને તેની કમાનો વગેરે ચડાવવાની હતી. હીરાને પૂર્યો અને બીજા કારીગરો કામે લાગ્યા, પણ કોઈને કમાનો ચડાવતાં આવડે નહિ. આખરે હીરાને બહાર કાઢવો પડ્યો. હીરાએ બહાર આવીને કમાનો ચડાવી દીધી પણ તે આજ દી લગી પુરાઈ ગયો હતો તેથી તે બહારની હવા સહન કરી શક્યો નહિ, અને થોડા રોજમાં મરણ પામ્યો. બિચારો હીરો કારીગર!

આ જ કિલ્લામાં એક કાલિકાનું મંદિર છે અને ઘણું જૂનું છે. અસલના

રાજની એ કુલદેવી હતાં. મંદિર સારું છે.

ડભોઈનું સરોવર—ગામ તળાવ મ-જાનું છે. ગુજરાતમાં ઠાર ઠાર તળાવો જ તળાવો છે. ગુજરાત કાંઈ કાઠિયાવાડ જેવો સૂકો મુલક નથી. ત્યાં વરસાદ પણ ઘણો થાય અને ઝાડો પણ ઘણાં. ડભોઈનું સરોવર રાતે ચાંદનીમાં સુંદર લાગે છે. સરોવરને આરા છે અને આરા પર બેનો કપડાં ધુવે છે. ધણધણ થતો અવાજ ક્યાંઈ સુધી સંભળાય છે.

ડભોઈથી પાવાગઢનો ડુંગર સ્પષ્ટ દેખાય છે. પણ એ ડુંગર વિષે તો બીજી કોઈ વાર લખીશ. હું આ પ્રવાસમાં જ ત્યાં જઈ આવ્યો છું.

ડભોઈથી કારવણ ગયો. પણ હવે તો પત્ર પૂરો કરું. કારવણ વિષે હવે પછી લખીશ.

ડભોઈમાં એક બાલમંદિર છે, ને આપણા કમળાશંકર પંડિત તેના આચાર્ય છે. ત્યાંનાં બાળકો પણ તમારી જેવાં જ છે અને તમારી રીતે જ ભણે છે.

હમણાં જ તમારા કિશોર વગેરેનાં ચિત્રો તથા પત્રો મળ્યા. વાંચ્યા; મજા આવી. રામરામ, રામરામ !

શુ. ગિજુભાઈના આશીર્વાદ.

એક પત્ર

દીવ : તા. ૨૧-૧-૩૮

બેન બંસરી,

તમારો પત્ર તો મળ્યો, પણ તમે મને ઊલટો ઠપકો કાં આપો ? મેં તો તમને એક પત્ર લખ્યો હતો અને તમારા પિતાજીએ કરી આપેલ અંગ્રેજી સરનામા પ્રમાણે અંગ્રેજીમાં સરનામું પણ કર્યું હતું. એ પત્ર તમને મળ્યો બરો ?

પૂજ્ય કાકાસાહેબ તમારી શાળામાં આવ્યા હતા એટલું તમે લખ્યું. પણ તેમણે શું કહ્યું, તમે તેમની સાથે શી શી વાતો કરી એ બધું લખ્યું હોત તો મને સારું સારું જાણવાનું મળત.

તમે સૌ હમણાં મને નહિ સંભારો તો ચાલશે. એ તો પરીક્ષા નજીક આવે ત્યારે ધૂજવા માંડજો ને મને સંભારજો. કેમ, બરું કે ?

કન્યાશાળામાંથી કોણ કોણ ઊઠી ગયું ? હમણાં પ્રવાસો ચાલે છે કે રામરામ ?

તમે વહેલાં ઊઠી ચા પીઓ છો કે મોડાં ? અને બધું કામ નોકર પાસે કરાવો છો કે થોડું પોતે પણ કરો છો ?

મેં હમણાં ઘણો સુંદર અને લાંબો પ્રવાસ કર્યો, પણ એ વિષે તો ત્યાં આવીશ ત્યારે જ કહીશ. મનુબેન તથા જીવીબેન તથા બીજી બેનો તથા તમામ બાળાઓને નમસ્કાર.

શુ. ગિજુભાઈ.

તા ક. તમારા પિતાશ્રીને નમસ્કાર.

કેટલાએક નિયમો

"બાલુ ! મોટાભાઈએ તો અમારા ઘરમાં અને બહાર સૌ એવા તો ઘાંટા પાડે છે કે મારું તો માથું દુખી જાય છે."

ઘરમાં નિયમો કર્યા છે."

"નિયમો? નિયમો તો મને ન ગમે."

"અરે ! મોટાભાઈના નિયમો તો એવા સુંદર છે, કે બસ."

"કહેને ત્યારે એ નિયમો કેવા છે?"

"લે ત્યારે પહેલો જ નિયમ સંભળાવું. કોઈને તુંકારે ન બોલાવવું."

"લે ! ત્યારે મેં જ તને હમણાં તુંકારે બોલાવી."

"મને તો બોલાવાય; હું તો તારી બેનપણી છું જેને તેને ન બોલાવાય."

"ઠીક; ત્યારે બીજો નિયમ કહે."

"બીજો નિયમ એ કે જાણેઅજાણે જો કોઈ ને આપણો પગ અડે તો આપણે તેને પગે લાગવું."

"એટલે ?"

"આપણે તેને અથડાયા માટે ક્ષમા માગવી."

"આ નિયમ પણ સારો. પછી કોઈ એમ ન કહે કે 'દેખતી નથી ? આંખ ફૂટી ગઈ છે ?' હવે ત્રીજો નિયમ કહે."

"ત્રીજો નિયમ એ કે ઘાંટા પાડીને બોલવું નહિ."

"એ નિયમ મને બહુ ગમ્યો. આપણા પાડે છે કે મારું તો માથું દુખી જાય છે."

"મારુંય માથું દુખે છે."

"અને ચોથો નિયમ ?"

"ચોથો નિયમ એ કે પગલૂછણા પર પગ લૂછીને ઘરમાં પેસવું."

"આ નિયમ સુંદર. આપણે બધાં ગંદા પગ લઈને જ જ્યાંત્યાં પેસી જઈએ છીએ અને ઘરમાં ગંદું કરીએ છીએ. હવે પાંચમો નિયમ કહે જોઈએ ?"

"પાંચમો નિયમ એ છે કે કોઈએ કોઈની ચીજ પૂછ્યા વિના ન લેવી."

"આ નિયમ તો બહુ જ સુંદર. જોને, મારી જ ચીજો સૌ મને પૂછ્યા વિના લઈ જાય છે, ને પછી હું શોધીશોધીને થાકી જઉં છું."

"કહે જોઈએ, મોટાભાઈના નિયમો ગમે એવા છે કે નહિ ?"

"અરે ! એ તો બહુ ગમે એવા છે. હું તો આજથી એમ જ વર્તવાની ને મારા ઘરમાં દાખલ કરવાની." ગિજુભાઈ.

બાલસાહિત્ય વાટિકાનાં નવાં પુસ્તકો

ઉદયપુર-મેવાડ	ન. પ્ર. ખૂચ	૦-૫-૦
વિવિધ માહિતીસંગ્રહ	વિષ્ણુભાઈ	૦-૫-૦
ગિરીશભાઈની વાર્તાઓ ભાગ ૨ જો		૦-૫-૦

ત્રીજું બાલસંમેલન

મુંબઈમાં આપણા ભારતવર્ષનું ત્રીજું બાલસંમેલન ભરાયું હતું.


એના પ્રમુખ કાકા કાલેલકર હતા. એને બધા કાકાસાહેબ કહે છે; કેટલાક એને કાકા પણ કહે છે.

કાકા મહારાષ્ટ્રના છે, પણ ગુજરાતી ભાષાના સુંદર લેખક છે.

સંમેલનમાં પાર્વતીબેન ગિદવાણી હાજર હતાં. પાર્વતીબેન, બાલકન જી બારીનાં કાયમી પ્રમુખ છે. તેઓ સિંધનાં છે. દર વર્ષે બાલકન જી બારીના આશરા નીચે 'અખિલ ભારતવર્ષ બાલસંમેલન' ભરાય છે.

ગયે વર્ષે સિંધ-હૈદ્રાબાદમાં સંમેલન ભરાયું હતું. એના પ્રમુખ ગિજુભાઈ હતા.

સંમેલનમાં સિંધથી ત્રણસો જેટલાં ભાઈબેનો આવ્યાં હતાં. તેઓ કરાંચી, સક્કર, હૈદ્રાબાદ, લારખાના વગેરે જગાથી આવ્યાં



વ .ાવ્યાં
હતાં. .પલ
બાલમંદિ રનાં-
બાળકો ...નમા આવ્યાં હતાં. ને મુંબઈનાં બાળકો તો હતાં જ હતાં.

સંમેલનનો કાર્યક્રમ સુંદર હતો. કાકાસાહેબ, ગિજુભાઈ, પાર્વતીબેન સેવક, લાખાણી, નર્મદાબેન, અને બીજાં ભાઈબહેનોનાં સુંદર ભાષણો હતાં.

લીલાવતી મુનશીએ તો કલામ્રદર્શન ખુલ્લું મૂક્યું હતું.

મી. મોઝીઝ બાળકોની રમતના પ્રમુખ હતા અને તેમના અને કાકાસાહેબના હાથે બાળકોને સ્મરણભેટો અપાઈ હતી.

ગિજુભાઈએ વાર્તાઓ કહી હતી અને કસરત કરાવી હતી.

સૌથી વધારે સુંદર તો બાળકોનાં પોતાનાં જ નૃત્ય અને રાસો અને ગરબા અને નાટકો અને ડ્રીલો ને એવું એવું બધું હતું. મુંબઈની નાની નાની છોકરીઓનાં નૃત્યો બહુ સુંદર હતાં. અને દિલ્હીની છોકરીઓના નાચ પણ યાદ રહી જાય તેવા જ હતા. કરાંચીની બાલકન જી બારીની એક છોકરીનું બિલ્લી-નૃત્ય તો ભારે રમુજી હતું હૈદ્રાબાદની છોકરીઓએ બંદૂક સાથે ડ્રીલ કરી હતી; ખૂબ દમામદાર એ ડ્રીલ હતી.

બાળકોએ આ સંમેલનમાં ખૂબ મજા કરી. તેઓ ફર્યાં, હર્યાં, કૂદ્યાં, .ાવ્યાં. વળી તેમણે મુંબઈ જોયું, સિનેમા જોયા ને કેટલુંયે નવું નવું જાણ્યું. બધાંએ બાધું પીધું ને રાજ તો કર્યું જ કર્યું.

આવતું સંમેલન [illegible]નાં થશે.

શ્રીસરસ્વતી છાપખાનું, સ્ટેશન રોડ, અજીજ બિલ્ડીંગ—ભાવનગર